ૐ

નમ: શ્રીસિદ્ધેભ્ય:

# રાજહૃદય

## ભાગ-૯

પત્રાંક-૪૯૩

મુંબઈ, ફાગણ ૧૯૫૦

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમ પદ :– 'આત્મા છે.' જેમ ઘટપટઆદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટઆદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ :– 'આત્મા નિત્ય છે.' ઘટપટઆદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા

સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

ત્રીજું પદ :– 'આત્મા કર્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

ચોથું પદ :– 'આત્મા ભોક્તા છે.' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

પાંચમું પદ :– 'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે; કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી,

તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ :– તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્‌દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવ પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે,

તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા,મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવા પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ, નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે; કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના

આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો ! !

તા. ૨૯-૭-૧૯૯૦, પત્રાંક – ૪૯૩
પ્રવચન નં. ૧૯૧

પત્રની શરૂઆતનું પ્રવચન 'રાજહૃદય ભાગ-૮' ના છેલ્લા પ્રવચનમાંથી લેવામાં આવેલ છે.

૪૯૩ મો પત્ર 'લલ્લુજી મુનિ'ને છ પદ જે એમણે 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં ગાથા નિબદ્ધ કર્યાં છે, એ છ પદનો આ પત્ર લખેલો છે. ત્યાં થોડો વિસ્તાર છે. અહીંયાં સક્ષેપની અંદર એક પત્રની અંદર આ છ પદનો વિષય લીધો છે.

પત્રનું મથાળું બાંધ્યું છે **'અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર'** જેણે આત્માનું શરણ બતાવ્યું અને બહારમાં જેના શરણમાં જતાં

પછી કોઈ બીજા શરણને ગોતવું પડતું નથી, એવું અન્ય શરણ ગોતવું પડતું નથી, એવા જે અનન્ય શરણના આપનાર છે એવા 'ગુરુદેવ'ને અત્યંત ભક્તિથી નમસ્કાર કરીને મથાળું બાંધીને પત્રની શરૂઆત કરે છે.

**'શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ...'** જુઓ ! કેવા જ્ઞાનીપુરુષ લીધા ? શાસ્ત્રના ઘણા જાણકાર છે તે જ્ઞાનીપુરુષ ન લીધા. પણ જેણે શુદ્ધાત્મ સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે. પામ્યા છે એટલે અનુભવગોચર કર્યું છે. અનુભવમાં જેની શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ છે. **'એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યા છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.'** એમ કહીને એમ કહેવું છે કે, આ જે છ પદ છે એ પ્રયોજનભૂત છે. સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત કરવું છે એને આ છ પદની અંદર જે પ્રકારે વસ્તુનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તેનાથી વિપરીત માન્યતા હોય એટલે વિપર્યાસ ઊભો હોય, આ છ પ્રકારના વિષયની અંદર વિપર્યાસ ઊભો હોય અને એને સમ્યગ્દર્શન થાય એવું કદી બને નહિ. એટલે એને સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યા છે.

વર્તમાનમાં એમને જે મુમુક્ષુઓ મળ્યા. એ મુમુક્ષુઓમાં એમને સમજણનો વિપર્યાસ દૂર કરવા માટે આ છ મુદ્દાઓ પ્રયોજનભૂત ગણ્યા છે અને એનું નિરૂપણ કર્યું છે. આ પત્રમાં નિરૂપણ કર્યું છે ત્યાર પછી ૨૯ મા વર્ષે એમણે 'આત્મસિદ્ધિ'માં એ વાતને ગાથાનિબદ્ધ કરી છે. એટલે એ વિષય એમને બહુ સ્પષ્ટ હતો. સમજણમાં બહુ સ્પષ્ટ હતો. દોઢ કલાકની અંદર આખું પદ રચી નાખ્યું ૧૪૨ કડીનું. એ કવિત્વ શક્તિ તો એમને બહુ બચપણથી નાનપણની હતી. કુદરતી જ એ જાતનો ક્ષયોપશમ લઈને આવેલા. છ-સાત વર્ષની ઉંમરે પણ નિશાળે બેઠા ત્યારે કવિતા બનાવતા હતા. એમના તો ઘણા કાવ્યો જે બીજા-બીજા ધાર્મિક વિષય સિવાયના જે ઘણા કાવ્યો છે એ અપ્રસિદ્ધ રહ્યા છે. પણ ક્યાંક-ક્યાંક કોઈએ છાપ્યા છે. કોઈએ પ્રસિદ્ધ કર્યા છે. કેટલાય કાવ્યો રચ્યા છે. અને એ બધા એમને ૬-૭ વર્ષની ઉંમરથી માંડીને ૧૪-૧૫ વર્ષની ઉંમરમાં કે ૧૭-૧૮ વર્ષની ઉંમર સુધીમાં રચ્યા છે. એમાં લૌકિક ડહાપણ કેટલો પ્રૌઢ છે કે જે ઘણા અનુભવી માણસોને જે ડહાપણ ઉગ્યું હોય એવું ડહાપણ તો એમને ૧૨-૧૪ વર્ષની ઉંમરે હતું. એવી શિખામણો એમણે એ બધા પદોની અંદર, કાવ્યોની અંદર એમણે ગૂંથી છે. બહુ સારી. રાજાઓને, ત્યાગીઓને, સ્ત્રીઓને,

પુરુષોને, બાળકોને, સમાજને, સમાજ સેવકોને, નેતાઓને બધાને શિખામણ બધી જાતની એમણે લખી છે. કેટલી વિચારશક્તિ એ વખતે વિશાળ હતી કે બધી કક્ષાના માણસોને એમણે શિખામણ આપી છે એ ઉંમરની અંદર. અને તે કવિતાની અંદર રચીને. એવા પદો એમણે રચ્યા છે. કેટલાક પદો જોયા એના ઉપરથી એ ખ્યાલ આવે છે. કે બહુ જ ક્ષયોપશમ લઈને, બચપણથી ઘણો જબરદસ્ત ક્ષયોપશમ લઈને આવ્યા છે. અહીં સુધી રાખીએ...

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૯૩.

છ પદનો આ પત્ર છે. સમ્યગ્દર્શન થવા માટે ઓછામાં ઓછા આ છ પદ સંબંધીનો વિપર્યાસ તો હોવો જ ન જોઈએ. 'ગુરુદેવશ્રી'એ તો સમ્યગ્દર્શનનો વિષય ઘણો સૂક્ષ્મ રીતે ખોલ્યો છે. એ સ્પષ્ટીકરણ પાસે આ સ્પષ્ટીકરણ સામાન્ય અથવા સ્થૂળ લાગે એવું છે. અહીંયાં મૂળ પ્રયોજન એટલું જ છે કે આ જે પદ છે એ પ્રકારથી તો ઓછામાં ઓછા ઉઘાડવાળાને વિપર્યાસ નહિ હોવો જોઈએ. આટલો વિપર્યાસ હોય, આટલો સ્થૂળ વિપર્યાસ હોય પછી તો આગળનો કોઈ વિષય સમ્યગ્દર્શન માટે વિચાર કરવાનો પણ રહેતો નથી. તે વખતના વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને અને મુમુક્ષુઓની માનસિક પરિસ્થિતિ, શ્રદ્ધાની પરિસ્થિતિ જોઈને ઓછામાં ઓછી આટલી ચોખવટ તો હોવી જ જોઈએ એ ઉપર એમનું વજન છે.

**'પ્રથમ પદ :– આત્મા છે.'** એટલે આત્માની હયાતી છે. આત્મા એક સ્વતંત્ર પદાર્થ છે એવી આત્માની, ભિન્ન આત્માની હયાતી સ્વીકારવામાં આવવી જોઈએ. **'જેમ ઘટપટઆદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે.'** આત્મા એક પદાર્થ છે. દૃષ્ટાંતપણે ઘટપટ લીધા. જો કે ઘડો કે વસ્ત્ર. ઘટ એટલે ઘડો, પટ એટલે વસ્ત્ર. ઘડો કે વસ્ત્ર એ કોઈ એક પદાર્થ નથી. ઘણા પરમાણુઓનો સ્કંધ છે. પણ દૃષ્ટાંતના સ્થાને લેવાય છે. દૃષ્ટાંતમાં દૃષ્ટાંત સિદ્ધાંત સાથે પૂરેપૂરું મળવું જોઈએ કે કેમ ? એવી રીતે ઘણા નથી વિચારી શકતા ત્યારે ભ્રમ થાય છે.

એક જણાએ પ્રશ્ન કર્યો હતો. આ જ ગ્રંથમાંથી કે 'વ્યાસજી' છે એને આત્મજ્ઞાન થયું હતું એવું 'શ્રીમદ્જી'એ લખ્યું છે. ૨૮૨મો પત્ર લ્યો. પાનું ૩૦૧.

**'મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું, તેમ અમને હમણાં વર્તે છે. આત્મદર્શન પામ્યા**

**છતાં પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા;...**' તો કહે 'વ્યાસજી'ને આત્મજ્ઞાન થઈ ગયું હતું એમ નક્કી થયું. પછી બીજા પેરેગ્રાફમાં પહેલી લીટી છે. '**ભગવાન વ્યાસજી જે યુગમાં હતા, તે યુગ બીજો હતો;...**' એને ભગવાન કીધા પાછા. તો 'વ્યાસજી'ને આત્મજ્ઞાન થયું હતું અને ભગવાન હતા, જે અન્ય મતમાં ભગવાનનો અવતાર માને છે. 'વ્યાસજી' ચોવીશ અવતારમાંથી એક અવતાર ગણે છે એ લોકો. તો પછી 'શ્રીમદ્જી' એ રીતે સ્વીકારે છે એમ થયું ને ?

એ દૃષ્ટાંત લીધું છે. વાત પોતાની કરવી છે કે અમને પણ એમ જ છે. અખંડ એવો હરિરસ પરમપ્રેમે અખંડપણે અનુભવતા હજી ક્યાંથી આવડે ? ૨૪ મું વર્ષ છે. સમ્યગ્દર્શન થયું છે પણ એકધારી જે આત્મદશા જોઈએ એવી લીનતાની દશા નથી. તો હજી ક્યાંથી એવી લીનતાની દશા અમને આવડે ? અખંડ આત્મરસ અમને નથી એ રીતનો. લીનપણાનો નથી. જે ઉપયોગ અંદર જ રહેવો જોઈએ એ રહેતો નથી. એટલી વાત કહેવા માટે 'વ્યાસજી'નું દૃષ્ટાંત લીધું. 'વ્યાસજી'નું દૃષ્ટાંત લીધું તો એ પ્રસિદ્ધ વાત છે. અન્ય મતની એ વાત પ્રસિદ્ધ છે કે એમને આત્મદર્શન થયું હતું છતાં ખેદ રહેતો હતો. અમને પણ ખેદ રહે છે. એમ.

પોતાને ખેદ રહે છે અને પૂરી દશા નથી એ બતાવવા માટે 'વ્યાસજી'નું દૃષ્ટાંત લીધું. માટે 'વ્યાસજી'ને આત્મદર્શન છે અને એ ભગવાન છે એમ સ્વીકારી લીધું છે. એમ માનવાનું કારણ રહેતું નથી. લોકોને પ્રશ્ન ઊઠે છે. જુઓ આમાં સ્વીકાર્યા છે કે નથી સ્વીકાર્યા ?

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન થયા પછી સ્વીકાર્યા છે એટલે બધા...

પૂજ્ય ભાઈશ્રી :– હા. ૨૪ મા વર્ષની વાત છે પાછી. જોકે એમને માનનારા તો ૧૯૪૨ સાલથી એટલે લગભગ ૪૨ ને ૫ = ૪૭. ૧૯ વર્ષથી માને છે. ૧૯૪૧ આવ્યો અપૂર્વ વૈરાગ્ય. અપૂર્વ વૈરાગ્ય આવ્યો ત્યારથી સમ્યગ્દર્શન માની લીધું. પૂર્વ ભૂમિકા પાંચ વર્ષ પહેલાની, છ વર્ષ પહેલાની.

મુમુક્ષુ :— 'શ્રીમદ્જી'એ સમ્યગ્દર્શનના ત્રણ ભેદ જે પાડ્યા છે એ વિચાર કરે તો વાંધો ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :– તો વાંધો ન આવે. તો વાંધો ન આવે. પણ એ વાત પ્રચલિત નથી. આપણા સમાજમાં એ વાત પ્રચલિત નથી. નિર્ણયની વાત પ્રચલિત નથી. અને

સત્પુરુષને ઓળખવા અને એનો મહિમા એ તો લગભગ લુપ્તપ્રાયઃ જેવી દશા છે.

એટલે (અહીંયા) દૃષ્ટાંતમાં એમ કહે છે, **'જેમ ઘટપટઆદિ પદાર્થો છે,...'** તેને પદાર્થ સ્વીકાર્યો. સોનાનું દૃષ્ટાંત આપે, લ્યો. તો સોનાને દૃષ્ટાંત તરીકે સ્વીકારી લીધું ને ? દ્રવ્ય તરીકે સ્વીકારી લીધું ને ? એમ થાય. એવી રીતે દર્પણ છે, સૂર્ય છે. દૃષ્ટાંત તરીકે તો દાખલો દેવામાં આવે છે. એટલે કોઈ એક પદાર્થે એ નથી થઈ જતા. સ્ફટીકનું દૃષ્ટાંત લેવામાં આવે છે. એ પણ સ્કંધ છે. એ પદાર્થ નથી કાંઈ. અને ઘણાં પરમાણુ એટલે ઘણાં પદાર્થનો જથ્થો છે. છતાં દૃષ્ટાંતમાં પ્રચલિતપણે જે વાત હોય અને લોકો સમજી શકતા હોય એ પ્રમાણે લેવામાં આવે છે. એમ લેવું.

મુમુક્ષુ :– લોકોની ભાષામાં.

પૂજ્ય ભાઈશ્રી :– એને પરિચિત એમ છે ને કે વસ્ત્ર એક વસ્તુ છે અને ઘડો એક વસ્તુ છે તો આત્મા પણ એક વસ્તુ છે. એમ.

**'અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટઆદિ હોવાનું પ્રમાણ છે;...'** હવે ઘટપટ છે એનું પ્રમાણ શું ? એની હયાતી શું ? અહીંયા અસ્તિત્વની જ વાત છે. કે કેટલાક ગુણોને લઈને, કેટલીક પર્યાયોને લઈને એનું અસ્તિત્વ દેખાય છે. પાણી ભરવા માટે ઉપયોગ કરવામાં આવે છે તો ઘડાના અસ્તિત્વને સ્વીકારવામાં આવે છે. શરીરના અંગ ઢાંકવાના વસ્ત્રો બનાવવા માટે પણ વસ્ત્રને સ્વીકારવામાં આવે છે. તો એના કોઈ ગુણધર્મને લઈને એની હયાતી છે.

**'તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે...'** જોયું ! કઈ વાત લીધી ? જ્ઞાનનું સ્વપરપ્રકાશકપણું લીધું. એકલું વેદકપણું ન લીધું અહીંયાં. કેમ કે એ તો ઓળખવામાં ઠેઠ ઓળખવાની જગ્યાએ કામમાં આવે છે. અહીંયાં એની હયાતી છે તો સ્વપરપ્રકાશકપણું લીધું. કેમ કે બીજા પદાર્થોને પણ પ્રકાશે છે, પોતાને પણ પ્રકાશે છે. **'એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે...'** અને એ વાત પ્રત્યક્ષ છે બધાને. સર્વસાધારણ પ્રત્યક્ષ છે. **'એવો આત્મા હોવાનું પ્રમાણ છે.'** આ આત્માની હયાતીનું પ્રમાણ છે–અસ્તિત્વનું પ્રમાણ છે.

**'બીજું પદ :– 'આત્મા નિત્ય છે.''** હવે આત્મા છે એમ સ્વીકાર્યા પછી એ કેવો છે ? નિત્ય છે ? અનિત્ય છે ? કર્તા છે ? ભોક્તા છે ? બધી વાત પછીની છે. પહેલા તો એની હયાતી જો સ્વીકારવામાં આવે તો પછી આગળની વાત છે. હયાતી

ન સ્વીકારવામાં આવે તો આગળની કોઈ વાત ચર્ચવાનો પ્રશ્ન રહેતો નથી. કે **'આત્મા નિત્ય છે. ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે.'** એની અનિત્યતાને સામે લીધું.

**'આત્મા ત્રિકાળવર્તી છે.'** હવે સ્પષ્ટ કરે છે કે **'ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે.'** ઘણા પદાર્થો પરમાણુનો સંયોગ થયા પછી એ પદાર્થ છે. **'આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે;'** સંયોગે કરીને નહિ પણ સ્વભાવે કરીને આત્માની ઉત્પત્તિ કરી શકાય છે એવું નથી.

**'કોઈપણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી,...'** અમુક પદાર્થોને ભેગા કરવામાં આવે માટે આત્મા ઉત્પન્ન થઈ જાય એવું ક્યાંય જોવામાં આવતું નથી. **'માટે અનુત્પન્ન છે.'** અનુત્પન્ન છે અને **'અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.'** સંયોગ હોય તો વિયોગ થઈ જાય. જે સ્વભાવે કરીને પદાર્થ છે એ સદાય સ્વભાવસ્વરૂપ રહે છે. ક્યારેય એનો નાશ થઈને કોઈમાં લય થાય એવું બનતું નથી. પદાર્થનો સર્વનાશ તો સંભવ જ નથી. રૂપાંતર પામે. પાણીની વરાળ થાય. પણ પરમાણુનો સર્વનાશ થાય એવું બનતું નથી. એમ આત્માનો સર્વનાશ થઈને કોઈ ચીજમાં ભળી જાય એવું જોવામાં આવતું નથી. અને કોઈ ભળેલી ચીજમાંથી એની ઉત્પત્તિ પણ જોવામાં આવતી નથી. એ રીતે આત્માનું અનાદિઅનંતપણું અથવા નિત્યપણું, શાશ્વતપણું એ સિદ્ધ થાય છે.

આત્મા છે અને આત્મા નિત્ય છે. પહેલી નિત્યતા સ્થાપી. છ પદની અંદર પણ અસ્તિત્વ સ્થાપ્યા પછી પહેલા એના નિત્યધર્મને સ્થાપ્યો છે. અનિત્યઅંગની વાત પછી કરશે હવે. પહેલા નિત્યતા સ્થાપી છે. એ વજન દેવા જેવો વિષય છે.

**'ત્રીજું પદ :– 'આત્મા કર્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે.'** પોતાના પ્રયોજનભૂત કાર્યને કરે તેને અર્થક્રિયા કહેવામાં આવે છે. તો દરેક પદાર્થ પોતાનું કાર્ય કર્યા જ કરે છે. કોઈ પદાર્થ એવો નથી કે ક્યારે પણ પોતાના કાર્યને ન કરતો હોય. પોતાના ગુણધર્મ અનુસાર કાર્યને ન કરતો હોય એવો એક સમય માટે એક પદાર્થ પણ જોવામાં આવતો નથી. **'સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે.'**

**'કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે.'** એની ક્રિયા, કોઈ પદાર્થની ક્રિયા નથી જોવામાં આવતી એવું બનતું નથી. ક્રિયાસંપન્ન બધા પદાર્થો

જોવામાં આવે છે. કોઈ પદાર્થમાં સ્થૂળ જ્ઞાને કરીને એમ લાગે કે આ લાકડું તો ઘણા વર્ષથી એવું ને એવું જોઈએ છીએ, આમાં કાંઈ ફેરફાર નથી. (તો કહે છે), નહિ. એમાં પણ ફેરફાર છે. જ્યારે એ ટૂકડો જુદો પડ્યો અને જેવો દેખાતો હતો એવો જ રહ્યો છે એવું નથી. સૂક્ષ્મપણે જોવે તો એમાં પરમાણુના ફેરફારો થયા જ કરતા હોય છે અને થયા જ કરે છે. સર્વ કાળે એ ક્રિયાસંપન્ન છે. **'સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે.'**

તેમ **'આત્મા પણ ક્રિયાસંપન્ન છે.'** હવે પોતાના ભાવનો વિચાર કરે તો ભાવ વગરનો, ભાવક્રિયા વગરનો ક્યારે આત્મા છે ? ભાવની ક્રિયા આત્મા ન કરતો હોય એવો ક્યારે આત્મા અનુભવાય છે ? કે નહિ. સતતપણે કાંઈને કંઈ ભાવ કરતો, દરેક આત્માને ભાવ થતા જોવામાં આવે છે, ભાવ કરતા જોવામાં આવે છે. એ એની ક્રિયા છે. **'આત્મા પણ ક્રિયાસંપન્ન છે,...'** ક્રિયાસંપન્ન છે **'માટે કર્તા છે.'** ક્રિયા કરતો હોવાથી, ક્રિયા થતી હોવાથી એ ક્રિયાનો કરનારો પણ આત્મા છે. માટે આત્મા કર્તા છે. **'તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે;...'** ત્રણ પ્રકારે એ કર્તાપણું શ્રી જિને વિવેચનમાં એટલે વ્યાખ્યાનની અંદર–દિવ્યધ્વનિની અંદર પ્રકાશ્યું છે કે ત્રણ પ્રકારની આત્માની ક્રિયા છે. એ ત્રણ પ્રકારની ક્રિયાને હવે કહેશે.

**'પરમાર્થથી..'** એટલે સ્વભાવિકપણે જોવામાં આવે તો. સ્વભાવક્રિયા પહેલી લીધી. **'પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે.'** પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ શુદ્ધ પરિણામનો કર્તા છે. શુદ્ધ સ્વભાવિક પરિણામનો કર્તા એ એનું પારમાર્થિક અથવા સ્વભાવિક પરિણમનનું કાર્ય છે. **'અનુપચરિત વ્યવહારથી...'** એટલે **'(અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.'** હવે નજીકમાં નજીક શું લીધું ? કે આત્માને જે ભાવ થાય છે એ એનો ભાવનો કર્તા પારમાર્થિક રીતે એટલે વાસ્તવિક રીતે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધે દ્રવ્યકર્મ છે જે સમયે સમયે ભાવનું નિમિત્ત પામીને બંધાય છે એ દ્રવ્યકર્મનો આત્મા કર્તા છે. એ અનુપચરિત વ્યવહારથી વાત લીધી છે. વ્યવહારથી એટલા માટે કે ભિન્ન દ્રવ્ય છે. અનુપચરિત એટલે કે જીવના વિભાવ પરિણામ થાય અને દ્રવ્યકર્મનો સંબંધ ન થાય એવું કદી બને નહિ. નિયમથી એ દ્રવ્યકર્મથી બંધાય છે. માટે એ અનુપચરિત લીધું. ઉપચરિત ન લીધું પણ અનુપચરિત લીધું છે. એ **'વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.'**

**'ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.'** વ્યવહારે ઉપચારે એમ કહેવાય કે આ ઘર અમે બનાવ્યું. આ કપડું અમે શીવ્યું. આ કાર્ય અમે કર્યું. એમ અનેક પ્રકારના જે બાહ્ય શરીરાદિના અને બીજા કાર્યો છે તે કાર્યને આત્મા કરે છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. મેં ખાધું, મેં પીધું, હું ચાલ્યો, હું બેઠો, હું ઊઠ્યો એ બધી શરીરની ક્રિયા પણ જાણે આત્મા કરે છે એમ વ્યવહારથી કહેવાય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જોઈને. પણ એ વ્યવહાર છે અને એ ઉપચાર છે. એને ઉપચારિક ક્રિયા કહે છે. ઓલી અનુપચારિક ક્રિયા કીધી.

**'ચોથું પદ :–...'**

મુમુક્ષુ :– આ ત્રણ પદમાં તો બધા દર્શનોથી આત્માને જુદું પાડી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. જુદું પાડી દીધું. આત્મા છે એમ બધા સ્વીકારે છે. કેટલાક નિત્ય સ્વીકારે છે તે અનિત્યતા સ્વીકારતા નથી. કેટલાક અનિત્યતા સ્વીકારે છે તે નિત્યપણું સ્વીકારતા નથી. અહીં નિત્યપદ સ્થાપીને કર્તાપણું સ્વીકારતા આત્માના સ્વભાવ પરિણામનો કર્તા લીધો, નિમિત્ત-નૈમિત્તક સંબંધે દ્રવ્યકર્મ અને નોકર્મનો વિષય લઈ લીધો. ને ભાવકર્મો, દ્રવ્યકર્મ અને નોકર્મ. ત્રણે પ્રકાર ત્રીજા પદમાં લઈ લીધા. આત્માના કર્તાપણામાં એ વાત સમાવી દીધી.

હવે **'ચોથું પદ :– 'આત્મા ભોક્તા છે.' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી.'** દરેક ક્રિયાનું ફળ મળે છે, એમ કહે છે. અહીંયાં ક્રિયા છે એને વિભાવક્રિયા લઈ લેવી. ભાવકર્મની. ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ. ભાવકર્મનું ફળ કંઈને કંઈ આવે જ છે. કોઈ ભાવકર્મ નિષ્ફળ જાય છે એવું બનતું નથી. **'જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે. નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે.'** જગતના જીવોને ફળ ભોગવતા પ્રત્યક્ષપણે જોવામાં આવે છે. એ એમ બતાવે છે કે એણે પૂર્વે એવા ભાવ કર્યા છે કે જેના ફળને એ ભોગવે છે. ક્યારેય કદી પણ એવું બનતું નથી કે જીવે ન કર્યા હોય એવા ભાવોના ફળને ભોગવવા પડે. એવું ક્યારેય બનતું નથી કે જીવે એ કર્મ બાંધ્યું નથી અને એનું ફળ ભોગવે છે. પૂર્વે એવા પરિણામ કર્યા નથી અને ફળ ભોગવે છે એવું ક્યારેય બનતું નથી. કોઈને માટે બનતું નથી.

જેમ **'વિષ ખાધાથી વિષનું ફળ;...'** થાય છે. ઝેર ખાય તો માણસ મરે. **'સાકર**

**ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ....'** બે લીધા. સ્વભાવ અને વિભાવ, શુદ્ધ અને અશુદ્ધ. **'જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે.'** ન થાય એવું બને નહિ. પરિણામ વગરનો જીવ નથી એ પહેલા સ્થાપ્યું. અને જે પરિણામ કરે એનું ફળ ન થાય એવું કોઈ દિવસ બને નહિ. એ પરિણામને કારણ સ્થાપવામાં આવે છે અને ફળને એનું કાર્ય સ્થાપવામાં આવે છે. એ રીતે.

**'તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે.'** આટલા ઉપરથી જીવ ચેતી જઈ શકે એવું છે. કે મારા કોઈપણ કષાયના પરિણામ અફળ જવાના નથી. આમ જો ખબર પડી જાય જીવને, કે મારા એક પણ કષાયનું પરિણામ છે એ નિષ્ફળ જવાનું નથી. એનું ફળ આવવાનું જ છે. અત્યારે પૂર્વે કરેલા કર્મના ફળ ભોગવી રહ્યો છું. કોઈ જીવ સુખી તો નથી સંસારમાં. કાંઈને કાંઈ, કાંઈને કાંઈ ચિંતાથી, દુઃખથી, ઉપાધિથી ગ્રસિત છે. પૂર્વ કર્મના ફળને ભોગવી રહ્યો છે. હવે જે કાંઈ પરિણામ ક્ષણે ક્ષણે થાય છે એ નિષ્ફળ નથી, સફળ છે. માટે એ પરિણામના ફળ ભોગવવા જ પડશે. એમાંથી ભોગવ્યા વગર કોઈ છોડાવી દેશે એ વાત કોઈ રીતે સંભવિત નથી.

એટલે જે કાંઈ કષાયાદિ **'પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.'** એ પરિણામ પણ પોતે કર્યા છે એનું ફળ પણ પોતાને જ ભોગવવાનું છે. કોઈ બીજું આવીને ભોગવશે કે એમાં કોઈ બીજાની ભાગીદારી અંશે પણ રહેશે એવું ક્યારેય બનવાનું નથી.

આ રીતે પરિણામ અને પરિણામનું ફળ લઈને હવે કહે છે કે એનાથી છૂટકારો પણ થઈ શકવા યોગ્ય છે. આમ જ ચાલ્યા કરે, જીવ પરિણામ કર્યા કરે, એના ફળ ભોગવ્યા કરે, વળી એ ફળ ભોગવતી વખતે નવા પરિણામ કરે, વળી પાછો ફળ ભોગવે. આમ ને આમ ચક્કર ચાલે છે તો આમ જ ચાલ્યા કરવાનું ? કે આનો કોઈ નિવેડો છે ખરો ? તો કહે છે, છે.

**'પાંચમું પદ :– 'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું,...'** જે પરિણામ કષાયાદિ

પરિણામ કરીને કર્મ બાંધ્યું એ કર્મના ફળને ભોગવવાનું પણ સિદ્ધ કર્યું. **'તે કર્મનું ટળવાપણું પણ છે;...'** તે કર્મનો નાશ પણ કરી શકાય છે. **'કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે,...'** હવે શું છે ? પગથિયું મૂક્યું. કે એમાં ફેરફાર થાય છે. તીવ્રના મંદ થાય છે. જો મંદ થાય છે તો અભાવ પણ થઈ શકવા યોગ્ય છે.

**'કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું..'** છે. જો તેનો અપરિચય કરવામાં આવે. અનભ્યાસ એટલે એની Practice છોડી દેવામાં આવે, એમ. તેને કષાયાદિને ઉપશમ કરવામાં આવે તો **'તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે,...'** જ્યારે મંદ થાય છે તો એની તાકાત છે, શક્તિ ઘટે છે તો એ ક્ષીણ પણ થઈ શકે. એનો ક્ષય પણ થઈ શકવા યોગ્ય છે. **'તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે.'** થવા યોગ્ય દેખાય છે અને થઈ શકે પણ છે.

**'તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.'** તે સ્વરૂપે મોક્ષપદ છે. આત્મસ્વભાવ અને મોક્ષપદ એ સદશ ભાવે છે, સરખા ભાવે છે. એમ કહેવું છે. જે **'બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ'**. બંધ વગરનો. બંધવાળો પરિણામ છે તેને અશુદ્ધભાવ કીધો, અશુદ્ધ આત્મા કીધો. અહીંયાં શુદ્ધ આત્મા થયો. તે શુદ્ધ સ્વભાવરૂપ થયો **'તે રૂપ મોક્ષપદ છે.'** એ રીતે કર્મનું કર્તાપણું, કર્મનું ભોક્તાપણું અને કર્મનો ક્ષય, ત્રણે સિદ્ધ કર્યા છે.

**'છઠ્ઠું પદ :– તે 'મોક્ષનો ઉપાય છે.''** તે એવો જે સર્વ કર્મના ક્ષયસ્વરૂપે જે મોક્ષપર્યાય ઉત્પન્ન થાય છે, મોક્ષનું પદ પ્રાપ્ત થાય છે એવા પદની પ્રાપ્તિ કરવાનો ઉપાય એટલે રસ્તો પણ છે–માર્ગ પણ છે. એની રીત પણ છે એમ કહેવું છે. **'જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય,..'** એમ. જીવ વિભાવ પરિણામ કર્યા કરે, રાગ-દ્વેષ-મોહ કર્યા કરે, કર્મ બંધાય એના ફળને ભોગવતા વળી રાગ-દ્વેષ કરે. આમ જ જો થયા કરે, **'એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં;...'** તો પછી એ કર્મો નાશ થાય એવું બને નહિ. આ તો ચક્કર ચાલ્યા જ કરે. બંધન, બંધન થાય ત્યારે ભોગવતી વખતે બંધન થાય. બંધન થાય એને ભોગવવું પડે. ભોગવતી વખતે વળી પાછું નવું બંધન થાય. જો એવી રીતે થયા જ કરતું હોય તો નિવૃત્તિ

કોઈ કાળે સંભવે નહિ.

**'પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળા...'** હવે જે પરિણામથી કર્મબંધ થાય છે. કષાયના પરિણામ લીધા. જેના જે કષાય પરિણામથી કર્મબંધ થાય છે તેનાથી વિપરીત સ્વભાવવાળા એટલે અકષાય પરિણામ. **'એવા જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે;...'** આમાં બધા શુદ્ધ પરિણામ લઈ લેવા. વૈરાગ્ય એટલે શુભભાવ, ભક્તિ એટલે શુભભાવ એમ ન લેવું. એ બધા વીતરાગભાવે લઈ લેવા. વીતરાગી જ્ઞાન, વીતરાગી દર્શન, વીતરાગી સમાધિ, વૈરાગ્ય એટલે સાક્ષાત્ વીતરાગભાવ અને વીતરાગી ભક્તિ એ લેવું. એ આદિ સાધન પ્રત્યક્ષ છે.

**'જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે.'** ત્રણ પ્રકારના ફેરફાર થાય છે. જે તીવ્ર પરિણામે તીવ્ર અનુબંધથી થયા હોય એનો જે અનુભાગ છે એ શિથિલ થઈ જાય છે, મોળા પડે છે. ઉપશમ પામે છે એ દબાય જાય છે. ઉદયમાં આવતા પહેલા દબાય જાય છે. અને એનો ક્ષય પણ થઈ જાય છે, મૂળમાંથી. **'માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.'** એમ આ મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય પણ પ્રસિદ્ધપણે જિનાગમને વિષે કહેવામાં આવ્યો છે. 'ઊમાસ્વામી'નું તો આ સૂત્ર છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. મોક્ષનો માર્ગ છે એ માર્ગ કહો કે ઉપાય કહો તે મોક્ષનો ઉપાય છે. ઉપાય અને માર્ગ તો શબ્દભેદ છે ખાલી. એક જ ભાવ છે એ તો.

કહે છે કે જે મોક્ષ છે એ તો ફળ છે. એનો ઉપાય છે, માર્ગ છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ લગભગ સંપ્રદાયની અંદર એ વિષય ભૂલાઈ ગયો છે. સંપ્રદાયમાં એ પરિણામથી અજાણપણું છે. નામમાત્ર રહી ગયા છે. ભાવનું ભાસન જોવામાં આવતું નથી. સમ્યગ્દર્શન કોને કહેવું ? સમ્યગ્જ્ઞાન કોને કહેવું ? સમ્યક્ચારિત્ર કોને કહેવું ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા રાખે. સમ્યગ્દર્શન થઈ ગયું. કેટલુક શાસ્ત્રનું નવ તત્ત્વ આદિનું જ્ઞાન હોય એને જ્ઞાન થઈ ગયું. અને વ્રત, નિયમ, સંયમ અંગીકાર કરે એટલે ચારિત્ર થઈ ગયું.

નિશ્ચય રત્નત્રય શું ? નિશ્ચય રત્નત્રયપૂર્વકના વ્યવહાર રત્નત્રય શું ? એ વિષય લગભગ ખલાસ થઈ ગયો. દિગંબરના પંડિતોમાં થોડું અજાણપણું છે. જોયું ને ! ઠેકરીવાળા પંડિતોનું ગામ છે. નિશ્ચય રત્નત્રયની ખબર નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા

તે શ્રદ્ધા. આ બધું જ્ઞાન તે જ્ઞાન. અને વ્રતાદિ અંગીકાર કરો તે ચારિત્ર. તો નિશ્ચય રત્નત્રયનું શું ? એ તો વળી વાત જ નવી લાગે. નિશ્ચય રત્નત્રય એ વાત જ કોઈ અજાણી છે.

અહીંયાં તો સામાન્યપણે આ વાત લીધી છે એમાં એ વાત લીધી છે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષપદનો ઉપાય છે. ચારિત્રમાં સંયમ, વ્રત કરવા એ વાત ન લીધી. દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો ઉપાય છે. ચારિત્ર શું ? કે સ્વરૂપે ચરણમ્. સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર. (અત્યારે કાળ ફરી ગયો છે માટે આ વ્રત, સંયમ ચારિત્ર છે). કાળ ફરે એમ દુ:ખી પણ થવું પડશે. કાળ તો દુ:ખનો આવે છે. તો દુ:ખી થવા માટે સંમત છો ? મંજુરી છે ? હવે બધો કાળ આવે છે એ તો બધો દુ:ખી થવાનો કાળ આવવાનો છે. ભલે આપણે દુ:ખી થઈએ. એમ કોઈ વિચારે છે ? કે ભાઈ ! ગમે તેવો કાળ આવે આપણે દુ:ખી ન થઈએ તો સારું, એટલું વિચારે છે માણસ. કાળ ગમે તેવો આવે પણ આપણે સુખી રહી જઈએ તો સારું. આમ પોતાના માટે તો કોઈ દુ:ખનો વિચાર નથી કરતા. ત્યાં તો સુખનો વિચાર કરે છે.

આ હિન્દુસ્તાન ગરીબ દેશ કહેવાય છે. કેવો કહેવાય છે ? ગરીબ દેશ કહેવાય છે તો આપણો દેશ તો ગરીબ છે. આપણે ગરીબ રહેવું જોઈએ. કેમ કે આપણો દેશ ગરીબ છે. એમ વિચારે છે કોઈ ? દેશ ભલે ગરીબ હોય પણ આપણે તો બધી સગવડતા અને સુખ હોવું જોઈએ, આમ વિચાર કરે છે માણસ. કેવી રીતે વિચાર કરશે ?

**'શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્‌દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે.'** હવે અહીંયાં એક પ્રશ્ન થાય કે આત્માને કર્તા સ્થાપ્યો, આત્માને ભોક્તા સ્થાપ્યો તો આ આત્મા અકર્તા છે અને અભોક્તા છે એમ કેમ ન સ્થાપ્યું ? એ છઠ્ઠા પદમાં ગર્ભિત છે. મોક્ષનો જે ઉપાય છે એ અકર્તાપણાનો ભાવ છે અને અભોક્તાપણાનો ભાવ છે. એ મોક્ષ ઉપાયમાં આવી જાય છે. જે આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે અકર્તાભાવ છે અને અભોક્તા ભાવ છે, સાક્ષીભાવ છે. એમાં એ આવી જાય છે. એટલે મહત્વના જે મુદ્દા છે એ છ પદની અંદર સંકલિત કરેલા છે.

**'શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ**

**અત્રે સંક્ષેપમાં જણાવ્યા છે.**' જોયું ! શું કહ્યું ? કે અમે સંક્ષેપમાં કહ્યા છે. પહેલા એમ કહ્યું કે આ છ પદ અમે સ્વસ્થાનક કહ્યાં છે. હવે એના ઉપર સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે આ વાત એકદમ સંક્ષેપની અંદર અમે કરી છે. અથવા એવી માન્યતા સ્પષ્ટ હોવી જોઈએ કે આત્મા છે અને આત્મા શાશ્વત છે. એ વાત સ્પષ્ટ પોતાને ખ્યાલમાં હોવી જોઈએ, એક. બીજું વર્તમાનમાં આત્મા કષાય પરિણામ કરે છે, વિભાવ પરિણામ કરે છે, એનો કર્તા પોતે છે, એનો જવાબદાર પોતે છે. બીજાને કારણે પોતે દોષ કરે છે એવું ક્યારેય પણ એને વિચારવા જેવું નથી.

લૌકિક માણસો એમ વિચારે છે, આમાં વિપર્યાસ ક્યાં છે એમ વિચારીએ તો. કે ભાઈ ! શું કરીએ ? જેવા સંયોગ હોય એ પ્રમાણે અમારે વર્તવું પડે. જરૂર પડે ત્યાં રાગ કરવો પડે, જરૂર પડે ત્યાં ક્રોધ કરવો પડે, જરૂર પડે ત્યાં લોભ કરવો પડે અને જરૂર પડે ત્યારે ચોરી પણ કરવી પડે. સરકારે ટેક્સ ઘણાં નાખ્યાં છે. હવે તો ચોરી કરવાની જરૂર પડે ત્યાં ચોરી પણ કરવી પડે છે. તો એ સંયોગોને કારણે અમારે કરવી પડે છે, અમારે કારણે અમારે કરવી પડે છે એવું નથી. વાત ખોટી છે.

આત્મા જે કાંઈ દોષ કરે છે, અપરાધ કરે છે એ પોતે કરે છે, પોતાના કારણથી કરે છે, પોતે કર્તા થઈને કરે છે. કર્તા થઈને કરે છે એટલું નહિ સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે. કોઈ એને પરતંત્ર બનાવીને એની પાસે કરાવે છે, કોઈ સંયોગો એને પરતંત્ર બનાવીને એને અપરાધ કરાવે છે એ વાત તદ્દન વિરુદ્ધ છે, એમ કહેવું છે. આ કર્તા છે એમાં એટલી વાત આવે છે. પોતાના વિભાવ પરિણામનો કર્તા પોતે છે. અને સ્વતંત્રપણે એને ભોગવનાર પણ પોતે જ રહેશે. બીજો નહિ ભોગવે. પોતે જ ભોગવશે.

એટલી વાત સ્થાપ્યા પછી ધ્યેય સ્થાપ્યો. કે આ કર્તા અને ભોક્તાના ચક્કરમાંથી છૂટી શકાય છે. એ શક્યતા રહેલી છે, પૂરેપૂરી શક્યતા રહેલી છે. અને જો એનો માર્ગ અથવા ઉપાય સાધવામાં આવે તો જરૂર મોક્ષપદની પ્રાપ્તિ થઈ શકે છે. એમ કરીને એનો ઉપાય અને એનું જે અંતિમ ધ્યેય છે, અંતિમ ફળ છે એ પણ સ્થાપ્યું છે.

એ છએ છ વાતની શ્રદ્ધા હોવી જોઈએ. કે મારા કર્મ કરેલા હું ભોગવીશ એટલું જ નહિ પણ જો મોક્ષનો મને સ્વીકાર હોય કે આત્મા સર્વથા નિરાવરણ થઈ શકે છે, સર્વથા શુદ્ધ થઈ શકે છે, સર્વથા રાગ-દ્વેષ-મોહ-કષાયાદિ વિભાવોથી રહિત થઈ

શકે છે તો એનો ઉપાય પણ હોવો જોઈએ. તો એ થઈ શકે છે એની પણ શ્રદ્ધા છે અને એના ઉપાયની પણ એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રની પણ શ્રદ્ધા છે. આટલી વાત બુદ્ધિપૂર્વકની માન્યતામાં સ્પષ્ટ હોવી જોઈએ. એમાં જો ગડબડ હોય તો આગળની કોઈ વાત સમજાવાનો પ્રશ્ન રહેતો નથી.

ખરેખર તો સમ્યગ્દર્શનના વિષયભૂત પોતાનો પરિપૂર્ણ શુદ્ધ આત્મતત્ત્વ, આત્માનું જે મૂળ સ્વરૂપ છે એ સમ્યગ્દર્શનના વિષયભૂત તત્ત્વ છે. અસલ સ્વરૂપ છે, સ્વભાવિક સ્વરૂપ છે એ. એ સિવાય સમ્યગ્દર્શનને બીજો કોઈ વિષય છે જ નહિ. પણ શ્રદ્ધાને એ સ્વરૂપનો સ્વીકાર થાય, એ પહેલા એના તમામ વિપર્યાસો નાશ થઈ જવા જોઈએ. અને એ તમામ વિપર્યાસો નાશ થવામાં આ જે છ વાત કરી એ પાયાની વાત છે. એમ કહેવું છે.

એને સમ્યગ્દર્શનના નિવાસભૂત શા માટે કહ્યા છે ? આ તો વાત બહુ સીધીસાદી બહુ (લાગે). 'ગુરુદેવ'નો જેમને પરિચય થયો છે તે મુમુક્ષુ સમાજને તો આ વાત બહુ સીધીસાદી સાધારણ લાગે. જ્યારે 'શ્રીમદ્જી' એમ કહે છે કે આ સમ્યગ્દર્શનના નિવાસભૂત છ પદ કહીએ છીએ. આમાં મેળ શું કરવો ? આવી સાધારણ વાત સમ્યગ્દર્શનના નિવાસભૂત છે ? કે ખરેખર એ સાધારણ નથી.

મૂળિયા, જે શુદ્ધાત્મ સ્વરૂપને શ્રદ્ધામાં શ્રદ્ધવું છે, સ્વીકારવું છે એના મૂળિયા આ છએ છ પદમાં રહેલા છે. આત્માના અસ્તિત્વમાં, નિત્યત્વમાં, સ્વભાવપણામાં અને વિભાવપણાના પરિણમનની અંદર એમાં બધી વાત આવી જાય છે. બીજી રીતે કહીએ તો નવે નવ તત્ત્વ એમાં આવી જાય છે, લ્યો ! આ નવ તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે કે નહિ ? નવ તત્ત્વ પણ એમાં આવી જાય છે. વિભાવની અંદર પુણ્ય-પાપ, આસ્રવ-બંધ આવી જાય છે. સ્વભાવ પરિણામની અંદર સંવર, નિર્જરા અને મોક્ષ આવી જાય છે. કર્મના ઉપચરિત અને અનુપચરિતમાં અન્ય દ્રવ્ય જડ પદાર્થ આવી જાય છે અને આત્મા છે અને નિત્ય છે એમાં જીવતત્ત્વ આવી જાય છે. નવે નવ તત્ત્વની સંકલના છે એની અંદર. એ સંક્ષેપમાં છએ પદ અત્રે જણાવ્યાં છે.

**'સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે,...'** સપ્રમાણ એટલે માપવામાં આવે, સમજીને માપવામાં આવે, એને સ્વીકારવામાં આવે, માન્ય કરવામાં આવે. બધી વાત એમાંથી (નીકળે છે). સપ્રમાણમાં સારી રીતે સમજીને

માન્ય કરવું તેને સપ્રમાણ કર્યું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– પોતાને ભાવભાસન થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :– હા થઈ જાય. છ પદ છે એ પાયાની વાત છે. અહીંયાં એમ લેવું કે કોઈ એક તદ્દન અજાણ્યો, અન્ય મતમાંથી આવેલો જીવ છે એ લઈ લેવો. જેને જૈનદર્શનની પદ્ધતિની કાંઈ ખબર નથી. એને આ છ પદની વાત કરવામાં આવે. કે જુઓ ભાઈ ! આ જે છ પદ છે એ સમ્યગ્દર્શનના નિવાસભૂત છે. આ છ પદ તને જો બરાબર પ્રમાણ થાય તો તું સમીપમુક્તિગામી જીવ છો એમ સમજી લે. સમીપમુક્તિગામી લઈ લીધો છે, હોં ! આસનભવ્ય જીવ લીધો છે.

એટલે કે જેણે પોતાના આત્મકલ્યાણને લક્ષમાં રાખીને આ છ પદની માન્યતા પ્રમાણિકપણે સમજીને સ્વીકારી છે એને એ પ્રમાણે એનો ઉપાય ચાલુ થઈ જશે. એક એક ક્ષણના પરિણામથી કર્મબંધન છે અને એનું ફળ ભોગવ્યા વગર છૂટકો નથી. એ એક-એક પરિણામની અંદર જાગૃત થયા વિના રહેશે નહિ.

પરિણામની જાગૃતિ આવે ક્યાંથી વિભાવદશામાં ? કે જો એને ખબર હોય કે આ અપરાધ છે અને આનો દંડ ભોગવવાનો છે. આ અપરાધ છે અને આનો દંડ ભોગવવાનો જ છે. મારે એકલાએ ભોગવવાનો છે, કોઈ એમાં ભાગ પડાવવાનું નથી. એ જાગૃત થયા વિના રહે નહિ. એ મોક્ષનો ઉપાય શોધ્યા વિના રહે નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવા હોય એને શોધ્યા વગર રહે નહિ. આત્માના મૂળ સ્વરૂપની શોધ કર્યા વિના એ રહે નહિ.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કહેતા, એક સમયનો કુટીલભાવ ૫૬૯૯૬ પલ્યોપમનું ભોગવવું પડે. એક સમયનું માપ કાઢવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ નારકીમાં તેત્રીસ સાગરની સ્થિતિએ જાય છે ને. એની સામે ૭૦૦ વર્ષના ૩૩ સાગર ભાગાકાર કરે છે.

મુમુક્ષુ :– વર્ષ નહિ પણ પલ્યોપમ... ૫૬૯૦૦ પલ્યોપમ ૧૧૦૦૦, ૫૬૯૪૫.

પૂજ્ય ભાઈશ્રી :–૧૧૦૦૦, ૫૬૯૪૫ પલ્યોપમ. ભાગાકાર કરેલો છે. અહીંયાં એક સેકન્ડનું ફળ લીધું છે. ૩૩ હજાર સાગરની સ્થિતિએ જાય છે. એવા પરિણામ થાય છે. તીવ્ર કષાયવાળા, તીવ્ર કષાયરસવાળા.

મુમુક્ષુ :– આપે જે કહ્યું ને પરિણામ કરતા ધ્યાન રાખવું.

પૂજ્ય ભાઈશ્રી :– પરિણામ કરવામાં સાવચેત ન થાય. આંખો મીંચીને ગમે તેવા પરિણામ કરે, કુદરત છોડશે નહિ. કુદરતના ઘરનો ન્યાય છે. એમાં કોઈ ઇન્દ્ર-નરેન્દ્ર-જિનેન્દ્ર કોઈનું ચાલે એવું નથી.

**'સમીપમુક્તિગામી જીવને,...'** એટલે હળુકર્મી જીવને એમ લીધું છે. તે **'સહજ વિચારમાં...'** સહેજે વિચાર કરે સરળતાથી. સહજ એટલે સરળતાથી જ્યારે વિચાર કરે તો એને **'સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે,...'** અને એનો નિશ્ચય થાય. એનો નિર્ણય થવા યોગ્ય છે. **'તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે.'** અને ત્યાર પછી એક એક પદ ઉપર એનો વિશેષ વિચારણાથી વિસ્તાર થાય તો એને આત્માના હિત અને અહિતના વિષયમાં પરમ વિવેકની જાગૃતિ થાય. મારે મારું અહિત કરવું નથી, મારે મને નુકસાન પહોંચાડવું નથી, મને દુઃખી કરવો નથી. મારે મને દુઃખી કરવો નથી. એને પોતાની દયા ઊપજી પહેલીવહેલી. આ આત્માને મેં અજ્ઞાને કરીને, અણસમજણે કરીને ભૂલથી ઘણો દુઃખી કર્યો. અને હવે મારે મને દુઃખી કરવો નથી. આટલો એને નિશ્ચય થાય, આટલો વિવેક આવે તો એને આત્મામાં વિવેક થવા યોગ્ય છે.

**'આ છ પદ અત્યંત સંદેહરહિત છે,...'** આમાં ક્યાંય શંકાનું સ્થાન, શંકાની જગ્યા છે નહિ. અવકાશ નથી. શંકાને કોઈ અવકાશ નથી, **'એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે.'** પરમપુરુષ એવા વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જૈન પરમેશ્વર જેને કહીએ એમણે આ નિરૂપણ કર્યું છે. આ છ પદનું એમણે દિવ્યધ્વનિમાં નિરૂપણ કર્યું છે એમ કહે છે. મૂળ તો શું છે કે તીર્થંકરના સમવસરણની અંદર પોતે છે એ વાત પણ એમને જાતિસ્મરણમાં છે. આ એક વિશેષે કરીને વાત છે. અને એમણે આ છ મુદ્દા જેમ કે ત્યાંથી પકડ્યા છે. સર્વજ્ઞ પરમાત્માની વાણીમાંથી આ છ મુદ્દા પકડ્યા છે અને સ્થાપ્યા છે અહીંયાં. પદ્ધતિસર વાત લીધી છે, શાસ્ત્રપદ્ધતિ છે.

**'એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.'** જુઓ ! સ્વસ્વરૂપ ક્યું છે ? જે સમ્યગ્દર્શનના વિષયભૂત સ્વરૂપ છે તે સ્વસ્વરૂપ છે અને એ સ્વસ્વરૂપ સમજવા અર્થે આ છ પદ કહ્યા છે. છએ છ વાતમાં મૂળ આશય આ છે. આત્માને કર્તાપણે સમજાવવો છે કે ભોક્તાપણે સમજાવવો છે, એ વાત વિભાવ પરિણામની છે. તો પણ સમજાવવું છે એનું સ્વભાવિક સ્વરૂપ. એમ કહેવું છે.

પહેલી વાત એ લીધીને 'આત્મસિદ્ધિ'માં. 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત.' એ સમ્યગ્દર્શનના વિષયભૂત સ્વરૂપની વાત છે. ક્યું સ્વરૂપ સમજ્યા વિના ? કે સમ્યગ્દર્શનના વિષયભૂત સ્વરૂપ. સ્વસ્વરૂપ સમજ્યા વિના. એ સ્વસ્વરૂપ માત્ર વાત તો એટલી જ છે કે પોતાનું મૂળ સ્વરૂપ જે છે અને જેવું છે તે જ સમજવું છે. પણ એ સમજવામાં વિટંબણા એ છે કે અત્યાર સુધી એણે જે વિપરીત સંસ્કાર ગ્રહણ કર્યા છે અને એ સંસ્કારને લઈને જે વિપર્યાસ મતિજ્ઞાનમાં ઊભો છે, મતિવિપર્યાસ જેને કહેવામાં આવે છે, એને લઈને પોતાને પોતાનું સ્વરૂપ છે એ સમજાતું નથી. મૂળ સ્વરૂપ સમજાતું નથી. એ સમજવાને અર્થે આ છ પદ કહ્યાં છે.

**'એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.'** આ વાત બહુ સારી લીધી છે. **'અનાદિ સ્વપ્નદશાને લીધે...'** આ જે કોઈ જેટલા કોઈ ભવભવાંતર કર્યા એ બધામાં તીવ્રપણે મમત્વ કર્યું, અહંભાવ કર્યો એ બધી સ્વપ્નાની રમત હતી. અને સ્વપ્નાની જ રમત છે, એમ કહે છે. સ્વપ્નદશા જેવી વાત છે.

જો આત્માના મૂળ સ્વસ્વરૂપને સમજવામાં આવે તો એને સંસાર આખો સ્વપ્ના જેવો જ દેખાય. બીજું કાંઈ દેખાય નહિ. જેમ જાગૃત થયા પછી એમ લાગે કે આ સ્વપ્ન એ જૂઠ હતું. કેમ કે પોતે તો પથારીમાં સૂતેલો છે અને ઊંઘી ગયેલો છે. વાસ્તવિકપણે તો પથારીમાં પોતે ઊંઘમાં છે. પણ એ ઊંઘમાં જે સ્વપ્નું આવ્યું એમાં ઘણો દુઃખી થયો કે ઘણો સુખી થયો એ બંને વાત ખોટી હતી, જૂઠી હતી.

એમ મૂળ સ્વસ્વરૂપની જાગૃતિ આવતા સંસાર સ્વપ્ના જેવો પ્રતિભાસે છે. જ્યારે સંસાર સ્વપ્ન જેવો લાગે ત્યારે એમ સમજવું કે જ્ઞાનદશા થઈ છે. ત્યારે એમ સમજવું કે આ જ્ઞાનદશા થઈ છે. જ્યાં સુધી સંસાર સ્વપ્ના જેવો ન લાગે ત્યાં સુધી જ્ઞાનદશા નથી થઈ. આ એનું એક ઉપલક્ષણ છે જ્ઞાનનું. એટલે અહીંથી વાત લીધી.

જ્યારે સ્વસ્વરૂપ સમજવાની વાત લીધી કે **'જીવને...'** આ છ પદ **'સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.'** તો એ સ્વસ્વરૂપ સમજતા શું થાય છે ? કે અનાદિની જે સ્વપ્નદશા છે તેને લીધે ઉત્પન્ન થયેલ એવો જીવનો અહંભાવ છે કે હું ફલાણો છું. જે જે કર્મજનિત પર્યાયે ઊપજ્યો છે, પ્રાપ્ત થયો છે એવો હું છું. હું અત્યારે

ફલાણો... ફલાણો... ફલાણો માણસ છું. અને મમત્વ. અને આ મારું કુટુંબ છે, આ મારો સમાજ છે, આ મારું મંડળ છે, આ મારું ગામ છે, આ મારો દેશ છે. આ બધાની વચમાં આ મારું સ્થાન છે. એ જે અહંભાવ અને મમત્વભાવ છે તે નિવૃત્ત થવાને અર્થે. એ બધું નાશ પામી જાય કે આ તો બધું ખોટું છે. જૂઠ છે. જૂઠ છે બધું. સ્વપ્ન છે.

**'તે નિવૃત્ત થવાને અર્થે છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.'** છ પદનો ઉપદેશ કર્યો એની અંદર સરવાળો આ આવવો જોઈએ કે અનાદિથી વર્તમાન સુધીનો જેટલો કોઈ સંસાર ભોગવ્યો તે સ્વપ્નવત્ દશાએ ભોગવ્યો એમ જાણવું. એમ જણાય ત્યારે જ્ઞાન બરાબર થયું એમ ગણવું. 'બનારસીદાસજી' એ એક બહુ સરસ વાત લીધી છે કે જેમ જાગૃત થતા સ્વપ્ન મિથ્યા ભાસે છે, જૂઠ ભાસે છે. એમ જો ભવાંતરમાં પોતાની હયાતીનું જાતિસ્મરણ જ્ઞાન થાય છે ત્યારે મરણ મિથ્યા ભાસે છે. એક બીજું પદ વચ્ચે નાખ્યું છે એમાં. માણસને મૃત્યુ આવે છે ત્યારે તો આવ્યા પહેલા જ ઘણાં તો મોતિયા મરી ગયા એમ નથી કહેતા ? એ પરિસ્થિતિમાં, માનસિક પરિસ્થિતિમાં આવે છે. પણ મરણ વખતે તો ખરેખર હું મરી ગયો એવા દુઃખભાવનો અનુભવ કરે છે. એ જ જીવ જ્યારે બીજે ઊપજે છે એ ઊપજતાવેંત જ્યારે એને એમ જ્ઞાન થાય કે હું તો હયાત છું. ત્યારે ઓલું મરણ થયું એ કોનું ? જો હું જીવતો-જાગતો બેઠો છું તો જેનું મરણ થયું એ કોણ ? કે એ મિથ્યા વાત હતી. મરણ થયું નહોતું ખરેખર. મરણ થયું હોય તો હું અત્યારે હોઉં નહિ. જો મારું મરણ થયું હોય તો હું અત્યારે હયાત હોઉં નહિ. હું હયાત છું એમ બતાવે છે કે ઓલી ચીજ ખોટી હતી. મૃત્યુ નહોતું.

એ એક પ્રસંગ હતો કે જેમાં જૂના શરીરનો વિયોગ થાય છે અને ક્ષણમાત્રમાં નવા શરીરનો સંયોગ થાય છે. દેવલોકમાં તો તરત જ ઊપજે છે. અહીંયાં તો હજી ખબર પણ ન પડે કે છે કે નથી ? એ પહેલા તો ત્યાં આળસ મરડીને ઊભો થાય. અવધિજ્ઞાન છે. જો ઉપયોગ મૂકે તો એ જ વખતે ખબર પડે કે હજી તો નીચે તપાસ કરે છે કે ભાઈ રહ્યા છે કે ગયા છે હજી ? નક્કી તો કરો. ડોક્ટરોને બોલાવીને Confirmation કરે. બધું પાકું કરવું પડે ને ? એ હજી શરૂઆત (થઈ હોય) ત્યાં તો એને ખબર પડે કે આ હજી નીચે બધું આમ ચાલે છે. પણ હું ક્યાં મર્યો છું ?

હું તો આ બેઠો. મર્યો છું-ફર્યો છું એ વાત સાચી નથી. એ બિલકુલ કલ્પના છે. આ બેઠો હું. હાજરાહજુર છું. હયાત છું. એ મરણની કલ્પનાને મિથ્યા ઠરાવે છે.

એવું જ જે ધ્રુવપદને અનુભવ કરે છે, સ્વસ્વરૂપનો જે અનુભવ કરે છે એને આખો સંસાર સ્વપ્નવત્ ભાસે છે, મિથ્યા ભાસે છે. આ બધી ગડબડ છે એને અને મારે ખરેખર આત્માને કાંઈ લેવાદેવા નથી. મારું જે સ્વસ્વરૂપ છે તે અનાદિઅનંત એવું ને એવું એકરૂપ સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપે સર્વ કાળે એમને એમ જ છે. અકબંધ છે. બધા ફેરફારો જે થાય છે એ મારાથી બહાર છે. મારે કાંઈ લેવા-દેવા નથી. ન તો એની અસર કોઈ મારામાં છે. કોઈ એની સાથે મારે સંબંધ છે એ વાત કાંઈ રહેતી નથી. તમામ પર્યાયોની એ પરિસ્થિતિ એને દેખાય છે. એની જ પર્યાયોની એ પરિસ્થિતિ દેખાય છે. કે પર્યાય ઉપર ઉપર તરે છે. મારા ધ્રુવ સ્વરૂપને કોઈ પર્યાય સ્પર્શતી નથી.

એવું **'સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે,...'** તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, **'એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય;...'** શું કીધું ? એમ જો પોતાના સ્વસ્વરૂપમાં જાગૃત થઈને સ્વરૂપભૂત પરિણામ કરે તો એને ક્ષણમાત્રમાં તે સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય. **'સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે.'** અને જે સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય એને જેવો સ્વસ્વભાવને સ્વરૂપ છે એવી દશા થઈને ઊભી રહે. એ દશામાં એ આવ્યા વિના રહે નહિ. એવા મોક્ષને પામે.

**'કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય.'** કોઈ વિનાશી ભાવને વિષે એને હરખ-શોક ન થાય. અશુદ્ધ ભાવને વિષે એને સ્વપણું ભાસે નહિ. અન્ય એવા ભાવને વિષે એને પોતાપણું ભાસે નહિ. એની ઉત્પત્તિ ન થાય. **'તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે.'** અને એવા સ્વસ્વરૂપને વિચારે. સ્વસ્વરૂપમાં જે શુદ્ધપણું છે અનાદિથી કાંઈ મિશ્રણ થયું નથી. કોઈ અડ્યું નથી, કોઈ આવ્યું નથી, કોઈ ગયું નથી એવું જે શુદ્ધપણું છે. સર્વ ગુણથી એનું સંપૂર્ણપણું છે. જરા પણ ખામી વગરનું તત્ત્વ છે.

**'અવિનાશીપણું'** એટલે નિત્યપણું છે. ક્યારે પણ એ નાશ થાય એવી પરિસ્થિતિ

નથી. અને **'અત્યંત આનંદપણું...'** પરિપૂર્ણ આનંદપણું અથવા બેહદ અસીમ જેનો કોઈ પાર નથી એવો અપાર આનંદપણું એને અત્યંત આનંદપણું કહ્યું છે. એ **'અંતરરહિત'** એટલે મારામાં જ. હું પોતે જ છું. વચ્ચે કોઈ અંતર નથી. મારામાં જ તેને અનુભવમાં પોતામાં જ અનુભવમાં આવે છે. સ્વસ્વરૂપે જ અનુભવમાં આવે છે. એને અંતરરહિત અનુભવમાં આવે છે એમ કહ્યું. અથવા અભેદપણે અનુભવમાં આવે છે. આનંદ સ્વરૂપ પોતે, પોતે અને આનંદ એમાં કાંઈ ભેદ છે એવો ભેદ જોવામાં આવતો નથી. અનુભવવામાં આવતો નથી. તેવું સમ્યગ્દર્શન થતાં એને પોતાનું સ્વરૂપ અનુભવમાં આવે છે.

**'સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે,...'** જોયું ! વિભાવપર્યાયનું આવું જ્ઞાન થાય છે કે તે **'સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે,...'** ભ્રમથી એકપણું માન્યું છે કે હું રાગી થયો, હું દ્વેષી થયો. **'તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે,...'** અને પોતે તદ્દન એનાથી જુદો છે. સર્વથા જુદો છે. એવું ભિન્નપણું છે. **'એમ સ્પષ્ટ, પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે.'** જુઓ ! ક્યાં સુધીની વાત લીધી. છ પદ કહીને આખી લાઈન સાંધી લીધી છે. સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષમાર્ગની પૂરેપૂરી લાઈન છે એ આ પ્રકારે છે. એમ પોતાનું ભિન્નપણું સ્પષ્ટપણે ભાસે છે. સ્પષ્ટપણે ભાસે છે એટલે પ્રત્યક્ષપણે ભાસે છે. કેવા પ્રત્યક્ષપણે ભાસે છે ? કે અત્યંત પ્રત્યક્ષપણે ભાસે છે, અપરોક્ષપણે ભાસે છે. જરાય પરોક્ષપણું એમાં રહેતું નથી. તેવો પોતાને અનુભવ થઈ જાય છે. અનુભવ પ્રત્યક્ષથી પોતાને જે પોતાનું સ્વરૂપ છે આનંદસહિત પોતે છે, અનંત આનંદ સહિત છે એ ભાસે છે.

જ્યાં સુધી પોતાનો આનંદ પોતાને પોતામાં ન ભાસે ત્યાં સુધી પોતાને પોતાના સ્વરૂપનું આકર્ષણ રહે નહિ. આ આનંદ એક એવો ગુણ છે. એને Magnetic property કહે છે. એ પરિણામને ખેંચે છે. પરિણામને આનંદમય બનાવવા માટે આનંદગુણ છે એ ખેંચે છે. જ્યાં સુધી પોતાનો આનંદ પોતાને પોતામાં ન દેખાય ત્યાં સુધી બીજેથી આનંદ લેવા માટે ધમપછાડા કર્યા વિના રહે નહિ. આ નિયમબદ્ધ વાત છે. અને એ આકુળતા, ધમપછાડા કહો, આકુળતા કહો, એ આકુળતાની અગ્નિ કહો એ આનંદ ઉત્પન્ન થયા વિના આ પ્રશમરસમગ્ન આનંદ છે, એ ઉત્પન્ન થયા વિના કોઈ રીતે

શાંત થાય એવી પરિસ્થિતિ નથી. એ ભડકો સળગ્યા જ કરવાનો છે. કષાયનો ભડકો, આનંદ લેવા માટે કષાયનો ભડકો, દુઃખનો ભડકો આનંદની ઉત્પત્તિ થયા વિના કોઈ રીતે શાંત થાય નહિ.

એટલે જ્યારે આનંદની ઉત્પત્તિ થાય છે ત્યારે એને અમૃતવર્ષા કહેવામાં આવે છે. જેમ ૧૧૮ ડિગ્રીના તડકા પડ્યા હોય પણ વરસાદ થાય, જો કે વરસાદ થયા પહેલા તો હવા ફરી જાય છે, ઠંડી હવા થઈ જાય, વરસાદ થાય એટલે પૃથ્વી ઠંડી ગાર કરી નાખે છે. એ જેમ વર્ષા છે એવી આ આનંદની વર્ષા છે એ અનાદિના કષાયના અગ્નિને શાંત કરી નાખે છે. એટલે આનંદપણું સાથે લીધું, જુઓ ! શુદ્ધપણું લીધું, સંપૂર્ણપણું લીધું, અવિનાશીપણું લીધું ત્યાં કહે અત્યંત આનંદપણું અભેદપણે અનુભવમાં આવે છે. એ પ્રત્યક્ષ અનુભવ થાય છે.

**'વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી.'** પછી જે બહારમાં માથાકૂટ જેના માટે થાય છે એવા સંયોગી પદાર્થની અંદર એને ઇષ્ટ-અનિષ્ટપણું થતું નથી. એટલું જ નહિ. **'જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે.'** એટલે એકદમ શાંત થઈ જાય છે. (સમય થયો છે)...

ખાસ-મુખ્ય બાબત તો જીવને યોગ્યતા આવવી તે છે, જેથી વીર્ય પ્રવૃત્તિ સહજ અંતરમાં વળે, 'જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ચાલવું'– એવો માર્ગ ગ્રહણ કરવા સુદઢતા થાય અને નિવૃત્તિ સેવી અપ્રમાદપણે આત્મભાવને સેવવાનું થાય. આત્મહિતમાં ઉલ્લાસિત વીર્ય થતાં પ્રમાદ (અન્ય પ્રવૃત્તિમાં રોકાવુ) ટળે છે. બહુમૂલ્ય એવું મનુષ્યત્વ સાર્થક થાય જ, તેમ આત્માર્થીને લક્ષ રહે.

(અનુભવ સંજીવની–૧૧૩૫)

## તા. ૩૦-૭-૧૯૯૦, પ્રવચન નં. ૧૯૨
## પત્રાંક – ૪૯૩

'શ્રીમદ્ રાજચંદ્રગ્રંથ' પત્ર ૪૯૩. પાનું ૩૯૫. બીજા પેરેગ્રાફથી લઈએ.

**'શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવા આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યા છે.'** જેને સમ્યગ્દર્શન થાય છે તેને આત્મા વિષયક આ છ પ્રયોજનભૂત, છ પ્રકારે પ્રયોજનભૂત વસ્તુસ્વરૂપ સમજાય છે, એમ કહેવું છે. એક ન્યાયે જોઈએ તો અહીંયાં આ છ પદમાં જેમ નવ તત્ત્વનો સમાવેશ છે એમ આ છ પદમાં ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધનો પણ સમાવેશ છે.

આત્મા પોતાના કર્મનો કર્તા છે, કરેલા કર્મનો ભોક્તા છે. એ એને ઉપદેશ લેવા જેવો વિષય છે. જે પ્રકારે પોતાના વિભાવ પરિણામ ઉપશમ થાય–શાંત થાય. હું પોતે મારી જવાબદારીથી સ્વતંત્રપણે હું કર્મ બાંધુ છું. મારે ભોગવ્યા વિના છૂટકો નથી. ભોગવ્યા વિના છૂટકો નહિ થાય અને તે મને દુઃખનું કારણ છે. એ દુઃખ ટાળવા જેવું છે એ પ્રકારે એને પ્રથમ પરિણામમાં જે કાંઈ વિભાવ પરિણામમાં રસ છે એ રસથી નીરસપણું ઉત્પન્ન થાય એવો ઉપદેશ પણ છે અને આત્મા છે એનું નિત્યત્વ છે. એનું સંપૂર્ણ શુદ્ધિરૂપ મોક્ષપદ છે અને એ પ્રાપ્તિનો કોઈ વ્યવસ્થિત માર્ગ પણ છે. આ બધું સિદ્ધાંતમાં જાય છે. છ પદની અંદર ઉપદેશબોધ પણ આવી જાય છે, સિદ્ધાંતબોધ પણ આવી જાય છે.

મુમુક્ષુ :– ઘણો હળવો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એક તિર્યંચ પણ સંક્ષેપમાં જ્યારે સ્વરૂપ પ્રાપ્તિની તૈયારીમાં આવે છે ત્યારે ભલે આ નામ, શબ્દો, વચનો એ ન હોય પણ એનો ભાવ એને સમજાય છે. પોતાના વિભાવરૂપ દુઃખ સમજાય છે. પોતે કરે છે એ સમજાય છે, પોતે ભોગવે છે એ સમજાય છે. અને પોતાનું જે જ્ઞાનમય આત્મપદ છે. એ પદની

પ્રાપ્તિ માટે, નિરાકુળપદની પ્રાપ્તિ માટે અંતર્મુખ વળવું એ પણ એને સમજાય છે. એટલે ઉપાય અને એ બધું એમાં સંક્ષેપમાં આવી ગયું.

મુમુક્ષુ :- સુવિચારણા...

પૂજ્ય ભાઈશ્રી :- સુવિચારણામાં આ છએ પદ આવી જાય છે.

એટલે એમ કીધું કે '**સમીપમુક્તિગામી જીવને...**' આ છ પદમાં જે યથાર્થ પ્રકારે આ છ પદને વિચારણામાં લે છે, સંમત કરે છે, અનુસરવા માગે છે એને સમીપ મુક્તિગામી જીવ અહીંયા કહ્યો છે. એ '**સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે,...**' બહુ અઘરી વાત નથી. થોડોક વિચાર કરે, સહેજ એટલે થોડો વિચાર કરે તો પણ આ વાત એને સમજી શકાય એવું છે. આ છ બાબત છોડીને બીજું કાંઈ બધું કરવામાં આવે છે એ પદ્ધતિ બરાબર નથી. '**સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે,...**' એને એ બરાબર લાગશે, એ યોગ્ય લાગશે અને તે માન્ય કરશે.

'**પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે,...**' અને આ એકદમ સ્પષ્ટ આખરી નિર્ણય છે. આ વિષયનો આ આખરી નિર્ણય છે. પરમનિશ્ચય એટલે ? આખરી નિર્ણય છે એમ એને જણાય છે કે આમાં કાંઈ બીજો વિસંવાદનો કોઈ અવકાશ નથી. વિખવાદ કરવા જેવી કોઈ વાત આમાં નથી.

મુમુક્ષુ :- આ રીત જ આ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ રીત છે. સમ્યગ્દર્શન પામવા માટેની આ રીત છે.

'**તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ...**' પછી એક એક વિભાગનો વિસ્તાર (થઈ). આત્મા છે. તો પ્રત્યક્ષ છે કે પરોક્ષ છે. નિત્ય છે ? તો નિત્ય છે એટલે શું નિત્ય છે ? કેવી રીતે નિત્ય છે ? સ્વભાવે કરીને નિત્ય છે કે પરિણામે કરીને નિત્ય છે ? એના સર્વ વિભાગમાં, એકએક વિભાગમાં. નિજકર્મનો કર્તા છે તો એની અંદર કેવી રીતે સ્વતંત્ર થઈને પરિણમે છે ? ભોગવે છે તો એકલો કેવી રીતે ભોગવે છે ? એના એક એક વિભાગમાં. મોક્ષમાર્ગની પદ્ધતિનો શું વિભાગ છે ? જુદા જુદા Stage ઉપરથી. એ બધો સર્વ વિભાગે. એક એક વિભાગે વિસ્તારથી '**તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે.**'

જો આ પદ સંક્ષેપમાં માન્ય કરે તો એ એના દરેક પદના વિભાગમાં વિસ્તારમાં

જઈને પછી એને વિશેષપણે એનો વિવેક થાય છે. સારી રીતે એ વિષયની તાત્ત્વિક સમજણ એને આવે છે.

**'સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે,...'** અને હિત-અહિતના વિષયમાં સ્પષ્ટપણે એની વિચારણા કેન્દ્રિત થાય, સારી રીતે દૃઢ થાય એ પરિસ્થિતિ ઉત્પન્ન થવા યોગ્ય છે. **'આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે.'** આ છ પદ જે રીતે કહ્યા છે તે રીતમાં ક્યાંય શંકા કરવાનું સ્થાન નથી. પરમપુરુષે, વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્રદેવે નિઃશંકપણે આ પદને માન્ય કરવા યોગ્ય કહ્યા છે.

**'એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.'** વિસ્તાર ભલે છ પદનો છે તો પણ બધાનું એક કેન્દ્રસ્થાન છે કે પોતાનું મૂળ સ્વરૂપ સમજાય. આત્મા જે વિભાવથી કર્મને કરે છે એમ કહેવા પાછળ પણ કર્મરહિત એવું પોતાનું સિદ્ધપદ સમજાવવું છે. કે ક્યાં સુધી એ કર્મ કરે છે ? કે જ્યાં સુધી પોતાનું મૂળ સ્વરૂપ સમજાતું નથી ત્યાં સુધી. ક્યાં સુધી એ કર્મને ભોગવે છે ? કે જ્યાં સુધી પોતાના મૂળ આનંદમય સ્વરૂપને ભોગવતો નથી ત્યાં સુધી. એ છએ પદની અંદર સમજાવવી છે એક જ વાત પાછી, એમ કહે છે. આ તો છ પદની વાત લીધી પણ છ પદના વિસ્તારભૂત જેટલા આગમ છે એ સર્વ આગમને વિષે, શાસ્ત્રોને વિષે એક આત્મસ્વરૂપ સમજાવવા માટે જ બધો વિસ્તાર કરવામાં આવ્યો છે.

મુમુક્ષુ :– બાર અંગમાં એક જ વાત કરી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– બાર અંગની અંદર આ એક મૂળભૂત આત્મસ્વરૂપ સમજાવવા માટે બધી જ વાત કરી છે. જો એ સમજાવવામાં, આત્મસ્વરૂપને સમજાવવાની મુખ્યતા ન હોય તો એ સમજાવવું અને સમજવું એ બધું કોઈ અન્ય હેતુએ અથવા પરમાર્થવિહિન હેતુએ થઈ રહ્યું છે એમ સમજવા જેવું છે. એટલે એ સરવાળો માર્યો કે **'એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.'** પોતાનું સ્વરૂપ. સ્વરૂપ નહિ પણ સ્વસ્વરૂપ. પોતે કેવા મૂળ સ્વરૂપે છે ? એ સમજવાને અર્થે કહ્યો છે. હવે એ સ્વરૂપ નથી સમજ્યો ત્યાં સુધી જીવની દશા કેવી છે અનાદિથી ?

**'અનાદિ સ્વપ્નદશાને લીધે...'** એ વાસ્તવિક ન લીધું. જે કાંઈ આ જીવ સંયોગોની જાળમાં જંજાળમાં ગૂંચવાણો છે એ સ્વપ્નમાં દુઃખી થાય એવી રીતે દુઃખી થઈ રહ્યો

છે. મૂળ આત્મપદ જોવે તો અનંત સુખ અને અનંત આનંદથી ભરેલો છે. એને ભૂલ્યો છે. કેટલી ગડબડ કરે છે ? વાત મૂકી દો. **'અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ...'** અન્યભાવમાં અને અન્યપદાર્થમાં. દેહાદિ સંયોગમાં અને એ પ્રત્યેના પરિણામમાં જે અહંભાવ અને મમત્વભાવ **'તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.'**

અસ્તિથી કહીએ તો સ્વસ્વરૂપ સમજવાને અર્થે દેશના કરી છે. નાસ્તિથી કહીએ તો અનાદિ જે સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો, ભ્રાંતિદશાએ ઉત્પન્ન થયેલો અહંભાવ અને મમત્વભાવને નિવૃત્ત કરવા માટે આ દેશના પ્રકાશી છે. એટલે મુમુક્ષુજીવે પણ પોતાને પોતાના સ્વરૂપ સિવાય જ્યાં જ્યાં અહંભાવ અને મમત્વભાવ થાય છે એ તો નિવૃત્ત થવાનો ભગવાનનો ઉપદેશ છે. એ કરવાનો ભગવાનનો ઉપદેશ નથી. એ તો ભ્રાંતિગતપણે થાય છે. એવો **'નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીનીપુરુષોએ દેશના પ્રકાશી છે.'**

**'તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે,...'** જુઓ ! જ્ઞાનદશામાં આ વાત છે. **'તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે,...'** નિર્ભ્રાંત સ્વરૂપ છે. **'એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય.'** અહીં વાત સરવાળે લઈ જવી છે. એ સ્વપ્નદશાથી રહિત થાય એટલે ભ્રાંતિથી નિવૃત્ત થાય. સ્વપ્નું લાગે કે આ બધી સ્વપ્નાની ગડબડ કરી છે. મારું સ્વરૂપ જોઉં છું (તો) કાંઈ અડ્યું નથી, કાંઈ આભડ્યું નથી, કાંઈ સ્પર્શ નથી, એનું કોઈ નામ-નિશાન, પડછાયો, ગંધ કાંઈ નથી એની અંદર. એવું ને એવું કોરે-કોરું નક્કોર સ્વરૂપ અનાદિઅનંત મારું છે. એમ જો જાણે અને અનુભવ કરે એટલે એ વખતે એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સહજમાત્રમાં એમ લીધું, હોં !

**'તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે,...'** નાસ્તિથી લીધું. **'તો સહજ માત્રમાં તે જાગૃત થઈ...'** સ્વરૂપને વિષે જાગૃત થઈ કે ઓ..હો..! મારું તો આવું સ્વરૂપ છે. એમ **'સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય;...'** સ્વાનુભવને પ્રાપ્ત થાય. અને **'સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે.'** સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય તો પોતાની મોક્ષદશાને, સંપૂર્ણ શુદ્ધ દશાને, એ નિષ્કર્મ દશાને પામે, દુઃખરહિત દશાને પામે, અનંત સુખધામ એવી દશાને પામે.

એ સુખધામ છે. 'સુખધામ અનંત સુસંત ચહિ' બધા સંતો. સુસંત એટલે જે ખરેખર સંત છે. સમ્યક્ પ્રકારે જે સંત થયા છે એ બધા જ પોતાના અનંત સુખના ધામને ચાહે છે. અને દિન-રાત્ર તેના ધ્યાનમાં જ રહે છે. પછી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં રહેતા નથી. એના ધ્યાનમાં જ રહે છે–સ્વરૂપના ધ્યાનમાં જ રહે છે.

એ **'સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે,...'** છે અને ત્યારપછી તેને **'કોઈ વિનાશી,...'** ભાવમાં. કોઈ **'અશુદ્ધ...'**ભાવમાં. જે થોડા રહી ગયા છે તે. **'અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય.'** એને એ લાગતું નથી કે આ મારા છે સંયોગપણે, એવું મારાપણું લાગતું નથી. એ કોઈ હરખ કરવાનો પ્રસંગ દેખાતો નથી, કોઈ શોક કરવાનો પ્રસંગ દેખાતો નથી. **'તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે.'** તે વિચારે એટલે આ છ પદના વિચારે. એને પોતાના સ્વરૂપને વિષે શુદ્ધપણું નિશ્ચિત થાય છે. પોતાનું સ્વરૂપ પરિપૂર્ણ છે એવું નિશ્ચિત થાય છે. પોતાનું સ્વરૂપ સદાય અવિનાશી છે એવું નિશ્ચિત થાય છે. અત્યંત આનંદમય છે, પરિપૂર્ણ આનંદમય છે, પૂર્ણાનંદમય છે અને અંતર રહિતપણે, અભેદપણે પોતાના અનુભવમાં આવે છે. આવું સ્વરૂપ અનુભવમાં આવે છે. પોતાનું શુદ્ધાત્મપદ આનંદમયપદ, પરિપૂર્ણ પદ અને અવિનાશી પદ અભેદભાવે, અભેદ સ્વરૂપે પોતે જ એ સ્વરૂપે છે એવો અનુભવ એને પ્રગટપણે થાય છે.

જુઓ ! કેટલા અનુભવના મુખ્ય-મુખ્ય બોલ લઈ લીધા છે કે જે જીવને સ્વાનુભવ થાય છે એને પોતે અનાદિઅનંત શુદ્ધ છે. કોઈ અન્ય દ્રવ્ય, અન્ય ભાવ મારામાં ક્યારે પણ મિશ્રિત થયો નથી, ભળ્યો નથી, મળી ગયો નથી, મિલાવટ થઈ ગઈ નથી, એવું અત્યંત શુદ્ધપદ પોતાનું અનુભવગોચર થાય છે. પોતે પરિપૂર્ણ છે. અધૂરો હોવાથી હવે કાંઈક મારે મારામાં લાવવાની જરૂર છે એ વાત નથી. એ વાત ત્યાં સુધી છે કે કોઈ ગુણ મારે લાવવાના નથી, કોઈ દોષ મારે કાઢવાના નથી. મારા ત્રિકાળી સ્વરૂપને વિષે કોઈ નવા ગુણને લાવવાના નથી. કોઈ દોષ છે નહિ માટે કાઢવાનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી. એવું સંપૂર્ણપણું (છે).

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– મૂળ સ્વરૂપમાં ક્યાં છે ? અનુભવ થાય છે ત્યારે કેવો પોતાના

સ્વરૂપનો અનુભવ થાય છે ? પૂર્ણ શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે. પોતે સિદ્ધપદ સ્વરૂપે જ છે. પોતે જ સિદ્ધસ્વરૂપે છે. પ્રસિદ્ધ સુસિદ્ધ. પ્રસિદ્ધ સિદ્ધ છે. સંપૂર્ણ શુદ્ધ. એવું પોતાનું પદ છે એનો અનુભવ થાય છે. એ સ્વરૂપે પોતાનો અનુભવ થાય છે.

પોતે અવિનાશી છે એવો અનુભવ થાય છે. જન્મ-મરણ મારા નથી એવો અનુભવ થાય છે. મારા માન્યા તે ભૂલ થઈ. એવું સ્પષ્ટ પોતાની ભૂલનું જ્ઞાન થાય છે. અને પ્રત્યક્ષપણે પોતાના અનંત આનંદમય પદનો અનુભવ થાય છે. અંતરરહિત થાય છે. અંદર અંતર નથી. પોતે જ છે. એક વિકલ્પ કરવો પડે એટલું પણ અંતર નથી. આવું મારું સ્વરૂપ છે એટલો પણ વિકલ્પ કરવાનું અંતર એમાં નથી. વિકલ્પ તો અંતરાય કહેવામાં આવે છે. એટલો પણ એની અંદર કોઈ અવકાશ નથી. ન દ્રવ્યે અંતર છે, ન ભાવે અંતર છે. એક્કે પ્રકારે અંતર નથી. ભાવથી પણ અંતર નથી, દ્રવ્યથી પણ અંતર નથી. ત્યાં સુધી કે આ પર્યાય છે અને આ દ્રવ્ય છે એટલું અંતર પણ ત્યાં રહેતું નથી. દ્રવ્ય પર્યાયનો વિષય તો પ્રથમ સમજતી વખતે લક્ષમાં લીધો હતો. પ્રત્યક્ષ અનુભવના કાળમાં દ્રવ્ય-પર્યાયનો વિકલ્પ છે નહિ. બિલકુલ નથી. અંતર જ નથી એમ કહે છે. એવું અંતરરહિત પોતાના અનુભવમાં આવે છે.

**'સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે,...'** તમામ વિભાવોમાં માત્ર ભૂલથી, ભ્રમણાથી, અધ્યાસથી એકમેકપણું થઈ ગયું છે. તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ ભાસે છે. કેવળ એટલે સંપૂર્ણપણે. વિભાવભાવથી કેવળ ભિન્નપણું જ ભાસે છે. પણ સ્વરૂપ તો થોડું તો વિભાવને અડે છે કે નહિ ? પર્યાયમાં વિભાવ છે માટે. અને પોતાની પર્યાયમાં વિભાવ છે માટે થોડોક તો સ્વરૂપની સાથે એને સંબંધ ખરો કે નહિ ? કેવળ ભિન્ન છે. એ કેવળ ભિન્ન કહેવા માટે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ જુદું પાડવામાં આવે છે. અંદર ને અંદર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં. પર પદાર્થથી તો જુદા પણ વિભાવથી પણ જુદા.

ક્ષેત્ર ભિન્નતાનો વિષય 'સંવર અધિકાર'ની ૧૮૧-૮૨-૮૩ ગાથાના ભાવાર્થમાં 'જયચંદજી'એ લીધો કે ક્ષેત્રથી પણ વિભાવ ભિન્ન છે. આત્માનો વિભાવ આત્માના ક્ષેત્રથી કેમ ભિન્ન હોઈ શકે ? આગમ તો ના પાડે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને નિરૂપણ કરનારું જે જિનાગમ છે એ તો ના પાડે છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાયને ક્ષેત્ર બીજું હોય નહિ. તો કહે છે, આગમથી થોડીક હવે આગળ વાત કરવી છે. દ્રવ્યાનુયોગનો આગમ

છે આ તો પાછો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને નિરૂપણ કરનારું આગમ કયું છે ? કરુણાનુયોગનું નથી, ચરણાનુયોગનું નથી, કથાનુયોગનું નથી, દ્રવ્યાનુયોગનું આગમ છે. તો કહે છે, હવે એ સિદ્ધાંત છે એની આગળ એક વાત કરવી છે. કે વિભાવથી કેવળ ભિન્ન છું એવો અનુભવ થાય છે. જ્યારે અનુભવ થાય છે ત્યારે હું વિભાવથી કેવળ એટલે પૂરેપૂરો સંપૂર્ણપણે ભિન્ન છું. મારા સ્વરૂપને અને વિભાવને કાંઈ સંબંધ નથી.

જે છ પદમાં એમ લીધું હતું કે પોતે કર્મ બાંધે છે અને પોતે ભોગવે છે. હવે સ્વરૂપ એમ સમજાયું કે વિભાવથી હું કેવળ ભિન્ન છું. એ તો અધ્યાસે કરીને અભિન્નપણું ભાસ્યું હતું. જ્ઞાને કરીને ભિન્નપણું ભાસે છે એ સંપૂર્ણપણે ભિન્નપણું ભાસે છે. ક્યાંથી ક્યાં વાત આવી પાછી ?

**'સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે,...'** અત્યાર સુધી જે થઈ છે તે અધ્યાસથી થઈ, ભ્રમણાથી થઈ. કેવી ભ્રમણા ? કે મારું જે પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે એ ન ઓળખ્યું અને ન અનુભવ્યું. એટલે એમ માન્યું કે આ મારું પદ છે. પણ એ વાત સ્વપ્નમાં કોઈ રાજા પોતાને ભિખારી તરીકે અનુભવ કરે, અને જાગે ત્યારે જુએ તો પોતે મહેલની અંદર પોતાના શયનખંડમાં પલંગમાં બરાબર સૂતો છે. સ્વપ્નું સાચું કે જાગ્યો એ સાચું ? સ્વપ્નું એક પર્યાય તો થઈ હતી. સ્વપ્નું પણ એક જીવની પર્યાય છે. તો કહે છે, એ ભલે જીવની પર્યાય હોય. વાસ્તવિકતાએ જીવનું એવું સ્વરૂપ નથી. એમ છે. વાસ્તવિકતા જુદી છે, અવાસ્તવિકતા જુદી છે.

એ **'અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ-...'** એવું ભિન્નપણું છે એમ સ્પષ્ટ. ભિન્નપણું છે ત્યાં કેટલું જોર માર્યું છે, જુઓ ! **'એમ સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ...'** ચાર પદ લીધા છે એક ભાવને સમજાવવા માટે. પોતાનું સંપૂર્ણ ભિન્નપણું છે એવું સ્પષ્ટ, પ્રત્યક્ષ, થોડું પ્રત્યક્ષ નહિ પણ અત્યંત પ્રત્યક્ષ અને અપરોક્ષપણે. પરોક્ષ નહિ, પરોક્ષતાનો અભાવ જેમાં છે એવો **'તેને અનુભવ થાય છે.'** આ ઘણા લે છે, મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન પરોક્ષ કહ્યા છે આગમમાં. અને છદ્મસ્થને બારમા ગુણસ્થાન સુધી મતિ-શ્રુતજ્ઞાન હોય છે માટે એનો સ્વાનુભવ છે તે પરોક્ષ છે. તેરમા ગુણસ્થાને પ્રત્યક્ષ અનુભવ છે. બારમાં ગુણસ્થાન સુધીનો આત્માનો અનુભવ છે, તે પરોક્ષ છે એમ લઈ લે છે.

અહીંયાં એમ કહે છે કે ચોથા ગુણસ્થાને **'સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે.'** પછી એ તિર્યંચ હોય તો પણ. એક ચકલું, દેડકું સંસ્કાર લઈને તિર્યંચદશામાં ગયું એને પણ આવો જ અનુભવ થાય છે. પ્રત્યક્ષ અનુભવ થાય છે. અપરોક્ષ અનુભવ થાય. અપરોક્ષ એટલા માટે લીધું છે. પ્રત્યક્ષ કહેવા છતાં એ તો વ્યવહાર પ્રત્યક્ષ છે, એમ તો નથી કહેવાતું ભાઈ ! આ નજરોનજર મેં જોયું. કાનો કાન સાંભળેલી વાત છે. કોઈએ બીજાએ કહીને સાંભળી નથી. એના મોઢે કાનોકાન સાંભળેલી છે. નજરોનજર જોયેલી છે. પ્રત્યક્ષ કહેવાય છે કે નહિ ? એ તો પરોક્ષ છે. શાસ્ત્રમાં તો એને સંવ્યવહારીક પ્રત્યક્ષ. એમ કહીને વ્યવહારપ્રત્યક્ષ એને પરોક્ષના ભેદમાં નાખ્યું છે. અનુભવમાં એમ છે ? કે નહિ. અનુભવમાં એ નથી. વ્યવહાર પ્રત્યક્ષ નથી.

આગમમાં તો મતિ-શ્રુતને પરોક્ષ કહ્યા છે. તો કહે છે, એ આગમપદ્ધતિના વિષયમાં છે. કર્મના ક્ષયોપશમને અનુસરીને એ વાત કરી છે. જ્યાં કર્મના આશ્રયે વાત હોય ત્યાં આગમપદ્ધતિ જાણવી. જ્યાં આત્માના આશ્રયે વાત હોય ત્યાં અધ્યાત્મપદ્ધતિ જાણવી. આમ આગમપદ્ધતિ અને અધ્યાત્મપદ્ધતિમાં એકની એક વાતને બે રીતે કહેવામાં આવે છે. એ જ મતિ-શ્રુતજ્ઞાનના અનુભવને પરોક્ષ પણ કહે. મનથી મનજનિત થયેલો પણ કહે. આમાં લીધું છે, રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં. મનજનિત પણ છે એમ કહ્યું અને મનરહિત પણ છે એમ કહ્યું એક જ ચીઠ્ઠીમાં. ઠીક.

એકની એક જગ્યાએ બે વિરુદ્ધ વાત કરી હશે ? 'ટોડરમલજી' જેવા જબરદસ્ત ઉઘાડવાળા પંડિત એક જ પત્રની અંદર બે વિરૂદ્ધ વાત કરે ? ક્યાંક ચૂકી ગયા હોયને અને એમ હજી તમે દલીલ કરી શકો કે ભાઈ ! આ જગ્યાએ ભૂલી ગયા હશે એટલે ત્યાં એવી વાત થઈ ગઈ. વળી આગળ જઈને કંઈક બીજી વાત કરી ત્યાં એ ભૂલી ગયા હશે આગળની. આ તો એક જ પત્રની અંદર કરી છે. કેવી રીતે સમાધાન કરવું ? કે પૂર્વપર્યાયની અપેક્ષાએ મનસહિત કહ્યું અથવા ક્ષયોપશમભાવને મન પણ કહેવામાં આવે છે. એટલે એને મનસહિત કહ્યું. પણ વેદનથી અતીન્દ્રિય પ્રત્યક્ષ હોવાથી અપરોક્ષ, પ્રત્યક્ષ અને મનરહિત કહેવામાં આવે છે.

**'એમ સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે.'** આ જરા પ્રત્યક્ષતાનો વિષય છે એ ઊંડો ઉતરવા જેવો વિષય છે. પરોક્ષપણું અને પ્રત્યક્ષપણું

શું છે ? અને આત્મા સ્વરૂપે કરીને, સ્વભાવે કરીને પ્રત્યક્ષ પદાર્થ છે. પ્રત્યક્ષપણું એ આત્માનો સ્વભાવગત ધર્મ છે. જેમ જ્ઞાન અનંત છે તો એનું પ્રત્યક્ષપણું પણ અનંત જ છે. એટલે અનંત પ્રત્યક્ષ આત્મા છે. એવું જેને પોતાનું આત્મસ્વરૂપ ઓળખાય છે. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ થાય છે એને અત્યંત પ્રત્યક્ષ એવો સ્વાનુભવ પ્રગટ થાય છે. જો સ્પષ્ટ અનુભવાંશે પ્રતીત થાય તો એને પરમાર્થ પ્રત્યક્ષ અનુભવ થયા વિના રહે નહિ.

એક માણસ ભૂખ્યો હોય, અને એને ભાવતું ભોજન પીરસી દેવામાં આવે તો એ ખાધા વગર કેમ રહે ? ભૂખ ન હોય તો બીજી વાત છે. કે ભાઈ ! પીરસેલું નથી ખાતો. પણ ભૂખ લાગ્યા પછી અને પીરસી દીધા પછી ન ખાય એમ કેમ બને ? એમ કોઈ દિવસ બની શકે જ નહિ.

એમ ભાન નહોતું ત્યાં સુધી તો પોતે પોતાના સુખસ્વરૂપને જ્ઞાનસ્વરૂપને અનુભવ કરતો નહોતો. પણ ખબર પડી જેને, શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવે આત્માનો જેણે નિશ્ચય કર્યો કે પોતે અનંત પ્રત્યક્ષ છે અને પ્રત્યક્ષ અંશથી નિશ્ચય કર્યો, વેદનના પ્રત્યક્ષ અંશથી જેણે નિશ્ચય કર્યો એ એના પરોક્ષપણામાં કેવી રીતે ટકી શકે ? અને કેવી રીતે રહી શકે ? કે એને એટલું બળ ઉત્પન્ન થાય છે કે હું આટલો બધો અનંત પ્રત્યક્ષ છું, પૂરેપૂરો પ્રત્યક્ષ છું. પછી હું મારાથી, મારા અનુભવ વગરનો રહું, મારાથી જ હું દૂર રહું ? એવું એના આશ્રયે જોર આવે છે. રસ તીવ્ર થાય છે. પ્રત્યક્ષપણાને લઈને રસ તીવ્ર થાય છે. કરવો પડતો નથી. થઈ જાય છે.

જ્યારે કોઈ પ્રત્યક્ષ બનાવ સામે હોય ત્યારે એના રસને લાવવો પડતો નથી. પછી ગમે તે બનાવ બને. કોઈની મારામારી જોઈ હોય તો એને એમ થાય, સાપ જોયો હોય તો ? છાપામાં આવે કે ભાઈ ! આ જુઓ. અહીંયાં ફલાણી જગ્યાએ આવો સાપ નીકળ્યો હતો. ફલાણા પ્રાણીસંગ્રહ સ્થાનમાં આવડો મોટો સાપ છે. અને જોયો હોય એમાં કેટલો મોટો ફેર ? પ્રત્યક્ષ-પરોક્ષમાં કોઈપણ વાતની અંદર આત્માના પરિણામમાં એટલી ઊંડી છાપ પડે છે. એમાં પણ અસાધારણ પ્રસંગ હોય.

આત્માને આત્માનું સ્વરૂપ અનંત કાળમાં ક્યારે પણ પ્રત્યક્ષ થયું નથી. એવું અનંત પ્રત્યક્ષ સ્વરૂપ, પ્રત્યક્ષ અંશે કરીને પ્રત્યક્ષ છે એમ ભાસે. ત્યારે અદ્ભુતા અદ્ભૂતમ્ જેને કહેવામાં આવે છે. અદ્ભૂતથી અદ્ભૂત એવું જે સ્વરૂપ છે એની કેટલી

ઊંડી છાપ પડે ? એટલે એ સંસ્કાર ભૂસાતા નથી એમ કહેવામાં આવે છે. એ વખતે સંસ્કાર પડે છે. કેવી ઊંડી છાપ પડે ? પ્રત્યક્ષપણાને લઈને એ સંસ્કાર ઊભા થાય છે. બીજું કોઈ કારણ નથી. સંસ્કાર પણ પ્રત્યક્ષપણાને લીધે અને અનુભવ પણ પ્રત્યક્ષપણાને લીધે. એ વિષય જરા વધારે મહત્વનો છે. મંથન કરીને, અંતરખોજ કરીને, પ્રત્યક્ષ અંશ દ્વારા પ્રત્યક્ષ સ્વરૂપનો નિર્ણય કરવા જેવો છે. ખરેખર આમ છે.

મુમુક્ષુ :– અંશે પ્રત્યક્ષ એટલે વાનગી આવી ગઈ હાથમાં.

પૂજ્ય ભાઈશ્રી :– આ જે જ્ઞાનનો પર્યાય છે ને ? એ વેદનથી પ્રસિદ્ધ છે. જ્ઞાનનો પર્યાય શેનાથી પ્રસિદ્ધ છે ? વેદનથી પ્રસિદ્ધ છે. 'ज्ञानमात्रस्य स्वसंवेदनात् प्रसिद्धत्वम्' આટલું સૂત્ર નાખ્યું છે. 'સમયસાર'માં પરિશિષ્ટની અંદર ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' આટલું સૂત્ર નાખ્યું છે કે 'ज्ञानमात्रस्य' જ્ઞાનમાત્ર એવો જે આત્મા એનું સ્વસંવેદનપણાને લીધે, સ્વસંવેદનથી પ્રસિદ્ધપણું છે. એને લઈને એ પ્રસિદ્ધ છે એટલે પ્રત્યક્ષ અંશને લઈને એ પ્રસિદ્ધ છે.

આત્મા છે એમ ક્યાંથી નક્કી કર્યું ? વેદનથી. લક્ષણથી અને વેદનથી એના સ્વભાવને એટલે સ્વરૂપને ઓળખ્યું. અનુભવમાં પણ લક્ષણથી, વેદનથી અને સ્વભાવથી અનુભવ કર્યો. એમ છે. ઓળખવામાં પણ એ ત્રણ મુદ્દા છે. અનુભવમાં પણ એ ત્રણ મુદ્દા છે. એ બહુ અનુભવપૂર્ણ વાત કરી છે. ત્રણ મુદ્દા લઈને જે વાત કરી છે ને ? એમાં અનુભવના વિષયમાં જેટલી ગડબડ બીજા લોકો કરે છે, એમ બધાયનો ફેંસલો મૂકી દીધો છે. આત્માના અનુભવની વાત ઘણા લોકો કરે છે. અન્ય મતિઓ પણ કરે છે. પણ લક્ષણથી, વેદનથી અને સ્વભાવથી જેણે આત્માને અનુભવ્યો છે એને જ આત્મજ્ઞાન છે, એને જ સ્વાનુભવ છે. બાકી બધી વાતો છે એમ લઈ લેવું.

એવો અનુભવ થાય છે અને એવો અનુભવ થતાં વિનાશી એવા અન્ય પદાર્થના સંયોગને વિષે, જે વિનાશી છે, થોડો કાળ માટે સંયોગમાં આવ્યા છે એવા '**અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી.**' જે સંયોગી પદાર્થની પાછળ જીવ ટીંગાઈ જાય છે, જે સંયોગી પદાર્થને માટે જીવ જીંદગીને બરબાદ કરે છે, મનુષ્યભવને બરબાદ કરે છે. કહે છે એને કાંઈ ઇષ્ટપણું કે અનિષ્ટપણું કાંઈ દેખાતું નથી. થાવ તો ભલે, હો તો ભલે, ન હો તો ભલે. '**ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી.**'

**'જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ...'** કેવું ? **'સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ...'** જેનું માહાત્મ્ય અતુલ છે. જેના માહાત્મ્ય પાસે બીજાને તોળી શકાતું નથી. તુલના કરે તો એની બરાબર કોઈનું માહાત્મ્ય આવે એવું નથી. અથવા જેનું સ્વરૂપ છે એ કોઈ ઊપમાને લાયક નથી. એવું અનુપમ જેનું સ્વરૂપ છે. આ બધા જે દૃષ્ટાંત આપવામાં આવે છે, સાગર (એ) ટૂંકો પડે છે. કેમ કે સાગરને તળિયું છે. સ્વભાવને તળિયું નથી. જ્ઞાનસાગર, આનંદસાગર. એ સાગર-બાગર બધા ખાબોચિયા છે. આત્માના સ્વભાવસાગર પાસે એ બધા ખાબોચિયા છે. એમ છે. પણ સ્વયંભૂરમણસમુદ્ર તો મોટો ખરો કે નહિ ? એ પણ ખાબોચિયું છે. એવા અનંતા સ્વયંભૂરમણસમુદ્ર એમાં સમાય તો પણ અનંતી જગ્યા ખાલી રહે છે. એવું જબરદસ્ત તત્ત્વ છે.

શું કહે છે ? જેને જન્મ થયો નથી. જે ક્યારે ઉત્પન્ન થયો નથી. જેને ક્યારે વૃદ્ધાવસ્થા, અશક્તપણું આવતું નથી. જરા અવસ્થામાં શું થાય છે ? વૃદ્ધાવસ્થામાં અશક્તપણું થાય છે. શિથિલ થઈ જાય છે શરીર. તો કહે છે, નહિ. આત્મામાં ક્યારેય અશક્તપણું થઈ શકે એ જગ્યા જ નથી. અશક્તિની જગ્યા નથી આત્માને, ઠીક, લ્યો.

'સોભાગભાઈ'નો મરણકાળનો પત્ર જુઓ તો શરીર એટલું બધું ક્ષીણ થઈ ગયું છે કે પોતે લખી શકે એવું તો છે જ નહિ. બોલી શકતા હતા એટલે પત્ર લખાવ્યો છે એમણે. છેલ્લો જે પત્ર લખાવ્યો છે. પણ તમે જુઓ તો એમનું જોર કેવું છે ? યુવાન માણસનું જોર હોય એવું જોર છે. 'અંબાલાલભાઈ' કહે છે કે તમે સહજાત્મસ્વરૂપનું સ્મરણ કરો. તું વચ્ચે બોલમાં. મને બીજું લક્ષ હોય ખરું કે ? લક્ષ છે એમ ન કીધું. અત્યારે મને બીજું લક્ષ હોય ખરું કે ? કેટલું જોર છે ! જ્યારે મને ખબર છે એ તો થોડા દિવસો પહેલા એમણે લખ્યું છે કે જેઠ સુદ નોમે મૃતક છે. મૃતક એટલે મરણું. કોઈકનું હોં ! પોતાનું મરણ જેઠ સુદ નોમે છે. એમ પહેલા મને લાગ્યું હતું કહે. પણ નોમ તો વઈ ગઈ. એટલે વદ નોમ હોવી જોઈએ. ખ્યાલ આવ્યો હશે કે નોમને દિવસે દેહ છૂટશે. કાંઈ ભય નથી દેહ છૂટવાનો. મરણનો કોઈ ભય નથી. એ તો ખાલી ખ્યાલમાં આવી ગઈ વાત. જેમ બીજાની ખ્યાલમાં આવી જાય એમ પોતાની ખ્યાલમાં આવી ગઈ. પછી વદ દશમે દેહ છોડ્યો છે નોમને

બદલે. વચમાં છેલ્લે દિવસે. લગભગ દસ-અગિયાર આસપાસ દેહ છોડ્યો છે તો સવારથી પરિસ્થિતિનો તો ખ્યાલ આવી જાય. એને (અંબાલાલભાઈને) સેવામાં મોકલ્યા હતા 'શ્રીમદ્જી' એ એને (અંબાલાલભાઈને). કે જાવ તમે એની પાસે રહો. એમની સેવામાં રોકાવ તમે અત્યારે. 'ઈડર'થી પોતે 'મુંબઈ' ગયા અને આમને છોડી દીધા. તો વચ્ચે કહે છે, સહજાત્મસ્વરૂપને યાદ કરો. પણ મને બીજું લક્ષ હોય ખરું અત્યારે કે તું વચ્ચે બોલબોલ કરે છે ? મને ખેદ થાય છે. વચ્ચે બોલમાં. મારું એક જ લક્ષ છે. બીજું કાંઈ લક્ષ છે જ નહિ કહે. અને જરા કંઈ ખેદ કે બીજું કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. કોઈને યાદ કરતા નથી. છોકરાને બોલાવો, ફલાણાને બોલાવો કાંઈ નહિ. મુમુક્ષુદશામાં ચિંતા કરી છે છોકારાઓની અને કુટુંબની. છેલ્લે છેલ્લે જુઓ તો કાંઈ કોઈને યાદ કરતા નથી.

મુમુક્ષુ :- વસ્તુ હાથમાં આવી ગઈ ને !

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ હાથમાં આવી ગઈ.

**'જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત...'** રોગરહિત, મરણરહિત **'સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું...'** જેને કાંઈ એ સંબંધીનો પડછાયો પડતો નથી. જરા, મરણ-રોગનો પડછાયો પણ અંદર આવતો નથી. એવું પરિપૂર્ણ માહાત્મ્યવંત **'એવું નિજસ્વરૂપ જાણી,...'** જાણીને નહિ પણ **'વેદી...'** અનુભવીને **'તે કૃતાર્થ થાય છે.'** ઓહો...હો..! કૃતકૃત્ય સ્વરૂપે છું. કાંઈ કરવાનું મારે બાકી રહેતું નથી. **'એવું નિજસ્વરૂપ જાણી,...'** અનુભવીને તે કૃતાર્થ થાય છે.

**'જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષના વચને આત્માનો નિશ્ચય થયો છે,...'** જોયું ! **'પરમ પુરુષના વચને આત્માનો નિશ્ચય થયો છે,...'** શાસ્ત્રમાં વાંચ્યું, કોઈકની પાસે સાંભળી લીધા, કોઈ શાસ્ત્ર સંભળાવ્યું એમ નહિ. પરમપુરુષના વચને જેને નિશ્ચય થયો છે. **'એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષના વચને...'** જેને **'નિશ્ચય થયો છે.'** એમ સીધું લીધું, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. **'તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે;...'** એ બધા દેશનાલબ્ધિ પ્રાપ્ત કરીને, સંસ્કાર પ્રાપ્ત કરીને, સ્વસ્વરૂપને પામ્યા છે. પામ્યા છે ત્યારે તે **'આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે,...'** પછી એને આધિ, વ્યાધિ અને ઉપાધિ કાંઈ રહી નથી. નિશ્ચિંત થઈ ગયા. નિશ્ચિંત થઈને સ્વરૂપમાં સૂતા છે. જેમ કોઈ માણસ નિશ્ચિંત થઈને સૂઈ જાય ને ? આ સ્વરૂપમાં

સૂતા છે. 'સુંદરદાસ'નું પદ લીધું છે ને ? 'પહુતો હૈ, સૂતો હૈ.' **'રહિત થયા છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.'**

આ છ પદનું એમણે પરમાર્થિક પ્રયોજન શું છે ? એ આ જગ્યાએ સ્પષ્ટ કર્યું છે. એ છ પદ એમના વિચારણાની અંદર વ્યવસ્થિત રીતે પહેલેથી જ હતા. ૨૭મા વર્ષની અંદર એમણે પત્રની અંદર નાખ્યા. એ છ પદને વધારે મનન-ચિંતવનમાં લઈ શકે એટલે એમણે ૨૯માં વર્ષે 'આત્મસિદ્ધિ'માં નાખ્યા. એ વખતે લગભગ બે-અઢી મહિના જેટલો એમણે નિવૃત્તિકાળ રાખ્યો છે. નિવૃત્તિકાળમાં પાછળથી વધારે આવ્યા છે. છેલ્લા લગભગ ૧૯૫૨-૫૩માં તો દસેક મહિના સુધી 'મુંબઈ' ગયા નથી. દસ મહિના સુધી આ બાજુ દેશમાં જ રહ્યા છે. પછી 'વવાણિયા', 'મોરબી', 'સાયલા' બીજે-ત્રીજે આવવાનું બન્યું છે. પાછળથી દસેક મહિના સુધી નિવૃત્ત રહ્યા છે.

મુમુક્ષુ :– આ છ પદ પ્રતિક્રમણમાં પણ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આપણે ગોઠવ્યા છે. આપણા પ્રતિક્રમણના પાઠમાં ગોઠવ્યા છે. હા, ખ્યાલ છે.

મુમુક્ષુ :– ... પેરેગ્રાફમાં તો સમ્યગ્દર્શન ...

પૂજ્ય ભાઈશ્રી :– એ ગુરુદેવના વખતથી ચાલુ કરેલું એટલે એમાં ગોઠવણી કરી છે. આપણા પ્રતિક્રમણની અંદર. બરાબર છે.

હવે એવા સત્પુરુષનો અહીંયાં ઉપકાર ગાયો છે અને મહિમા કર્યો છે, ભક્તિ કરી છે. હવેના જે પેરેગ્રાફો છે એ બધામાં આવું આત્મસ્વરૂપનું ભાન કરાવનાર એવા સત્પુરુષની ભક્તિ અને મહિમા કરવામાં આવ્યો છે.

**'જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે.'** જે મહાપુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરીને સહજ સ્વરૂપમાં સહજ સ્થિતિ થવાની દેશના આપી એવા સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર કર્યા છે. ઉપકારી છે. ઉપકારી જાણીને નમસ્કાર કર્યા છે.

**'તેની નિષ્કારણ કરુણાને...'** જોયું ! એમને કાંઈ સ્વાર્થ નહોતો એમ કહે છે. માત્ર બીજા જીવોને દુઃખી જોઈને જેમના હૃદયમાં દયાનું ઝરણું પ્રગટ્યું. માત્ર નિષ્કારણપણે, નિસ્પૃહપણે એ દુઃખનો નાશ થવા માટે. **'તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર**

**સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે,...'** ક્યાં સુધી વાત લીધી છે ? કે એવા સત્પુરુષની નિષ્કારણ કરુણા છે એની સ્તુતિ કરવા યોગ્ય છે. એની કરુણાની સ્તુતિ કરવા યોગ્ય છે. કરુણાની પ્રશંસા કરવા યોગ્ય છે. અને એવી નિષ્કારણ કરુણાની જો પ્રશંસા અને સ્તુતિ કરવામાં આવે તો એના ફળમાં આત્મસ્વભાવ પ્રગટે એવું છે. કેમ કે એ કરુણા નિસ્પૃહપણે છે. એ કરુણાની પશ્ચાત્ ભૂમિકા કઈ છે ? Background જેને કહેવામાં આવે છે, કે જે આત્માના સુખમાંથી ઉત્પન્ન થયેલો, આત્માના સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલો ભાવ છે.

એ તો ફક્ત એટલું જ જોવાય છે કે અરે..રે..! જીવ એક ભૂલ કરે છે અને એમાં દુઃખી થાય છે. મારે કાંઈ લેવાનું નથી. એને કાંઈ મને દેવાનું નથી. ફક્ત એની આ ભૂલ છે એ એને સમજાય જાય તો દુઃખી થતો મટી જાય. આટલી જ વાત છે. એટલી આંગળી ચીંધવાનું પુણ્ય છે. બીજું કાંઈ નથી એમને. આંગળી ચીંધે છે. આ રસ્તે ન જા, તું આ રસ્તે જા. બસ, કાંઈ લેવું નથી, કાંઈ દેવું નથી. એવી નિષ્કારણ કરુણાને સ્તવન કરવામાં આવે, પ્રશંસા કરવામાં આવે તો પણ આત્મસ્વભાવ પ્રગટે છે. કે શેમાંથી આમ થયું ?

જગતમાં તો કોઈ સ્વાર્થ વિના ઉપકાર કરતા નથી. મને શું સ્વાર્થ ? મારે શા માટે રાગ-દ્વેષ કરવો જોઈએ ? મને કાંઈ સ્વાર્થ હોય તો કરું. શા માટે માણસ રાગ-દ્વેષ કરે ? કે કાંઈક પોતાને સ્વાર્થ હોય તો. નહિતર નથી કરતો. કહે છે કે નહિ ? જેને કાંઈ નથી. જગતમાં કોઈ સગું નથી, કોઈ વહાલું નથી, કોઈ દવલું નથી, કાંઈ નથી. ફક્ત ભૂલથી દુઃખી થઈ રહ્યા છે. એ ભૂલ સમજે તો ભૂલ ભાંગે. ભૂલ ભાંગે તો સુખી થાય. બસ, આટલું સમજીને નિષ્કારણપણે જેને કરુણા પ્રગટી છે એનું સ્તવન કરવામાં આવે, એનો મહિમા કરવામાં આવે તો પણ આત્મ સ્વભાવ પ્રગટે છે. સત્પુરુષોની નિષ્કારણ કરુણાની પ્રશંસા અને મહિમા કરવામાં આવે તો પણ આત્મ સ્વભાવ પ્રગટે છે.

**'એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !'** એવા સર્વ સત્પુરુષો લઈ લીધા. ફલાણા એક માત્ર 'શ્રીમદ્ રાજચંદ્ર' એક ફલાણા એકમાત્ર આ. એમ નહિ. જેટલા ત્રણે કાળના સત્પુરુષોને લઈ લીધા. **'એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !'** એટલે એમને એટલું

માહાત્મ્ય આપે છે કે મારા હૃદયમાંથી આવા સત્પુરુષોનું સ્થાન ક્યારે પણ જવું જોઈએ નહિ.

મુમુક્ષુ :– નાસ્તિથી લઈએ તો નિષ્કારણ કરુણાને ...

પૂજ્ય ભાઈશ્રી :– એ પણ એક કરુણા આવે એવો વિષય છે. એ અત્યંત કરુણા આવે એવો વિષય છે. એથી નીચી કોટીના કોઈ પરિણામ નથી એમ સમજવું. જેમ એનું ફળ મોટું છે એમ આનું ફળ પણ એવું જ મોટું છે. એટલે પોતે ભૂલથી. જાણે, અજાણે, કરવું, કરાવવું, અનુમોદવું, નવ કોટીમાંથી ક્યાંય ન આવે એની સંપૂર્ણ જાગૃતિ રાખવા યોગ્ય છે. એમ લેવું એમાંથી.

**'જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે,...'** એમાં પણ સત્પુરુષ લીધા. કોના ? જેના વચનને અંગીકાર કર્યે. **'જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ, નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે;...'** એવા સત્પુરુષની મહિમા કરવા માટે અમારી પાસે વાણી નથી, એમ કહે છે. એ વાણી કરતા, એ વાણીમાં એટલી શક્તિ નથી કે એનો મહિમા કરી શકાય.

**'કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ...'** જેનો પ્રતિઉપકાર, જેનો બદલો ન વાળી શકાય. સામાન્ય ભાષામાં એને બદલો કહે છે. પ્રત્યુપકાર એટલે બદલો. જેનો બદલો ન થઈ શકે એવો જે પરમાત્મભાવ **'તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના...'** શું આપ્યું એણે ? પરમાત્મા જ આપ્યો. **'કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો,...'** પોતાના કરુણાશીલ પરિણામને કારણે જેમણે પરમાત્માને આપી દીધો. દર્શાવ્યો એમ ન કીધું. પરમાત્માને આપ્યો.

**'એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે...'** આપવા છતાં પણ જેણે બીજા જીવને વિષે **'આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી,...'** બધાને એક નજરે જોયા છે એમ કહે છે. માથાનો વાઢનાર આવે તો પણ એને સિદ્ધ જ જોયો છે. એવી રીતે જેને ભગવાનસ્વરૂપે જોયો છે. **'એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !'** બહુ મહિમા કર્યો છે. કેવી રીતે, મહિમા કરવાની પદ્ધતિ પણ કેવી છે એમની ! કે જેના વચનને

અંગીકાર કરવાથી જીવ સંપૂર્ણ આનંદથી નિર્ભય થઈ જાય છે. એમના ગુણની, મહિમાની વ્યાખ્યા કરવાની તો કોઈ શક્તિ નથી. પોતાની આટલી શક્તિ છે તો શું લખે છે ? મારી શક્તિ નથી. આને (સત્પુરુષની) કાંઈ વાત કરે, શબ્દોથી મહિમા કરે, પૂરું પડે એવું નથી એમ કહેવું છે.

જેનો બદલો ન વાળી શકાય એવો પરમાત્મભાવ જેણે કાંઈપણ ઇચ્છ્યા વિના આપ્યો. અને જેને આપ્યો છતાં પણ આ મારો શિષ્ય છે અને આ મારો નથી એવું જેણે ઇચ્છ્યું નથી. ભેદ ન પાડ્યો એમણે. મારો અને તારો. એવો ભેદ ન પાડ્યો. એ માળો એટલા માટે લીધું કે જગતકર્તા ઈશ્વર જે માને છે અથવા જે ઈશ્વર ભગવાનનું ભલું કરે છે એમ માને છે એને માટે એમ કહે છે કે જે એના શરણમાં જાય ને એને તારે છે. એના ભક્તોને એ તારે છે. બીજાને તારતા નથી. જે એની પ્રશંસા કરે એને તારે છે.

નાનપણમાં ૧૪-૧૫ વર્ષની ઉંમરે એક ભાઈબંધ હતો. દરજીનો છોકરો હતો. એ ક્યાંથી વાત લાવ્યો. મને કહે જો ભગવાન ભક્તને તારે તો એ ખુશામતખોર ન કહેવાય ? જગતમાં પણ ખુશામત કરે, શેઠિયા હોય, રાજા હોય, ખુશામત કરે એને એ આપે છે. તો આ પણ ભક્તિ કરે એને આપે. માટે એ ખુશામતપ્રિય નથી એને ? મેં કીધું, તારી વાત તો બરાબર લાગે છે. તે દિ' એટલી ચર્ચા થયેલી કે તારી વાત તો બરાબર લાગે છે. એવી વાત તો વ્યાજબી નથી લાગતી. કે જે પોતાની બાજુ વળે એને બરાબર રાખે, જે પોતાની બાજુ ન વળે એને પ્રત્યે બરાબર દૃષ્ટિ ન રાખે. તો આમાં તો એને સમદૃષ્ટિ ક્યાં રહી ? સરખી દૃષ્ટિ ક્યાં રહી ? એ પણ રાગી ઠરે છે, એ પણ દ્વેષી ઠરે છે.

વીતરાગદર્શનની અંદર એક આ વાત છે કે સમવસરણમાં બિરાજમાન વીતરાગ હોય, કે વીતરાગના માર્ગે ચાલનારા સત્પુરુષો હોય એને આ અમારા ભક્તો છે, આ અમારા સંપ્રદાયના છે, આ અમારાવાળા છે, બાકીના અમારાવાળા નથી એ વાત ક્યાંય એને હોતી નથી. આટલી વિશાળ દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીનું દૃષ્ટાંત તો સામે જ છે. કેટલી કરુણા !

પૂજ્ય ભાઈશ્રી :- સામે જ છે. નવો આવે એના ઉપર તો વધારે. નવાને તો વધારેમાં વધારે Response આપે. એના માટે એવું લાગે તો ખાસ શૈલીથી વ્યાખ્યાન

આપે છે. એટલી કરુણા. એમ લાગે કે આને આ નહિ સમજાય, તો એની શૈલીથી વાત કરે. એમ.

એવું **'એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !'** હવે સત્પુરુષની ભક્તિ કરવાનું જે નિરૂપણ કર્યું છે, એ નિરૂપણ કર્યું છે એટલે રખે કોઈ સમજે કે સત્પુરુષને કાંઈક ભક્તિની અપેક્ષા રહેતી હશે. માટે આ વારેઘડીએ સત્પુરુષની ભક્તિની વાત આવે છે. એ વાતમાં કાંઈ માલ નથી. એ શું કરવા કીધું ? એ વાતનો ખુલાસો હવે પછીના પેરેગ્રાફમાં કરશે.

વર્તમાનમાં સામાન્ય મુમુક્ષુને એટલું ધ્યાન ખેંચાય છે કે આ માર્ગ ખરેખર સત્ય છે, અને તે પ્રાપ્ત કરવાથી જીવનું કલ્યાણ થઈ જાય, પણ બીજી બાજુ મોહના બળવાનપણાને લઈને, મોહને, ટાળતાં હિંમત ચાલે નહિ એટલે સંયોગ ઉપરની સાવધાની છોડતાં – ઉપેક્ષા કરતાં ભય લાગે. જેથી ઉદય – પ્રવૃત્તિમાં જીવન ચાલ્યું જાય – અને તે આવરણકર્તા થઈ પડે. અને મળેલો એવો અપૂર્વ યોગ અફળ જાય છે, તક ચુકી જવાય છે, દેહાદિમાં રહેલી આત્મબુદ્ધિ જ ભવાંતરમાં દેહાદિ બંધન પ્રાપ્તિનું કારણ છે. વર્તમાનમાં જ વ્યામોહ છોડતાં જો જીવ મૂંઝાય છે, તો પરભવે કેટલું મૂંઝાવું પડશે ? તે મૂંઝવણની વેદના કેવી અકથ્ય હશે !! તે ગંભીરપણે વિચારી વીર્ય ફોરવવું ઘટે, ઉલ્લાસિત વીર્યથી આત્મહિતનો પ્રારંભ થવો ઘટે.

(અનુભવ સંજીવની–૧૧૪૩)

## તા. ૩૧-૭-૧૯૯૦, પત્રાંક – ૪૯૩
## પ્રવચન નં. ૧૯૩

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૯૩મો પત્ર ચાલે છે. પત્ર ૪૯૩. પાનું ૩૯૫.

પત્રના અંતે સત્પુરુષોને નમસ્કાર કર્યા છે. ચાર પ્રકારે અહીંયાં નમસ્કાર કર્યા છે. ચાર બોલ છે નમસ્કારના. તેમની જ્ઞાનદશામાં પોતે સત્પુરુષ છે છતાં સત્પુરુષોને નમસ્કાર કરે છે. જેટલા કોઈ સત્પુરુષ હોય તે સર્વને નમસ્કાર કરે છે. ત્રણે કાળના સત્પુરુષો એમાં આવે છે. કોઈ એક પણ બાકી નથી રહેતા. જ્ઞાનદશામાં પણ એમનું પરિણમન એ પ્રકારે જ્ઞાનસહિતની ભક્તિયુક્ત હતું. અનેક પત્રોમાં એમણે નમસ્કારથી મથાળા બાંધ્યા છે. અનેક પત્રોની અંદર ભિન્ન ભિન્ન પ્રકારે.. આનું જ છે. આ જ પત્રમાં છે. **'અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર'** પછી ૪૦૦ની અંદર તો આપણે વાંચ્યુ બધું. આગળ એક આવી ગયો. **'તે પુરુષ કીર્તન કરવા યોગ્ય છે,...'** તે પુરુષ વંદન કરવા યોગ્ય છે એમ કરીને. **'તે પુરુષ નમન કરવા યોગ્ય છે, કીર્તન કરવા યોગ્ય છે, પરમપ્રેમે ગુણગ્રામ કરવા યોગ્ય છે, ફરી ફરી વિશિષ્ટ આત્મપરિણામે ધ્યાવન કરવા યોગ્ય છે, કે જે પુરુષને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કોઈ પણ પ્રકારનું પ્રતિબદ્ધપણું વર્તતું નથી.'** આવા વિશિષ્ટ પ્રકારે અનેક જગ્યાએ એમણે નમસ્કારના ભાવો વ્યક્ત કર્યા છે. એ નમસ્કારના ભાવોમાં કેટલાક તો નમસ્કાર સૂત્રો જેવા થઈ પડ્યા છે આજે. લોકના મુખાગ્રે સામાન્ય માણસોને પણ એ મોઢે થઈ જાય છે. જાણે કોઈ સૂત્ર હોય. એ એમની વિશિષ્ટતા છે. ફરીથી લઈએ પહેલો નમસ્કાર.

મુમુક્ષુ :– ૪૦૦ નંબરનો પત્ર.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ જ વાંચ્યો. એ જ જોયું. **'જે પુરુષ નમન કરવા યોગ્ય છે, કીર્તન કરવા યોગ્ય છે,...'** ૪૦૦ નું મથાળું લીધું.

**'જે સત્પુરુષોએ...'** ઉપદેશ કહ્યો છે એના ઉપર વાત કરે છે. કેવો ઉપદેશ કહ્યો છે ? કે **'જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો,...'** ઉપદેશ કહ્યો છે. અને જે ઉપદેશથી સ્વસ્વરૂપમાં સહજ (સ્થિતિ થાય), પોતાના સ્વસ્વરૂપની અંદર સહજ સ્થિરતા થાય, જીવ વીતરાગભાવે સહજ સ્થિતિ પામી જાય, એવો જેમણે ઉપદેશ કહ્યો છે. અસ્તિ-નાસ્તિ બેય લીધી. નાસ્તિથી જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો. અસ્તિથી સ્વરૂપ અવસ્થાન કરવાનો જે ઉપદેશ કહ્યો છે. **'તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે.'** પોતે સત્પુરુષ છે. પોતે નમસ્કાર કરે છે.

**'તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે.'** જુઓ ! આ ભક્તિનું ફળ લીધું છે. એમણે જે ઉપદેશ કર્યો એ ઉપદેશ નિષ્કારણ કરુણાથી કર્યો. કોઈપણ પ્રકારની સ્પૃહા વિના. આશા વિના, બદલાના વિકલ્પ વિના, કોઈપણ કારણ વિના, પોતાનું કોઈ કારણ નહિ. કારણ સામાનું છે કે એ જીવ દુઃખથી મુક્ત થાય અને સ્વરૂપસુખને પ્રાપ્ત થાય. એટલું એનું કારણ વિકલ્પમાં છે. પોતાનું કોઈ કારણ નથી. **'તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં...'** બે શબ્દો વાપર્યા છે. નિત્ય અને નિરંતર. હમેંશાં અને સતતપણે એનું સ્તવન કરવામાં, એની પ્રશંસા કરવામાં, એમનું બહુમાન કરવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે.

અહીંયાં કોઈ પ્રશ્ન કરે કે સત્પુરુષની નિષ્કારણ કરુણા છે એ પણ બીજા જીવો પ્રત્યેનો એક પ્રશસ્ત અનુરાગ છે અને એનું સ્તવન કરવું એ પણ એક પ્રશસ્ત અનુરાગ છે. તો પછી એવો જે પ્રશસ્ત અનુરાગ છે એના કારણે આત્મસ્વભાવ કેમ પ્રગટે ? આટલો પ્રશ્ન અહીંયાં થાય એવું છે.

એટલા માટે ત્યાં આત્મસ્વભાવ પ્રગટવાનો અવકાશ થાય છે, કે નિસ્પૃહપણે માત્ર અન્યોના કલ્યાણ અર્થે, રાગ કરવાનો અભિપ્રાય નહિ હોવા છતાં સહજ જેને વિકલ્પ થઈ જાય છે. કરવાનો અભિપ્રાય નથી. હું બીજા જીવોનું કલ્યાણ કરી શકું એ તો પ્રશ્ન જ નથી. છતાં વિકલ્પ ઊઠે છે. નથી કરી શકતો એવું જ્ઞાન છે, એવું શ્રદ્ધાન છે અને વિકલ્પ ઊઠે છે કે બીજા જીવો પણ દુઃખથી મુક્ત હો. હું કરી શકું એ પ્રશ્ન નથી. એ પણ દુઃખથી મુક્ત હો એ ભાવના છે. એવી જે પ્રશસ્ત ભાવના દર્શનમોહના અભાવ હોવા છતાં ઉત્પન્ન થાય છે. એ પરિસ્થિતિમાં એનું બહુમાન કરવામાં આવે છે. તો બહુમાન કરનારને દર્શનમોહનો અનુભાગ ઘટી જાય છે. એટલે

એમ કહ્યું કે આત્મસ્વભાવ પ્રગટે છે. એને પણ આત્મસ્વભાવ પ્રગટશે. એ વાત લીધી.

**'એવા સર્વ સત્પુરુષો,...'** જુઓ ! કોઈ બાકી રાખ્યા ? **'તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો,...'** બધા જ સત્પુરુષો. કેમ કે કોઈને બાકી રાખવાનું શું કારણ છે ? જે ગુણે સામ્યપણું ધરાવે છે, જે આત્મગુણ પ્રગટ કરવામાં સરખાપણું ધરાવે છે. એટલે સમ્યક્ પ્રકારે અંતર્મુખ થઈને નિર્દોષ પવિત્રતા જેણે પ્રગટ કરી છે તે જેણે પ્રગટ કરી છે તે બધા જ વંદ્ય છે. તે બધા જ નમસ્કારને યોગ્ય છે. **'એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !'** ભક્તિથી એમ કહે છે.

જે ચરણ છે એ તો નિકૃષ્ટ અંગ છે. તો એને હૃદયને વિષે સ્થાપન કરવાનું બહુમાન આપે છે. એ દ્રવ્ય અપેક્ષા છે. ભાવ અપેક્ષાથી ચરણ એટલે વચન. નથી કહેતા ? આ પહેલું ચરણ છે, આ શ્લોકનું આ ચોથું ચરણ છે. ચરણના બે અર્થ થાય છે. ચરણ એટલે પાદ, પગ એને પણ ચરણ કહે છે. અને વચનને પણ ચરણ કહેવામાં આવે છે. એમના વચનો પણ પોતાના હૃદયને વિષે હંમેશા સ્થાપન રહો. એટલે સ્થિર થાવ, એની વિસ્મૃતિ ન થાવ. અને પોતાને એ ચરણ અનુસાર, એ વચન અનુસાર પરિણમન થાવ. એવું પોતાનું શ્રદ્ધાન-જ્ઞાન થાય એને હૃદય થયું એમ કહેવામાં આવે છે. અંતઃકરણમાં એનો સ્પર્શ થાય તો એને એનું હૃદય કહેવામાં આવે છે. કાલે એક બોલ થયો હતો. પહેલા નમસ્કારનો.

**'જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ...'** જે છ પદથી સિદ્ધ છે. છ પદનો આ પત્ર છે. **'છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ...'** એટલે ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ. બંને પ્રકારે જે સિદ્ધ થયું છે. **'એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે,...'** જે સત્પુરુષના વચનને અંગીકાર કરતાં. જુઓ ! વચનને વાંચતા, વચનને શ્રવણ કરતાં, વચનને વિચારતા એ શબ્દ નથી લીધો. એ વચનને અંગીકાર કરતાં સહેજે આત્મસ્વરૂપ પ્રગટ થાય છે. એટલે સ્વાનુભવ થાય છે.

**'જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ, નિર્ભય થાય છે,...'** અને એ આત્મસ્વરૂપ પ્રગટ થતાં સદાને માટે એનો નિવેડો આવી જાય છે. ક્યારેય ભય થતો નથી, ક્યારેય દુઃખ થતું નથી. સાદિ અનંત અનંત સમાધિ

સુખમાં એ રહે છે. એ મોક્ષની વાત લીધી છે. સાદિ અનંત સમાધિ સુખમાં. સાદિ લીધીને ? ત્રિકાળી તો અનાદિ છે. પણ મોક્ષ છે તે સાદિ છે. અને અનંતસુખ તો મોક્ષમાં જ છે. એ સિવાય અનંતસુખ નથી.

એવા '**સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ, નિર્ભય થાય છે,...**' એ પણ એમના નમસ્કાર વચન છે. એ પદમાં નમસ્કાર વચન છે. કે એમાં હું નમું છું. એ પદને હું ચાહું છું. પછી દેહાતીત દશા. વંદન હો અગણિત. એ પણ એમનું પદને નમસ્કાર છે. સત્પુરુષોના નમસ્કાર તો એમણે એટલા બધા પ્રસિદ્ધપણે ગાયા છે. સૂત્રો જેવી કેટલીક વાતો થઈ ગઈ છે.

મુમુક્ષુ :– અંગીકાર શબ્દ જે મૂક્યો છે...

પૂજ્ય ભાઈશ્રી :– થાય છે. એ તો એમ જ છે. પૂર્ણપણે પૂરેપૂરી સર્વાર્પણબુદ્ધિ જેને કહેવામાં આવે છે. એ તો બહુ સહજ છે. જો ઓળખાણ થાય તો એ સહજ છે. માણસને એક સરકારી ઓફીસર પાસે કામ કરાવવું હોયને અને Scheduled cast નો માણસ હોય, પ્રધાન હોય, ઢેઢ-ભંગીને બેસાડી દીધો હોય ખુરશીમાં. કરોડપતિ શેઠિયો હોય તો પણ ભાઈ સાહેબ ! ભાઈ સાહેબ ! ભાઈ સાહેબ ! સાહેબ... સાહેબ.. સાહેબ... કરીને હુકમ ફરમાવો... હુકમ ફરમાવો એમ કરે. જી હુકમ... જી હુકમ કરવા માંડે. ખાલી એને એનું એક વખતનું કામ કઢાવવું હોય તો. તે કાળે એ વખતે જે કામ લઈને ગયો હોય એ કામ કઢાવવું હોય તો. પછી ભલે ટેન્ડર પાસ કરાવવાનું હોય, કે ભલે કોઈ ઈન્ડસ્ટ્રીઝના લાયસન્સ ઉપર સહી કરાવી લેવાની હોય કે જાવ તમને આપ્યું લાયસન્સ. એણે તો સહી જ કરવાની હોય. ટાઈપીસ્ટ તો કાગળ ટાઈપ કરી દે.

મુમુક્ષુ :– એને નહિ, એના Family memberને પણ આવભગત કરે.

પૂજ્ય ભાઈશ્રી :– અરે..! એના પટ્ટાવાળાનું પણ સ્વાગત કરે. Family member ક્યાં છે ? એના પટ્ટાવાળાનું સ્વાગત કરે. એના કરતાં પણ બીજી વાત છે કે આ ભાઈ છે, આપણી બાજુના ગામડામાં રહે છે પણ એને જેની સાથે સંબંધ છે એને સંબંધ વડાપ્રધાન સાથે છે. એને સીધો નથી. શું ? એને જેની સાથે સંબંધ છે, એના એક સગા છે એને સીધો વડાપ્રધાન સાથે સંબંધ છે. તો એનું સ્વાગત કરે. ત્રીજે તરભેટે હોય તો. સીધો એને સંબંધ ન હોય. વડાપ્રધાન એને ઓળખતો પણ ન

હોય. પણ વડાપ્રધાનના જે વર્તુળની અંદર અમુક માણસો હોય એમાંથી પણ એકાદ માણસ પાછો. સંપૂર્ણ નહિ. એમાંથી એક અંશમાંથી એક અંશ. તો ત્યાં નમન કરે.

તો પછી જેને જન્મ-જરા-મરણનો નાશ કરવાવાળો ઉપાય-ઉપદેશ ત્યાંથી મળતો હોય, અનંત કાળનો નિવેડો આવતો હોય એના પ્રત્યે કેટલું સમર્પણ ? એ તો સમજી શકાય એવી વાત છે. એ પ્રકારના અનુભવથી એ વાત બરાબર સમજી શકાય એવી છે.

**'જે આત્મસ્વરૂપ પ્રગટવાથી...'** જીવ સર્વ કાળને માટે નિર્ભય થાય છે, સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થાય છે, **'તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે;...'** એ પોતે કહે છે કે એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા હું કરી શકું એમ નથી. આટલો વચનયોગ ધરાવે છે તો પણ કહે છે, એના ગુણની વ્યાખ્યા કરવાને માટે હું અશક્ત છું.

**'કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે...'** ખરેખર તો એનો કોઈ પ્રત્યુપકાર કે બદલો વાળી શકાતો નથી. **'એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો,...'** એમ જ આપી દીધો છે. કોઈપણ જાતની સ્પૃહા વગર. એવો પરમાત્મ સ્વભાવ જેણે બતાવ્યો એમ ન કહ્યો, દર્શાવ્યો એમ ન કહ્યો. એણે આપ્યો મને. જેને પ્રાપ્તિ થાય છે એને એ ખ્યાલ આવે છે. કે હું અનંતકાળથી આથડું છું. મારું કલ્યાણ કરવા માટે મેં ઘણાં ફાંફા માર્યા છે. ઘણાં તપ તપ્યા છે. છ-છ મહિના નીચે અગ્નિ સળગાવીને લટક્યો છે ઊંધે માથે. ઊંધે માથે લટકે અને નીચે અગ્નિ સળગાવે. ક્યારે ? ઊનાળાના ભરબપોરે. એ તો બધા જોયા છે અમે તો. કેટલાક સંપ્રદાયના સાધુ જોયા છે. આ લોકોને ખાખી આવે છે. એ આકરી તપશ્ચર્યા કરે. ચામડી ફાટે એવો તડકો હોય એ વખતે ૧૧ વાગ્યાથી તપશ્ચર્યા શરૂ કરે. પછી જમે એ લોકો રાત્રે. ખાય રાત્રે એ લોકો ૯-૧૦ વાગે. અગિયાર વાગ્યાથી શરૂ કરે. સવારમાં જંગલ જઈ આવે. શૌચ-બોચ જઈને આવે. પછી નહાય. એ લોકોના સાધુ નહાય બધા. નહાયા પછી રખિયા ચોળે, રાખ ચોળે. તડકાની અસર ઓછી થવાનું કારણ થોડું આ છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- એ ગમે એમ પણ, નહિતર માણસ મરી જાય અને કાં એને રોગ લાગુ પડી જાય. કાં એને તાપથી એને તાવ આવી જાય. લૂ લાગે જેને એમ

કહેવાય આપણે. આ લોકો જે રાખ ચોળે છે. એમાં ન તો ઠંડીની અસર થાય, ન તો ગરમીની અસર થાય. કપડા નથી પહેરતા એ લોકો. લંગોટ પહેરે, કપડા ન પહેરે. ઠંડીમાં ન પહેરે, ગરમીમાં ન પહેરે. અગિયાર વાગે છાણા સળગાવીને કુંડાળું કરે છાણાનું. ચારે બાજુ, બધી બાજુથી તાપ શરૂ થાય. પછી વચ્ચે ઊભા રહી જાય. એક પગે ઊભા રહે, શીર્ષાસન કરે, ખડે પગે રહે. પદ્માસનમાં બેસે જુદી-જુદી રીતે .... સાંજે ચાર વાગ્યા સુધી. પાંચ વાગ્યા સુધી. પાંચ-પાંચ છ-છ કલાક. પ્રાણાયામ કરે, ધ્યાન કરે એ બધું કર્યા કરે.

બધું આ જીવે કર્યું છે. એવી સમજણથી કે આમ લાભ થશે, આમ લાભ થશે. લાભ થવાનું માન્યું છે ત્યાં એણે બધું કર્યું છે. એમ કહે છે. પોતે કર્યું છે એવું. એ એને ખ્યાલમાં આવે છે. કે આવા આકરા તપ કરીને શરીરને સૂકાવી નાખ્યું, સૂકવી નાખ્યું. ક્યારેક તો મરણ પ્રાપ્ત થયો છે. એવા ને એવા હઠાગ્રહની અંદર ભલે પ્રાણ જાય, નથી પડવું. નહિ છોડવું. તપશ્ચર્યા નહિ છોડું. પ્રાણ છૂટી જાય. એ બધું ખ્યાલમાં આવી જાય. આ ખ્યાલમાં આવે છે પછી.

જેણે નિષ્કારણ કરુણાશીલતાથી પરમાત્મ સ્વભાવ જેણે આપ્યો. દર્શાવ્યો નહિ પણ આપ્યો. **'એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે,...'** આ મારી ભક્તિ કરે છે. અહીં તો એક માણસ જરાક સંબંધ વધારે રાખે. પ્રસંગે એને આવકાર આપે કે આમંત્રણ આપે તો પણ પક્ષ કરી બેસે. કાં તો સગપણ હોય, સગાઈ હોય, કાં કાંઈ મિત્રતા હોય, કાં કાંઈ બીજું કારણ હોય, કાં એકાદ વખત કાંઈક એવો કામમાં આવી ગયો. આ (કૃપાળુદેવ) કહે છે કોઈ મારું સ્તવન કરનાર કોઈ મારો ભક્ત છે એ વાત જોવામાં આવતી નથી.

**'જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી,...'** એ એવી નજર જેણે કરી નથી, એવો વિકલ્પ જેણે કર્યો નથી, એ દૃષ્ટિએ જેણે જોયું નથી કે આ મને અનુકૂળ છે, આ મારો છે, મારો ભક્ત છે, મારો પ્રશંસક છે. **'એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !'** હવે એ વીતરાગતા લીધી છે. જેને મારાપણું નથી. પારકાપણું નથી. આ મારો છે, આ પારકો છે એવું જેને નથી. એવા સત્પુરુષને ફરી ફરીને નમસ્કાર હો.

એવા દૃષ્ટાંતો બન્યા છે. કે 'ગુરુદેવ'નું તો બહુ નજર સામે જોયેલું દૃષ્ટાંત છે.

વિરોધ કર્યો હોય, આકરો વિરોધ કર્યો હોય. પણ એ માણસ જો ત્યાં આવે (તો જાણે) કાંઈ નહિ. જાણે કાંઈ કર્યું જ નથી એણે. પ્રેમથી બોલાવે. અને એ જીવ પામે, એ ખોટો રસ્તો છોડી દે, ઉન્માર્ગનો ત્યાગ કરી દે, સન્માર્ગે આવી જાય એવી નિષ્કારણ કરુણા. વિશેષે કરીને એનો આદર કરીને કહે. આ તો નજર સામે જોયેલી ચીજ છે.

**'જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે.'** એવા સત્પુરુષોએ સત્પુરુષની, સદ્‌ગુરુની ભક્તિનું સ્થાપન કર્યું છે. શા માટે કર્યું છે ? કેવળ **'શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે,...'** શરીરની ચેષ્ટા વિષે નહિ. **'સદ્‌ગુરુના આત્માની ચેષ્ટા વિષે...'** એના આત્માની શું ચેષ્ટા છે ? કે સ્વરૂપની ઉપાસના કરે છે. જે ચૈતન્યવીર્ય જાગૃત થઈને સ્વરૂપની રચના કરે છે, જેમાં સ્વરૂપ ઊપાદેય છે અને જે સ્વરૂપને અવલંબવા માટે જેની ચેષ્ટા. અંતરચેષ્ટા, અંતર પ્રયત્ન છે. એવા **'સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે,...'** અહીંયા વૃત્તિ એ કોની ? શિષ્યની. ક્યારે એ વૃત્તિ રહે ? ક્યારે એ યોગ્યતા આવે ? ક્યારે એ જોઈ શકે એ ચેષ્ટાને ? કે જ્યારે એને અનન્ય ભક્તિ પ્રગટ થઈ હોય ત્યારે. નહિતર એ જોઈ ન શકે.

'ગુરુદેવ' જેવા પ્રસિદ્ધ સત્પુરુષ હોય, 'શ્રીમદ્‌જી' જેવા ગુપ્ત અને અપ્રસિદ્ધ નહિ, તો પણ જોઈ ન શકે. આત્માની ચેષ્ટા જોવી એના માટે યોગ્યતાનો સવાલ છે. અને એ યોગ્યતા એમની સર્વાર્પણ ભક્તિથી થાય છે. કેમ કે એ વખતે દર્શનમોહ મંદ હોય છે. એમણે જે બહુ સ્થાપી છે વાતને એનું કારણ એ છે. દર્શનમોહ એ વખતે મંદ થવાને લીધે જ્ઞાનની અંદર એટલી નિર્મળતા આવે છે.

'સોભાગભાઈ' કદાચ ચાર ચોપડી માંડ ભણ્યા હશે. 'સોભાગભાઈ'ને જે પ્રશ્નો પૂછ્યા છે અને એમના એમણે જે ઉત્તર આપ્યા છે એનાથી પોતે બહુ ખુશી થયા છે, પ્રસન્ન થઈ ગયા છે કે આવો ઉત્તર જ્ઞાની સિવાય કોઈ આપી ન શકે. અથવા જ્ઞાનીને ઓળખે, જ્ઞાનીનો આશ્રિત હોય તો આપી શકે. નહિતર આપી ન શકે. તો એવી ક્ષમતા ક્યાંથી આવી ? એ તો કાંઈ શાસ્ત્રો ભણ્યા નહોતા એવા. ક્યાંથી આવી ? એ ભક્તિમાંથી આવેલી છે.

મુમુક્ષુ :– આ 'શ્રીમદ્‌જી' 'સોભાગભાઈ'ને લખે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના આ પત્ર છે એ 'લલ્લુજી' ઉપરનો છે. આ પત્ર 'લલ્લુજી' ઉપરનો છે. પણ કોઈ કોઈ પત્રોમાં એમણે પ્રશ્નો પૂછ્યા છે. એના ઉત્તર આવ્યા છે. એથી બહુ પોતે ખુશી થયા છે. એ એમને ક્યાંથી ખબર પડી ? બીજું તો કોઈ શાસ્ત્રજ્ઞાન એટલું હતું નહિ. અને એવા શાસ્ત્રીય પ્રશ્નો નહોતા. એવા પ્રશ્નો હતા કે જેના માટે યોગ્યતા હોય તો જ એ પ્રશ્નનો ઉત્તર આપી શકે, નહિતર ન આપી શકે. એમ થાય.

મુમુક્ષુ :- આમ તો આ પત્ર આપણને લખ્યો છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખરેખર તો એમ છે. લેવું તો એમ જ જોઈએ. એનું નામ સ્વાધ્યાય છે. પોતાને અંગીકાર કરે, પોતા ઉપર વાતને ઉતારે એનું નામ તો સ્વાધ્યાય છે. એ તો પદ્ધતિ છે સ્વાધ્યાયની.

**'જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે,...'** એમના અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થાય. એ **'ચેષ્ટાને વિષે વૃત્તિ રહે,...'** ત્યારે એમના **'અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ...'** અને એ દૃષ્ટિગોચર થતાં બહુમાન ઔર વધી જાય. બહુમાન વધી જાય તો સ્વચ્છંદ છે એ ચાલ્યો જાય. એમ છે. ભક્તિ છે એ સ્વચ્છંદને તોડનારું, સ્વચ્છંદનો નાશ કરનારું અમોઘ સાધન છે. બહુભાગ મુમુક્ષુની ભૂમિકામાં સ્વચ્છંદને કારણે જીવ પામતો નથી. હું સમજું, મને ખબર છે, હું પણ જાણું છું, મને પણ એવો અર્થ આવડે છે. એ સ્વચ્છંદમાંથી બહાર નીકળી શકતો નથી. હું કાંઈ જ જાણતો નથી ત્યાંથી શરૂ કરે છે. ઘણું જાણનારો પણ ક્યાંથી શરૂ કરે ? સદ્‌ગુરુના ચરણમાં આવે ત્યારે હું કાંઈ જ જાણતો નથી ત્યાંથી શરૂ કરે. ગમે તેટલું જાણતો હોય તો પણ, હોં ! ન જાણતો હોય તેની વાત નથી, જાણતો હોય તેની વાત છે. અને ત્યારે એને કાંઈક ઉપદેશ સ્પર્શે છે, નહિતર ઉપદેશ સ્પર્શતો નથી. આ સીધી વાત છે.

એના પ્રત્યક્ષ સમાગમમાં આવેલા જે જે વિશેષે કરીને, ખાસ કરીને જે નિવૃત્તિ ક્ષેત્રની અંદર જે સમાગમમાં આવતા હતા એ ભાઈઓ તો વર્ણન કરે જ છે એમનું. કે એમના આત્માની વીતરાગતા, એમનું જે પરિણમન છે મન, વચન, કાયાની ચેષ્ટાથી, આત્માની ચેષ્ટાથી એ કોઈ અદ્‌ભુત વીતરાગતામય હતું. ઘણું આનંદમય હતું. શાંતિમય હતું. અને કોઈ અપૂર્વ (હતું). ભલે વાત થોડી કરે કે ઝાઝી કરે પણ કોઈ

અપૂર્વ દેશના પ્રકાશતા હતા. આટલું તો એ લોકોએ અવલોકનમાં લીધું છે. બહુ ભક્તિથી એ લોકો સંગમાં આવેલા છે અને એ વાત અવલોકન કરીને એ વાત સ્પષ્ટ કરી છે.

એ **'અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય...'** જુઓ ! એ અન્ય સ્વચ્છંદ મટે એટલે સહેજે આત્મબોધ થાય. **'એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !'** સત્પુરુષોને તો નમસ્કાર હો પણ સત્પુરુષની ભક્તિ કરવાવાળાની જે ભક્તિ છે એ પરિણામને પણ નમસ્કાર કરે છે. એટલે સત્પુરુષોને નમસ્કાર કરે છે પણ સત્પુરુષના ભક્તને પણ નમસ્કાર કરે છે. એ એક વિશેષતા છે એમની.

મુમુક્ષુ :– સત્પુરુષના ભક્ત પામવાના છે ને ? સત્પુરુષના ભક્ત છે એ પામે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– એ ભાવી સત્પુરુષ છે ને ! એ ભાવી સત્પુરુષ છે. એના કરતાં પણ બીજી વાત છે કે એમાં કે એને આદર આપે છે. એ એક પ્રેરણા છે એને. આપણે ત્યાં કોઈ નવા માણસ આવે, અત્યારે કોઈ સંપ્રદાયનો પ્રમુખ માણસ આવે આપણી વચ્ચે કે ભાઈ ! આ તો સ્થાનકવાસી કે દેરાવાસીના પ્રમુખ માણસ છે. અહીંયાં સમજવા જેવી ચીજ છે લાવ હું જાવ. તો પછી એને શું કરીએ આપણે ? ધક્કો મારીએ ? તમે મિથ્યાત્વમાંથી આવ્યા એમ કહીએ ? એને, જરાક ભાઈને આગળ આવવા દો. અને કોઈ એવું ન કહે, કોઈ એની સાથે એવું વર્તન ન કરે કે પાછો એ કાલે આવતો બંધ થઈ જાય. એને એટલો Response આપવાનું શું કારણ છે ? કે એ જીવ પણ આગળ વધે. આ માર્ગની અંદર એ જીવ વિકાસ પામે. તો જે જીવો ભક્તિથી વિકાસ સન્મુખ થયા છે એ વધુ વિકાસ પામે એવું જે સત્પુરુષનું વલણ છે એ એમાં પ્રસિદ્ધ થાય છે. એ Policy matter નો સવાલ છે. ભલે અહીંયાં એને એની ભક્તિને નમસ્કાર કર્યાં છે પણ Policy પહેલેથી આ છે કે કોઈ નવામાં નવો આવે ત્યાંથી માંડીને સત્પુરુષની ભક્તિ કરનારો હોય તો એના પ્રત્યે સત્પુરુષ પણ ભક્તિ કરે છે. સત્પુરુષને નમસ્કાર કરતાં એની ભક્તિને પણ નમસ્કાર કરે છે. કાંઈ ફેર પડે નહિ. આત્મામાં ફેર નથી, ગુણમાં ફેર નથી, ગુણના પ્રગટપણામાં ફેર નથી. પછી ક્યાં ફેર પડે ? એટલે ફેર પડવાનો પ્રશ્ન નથી. ઉદયનો ફેર છે. એ કાંઈ આત્મા

નથી. ઉદય છે એ આત્મા નથી. ઉદયભાવ છે એ પણ આત્મા નથી. અરે..! ઉપયોગ બહાર જાય એ આત્મા નથી. એ આત્મા જ નથી.

**'જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી,...'** હવે પોતા ઉપર વાત લે છે કે અમને અત્યારે **'કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી,...'** આ ઘણા માની બેસે છે ને ? અતિ શ્રદ્ધા, અતિ ભક્તિથી માને છે કે એમને કેવળજ્ઞાન થઈ ગયું હતું, એ તો સિદ્ધપદે હતા. એ સ્પષ્ટ વાત છે. ઘણી જગ્યાએ પોતે ચોખવટ કરી છે. **'જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે,...'** કેવળજ્ઞાનનું સામર્થ્ય મારા આત્મામાં છે એમ જાણ્યું છે. **'એમ સ્પષ્ટ જાણ્યું છે,...'** જ્ઞાનમાં એ વાત સ્પષ્ટ જાણી છે. કેવળજ્ઞાનની હયાતી શક્તિરૂપે જેણે પોતામાં જોઈ લીધી કે મારામાં કેવળજ્ઞાનનું સામર્થ્ય સર્વ કાળે લઈને અત્યારે વિદ્યમાન છે.

માણસ લાખોપતિ, કરોડોપતિ એ કાંઈ થેલીમાં પૈસા લઈને, બેગમાં પૈસા લઈને ચોવીસ કલાક નથી ફરતો. સાથે ને સાથે રાખે છે ? કાં બેંકમાં પડ્યા હોય કાં Safe deposite માં પડ્યા હોય, ઘરની તીજોરીમાં, કબાટમાં પડ્યા હોય. માલમાં પડ્યા હોય, ગોદામમાં, મકાનોમાં હોય. એની હયાતીને વેદે છે. શું વેદે છે એ ? મારી પાસે છે. છે તો ભલે (ત્યાં), પરદેશ ગયો હોય તો પણ મારી પાસે છે એની હયાતીને વેદે છે. એમ અહીંયાં તો એટલું દૂર નથી. આ જે શક્તિપણે કેવળજ્ઞાન છે એ ક્ષેત્રથી તો જરા પણ દૂર નથી. ભાવથી પણ શ્રદ્ધામાં જરા પણ દૂર નથી. કેમ કે શ્રદ્ધા અભેદભાવે શ્રદ્ધે છે. જ્ઞાન અભેદભાવે સ્વપણે અવલંબે છે. ચારિત્ર એની સાથે અભેદપણે રમણતા કરી લે છે. એટલે ભાવે પણ દૂર નથી, ક્ષેત્રે પણ દૂર નથી. આ તો સ્થિતિ છે.

એવું **'શક્તિપણે કેવળજ્ઞાન છે, એમ સ્પષ્ટ જાણ્યું છે,...'** એમ. પ્રત્યક્ષ છે ને ? સ્પષ્ટનો અર્થ લેવો પ્રત્યક્ષ જાણ્યું છે. પોતાના કેવળજ્ઞાનને જેણે પ્રત્યક્ષપણે જાણ્યું છે, વેદ્યું છે, એનો જે સ્વરૂપે છે એ સ્વરૂપે અનુભવ કર્યો છે, ખરેખર તો. અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનથી. **'એમ સ્પષ્ટ જાણ્યું છે,...'** અને **'શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે,...'** જેમ કેવળજ્ઞાન પ્રગટ થાય એમ શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ વર્તે છે એમ કહે છે. એને થયું છે એમ લીધું છે.

**'વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે,...'** ભેદ પાડીને જોવે છે તો કહે છે, કેવળજ્ઞાન અંદરમાં છે, થયું છે. પ્રગટ જેમ થયું હોય એમ જોવામાં આવે છે. એનું પ્રગટ સ્વરૂપ. શક્તિ છે એને વ્યક્તિરૂપે જુએ છે. એ પદ્ધતિ 'અનુભવ પ્રકાશ'માં લીધી ને ? શક્તિને વ્યક્તપણે સંભારી સંભારીને પોતાના સ્વસંવેદનને જ્ઞાની વધારે છે. આ એ વાત છે.

મુમુક્ષુ :– અહીંયાં વિચાર કરતાં જ્ઞાન સમજવાનું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. વિચાર એટલે એમાં શું છે કે શક્તિને વ્યક્તપણે જ્ઞાનમાં લેવી એવું એક સવિકલ્પદશાની અંદર બને છે. એટલે વિચાર સાથે-સાથે લે છે. નિર્વિકલ્પ દશામાં તો એ કાંઈ પ્રશ્ન નથી. સવિકલ્પ દશાની અંદર શક્તિને વ્યક્તપણે ખ્યાલમાં લેવામાં આવે છે. શક્તિને વ્યક્તપણે ખ્યાલમાં એટલે જોવામાં આવે છે. એનું નામ એની વિચારદશા છે. વિકલ્પ કરવામાં આવે છે એવું નથી લીધું. શક્તિને, એને વ્યક્તપણે જોવામાં આવે છે એને વ્યક્તપણે એની (અભિવ્યક્તિ) થાય છે. આ શક્તિની વ્યક્તિ કરવાની એક વિધિ છે. સુવિધિમાં એ વિષય લીધો છે. એક જગ્યાએ એ વિષય લીધો છે. 'અનુભવ પ્રકાશ'નો આધાર લઈને. શક્તિને વ્યક્તપણે કરતા શક્તિ વ્યક્ત થઈ જાય છે. એમણે તો બે-ત્રણ જગ્યાએ એ વાત લીધી છે. સારી રીતે.

**'વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે,...'** ઇચ્છાદશાએ એટલે એટલો આદર અને ઉપાદેય છે એને. ઇચ્છા એટલે અહીંયાં ઉપાદેયતા લેવી છે. પરિપૂર્ણ શુદ્ધિની જેની ઉપાદેયતા વર્તે છે. ઉપાદેયતામાં અધુરી શુદ્ધિ નથી. અને **'મુખ્ય નયના...'** એટલે નિશ્ચય **'નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે,...'** હવે વર્તે છે આવ્યું છે. પહેલા તો એમ કહ્યું કે **'પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી,...'** એટલે એ વાત સ્પષ્ટ કરી નાખી કે તેરમું ગુણસ્થાન વર્તે છે એ વાત હું નથી કરતો. તેરમું ગુણસ્થાન છે એ વાત નથી એટલી વાત ચોખ્ખી કરીને હવે કહે છે. કે તો પછી કેવું વર્તે છે ? એ તો એક સ્થૂળ વાત થઈ કે ભાઈ ! અત્યારે ચોથું ગુણસ્થાન છે અને તેરમું નથી. પણ તો પછી શ્રદ્ધા-જ્ઞાનમાં અને પરિણમનની અંદર સ્વરૂપની સ્થિતિ કેવી છે ?

પહેલા સ્પષ્ટ જાણ્યું છે. શક્તિપણે કેવળજ્ઞાન છે એવું જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણ્યું છે. જ્ઞાનમાં જાણ્યું છે અને શ્રદ્ધામાં એ કેવળજ્ઞાન થઈ ગયું છે એમને. શ્રદ્ધામાં જાણવાનો

પ્રશ્ન નથી. શ્રદ્ધામાં ભેદ રહેવાનો પ્રશ્ન નથી. કેવળજ્ઞાન શ્રદ્ધાએ તો અમને થઈ ગયું જ છે. હતું તો ખરું અનાદિથી પણ શ્રદ્ધા થઈ ત્યારથી થયું એમ કહેવાય છે. **'વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે,...'** બે જગ્યાએ થયું છે, થયું છે લીધું. હવે ત્રીજી વખત કહે છે કે અમને વર્તે છે. એ થયું છે એનો વધારે સ્પષ્ટ ભાવ લેવો છે. કે **'મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે,...'** આ નૈગમનયથી પણ એમ જ કહેવાય છે ને ? નૈગમનયથી શું જોવાય છે ? કે કેવળજ્ઞાન અમને વર્તે છે. વર્તશે એમ નહિ. કેવળજ્ઞાન અમને વર્તે છે. વર્તમાનવત્ લેવાય છે.

મુમુક્ષુ :– સીમંધર ભગવાન સિદ્ધ ભગવાન છે એમ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. સીમંધર ભગવાન સિદ્ધ ભગવાન છે.

મુમુક્ષુ :– છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા છે એમ જ લેવાય છે. એને ભાવિ નૈગમનય કહેવામાં આવે છે. ભવિષ્યની પર્યાયને વર્તમાનવત્ જોવી એ જ્ઞાનનો નય છે. એમ આ એક નિશ્ચયનય પણ એવો એક નય છે. એ નિશ્ચયનયનું સ્વરૂપ સ્થૂળપણે એમ કહેવાય છે કે નિશ્ચય સ્વરૂપ છે તેને જાણવાનું જેનું પ્રયોજન છે તેને નિશ્ચયનય કહીએ. આ એક શાસ્ત્રીય પરિભાષાથી એની વ્યાખ્યા છે. આત્માનું જે નિશ્ચયસ્વરૂપ એ નિશ્ચય સ્વરૂપને જાણવાનું જેમાં પ્રયોજન રહેલું છે એવા જ્ઞાનના શ્રુતજ્ઞાનના એક અંશને નિશ્ચયનય કહેવામાં આવે છે. કેમ કે પ્રમાણજ્ઞાનનો એક અંશ છે માટે નય કહ્યો. પણ એનો આ બીજો ચિતાર છે કે એવો જે નિશ્ચયનય છે એનો હેતુ શું છે ? એક શબ્દ વાપર્યો છે વધારે.

**'મુખ્ય નયના હેતુથી...'** નિશ્ચયનયના હેતુથી. હેતુ શું છે ? કે હેતુ તો ઉપાદેય કરવાનો, વ્યક્ત કરવાનો છે. તો નિશ્ચયને માત્ર એને જાણવાનું પ્રયોજન છે એમ નહિ પણ વ્યક્ત કરવાનું પ્રયોજન છે એમ લેવું છે. વ્યક્ત કરે છે. માત્ર જાણી લે છે એમ નહિ, પણ જાણતા એને વ્યક્ત કરવાનો એક Process ચાલે છે, પ્રક્રિયા ચાલે છે એવું નિશ્ચયનયનું પરિણમન છે. એટલે વર્તે છે એમ કહે છે. જુઓ !

**'મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વે અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે...'** જે સત્પુરુષના યોગે **'સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો,...'** સહજ જ પામવા યોગ્ય થયો. **'તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ**

**નમસ્કાર હો !'** જુઓ ! જોખીને નથી કરી. ચોથા ગુણસ્થાને છે માટે અહીંયાં ઓછી રાખો એ વાત નહિ. **'સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !'** બે વખત નમસ્કાર કર્યા છે. કેવી સર્વોત્કૃષ્ટ ભક્તિ ? કે તીર્થંકરની જે ભક્તિ કરવામાં આવે એવી ભક્તિ સત્પુરુષની ? કેવી ? ના. એથી વધારે. અનંતા તીર્થંકરોથી અધિક છે એમ (સોગાનીજીએ) લીધું છે. કોઈએ શીખવાડ્યું તો નથી ને ?

કહે છે કે એવું જે કેવળજ્ઞાન કે જે કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં અવ્યાબાધ સુખ પ્રગટ થાય છે. એટલે કેવળજ્ઞાનને કારણ લીધું છે, સુખ પ્રગટ્યું એને કાર્ય લીધું છે. એ તો એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધે એક ગુણનો ઉપચાર, બીજા ગુણ ઉપર કરવામાં આવે છે. એટલે સાથે સાથે એમ કહેવું છે કે કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં, કેવળજ્ઞાનને કારણે જાણે સુખ પણ પૂરેપૂરું ઉત્પન્ન થઈ ગયું. કેમ કે સ્વભાવને પ્રતિબંધ ન રહ્યો.

જે જ્ઞાનસ્વભાવ એને પ્રતિબંધ થતા દુઃખ થતું હતું. દુઃખનું કારણ એ હતું. સ્વભાવનો પ્રતિબંધ દુઃખનું કારણ છે. ઉપયોગને જ્ઞાનને ફાંસી લાગતી હતી. એ બંધ થઈ ગઈ. પ્રતિબંધ બંધ થઈ ગયો. એટલે અવ્યાબાધ સુખનું જે પ્રગટ કરનાર છે કેવળજ્ઞાન. જેના યોગે સહજમાત્રમાં જીવ પામવાને લાયક થઈ જાય છે. એ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો છે એવી યોગ્યતા જેનામાં આવી જાય છે. સંસ્કારનું પણ અનન્ય નિમિત્ત છે ને ! એના વગર તો સંસ્કાર કોઈ કાળમાં કોઈને છે નહિ. એટલે કેવળજ્ઞાનને યોગ્ય થયો. **'તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !'** એમ કરીને છેલ્લી હદે પણ નમસ્કાર કર્યા છે.

મુમુક્ષુ :- આ છેલ્લો પેરેગ્રાફ કરીને લઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એમના નમસ્કારના વચનો છે એ બહુ પ્રસિદ્ધ થયેલા છે. આ પણ બહુ પ્રસિદ્ધ છે, હોં ! છેલ્લો નમસ્કાર છે એ ઘણા મુખપાઠે બોલે છે. **'જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે...'** આ 'ગુરુદેવ' અવારનવાર બોલતા હતા. 'શ્રીમદ્જી'નું આ વચનામૃત 'ગુરુદેવશ્રી' પણ અવારનવાર બોલતા હતા. એમ છે. 'ગુરુદેવ' તો ખીલતા હતા. આવી વાત કરતી વખતે બહુ રસવિભોર (થઈ જતા).

મુમુક્ષુ :- પ્રવચનમાં પણ આ વાત...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રવચનમાં આ વાત આવતી. બહુ ખીલતા. એમ કે જાણે

કેવળજ્ઞાનને હાથમાં રાખીને વાત કરતા હોય, મુઠ્ઠીમાં રાખીને. ભલે કેવળજ્ઞાન ગમે તેટલું વિશાળ હોય, મુઠ્ઠીમાં જેણે સમાવી દીધું. એવી પદ્ધતિ હતી.

**'એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે,...'** એવી શ્રદ્ધામાં, કેવળજ્ઞાન થયું છે એવી શ્રદ્ધાનો ભાવ જેને પરિણમન થઈ રહ્યો છે. અને વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે એટલે શક્તિને વ્યક્તપણે જે ભાવી રહ્યા છે. શક્તિને વ્યક્તપણે ભાવતા શક્તિ વ્યક્ત થાય છે. આ 'દીપચંદજી'નું વચનામૃત છે. શક્તિને વ્યક્તપણે ભાવતા શક્તિ વ્યક્ત થઈ જાય છે. એટલે શક્તિ, શક્તિપણે છે એમ નથી જોતા. સહેજે સહેજે એવી યોગ્યતા આવે છે જેના ભક્તિવંત થતા એ યોગ્યતા પ્રગટે છે.

**'તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ...'** છેલ્લી હદની ભક્તિએ એમ કહે છે. માપ નથી એનું કોઈ. **'નમસ્કાર હો ! નમસ્કાર હો !'** આ રીતે સત્પુરુષનો આદર કર્યો છે, સર્વોત્કૃષ્ટપણે આદર કર્યો છે. નિષેધ તો સ્વપ્નામાં પણ કરવા જેવો નથી. સ્વપ્ને પણ કરવા જેવો નથી. જાગૃત અવસ્થામાં તો નહિ. અને કોઈ નિષેધ થઈ જાય કે કરે છે તો તે મુમુક્ષુ (નથી રહેતો), પછી એને મુમુક્ષુની ભૂમિકા લાગુ પડતી નથી. એ વ્યવહારથી ગયો.

જેમ મુનિ વ્યવહાર ચૂકે તો એ દ્રવ્યલિંગી પણ નથી. મુનિ વ્યવહાર ચૂકે તો એ દ્રવ્યલિંગી પણ નથી. એમ મુમુક્ષુ મુમુક્ષુતાનો વ્યવહાર ચૂકે તો એ મુમુક્ષુ, વ્યવહારે પણ મુમુક્ષુ નથી. પછી નામ ભલે કહેવાય. એ લોકરૂઢિએ કહેવાય પછી. જેમ કોઈ બહારનો વેશ જોઈને મુનિ કહે કે આ ફલાણા મુનિ જાય છે. દ્રવ્યલિંગ પણ લાગુ પડતું નથી. એમ કહેવાય કે ભાઈ ! આવે છે અહીંયાં માટે મુમુક્ષુ છે. પણ ખરેખર તો એ રૂઢિગતપણે બોલાય છે. વ્યવહારે પણ મુમુક્ષુતા એને રહેતી નથી. એ સત્પુરુષના આટલા આદરમાંથી બીજા પડખાં પણ આપોઆપ એમાંથી નીકળે છે.

મુમુક્ષુ :– પેરેગ્રાફતો પોતાના માટે જ છે ને ! પોતે પોતાને નમસ્કાર કર્યા ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો કર્યા જ છે એમણે. નમસ્કાર કરવા યોગ્ય અમે. અને એક 'આનંદઘનજી'એ એવા નમસ્કાર કર્યા છે. 'નમો નમો મુજને નમો.' એવું પદ બનાવ્યું છે એમણે તો. 'આનંદઘનજી'એ તો પદ જ બનાવ્યું છે. હું મને જ નમસ્કાર કરું છું. અને છે એવું પોતાનું પદ નમસ્કાર કરવા યોગ્ય છે. વ્યવહારે નહિ પણ નિશ્ચયે નમસ્કાર કરવા યોગ્ય છે. નિશ્ચયે નમસ્કાર એટલે નમવું. પર્યાય નમે તે નમસ્કાર

છે. દ્રવ્યમાં પર્યાય નમે તે ભાવનમસ્કાર છે. એ વાસ્તવિકપણે નિશ્ચયપણે નમસ્કાર કરવા યોગ્ય છે. હવે નિશ્ચયપણે જે નમસ્કાર કરવા યોગ્ય છે એમાં વ્યવહારે કોઈ બોલે કે હું મને નમસ્કાર કરું છું. તો માણસને એમ થાય કે આવું કેમ બોલે છે ? જીવ અજાણ્યો છે. પરમાર્થના વિષયથી જીવ અજાણ્યો છે એટલે એને એમ લાગે છે કે આવી કેમ ભાષા બોલે છે ? હું મને નમસ્કાર કરું ! ભગવાનને નમસ્કાર કરે, દેવ-ગુરુ-શાસ્ત્રને નમસ્કાર કરે ત્યાં સુધી ઠીક છે. પણ મને નમસ્કાર કરે એમ પોતે બોલે છે ? હા, એ પણ બરાબર જ છે. યોગ્ય જ છે. એ ખરેખર નિશ્ચયથી એમ જ કર્તવ્ય છે. પછી ઓલો વ્યવહાર છે. પહેલો તો આ વ્યવહાર છે.

એ રીતે આ છ પદના પત્રમાં છેલ્લે એ છ પદ સમજાવનાર જે સદ્ગુરુ સત્પુરુષ છે એમની ભક્તિ કરી છે. એકલી ભક્તિ કરી છે એમ નહિ પણ એની અંદર ગૂઢ તત્ત્વજ્ઞાનનો સમાવેશ કર્યો છે. જે તત્ત્વજ્ઞાનનું રહસ્ય છે એનો પણ એની અંદર સમાવેશ કરી નાખ્યો છે. એ એક એમની વિશિષ્ટતા છે કે ભક્તિ કરતા કરતા, બહુમાન કરતા કરતા. હું શા માટે બહુમાન કરું છું ? કેવી રીતે કરું છું ? બહુમાન કરવામાં મારો ભાવ કેવો છે ? મારો અભિપ્રાય કેવો છે ? અંદર શું પડ્યું છે માટે હું બહુમાન કરું છું ? એ બધી વાત એ સારી રીતે વ્યક્ત કરી શકે એવી રીતે કલમ ચલાવી છે.

મુમુક્ષુ :– મુંબઈથી કલમ ચલાવી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા 'મુંબઈ'થી કાગળ લખે. એ તો ગમે ત્યાં હોઈ નહિ. 'મુંબઈ'માં હોય કે ઘરમાં હોય કે વનમાં હોય. એ બધી જગ્યાએ એમને બધું સરખું છે. (સમય થયો છે.)

પત્રાંક-૪૯૪

મુંબઈ, ચૈત્ર સુદ, ૧૯૫૦

ॐ

અત્રે હાલ કંઈક બાહ્ય ઉપાધિ ઓછી વર્તે છે. તમારા પત્રમાં પ્રશ્નો છે તેનું સમાધાન નીચે લખ્યાથી વિચારશો.

પૂર્વકર્મ બે પ્રકારનાં છે, અથવા જીવથી જે જે કર્મ કરાય છે તે બે પ્રકારથી કરાય છે. એક પ્રકારનાં કર્મ એવાં છે, કે જે પ્રકારે કાળાદિ તેની સ્થિતિ છે, તે જ પ્રકારે તે ભોગવી શકાય. બીજો પ્રકાર એવો છે, કે જ્ઞાનથી, વિચારથી કેટલાંક કર્મ નિવૃત્ત થાય. જ્ઞાન થવા છતાં પણ જે પ્રકારનાં કર્મ અવશ્ય ભોગવવા યોગ્ય છે તે પ્રથમ પ્રકારનાં કર્મ કહ્યાં છે; અને જે જ્ઞાનથી ટળી શકે છે તે બીજા પ્રકારનાં કર્મ કહ્યાં છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થવા છતાં દેહનું રહેવું થાય છે, તે દેહનું રહેવું એ કેવળજ્ઞાનીની ઇચ્છાથી નથી, પણ પ્રારબ્ધથી છે, એટલું સંપૂર્ણ જ્ઞાનબળ છતાં પણ તે દેહસ્થિતિ વેદ્યા સિવાય કેવળજ્ઞાનીથી પણ છૂટી શકાય નહીં, એવી સ્થિતિ છે; જોકે તેવા પ્રકારથી છૂટવા વિષે કોઈ જ્ઞાનીપુરુષ ઇચ્છા કરે નહીં; તથાપિ અત્રે કહેવાનું એમ છે કે, જ્ઞાનીપુરુષને પણ તે કર્મ ભોગવવા યોગ્ય છે; તેમ જ અંતરાયાદિ અમુક કર્મની વ્યવસ્થા એવી છે કે, તે જ્ઞાનીપુરુષને પણ ભોગવવા યોગ્ય છે, અર્થાત્ જ્ઞાનીપુરુષ પણ તે કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત કરી શકે નહીં. સર્વ પ્રકારના કર્મ એવાં છે, કે તે અફળ હોય નહીં; માત્ર તેની નિવૃત્તિના પ્રકારમાં ફેર છે.

એક, જે પ્રકારે સ્થિતિ વગેરે બાંધ્યું છે, તે જ પ્રકારે ભોગવવાયોગ્ય હોય છે. બીજાં, જીવના જ્ઞાનાદિ પુરુષાર્થધર્મે નિવૃત્ત થાય એવા હોય

છે. જ્ઞાનાદિ પુરુષાર્થધર્મે નિવૃત્ત થાય એવા કર્મની નિવૃત્તિ જ્ઞાનીપુરુષ પણ કરે છે; પણ ભોગવવા યોગ્ય કર્મને જ્ઞાનીપુરુષ સિદ્ધિઆદિ પ્રયત્ને કરી નિવૃત્ત કરવાની ઇચ્છા કરે નહીં એ સંભવિત છે. કર્મને યથાયોગ્યપણે ભોગવવા વિષે જ્ઞાનીપુરુષને સંકોચ હોતો નથી. કોઈ અજ્ઞાનદશા છતાં પોતા વિષે જ્ઞાનદશા સમજનાર જીવ કદાપિ ભોગવવા યોગ્ય કર્મ ભોગવવા વિષે ન ઇચ્છે તો પણ ભોગવ્યે જ છૂટકો થાય એવી નીતિ છે. જીવનું કરેલું જો વગર ભોગવ્યે અફળ જતું હોય, તો પછી બંધમોક્ષની વ્યવસ્થા ક્યાંથી હોઈ શકે ?

વેદનીયાદિ કર્મ હોય તે ભોગવવા વિષે અમને નિરિચ્છા થતી નથી. જો નિરિચ્છા થતી હોય, તો ચિત્તમાં ખેદ થાય કે, જીવને દેહાભિમાન છે તેથી ઉપાર્જિત કર્મ ભોગવતાં ખેદ થાય છે; અને તેથી નિરિચ્છા થાય છે.

મંત્રાદિથી, સિદ્ધિથી અને બીજાં તેવાં અમુક કારણોથી અમુક ચમત્કાર થઈ શકવા અસંભવિત નથી, તથાપિ ઉપર જેમ અમે જણાવ્યાં તેમ ભોગવવા યોગ્ય એવા 'નિકાચિત કર્મ' તે તેમાંના કોઈ પ્રકારે મટી શકે નહીં; અમુક 'શિથિલકર્મ'ની ક્વચિત્ નિવૃત્તિ થાય છે; પણ તે કંઈ ઉપાર્જિત કરનારે વેદ્યા વિના નિવૃત્ત થાય છે એમ નહીં; આકારફેરથી તે કર્મનું વેદવું થાય છે.

કોઈ એક એવું 'શિથિલકર્મ' છે, કે જેમાં અમુક વખત ચિત્તની સ્થિરતા રહે તો તે નિવૃત્ત થાય. તેવું કર્મ તે મંત્રાદિમાં સ્થિરતાના યોગે નિવૃત્ત થાય એ સંભવિત છે; અથવા કોઈ પાસે પૂર્વલાભનો કોઈ એવો બંધ છે, કે જે માત્ર તેની થોડી કૃપાથી ફળીભૂત થઈ આવે; એ પણ એક સિદ્ધિ જેવું છે; તેમ અમુક મંત્રાદિના પ્રયત્નમાં હોય અને અમુક

**પૂર્વાંતરાય ત્રુટવાનો પ્રસંગ સમીપવર્તી હોય, તો પણ કાર્યસિદ્ધિ મંત્રાદિથી થઈ ગણાય; પણ એ વાતમાં કંઈ સહેજ પણ ચિત્ત થવાનું કારણ નથી; નિષ્ફળ વાર્તા છે. આત્માના કલ્યાણ સંબંધનો એમાં કોઈ મુખ્ય પ્રસંગ નથી. મુખ્ય પ્રસંગ, વિસ્મૃતિનો હેતુ એવી કથા થાય છે; માટે તે પ્રકારના વિચારનો કે શોધનો નિર્ધાર લેવાની ઇચ્છા કરવા કરતાં ત્યાગી દેવી સારી છે; અને તે ત્યાગ્યે સહેજે નિર્ધાર થાય છે.**

**આત્મામાં વિશેષ આકુળતા ન થાય તેમ રાખશો. જે થવા યોગ્ય હશે તે થઈ રહેશે. અને આકુળતા કરતાં પણ જે થવા યોગ્ય હશે તે થશે, તેની સાથે આત્મા પણ અપરાધી થશે.**

## તા. ૧-૮-૧૯૯૦, પત્રાંક – ૪૯૪
## પ્રવચન નં. ૧૯૪

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૯૪. પાનું ૩૯૬. 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે.

**'અત્રે હાલ કંઈક બાહ્ય ઉપાધિ ઓછી વર્તે છે.'** એટલે કામનું દબાણ, પ્રવૃત્તિ કાંઈક ઓછી છે. **'તમારા પત્રમાં પ્રશ્નો છે તેનું સમાધાન નીચે લખ્યાથી વિચારશો.'** આ પત્રમાં પૂર્વકર્મ અને એ પૂર્વકર્મના ઉદયનો ભોગવટો જ્ઞાનીને અને અજ્ઞાનીને નિકાચિત કર્મ અને જે કર્મની અંદર પરિવર્તન થાય છે, ફેરફાર થાય છે એ સંબંધીની કેટલીક ચર્ચા કરી છે.

**'પૂર્વકર્મ બે પ્રકારનાં છે, અથવા જીવથી જે જે કર્મ કરાય છે તે બે પ્રકારથી કરાય છે.'** શું કહે છે ? જ્યારે કર્મના બે પ્રકાર છે તો એનો અર્થ એ છે કે જીવના જે પરિણામથી તે કર્મ કરવામાં આવે છે તેના પણ બે પ્રકાર છે. કર્મમાં બે પ્રકાર ઉત્પન્ન થયા એનો અર્થ એ થાય છે કે જીવના પરિણામમાં પણ બે પ્રકારના પરિણામ

જીવોને થાય છે.

**'એક પ્રકારનાં કર્મ એવા છે, કે જે પ્રકારે કાળાદિ તેની સ્થિતિ છે, તે જ પ્રકારે તે ભોગવી શકાય.'** એટલે પહેલું કર્મ એવું લીધું કે એનો જે કાળ છે એમાં ફેરફાર થતો નથી. આદિ એટલે ? પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ. એમાં સ્થિતિને કાળ કહે છે. અનુભાગ - એની પ્રકૃતિમાં ફેર પડે નહિ, એના અનુભાગમાં ફેર પડે નહિ, એના કાળ એટલે સ્થિતિમાં ફેર પડે નહિ. એમ એના કોઈ જથ્થામાં-સંખ્યામાં ફેર પડે નહિ. આદિમાં ચારે લઈ લેવા.

મુમુક્ષુ :- તીવ્ર, મંદથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તીવ્ર, તીવ્ર અનુબંધ કર્યો હોય. એમાં એની પ્રકૃતિ એવી તીવ્ર હોય, એની સ્થિતિ એવી પડે કે એને એમાં કાંઈ ફેરફાર જ થાય નહિ. તે જ પ્રકારે, જે પ્રકારે બાંધ્યું હોય તે જ પ્રકારે ભોગવવું પડે.

**'બીજો પ્રકાર એવો છે, કે જ્ઞાનથી, વિચારથી કેટલાંક કર્મ નિવૃત્ત થાય.'** બીજો એવો પ્રકાર કર્મનો છે કે જીવને જ્ઞાનદશા પ્રગટ થાય અથવા અમુક પ્રકારની વિચારદશા થાય અથવા જે પ્રકારના ભાવથી કર્મો બાંધ્યા હોય એનાથી વિરૂદ્ધ ભાવ થાય, અશુભ બાંધ્યો હોય એનાથી વિરૂદ્ધ શુભ થાય. શુભથી બંધાણું હોય એનાથી વિરૂદ્ધ અશુભ થાય. એમ. તો એવા **'કેટલાંક કર્મ નિવૃત્ત થાય.'** તો એ કર્મની અંદર ફેરફાર થાય છે. અથવા એ કર્મ ફરી જાય છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વને કારણે કર્મ બંધાણા હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પણ બે પ્રકાર છે. બે પ્રકાર છે. મિથ્યાત્વ દશામાં બંધાતા કર્મના બે પ્રકાર છે. એક જ્ઞાને કરીને ફેરફાર થાય. એક જ્ઞાન થાય તો પણ ફેરફાર ન થાય. એમ.

**'જ્ઞાન થવા છતાં પણ જે પ્રકારના કર્મ અવશ્ય ભોગવવા યોગ્ય છે તે પ્રથમ પ્રકારનાં કર્મ કહ્યા છે;...'** પહેલો જે પ્રકાર દર્શાવ્યો તે. **'અને જે જ્ઞાનથી ટળી શકે છે તે બીજા પ્રકારનાં કર્મ કહ્યાં છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થવા છતાં...'** ઉત્કૃષ્ટ દૃષ્ટાંત લે છે. સમ્યગ્જ્ઞાન નહિ પણ, **'કેવળજ્ઞાન ઉત્પન્ન થવાં છતાં દેહનું રહેવું થાય છે, તે દેહનું રહેવું એ કેવળજ્ઞાનીની ઇચ્છાથી નથી, પણ પ્રારબ્ધથી છે,...'** આ દૃષ્ટાંત આપ્યો. કેવળજ્ઞાન થાય પછી તરત બધા કેવળજ્ઞાનીનો મોક્ષ સિદ્ધપદમાં જવું બનતું

નથી. દેહ રહી જાય છે. તો એ દેહનું રહેવું જે થાય છે તે પૂર્વ પ્રારબ્ધને લઈને છે. એટલે આયુષ્ય છે એમાં ફેર નથી થતો. ખાસ કરીને ઉદયમાન જે કર્મ હોય છે એમાં ફેર નથી થતો. ઉદયાવલીમાં આવે છે એમાં પણ ફેર નથી થતો. અને એ સિવાય સત્તાની અંદર કેટલાક નિધત, નિકાચિત હોય છે એમાં પણ ફેરફાર નથી થતો. એમ લેવું.

મુમુક્ષુ :– સર્વ જીવ...

પૂજ્ય ભાઈશ્રી :– એમાં બે પ્રકાર છે. એમાં તીર્થંકર પ્રકૃતિ બંધાય છે કોઈને. કોઈને તીર્થંકર પ્રકૃતિ નથી બંધાતી. એ જીવ સામાન્ય કેવળી થાય તો પણ કોઈવાર દેશનાનો એને યોગ બને છે, કુદરતી. એની વાણી છૂટે છે, એનું સમવસરણ રચાય છે એવું બને છે. પણ એવું કોઈકને (થાય છે). સામાન્યપણે તીર્થંકરદેવ હોય છે એને તો એવું જ થાય છે.

**'એટલું સંપૂર્ણ જ્ઞાનબળ છતાં...'** હવે શું કહે છે ? કેવળજ્ઞાન એટલે **'સંપૂર્ણ જ્ઞાનબળ છતાં...'** અને સંપૂર્ણ વીર્યબળ છતાં. અનંત વીર્ય પ્રકાશ્યું છે. **'પણ તે દેહસ્થિતિ વેદ્યા સિવાય કેવળજ્ઞાનીથી પણ છૂટી શકાય નહીં, એવી સ્થિતિ છે;...'** આને અનુસરીને પહેલી વાત ચાલી છે કે જો દેહ છે તો દેહની શાતા-અશાતા છે. વેદનીય કર્મ પણ હજી છૂટ્યું નથી. આયુષ્યકર્મ જેમ છૂટ્યું નથી એમ વેદનીય છૂટ્યું નથી. માટે કેવળીને પણ અશાતા વેદનીય હોય છે. એને ભોગવવી પડે છે. એ પ્રકાર લે છે. પણ રોગ ઉત્પન્ન થાય અને રોગનો ઇલાજ કરવો પડે, એટલી હદે ત્યાં એવી પરિસ્થિતિ હોતી નથી. અહીંથી એ વાત લંબાણી છે. દેહ છે ને ? તો દેહને અનુસરીને શાતા-અશાતા છે. વેદનીયનો પણ ઉદય છૂટ્યો નથી. પણ શાતા વેદનીય છે ત્યાં. મુખ્યપણે તો શાતાવેદનીય છે. અશાતા વેદનીય કેટલી છે કે એ સમુદ્રની અંદર કોઈ ઝેરનું ટીપું નાખે તો એથી સમુદ્રનું પાણી પીને કોઈને ઝેર ચડે એવું બનતું નથી. એટલી અશાતા વેદનીય હોય છે.

**'એવી દેહસ્થિતિ વેદ્યા સિવાય કેવળજ્ઞાનીથી પણ છૂટી શકાય નહીં, એવી સ્થિતિ છે; જોકે તેવા પ્રકારથી છૂટવા વિષે કોઈ જ્ઞાનીપુરુષ ઇચ્છા કરે નહીં;...'** શું કહે છે ? કે એ જે કર્મ રહી ગયા, એનો જે કંઈ ઉદય આવે, એનાથી એ ઉદય મને ન આવે તો સારું એવી રીતે જ્ઞાની કર્મના ભોગવટામાંથી છૂટવાની ઇચ્છા કરે નહિ. **'તથાપિ**

**અત્રે કહેવાનું એમ છે કે, જ્ઞાનીપુરુષને પણ તે કર્મ ભોગવવા યોગ્ય છે; તેમ જ અંતરાયાદિ અમુક કર્મની વ્યવસ્થા એવી છે કે, તે જ્ઞાનીપુરુષને પણ ભોગવવા યોગ્ય છે,..'** હવે અઘાતિમાં લીધા, અંતરાય પણ લીધો એમાં. કે **'તે જ્ઞાનીપુરુષને પણ ભોગવવા યોગ્ય છે.'**

**'અર્થાત્ જ્ઞાનીપુરુષ પણ તે કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત કરી શકે નહીં.'** એવી કેટલીક સ્થિતિ છે. એવા કેટલાક કર્મ છે કે જ્ઞાની પણ એને ભોગવ્યે નિવૃત્ત કરે છે. ભોગવ્યા સિવાય એ ખરી જાય છે, અભાવ થાય છે એવું બનતું નથી. **'સર્વ પ્રકારનાં કર્મ એવાં છે, કે તે અફળ હોય નહીં; માત્ર તેની નિવૃત્તિના પ્રકારમાં ફેર છે.'** આમ તો બધાં કર્મો ઉદયમાં તો આવી જ જાય છે. બંધાણા પછી ઉદય નહિ આવે એવું નહિ બને, પણ નિવૃત્તિમાં ફેર પડી જાય. કોઈ બંધાણા હોય તેવાને તેવા ઉદયમાં આવે, કોઈ ફેરફાર થઈને ઉદયમાં આવે. પાપના પુણ્યમાં થઈને ઉદયમાં આવે અથવા તો અનુભાગ ઘટીને ઉદયમાં આવે અથવા એના નિષેકો ઘટીને ઉદયમાં આવે. એ બધા પ્રકાર સંભવિત છે.

છેલ્લે છેલ્લે જે કર્મનો ઉદય છે એમાં છેલ્લા પ્રકારનો અનુભાગ છે. જે કર્મની પ્રકૃતિ ખલાસ થવાની હોય, ક્ષય થવાની હોય, પૂરી થઈ જવાની હોય અને એ કર્મના ઉદયમાં નવું કર્મ ન બંધાય, ત્યારે એ કર્મની ઉદયની સ્થિતિ કેવી હોય ? બેહદની એની મંદતા હોય. જેમ કે એકગુણ પરમાણુની ચીકાશ બીજા પરમાણુને બાંધતી નથી. પછી બેથી ચાર થાય, ત્રણથી પાંચ થાય પણ એક ગુણવાળો ન બંધાય. એ જે કુદરતની વ્યવસ્થા છે સ્કંધની અંદર કે એક ગુણ પરમાણુની લુખાશ-ચીકાશ હોય એ કોઈ બીજા પરમાણુ સાથે સ્કંધ થવાને યોગ્ય નથી. પણ એથી વધારે થાય. બે ગુણ, ત્રણ ગુણ થાય ત્યારે પછી એ બંધાય.

એવી જ રીતે અનુભાગનો એક ગુણ છેલ્લો ઉદયમાં રહ્યો હોય તો એ નવા વિભાવ થવાનું નિમિત્ત પડતું નથી. અને એને લઈને નવા કર્મ બંધાવાનું પણ ભાવનું નિમિત્ત પણ નવા કર્મને મળતું નથી. ન તો ભાવને વિભાવ થવાનું નિમિત્ત મળે છે. ન તો તે ભાવથી કોઈ નવા કર્મો બંધાવાનું નિમિત્ત બને છે. આ છેલ્લી પરિસ્થિતિ હોય છે. તો એ સત્તાની અંદર જ એટલો ફેરફાર થઈ જાય છે. એવી રીતે એ ઉદયમાં આવે છે. આ કર્મની ચર્ચા કરી છે.

**'એક, જે પ્રકારે સ્થિતિ વગેરે બાંધ્યું છે, તે જ પ્રકારે ભોગવવા યોગ્ય હોય છે.'** એક તો એ વાત લીધી નિધત, નિકાચિતની. **'બીજાં, જીવના જ્ઞાનાદિ પુરુષાર્થધર્મે નિવૃત્ત થાય એવા હોય છે.'** જીવના જ્ઞાનથી, જીવના પુરુષાર્થધર્મથી એની અંદર મોટા ફેરફાર થઈ જાય. **'જ્ઞાનાદિ પુરુષાર્થધર્મે નિવૃત્ત થાય એવા કર્મની નિવૃત્તિ જ્ઞાનીપુરુષ પણ કરે છે;...'** અથવા સહેજે જ્ઞાનીપુરુષના પરિણામથી એવી નિવૃત્તિ થાય છે એમ લેવું. **'પણ ભોગવવા યોગ્ય કર્મને જ્ઞાનીપુરુષ સિદ્ધિઆદિ પ્રયત્ને કરી નિવૃત્ત કરવાની ઇચ્છા કરે નહીં એ સંભવિત છે.'** પૂર્વે પાપકર્મ બાંધ્યું. એને પોતે પોતાના જ્ઞાન અને પુરુષાર્થથી અથવા રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ કરીને એ પાપના ઉદયને ન ભોગવીએ અને પ્રતિકૂળતા ન આવે એમ કરીએ, એવી ઇચ્છા જ્ઞાની કરતા નથી. તો પછી જ્ઞાની અને અજ્ઞાનીમાં ફેર શું ? અજ્ઞાની પણ પ્રતિકૂળતાથી ડરે છે અને જ્ઞાની પણ પ્રતિકૂળતાથી ડરે છે. તો બંનેને પ્રતિકૂળતા તો પ્રતિકૂળતાનું અનિષ્ટપણું રહ્યું. તો અનુકૂળતાનું ઇષ્ટપણું પણ રહ્યું. ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ તો જ્ઞાનીને છે નહિ. ગમે તે પ્રકાર પૂર્વે બંધાયેલા કર્મનો ઉદયમાન થાય તો પણ માત્ર જ્ઞાતાભાવે રહેવું એવો જ્ઞાન અને પુરુષાર્થ ધર્મ જ્ઞાનીનો હોય છે.

આ ચર્ચા એટલા માટે કરે છે કે જીવને સમાધાન થતું નથી. કર્મનો ઉદય આવે ત્યારે જીવને સમાધાન નથી થતું. આમ નહોતું થવું જોઈતું... આમ નહોતું થવું જોઈતું... આમ નહોતું થવું જોઈતું. પણ એ પ્રકાર જ્ઞાને કરીને અસમાધાનનો રહેતો નથી. જ્ઞાનથી સર્વ સમાધાન થાય છે એમ લેવું છે.

**'કર્મને યથાયોગ્યપણે ભોગવવા વિષે જ્ઞાનીપુરુષને સંકોચ હોતો નથી.'** જેવું ઉદયમાં આવે તેને તે જ પ્રકારે ભોગવવું એમાં ફેરફાર ન ઇચ્છવો એ જ પ્રકાર જ્ઞાનીને હોય છે. એમાં સંકોચ કરવો કે આમ ન થાય તો સારું, આટલું આમ ન થાય તો સારું. એ પ્રકાર જ્ઞાનદશામાં નથી. **'કર્મને યથાયોગ્યપણે ભોગવવા વિષે જ્ઞાનીપુરુષને સંકોચ હોતો નથી.'** જુઓ ! આ જ્ઞાનદશાનું લક્ષણ લીધું છે. વિલક્ષણતા જેને કહી છે એ આ પ્રકાર છે. અજ્ઞાનદશામાં જે કર્મના ઉદયમાં મીઠાશ આવે, રસ આવે, વહાલપ આવે, એ વધુ ને વધુ એવો ઉદય રહે એમ જીવ ઇચ્છે છે. જે કર્મના ઉદયમાં જીવને પ્રતિકૂળતા, તકલીફ અને દુઃખ વેદાય એ ન હોય તો સારું અને જલ્દી એનો નાશ થઈ જાય તો સારું એમ જીવ ઇચ્છે છે. એ બંને પ્રકાર જ્ઞાનીને હોતા નથી.

પ્રતિકૂળતામાં સંકોચ નહિ, અનુકૂળતાનો લોભ નહિ. એ બંને પ્રકાર જ્ઞાનદશાની અંદર આવે છે.

**'કોઈ અજ્ઞાનદશા છતાં પોતા વિષે જ્ઞાનદશા સમજનાર જીવ કદાપિ ભોગવવા યોગ્ય કર્મ ભોગવવા વિષે ન ઇચ્છે તો પણ ભોગવ્યે જ છૂટકો થાય એવી નીતિ છે.'** જોયું ? હવે જ્ઞાનદશા સમજે, હોય અજ્ઞાનદશા. એટલે એને પ્રતિકૂળ કર્મો ભોગવવાની ઇચ્છા રહે નહિ. એને એમ થાય કે આવું ન હોય તો સારું, આમ ન બને તો સારું... આમ ન બને તો સારું. એમ થયા વગર રહે જ નહિ એને. એનું અજ્ઞાન છે એનો ભાવ ભજવ્યા વિના અજ્ઞાન રહે નહિ. જ્ઞાન, જ્ઞાનનો ભાવ ભજવ્યા વિના રહે નહિ, અજ્ઞાન અજ્ઞાનનો ભાવ ભજવ્યા વિના રહે નહિ.

**'કોઈ અજ્ઞાનદશા છતાં પોતા વિષે જ્ઞાનદશા સમજનાર જીવ કદાપિ ભોગવવા યોગ્ય કર્મ ભોગવવા વિષે ન ઇચ્છે...'** એવું એને બને કે ભોગવવા યોગ્ય કર્મો હોય પણ મારે ભોગવવું નથી. એમ એને ઇચ્છા થાય **'તોપણ ભોગવ્યે જ છૂટકો થાય એવી નીતિ છે.'** એવી પદ્ધતિ છે કે એ ભોગવ્યે જ છૂટકો થાય. એમાં એની કૃત્રિમતા કામ આવતી નથી.

**'જીવનું કરેલું જો વગર ભોગવ્યે અફળ જતું હોય, તો પછી બંધમોક્ષની વ્યવસ્થા ક્યાંથી હોઈ શકે ?'** આ સીધી વાત છે. જો પોતે બાંધેલું કર્મ એને ભોગવવાનું ન હોય તો પછી બંધ-મોક્ષની જગતમાં વ્યવસ્થા જ નથી રહેવાની. કેમ કે કોઈ ગમે તેવા કર્મો બાંધશે એને ભોગવવા નહિ પડે. બીજો એનો ઇલાજ કરી લેશે ઉદય આવ્યા પહેલા. કાંઈક એનો રસ્તો કરશે. એ વાત બની શકવા યોગ્ય નથી. આ જે કુદેવાદિની શ્રદ્ધા છે, દેવ-દેવલાની શ્રદ્ધા રાખે છે ને લોકો ? કે અમને એ મદદ કરે, અમારી પ્રતિકૂળતાઓ દૂર કરે, અમારી ભીડના ટાઈમમાં અમને મદદ કરે.

મુમુક્ષુ :– ... કર્મ બાંધ્યા હોય એનું શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– તો પછી બંધ-મોક્ષની (વ્યવસ્થા નથી રહેતી). પોતે કર્મ બાંધે માઠા પરિણામથી અને બીજો દેવ આવીને એનો ઉદય ફેરવી નાખે કે નહિ, મારો ભક્ત છે માટે એને પાપનો ઉદય નથી ભોગવવો. એને પુણ્યનો ઉદય કરી નાખીએ. તો જગતમાં બંધ-મોક્ષની કોઈ વ્યવસ્થા રહે નહિ. તમામ અંધશ્રદ્ધા ખલાસ થાય એવું છે.

અને જે લોકો જૈન હોવા છતાં નથી સમજતા અને મંદિરજીમાં વીતરાગદેવની

સામે અપેક્ષા રાખે છે. બે રીતે અંધશ્રદ્ધા છે. એક કુદેવની છે, એક માનેલા સુદેવ પણ છે એને માટે તો એ કુદેવ જ છે. એને કોઈ સુદેવ જેવી ખબર નથી કે આ વીતરાગ છે અને એની પાસે કાંઈ અનુકૂળતા-પ્રતિકૂળતાની માગણી કરવાનો અર્થ જ નથી. એ તો નિરર્થક વાત છે. એની એને ખબર નથી. એ પણ કુદેવ અને બીજા સમજીને બેસે એમ કુદેવવત્ વ્યવહાર કરે છે. એવા પરિણામ કરે છે. એ વાત પણ ક્યાંય ટકતી નથી. એથી કોઈને લાભ થાય એ વાત અસંભવિત અને અશક્ય છે.

મુમુક્ષુ :– પાપ સંક્રમણ પામી જાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એવા કેટલાક કર્મમાં એવું બને. બધામાં ન બને. કેટલાકમાં બને. એવા મંદ સ્થિતિ, અનુભાગથી બાંધ્યા હોય તો એવા ફેરફાર થાય ખરા. ન જ થાય એમ નથી. એટલે બે પ્રકાર લીધા કે જીવના પરિણામ પણ બે પ્રકારના છે અને કર્મની પરિસ્થિતિમાં કર્મના પ્રકારમાં પણ બે પ્રકાર સામે બંધાય છે. એકમાં ફેરફાર થાય, એકમાં ફેરફાર ન થાય.

મુમુક્ષુ :– જેમ શ્રેણિકરાજાની સાતમી નારકીમાંથી પહેલી નારકી થઈ ગઈ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ ફેરફાર થાય. કેટલાકમાં ફેરફાર થાય, કેટલાકમાં ફેરફાર ન થાય. તો શું ફેર થયો ? કે સ્થિતિનો ફેર પડ્યો. ૩૩ સાગરના બદલે ૮૪ હજાર વર્ષ આવ્યા.

મુમુક્ષુ :– ગતિ ન ફરી.

પૂજ્ય ભાઈશ્રી :– ગતિ ન ફરી.

મુમુક્ષુ :– શું કર્યું કે સ્થિતિ કરી ?

પૂજ્ય ભાઈશ્રી :– એ આ જ્ઞાને કરીને પોતે, ક્ષાયિક સમ્યગ્દર્શન ઉત્પન્ન કર્યું. ભગવાન મહાવીર સ્વામીના સમવસરણમાં ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હતું. સ્થિતિ ફરી પણ ગતિ ન ફરી. એમ થયું. તો ગતિ છે એ નિકાચિત બંધાણી હતી. નારકીની જે ગતિ છે એ નિકાચિત હતી. એમાં ફેરફાર થાય એમ નથી. સ્થિતિમાં ફેર પડ્યો. એ પણ આયુષ્ય ઉદયમાં નહોતું આવ્યું એટલે. નહિતર ફેર ન પડે. કેટલાક જીવોને સાતમી નારકીમાં સમ્યગ્દર્શન થાય છે તો અહીંયાં એને ૩૩ સાગરનું આયુષ્ય ભોગવવામાં વર્ષ ટુંકાઈ જાય એવું ન બને કાંઈ. એ ૩૩ સાગર પૂરા કર્યે જ છૂટકો. કેમ કે ઉદયમાન છે ત્યાં. એવી રીતે.

મુમુક્ષુ :- આયુષ્યનો જ્યારે બંધ પડે છે ત્યારે એક હારે થઈ જાય કે...

પૂજ્ય ભાઈશ્રી :- એકસાથે એટલે ?

મુમુક્ષુ :- કર્મની સ્થિતિ એક સાથે...

પૂજ્ય ભાઈશ્રી :- પડે બધું સાથે. પણ એમાં કેટલોક ફેરફાર થવા યોગ્ય હોય, કેટલોક ફેરફાર (ન થવા યોગ્ય હોય). ગતિ કર્મ છે. એમાં ફેરફાર થવા યોગ્ય હોય છે. આયુષ્યમાં કોઈ વખત આમાં ફેરફાર થવા યોગ્ય હોય. એમ જુદાં જુદાંમાં ફેરફાર થવા યોગ્ય હોય તો થાય. સ્થિતિ આદિમાં. ન થવા યોગ્ય હોય એમાં ન થાય. એટલે આખો વિષય જે છે એ તો જીવના પરિણામના વિજ્ઞાનનો અને કર્મના વિજ્ઞાનનો છે. સર્વથા તો કેવળીગમ્ય છે. પણ પ્રયોજનભૂત પોતના સમાધાન અર્થે કેટલીક મુખ્ય મુખ્ય વાતો જીવે વિચારવી જોઈએ. સર્વથા સર્વ ભેદો કેવળજ્ઞાન સિવાય કોઈને ગમ્ય નથી. આંશિક જ્ઞાન છદ્મસ્થને, આચાર્યોને, ગણધરોને થાય છે. સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન સિવાયનું નથી. એટલા બધા અનંત પ્રકારે કર્મના ભેદ-પ્રભેદો છે.

મુમુક્ષુ :- શાસનદેવ ઉપસર્ગ નહિ ટાળી શકે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કોઈ ન ટાળી શકે. શાસનદેવ પણ ન ટાળી શકે. જો શાસનદેવ ફેરફાર કરતા હોય તો તીર્થંકરો શાસન ચલાવે છે. એ કાળ શું કરવા સમાપ્ત કરવા દે શાસનદેવ ? ભગવાન મહાવીર સ્વામી ૩૦ વર્ષ સુધી કેવળજ્ઞાને લઈને શાસન ચલાવ્યું. હવે એ શાસન શું કરવા પૂરું કરવા દે ? ૩૦ વર્ષની સામાન્ય અવધી કહેવાય એ તો. ૩૦ વર્ષ એટલે કાંઈ ન કહેવાય. ક્યાં 'ઋષભદેવ' ભગવાને લાખો-કરોડો-અબજો વર્ષ સુધી શાસન ચલાવ્યું. મહાવીર સ્વામીએ ૩૦ વર્ષ સુધી ચલાવ્યું. તો શાસનદેવ ક્યાં ગયા હતા મહાવીરસ્વામી વખતે ? સૂઈ ગયા હતા ક્યાંય ?

આ 'શ્રીમદ્જી' લ્યો. બહુ સમર્થ પુરુષ થયા. જેમનો પત્ર આપણે વાંચીએ છીએ. સમર્થ પુરુષ થયા. શાસન ચલાવી શકે એવું સામર્થ્ય હતું એમનામાં. ઘણા ઘણા વિષયોના જ્ઞાતા હતા. અને અસાધારણ શક્તિ ધરાવતા હતા. ભરયુવાન વયે દેહ છોડી દીધો. આ મહાપુરુષ થયા છે. આવો કળિકાળ છે, ઘણા જીવો નજીક આવ્યા છે. છેલ્લે નિવૃત્તિમાં આવ્યા હતા એતો. ૨૮-૨૯ વર્ષ પછી નિવૃત્તિમાં આવ્યા છે. નિવૃત્તિમાં આવ્યા, પુરુષાર્થ ઉપાડ્યો. પુરુષાર્થ એવો ઉપાડ્યો કે પૂર્ણ થઈ જવું છે એવો ઉપાડ્યો. ત્યાં શરીરે દગો દીધો. શાસનદેવ કેમ આવ્યા નહિ એમનો રોગ

મટાડવા ? આયુષ્ય વધારવા આવવા જોઈએ કે ન આવવા જોઈએ ? ઇચ્છવા જેવી વાત છે કે નહિ ? એમાં ઇચ્છા કોઈની કામ આવતી નથી. કોઈ ઇચ્છા કામ આવતી નથી. આ પંચમકાળ છે. શાસન નિંદાય છે. શાસનની અંદર અનેક પ્રકારના બખડજંતર ઊભા થાય છે. વિંખાય છે શાસન, લૂંટાય છે શાસન. ક્યાં શાસનદેવ સૂતા છે ?

મુમુક્ષુ :– મંદિરો અને મૂર્તિઓ તોડી નાખી.

પૂજ્ય ભાઈશ્રી :– હા. આ મુસલમાનોએ તોડી, હિન્દુઓએ તોડી, બ્રાહ્મણોએ તોડી. કેટલાય જિનમંદિરોનો નાશ કર્યો, પ્રતિમાઓનો નાશ કર્યો. શાસનદેવે આવવું જોઈએ કે ન આવવું જોઈએ ? કોઈ કાંઈ ફેરફાર કરી શકે, એક પરમાણુને કોઈ પર્યાયમાં પલટતું ફેરફાર કરી શકે, એ કોઈના ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્રના અધિકારનો વિષય નથી. કાંઈ ફેરફાર ન થઈ શકે.

મુમુક્ષુ :– ફેરફાર કરે તો જૈનના સિદ્ધાંત તૂટે.

પૂજ્ય ભાઈશ્રી :– તો બંધ-મોક્ષની કોઈ વ્યવસ્થા જ રહેતી નથી, એમ કહે છે. જે પરિણામે બંધ કર્યો છે એ પરિણામે એ બંધ એ જ પ્રકારે યથાર્થ છે. .. છે અને બંધ-મોક્ષની વ્યવસ્થા જૈનદર્શનમાં છે એવી કોઈ જગ્યાએ નિરૂપણ થયેલી જોવામાં આવતી નથી. કેમ કે સર્વજ્ઞ નથી. આ તો સર્વજ્ઞગોચર વિષય છે. સર્વજ્ઞ વગર કેવી રીતે નિરૂપણ કરે ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એવા બને ખરા. પણ એ તો અજ્ઞાનદશા.

મુમુક્ષુ :– એવા દૃષ્ટાંત જ્યારે મળી જાય જે પુણ્યની મીઠાશ, પુણ્ય...

પૂજ્ય ભાઈશ્રી :– હા. મારું પણ થાય તો સારું. એવા પુણ્યયોગ બને છે ક્યારેક. તો બને. એને કોઈ મૂલ્ય નથી, એનું કોઈ મૂલ્ય નથી. એની કોઈ કિંમત નથી. બહારના ફેરફારોની, પુણ્યના ઉદયોની, પુણ્યના ફળની આ માર્ગમાં પુણ્યના ફળની કોઈ કિંમત નથી. પુણ્યની કે પુણ્યના ફળની આ માર્ગને વિષે જરા પણ કિંમત નથી. એવો આ એક બીજી જાતનો માર્ગ છે.

મુમુક્ષુ :– અહીંયાં પણ એ જ લાગુ પડે ને કર્મ વ્યવસ્થા... ઉદય આવે ત્યારે..

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો બનવા યોગ છે. એવું બને. અને એ તો એવી રિદ્ધિ-સિદ્ધિના ચમત્કાર તો અજ્ઞાનીને બને છે. જ્ઞાનીને બને એમાં શું નવીન છે ?

બને. પણ બધાને બને જ એવું કોઈ નથી.

મુમુક્ષુ :- લોટરીનુ પોતે ઇંતજાર કરે ? પોતાને કેમ ન આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અહીંયાં વાત છે કે જ્ઞાની એવું ઇચ્છે નહિ. ઇચ્છે તે જ્ઞાની હોય નહિ. એમ કહે છે. એવી મદદ મને મળી જાય એવું ઇચ્છનાર જ્ઞાની નથી. જ્ઞાનીને એવી ઇચ્છા થતી નથી. એ તો વાત કરે છે પોતે. એ તો પત્રનો વિષય છે. મૂળ વિષય જ એ છે. કહેવા એ ધારે છે.

મુમુક્ષુ :- ખરેખર તો... કે સહેજ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સહજ જ. ઇચ્છા-બિચ્છા કાંઈ નહિ. સહેજે જેવું આ બાજુ પોતાનું પરિણમન બદલ્યું કે આ બાજુ કર્મના પરમાણુ બદલી ગયા. એને ખબર પણ ન હોય. જરૂર નથી કે એને ખબર હોય. અને બધા કર્મો બંધાય છે અને ફેરફાર થાય છે એ ક્યાં જીવને ખબર પડે છે ? એ છદ્મસ્થોનો વિષય ક્યાં છે ? કેવળી પાસેથી સાંભળવા મળે એ બીજી વાત છે પણ એનો પોતાનો છદ્મસ્થનો સીધા જ્ઞાનનો એ વિષય જ નથી.

કર્મના પરમાણુ એવી સૂક્ષ્મ પર્યાયે પરિણમિત છે કે કોઈ કાર્મણવર્ગણાના પરમાણુ છદ્મસ્થને સીધા ઇન્દ્રિયજ્ઞાન ગોચર થતાં જ નથી, મનગોચર થતાં જ નથી. પછી ક્યાં સવાલ છે ? સીધું જ્ઞાન તો કોઈને ન થાય. એમ. કોઈને જ્ઞાન થાય છે એ તો એવા કેવળજ્ઞાનીની વાણીમાં આવે તો એ વિષયની ખબર પડે છે. નહિતર કોઈને છદ્મસ્થને એ જ્ઞાન થઈ શકે નહિ. પોતાના કર્મનું કે બીજાના કર્મનું. આ લોકમાં કાર્મણવર્ગણાના પરમાણુઓ ઠાંસીને ભરેલા છે. કાંઈ દેખાય નહિ. ભાષાવર્ગણાના છે, કાંઈ દેખાય નહિ. એ સિવાય અનંતા છે, કાંઈ દેખાય નહિ. સૂક્ષ્મ પર્યાયે પરિણમેલા હોય એનું કાંઈ જ્ઞાન ન થાય.

**'વેદનીયાદિ કર્મ હોય તે ભોગવવા વિષે અમને નિરિચ્છા થતી નથી.'** જુઓ ! ૨૭ મે વર્ષે (લખે છે). હજી વેદનીય તો પાછળથી આવવાનું છે. અત્યારથી તૈયારી છે કે **'વેદનીયાદિ કર્મ હોય તે ભોગવવા વિષે અમને નિરિચ્છા થતી નથી.'** અમને કાંઈ એમ નથી થતું કે રોગ ન આવે તો સારું, માંદા ન પડી જવાય તો સારું, શરીરની અશક્તિ ન આવે તો સારું, આયુષ્ય લંબાઈ જાય તો સારું. એવી ઇચ્છા અમને થતી નથી.

મુમુક્ષુ :– પંખો કરે તો સ્વાધ્યાય સારો થાય ને. વિકલ્પ ન થાય, આકુળતા ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ પહેલેથી પરિણામ બગાડ્યા છે. પંખો ફરે તો સારું, ત્યાંથી જ પરિણામ બગડ્યા. પછી વળી પાછળ બગાડવાનું ક્યાં બાકી જ રહે છે ? જીવે હિસાબ જ એવો ગણ્યો છે કે તીવ્ર કષાય થાય તો એને એમ લાગે છે કે હું અપરાધ કરું છું. મંદ કષાય થાય તો એને એમ લાગે છે કે હું અપરાધ નથી કરતો. આ સિવાય બીજું શું છે એને ? આકુળતા થઈ તો કહે આવું ન થવું જોઈએ. નિરાકુળતા થઈ તો કહે બસ, હવે આ મને ઠીક છે. ત્યાં સંતોષ પકડી લે છે. પરિણામે બહાર નીકળતો નથી. ત્યાંને ત્યાં રોકાય છે.

**'વેદનીયાદિ કર્મ હોય તે ભોગવવા વિષે અમને નિરિચ્છા થતી નથી. જો નિરિચ્છા થતી હોય, તો ચિત્તમાં ખેદ થાય કે, જીવને દેહાભિમાન છે...'** અભિમાન એટલે અહંપણું અહીંયાં લેવું. જીવને દેહાત્મબુદ્ધિ છે **'તેથી ઉપાર્જિત કર્મ ભોગવતાં ખેદ થાય છે, અને તેથી નિરિચ્છા થાય છે.'** પોતા ઉપર ઉતારીને વાત લીધી. કર્મના સિદ્ધાંતની વાત પોતા ઉપર ઉતારીને કરી. અમને વેદનીયકર્મ ભોગવવાની ઇચ્છા અને ન ભોગવાય, ભોગવવા વિષે એવી નિરિચ્છા અમને થતી નથી. એટલે તો આવે છે ને ? આપણે જે લઈએ છીએ આમાં કે, ઉદયમાન કર્મમાં ભોગવવા ઇચ્છા-નિરિચ્છા એવું કાંઈ નથી. ઇચ્છા-અનિચ્છા એવું કાંઈ નથી. ન તો ભોગવવાની ઇચ્છા છે, ન તો નહિ ભોગવવાની ઇચ્છા છે. બેમાંથી એક પણ નથી એમ કહે છે. એટલે એનું જ્ઞાન કરીએ છીએ. જે પ્રકારે ઉદય આવે છે એનું ફક્ત અમે જ્ઞાન કરીએ છીએ. અને જો રોગ અથવા વેદનીય કર્મ અશાતા ભોગવવાની નિરિચ્છા થતી હોય એટલે ઇચ્છા ન થતી હોય તો ચિત્તમાં ખેદ થાય. એને ખેદ થાય કે ક્યાં રોગ આવી પડ્યો ? આ રોગ ન આવ્યો હોત તો સારું, અને મટી જાય તો સારું.

**'જીવને દેહાભિમાન છે...'** એને દેહમાં અહંપણું છે. આ મને રોગ થયો એમ એને લાગે. આ રોગ મારો છે, મને થયો છે અને મને મટી જાય તો સારું. **'તેથી ઉપાર્જિત કર્મ ભોગવતાં ખેદ થાય છે;...'** અને એને એ વખતે આકુળતા થઈ જાય. ઇચ્છા ન હોય અને રોગ થાય એટલે એને આકુળતા થયા વિના રહે નહિ. **'અને તેથી નિરિચ્છા થાય છે.'** અને એ ખેદ મટાડવા માટે એને એમ થાય છે કે આ રોગ

મટી જાય તો સારું. નહિતર મને દુઃખ થયા કરશે. હું દુઃખી થયા કરીશ. અશાતાને લઈને હું દુઃખી થયા કરીશ. પણ જ્ઞાની દેહથી ભિન્ન પડેલા હોવાને લીધે રોગને જાણે છે. રોગની પીડા થાય તો પણ પીડાને જાણે છે. પણ દુઃખી થઈને ભોગવતા નથી. દુઃખી થઈને નથી ભોગવતા. જાણે છે જરૂર કે અત્યારે વેદના શરૂ થઈ છે. વેદના તીવ્ર થઈ છે અથવા વેદના મંદ થઈ છે. એ વેદનાનું જ્ઞાન કરે છે. જેમ બીજાની વેદનાનું જ્ઞાન કરે એવી રીતે જ્ઞાન કરે છે. જ્ઞાન જુદું રહે છે જાણનાર. વેદના જણાનાર જુદી રહે છે. જ્ઞાનની સત્તામાં એટલે પોતાની સત્તામાં અને પોતાની સત્તામાં એટલે જ્ઞાનની સત્તામાં વેદનાનો અનુભવ થતો નથી. વેદનાની સત્તામાં એને પોતાનો અનુભવ થતો નથી. આમ છે. આવી રીતે જુદા પડીને જાણે છે.

**'મંત્રાદિથી, સિદ્ધિથી અને બીજાં તેવાં અમુક કારણોથી અમુક ચમત્કાર થઈ શકવા અસંભવિત નથી,...'** એટલે કે સંભવિત છે. બે નેગેટીવ એનું એક પોઝિટીવ થાય છે. **'મંત્રાદિથી, સિદ્ધિથી અને બીજા તેવા અમુક કારણોથી...'** દવા વગેરે, ઉપચાર વગેરે, ઇલાજ વગેરે **'અમુક ચમત્કાર થઈ શકવા અસંભવિત નથી,...'** ચમત્કાર જેવો ફેરફાર થાય. **'તથાપિ ઉપર જેમ અમે જણાવ્યાં તેમ ભોગવવા યોગ્ય એવા 'નિકાચિત કર્મ' તે તેમાનાં કોઈ પ્રકારે મટી શકે નહીં;...'** એમાં કોઈ મંત્ર કામ આવે નહિ, કોઈ તંત્ર કામ આવે નહિ, કાંઈ દવા કામ આવે નહિ. કોઈ ચીજ એમાં કોઈ ઇલાજ કામ આવે નહિ. એ ભોગવ્યે જ છૂટકો છે. **'અમુક 'શિથિલકર્મ'ની ક્વચિત્ નિવૃત્તિ થાય છે;...'** જુઓ ! શિથિલ કર્મ લીધા છે. મંદ અનુભાગે કરીને બંધાણા હોય. એવા શિથિલ કર્મ.

મુમુક્ષુ :- શિથિલ કર્મ કેવી રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- મંદ અનુભાગથી. રસ તીવ્ર ન હોય. તીવ્ર રસે કરીને બાંધે એનું જોરદાર બંધન હોય છે. ન છૂટે એવું. મંદ બંધ હોય છે. અનુભાગને જ બંધ મુખ્યપણે કહ્યો છે. પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ અને અનુભાગમાં મુખ્યપણે રસ અથવા અનુભાગને બંધ કહ્યો છે. એટલે અધ્યાત્મના પ્રકરણમાં, અધ્યાત્મના વિષયમાં જીવના પરિણામરસની ચર્ચા વધારે છે.

'સમયસાર'ના 'બંધ અધિકાર'ની અંદર (શ્લોક-૧૬૩માં) એ વાત કરી કે, **'रागोद्गारमहारसेन'** રાગના મહારસથી જે બંધાય છે એને અમે બંધ કહીએ છીએ. અને એના માટે તેલમર્દન કરેલા મલનું દૃષ્ટાંત આપીને રાગની ચીકણાઈ લીધી. એ

ચીકણાઈ છે એ રસ છે. ચીકાશ નહિ થવી જોઈએ. ગમે તે પ્રકાર કર્મના ઉદયના પ્રસંગનો કોઈપણ પ્રકાર આવે, તીવ્ર રસે કરીને જંપલાવે છે એ માઠા પરિણામ છે. (એ તીવ્ર બંધન કરે છે). મંદ રસે કરીને પરિણમે છે એ મંદ બંધન કરે છે. જેનું મંદબંધન છે એ છૂટવું સહેલું છે. તીવ્ર બંધાયેલો જીવ છૂટવો સહેલો નથી. આ તો સમજી શકાય એવી વાત છે.

મુમુક્ષુ :– મંદ પરિણામ કઈ...

પૂજ્ય ભાઈશ્રી :– નુકસાનનો ખ્યાલ આવે. લાભ-નુકસાનનું જ્ઞાન હોય તો સહેજે મંદતા આવી જાય. પછી એથી આગળ જઈને. આ તો પ્રથમ ભૂમિકામાં. ક્યારે અટકે ? માણસ હીચકીચાટ ક્યારે અનુભવે ? નુકસાનનો ખ્યાલ આવે ત્યારે. નુકસાનમાં ઊભો છે અને નુકસાનનો ખ્યાલ ન કરે તો બીજી કઈ જગ્યાએ હવે ખ્યાલ કરવાનો હતો ? એ તો સ્થૂળ વિષય છે. પછી સૂક્ષ્મ વિષયમાં જો જાય તો આત્માનો જે સ્વભાવ છે એ સ્વભાવનું અવલંબન રહે, એ સ્વભાવનું આકર્ષણ રહે, એ સ્વભાવ પ્રત્યે દૃષ્ટિ રહે, એ સ્વભાવની સ્થિરતા રહે, એવું જ્ઞાન રહે તો Automatic વિભાવરસ, આ વિભાવના અભાવ-સ્વભાવી પોતે હોવાથી Automatic જ વિભાવરસ છે એ તીવ્ર નથી થતો. આપોઆપ જ તે. કરવું નથી પડતું કાંઈ એમને. તે સહજ થાય છે જ્ઞાનીને. એટલા માટે કે એને પોતાને પોતાના વિભાવના અભાવ-સ્વભાવિક 'પ્રબળ કષાય અભાવ' એવો જે સ્વભાવ છે એ દૃષ્ટિમાં છે, જ્ઞાનમાં છે અને એનો પુરુષાર્થ વર્તે છે, એ તરફનું આકર્ષણ વધે છે. આપોઆપ જ વિભાવરસ તીવ્ર થતો નથી. એ સહેજ પરિણામ બની જાય છે.

મુમુક્ષુની દશમાં તો એને નુકસાનનું ઓછામાં ઓછું જ્ઞાન હોવું જોઈએ કે મને તીવ્ર રસે કરીને નુકસાન મોટું છે અને એ નુકસાનથી છૂટવું મુશ્કેલ પડે એવું છે માટે એ નુકસાન તો કરવું જ નથી. પછી વિશેષપણે જો અનુકૂળતા હોય વિચારદશાની તો એ પોતાના સ્વરૂપના ચિંતવન મનન આદિમાં આવે. સ્વરૂપને સંભાળે, સંભારે. જેવી જેની યોગ્યતા. પછી તો એકસરખા બધા નથી હોતા મુમુક્ષુ. જેવી જેની યોગ્યતા એ અનુસાર સંભાળે, પોતાની જાતને સંભાળે.

**'અમુક 'શિથિલકર્મ'ની ક્વચિત્ નિવૃત્તિ થાય છે; પણ તે કંઈ ઉપાર્જિત કરનારે વેદ્યા વિના નિવૃત્ત થાય છે એમ નહીં; આકારફેરથી તે કર્મનું વેદવું થાય છે.'** એ

ઉદયમાં જ ન આવે એમ નથી કહેવું. કોઈ બીજી પ્રકૃતિ ઉદયમાં આવે, કોઈ બીજી સ્થિતિએ ઉદયમાં આવે, કોઈ મંદ અનુભાગે ઉદયમાં આવે. એવા બધા ફેરફાર થાય છે. આકારફેર એટલે એનું સ્વરૂપફેર લેવું. એના સ્વરૂપમાં ફેરફાર થઈને ઉદયમાં આવે છે. પણ એ ઉદયમાં જ ન આવે એવું ન બને. જેનો બંધ પડ્યો તે ઉદયમાં આવવાનો, આવવાનો અને આવવાનો. પછી વહેલો આવે, મોડો આવે, પ્રકૃતિ ફેર થઈને આવે, તીવ્રપણે થઈને આવે, મંદપણે થઈને આવે એ બધા ફેરફારને આકારફેર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ઉદયમાં આવ્યા પછી નિર્જરા થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉદયમાં આવ્યા પછી નિર્જરા થાય.

**'મંત્રાદિથી, સિદ્ધિથી...'** આમ શું છે કે ઉદયમાં આવવું એ નિર્જરા માટે આવવું છે ખરેખર તો બધા જ કર્મનું. પછી એમાં સવિપાક, અવિપાક, સકામ અને અકામ એવા ચાર ભેદ લીધા છે. એ પ્રકારે પણ એ ઉદયમાં આવીને નિર્જરે છે સરવાળે તો. એટલે એમ કીધું ને કે **''શિથિલકર્મ'ની ક્વચિત્ નિવૃત્તિ થાય છે; પણ તે કંઈ ઉપાર્જિત કરનારે વેદ્યા વિના નિવૃત્ત થાય છે...'** એટલે ઉદયમાં આવ્યા વિના નિવૃત્ત થાય છે એમ નથી. પણ **'આકારફેરથી તે કર્મનું વેદવું થાય છે.'** જેવા પરિણામે બાંધ્યું હોય એવા પરિણામે ઉદયમાં આવે. ફેરફાર થઈને ઉદયમાં આવે. વચ્ચેના પરિણામના કારણે.

મુમુક્ષુ :- ફેરફાર થાય સ્થિતિ-અનુભાગમાં એ ઉદયાવલીમાં (આવ્યા પહેલા) ફેરફાર થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલા થઈ જાય. પછી ન થાય. ઉદયાવલીમાં આવ્યા પછી કાંઈ ફેરફાર નહિ અને ઉદયમાં આવ્યા પછી કાંઈ ફેરફાર નહિ. આવલી એટલે સમયનો અમુક જથ્થો છે. એ ઉદયમાં આવ્યા પહેલાનો કેટલોક જે સમય છે એમાં પછી ઉદયાવલીમાંથી કાંઈ ફેરફાર સંભવિત નથી. અને ઉદયમાં ફેરફાર સંભવિત નથી. એ પહેલા જેટલું થવું હોય તે થઈ જાય, સત્તામાં હોયને. એ પછી ફેરફાર નહિ થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. થયું. એમ આકારફેર થઈને આવે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :– હા પણ ન આવે એવું ન બને. બાંધ્યું એટલે આવવાનું તો ખરું જ, એમ કહેવું છે.

**'કોઈ એક એવું 'શિથિલકર્મ' છે, કે જેમાં અમુક વખત ચિત્તની સ્થિરતા રહે તો તે નિવૃત્ત થાય. તેવું કર્મ તે મંત્રાદિમાં સ્થિરતાના યોગે નિવૃત્ત થાય એ સંભવિત છે;...'** આ નિવૃત્ત થવાનો બધે અર્થ ફેરફાર થવો એમ લેવું. એવું કોઈ શિથિલકર્મ હોય કે અમુક વખત ચિત્તની સ્થિરતા રહે, મંત્રાદિમાં રહે કે બીજી એકાગ્રતા રહે, કોઈ એવા પુણ્ય પરિણામમાં અથવા આત્મામાં અથવા કોઈ મંત્રાદિમાં ચંચળતા ઘટીને, તો એવા યોગે નિવૃત્ત થાય એટલે ફેરફાર થાય એ સંભવિત છે.

**'અથવા કોઈ પાસે પૂર્વલાભનો કોઈ એવો બંધ છે, કે જે માત્ર તેની થોડી કૃપાથી ફળીભૂત થઈ આવે; એ પણ એક સિદ્ધિ જેવું છે'** આવા અનેક પ્રકાર છે એમ કહેવું છે. **'તેમ અમુક મંત્રાદિના પ્રયત્નમાં હોય અને અમુક પૂર્વાંતરાય ત્રુટવાનો પ્રસંગ સમીપવર્તી હોય,...'** આણે એવું જ બાંધ્યું હોય, એ જ પ્રકારનું બાંધ્યું હોય કે મંત્રાદિના પ્રયત્નમાં જ એનો અંતરાય તુટવાનો જ પ્રકાર હોય. અને એ જ પ્રકારે એનો ઉદય સમીપ આવ્યો હોય, આ પ્રકારે બહારમાં મંત્રાદિનો યોગ થાય. એમ. **'તોપણ કાર્યસિદ્ધિ મંત્રાદિથી થઈ ગણાય;...'** તો એ વખતે 'કાગને બેસવું અને ડાળને પડવું.' કાગડો બેઠો માટે ડાળ પડી. એવો પણ કોઈ યોગાનુયોગ હોય છે કર્મના ઉદયનો.

મુમુક્ષુ :– બધો જવાબ આપી દીધો...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે ક્યાંક ચમત્કાર થાય તો આવો થાય છે. પણ એ કાગને બેસવું અને ડાળને પડવું, એના જેવી વાત છે. પણ એ વાતમાં કાંઈ સહેજ પણ ચિત્ત થવાનું કારણ નથી. હવે એ વાત જ્યારે સામે આવે છે ત્યારે એમ કહે છે કે એવી આતુરતા અથવા એની રાહ જોઈને બેસવું કે એની ઇચ્છા કરવી, એ પ્રકારની, (એમાં) સહેજ પણ ચિત્ત થવાનું એટલે ઇચ્છા થવાનું, મન થવાનું એમાં મન ન થવું જોઈએ. એવા પ્રકારનું મન ન થવું જોઈએ કે મંત્રથી, રિદ્ધિ-સિદ્ધિથી મને કાંઈ લાભ થઈ જાય તો સારું. આ લોટરી લાગે છે ને ? લોટરીની ટિકીટો માણસો લે છે ને ? એ આવા પ્રલોભનથી લે છે. કાંઈક લોટરી લાગી જાય તો સારું. એટલે જેમ જુગારના પરિણામ નિષિદ્ધ છે એવી જ રીતે એના પરિણામ નિષિદ્ધ છે. એ કરવાયોગ્ય નથી. એમાં ભલે કષાય તીવ્ર ન દેખાતો હોય પણ કષાયરસ તીવ્ર પડેલો

છે. એમ છે. કષાય મંદ દેખાય, કષાયરસ તીવ્ર છે.

મુમુક્ષુ :- મંત્ર અને સિદ્ધિ એ બધું કર્મફળ જ થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કર્મફળ થયું. ટિકિટ લીધી અને લોટરી લાગી. મહેનત કાંઈ નહોતી કરી. સાવ મફતના, હરામના લાખ રૂપિયા આવી ગયા, દસ લાખ રૂપિયા આવી ગયા કાંઈ મહેનત કર્યા વગર. તો એ મન કરવા જેવું નથી એમ કહે છે. જુઓ ! અહીંયાં ચેતવે છે. આ Red light લાલબત્તી મુકી અહીંયાં. કરવા જેવું નથી.

મુમુક્ષુ :- આ નિકાચિત કર્મ બંધ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. ભિન્ન પડી જાય છે ને ? ઉદયથી ભિન્ન પડી જાય છે.

મુમુક્ષુ :- નિકાચિત કર્મ ભોગવ્યા છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ એને ઉદય તો છે ને ? 'શ્રેણિક' મહારાજા અત્યારે પહેલી નારકીમાં છે અને કેટલાય સમ્યગ્દૃષ્ટિઓ વૈમાનિકદેવમાં છે. બાહ્યદૃષ્ટિએ બેયના ભોગવટામાં ફેર છે કે નહિ ? અંતરદૃષ્ટિએ બંને હૃદયથી જુદા પડ્યા છે. ન તો દેવલોકના દેવો સમ્યગ્દૃષ્ટિ છે એ એની (પુણ્યની) અંદર લપટાય છે. ન તો 'શ્રેણિક' રાજા આદિક કોઈ હોય તો એ કોઈ ત્યાં દુઃખી થાય છે એ નથી વાત ત્યાં. પણ એને સંયોગદૃષ્ટિએ કેમ જોવાય ? એ તો અન્યદૃષ્ટિ છે. એક આત્મદૃષ્ટિએ જોવું અને એક સંયોગદૃષ્ટિએ જોવું. તો જ્યાં કર્મની વાત આવે છે ત્યાં સંયોગદૃષ્ટિએ જોવાનો દૃષ્ટિકોણ છે. એ સાથે સાથે આત્મદૃષ્ટિ કેવી રાખવી એ વાત સમજવા યોગ્ય છે. એ ઉપદેશનો વિષય છે. એમ.

એટલે **'એ વાતમાં કંઈ સહેજ પણ ચિત્ત થવાનું કારણ નથી,...'** જરાય એ બાબતની અંદર મનમાં ઇચ્છા થવી જોઈએ નહિ. **'નિષ્ફળ વાર્તા છે.'** તેવી જે વાર્તા છે તે બધી નકામી છે. નિષ્ફળ છે એટલે ? નકામી છે. અથવા એનાથી ઘણા ગાવ (માઈલ) દૂર રહેવા જેવું છે. અમારી દુકાને એક વાર એક છોકરો આવ્યો હતો લોટરીની ટિકિટો વહેંચવા. તમારા ભાગ્યમાં બહુ મોટા પૈસા છે. તમે ટિકિટ લ્યો. મેં કીધું ભાઈ ! મારું ભાગ્ય તો હું જાણું છું કે આવી જાતના પૈસા મારા ભાગ્યમાં છે જ નહિ. તું ચાલ્યો જા અહીંથી. પ્રલોભન આપે ને ? તમારું ભાગ્ય બોલે છે. તમે ટિકિટ લ્યો. જરૂર દસ લાખ રૂપિયા લાગે. અમારા ભાગ્યમાં એ જાતના પૈસા હોય જ નહિ અને

છે જ નહિ. એટલે એ વાત જ તું અહીંથી છોડી દે. એવી રીતે એના નામ પણ એવા (હોય), ભાગ્યલક્ષ્મી, ફલાણું, ઢીકણું અને લોભામણા, લલચામણા નામ આપે છે. તને ક્યાંથી ખબર પડી ? પછી એને પૂછ્યું તને તારા ભાગ્યની ખબર છે કે નહિ ? તો કહે, હા, મને ખબર છે. ભાઈ ! તું જ લઈ લે ને. તો કહે નહિ... નહિ... મારા ભાગ્યમાં આ લોટરીના ટિકિટ વહેંચતા જે કમિશન છે ને એટલું જ મારું ભાગ્ય છે. ઠીક. સારી વાત છે. બીજા ગ્રાહક હોય ત્યાં તું વહેંચવા જા કહે. કમિશનમાં ભાગ્ય પ્રમાણે થાશે. અહીં તો તારું ભાગ્ય નથી લાગતું. એ પ્રકારનું ભાગ્ય અહીંયાં નથી. તો કહે ના, ના અહીંયાં લાગે છે. તો સમજવામાં તારી કાંઈક ભૂલ થાય છે. એવું છે. બીજાના ભાગ્ય માટે એમ કરે, પણ પોતે ન ખરીદે પાછા. ખરીદે પોતે ? લાવ્યો છે તો ખરીદીને. કેમ ઘરમાં રાખતો નથી ? જો એમાંથી કોઈ એક ટિકિટ લાગવાની હોય. ભલે એને ખબર નથી કઈ. એટલે બધી રાખી લે. એક તો લાગશે ને ? અને ખરીદી છે એના કરતા તો ઈનામ વધારે છે. કાંઈ બધી તો એને ખરીદી નથી ? પણ એ વેચવા નીકળે છે એ એ જ બતાવે છે કે એમાં લાગવાની હોય તો એ વેચવા નીકળે નહિ. એમાંથી જો કોઈને લાગવાની હોય તો એ શું કરવા વેચવા નીકળે ? એવું છે. જગતમાં તો સંસાર તો સંસારની રીતે ચાલે છે.

મુમુક્ષુ :– તીર્થંકરનો જીવ છે એટલે પહેલી નારકીમાં છે. એને ઓછું દુઃખ પડે કે ઓછું દુઃખ આવે એવું કાંઈ...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ-નહિ. કાંઈ નહિ. ગમે તે હોય ને એમાં. કર્મના પરમાણુ કોઈની શરમ રાખતા નથી. જીવે કર્મ બાંધતી વખતે વિચાર કરવાની જરૂર છે કે આ કર્મના પરમાણુ કોઈની શરમ રાખવાના નથી. તીર્થંકરનું દ્રવ્ય હોય તો પણ નહિ રાખે. બીજાની ક્યાં વાત કરવી ? ત્રણ લોકનો નાથ છે. એની શરમ નથી રાખતા. ભગવાન 'સીમંધરસ્વામી' એક કરોડ પૂર્વનું આયુષ્ય લઈને આવ્યા છે ત્યાં. એ સોળ લાખપૂર્વ અરિહંતદશામાં વ્યતીત કરવાના તે કરવાના જ. અનંતવીર્ય પ્રગટ્યું છે. પુરુષાર્થ કેટલો છે ? અનંત છે. કર્મના પરમાણુમાં કોઈ ફેરફાર કરવાનો અધિકાર નથી. સર્વજ્ઞ થઈ ગયા છે. 'શ્રેણિક' મહારાજા તો હજી સર્વજ્ઞ નથી થયા, છદ્મસ્થ છે. અને ઓલા સર્વજ્ઞ થઈ ગયા છે. કોઈ ફેરફાર ન કરી શકે એમ કહેવું છે.

જ્યારે આત્મા જડથી ભિન્ન છે પછી એને ફેરફાર કરવાનો પ્રશ્ન ક્યાં રહ્યો ?

અને એવી ઇચ્છા કરવાનો પણ પ્રશ્ન ક્યાં રહ્યો ? ભિન્નતાની અંદર એ વાત ઊભી નથી થતી. જે કાંઈ ફેરફાર કરવાની ઇચ્છા થાય છે એ એની અભિન્નતા માનીને થાય છે. વસ્તુસ્થિતિ નથી એ તો. આમ ફેરફાર થાય તો સારું. પણ તારે અને એને લેવા-દેવા શું છે એ તો નક્કી કર. પછી ફેરફારનો વિચાર કર. કાંઈ લેવા-દેવા નથી. જીવને જડ સાથે શું લેવા-દેવા ? કાંઈ લેવા-દેવા નથી. એક પરમાણુથી માંડીને અનંતા પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :– .. અંતર સુખરસ ગટાગટી.

પૂજ્ય ભાઈશ્રી :– હા. 'બાહિર નારકીકૃત દુઃખ ભોગે અંતર સુખરસ ગટાગટી.' બહારમાં લોકો એમ જુએ છે કે આ નારકીનું દુઃખ ભોગવે છે. અંતરમાં ઘટક ઘટક સુખને પીએ છે. સુખનો સમુદ્ર છે એને ઉછાળે છે. કેમ દેખાય ? એવું છે. નિષ્ફળ વાર્તા છે.

**'આત્માના કલ્યાણ સંબંધનો એમાં કોઈ મુખ્ય પ્રસંગ નથી.'** એ મંત્ર-તંત્ર-જંતરમાં રિદ્ધિ-સિદ્ધિમાં આત્માના કલ્યાણનો એકેય પ્રસંગ નથી. ઊલ્ટાનું એ તો અકલ્યાણમાં ડૂબવાની વાત છે. **'મુખ્ય પ્રસંગ, વિસ્મૃતિનો હેતુ એવી કથા થાય છે;...'** આત્માની વિસ્મૃતિ થાય. સ્વરૂપનું વિસ્મરણ થાય એવી આ કથા છે. મંત્ર-તંત્ર-રિદ્ધિ-સિદ્ધિની જે કથા છે એ તો આત્મ સ્વરૂપને ભૂલવાની વાત છે. વિસ્મરણ કરવાની વાત છે. **'માટે તે પ્રકારના વિચારનો કે શોધનો નિર્ધાર લેવાની ઇચ્છા કરવા કરતાં...'** એમ કે કોઈ મંત્ર શોધીએ, કોઈ તંત્ર શોધીએ, કોઈ દવા-ઔષધિ શોધીએ એ પ્રકારે. **'એ વિચારનો કે શોધનો નિર્ધાર લેવાની ઇચ્છા કરવા કરતાં...'** એનો કાંઈ નિર્ણય કરીએ, એ વાતને સમજીએ. નિર્ધાર કરવો એટલે. આ કેમ થતું હશે ? કેવી રીતે થતું હશે ? તે **'ત્યાગી દેવી સારી છે.'** એ વાત જ છોડી દેવી સારી છે. એનો વિચાર જ કરવો નહિ. ભૂલે-ચૂકે પણ એનો વિચાર કરવો નહિ, એમ કહે છે. આનું નામ અધ્યાત્મ છે. અહીંથી પાછા વાળે છે. ચર્ચા કરી, કર્મના ઉદયની બધી. સરવાળો આ લઈ આવ્યા કે એ કાંઈ ભોગવટાની ઇચ્છા કરવા જેવી નથી. આત્માનું વિસ્મરણ કરવું હોય તો બીજી વાત છે.

**'નિર્ધાર લેવાની ઇચ્છા કરવા કરતાં ત્યાગી દેવી સારી છે; અને તે ત્યાગ્યે સહેજે નિર્ધાર થાય છે.'** અને એવો ત્યાગ થતાં પછી આ બધો યથાર્થ નિર્ધાર થાય છે.

જ્યારે એ પોતે નિવૃત્ત થઈ જાય છે કે મારે આવી કોઈ ઇચ્છા કરવી નથી. ત્યારે એ વિષયનું જ્ઞાન બરાબર થાય છે. ત્યાં સુધી એ વિષયનું જ્ઞાન સાચું અથવા યથાર્થ કે પ્રયોજનભૂત જ્ઞાન થતું નથી.

**'આત્મામાં વિશેષ આકુળતા ન થાય તેમ રાખશો.'** હવે એમને 'સોભાગભાઈ'ની સ્થિતિ જરા બહારમાં નબળી છે એટલે કહે છે કે આત્મામાં વિશેષ આકુળતા ન થાય એટલે તીવ્ર રસે કરીને અનુકૂળતાના પરિણામ કોઈ ન થાય, અનુકૂળતાની પ્રાપ્તિના કે પ્રતિકૂળતાની પ્રાપ્તિના કોઈ તીવ્ર રસે કરીને પરિણામ ન થાય તેમ રાખશો. **'જે થવા યોગ્ય હશે તે થશે.'** પૂર્વે જે નિબંધન કર્યું છે તદ્નુસાર જે કાંઈ થવાનું છે તે થવાનું છે. તે થઈ રહેશે. એમાં હરખ-શોક કર્તવ્ય નથી.

**'અને આકુળતા કરતાં પણ જે થવા યોગ્ય હશે તે થશે,...'** તમે આકુળતા નહિ કરો અને શાંતિથી જોશો તો પણ થવા યોગ્ય હશે તે થશે. આકુળતા કરીને ફેરફાર કરવા નહિ અને પ્રતિકૂળતા ટાળવાની ને અનુકૂળતા મેળવવાની ધમાધમ કરશો તો પણ જે થવા યોગ્ય હશે તે જ થશે. આ જુઓ ! ક્રમબદ્ધ આવી ગયું અહીંયાં. આ ક્રમબદ્ધનો સિદ્ધાંત આવી ગયો, જે 'ગુરુદેવ' નિરૂપે છે. **'જે થવા યોગ્ય હશે તે થશે,...'** પણ આકુળતા કરવાથી તેની સાથે **'સાથે આત્મા પણ અપરાધી થશે.'** આ નુકસાન થાશે. થવા યોગ્ય તે થશે એમ સમજીને નિરાકૂળ રહેવાને બદલે ફેરફાર કરવાની આકુળતા થશે તો પણ થવા યોગ્ય તે થશે. વધારાનું નુકસાન તમારો આત્મા અપરાધી થશે. આટલું વધારે નુકસાન છે. હવે તમને જેમ સૂઝે એમ કરો. ચોખ્ખી વાત આટલી છે.

મુમુક્ષુ :– ...પણ સાથે અપરાધી પણ થાય છે એ ખ્યાલ નથી આવતો.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે આકુળતામાં આંચકો નથી આવતો. એટલે રસ મંદ નથી થતો. અપરાધ થાય છે. અપરાધથી મારા આત્મામાં આ નુકસાન થાય છે, મારા સ્વભાવથી હું દૂર જઉં છું, મારા સુખસ્વભાવનું હું ખૂન કરું છું. આ વાત જો એને સમજાય તો એને અશાંતિ ન થાય. એ જ વખતે આકુળતા બંધ થઈ જાય. આકુળતાનો પારો નીચો આવ્યા વિના રહે નહિ. એટલું તો ઓછામાં ઓછું આવવું જોઈએ. તે પછી જ્ઞાનતત્ત્વના અવલંબનનો વિષય છે. પણ અહીંયાં (જો) સ્થૂળ પરિણામની અંદર પણ નુકસાનથી ભય ન પામે તો પછી સૂક્ષ્મ એવું જે જ્ઞાનતત્ત્વ એને અંગીકાર કેવી રીતે કરે ? એ તો થઈ શકશે નહિ. અહીં સુધી રાખીએ...

### પત્રાંક-૪૯૫

મુંબઈ, ચૈત્ર વદ ૧૧, ભોમ, ૧૯૫૦

શ્રી ત્રિભોવન,

જે કારણ વિષે લખ્યું હતું, તે કારણના વિચારમાં હજુ ચિત્ત છે; અને તે વિચાર હજુ સુધી ચિત્તસમાધાનરૂપ એટલે પૂરો થઈ શક્યો ન હોવાથી તમને પત્ર લખવાનું થયું નથી. વળી કોઈ 'પ્રમાદદોષ' જેવો કંઈ પ્રસંગદોષ વર્તે છે, કે જેને લીધે કંઈ પણ પરમાર્થવાત લખવા સંબંધમાં ચિત્ત મુંઝાઈ, લખતાં સાવ અટકવું થાય છે. તેમ જ જે કાર્યપ્રવૃત્તિ છે, તે કાર્યપ્રવૃત્તિમાં અને અપરમાર્થ-પ્રસંગમાં ઉદાસીનબળ યથાયોગ્ય જાણે મારાથી થતું નથી, એમ લાગી આવી પોતાના દોષવિચારમાં પડી જઈ પત્ર લખવું અટકી જાય છે, અને ઘણું કરી ઉપર જે વિચારનું સમાધાન થયું નથી, એમ લખ્યું છે તે તે જ કારણ છે.

જો કોઈ પણ પ્રકારે બને તો આ ત્રાસરૂપ સંસારમાં વધતો વ્યવસાય ન કરવો; સત્સંગ કરવો યોગ્ય છે.

મને એમ લાગે છે કે જીવને મૂળપણે જોતાં જો મુમુક્ષુતા આવી હોય તો નિત્ય પ્રત્યે તેનું સંસારબળ ઘટ્યા કરે. સંસારમાં ધનાદિ સંપત્તિ ઘટે કે નહીં તે અનિયત છે, પણ સંસાર પ્રત્યે જે જીવની ભાવના તે મોળી પડ્યા કરે; અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય; આ કાળમાં એ વાત ઘણું કરી જોવામાં આવતી નથી. કોઈ જુદા સ્વરૂપમાં મુમુક્ષુ, અને જુદા સ્વરૂપમાં મુનિ વગેરે જોઈ વિચાર થાય છે કે આવા સંગે કરી જીવની ઊર્ધ્વદશા થવી ઘટે નહીં; પણ અધોદશા થવી ઘટે. વળી સત્સંગનો કંઈ પ્રસંગ થયો છે એવા જીવની વ્યવસ્થા પણ

કાળદોષથી પલટતાં વાર નથી લાગતી. એવું પ્રગટ જોઈને ચિત્તમાં ખેદ થાય છે; અને મારા ચિત્તની વ્યવસ્થા જોતાં મને પણ એમ થાય છે કે મને કોઈ પણ પ્રકારે આ વ્યવસાય ઘટતો નથી, અવશ્ય ઘટતો નથી. જરૂર-અત્યંત જરૂર - આ જીવનો કોઈ પ્રમાદ છે; નહીં તો પ્રગટ જાણ્યું છે એવું જે ઝેર તે પીવાને વિષે જીવની પ્રવૃત્તિ કેમ હોય ? અથવા એમ નહીં તો ઉદાસીનપ્રવૃત્તિ હોય, તોપણ તે પ્રવૃત્તિયે હવે તો કોઈ પ્રકારે પણ પરિસમાપ્તપણું ભજે એમ થવા યોગ્ય છે, નહીં તો જરૂર જીવનો કોઈ પણ પ્રકારે દોષ છે.

વધારે લખવાનું થઈ શકતું નથી, એટલે ચિત્તમાં ખેદ થાય છે, નહીં તો પ્રગટપણે કોઈ મુમુક્ષુને આ જીવના દોષ પણ જેટલા બને તેટલા પ્રકારે વિદિત કરી જીવનો તેટલો તો ખેદ ટાળવો. અને તે વિદિત દોષની પરિસમાપ્તિ માટે તેનો સંગરૂપ ઉપકાર ઇચ્છવો.

વારંવાર મને મારા દોષ માટે એમ લાગે છે કે જે દોષનું બળ પરમાર્થથી જોતાં મેં કહ્યું છે, પણ બીજા આધુનિક જીવોના દોષ આગળ મારા દોષનું અત્યંત અલ્પપણું લાગે છે; જોકે એમ માનવાની કંઈ બુદ્ધિ નથી; તથાપિ સ્વભાવે એમ કંઈ લાગે છે; છતાં કોઈ વિશેષ અપરાધીની પેઠે જ્યાં સુધી અમે આ વ્યવહાર કરીએ છીએ ત્યાં સુધી અમારા આત્મામાં લાગ્યા કરીશું. તમને અને તમારા સંગમાં વર્તતા કોઈ પણ મુમુક્ષુને કંઈ પણ વિચારવાજોગ જરૂર આ વાત લાગે છે.

તા. ૩-૮-૧૯૯૦, પત્રાંક – ૪૯૫, ૪૯૬
પ્રવચન નં. ૧૯૫

૪૯૫ મો પત્ર. પાનું ૩૯૭. 'ત્રિભુવનભાઈ' ઉપરનો 'ખંભાત' લખેલો પત્ર છે. **'જે કારણ વિષે લખ્યું હતું, તે કારણના વિચારમાં હજુ ચિત્ત છે; અને તે વિચાર હજુ સુધી ચિત્તસમાધાનરૂપ એટલે પૂરો થઈ શક્યો ન હોવાથી તમને પત્ર લખવાનું થયું નથી.'** કારણનો ઉલ્લેખ નથી કર્યો. પણ કોઈ કારણસર એ પત્રમાં લખેલા કારણ અનુસાર વિચાર લંબાયો છે એટલું સમજાય છે એમાં. **'વળી કોઈ 'પ્રમાદદોષ' જેવો કોઈ પ્રસંગદોષ વર્તે છે, કે જેને લીધે કંઈ પણ પરમાર્થવાત લખવા સંબંધમાં ચિત્ત મુંઝાઈ લખતાં સાવ અટકવું થાય છે.'** આ એક પોતાની અંગત વાત કરે છે.

**'પ્રમાદદોષ' જેવો કોઈ પ્રસંગદોષ વર્તે છે.'** પ્રસંગ એટલે કાર્ય, વ્યવહાર, ઉદય. એમાં જે સમય આપવો પડે છે એ એક ન્યાયે તો પ્રમાદ જેવો દોષ છે. જો વ્યવહારિક કાર્યોની અંદર સમય આપવાનો થતો હોય તો પરમાર્થ કાર્યની અંદર પણ સમય ફાળવવો જોઈએ. પણ એમની પોતાની દશામાં કોઈ એ પ્રકારની વિલક્ષણતા હતી કે પરાણે પરાણે પણ માથે આવેલું કામ ઉકેલતા હતા. પણ એ સિવાય કાંઈ કરવું પડે, માથે પડ્યું હોય એ સિવાય કાંઈ કરવું પડે તો એમનું ચિત્ત છે એ રોકાઈ જતું હતું, કામ નહોતું કરતું અને પોતે પોતાના અંતર્મુખ થવાના પ્રયત્નમાં લાગી જતા હતા.

એટલે વચ્ચે જે પરમાર્થનો બાહ્ય વ્યવહાર કરવો પડે એ વ્યવહારની અંદર એમના પરિણામને અવકાશ નહોતો રહેતો. એટલે એક ન્યાયે એને પ્રમાદદોષ ગણ્યો કે પોતે વ્યવહારિક કાર્યોની અંદર સમય આપે છે, પરમાર્થની વાર્તામાં સમય આપતા નથી. ક્યારેક પરમાર્થની વાત લખવા બેસે છે તો એકદમ ચિત્ત કામ કરતું નથી. લખવું અટકવું થઈ જાય છે. એવી કોઈ અધ્યાત્મદશાની વિલક્ષણતા એમને વર્તે છે.

એક બાજુ સત્સંગને ઇચ્છે છે. બીજી બાજુ જે સત્સંગીઓનો પત્ર-વ્યવહાર છે એમાં મોકળા મને જે કાંઈ પ્રવૃત્તિ થવી જોઈએ એ નથી થતી. અવાર-નવાર એમની વૃત્તિ સંકોચાઈ જાય છે. કાગળોનો ઉત્તર ન લખે અથવા થોડો લખે અથવા મોડો લખે અથવા અધૂરો લખે વળી પૂરો કરતા સમય લાગે. એવી પરિસ્થિતિ હોવા છતાં આટલો મોટો ગ્રંથ થયો છે પાછો. લગભગ પત્રવ્યવહાર એમનો શરૂ થયો એના પંદર વર્ષ મૂકીએ આપણે. દસ વર્ષ જ્ઞાનદશાના અને પાંચ વર્ષ આગળના લઈ લઈએ. અગાઉમાં પત્રવ્યવહાર ઓછો છે. તો પણ આટલો મોટો ગ્રંથ થયો છે. નવસોથી વધારે પત્રો એની અંદર આવ્યા છે. પણ એ આવી રીતે લખતા અટકી જવાય તો પણ. લખવા જ બેઠા હોત તો એમની ક્ષયોપશમ શક્તિ એટલી બધી હતી કે કદાચ આથી બમણું પણ Volume થઈ ગયું હોત. આનું કદ આથી Double થઈ ગયું હોત તો ના નહિ.

એટલે એવો એક પ્રકાર પણ છે કે જે જ્ઞાનીને બાહ્ય નિવૃત્તિ ન મળતી હોય, એને નિવૃત્તિ મેળવીને શીઘ્ર આત્મકાર્યમાં, આત્મહિતની દિશામાં, આત્માના પુરુષાર્થમાં એકદમ આગળ વધવાની વૃત્તિ રહ્યા કરે છે. એટલે પરાણે આવેલી પ્રવૃત્તિ કરી લે છે પણ નિવૃત્તિમાં આવતા પરમાર્થને યોગ્ય બાહ્ય પ્રવૃત્તિમાં નહિ રોકાતા પરમાર્થને યોગે અંતરપ્રવૃત્તિમાં ચાલ્યા જાય છે. માંડ થોડોક સમય મળ્યો છે એમાં હું આ ક્યાં સમય બગાડું હવે વ્યવહારમાં ? હવે હું મારા શ્રેયાર્થે આ સમયનો ઉપયોગ કરી લઉં. એવું પણ એક વલણ જ્ઞાનદશાની અંદર હોય છે, એવું પણ ક્યાંક ક્યાંક જોવામાં આવે છે. એ તો આપણે એનો અભ્યાસ કરવો જ છે. એમના વચનો ઉપરથી જ એ અભ્યાસ કરવો છે. કેટલા-કેટલા પડખા એમાંથી નીકળે છે. એમાંથી ને એમાંથી જ એનો ઉકેલ મળી શકે એવું છે.

**'તેમ જ જે કાર્યપ્રવૃત્તિ છે, તે કાર્યપ્રવૃત્તિમાં અને અપરમાર્થ-પ્રસંગમાં ઉદાસીનબળ યથાયોગ્ય જાણે મારાથી થતું નથી, એમ લાગી આવી પોતાના દોષવિચારમાં પડી જઈ પત્ર લખવું અટકી જાય છે,...'** આવો પણ એક પ્રકાર ઊભો થાય છે કે જે કાર્ય પ્રવૃત્તિ છે અથવા અપરમાર્થ પ્રસંગ એટલે વ્યવહારનો પ્રસંગ છે–દુકાનનો, ધંધાનો, એમાં મારી ઉદાસીનતા ઓછી લાગે છે એમ એમને ખટકે છે. ઉદાસીનતા છે છતાં પ્રવૃત્તિ કરે છે એટલે ઉદાસીનતાનું પણ સૂક્ષ્મ અવલોકન છે. જેટલો રાગ લંબાય

છે, રાગ થાય છે, કેટલો રસ જાય છે ? જાગૃતદશામાં બધો ખ્યાલ આવે છે. એટલે પોતાની ક્ષતિ પોતાને દેખાય છે. કે યથાયોગ્ય જાણે મારાથી ઉદાસીનબળ નથી. એમાં કાંઈક કચાશ છે. અને એમ લાગીને પોતાના દોષના ઊંડાણમાં, અવલોકનમાં એ વિષયમાં વિચારમાં પડી જાય છે અને બીજાને પત્ર લખવાનું અટકી જાય છે.

બીજાને પત્ર લખવા અટકવાનું ત્યાં પણ એવું સંભવિત કારણ છે કે બીજા મુમુક્ષુઓ પોતાથી નીચેની દશામાં હતા એને લખવામાં કાંઈ શિખામણ, ઉપદેશ, એની હિતબુદ્ધિએ જે પ્રકારથી કાંઈક લખવું પડે એવા પ્રકારમાં જતા પહેલાં એ પોતાની બાજુ આવે છે. કે તારા દોષને તો તું ઠીક કર. પોતે 'મુંબઈ'માં બેઠા બેઠા વેપાર કરે છે અને વીતરાગતાની વાતો લખે છે. એ ધ્યાન એને પોતા બાજુ કોઈવાર વધારે ખેંચાય જાય છે. એ બાજુ પોતાના દોષને જોવાની વૃત્તિ વિશેષ થઈ જાય છે તો સામાને લખવાનું અટકી જવાય છે. તું તારો વિચાર કર. એને લખવાનું અત્યારે (રહેવા દે), અત્યારે કાંઈ નહિ હવે, છોડી દે એ વાત. કેટલી જ્ઞાનદશામાં પોતાના પ્રયોજનનો વિષય કેટલી સૂક્ષ્મતાથી પોતે હાથમાં રાખે છે ? Handle કરે છે એ વિચારવા જેવો વિષય છે.

એટલે જે કાર્યપ્રવૃત્તિ છે **'તે કાર્યપ્રવૃત્તિમાં અને અપરમાર્થ-પ્રસંગમાં ઉદાસીનબળ યથાયોગ્ય જાણે મારાથી થતું નથી, એમ લાગી આવી પોતાને...'** એનું દુઃખ થાય છે. લાગી આવે છે એટલે ? એનું દુઃખ થાય છે. Feel થાય છે. અને **'પોતાના દોષવિચારમાં પડી જઈ પત્ર લખવું અટકી જાય છે,...'** કેટલો રસ ગયો ? શું કરવા ગયો ? ભલે ચારિત્રમોહનો, અસ્થિરતાનો. પણ કેટલો ગયો ? શું કરવા ગયો ? શા માટે એનું પ્રાધાન્ય આવ્યું ? એટલી પણ પ્રધાનતા શા માટે ? જલ્દી જલ્દી પૂરું કરવું છે ને ? ઉતાવળ આવી છે. એટલે આ બધું ખટકે છે. જે કાંઈ કરવું પડે છે એ બધું ખટકે છે. એ વિચારમાં પડી જઈ પત્ર લખવાનું અટકી જાય છે.

**'અને ઘણું કરી ઉપર જે વિચારનું સમાધાન થયું નથી,...'** એટલે કોઈ વાત એમણે કોઈ કારણ પત્રવ્યવહારની અંદર વિષય ચાલે છે. એટલે ઉપર જે વિચારનું સમાધાન થયું નથી એમ જે લખ્યું છે તે તે જ કારણ છે. અત્યારની વર્તમાન પરિણામની આવી પરિસ્થિતિ હોવાને લીધે તમારા પત્રનો ઉત્તર જે છે એ હજુ સુધી પત્ર લખવાનું નથી બન્યું એનું કારણ આ ચિત્તની કોઈ આવા પ્રકારની સ્થિતિને લઈને તમને પત્ર

નથી લખ્યો.

**'જો કોઈ પણ પ્રકારે બને તો આ ત્રાસરૂપ સંસારમાં વધતો વ્યવસાય ન કરવો;...'** આ ૨૭ માં વર્ષે સંકેલો કરવાના વિચાર ચાલતા હતા. વેપાર વધી ગયો પાંચેક વર્ષની અંદર. તો એ પાંચ વર્ષની અંદર વેપારને સંકેલી નાખવો. ૨૭ મા વર્ષે તો વેપારને વધવા ન દેવો. ત્રાસ થઈ ગયો પોતાને. વેપાર વધ્યો એમાં ત્રાસી ગયા છે. એટલે (કહે છે), **'જો કોઈ પણ પ્રકારે બને તો આ ત્રાસરૂપ સંસારમાં વધતો વ્યવસાય ન કરવો; સત્સંગ કરવો યોગ્ય છે.'** સમય સત્સંગ માટે ફાળવવો. વ્યવસાય વધારીને એમાં સમયને બરબાદ કરવો પડે એ પોતે ઇચ્છતા નથી.

**'મને એમ લાગે છે કે જીવને મૂળપણે જોતાં જો મુમુક્ષુતા આવી હોય તો નિત્ય પ્રત્યે તેનું સંસારબળ ઘટ્યા કરે.'** આ એક મુમુક્ષુનું લક્ષણ લીધું છે કે જો ખરેખર મુમુક્ષુતા આવી હોય, અસલ મુમુક્ષુતા હોય, સાચી મુમુક્ષુતા હોય તો એનું નિત્યપ્રત્યે સંસારબળ ઘટ્યા કરે. જુઓ ! ઓલું ન લીધું. વેપાર જેવો પ્રસંગ ન લીધો. સંસારમાં જે કાંઈ ઉદય છે, જેટલો કાંઈ ઉદય છે અને જેટલું કાંઈ સંસારમાં રહેવું થાય છે એ સંબંધીનું જોર છે એ તૂટતું જાય, ઘટતું જાય, નીરસતા અને ઉદાસીનતા વધતી જાય. ખાવામાં, પીવામાં, બોલવામાં, ચાલવામાં જે કાંઈ વ્યવહાર કરવો પડતો હોય અથવા થતો હોય એ બધામાં એનો રસ અને એનું બળ ઘટતું જાય. આ એક લક્ષણ બાંધ્યું છે મુમુક્ષુતાનું. આ બહુ સારું લક્ષણ છે.

જો આવું લક્ષણ ન હોય તો જીવ ભૂલથી પણ એવું વિચારે છે કે આપણે અસ્તિનું જ્ઞાન કરશું એટલે નાસ્તિ આપોઆપ ઠીક થઈ જશે. નાસ્તિના વિષયમાં ઉપેક્ષિત રહે છે, અજાગૃત રહે છે અને એમાં (ઉદયમાં) એટલો ને એટલો રસ એટલું ને એટલું સંસારબળ પરિણામની અંદર પ્રવર્તતું હોય એ બાબતની કોઈ નોંધ પોતે લેતો નથી. એને લક્ષ જ જાતું નથી. તો એવી રીતે તો કોઈ કામ થવાનું નથી.

જીવનું **'સંસારબળ ઘટ્યા કરે. સંસારમાં ધનાદિ સંપત્તિ ઘટે કે નહીં તે અનિયત છે,...'** એમ પ્રવર્તતા કોઈને સંયોગો ઘટી પણ જાય, કોઈને ન પણ ઘટે. એનો કોઈ નિયમ નથી. અનિયત એટલે એનો કોઈ નિયમ નથી. એનો કોઈ સિદ્ધાંત નથી કે કોઈને આમ કરતા સંપત્તિ ઘટી જશે અથવા કોઈને વધી જશે. **'પણ સંસાર પ્રત્યે જે જીવની ભાવના તે મોળી પડ્યા કરે; અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય;...'** સંસાર

પ્રત્યેની જે ભાવના છે એ ભાવનાને, ભાવના રસ લઈને આવે છે, ચાહે આત્મભાવના હોય તો આત્મરસ લઈને આવે છે અને નહિતર સંસારભાવના અનાદિની છે એમાં સંસાર સંબંધીત રસ છે, એ મોળી પડવી જોઈએ. આ પાયાની વાત છે કોઈપણ મુમુક્ષુ માટે કે સ્વરૂપ પ્રાપ્તિની ભાવના એને હોવી જોઈએ. હોવી જોઈએ નહિ પણ તીવ્ર હોવી જોઈએ અને એ તીવ્રતા પૂર્ણતાને લક્ષે હોય તો એ સુયોગ્ય પ્રકાર છે. નહિતર ક્યારેક તીવ્ર થશે, ક્યારે મંદ થશે, ક્યારેક તીવ્ર થશે, ક્યારેક મંદ થશે અને એમ ને એમ આયુષ્યનો સમય નીકળી જશે.

ભાવના માટે તો ધર્મના ક્ષેત્રમાં આવે છે મુમુક્ષુ. અને ધર્મના ક્ષેત્રમાં પણ શાસ્ત્ર, સ્વાધ્યાય, પૂજા, ભક્તિ, દયા-દાનાદિ માંડીને કાંઈને કાંઈ યત્કિંચિત કર્યા કરે છે પોતાની અનુકૂળતા પ્રમાણે. પણ સંસારબળનું શું ? અને સંસાર ભાવનાનું શું ? આ પડખું પણ સાથે સાથે જો સંભાળવામાં ન આવે, જાગૃતિ એમાં ન આવે તો બાકીનું જે કરવામાં આવે છે એના ઉપર પાણી ફરી વળશે. એ વ્યર્થ જશે. એટલે ભાવના એ પાયાનો વિષય છે. સ્વરૂપ પ્રાપ્તિની ભાવના આડે સંસારની ભાવના મોળી પડવી જોઈએ અને તે એ પ્રકારે ક્રમશઃ વધતી જતી જવી જોઈએ કે જેને લઈને સંસારભાવના અનુક્રમે નાશ પામવાની યોગ્ય સ્થિતિમાં આવી જાય. એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો એ સંસારભાવના સહજમાત્રમાં ટળે.

**'આ કાળમાં એ વાત ઘણું કરી જોવામાં આવતી નથી.'** મુમુક્ષુઓ જોવામાં આવે છે. મુમુક્ષુઓ કાંઈ ક્રિયા કરતા પણ જોવામાં આવે છે, પ્રવૃત્તિ કરતા પણ ધર્મની પ્રવૃત્તિ કરતા જોવામાં આવે છે પણ સંસારભાવના મોળી પડી હોય કે સંસાર પ્રત્યેના પરિણામનું બળ ક્રમશઃ ઘટતું હોય એવી પરિસ્થિતિ જોવામાં આવતી નથી. એટલે તો એક પત્રમાં એવું લખ્યું છે કે, આ કાળમાં મુમુક્ષુઓનું સ્વરૂપ જોઈને અને સાધુઓનું સ્વરૂપ જોઈને અમને નવાઈ લાગે છે કે આવા તે સાધુ હોય ! અને આવા તે મુમુક્ષુ હોય ! શ્વેતાંબરમાં તો 'દસવૈકાલિક'માં તો ગાથા છે એક વખત આહાર લેવાની. શ્વેતાંબરમાં પણ 'દસવૈકાલિક'માં તો ગાથા છે, એક જ વખત આહાર લેવો. અત્યારે જે બે વાર, ત્રણ વાર, ચાર વાર ગમે તેટલી વાર લે છે. એમના શાસ્ત્રમાં પણ એ વાતનો નિષેધ છે. દિગંબર શાસ્ત્રોનો ભલે ન વિચાર કરે, પણ આમાં પણ એ વાત છે.

મુમુક્ષુ :– અગિયાર વાગ્યા પછી જ લે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એ એક જ વખત.

મુમુક્ષુ :– એક જ વખત અને અગિયાર વાગ્યા પછી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પહેલા તો અમસ્તું ન હોય. આમ તો મધ્યાહ્ને બાર વાગ્યા આસપાસ જ એક વખત આહાર લેવાનો હોય. એથી વધારે તો હોય નહિ. પણ અત્યારે કેટલીવાર લે છે ?

મુમુક્ષુ :– હિસાબ નથી, બે વખત, ચાર વખત, પાંચ વખત....

પૂજ્ય ભાઈશ્રી :– દિગંબરમાં એટલું બધું નથી વધી ગયું. પણ શ્વેતાંબરમાં તો હદ થઈ છે. જુઓ ! પાનું ૬૨૭. 'ઉત્તરસંડા'ના વનક્ષેત્રથી પત્ર લખેલો છે. પત્ર નં. ૮૪૬ મો.

'**ૐ નમઃ**' કરીને જે છે એમાં બીજી ગાથા.

**अहो निच्चं तवो कम्मं, सव्व बुद्धेहिं वण्णिअं;**
**जाव लज्जासमा वित्ती, एगभत्तं च भोयणं।**

ભોજન કેવું ? '**एगभत्तं**' હોવું જોઈએ. '**સર્વ જિન ભગવંતોએ આશ્ચર્યકારક (અદ્‌ભૂત ઉપકારભૂત) એવું તપઃકર્મ નિત્યને અર્થે ઉપદેશ્યું (તે આ પ્રમાણે :) સંયમના રક્ષણાર્થે સમ્યક્‌વૃત્તિએ...**' સંયમના રક્ષણાર્થે. દેહના રક્ષણાર્થે નહિ. દેહના પોષણ અર્થે નહિ, સમ્યક્‌વૃત્તિએ આત્માભિમુખ રહીને '**એક વખત આહારગ્રહણ. (દશવૈકાલિકસૂત્ર)**' છે. છઠ્ઠા અધ્યાયનું બાવીસમું સૂત્ર છે. એક જ વખત આહાર હોય. બીજી વખત સાધુ પ્રાણ જાય તો આહાર ન લે. આખી પરિસ્થિતિ ફેરફારવાળી થઈ ગઈ છે.

ભાઈ નથી આવ્યા. એ હમણાં 'અમદાવાદ' ગયા હતા (એક મહારાજને) મળવા. અંતરીક્ષ પાર્શ્વનાથનો ઝઘડો હતો ને ? સાધુને એક વખત અનઉદ્દેશિક આહાર હોય એ પ્રમાણે ચાલે છે ? સીધું પૂછ્યું. તો કહે, ક્યા શાસ્ત્રમાં છે ? આચારંગના શાસ્ત્રમાં છે. આપે તો જોયેલું હશે. જવાબ ન દીધો પછી. એ તો 'પ્રવચનસાર'માં વગેરે આવે છે. જવાબ ન દીધો પછી. મગજ તેજ છે જરા. ગુસ્સામાં આવી ગયા. દિગંબર સાધુએ દિગંબર રહીને સમાજનો સત્યાનાશ કાઢી નાખ્યો છે. દિગંબરવૃત્તિ સામે જ એને ઘણો રોષ હતો. કાંઈ કારણ કાર્ય કાંઈ બતાવે નહિ. ક્રોધ પ્રકૃતિ તીવ્ર હશે એવું લાગ્યું. ભાઈ સાથે આવ્યા હતા. શરમાવું પડ્યું. આ તો મહારાજ થઈને આવી રીતે વર્તે તો... સાધુ તો શાંત હોય અમસ્તા પણ.

શું કહે છે ? **'સંસાર પ્રત્યે જે જીવની ભાવના તે મોળી પડ્યા કરે;...'** મુમુક્ષુઓને આહાર-પાણીમાં નીરસતા આવવી જોઈએ. સાધુની વાત ક્યાં ? મુમુક્ષુ હોય તો પણ એને આહાર-પાણીમાં નીરસતા આવવી જોઈએ. મને ભાવે છે એ ખાવું, મને ફાવે છે એ ખાવું. એની અંદર એને રસ પડે કે નિર્વિકલ્પ થઈ જાય. એટલે વિકલ્પ જ ન ઊઠે કે આ હું કેટલો રસ લઉં છું ? ખાય ત્યારે કેટલો નિર્વિકલ્પ થાય ? કે હું કેટલો રસ લઉં છું એ જોવાનો વિકલ્પ પણ એને ન ઊઠે. એ રીતે તો કોઈ દિવસ કાંઈ કામ થાય એવું નથી. નુકસાન કરે અને વેપાર કરવા જાય નફાનો તો નફો થઈ જાય, એ આ માર્ગમાં નથી બનતું. બનતું જ નથી. અહીંયાં જ છે. આમાં જ નીચે છે લ્યો.

**'કોઈ જુદા સ્વરૂપમાં મુમુક્ષુ અને જુદા સ્વરૂપમાં મુનિ વગેરે...'** આ જ પત્રમાં છે. યાદ નહોતું મને ક્યા પત્રમાં છે. વાંચેલું હતું. **'કોઈ જુદા સ્વરૂપમાં મુમુક્ષુ અને જુદા સ્વરૂપમાં મુનિ વગેરે જોઈ વિચાર થાય છે..'** મુમુક્ષુઓને જુદા સ્વરૂપમાં જોવે છે કે આ તે કેવા મુમુક્ષુ ? મુમુક્ષુ છે આ ? મુમુક્ષુનું નામ ધરાવે છે ! એમ લાગે. **'અને કોઈ જુદા સ્વરૂપમાં મુનિ વગેરે જોઈ વિચાર થાય છે કે આવા સંગે કરી...'** આવા મુમુક્ષુનો કે આવા સાધુઓનો **'સંગે કરી જીવની ઊર્ધ્વદશા થવી ઘટે નહીં;...'** જરાય જીવ ઊંચો ન આવે. આવા મુમુક્ષુનો સંગ કર્યો હોય કે આવા સાધુઓનો સંગ કર્યો હોય, નીચે જાવું પડે, ઊંચે ન આવી શકાય. ઊર્ધ્વ એટલે ઊપર ન આવી શકાય. ઉલટાનું એને નીચે જવાનું થાય. એવી પરિસ્થિતિ ઊભી થાય.

**'આવા સંગે કરી જીવની ઊર્ધ્વદશા થવી ઘટે નહીં; પણ અધોદશા થવી ઘટે.'** ઊંચો તો ન આવે, ઉલ્ટાનો નુકસાન કરીને નીચે જાય. **'વળી સત્સંગનો કંઈ પ્રસંગ થયો છે એવા જીવની વ્યવસ્થા પણ કાળદોષથી પલટતાં વાર નથી લાગતી.'** જેને સત્સંગનો કાંઈ પ્રસંગ થયો છે. જ્ઞાનીને સાંભળ્યા છે. યત્કિંચિત્ જ્ઞાનીનો સમાગમ કર્યો છે. જ્ઞાનીના પ્રત્યે બહુમાન કર્યું છે. એવો કાંઈક સત્સંગનો પ્રસંગ થયો છે અને કાંઈક જીવમાં કુણપ આવી છે, કાંઈક જીવ હિત કરવાના વિચારમાં આવ્યો છે. કાંઈક એને ભાવ થયો છે કે ના, ના મારું કલ્યાણ કરું. **'એવા જીવની પણ...'** વ્યવસ્થા **'પલટતાં વાર નથી લાગતી.'** એને પણ ક્યારે ફેરફાર થઈ જાય અને ગડબડ થઈ જાય એની દશામાં અને ઉલ્ટે રસ્તે વયો જાય કાંઈ ખબર ન પડે. એવો કાળદોષ

છે, એવી પરિસ્થિતિ ખરાબ છે કે બહુ જ સંભાળીને ચાલવું પડે. નહિતર થોડોક સત્સંગથી પણ કાંઈ લાભ થયો, ક્યારે એ જીવની દશા પણ ખરાબ થઈ જાય કહેવું મુશ્કેલ છે. કેટલી વિચારશક્તિ છે !

**'એવું પ્રગટ જોઈને...'** આ પ્રગટ જોવામાં આવે છે. **'એવું પ્રગટ જોઈને ચિત્તમાં ખેદ થાય છે;...'** અરે..! આને વિચાર થયો લાવ મારું હિત કરું. જ્ઞાનીની સમીપ આવ્યો, જ્ઞાનીની નજીક આવ્યો. થોડું બહુમાનથી સાંભળ્યું. થોડી અર્પણતા પણ કરી, કાંઈક લાઈને ચડ્યો. વળી ક્યાં ઊંધે રસ્તે વયો ગયો ? વ્યવસ્થા બગડતા વાર લાગતી નથી. **'એવું પ્રગટ જોઈને ચિત્તમાં ખેદ થાય છે; અને મારા ચિત્તની વ્યવસ્થા જોતા મને પણ એમ થાય છે...'** જુઓ ! પછી પોતા ઉપર ઉતારે છે. કે **'મારા ચિત્તની વ્યવસ્થા જોતા મને પણ એમ થાય છે કે મને કોઈ પણ પ્રકારે આ વ્યવસાય ઘટતો નથી, અવશ્ય ઘટતો નથી.'** ૨૭ વર્ષની ભરયુવાન અવસ્થામાં આ વ્યવસાય મને ઘટતો નથી, અવશ્ય ઘટતો નથી, જરૂર ઘટતો નથી. જેમ બને તેમ જલ્દી મારે આનો ત્યાગ કરવો જોઈએ. કેટલું ખૂંચે છે ! ધંધામાં, વેપારમાં બે પૈસા કમાઈ ગયા છે પણ રસ આવવાને બદલે ઉલટાનો વૈરાગ્ય વધ્યો છે. રસ વધવાને બદલે વૈરાગ વધી ગયો છે.

મુમુક્ષુ :– સત્પુરુષોને જ્યારે આવા વિચાર આવે તો મુમુક્ષુને...

પૂજ્ય ભાઈશ્રી :– હા. કેટલો આવવો જોઈએ એ વિચાર ? જો સત્પુરુષને આ વિચાર આવે છે, કેટલો ફાટફાટ પુરુષાર્થ છે એમનો ? તો ૨૪, ૨૫, ૨૬ વર્ષ જોયું આપણે. ૨૭ મે વર્ષે એ પોતાના દોષને જુએ છે, નિંદે છે કે હજી તું વ્યવસાયમાં કેમ ઊભો છો ? હજી કેમ તું અહીંયાં બેઠો છો ? પેલા ભાઈ કહેતા હતા ને ? કેમ હજી તું અહીંયાં બેઠો છો ? આ ખુરશી ઉપર હજી તું કેમ બેઠો છો ? એમ હું પૂછ્યા કરું છું મારા આત્માને. હજી તું કેમ બેઠો છો અહીંયાં ? હવે તારે બેસવાનું શું કારણ છે ? પોતે પૂછે છે પોતાના આત્માને કે તારે કારણ શું છે ? એ તો કહે.

જો આજીવિકા અર્થે વ્યવસ્થા થઈ ચુકી હોય અને બીજી આપત્તિ ન હોય એટલે કે યાચકવૃત્તિમાં આવવું એ તો માર્ગની બહાર જવા બરાબર છે. દીનપણામાં આવવું એ તો માર્ગથી વિરુદ્ધ છે, એવી પરિસ્થિતિમાં ન હોત તો પછી તારે શું કામ છે અહીંયાં બેસીને એ તો કહે ? એમ કહે છે.

**'મારા ચિત્તની વ્યવસ્થા જોતાં મને પણ એમ થાય છે કે મને કોઈ પણ પ્રકારે આ વ્યવસાય ઘટતો નથી, અવશ્ય ઘટતો નથી. જરૂર–અત્યંત જરૂર–આ જીવનો કોઈ પ્રમાદ છે;...'** જુઓ ! પ્રમાદ લીધો છે. વિપર્યાસ નથી. પણ જરૂર આ જીવનો પ્રમાદ છે નહિતર અહીંયાં બેસી રહે નહિ, એમ કહે છે. **'નહીં તો પ્રગટ જાણ્યું છે એવું જે ઝેર તે પીવાને વિષે જીવની પ્રવૃત્તિ કેમ હોય ?'** અમે તો ઝેર જાણ્યું છે. એકલા પાપના પોટલા બાંધવા પડે. એવી જગ્યાએ જઈને બેસવું થાય છે. પ્રમાણિકપણે વ્યાપાર કરે છે, હોં ! તો પણ. નહિ, એવો ઉદ્યોગ નથી કે કોઈ હિંસા થાય. વ્યાપારનો વ્યવસાય છે. આખરમાં એ અપ્રશસ્ત રાગ છે. પ્રશસ્ત રાગ છે નહિ. પ્રત્યક્ષ જેને ઝેર જાણ્યું છે એ પીવાને વિષે જીવની પ્રવૃત્તિ કેમ હોય ? નક્કી મારો પ્રમાદ છે.

**'અથવા એમ નહીં તો ઉદાસીનપ્રવૃત્તિ હોય,...'** અથવા જો એ પ્રવૃત્તિ હોય તો રસે કરીને તો હોય જ નહિ. **'ઉદાસીનપ્રવૃત્તિ હોય, તોપણ તે પ્રવૃત્તિયે હવે તો કોઈ પ્રકારે પણ પરિસમાપ્તપણું ભજે એમ થવા યોગ્ય છે, નહીં તો જરૂર જીવનો કોઈ પણ પ્રકારે દોષ છે.'** એટલે ઉદાસીનતા તો પણ તે પ્રવૃત્તિ એટલે ઉદાસીનપણે થતી પ્રવૃત્તિ એ પણ હવે તો કોઈપણ પ્રકારે સમાપ્તપણું ભજે એમ જ થવું જોઈએ. નહિતર એમ સંતોષ લેવો ન જોઈએ એમ કહે છે. કે આપણને ક્યાં રસ છે ? ઉદાસીનપણે કરવું પડે છે એટલે ઉદાસીનપણે કર્યે જઈએ છીએ. અસંતોષ વધ્યો છે. ઉદાસીનપણે થતી પ્રવૃત્તિમાં પણ અસંતોષ વધ્યો છે કે હવે આ પ્રવૃત્તિ સમાપ્ત જ મારે કરી નાખવી જોઈએ **'નહીં તો જરૂર જીવનો કોઈપણ પ્રકારે દોષ છે.'** નહિતર દોષ છે. ભલે ન પકડાતો હોય કે પકડાતો હોય પણ દોષ છે એ દોષ જ છે. ઉદાસીનપણે પણ થવામાં દોષ થાય છે. ઉદાસીનપણે થવામાં સર્વથા નિર્દોષપણું રહે છે એ વાત પોતે સંમત કરતા નથી. એમ કહે છે. એટલો પણ પ્રમાદ છે.

**'વધારે લખવાનું થઈ શકતું નથી. એટલે ચિત્તમાં ખેદ થાય છે, નહીં તો પ્રગટપણે કોઈ મુમુક્ષુને...'** જુઓ ! ગુરુ નથી મળ્યા એટલે. સમજ્યા ? **'વધારે લખવાનું થઈ શકતું નથી. એટલે ચિત્તમાં ખેદ થાય છે, નહીં તો પ્રગટપણે કોઈ મુમુક્ષુને આ જીવના દોષ પણ જેટલા બને તેટલા પ્રકારે વિદિત કરી જીવનો તેટલો તો ખેદ ટાળવો.'** છે. પોતાના સમાન જ્ઞાની નથી મળતા, ગુરુ નથી મળતા. તો કહે છે, મુમુક્ષુને પણ વિદિત કરીને અમારો ખેદ પ્રગટ કરવો. કે હજી અમારામાં આટલા દોષ છે. હજી

અમે આટલો દોષ કરીએ છીએ... હજી અમે આટલો દોષ કરીએ છીએ.

મુમુક્ષુ :– અંતરમાં સરળતા કેટલી છે !

પૂજ્ય ભાઈશ્રી :– અસાધારણ સરળતા છે. માર્ગ જ એવો છે. આ માર્ગ એવો છે અને જ્યાં સુધી એવી સરળતા આવતી નથી ત્યાં સુધી આ જીવને માર્ગનો પ્રતિબંધ છે. નુકસાન પણ પોતાને છે અને લાભ પણ પોતાને છે. સરળતા રાખે તો લાભ પણ પોતાને છે અને અસરળતા રાખે અને ગોપવે (તો નુકસાન પણ પોતાને છે).

'**...તેનો સંગરૂપ ઉપકાર ઇચ્છવો.**' અને એ કહેવાનું ઠેકાણું મળ્યું ને ? એ મુમુક્ષુ કહેવાનું ઠેકાણું મળ્યું. પોતાના દોષ વિદિત કરવાનું એક સ્થાન મળ્યું. એનો એટલો સંગ થયો. એ સંગનો એનો ઉપકાર માનવો. મુમુક્ષુનો પણ ઉપકાર માનવો. સરળતા એટલી કેટલી સરળતા છે ?

મુમુક્ષુ :– બહુ ગજબ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ગજબ વાત છે.

મુમુક્ષુ :– એમને તો ઉપદેશ આપવાનો છે મુમુક્ષુને.

પૂજ્ય ભાઈશ્રી :– આ કેવા જીવ મુનિ થાય છે એની વાત કરે છે. ચોથે-પાંચમે ગુણસ્થાને કેટલી સરળતાએ આવ્યા પછી મુનિપણું આવે છે. મુનિદશામાં તો આથી વિશેષ સરળતા હોય છે. એ તો પોતાના ગુરુ પાસે અથવા બીજા મુનિ પાસે આથી વધારે સરળ થાય છે. એને તો કોઈ બાહ્ય પ્રવૃત્તિ નથી. સર્વ સાવદ્યયોગનો ત્યાગ હોવાથી કોઈ પાપની પ્રવૃત્તિ નથી. તો પણ પરિણામ છે ને ? એ પૂર્વ સંસ્કાર ભજે છે પરિણામની અંદર. પ્રવૃત્તિ ભલે ન હોય પણ પરિણામ તો છે કે નહિ ? પરિણામમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષને વિદિત કરે અને મુનિ તો એથી વધારે તૈયારીવાળા હોય છે. એ તો એ જ વખતે પ્રાયશ્ચિત માગે છે. કે મને આ દોષ થયો છે એનું પ્રાયશ્ચિત મને આપો. બીજું કાંઈ નહિ. જ્યાં સુધી એ પ્રાયશ્ચિતથી એ દોષ ટાળવાનું નહિ બને ત્યાં સુધી મને ચેન પડશે નહિ. મારી સાધનામાં ખલેલ પડશે. આરાધનાની અંદર એ દખલ ઊભી થશે. એટલી સરળતાથી એ તો વીણી-વીણીને પકડી-પકડીને જેમ કોઈ જીવડા પડ્યા હોય શરીરની અંદર તો કેમ વીણી-વીણીને કાઢે ડોક્ટર ? એમ આ બધા તો જીવડા જ છે. દોષ તો બધા જીવડા જ છે ખરેખર. એવી રીતે કાઢે છે. સરળ પરિણામે.

**'વારંવાર મને મારા દોષ માટે એમ લાગે છે કે જે દોષનું બળ પરમાર્થથી જોતાં મેં કહ્યું છે, પણ બીજા આધુનિક જીવોના દોષ આગળ મારા દોષનું અત્યંત અલ્પપણું લાગે છે;....'** એટલે આવી વાત ઉપરથી કોઈ બીજી વાત સમજી લે, સામાન્ય મુમુક્ષુની જેવી, એવી પરિસ્થિતિ નથી એ ચોખવટ કરે છે. જે સામાન્ય માણસને થાય છે એવા દોષ થાય છે એ વાત નથી. પરમાર્થે જો જોવામાં આવે તો દોષનું બળ પરમાર્થની દૃષ્ટિએ જોતા જે કહ્યું છે એ બીજા જે જીવો છે એના કરતાં મારા દોષનું અત્યંત અલ્પપણું લાગે છે. એ તો એમની સરળતા જ બતાવે છે.

**'જોકે એમ માનવાની કંઈ બુદ્ધિ નથી;...'** એટલે એ અભિપ્રાયથી એ વાત નથી. એ તો એક જોઈને વાત કરીએ છીએ. એવા અભિપ્રાયથી વાત નથી કરતા કે અમારા દોષને નાનો ગણવો. અથવા અલ્પપણું છે એવી બુદ્ધિ રાખવી, એવો અભિપ્રાય રાખવો. એવી બુદ્ધિથી વાત નથી કરતાં. એ ચોખવટ કરી. નહિતર બહુ મોટો દોષ ઊભો થાય આમાંથી. પોતાના દોષનું અલ્પપણું કહેતા અભિપ્રાય જો ભળે તો ભયંકર અજ્ઞાન અને મિથ્યાત્વનો દોષ આવે. દોષદૃષ્ટિ થઈ જાય, દોષનું સંરક્ષણ થઈ જાય, દોષનું પોષણ થઈ જાય, દોષની રુચિ થઈ જાય. દોષદૃષ્ટિ જેને કહેવામાં આવે છે. એવી બુદ્ધિ થતી નથી. આ તો એક ચોખવટ કરી એટલી જ વાત છે લખ્યું એમાં.

**'તથાપિ સ્વભાવે એમ કંઈ લાગે છે;...'** સ્વભાવે એટલે દોષ છે એ અલ્પ છે એવો એનો જે સ્વભાવ છે. દોષની અલ્પતાનો જે સ્વભાવ છે એનું વર્ણન કરીએ છીએ કે દોષ અલ્પ છે બીજા કરતા. અને અલ્પ હોવા **'છતાં કોઈ વિશેષ અપરાધીની પેઠે...'** જોયું ! દોષની અલ્પતા ખ્યાલમાં છે. અલ્પતા હોવા છતાં અલ્પતાની બુદ્ધિથી વિચારતા નથી. પણ ઉલ્ટાનું કોઈ **'વિશેષ અપરાધીની પેઠે જ્યાં સુધી અમે આ વ્યવહાર કરીએ છીએ ત્યાં સુધી અમારા આત્મામાં લાગ્યા કરીશું.'** શું લાગ્યા કરીશું ? કે મોટા અપરાધી છીએ. અમે મોટા અપરાધી છીએ... અમે મોટા અપરાધી છીએ... અમારો અપરાધ બહુ મોટો છે. એમ અમને લાગ્યા જ કરશે એમ કહે છે. ભલે એ નીરસપણે થતી પ્રવૃત્તિ હોય, બીજાથી અલ્પ દોષવાળી પ્રવૃત્તિ હોય તો પણ જ્યાં સુધી વ્યવહારમાં બેઠા છીએ ત્યાં સુધી ઘણો અપરાધ થાય છે, વિશેષ અપરાધ થાય છે એમ જ અમને લાગ્યા કરશે. એવી અમારી યોગ્યતા જોતાં દેખાય આવે છે.

જુઓ ! કેવી લાઈન પકડી છે ! આ બધી એમની જ્ઞાનદશાની વિલક્ષણતા સૂચવતા

પરિણામો વ્યક્ત થયા છે. આવી પરિણામની, અંતરંગ પરિણામની ઝીણામાં ઝીણી સ્પષ્ટ વાતો શાસ્ત્રમાં ગોતવા જાવ તો ન મળે. આ તો વ્યક્તિગત પત્ર છે અને પાછા પોતે એટલા સરળ છે. એટલે લખે છે. નહિતર જ્ઞાની પણ કાંઈ બધા પોતાના દોષ બીજા મુમુક્ષુને કહેતા નથી. જો કે કહેવાને પાત્ર હોય તો ને ? સવાલ તો એ થાય છે પાછો. કે કહેવાને કોઈ પાત્ર હોય તો ને ? કોને કહે ? અને કહે તો એટલી સ્થિતિની અંદર સામે કાંઈ ઉલ્ટુ ન પડે, કાંઈ બીજું માની ન લે, કાંઈ એવી રીતે કલ્પના ન કરી લે કે આમને તો આવું જ થાય છે... આવું જ થાય છે... બધું એના નુકસાનનો વિચાર પણ જ્ઞાનીને આવે છે.

મુમુક્ષુ :– સામેવાળાનું અહિત ન થઈ જાય એટલા માટે પોતાના દોષ ન કહે.

પૂજ્ય ભાઈશ્રી :– ન કહે. સરળતા તો હોય છે. જ્ઞાનીમાં સરળતા તો હોય છે પણ સામાને નુકસાન થાય એ મોટી આપત્તિ છે. અને એ પરિસ્થિતિ સહજ જ થઈ જાય. એ પરિસ્થિતિમાં મુમુક્ષુને આવતા વાર લાગે નહિ.

**‘તમને અને તમારા સંગમાં વર્તતા કોઈ પણ મુમુક્ષુને કંઈ પણ વિચારવાજોગ જરૂર આ વાત લાગે છે.’** તમને આ વાત વિચારવા જેવી છે, વિચારવા યોગ્ય છે અને તમારા સંગમાં જે ‘ખંભાત’ની અંદર બીજા ‘કૃષ્ણદાસ’ છે, ‘અંબાલાલભાઈ’ છે, બીજા મુમુક્ષુઓ છે એને પણ આ વાત વિચારવા યોગ્ય છે.

મુમુક્ષુ :– ‘ત્રિભોવનભાઈ’ વગેરેને જ્ઞાની પ્રત્યે કેટલી નિઃશંકતા હશે. આ પત્ર...

પૂજ્ય ભાઈશ્રી :– નિઃશંકતા ઘણી હતી એ તો તમે એમના પત્રો વાંચો તો ખબર પડે. સર્વજ્ઞની જેમ ઊપમા આપી છે. હે પરમકૃપાળુ ! હે પરમાત્મદેવ ! હે સર્વજ્ઞ પરમાત્મા ! હે અમારા તરણતારણ ઉદ્ધારક ! એમ એક પેરેગ્રાફ જેટલા તો વિશેષણ લખે અને પછી એમ લખે આપનો સત્સંગ ઇચ્છીએ છીએ. કૃપા કરીને આપનો સત્સંગ ક્યાં અને ક્યારે થશે ? એટલું લખવાની કૃપા કરો, બસ. પત્ર પૂરો થઈ જાય. ભાગ્યે જ કોઈ ચર્ચા કાઢી હશે કોઈએ. સેંકડો પત્રો એવા મળે છે. એ સર્વજ્ઞતુલ્ય. ત્યારે તો એ પોતે કહે છે કે અમારામાં પણ દોષ છે. તમે ભલે અમને સર્વજ્ઞ કહો, ભલે અમને તમે પરમાત્માના નામે બોલાવો. ભલે તમને પરમેશ્વરબુદ્ધિ ઓળખીને થઈ હોય કે ઓઘે થઈ હોય. કેમ કે વાત તો બહાર આવી કે જ્ઞાનીમાં પરમેશ્વરબુદ્ધિ થવી જોઈએ. એમ સાંભળીને થઈ છે કે ઓળખીને થઈ છે ? બે વાત

જુદી-જુદી છે. સાંભળીને થઈ છે એમાં સહજ ઓળખાણ નથી. ઓળખાણથી જે સહજ થાય છે એમાં ઓઘસંજ્ઞા નથી. એટલે સાંભળીને કરી છે ત્યાં સુધી હજી ઓઘસંજ્ઞા છે. એ તો પોતે સ્પષ્ટ પોતાની વાત લખે છે. જોયું કે આને તો ઉલ્ટું તો નહિ જ પડે. એને ઉલ્ટું પડવાનો સવાલ રહેતો નથી.

મુમુક્ષુ :- ઘણાં લાયક મુમુક્ષુ હતા.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કાંઈ સવાલ નથી. ૪૯૫ (પત્ર પૂરો) થયો.

**પત્રાંક-૪૯૬**

**મુંબઈ, ચૈત્ર વદ ૧૪, શુક્ર, ૧૯૫૦**

**જે મુમુક્ષુજીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ. નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.**

**દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે, અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્‌ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે; અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.**

**દેશ, કાળ, સંગ આદિનો વિપરીત યોગ ઘણું કરીને તમને વર્તે છે. માટે વારંવાર, પળે પળે તથા કાર્યે કાર્યે સાવચેતીથી નીતિ આદિ ધર્મોમાં વર્તવું ઘટે છે. તમારી પેઠે જે જીવ કલ્યાણની આકાંક્ષા રાખે છે, અને પ્રત્યક્ષ સત્પુરુષનો નિશ્ચય છે, તેને પ્રથમ ભૂમિકામાં એ નીતિ મુખ્ય આધાર છે. જે જીવ સત્પુરુષનો નિશ્ચય થયો છે એમ માને છે, તેને વિષે ઉપર કહી તે નીતિનું જો બળવાનપણું ન હોય અને કલ્યાણની યાચના કરે તથા વાર્તા કરે, તો એ નિશ્ચય માત્ર સત્પુરુષને વંચવા બરોબર છે. જોકે સત્પુરુષ તો નિરાકાંક્ષી છે એટલે, તેને**

**છેતરાવાપણું કંઈ છે નહીં, પણ એવા પ્રકારે પ્રવર્તતા જીવ તે અપરાધયોગ્ય થાય છે. આ વાત પર વારંવાર તમારે તથા તમારા સમાગમને ઇચ્છતા હોય તે મુમુક્ષુઓએ લક્ષ કર્તવ્ય છે. કઠણ વાત છે માટે ન બને, એ કલ્પના મુમુક્ષુને અહિતકારી છે અને છોડી દેવા યોગ્ય છે.**

૪૯૬. 'ધારશીભાઈ'ને 'મોરબી' પત્ર લખેલો છે આ.

મુમુક્ષુ :- અત્યારની જેમ ખાલી તત્ત્વની પૂછાપૂછી, આ પ્રશ્નનો જવાબ શું ? આ પ્રકાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રકાર જ જુદો હતો. અને તો પણ એમ કહેતા કે આવા પ્રકારમાં મુમુક્ષુ જોઈને અને આવા પ્રકારમાં મુનિ જોઈને અમને નવાઈ લાગે છે. અત્યારે તો જ્ઞાનની ભૂખ લોકોને દેખાય છે પણ જે જ્ઞાનની ભૂખ દેખાય છે એ જ્ઞાનની યોગ્યતા છે કે નહિ એનો વિકલ્પ પણ નથી, વિચાર પણ નથી, કાંઈ નથી. એવી લગભગ પરિસ્થિતિ જોવામાં આવે છે. યોગ્યતાનો વિચાર કરતા નથી. જ્ઞાનપ્રાપ્તિનો વિચાર કરે છે. એ રીતે કોઈ જ્ઞાનપ્રાપ્તિ થઈ શકતી નથી. યોગ્યતા જ જ્ઞાનપ્રાપ્તિનું મુખ્ય કારણ છે. એ સિવાય જ્ઞાનપ્રાપ્તિનું કોઈ પાત્ર જ નથી. પાત્રતા વગર વસ્તુ શેમાં રહે ?

મુમુક્ષુ :- પણ આ આખી સ્થિતિ બદલાઈ ગઈ.... એમ માનતા હતા કે મને લાભ થાય છે અત્યારે તો કાંઈ .... પ્રકાર જ જુદો છે. પોતાના દોષનું નિવેદન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને જ માને છે. ઓલું વાત શાસ્ત્રની સાંભળવા મળી એને જ સત્સંગ માને છે. એટલો ફેર છે. માર્ગ તો આખો ગુણ-દોષની પ્રધાનતાવાળો માર્ગ છે અથવા ગુણપ્રધાન માર્ગ છે. ગુણપ્રધાન કહો એટલે દોષના ટળવાની પ્રધાનતા અને ગુણના પ્રગટ થવાની પ્રધાનતાનો આ માર્ગ છે. એ વિષય છોડીને જો કાંઈ કરવામાં આવે તો બધું માર્ગથી બહાર છે. સીધે સીધી વાત એ છે કે ગુણ-દોષનો વિષય ગૌણ કરીને અથવા એની સામે આંખ મીંચી જઈને, એ દરવાજો બંધ કરીને માત્ર શાસ્ત્રની વાતો કે ગમે તે કરવામાં આવે નહિ, તપ કરવામાં આવે, ક્રિયા કરવામાં

આવે, શાસ્ત્ર-સ્વાધ્યાય કરવામાં આવે, એ બધું માર્ગની બહાર ચાલે છે. માર્ગમાં કાંઈ ચાલતું નથી. માર્ગને એને કાંઈ લેવા-દેવા નથી. માર્ગ ક્યાંક જાય છે, એ પોતે ક્યાંક ચાલે છે. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ પોતાનો વિચાર કરે તો ઘણી ક્ષતિ લાગે, ક્યાં મુમુક્ષુની લાઈન અને ક્યાં....

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. વિચાર કરતા મૂકી દે એવી બધી વાતો છે. ચોક્કસ અને ઘણો-ઘણો ઊંડો વિચાર કરવા યોગ્ય છે. જો આત્મહિત કરવું હોય તો. ઘણો ઊંડો વિચાર કરવા જેવો વિષય છે. માર્ગ કોઈ બીજો જ છે અને માર્ગ કોઈ બીજી રીતનો છે. ચાલે છે એ માર્ગ છે નહિ. ટોળું ભેગું થઈ જાય. પરંપરા ચાલે, ચાલો શાસ્ત્રવાંચન કરો, ચાલો પૂજા-ભક્તિ કરો, ચાલો ફલાણું કરો. બધા સંપ્રદાયમાં કાંઈને કાંઈ ચાલતું હોય છે, આ એક નવો સંપ્રદાય ઊભો કર્યો. માર્ગ નથી. એ માર્ગ નથી. માર્ગ કોઈ બીજી રીતે છે એમ કહેવું છે.

(પત્રાંક) ૪૯૬. 'ધારશીભાઈ કુશળચંદ, મોરબી'

**'જે મુમુક્ષુજીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ. નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.'** જુઓ ! અહીંથી શરૂઆત કરી એમણે. જે મુમુક્ષુ ગૃહસ્થદશામાં વર્તતા હોય એણે ન્યાય-નીતિની બાબતમાં વધારે ચોક્કસ રહેવું જોઈએ. કોઈને અન્યાય થાય, કોઈનું અન્યાયપણે લેવાનું થાય એવું જરા પણ કરવું જોઈએ નહિ. ન્યાય-નીતિને અખંડ અને મૂળ અને પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ. આટલી તો એની મજબૂતાઈ આવવી જોઈએ. નહિતર ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે. ઉપદેશ છે એ નહિ લાગે.

માણસ શું વિચારે છે ? વેપાર-ધંધો તો વેપાર-ધંધાની રીતે થાય. અત્યારે તો અનીતિ કર્યા વગર પૈસા મળતા જ નથી. આ તો સૂત્રો થઈ ગયા છે. ક્યાંક ક્યાંક કોઈની સાથે પ્રસંગે બેસવાનું થાય તો આ બધી ચર્ચા ચાલતી હોય છે. કે ભાઈ ! આ બધું કરવું ? તો એ તો જીવનનો એક વિભાગ છે. Part of the life એમ કહે છે. ભ્રષ્ટાચાર કહે છે ને ? અત્યારે ભ્રષ્ટાચાર બહુ ચાલે છે. તો કહે ભાઈ ! બધી વાત છોડી દ્યો ચર્ચા કરવાની અને ટીકા કરવાની. એ તો અત્યારનું જીવન જ છે. Part of the life છે અથવા Major part of the life છે. કે દરેક જગ્યાએ

એક-એક પગલે ખોટું કરી કરીને જ આગળ ચાલવાનું. જીવનમાં સાચું-ન્યાય-નીતિનો પ્રશ્ન જ નહિ. આ પરિસ્થિતિ આજની થઈ ગઈ છે.

મુમુક્ષુને તો જીવવું મુશ્કેલ પડે એવી પરિસ્થિતિ છે. એને ન્યાય-નીતિથી જીવવું મુશ્કેલ પડે, પ્રમાણિકતાથી જીવવું કઠણ પડે એવી પરિસ્થિતિ છે. આ તો સો વર્ષ પહેલાની વાતો છે. ૯૬ વર્ષ પહેલાની વાતો. અત્યારે તો ૯૬ વર્ષમાં તો એક હજાર વર્ષમાં જે વિપર્યાસ આવે ને એટલો વિપર્યાસ આવી ગયો છે. દસ ગણો. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– રોજને રોજ બહારમાં જતાં હકીકત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા.

**'દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં...'** દ્રવ્ય એટલે પૈસો અહીંયાં. એને મેળવવા આદિમાં. **'સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે.'** નીતિની વાત કરે ને ? અખંડ નીતિનું મૂળ સ્થાપવું. તો કહે છે, **'સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે.'** સાંગોપાંગ પહેલેથી છેલ્લે સુધી. પછી અનીતિ થાય કે કાંઈક અન્યાય થાય તો એને દોષ ખટકશે. પણ જેણે સિદ્ધાંત એમ કરી નાખ્યો કે આમ કર્યા વગર ચાલે જ નહિ. એ તો પોતાનો દોષ જોવાનો જ નથી. એને તો એ દોષ જ ગણવાનો નથી. એ તો એમ માને છે કે આ તો કરવું જ જોઈએ અને કર્યા વગર ચાલે નહિ. કહે છે કે એ રીતે તો ઉપદેશ સાંભળવા મળશે પણ ઉપદેશ લાગવાનો કોઈ પ્રકાર ઊભો થશે નહિ.

જ્ઞાની તો પ્રામાણિકપણે વ્યવસાય કરતા હોય તો પણ એ વ્યવસાય છોડવા માગે છે. તો જેને અપ્રમાણિકપણું કરવું પડતું હોય એને તો એમાં રહેવાનું કેમ મન થાય ? એને તો છોડવાનું જ મન થાય.

મુમુક્ષુ :– વકીલ છે. 'ધારશીભાઈ' તો વકીલ હતા. વકીલને આ વાત...

પૂજ્ય ભાઈશ્રી :– હા વકીલ હતા. હા બનતા સુધી ન્યાયધીશ હતા ને ?

મુમુક્ષુ :– ન્યાયધીશ હતા. ન્યાયધીશને તો બીજા મુમુક્ષુને શું લખે...

પૂજ્ય ભાઈશ્રી :– ન્યાયાધીશ હતા. ન્યાયનો પત્ર એમને લખ્યો છે. ન્યાયાધીશને ન્યાયનો પત્ર લખ્યો છે.

**'દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ**

**છે. એ નીતિ મૂક્તાં પ્રાણ જાય એવી દશા આવ્યે...'** અને એવી નીતિ જાળવતા પરિસ્થિતિ બગડે, કફોડી પરિસ્થિતિ થાય, ગરીબાઈ આવે, નિર્ધનતા આવે ત્યારે **'ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે,...'** સાચો મુમુક્ષુ હોય ત્યારે એને વૈરાગ્ય ખરો પ્રગટે છે. સાચા વૈરાગ્યમાં એ આવે છે કે બરાબર મારે કોઈ ચીજની જરૂર નથી. અને (મને) જરૂર નથી. નિરપેક્ષ નિરાલંબપણે જીવવું છે એ જીવવાની પરિસ્થિતિમાં હું આવ્યો છું. એને સાચો ત્યાગ વૈરાગ્ય ત્યારે પ્રગટે છે. પરિણામ બગડતા નથી એમ કહે છે. ઊલટાના એના પરિણામ છે એ વિશેષ ઉજમાળ થાય છે.

**'અને તે જ જીવને સત્પુરુષના વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે;...'** એવી યોગ્યતામાં જે જીવ આવે છે ત્યારે એને સત્પુરુષના વચનનું અને સત્પુરુષની આજ્ઞા એનો ધર્મ શું છે ? આજ્ઞા તે ધર્મ છે. એમાં શું શક્તિ છે ? એ કેટલી મહાન વસ્તુ છે ? એ કેટલી મહાન વસ્તુ છે ? અને એમાં કેટલું આત્મહિતનું રહસ્ય છુપાયેલું છે એ એને ત્યારે સમજાય છે. બાકી સમજાય એવી વાત નથી. ભલે સાંભળવા મળે, ભલે એનો અર્થ કરતા આવડે કે ભાવાર્થ કરતા આવડે પણ એનું રહસ્ય સમજાય એવું નથી. ત્યાં એની કિંમત આવે એવું નથી.

મુમુક્ષુ :- જે મુમુક્ષુ ન્યાય-નીતિ પર જ ચાલતો હોય એના માટે તો આ સત્પુરુષ...

પૂજ્ય ભાઈશ્રી :- ચોકડી મુકાઈ ગઈ. એમ છે.

**'અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.'** અને ત્યારે એ જીવને પોતાની વૃત્તિઓ પોતાના સ્વરૂપમાં વર્તે એવો માર્ગ સ્પષ્ટપણે સિદ્ધ થાય છે. સિદ્ધ થાય છે એટલે હસ્તગત થવો એવી યોગ્યતા આવે છે કે એ વૃત્તિ આત્મામાં પછી વળે છે. જે વૃત્તિ બાહ્ય સંયોગો સાથે પ્રતિબંધપણાને પામે છે, સંબંધ કરે છે એ કેવી રીતે સંબંધ કરે છે ? ક્યા પ્રકારે સંબંધ કરે છે ? અને સંબંધ કરે છે ત્યારે એની Quality શું છે ? એ વાત ન સમજાય અને આત્માની વૃત્તિ અંતરમાં નિજપણે વર્તવા લાગે એવી કોઈ વાત સાંભળીને કે એવી કોઈ વાત વાંચીને વર્તવા માંડે, કોઈ રીતે નહિ બની શકવા યોગ્ય કાર્ય છે.

મુમુક્ષુ :- જ્યાં નીતિના ઠેકાણા ન હોય ત્યાં શું ? કેવી રીતે પ્રતિબંધ મૂકવામાં આવે છે એ બાબતમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું થાય છે કે જ્યારે એ અન્યાય કરે છે ત્યારે એની

તીવ્ર પક્કડ છે ને ? માણસ ક્યારે પાપ કરે ? પાપ ક્યારે કરે કે જ્યારે તીવ્ર વૃત્તિ મેળવવાની થઈ જાય ત્યારે. મેળવવું તો છે દરેકને. પોતાની જરૂરિયાત અને આજીવિકા માટે મેળવવું છે. જે મુમુક્ષુ ગૃહસ્થ વ્યવહારમાં ઊભા છે એને મેળવવું તો છે. પણ મેળવવા મેળવવામાં ફેર છે. જ્યારે તીવ્રતા આવી જાય છે ત્યારે જીવ કેટલું હું પાપ કરું છું ? એ જોવા ઊભો નથી રહેતો. અથવા એને તીવ્ર જે મેળવવાની વૃત્તિ છે એ એને પાપમાં ખેંચી જાય છે. એટલા પાપમાં ખેંચી જાય છે કે એને પોતાને ખબર નથી પડતી કે હું કેટલું (પાપ) કરું છું. એને ખ્યાલ નથી આવતો. એવી પરિસ્થિતિ ઊભી થાય છે.

એટલે એને એ નિજપણે વર્તવાનો એ માર્ગ કેવી રીતે સિદ્ધ થાય એમાંથી ? પ્રાપ્ત કેવી રીતે થાય ? સિદ્ધ થાય એટલે પ્રાપ્ત કેવી રીતે થાય ? એટલે એને એમ થાય છે કે આમાંથી હું છૂટી જાઉં હવે. આ પ્રવૃત્તિઓમાંથી હું છૂટી જાઉં અને એમ છૂટતાં જે ગમે તે પરિસ્થિતિ ઊભી થાય તો એ પરિસ્થિતિ સહી લેવાની મારી તૈયારી છે. એવી જ રીતે જીવ તૈયારીમાં આવે છે. એટલે એ યથાશક્તિ પ્રવૃત્તિ છોડે પણ છે, ઘટાડે પણ છે અથવા ત્યાગે પણ છે અને તે રીતે પરિસ્થિતિ જે ઊભી થાય એમાં પરિણામ બગાડવાને બદલે વિશેષે કરીને પોતે સ્વરૂપમાં વૃત્તિ વળે એવી સ્થિતિમાં આવે છે. અને એ એનો પરીક્ષાકાળ છે, એ એનો ખરેખરો કાળ છે. કે જેને લઈને એ ... છે એ વિષયની અંદર ઘટી જાય છે એ તો.

મુમુક્ષુ :– ઉપર ઉપરથી જોતાં એમ લાગે કે આ ચારિત્રમોહનો દોષ છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિષય ચારિત્રમોહનો અવશ્ય છે. પણ ચારિત્રમોહ સાથે દર્શનમોહને ક્યાં ? કઈ જગ્યાએ ? કેટલો સંબંધ છે ? એ વિચારવું ઘટે છે. જેમ કે પરદ્રવ્યમાંથી સુખ. તીવ્રતા કેમ થઈ ? ગમે તેમ કરીને પૈસા મેળવી લ્યો. તો એવી જે તીવ્રતા થઈ કે ગમે તેમ કરો. અત્યારે બધા કરે છે માટે આપણે પણ કરો. તો એવી તીવ્રતા ક્યારે થઈ ? કે એમાંથી સુખ લેવાની વૃત્તિ છે ત્યારે થઈને ? એમાં સુખબુદ્ધિએ થઈને ? તો ત્યાં દર્શનમોહ ઊભો થયો કે ન થયો સુખબુદ્ધિમાં ? એટલે એને દર્શનમોહનો કેટલો સંબંધ છે ચારિત્રમોહ સાથે ? એ સાથે સાથે એને અવલોકનમાં હોવું જોઈએ. એના વિચારમાં હોવું જોઈએ. એની સમજણમાં હોવું જોઈએ. નહિતર એમ કરીને કાઢી મૂકે કે આ તો ચારિત્રમોહની વાત છે. મારે તો દર્શનમોહ પહેલા

કાઢવો છે. ચારિત્રમોહમાં થયા કરવાનું. જ્ઞાની પણ અન્યાય અને અનીતિ ક્યારેક કરી લે. પાછી આવી રીતે ઓથ લઈ લે. ક્યારેક જ્ઞાની પણ અન્યાય અને અનીતિ કરી લેતા હશે. અને કરતા હોય. એ તો ચારિત્રમોહનો દોષ છે, સંભવિત છે અને આ ચોથા ગુણસ્થાને અવિરતીમાં આવે પાછું. એ કોઈ અવલંબન લેવાનો વિષય નથી અને એવી બુદ્ધિ થાય ત્યારે દર્શનમોહની તીવ્રતામાં જ એવી બુદ્ધિ થાય છે એમ સમજવા યોગ્ય છે. ત્યાં ચારિત્રમોહની વાત રહેતી નથી એના માટે. પણ એના માટે તીવ્ર દર્શનમોહ વર્તે છે એમ લેવું ઘટે છે.

એટલે તો મૂળમાં વાત અહીંથી ઉપાડી છે એનું આ કારણ આ છે કે આ બધી વાતોના (સમજાય છે) એક જ વાતે કે પૂર્ણ શુદ્ધ થવું છે કે નહિ ? પૂર્ણતાના લક્ષે તારે શરૂઆત કરવી છે કે એમ ને એમ અધ્ધરથી શરૂઆત કરવી છે ? બહુ ગંભીર વાત છે. 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' એ ગંભીર સૂત્ર છે 'ગુરુદેવ'નું. અહીંથી જો શરૂઆત કરીશ તો છેક સુધીની પૂર્ણતા સુધીની લાઈન ક્લીયર છે તારા માટે. કોઈ દોષને પોષણ કરવું, કોઈ દોષને સ્વીકાર કરવો. કોઈ દોષનું પાલન અને રક્ષણ કરવું એ વાત જ નહિ રહે. ગમે તે ભૂમિકાએ. ચારિત્રમોહનો છે માટે ભલે રહ્યો એ વાત મૂળમાંથી જ ખોટી છે.

જેને પૂર્ણતાને લક્ષે શરૂઆત કરવી છે એને દર્શનમોહ તો નથી જોઈતો, પણ ચારિત્રમોહ એને જોઈએ છે એ વાત છે એમાં ? અને એ વાત પૂર્ણતાના લક્ષમાં હોઈ શકે ખરી ? કે એ વાત જ નથી. એટલે આ તો લાઈન જ બીજી રીતે શરૂ થાય છે. આ લાઈન જ બીજી રીતે શરૂ થાય છે. એ રીત છોડી દે અને પછી પોતાની રીતે કોઈ કરવા લાગે તો એ જ્ઞાનીની આજ્ઞાએ ચાલવા માગતો નથી. એ પોતાની રીતે ચાલવા માગે છે, સ્વચ્છંદે કરીને ચાલવા માગે છે, જ્ઞાનીની આજ્ઞા ઉપર પગ મૂકીને ચાલવા માગે છે. એ કોઈ રીતે માર્ગ ઉપર આવી શકશે નહિ.

બહુ સાફ સાફ વાત છે કે જે રીતે છે એ રીત છોડવી એ વાત જ ખોટી છે. બહુ બહુ અનુભવથી નક્કી થયેલો, નિશ્ચિત થયેલો, નિયત થયેલો સર્વજ્ઞનો આ માર્ગ છે, તીર્થંકરનો આ માર્ગ છે. ફેરફાર કરવા જાય એ ઉંધો પડે છે. બીજું એમાં કાંઈ થતું નથી. એટલે એ પહેલેથી બહુ વિચારીને એ વિષય પ્રસિદ્ધ થયેલો છે. એ જ રીતે એ વિચારવા યોગ્ય છે. આદરવા યોગ્ય છે. (અહીં સુધી રાખીએ)...

## તા. ૧૦-૮-૧૯૯૦, પત્રાંક – ૪૯૬
## પ્રવચન નં. ૧૯૬

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૯૬ મો ચાલે છે. એક પેરેગ્રાફ ચાલ્યો હતો. ફરીને લઈએ. 'મોરબી'ના 'ધારશીભાઈ' ઉપર લખેલો પત્ર છે.

મુમુક્ષુજીવને ગૃહસ્થ વ્યવહાર હોય છે. આર્થિક વ્યવહાર ઉપરાંત બીજો પણ અનેક પ્રકારનો એકબીજાના પરસ્પર સંબંધનો વ્યવહાર પણ હોય છે. એમણે કેવી રીતે નીતિથી વર્તવું જોઈએ, ન્યાયથી વર્તવું જોઈએ, સરળતાથી વર્તવું જોઈએ એ વિષય ઉપર અહીંયાં વજન છે.

જે '**મુમુક્ષુજીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ.**' મુમુક્ષુજીવનો આ સિદ્ધાંત હોવો જોઈએ કે મારે કોઈને અન્યાય કરવો નથી. પછી ગમે તે પ્રકારનો વ્યવહારથી વર્તવું હોય તો પણ નીતિ-ન્યાય સાથે સંબંધ ધરાવે છે. એથી મારાથી કોઈને અન્યાય ન થાય, કોઈપણ પ્રકારે અન્યાય ન થાય એ પ્રકારે મૂળમાં, આત્મામાં એ વાતને સૈદ્ધાંતિક રીતે સ્થાપી દેવી જોઈએ કે આ તો મારો મૂળ સિદ્ધાંત છે. જે મુમુક્ષુજીવને પરિપૂર્ણ નિર્દોષ થવું છે, સંપૂર્ણ શુદ્ધિનું જેણે ધ્યેય બાંધ્યું છે તેણે ચાલતા જીવન વ્યવહારમાં કોઈને મારાથી અન્યાય ન થાય એ વાત તો સહેજે સહેજે હોવી ઘટે છે. બહુ સ્પષ્ટ વિષય છે આ.

'**નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.**' નહિતર શું છે કે જીવે એવો પણ સિદ્ધાંત જાણ્યે-અજાણ્યે દૃઢ કરી રાખેલ છે કે મારી સાથે કોઈ અન્યાય કરે તો એની સાથે પણ મારે અન્યાય કરવો જોઈએ. કોઈ તો ન્યાય કરે એની સામે પણ અન્યાય કરે છે પણ અન્યાય કરે એની સામે પણ મારે તો અન્યાય જ કરવો જોઈએ. એમ દોષ કરવાનો પણ એક સિદ્ધાંત, અભિપ્રાય. સિદ્ધાંત એટલે અભિપ્રાય છે અહીંયાં. એવો અભિપ્રાય જાણ્યે-અજાણ્યે જીવનો હોય છે, થઈ જાય છે. તો એને નુકસાન

એ થશે કે નિર્દોષ થવાનો જે ઉપદેશ છે એ ઉપદેશનું નિષ્ફળપણું જશે. એ ઉપદેશ સફળ નહિ થાય.

મુમુક્ષુ :- આ તો મુમુક્ષુને ખાસ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાયાનો વિષય છે. આટલું તો મુમુક્ષુને (હોવું જ જોઈએ). નહિતર બીજા સામાન્ય જીવોથી મુમુક્ષુ જુદો પડે છે એ વાત કેવી રીતે નક્કી થાય ?

મુમુક્ષુ :- દેવ, શાસ્ત્ર, ગુરુના વિષયમાં પણ કોઈ વિપરીત ચાલતો હોય તો આમાં પણ મધ્યસ્થ ભાવના રાખવાનો વિચાર કરે. અખંડ નીતિના બહાને.

પૂજ્ય ભાઈશ્રી :- અખંડ નીતિનો અર્થ છે કે ન્યાયથી જોવું, અન્યાયથી ન જોવું. તો દેવ-ગુરુ-શાસ્ત્રની જે વિરાધના કરતા હોય એ વિરાધના કરે છે એમ ન જોવું. એ તો અન્યાય થયો. એ ન્યાય ક્યાં થયો ? એ તો એના જેવું થયું કે બધાનો ધર્મ સરખો છે. બધાનો ધર્મ સરખો માનવો એનું નામ મધ્યસ્થતા છે. એના જેવું થયું એ તો. એમ નથી. જે જેમ છે તે તેમ જ દેખાય છે. ન્યાય અને નીતિમાં તો જે જેમ છે તેમ દેખાય છે. એમ.

મુમુક્ષુ :- જેને પોતાનું હિત કરવું છે એની તો લાઈન જ નિર્દોષતા.

પૂજ્ય ભાઈશ્રી :- લાઈન જ નિર્દોષતા બાજુ જાય છે. જેને પોતાનું હિત કરવું છે એને મારી નિર્દોષતા કેમ ઉત્પન્ન થાય ? એ દૃષ્ટિકોણ સારી રીતે સાધ્ય થાય છે. એ પોતાનું પ્રયોજન હોવાથી પ્રયોજનના વિષયમાં ઉપયોગ તીક્ષ્ણ થાય છે, સૂક્ષ્મ થાય છે અને એ જ રીતે કામ ચાલે છે. પ્રયોજન અન્યથા હોય ત્યાં ગડબડ થયા વિના રહેશે નહિ. અને પ્રયોજન અન્યથા છે ત્યાં પહેલું પોતાનું અહિત થાય છે. બીજાનું થાવું હોય તે થાય છે પણ પહેલું પોતાનું અહિત થાય છે.

મુમુક્ષુ :- બીજા જીવો કરતાં મુમુક્ષુઓનું વર્તન બીજા પ્રકારનું હોય, આ વાત બહુ સરસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા પ્રકારનું (હોય છે). એ જુદો પડી જાય. મુમુક્ષુજીવ સામાન્ય જનસમાજની વ્યક્તિમાંથી જુદો પડતો જીવ છે. બીજાને પણ ખ્યાલ આવે કે સામાન્ય માણસના વ્યવહાર કરતા આનો વ્યવહાર કાંઈક બીજી રીતે છે. એને ખ્યાલ આવે.

**'દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં...'** એટલે અર્થ ઉપાર્જનમાં. **'સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે.'** બીજાને અનીતિ કરીને પોતે આર્થિક રીતે

પોતાનો સ્વાર્થ સાધે એવો પ્રકાર મુમુક્ષુજીવ કરતા નથી. **'એ નીતિ મૂક્તાં..'** એમ કહે છે હવે. પરીક્ષા આવે છે અહીંયાં. **'એ નીતિ મૂક્તાં પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે,...'** જુઓ ! આ પુરુષાર્થ અથવા વીર્યવાન જીવનું કામ છે. એમ નીતિ જાળવતાં શ્રીમંતાઈ નહિ આવે, કદાચ ગરીબાઈ આવશે ત્યારે એને વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટશે. જો નીતિ જાળવી રાખશે તો. અથવા એ એમ જાણશે કે નીતિ જાળવતા અનુકૂળતાઓ ન મળી અથવા આર્થિક સંપન્નતા ન થઈ તો એ જ મારું ગૌરવ છે. નીતિ જાળવનારને એમ થાય તો એ તો એનું ગૌરવ છે. અને લૌકિક માણસો પણ એ સમજે છે.

'લાલબહાદુર શાસ્ત્રી' હિન્દુસ્તાનના વડાપ્રધાન તરીકે દોઢ વર્ષ રહ્યા હતા. ઓચિંતો એમનો દેહાંત થયો 'મોસ્કો'માં. રશિયા. અને ત્યાં અડધી રાત્રે દેહ છૂટી ગયો. હિન્દુસ્તાનનો વડોપ્રધાન હોય ત્યારે એની તહેનાતમાં તો હિન્દુસ્તાનના બધા ગવર્નર પણ એની તહેનાતમાં હોય છે અને દરેક રાજ્યના મુખ્યમંત્રી પણ એની નીચે છે. 'દિલ્હી'નો વૈભવ મોટો લાગે. 'દિલ્હી'ની રાજગાદી જેના હાથમાં છે. પણ બેંક બેલેન્સમાં કાંઈ નીકળ્યું નહિ. તદ્દન ગરીબ માણસ તરીકે એના કુટુંબની પરિસ્થિતિ જોવામાં આવી. સાદાઈથી પોતે રહેતા હતા પણ સાદાઈથી તો ઘણા રહે. એ તો પૈસાવાળા પણ સાદાઈથી રહે અને ગરીબ પણ સાદાઈથી રહે. પણ લોકોને માન થયું કે આ માણસ કેટલો પ્રામાણિક કે જેને આડા હાથે લેવું હોય તો કરોડો-અબજો રૂપિયા આડા હાથે લઈ લે. સીધો હાથ લેવા માટે લંબાવવો ન પડે. એના ઘરે આવીને લોકો દઈ જાય તો પણ કરોડો-અબજો થાય. એ પ્રમાણિકતાની લોકોને ખાતરી થઈ. તો એ એની ગરીબાઈ એ એનું દુષણ નથી. ગરીબાઈ તો એનું ભુષણ છે ખરેખર તો. એ એની શોભા છે ખરેખર તો.

એમ આત્માર્થી જીવ હોય, આર્થિક સ્થિતિ એની સામાન્ય હોય, ન્યાય-નીતિથી જીવન (જીવતા હોય), એની સ્થિતિ સમાજની અંદર પૈસાવાળા-આબરૂદાર તરીકે ન દેખાતી હોય તો એ એનું દુષણ નથી. એ જ એની શોભા છે, એ એનું ગૌરવ છે, એ એનું ભુષણ છે ખરેખર તો. અને એના પ્રત્યે બહુમાનથી જોવું જોઈએ. આર્થિક રીતે સાધારણ છે માટે એને મુખ્યતા ન આપવી, એને ગૌણ કરી દેવો એ વાત દુષણરૂપ છે. એને બહુમાન આપવું એમાં સમાજનું ભુષણ છે ખરેખર તો. એમાં સમાજની શોભા છે.

પરિસ્થિતિ જો કે વિપરીત છે. દિગંબર સમાજમાં પંડિતો છે. શ્વેતાંબર સમાજમાં પંડિતો ખાસ નથી. કેમ કે તત્ત્વજ્ઞાનનો વિષય ત્યાં લોપાઈ ગયો છે. પણ દિગંબર સમાજમાં તો પંડિતો છે, શાસ્ત્રો વાંચે છે, બીજો વ્યવસાય નથી કરતા હોતા તો સમાજમાં એનું સ્થાન એટલું માનભર્યું આજે નથી. એ એક સમાજનું દુષણ છે. એવું નહિ હોવું જોઈએ. વિદ્વાન હોય...

એક જમાનો એવો હતો. સંસ્કૃતમાં તો એ સૂત્ર છે કે 'राजा स्वदेशे पूज्यते, विद्वान सर्वत्र पूज्यते' રાજા તો એના દેશમાં પૂજાય કે અહીંના ફલાણા દેશનો રાજા છે માટે એને બહુમાન આપો. પણ વિદ્વાન તો કોઈ પરદેશમાં જાય. ખબર પડે લોકોને કે આ ફલાણા રાજ્યના વિદ્વાન છે. આપણા બાજુના નથી, પેલી બાજુના છે. તો એનું બહુમાન થાય. એવો એક અહીંયાં અધ્યાત્મવિદ્યાનો એક જમાનો હતો ભારતમાં. પરિસ્થિતિ અત્યારે બીજી છે તો પણ ગુણ-દોષની જે કિંમત છે એ બદલાતી નથી. ગુણ-દોષની કિંમત હંમેશા એની એ રહે છે. નહિ સમજનારા અસમજદાર માણસો ગમે તેમ વર્તે તેથી બદલાતા નથી. મૂલ્ય તો ગુણના મૂલ્ય ગુણપણે રહે છે. અવગુણના મૂલ્ય અવગુણપણે જ રહે છે.

એવી સ્થિતિ આવે અને ત્યાગ-વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે એટલે હિંમત હારે નહિ. આર્થિક સ્થિતિ નબળી પડે તો નાહિંમત થાય નહિ. ગભરાટ થાય નહિ, દીનતા આવે નહિ પરિણામમાં. દીનપણે કોઈના સમાગમમાં આવે નહિ. ચમરબંધી હોય તો પણ દીનપણે એના સમાગમમાં ન આવે. **'અને તે જ જીવને સત્પુરુષના વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્‌ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે.'** આ યોગ્યતા પાકે છે આ જ્યાએ. આવી સ્થિતિ આવે ત્યારે સત્પુરુષના વચનમાં શું રહસ્ય છે ? એની કિંમત કેટલી છે એનું મૂલ્યાંકન થાય છે. અને સામર્થ્યમાં નિમિત્તત્ત્વ શું રહેલું છે એ બધું એને સમજાય છે. બહુ સરસ વાત લીધી. ત્રણ બોલ લીધા છે.

**'સત્પુરુષના વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્‌ભુત સામર્થ્ય, મહાત્મ્ય અને રહસ્ય સમજાય છે;...'** ત્યાં સુધી સમજાતું નથી. **'અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.'** અને ત્યારે એના પરિણામ છે, સર્વવૃત્તિ એટલે બધા પરિણામ એના, બધા ગુણના પરિણામ સ્વસ્વરૂપના માર્ગે વર્તે એવી પરિસ્થિતિ ઊભી થાય છે. કેમ કે અહીંયાં સરળતા આવી ને ? અત્યંત સરળતા આવી કે પોતાના પક્ષે

નુકસાન જાય છે તો પણ ભલે નુકસાન જાય, મારે મારો ધર્મ છોડવો નથી. આ પરિસ્થિતિમાં આવે છે. ત્યારે એ પરિણામ સરળ થઈને સન્મુખ થઈ શકે છે.

જ્યાં સુધી બાહ્ય પરિણામમાં અસરળતા હોય છે ત્યાં સુધી એ પરિણામ સીધું થયા વિના, બહારમાં ને બહારમાં સીધું થયા વિના અંદર બાજુ વળવાની પરિસ્થિતિમાં આવતો નથી. આટલો ફેરફાર તો બહારમાં થવો ઘટે છે. થવો જોઈએ. અને એ થાય તો જ આગળનું કામ થાય છે, નહિતર આગળનું કામ થતું નથી. આવો સિદ્ધાંત દઢપણે ગ્રહણ કરવો જોઈએ, દઢપણે પકડી રાખવો જોઈએ. એમાં નબળાઈ આવે અને ભૂલ થઈ જાય તો પોતાને એનો ખેદ થાય. પણ સિદ્ધાંત એમ ન હોય કે આમ જ કરીએ. અહીંયાં તો આમ જ કરવું જોઈએ. અહીંયાં તો આની સામે આમ જ કરવું જોઈએ. એ સિદ્ધાંત હોઈ શકે નહિ. એ સિદ્ધાંત નથી. અપવાદમાં એમ બનવા યોગ્ય છે પણ અપવાદ તો ત્યારે અપવાદ છે કે પોતાને એનો ખેદ વર્તે ત્યારે. નહિતર અનુમોદન થશે. ખેદ છે એ નિષેધના સ્થાને છે. જો નિષેધ ન આવે તો અનુમોદન આવ્યા વિના રહે નહિ.

એટલે સર્વ વૃત્તિઓ થવા પરિણામ નિજપણે વર્તવાનો જે ઉપાય છે એ ઉપાય સિદ્ધ થાય એટલે પ્રાપ્ત થાય એની પાછળ આટલું ભૂમિકાનું સ્વચ્છપણું હોવું જરૂરી છે. એટલી ભૂમિકા સ્વચ્છ હોય એને આગળ પરિણામ નિજપણે વર્તવાનો માર્ગ હાથમાં આવે. નહિતર કોઈ રીતે આવે નહિ.

સામાન્યપણે જીવ એમ નથી કરી શકતો એનું કારણ એની લોકસંજ્ઞા છે. લોકોની અંદર તો પૈસાવાળા પુજાય છે, પૈસાવાળાને માન મળે છે, પૈસાવાળાની બોલબાલા છે. એ પુણ્યનો એનો ઉદય છે. વર્તમાનમાં ભલે પરિણામ પાપના હોય તો માન પણ એને યશકીર્તિ પણ એ જાતનો જ પુણ્યનો ઉદય આવી જાય છે. પૈસાની સાથે સાથે લોકો માન પણ આપવા લાગે છે. એ એમ સમજી બેસે છે કે ભલે હું ખોટું કરું છું પણ લોકો મને માન આપે છે. બીજાને પણ ખ્યાલ આવે કે આ માણસ ખોટું કરે છે પણ પૈસા છે માટે એને માન મળે છે. માટે આમ કરીએ. એ વાત આત્માર્થીને હોય નહિ. એમ લેવું છે.

ભલે બીજાનું બીજો જાણે. મારે મારું સંભાળવું છે. મારા જન્મ-મરણના પરિભ્રમણના ચક્કરમાંથી કોઈ બીજા મને છોડાવવા આવશે નહિ. માન આપનારા

રખડાવશે. રખડવામાં નિમિત્ત થશે, માન આપનારા છોડાવવામાં નિમિત્ત થતા નથી. એ પરિસ્થિતિ ઊભી થાય છે. એટલે એ રીતે પણ જગતનો પ્રકાર જોઈને પણ જીવે વિચલિત થવા જેવું નથી. એમ છે ખરેખર.

મુમુક્ષુ :– તત્ત્વના અભ્યાસથી આત્મા પમાય (પણ નીતિથી આત્મા કેમ પમાય ?)

પૂજ્ય ભાઈશ્રી :– તત્ત્વનો અભ્યાસ એટલે ગોખણપટ્ટી છે ? તત્ત્વનો અભ્યાસ એટલે ગોખણપટ્ટી ? ગોખણપટ્ટી સમજાય છે ? એ કંઈ ગોખણપટ્ટી નથી. તત્ત્વના અભ્યાસ સાથે એના વર્તમાન વ્યવહારિક જીવનને સંબંધ ખરો કે નહિ કાંઈ ? તત્ત્વના અભ્યાસમાં તો ગુણ-દોષની ચર્ચા છે. અને ગુણ-દોષ શાસ્ત્રમાં નથી થતા પણ આત્મામાં થાય છે. શાસ્ત્રમાં તો એની વ્યાખ્યા છે, એના વિચારો છે, એનું સ્પષ્ટીકરણ છે. પરિણામ તો આત્મામાં થાય છે. તો આત્મા સાથે એની કાંઈ મેળવણી કરવાની કે નહિ કરવાની ? અભ્યાસ કેવી રીતે કરવાનો ? તત્ત્વનો અભ્યાસ એટલે કોઈ ગોખણપટ્ટી કરવાની ? કે પોતાના પરિણામ સાથે કાંઈ મેળવણી કરવાની ?

એટલે 'શ્રીમદ્જી' લખે છે કે, કોઈ જુદાં સ્વરૂપમાં મુમુક્ષુઓને જોઈને અને કોઈ જુદાં સ્વરૂપમાં મુનિઓ અને સાધુઓને જોઈને અમને આશ્ચર્ય થાય છે. કહેવાય છે કે ભાઈ ! આ ધર્મના ક્ષેત્રમાં ધાર્મિક આબરૂ આમની બહુ સારી છે. મોટા ગણાય છે. અને કોઈ સાધુ, આચાર્યો વગેરેની આબરૂ પણ હોય છે. ધાર્મિક આબરૂ જેને કહીએ છીએ. અમને નવાઈ લાગે છે, આ કઈ જાતનું સ્વરૂપ છે સાધુ અને મુમુક્ષુનું ! કે જે પોતાના પરિણામ સામે જોતા નથી. જે ધર્મમાં પરિણામનો વિષય જ મુખ્ય છે અને જેમાં બધા પરિણામોની જ ચર્ચા કરવામાં આવી છે, ગુણ-દોષના દૃષ્ટિકોણથી, એને પોતાના પરિણામ સાથે મેળવતા જ નથી ને એમ ને એમ બીજાને ઉપદેશ દીધે રાખે છે.

એટલે પોતે એક જગ્યાએ લખ્યું કે 'જીવ અપરિણામી રહીને ઉપદેશ કરે છે. એ મહાઅનર્થ છે.' શું કહ્યું ? એ તો વચન એવા છે. મહાઅનર્થ છે એમ કહ્યું. એ જે વાત એ કહે છે, જે વાત એ વિચારે છે. કહે નહિ અને વિચારે. વક્તા કહે. પણ બાકી આત્માર્થી બધાને તો વિચાર તો બધાને છે. તો એમાં એનો પ્રયત્ન હોવો જોઈએ. એ વાત સાથે એના પ્રયત્નને સંબંધ હોવો જોઈએ. પછી પ્રયત્નમાં ટૂંકો પડે, ઓછો પડે એક બીજી વાત છે. પણ પ્રયત્ન જ ન હોય તો અપરિણામી રહીને વાત વિચારવાની થાય છે. એ તો નિરર્થક છે. અથવા અનર્થનું કારણ થાય છે. એમ બને છે.

એવી સ્થિતિમાં એ વાત સ્પષ્ટ થાય છે કે એ વિષયની બિલકુલ દઢતા આવી નથી. દઢતાને નિઃશંકતા સાથે સંબંધ છે એ વાત નિઃશંકપણે એ સમજ્યો નથી. નિઃશંકપણે સમજ્યો નથી એટલે એ શંકામાં હજી ગળકા ખાય છે. જે વિષયમાં પોતે શંકામાં ગળકા ખાતો હોય એ વિષયમાં એ બીજાને શું કહી શકે ? એનું જોર ક્યાંથી હોય ? શંકા હોય ત્યાં જોર ક્યાંથી હોય એનું ? જોર હોઈ શકે નહિ. એ પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જાય છે.

મુમુક્ષુ :- એ નિઃસ્પૃહ તો ક્યારે થાય કે દર્શનમોહની તીવ્રતા હોય તો. નીતિ સાથે દર્શનમોહનો કેવી રીતે સંબંધ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નીતિને અભિપ્રાય સાથે સીધો સંબંધ છે. પહેલો અભિપ્રાય શું થયો ? પૂર્ણતાને લક્ષે શરૂઆત. મારે પરિપૂર્ણ શુદ્ધ થવું છે એ પ્રકાર પહેલો પ્રારંભમાં આવ્યો પરિણામની અંદર ત્યારે દર્શનમોહ યથાર્થ પ્રકારે મંદ થયો. તો જેને એમ વિચારવું છે કે નહિ, દોષ પણ કરવો પડે અને કરવો જોઈએ જ્યાં જરૂર લાગે ત્યાં. પોતાને જરૂર લાગે ત્યાં દોષ કરવો જોઈએ. તો ત્યાં દર્શનમોહ તીવ્ર નહિ થાય ? એકલો ચારિત્રમોહ જ તીવ્ર થશે ? કેમ કે ઓલો સિદ્ધાંત તૂટે છે. પૂર્ણતાને લક્ષે શરૂઆત એ સિદ્ધાંત તૂટી જાય છે એની સામે. આ અભિપ્રાયની સામે.

જેને ન્યાય-નીતિ અખંડપણે આત્મામાં સ્થાપવા જોઈએ. એ રીતે સિદ્ધાંતની સ્થાપના ન કરે તો પૂર્ણતાને લક્ષે શરૂઆત કરવી છે એ સિદ્ધાંત તૂટી જાય છે. એટલે દર્શનમોહ મંદ કરવાનો સિદ્ધાંત મૂળથી જ ઉડાડ્યો. એ પરિસ્થિતિમાં આવે છે. અહીં સુધી વિચારવું જોઈએ. મૂળ તો શું છે પ્રારંભ કેમ કરવો એ ખબર નથી ને એટલે બાચકા ભરે છે જુદી-જુદી જગ્યાએ. અહીંથી એક જગ્યાએથી શાસ્ત્રમાં આમ સમજે, બીજી જગ્યાએથી આમ સમજે, ત્રીજા સ્થાનેથી આમ સમજે, કોઈ શાસ્ત્રમાંથી આમ સમજે, કોઈ શાસ્ત્રમાંથી આમ સમજે. શાસ્ત્રમાં તો અનેકવિધ પ્રકારે અનેક દૃષ્ટિકોણથી ઉપદેશ છે. અનેક જાતના સિદ્ધાંતો છે. બધું સારું સારું લાગે. પણ વ્યસ્થિત રીતે શરૂઆત કેમ કરવી ? અને વ્યવસ્થિત રીતે શરૂઆત થયા પછી આગળ કેમ વધવું વ્યવસ્થિત રીતે, એ જે માર્ગની વાસ્તવિક્તા છે એ વાસ્તવિક્તામાં આવ્યા વિના કલ્પનાવિહાર ગમે તેટલો કરવામાં આવે ક્યાંય પત્તો લાગે એવું નથી. એ પરિસ્થિતિ થાય છે.

મુમુક્ષુ :- Government tax વગેરેમાં આ વાતમાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધું આવે છે. કોઈપણ વાત આવે છે. કોઈ બાકી નથી રહેતું. ન્યાય-નીતિમાં શું બાકી રહે ? બધું આવે જ છે. એટલા માટે તો નિવૃત્તિ લે છે. પ્રવૃત્તિ શા માટે છોડે છે ? પ્રવૃત્તિ જેમ જેમ કરે એમ તો વધારે પૈસા મેળવી શકે છે. પ્રવૃત્તિ કરી શકે એવી શારીરિક અને માનસિક સ્થિતિ હોવા છતાં પ્રવૃત્તિ છોડવાનું કારણ શું ? કે પ્રવૃત્તિ કરતાં અનેક પ્રકારની પરિસ્થિતિમાં જોડાવું પડે છે. એટલે બાહ્ય નિવૃત્તિ, અંતર નિવૃત્તિને અર્થે ઉપયોગી છે અથવા ઉપકારી છે એમ સમજીને છોડવામાં આવે છે. કારણ એ છે એની પાછળનું. કેમ કે પોતાને અનુભવ છે કે નહિ ? દુનિયામાં કેવી રીતે વ્યવહાર ચાલે છે ? કેવી રીતે વ્યવહાર કરવાનું થાય છે બધી ખબર છે કે નહિ ? પ્રવૃત્તિ છોડવાનું એ મુખ્ય કારણ એ છે. ભલે ત્યાં પ્રવૃત્તિ કરે પણ એમાં ક્યાંય પુણ્યબંધ થવો મુશ્કેલ છે. શુભનો પ્રકાર આવવો મુશ્કેલ છે. એકલું અશુભ છે એકાંતે એની અંદર. એ પરિસ્થિતિ છે. અને હાલતા અને ચાલતા એ વાત ઊભી થઈ જાય છે. છોડો. ગમે તેમ ચલાવશું. આછુંપાતળું ચલાવશું. રોટલી ઉપર થોડુંક ઘી ઓછું ચોપડવું પડે તો કાંઈ વાંધો નહિ. પણ આપણે બચી જાવું છે. આટલી તૈયારી તો હોવી જોઈએ. એટલી તૈયારી હોય એનું કામ છે આ.

મુમુક્ષુ :- પ્રથમ પગથિયું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'હરિનો મારગ છે શુરાનો, નહિ કાયરનું કામ જોને.' એવી વાત છે.

એટલે તો કહ્યું કે **'એ નીતિ મૂક્તાં પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે, અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું...'** વચન એટલે આજ્ઞાધર્મ. જુઓ ! વચનનો અર્થ કર્યો. **'વચનનું તથા આજ્ઞાધર્મનું...'** એ આજ્ઞા છે. એક એક વચનની અંદર જીવને નિર્દોષ થવા માટેની આજ્ઞા-મર્યાદા કેવી રીતે છે ? એ વચનનું અદ્ભુત સામર્થ્ય. સાદામાં સાદા વચન લાગતા હોય. આ 'પૂજ્ય બહેનશ્રી'ના વચનો તો એકદમ સાદા છે. તો એનું **'અદ્ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે; અને..'** સમજાય છે ત્યારે એની **'વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.'**

**'દેશ, કાળ, સંગ આદિનો વિપરીત યોગ ઘણું કરીને તમને વર્તે છે.'** વર્તમાન

સ્થિતિમાં. આ તો ન્યાયાધીશ હતા. 'મોરબી'ના જેને પત્ર લખ્યો છે 'ધારશીભાઈ' એ પોતે ન્યાયાધીશ છે. અત્યારના ન્યાયાધીશ નહિ. પૈસા લઈને Judgement આપે એવા ન્યાયાધીશ નહિ. અત્યારે તો લોકો પૈસા આપીને ચુકાદા લઈ આવે છે. એવા નહિ. આ તો સો વર્ષ પહેલાના ન્યાયાધીશ છે. ૧૯૫૦માં પત્ર લખ્યો છે તો ન્યાયાધીશ તો પહેલા થયા હશે ને ? પાંચ-દસ વર્ષ પહેલા તો બહુ નાની ઉંમરમાં એમના સમાગમમાં આવેલા છે. સો વર્ષ પહેલાના ન્યાયાધીશ છે.

એને એમ લખે છે કે **'દેશ, કાળ, સંગ...'** સંગ પણ તમને વિપરીત વર્તે છે એમ કહે છે. કેટલો ખ્યાલ છે એમને ? તમારા આજુબાજુના બીજા સંયોગો તો વિપરીત છે, વ્યવસાય આદિ પરમાર્થ માર્ગને અનુકૂળ નથી. ખબર હોય ન્યાયાધીશને કે આ માણસ છે ગુનેગાર પણ પુરાવા એની નિર્દોષતામાં ઊભા થઈ ગયા છે કે ઊભા કર્યા છે. જાણતા હોય તો પણ એને ન્યાય ખોટો તોળવો પડે. કાયદા પ્રમાણે એને ચાલવું પડે. જડ કાયદા પ્રમાણે ચેતનને જડ થઈને ચાલવું પડે. આવી પરિસ્થિતિમાં કોઈવાર મૂકાય.

કહે છે, **'દેશ, કાળ, સંગ આદિનો વિપરીત યોગ ઘણું કરીને તમને વર્તે છે. માટે વારંવાર, પળે પળે તથા કાર્યે કાર્યે સાવચેતીથી...'** જુઓ ! સાવધાનીથી, જાગૃતિપૂર્વક **'નીતિ આદિ ધર્મોમાં વર્તવું ઘટે છે. તમારી પેઠે જે જીવ કલ્યાણની આકાંક્ષા રાખે છે.'** તમે જેમ તમારા આત્મકલ્યાણની આકાંક્ષા રાખો છો એમ જે કોઈ મુમુક્ષુજીવ **'કલ્યાણની આકાંક્ષા રાખે છે, અને પ્રત્યક્ષ સત્પુરુષનો નિશ્ચય છે, તેને પ્રથમ ભૂમિકામાં એ નીતિ...'** **'તમારી પેઠે જે જીવ કલ્યાણની આકાંક્ષા રાખે છે, અને પ્રત્યક્ષ સત્પુરુષનો નિશ્ચય છે,...'** એને સત્પુરુષ મળ્યા છે કે આ સત્પુરુષ છે. **'તેને પ્રથમ ભૂમિકામાં...'** એટલે પ્રારંભમાં જ **'એ નીતિ મુખ્ય આધાર છે.'** આ આધાર એટલે પાયાની વાત છે. નીચે આપણે કરે છે ને શિલાન્યાસ ? આ શિલાન્યાસ કરે છે.

..એને આ આધારભૂત વાત છે. આવો નિર્દોષ પરિપૂર્ણ નિર્દોષ થવાનો સિદ્ધાંત એનો આધાર ન હોય, શરૂઆત નહિ થાય. 'ગુરુદેવ' તો એમ કહે છે કે એને શરૂઆત નહિ થાય. ભલે ને ગમે તે કરે આખો દિ'. શરૂઆત નહિ થાય. આ વાત છે.

મુમુક્ષુ :– સત્પુરુષ ઓળખાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– સત્પુરુષ ઓળખાય નહિ, એની આજ્ઞા-વચન ઓળખાય નહિ,

એનું મહાત્મ્ય ઓળખાય નહિ, એનું રહસ્ય ઓળખાય નહિ. એમાં શું સામર્થ્ય છે આત્માને તારવાનું ? એ પણ એમાં ઓળખાય નહિ.

'શ્રીમદ્જી'ના વચનોમાં સત્પુરુષ વિષેની વિશેષ વાત આવી છે. આ તો નિમિત્તાધીન દૃષ્ટિ થઈ જશે. ગુણ-દોષની વાત આવે તો કહે, પર્યાયદૃષ્ટિ થઈ જશે. આવી રીતે તર્ક કરે છે લોકો. કે આ તો બધી પર્યાયની વાતો છે, આ તો બધી નિમિત્તની વાતો છે. પર્યાયની મુખ્યતા અને નિમિત્તની મુખ્યતા કરવાની તો ના પાડી છે. એમ વિચાર (કરે છે), તર્ક આવી જાય. એ વાત જે સમજ્યા છે, જે ઉપાદાનનું સામર્થ્ય સમજીને ઉપાદાનને અનુસરીને પરિણમ્યા છે એવા મહાત્માઓએ આ વાત કરી છે. જેણે ઉપાદાનને કેળવ્યું છે એણે આ નિમિત્તની વાત કરી છે અને એણે આ પર્યાયની વાત કરી છે. માટે એ જે દૃષ્ટિકોણથી કહેવા માગે છે એ દૃષ્ટિકોણ સમજવો રહ્યો.

એકાવતારી પુરુષ છે. કહેનાર વ્યક્તિ છે એ એકાવતારી પુરુષ છે. અંતરનો પુરુષાર્થ ફાટ-ફાટ છે. એવા પુરુષાર્થમાં ઊભા રહીને, ઉપાદાનમાં ઊભા રહીને આ બધી વાતો નિસ્પૃહપણે, કેવળ નિસ્પૃહપણે, કેવળ મુમુક્ષુઓના હિતને ખાતર લખી છે. વાત એ બરાબર છે પણ એક મહિનાના ઉપવાસવાળાને ચાર શેર ઘીનો મેસુબ કે સાલમપાક ખવરાવાય નહિ. એ તો લેશે આમાં. સિદ્ધાંતજ્ઞાનનો અને ઉપદેશજ્ઞાનનો. આ ઉપદેશજ્ઞાનનો વિષય છે. નિમિત્તનો અને પર્યાયનો. ઓલો સિદ્ધાંત જ્ઞાનનો વિષય છે. પાછળના પાના છે. એક પાનું ફેરવો. જે પહેલો પેરેગ્રાફ છે એમાં.

**'સિદ્ધાંતજ્ઞાન જિનાગમ અને વેદાંતમાં પરસ્પર ભેદ પામતું જોવામાં આવે છે; અને તે પ્રકારે જોઈ મુમુક્ષુજીવ અંદેશો-શંકા પામે છે;...'** કેમ કે વેદાંતની અંદર ઉપદેશ બહુ સરસ છે. જેવો જૈનદર્શનમાં ઉપદેશ છે એવો સુંદર ઉપદેશ ત્યાં જોવામાં આવે છે. સિદ્ધાંતમાં તફાવત છે. આમ કેમ ? આવો સરસ ઉપદેશ અને સિદ્ધાંત ખોટો ? શંકા પડી જાય કે આ મેળ પડતો નથી. એવા ત્યાં ઋષિ-મુનિઓ થયા છે કે જંગલમાં ચાલ્યા જાય. આજે એના આ બાવા-સાધુ જંગલમાં રહે જ છે. આજે પણ જંગલમાં રહે છે. ભલે જૈનના સાધુ ન રહેતા હોય. પણ એ લોકો હજી જંગલમાં રહે છે. લોકોનો સંગ છોડીને.

મુમુક્ષુ :– હિમાલયમાં...

પૂજ્ય ભાઈશ્રી :– 'હિમાલય'માં તો પુષ્કળ મળે તમને. આજે 'ગીરનાર'માં જાવ તો 'ગીરનાર'માં મળે આજે. આજે પણ 'ગીરનાર'માં મળે તમને. સાવ એકદમ જંગલમાં 'ગીર'ના જંગલમાં ચાલ્યા જાવ તો તમને મળે. ગુફાઓમાં બીજી (જગ્યાએ) પડ્યા રહે. સાવ અવધૂતની જેમ પડ્યા હોય.

(સંવત) ૨૦૧૭ની સાલમાં 'ગીરનાર'માં જોયા હતા. છે, એ બાજુ એ વાતાવરણ છે હજી. એ લોકોમાં એ વાતાવરણ છે હજી. અહીંયાં આપણે તો દેશ, કાળના બહાને લોકોએ બહુ ફેરવ્યું. અને ખાસ કરીને શ્વેતાંબર સંપ્રદાયે બહુ ફેરવ્યું. હવે દેશ, કાળ પ્રમાણે ચાલો... દેશ, કાળ પ્રમાણે ચાલો. અત્યારે દેશ, કાળ ફરી ગયો છે. માટે એના પ્રમાણે બધો વ્યવહાર ફેરવી નાખ્યો. શાસ્ત્રોનું ઉલંઘન કરીને, શાસ્ત્રજ્ઞાનનું ઉલંઘન કરીને. એ લોકોમાં એ રીતે હજી ઘણી ચુસ્તતા છે. શંકા પડે કે આવો સરસ ઉપદેશ છે ! ત્યાં ત્યાગ, વૈરાગ્ય, નીતિ, ન્યાય બીજા, ત્રીજા, અધ્યાત્મની ઘણી વાતો છે. હજારોગમે શાસ્ત્રો રચ્યા છે એ લોકોએ. સંસ્કૃતની અંદર. તો મુમુક્ષુજીવને અંદેશો અને શંકા પામે છે. **'તે શંકા ચિત્તનું અસમાધિપણું કરે છે.'** સાચું શું હવે ? **'એવું ઘણું કરીને બનવા યોગ્ય જ છે.'** એમ બને.

**'કારણ કે...'** હવે એમ કહે છે કે **'સિદ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજ્જ્વળ ક્ષયોપશમે...'** ક્ષયોપશમે નહિ. ઉજ્જવળ ક્ષયોપશમ, નિર્દોષ ક્ષયોપશમ હોય તો **'અત્યંત ઉજ્જ્વળ ક્ષયોપશમે અને સદ્‌ગુરુના વચનની આરાધનાએ ઉદ્‌ભવે છે.'** સદ્‌ગુરુના વચનની આરાધનાએ. સદ્‌ગુરુ આમ કહે છે એથી ફેરફાર એ તો વાત જ નહિ. એને અનુસરીને, એની આજ્ઞામાં રહીને સિદ્ધાંતજ્ઞાનની ઉપાસના થઈ શકે છે. બીજી રીતે તો સ્વચ્છંદ થતાં વાર લાગે નહિ.

**'સિદ્ધાંતજ્ઞાનનું કારણ ઉપદેશજ્ઞાન છે.'** ઉપદેશજ્ઞાન હોય એને, ઉપદેશજ્ઞાન પરિણમ્યું હોય એને સિદ્ધાંતજ્ઞાન પરિણમે છે એમ કહે છે **'સિદ્ધાંતજ્ઞાનનું કારણ ઉપદેશજ્ઞાન છે. સદ્‌ગુરુથી કે સત્શાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાન દૃઢ થવું ઘટે છે,...'** કયું ? ઉપદેશજ્ઞાન. સિદ્ધાંતજ્ઞાન નહિ. **'કે જે ઉપદેશજ્ઞાનનાં ફળ વૈરાગ્ય અને ઉપશમ છે. વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી...'** એટલે અહીંયાં શું વૈરાગ્ય ઉપશમ લેવો ? જીવની નીરસવૃત્તિ થઈ જાય. સર્વ ઉદયની અંદર, તમામ પોતાના ઉદયની અંદર નીરસવૃત્તિ થઈ જાય. ખાવું, પીવું, સામાન્યમાં સામાન્ય ઉદય હોય, નીરસ થઈ જાય.

ઘણાં મુમુક્ષુઓને ત્યાં જમવા જવાનો પ્રસંગ બને તો પછી વાત ચાલે. કે ભાઈ ! આવું આમ જરાક ખાવામાં ફેરફાર હોય તો ન ફાવે. શાક તો આવું જ બનવું જોઈએ, દાળ તો આવી જ બનવી જોઈએ. છાશ તો આવી જ હોવી જોઈએ. હવે એ તો સામાન્ય વાત છે. મુખ્ય ખોરાક તો રોટલી વગેરે છે. પણ થોડોક ફેરફાર હોય (તો) દખલ થઈ જાય પરિણામની અંદર. પરિણામ બગડવા માંડે. એનો અર્થ શું થાય છે ? કે જીવને તે તે ઉદયના કાળમાં ઘણો રસ છે. નીરસપણું હોય તો ગમે તેમ ચલાવી લે. (એમ કહે), શું કામ છે ?

જે શરીરમાં રહેવું છે એ શરીરને ભાડુ પ્રામાણિકપણે આપવું છે. વળી શરીર પણ એટલું બધું પ્રામાણિક છે મકાનમાલિક પોતે છે. જે મકાનમાં રહેવું છે એનું ભાડું દઈ દેવું છે. એ પોતે પ્રામાણિક છે કે વધારે પડતું ભાડુ દ્યો તો તરત પરચો બતાવે પાછો. હવે મારે જોઈતું નથી. તું ક્યાં દે છે ? અને પરાણે દઈશ તો તું હેરાન થઈશ એમાં હું નહિ થાઉં. જેને ભાડુ દેવું છે. થોડા પુદ્ગલ નાખ્યા. જેવા હોય એવા. આવા જોઈએ અને આવા ન જોઈએ. એ માથાકૂટમાં ક્યાં ઉતર્યો તું ? તને એ નવરાશ મળી ક્યાંથી ? એમ કહે છે.

'ગુરુદેવ' ખાસ કહેતા કે પાશેર એક કપ ચા એટલે પાશેર કહે. પા શેર ચાનું પાણી બપોરે ન મળ્યું હોય તો વ્યાખ્યાનમાં મગજ Upset થઈ જાય. આજે ચા પીધી નથી.. ચા પીધી નથી. હવે એ સિદ્ધાંતજ્ઞાન કેવી રીતે એને સ્પર્શે ? એ બની શકવા યોગ્ય નથી.

એટલે એમ કહે છે કે સિદ્ધાંતજ્ઞાન તો **'સદ્ગુરુથી કે સત્શાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાન દૃઢ થવું ઘટે છે,...' 'વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે;...'** ઉજ્જવળ એટલે નિર્મળ ક્ષયોપશમ. ક્ષયોપશમ નહિ, બુદ્ધિ તો ઘણાને હોય છે. નિર્મળબુદ્ધિ નિર્મળ મતિની વાત. ... થાય છે. અને મતિ નિર્મળ હોય, ક્ષયોપશમ નિર્મળ હોય તો **'સહેજ સહેજમાં સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે. જો જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે; અને તે અસંગદશાનો હેતુ વૈરાગ્ય અને ઉપશમ છે;...'**

એ પત્ર ૫૦૦ મો પત્ર છે ને ? એ 'લલ્લુજી' ઉપરનો છે એટલે અસંગદશાની વાત લખી છે. કે તમે સાધુ છો. તમે તો બહારમાં સાધુ છો, ગૃહસ્થી તો નથી.

ગૃહસ્થપણું છોડી દીધું છે તો તમે અસંગદશા ઉપર જાવ. એટલે એને અસંગદશાની વાત કરી છે અહીંયાં.

**'જે ફરી ફરી જિનાગમમાં તથા વેદાંતાદિ ઘણાં શાસ્ત્રોમાં કહેલ છે - વિસ્તારેલ છે; માટે નિઃસંશયપણે યોગવાસિષ્ઠાદિ...'** જુઓ ! પહેલા વેદાંતનું નામ લખ્યું. **'યોગવાસિષ્ઠાદિ વૈરાગ્ય, ઉપશમના હેતુ એવા સદ્ગ્રંથો વિચારવા યોગ્ય છે.'** આમ છે. જૈનના સાધુ છે એને એમ કહે છે કે 'યોગવાસિષ્ઠ' વાંચો. હવે એણે તો દીક્ષા લીધી છે. વૈરાગ્ય નથી ? કે નથી માટે કહે છે. વૈરાગ્ય બીજી ચીજ છે. ત્યાગ કર્યો એનું નામ વૈરાગ્ય નથી. આમ છે. એને એના ઉદયમાં કેટલો રસ છે એ સવાલ છે. ત્યાંથી વૈરાગ્ય શરૂ થાય છે.

મુમુક્ષુ :– વ્રત, ઉપવાસ જે કાંઈ છે એ રસ, નીરસ થવા માટે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– નીરસ થવા માટે છે. ઉપવાસ કરે, વ્રત કરે જે કાંઈ કરે એ નીરસ થવા માટે છે. પરિણામ ઉપર લક્ષ ન હોય ને ક્રિયા ઉપર લક્ષ હોય છે. કે ક્રિયા તો કરી બરાબર. પરિણામમાં રસ આવ્યો કે ન આવ્યો એને ખબર પણ ન હોય. કારણ કે અવલોકન નથી હોતું. એના ઉપરનું એને Watch નથી હોતી, જાગૃતિ નથી હોતી. ક્રિયા કરી લે છે. રસ-નીરસપણાની ખબર પણ હોતી નથી. આત્મા કેળવાતો નથી. એ પરિસ્થિતિ થાય છે.

મુમુક્ષુ :– ઓલાને ધર્મ માની લીધો. એક વર્ગે એને ધર્મ માની લીધો અને એક વર્ગે એને હેય માની લીધું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. પતી ગયું. બંને ઉંધે રસ્તે જાય. શું કહે છે ?

મુમુક્ષુ :– આ વાત ઉપર જો લક્ષ ન હોય અને શાસ્ત્રના બહુ ઊંડા...

પૂજ્ય ભાઈશ્રી :– રહે જ નહિ. કેમ કે જે જ્ઞાનની ક્રિયા છે, જ્ઞાનપ્રધાન જે પ્રવૃત્તિ છે એમાં શુષ્કતાનું એક ભયસ્થાન છે. શુષ્કતા આવવાનું એક ભયસ્થાન છે. એ ભયસ્થાન ન સમજે તો ઉપર ચડવાને બદલે નીચે પડે. નફા માટે વ્યાપાર કરે અને નુકસાન લાવે તો ? મૂડી ઓછી થાય. મોટું નુકસાન થઈ જાય. અને આમાં તો બહુ મોટું નુકસાન છે. કેમ કે વ્યાપાર હીરાનો છે. સાચા રત્નોનો વ્યાપાર છે. પાંચીકા હાથમાં આવી જાય.

એટલે એમ કહે છે કે જેને કલ્યાણની આકાંક્ષા છે તેને અથવા જેને સત્પુરુષ

મળ્યા છે, નિશ્ચય થયો છે. **'તેને વિષે ઉપર કહી તે નીતિનું જો બળવાનપણું ન હોય અને કલ્યાણની યાચના કરે તથા વાર્તા કરે, તો એ નિશ્ચય માત્ર સત્પુરુષને વંચવા બરોબર છે.'** મોટો અપરાધ. પોતે યાચના કરે છે, હે ગુરુ ! મારું કલ્યાણ કરો. અંદરથી એની વૃત્તિ સિદ્ધાંતિક રીતે અભિપ્રાયની રીતે દોષ કરવાની ઊભી છે. એ સત્પુરુષને વંચે છે, છેતરે છે. એ કલ્યાણની યાચના કરે તો જૂઠી છે, કલ્યાણની વાત કરે તો એની જૂઠી છે. આમ છે.

મુમુક્ષુ :- બહુ કડક શબ્દો છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાસ્તવિક વાત કરી છે. કડક ગણો, વગર કડક ગણો પણ જે વાત કરી છે એ વાસ્તવિક કરી છે. સત્પુરુષની સમીપ બેસે મહોરું બદલીને બેસે. પ્રભુ... પ્રભુ... પ્રભુ... મારું કલ્યાણ કરજો. લળી-લળીને નમસ્કાર કરે. ચરણ સ્પર્શ કરે. બહાર જઈને પાછો બીજું કરે. મોઢું ફરે એટલે વળી મહોરું બદલાઈ જાય. ગમે તેમ વર્તે ખુલ્લમખુલ્લા. એ સત્પુરુષને વંચવા બરાબર છે. જો કે સત્પુરુષને કાંઈ છેતરવાપણું છે નહિ. એ તો કહેશે કે એની પાસે શું છે તો તું લઈ લે એમ છો છેતરીને ?

એ **'સત્પુરુષને વંચવા બરોબર છે. જોકે સત્પુરુષ તો નિરાકાંક્ષી છે...'** એને તો કોઈ આકાંક્ષા જ નથી. કે આ ભક્ત પાસેથી આટલો લાભ લેવાનો છે એ વાત તો એને છે નહિ. **'એટલે, તેને છેતરાવાપણું કંઈ છે નહીં, પણ એવા પ્રકારે પ્રવર્તતા જીવ તે અપરાધયોગ્ય થાય છે.'** એ પ્રકારે જે જીવો વર્તે છે તે અવશ્ય ભયંકર અપરાધ કરે છે. દુનિયામાં અનિતિ કરનાર અને મુમુક્ષુતામાં આવીને અનીતિ કરનાર, ગુનેગાર બંને હોવા છતાં મુમુક્ષુ વધારે ગુનેગાર છે. વકીલ પોતે ગુનો કરે તો ? ન્યાયાધીશ પોતે ગુનો કરે તો ? એના જેવી આ વાત છે.

મુમુક્ષુ :- બહુ મોટો અપરાધ.

પૂજ્ય ભાઈશ્રી :- એને મોટો અપરાધ લાગે છે, બીજા માણસ કરતા. એવી વાત છે.

**'એવા પ્રકારે પ્રવર્તતા જીવ તે અપરાધયોગ્ય થાય છે. આ વાત પર વારંવાર તમારે તથા તમારા સમગામને ઇચ્છતા હોય તે મુમુક્ષુઓએ લક્ષ કર્તવ્ય છે.'** જુઓ ! 'મોરબી'ના ન્યાયાધીશને આ પત્ર લખે છે. ૧૦૦ વર્ષ પહેલાના ન્યાયાધીશ કે જે

અત્યારના પ્રમાણમાં તો ઘણા ન્યાય-નીતિ સંપન્ન હતા. અને આ તો પાછા મુમુક્ષુ હતા. 'શ્રીમદ્જી'ના પરિચયમાં આવેલા. ઉંમરમાં મોટા હોવા છતાં, લૌકિક રીતે મોટા હોવા છતાં પણ અતિ ભક્તિથી જે 'શ્રીમદ્જી'ના સમાગમમાં આવતા હતા. એટલી તો જેની હળવાશ હતી એને એમ લખે છે. એમણે કેટલું અવલોકન કર્યું હશે ? કેટલું અવલોકન થયું હશે ? એમ કહેવું છે.

મુમુક્ષુ :– ... 'શ્રીમદ્જી'ને ગાદી પર બેસાડતા પોતે નીચે બેસતા હતા...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતે નીચે બેસતા. ઘણું બહુમાન હતું એમને. 'ધારશીભાઈ'ને ઘણું બહુમાન હતું. પહેલો જ પ્રસંગ એવો બન્યો છે નાનપણમાં. 'શ્રીમદ્જી' બહુ નાની ઉંમરના હતા. ૧૦-૧૨ વર્ષની ઉંમરના હતા. અને એમના એક મામા 'મોરબી'માં રહેતા હતા. પછી તો એ 'રાજકોટ'માં હતા. અને એ વખતે આ 'રાજકોટ'માં હતા. ગમે તે 'મોરબી', 'રાજકોટ' બેમાંથી એક ગામ છે. બનતા સુધી 'રાજકોટ'માં એ વખતે ન્યાયધીશ હતા. અને કોઈ stateના એ વખતે તો બધા રજવાડા હતા. રાજનીતિના કાવાદાવા ઘણા ચાલતા હતા એમાં. આમણે કોઈ ન્યાય એવી રીતે તોળ્યો હશે કે આમનું ખૂન કરી નાખો. એ ખૂન કરાવનાર એના મામા હતા. કોના ? 'શ્રીમદ્જી'ના.

મામાને ત્યાં તો આ ભાણીયો આ છોકરો હતો. પોતે તો નાની ઉંમર એટલે છોકરડો લાગે. ઓલા અંદરોઅંદર વાત કરે અને આ જમતા-જમતા સાંભળે. હવે એ ઉંમરે પણ 'ધારશીભાઈ' બહુમાનથી એમના પરિચયમાં હતા. એમને ખ્યાલ આવી ગયો કે મામા આનું કાસળ કાઢી નાખશે. અને પોતાના મામા છે એટલે પક્ષ નથી કરતા. જુઓ ! કેટલી નિર્દોષતા છે બાળપણથી ! મામાનો પક્ષ નથી કર્યો. છાનામાના ગયા 'ધારશીભાઈ'ને ત્યાં. તમે આજ ક્યાંય જવાના છો ? તો કહે આમ જાવું છે. નહિ જતા. કેમ ? ખુલ્લી કરી દીધી વાત. મને છોકરું સમજીને એ લોકોએ મારા ઉપર લક્ષ નથી આપ્યું પણ ચર્ચા આવી કરતા હતા. તમારું આ પ્રમાણે થઈ જાય એવી વાત છે. તમે જાતા નહિ, રોકી લીધા છે એને. એ માણસને કેટલું બહુમાન થયું હશે ! કે જે એના મામા વિરુદ્ધ, આવીને વાત કરી ગયા અને મને બચાવી લીધો ! એવો પહેલો જ પ્રસંગ એવો બન્યો છે એમને. પછી તો આખી જિંદગી એ એમના પરમભક્ત તરીકે રહ્યા છે. એને ન્યાય-નીતિનો ઉપદેશ આપે છે. એ

ન્યાયાધીશને ન્યાય, નીતિની શિખામણ આપે છે. જોવાની ખૂબી એ છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્દ્જી'ની ઉંમર બાર વર્ષની અને પેલા ન્યાયાધીશ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉંમરનો ઘણો Difference. બહારની અંદર ઘણો દેખાવ ફેર, પણ એ લોકો તો બધા બહુ સમર્પિત થઈ ગયેલા. 'શ્રીમદ્દ્જી'ને ઓળખ્યા પછી એટલા બધા સમર્પિત થયા છે કે આજે તો એવા મુમુક્ષુ ગોતવા મુશ્કેલ પડે. ગોતવા મુશ્કેલ પડે એવી પરિસ્થિતિ છે.

**'આ વાત પર વારંવાર તમારે તથા તમારા સમાગમને ઇચ્છતા હોય તે મુમુક્ષુઓએ લક્ષ કર્તવ્ય છે.'** હું તમારું ધ્યાન દોરું છું. મને એમ લાગ્યું છે કે મુમુક્ષુ હોવા છતાં ન્યાય, નીતિના ઠેકાણા નથી. આર્થિક રીતે અથવા બીજા વ્યવહારની અંદર, કોઈપણ પ્રસંગની અંદર અસરળતાએ વર્તવામાં આવે છે. તો એ તમારું ધ્યાન ખેંચું છું. **'કઠણ વાત છે માટે ન બને,...'** આ વાત તો જીવનમાં બહુ કઠણ છે. સાંગોપાંગ ન્યાય, નીતિથી વર્તવું એ વાત તો આ જમાનામાં બહુ મુશ્કેલ છે અને બહુ કઠણ છે. માટે એ બની શકે એવી નથી. **'એ કલ્પના'** છે. એવો વિચાર તે કેવળ કલ્પના છે. તે **'એ કલ્પના મુમુક્ષુને અહિતકારી છે...'** એવી કલ્પના અહિતકારી હોવાથી **'છોડી દેવા યોગ્ય છે.'** એ કલ્પના છોડી દેવી. ન્યાય, નીતિથી જીવવા જઈએ તો આ જમાનામાં જીવાય નહિ. એ કલ્પના છોડી દેવા જેવી છે એમ કહે છે. એ કલ્પના કરવા જેવી નથી. જેને આજે લોકો વાસ્તવિક્તા માને છે, જ્ઞાનીપુરુષ એને કલ્પના માને છે. આમ છે. એટલો બધો ફેર છે.

મુમુક્ષુ :- બધા માણસો આમ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધા એમ કરે છે અને બધા આ પરિભ્રમણના વંટોળમાં, વંટોળીયે ચડવાના છે. આગ લાગી છે એમાં બધા સ્વાહા થવાના છે. હવે તારે શું કરવું છે ? એટલો વિચાર કરવાનો છે. પોતે શું કરવું છે ? એ પરિભ્રમણના ચક્કરમાં જાવું છે ? એ આગમાં હોમાઈ જાવું છે ? કે પોતે બચી જાવું છે ? આટલો જ વિચાર કરવાનો છે. જે જગત સામું જોવે છે એ આત્મા સામું જોઈ શકશે નહિ. આત્મા સામું જોવે છે એ જગત ઉપરથી આંખ મીંચી લે છે. જેને જેમ કરવું હોય એમ કરે, હું મારો રસ્તો છોડવા માગતો નથી.

પોતાના માર્ગથી વિચલિત ન થાય એવી દૃઢતા તો પહેલા આવવી જોઈએ.

એ તો આધાર લીધો. એટલા માટે એ શબ્દ વાપર્યો કે આ નીતિ, આ Policy, નીતિ એટલે આ Policy છે. એ આધાર છે. મુમુક્ષુના જીવનનો આ આધાર છે. પછી એના આધારે મુમુક્ષુતા વૃદ્ધિગત થશે. એના આધારે મુમુક્ષુતા વૃદ્ધિગત થઈને મોક્ષમાર્ગ પર્યંત જ્ઞાનદશામાં પ્રવેશશે. બાકી વાતો કરે કે બીજી ક્રિયાઓ કોઈપણ પ્રકારની કરે એથી કોઈ માર્ગ મળી જાય છે એ વાતમાં કાંઈ માલ નથી. આમ છે.

મુમુક્ષુ :– શિલાન્યાસ છે માર્ગનો

પૂજ્ય ભાઈશ્રી :– આ શિલાન્યાસ કર્યો છે. મુમુક્ષુની ભૂમિકાનો આ શિલાન્યાસ છે. ખોદીને પાયામાં વાત મૂકી છે. આ વગર આગળ ચાલવાની કોઈ વાત રહેતી નથી.

ત્યાર પછીનો પત્ર પણ 'ધારશીભાઈ' ઉપરનો જ છે. બેય એક જ દિવસે લખેલો છે જુઓ ! **'ચૈત્ર વદ ૧૪, શુક્રવાર'** અને **'ચૈત્ર વદ ૧૪, શુક્રવાર'** એમનો એક એવો પ્રકાર બન્યો છે કે પોસ્ટકાર્ડ લઈને લખવા બેસે. પોસ્ટકાર્ડ ભરાઈ જાય, વિચારનો પ્રવાહ આગળ ચાલે પછી બીજું પોસ્ટકાર્ડ લખી નાખે એ વખતે. એક સાથે બે પોસ્ટ કરી દે. એકને એક વ્યક્તિને, એકને એક તારીખમાં બે પત્ર લખે છે. આઠ પોસ્ટકાર્ડ લખ્યા છે. 'ખંભાત'ના મુમુક્ષુઓને આઠ પોસ્ટકાર્ડ લખ્યા છે. 'આજે આ આઠમું પત્તું લખીએ છીએ.' એમ કરીને લખ્યું છે કે નહિ ? આઠ પેરેગ્રાફ છે એ એક-એક પોસ્ટકાર્ડના પેરેગ્રાફ છે. બહુ સારો પત્ર છે. બનતા સુધી ૪૬૫ છે.

મુમુક્ષુ :– ૩૭૨ પાનું. ૪૪૯મો પત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :– ૪૪૯. ૩૭૩ પાને છેલ્લા પત્તામાં લખે છે કે **'આજે આ આઠમું પત્તું લખીએ છીએ. તે સૌ તમ સર્વ જિજ્ઞાસુ ભાઈઓને વારંવાર વિચારવાને અર્થે લખાયાં છે.'** આઠે આઠ પત્તા છે એ તમારે વિચારવા માટે લખાયા છે. એમાં પણ આ પહેલું, બીજું, ત્રીજું, ચોથું પોસ્ટકાર્ડ બહુ સારું છે.

**'આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામાં લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે;...'** એ વાત બહુ સુંદર કરી છે આ પત્રની અંદર. કે સિદ્ધાંતજ્ઞાનથી આત્માનો વિચાર કરે છે એને લોકસંજ્ઞા હોય, ઓઘસંજ્ઞા હોય કે અસત્સંગ ત્રણ હોય, (એને) કલ્પના જ થાય આત્મામાં. બીજું કાંઈ ન થાય. કલ્પના આત્માની કલ્પના થવા સિવાય બીજું કાંઈ બને નહિ. આ એના કારણો છે. એ રીતે અહીંયાં વાત કરી છે. ૪૯૭ કાલે લેશું.

પત્રાંક-૪૯૭

મુંબઈ, ચૈત્ર વદ ૧૪, શુક્ર, ૧૯૫૦

ઉપદેશની આકાંક્ષા રહ્યા કરે છે, તેવી આકાંક્ષા મુમુક્ષુજીવને હિતકારી છે, જાગૃતિનો વિશેષ હેતુ છે. જેમ જેમ જીવમાં ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિનું બળ વધે છે, તેમ તેમ સત્પુરુષના વચનનું અપૂર્વ અને અદ્દ્ભુત સ્વરૂપ ભાસે છે; અને બંધનિવૃત્તિના ઉપાયો સહજમાં સિદ્ધ થાય છે. પ્રત્યક્ષ સત્પુરુષના ચરણારવિંદનો યોગ કેટલાક સમય સુધી રહે તો પછી વિયોગમાં પણ ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિની ધારા બળવાન રહે છે; નહીં તો માઠા દેશ, કાળ, સંગાદિના યોગથી સામાન્ય વૃત્તિના જીવો ત્યાગ વૈરાગ્યાદિનાં બળમાં વધી શકતા નથી, અથવા મંદ પડી જાય છે, કે સર્વથા નાશ કરી દે છે.

તા. ૧૧-૮-૧૯૯૦, પત્રાંક-૪૯૭, ૪૯૮
પ્રવચન નં. ૧૯૭

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પત્ર ૪૯૭. 'મોરબી'ના 'ધારશીભાઈ' ઉપરનો પત્ર છે.

**'ઉપદેશની આકાંક્ષા રહ્યા કરે છે, તેવી આકાંક્ષા મુમુક્ષુજીવને હિતકારી છે, જાગૃતિનો વિશેષ હેતુ છે.'** એમણે કોઈ પત્ર લખ્યો હશે એના ઉત્તરમાં લખે છે. કે **'ઉપદેશની આકાંક્ષા રહ્યા કરે છે, તેવી આકાંક્ષા મુમુક્ષુજીવને હિતકારી છે,...'** ઉપદેશ એટલે આત્માના પરિણામમાં સુધાર થાય એવી આકાંક્ષા, એને ઉપદેશની આકાંક્ષા કહે છે. મારા પરિણામ જે કાંઈ વર્તમાન સ્થિતિમાં છે એમાં જે દોષનો ભાગ છે

એ મને અહિતકર છે, દુઃખદાયી છે. તેથી એ મને ન હો. એવો કોઈ હું બોધ ગ્રહણ કરું, અંગીકાર કરું કે જેને લઈને મને દુઃખ ન થાય. દોષ ન થાય એટલે કે દુઃખ ન થાય. દુઃખ અને દોષ તો અવિનાભાવી છે. એ મુમુક્ષુજીવને હિતકારી છે અથવા સુખકારી છે.

આકાંક્ષા જગતના પદાર્થોની પણ સંસારીજીવને રહે છે પણ જે જીવને સંસારનો કિનારો નજીક આવ્યો છે એવા જીવની આકાંક્ષામાં આ તફાવત પડે છે. એને ગુણગ્રહણ કરવાની આકાંક્ષા રહે છે. બહુ શરૂઆતમાં એક પત્રમાં 'શ્રીમદ્જી' લખે છે કે 'દુરંત અને અસાર' કેવો છે સંસાર ? અનંત કાળથી જેનો અંત નહિ આવ્યો હોવાથી અને મુશ્કેલીથી કઠિનતાથી એનો અંત આવતો હોવાથી એ દુરંત છે. દુષ્કરતાએ જેનો અંત આવે છે. અને સાર વિનાનો છે. જેમાં કોઈ સાર નથી, એકાંતે દુઃખ છે. એવા આ સંસારમાં એક તો મનુષ્યપણું પામવું જ દુર્લભ છે. પણ મનુષ્યપણું પામ્યા પછી જીવ અનેક પ્રકારની આકાંક્ષાઓ પાછળ જીવન વ્યતીત કરે છે ત્યારે એમણે ત્યાં એ વાત લખી કે ગુણસહિત મુનષ્યપણું પામવું દુર્લભ છે.

મનુષ્યપણું તો અસંખ્ય જીવો પ્રાપ્ત કરે છે. કરોડો-અબજો અસંખ્ય જીવો મનુષ્યપણું પ્રાપ્ત કરે છે. પણ ગુણસહિત મનુષ્યપણું પ્રાપ્ત કરવું એ એક બીજી વાત છે. જુદી વાત છે. કેમ કે જ્યારે ગુણ ગ્રહણ કરવા છે ત્યારે દોષનો ત્યાગ કરવો છે, દોષનો નાશ કરવો છે. એવી જેની આકાંક્ષા છે. આકાંક્ષા એટલે એવી અભિલાષા છે. તે મુમુક્ષુજીવને હિતકારી છે, એ મુમુક્ષુજીવને સુખનું કારણ છે, આત્માના હિતનું કારણ છે. **'જાગૃતિનો વિશેષ હેતુ છે.'** આત્મ જાગૃતિમાં, હિત થાય એ વિષયની જે જાગૃતિ, સાવધાની એનો એ વિશેષ હેતુ છે, કારણ છે. કેમ કે ઉપદેશમાં તો એ જ વાત આવશે. આનું અહિત કેમ થઈ રહ્યું છે ? અને કેવી રીતે એ મટે ? અને હિત થાય. એ સંબંધીની જે જાગૃતિ, સાવધાની એ માટે ઉપદેશની આકાંક્ષા છે.

**'જેમ જેમ જીવમાં ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિનું બળ વધે છે, તેમ તેમ સત્પુરુષના વચનનું અપૂર્વ અને અદ્‌ભુત સ્વરૂપ ભાસે છે;...'** જેમ જેમ જીવમાં ત્યાગ અને વૈરાગ્ય અને આશ્રયભક્તિનું બળ વધે છે એટલે કે પરપદાર્થ પ્રત્યેની નીરસતા. પરપદાર્થ પ્રત્યેનો અમમત્વભાવ, મમત્વભાવનું ઘટવું. પરપદાર્થ પ્રત્યેની નીરસતા અને સત્પુરુષનો આશ્રય અને સત્પુરુષની ભક્તિ, બહુમાન એવા પરિણામ બળવાનપણે

જેમ જેમ થાય છે, તીવ્રપણે જેમ જેમ થાય છે **'તેમ તેમ સત્પુરુષના વચનનું અપૂર્વ અને અદ્ભુત સ્વરૂપ ભાસે છે;...'**

આગળ પણ એક પત્રમાં એ વાત એમણે લખી છે કે 'ત્યાગ અને વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે' એટલે સાચા સ્વરૂપમાં પ્રગટે. સાચા સ્વરૂપમાં પ્રગટે એટલે આત્મહિતના લક્ષે પ્રગટ થાય. લોકસંજ્ઞાવશ નહિ, પુણ્યના ફળની અભિલાષા માટે પણ નહિ. લોભ અને માન બે મુખ્ય હોય છે. લોભની અંદર એનું ફળ રિદ્ધિ-સિદ્ધિ, ભવિષ્યમાં દેવલોક, પુણ્યના ફળ આવે એ અભિલાષા નહિ. અત્યારે લોકની અંદર ત્યાગ-વૈરાગ્ય કરતાં મારી કીર્તિ થાય, મારું સ્થાન સારું થાય, લોકો મને સારી રીતે જોવે એ પણ નહિ. ફક્ત આત્મહિત થાય એવો જે લક્ષ છે એને એનું ખરું સ્વરૂપ કહ્યું છે.

ત્યારે જીવને સત્પુરુષના વચનનું અને સત્પુરુષની આજ્ઞા પાળવી એ એક ધર્મ એટલે સત્પુરુષની આજ્ઞામાં રહેવું એ એક ધર્મ છે મુમુક્ષુજીવનો, એનું રહસ્ય સમજાય છે કે એમાં આત્મહિત કેવી રીતે રહેલું છે. એ એનું રહસ્ય છે. વાત નિમિત્તપ્રધાન હોવા છતાં ઉપાદાનની યોગ્યતા એમાં મુખ્ય છે. કાલે થોડી વાત ચાલી હતી કે અહીંયાં નિમિત્ત પ્રધાનતા દેખાતી હોય અને પોતાની અનુકૂળતા-પ્રતિકૂળતા, નાની-મોટી અનુકૂળતા-પ્રતિકૂળતામાં નિમિત્તાધિનપણું પરિણમનમાં થતું હોય તો ત્યાં ન જોવે કે સામાન્ય બાબતમાં પણ, સામાન્ય કારણમાં પણ મારી વૃત્તિ નિમિત્તાધિન છે. ત્યાં નિમિત્તાધીનપણું મુખ્ય ન કરે. સત્પુરુષનો વિષય આવે તો કહે આ તો નિમિત્તની વાત છે. ન્યાય સંપન્ન નથી. ન્યાય તો બેય જગ્યાએ કરવો પડશે કે એક જગ્યાએ કરવામાં આવશે ? એ વાત ન્યાય સંપન્ન નથી. એમ છે.

મુમુક્ષુ :- હિતના કાર્યમાં તો પહેલા જોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- મારું હિત કેવી રીતે થાય છે ? એ વાત તો એને સામાન્યબુદ્ધિથી પણ સમજમાં આવવી જોઈએ. રોગ થાય શરીરનો. ડૉક્ટર પાસે જવાનો વિકલ્પ ઊઠે ત્યાં નિમિત્તાધીનપણું નથી થતું. કે થાય છે ? ત્યાં તો નિમિત્તાધીનપણું ઘણું છે. દેહાર્થે છે. તો જે નિમિત્તાધીનપણું દેહાર્થે છે એનું સ્થાન તો એક વાર બદલ. આત્માર્થે એના સાચા નિમિત્ત તો સ્વીકાર કર એમ કહેવું છે. જ્યાં સુધી નિમિત્તોમાં એટલી ફેરબદલી નહિ થાય ત્યાં સુધી ઉપાદાનની વાત થોડી પણ સમજાય, કોઈ અંશે પણ સમજાય

એ વાત બનતી નથી. કોઈ અંશે નથી સમજાતી.

અહીંયાં પણ એ વાત લીધી કે **'જેમ જેમ જીવમાં ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિનું બળ વધે છે,...'** એ ઉપાદાનનો વિષય થયો. **'તેમ તેમ સત્પુરષનાં વચનનું અપૂર્વ અને અદ્દ્ભુત સ્વરૂપ ભાસે છે;...'** સત્પુરુષ એ તો પોતાના માર્ગે ચાલ્યા જાય છે. જે માર્ગે ચાલ્યા જાય છે એની વાત કરતા જાય છે. કોઈને કાંઈ લેતા-દેતા નથી. પણ એની અંદર શું રહસ્ય છે, એનું સ્વરૂપ કેવું અદ્દ્ભુત કેવું છે, એ વચનનું સ્વરૂપ જ અદ્દ્ભુત અને અપૂર્વ છે. અપૂર્વ હિત એમાં સમાયેલું છે એટલે એને એ વચનનું સ્વરૂપ અપૂર્વ કહ્યું. કોઈ કાળમાં હિત નથી થયું એવું હિત થયું છે એટલે એનું સ્વરૂપ અદ્દ્ભુત કહ્યું. એવું ભાસે છે. જ્ઞાનમાં એવું ભાસ્યમાન થાય છે. **'અને બંધનિવૃત્તિના ઉપાયો સહજમાં સિદ્ધ થાય છે.'** બંધનિવૃત્તિનો ઉપાય એટલે માર્ગ. બંધનથી છૂટવાનો માર્ગ છે તે માર્ગ **'સહજમાં સિદ્ધ થાય છે.'** એટલે પ્રાપ્ત થાય છે. સહેજે સહેજે એની પ્રાપ્તિ થાય. જુઓ ! આવી ભૂમિકામાં આવે તો એને સહેજે માર્ગની પ્રાપ્ત થાય.

હવે લખે છે કે, **'પ્રત્યક્ષ સત્પુરુષના ચરણારવિંદનો યોગ કેટલાક સમય સુધી રહે તો પછી વિયોગમાં પણ ત્યાગ, વૈરાગ્ય અને આશ્રયભક્તિની ધારા બળવાન રહે છે;...'** શું કહે છે ? કે જો પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ રહે એમ નથી કહ્યું. પ્રત્યક્ષ સત્પુરુષના ચરણારવિંદનો યોગ રહે. એના ચરણમાં નિવાસ કરે એ એની ભક્તિ લીધી છે. બહુમાન લીધું છે. કેટલોક સમય સુધી રહે. કેમ કે બધો સમય રહેવો એ ઉદયવશ સંભવિત નથી. કેટલોક સમય રહે, કેટલોક સમય ન રહે એવો પ્રકાર બને છે. સંસારમાં કાંઈને કાંઈ પ્રકારનો ઉદય ઊભો થાય છે.

**'તો પછી વિયોગમાં પણ ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિની ધારા બળવાન રહે છે;...'** જો યથાર્થપણે સત્પુરુષના ચરણારવિંદમાં આત્મહિતાર્થે સત્સમાગમમાં સમય વ્યતીત કર્યો હોય તો એમનો યોગ ન હોય ત્યારે પણ ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિ–મને આશ્રય એમનો રહ્યા કરો એવી ધારા બળવાન રહે છે. પરિણામ ફરી જાય છે એમ નથી કહેતા. સંયોગ હોય સત્પુરુષનો ત્યારે તો અમારા પરિણામ સારા રહે. વળી સત્પુરુષનો સંયોગ ન હોય ત્યારે અમારા પરિણામ પાછા માઠા થઈ જાય. બગડી જાય છે, સારા નથી રહેતા. એમ નહિ. એવી રીતે એને યોગમાં

આવેલો જીવ હોય છે કે વિયોગ થાય ત્યારે, યોગનો વિયોગ થાય ત્યારે પણ એને આશ્રયભક્તિએ ત્યાગ વૈરાગ્ય આદિ બળવાનપણે પરિણામ રહે. એમ રહે છે.

જો એમ ન રહે તો. **'નહીં તો માઠા દેશ, કાળ, સંગાદિના યોગથી સામાન્ય વૃત્તિના જીવો ત્યાગ વૈરાગ્યાદિનાં બળમાં વધી શકતા નથી, અથવા મંદ પડી જાય છે, કે સર્વથા નાશ કરી દે છે.'** આવી પરિસ્થિતિ ઊભી થાય. જો એ બળવાન પરિણામે સત્સંગ ન સેવ્યો હોય અને સત્સંગના અભાવમાં એવા પરિણામ બળવાન ન રહે તો અવશ્ય આ જે પરિસ્થિતિ છે દેશ, કાળ અને સંગની એ તો ઘણી વિચિત્ર છે. અથવા જે દેશ, કાળ અને સંગ કરવા યોગ્ય નથી એનો સંગ આવી પડે છે. એ સંગ આવી જતાં જીવને પરિણામની અંદર મંદતા આવી જાય છે અથવા એ બળ વૃદ્ધિગત થતું નથી અથવા તો કોઈને એનો નાશ થઈ જાય છે. એ પરિણામ જ બગડી જાય છે. આવી સ્થિતિ આવે છે.

માટે તમને જે ઉપદેશની આકાંક્ષા રહ્યા કરે છે એ સારી વાત છે. વિયોગમાં પણ ઉપદેશની આકાંક્ષા રહ્યા કરે છે એ સારી વાત છે એમ કહેવું છે. એ એક જાતનું અહીંયાં મુમુક્ષુજીવને માર્ગદર્શન આપ્યું છે કે આ પ્રકાર એને રહેવો જોઈએ, હોવો જોઈએ, સત્સંગમાં અને સત્સંગના વિયોગમાં આ પ્રકારના પરિણામ હોવા ઘટે છે.

મુમુક્ષુ :- સત્સંગના વિયોગમાં ઉપદેશની આકાંક્ષા રહેવી કેવી રીતે એની અંદર ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપદેશની આકાંક્ષા રહેવી એટલે આત્મહિતની આકાંક્ષા રહેવી. સત્સંગ ન હોય ત્યારે પણ આત્મહિત થાય એવી જાગૃતિ સતત રહ્યા કરવી એમ કહેવું છે. એનું નિમિત્ત ઉપદેશ છે. ઉપદેશ છે એ પ્રત્યક્ષ નથી પોતાને યોગ. 'શ્રીમદ્જી' 'મુંબઈ'માં બિરાજે છે. પોતે 'મોરબી'માં છે તો પત્રવ્યવહારથી સંગ કરે છે. સંપર્ક રાખે છે. વ્યવહાર જે રાખે છે એમાં પત્રવ્યવહારથી રાખે છે. અને એમાં પોતે માગણી કરી હશે કે મારા આત્માને હિત થાય એવો કોઈ ઉપદેશ આપ અવારનવાર લખો એવી મારી ઇચ્છા છે.

એટલે એમની ઉપદેશની આકાંક્ષા જોઈને આટલી વાત એમણે લખી. એક પોસ્ટકાર્ડ લખ્યું છે. તમારી ઉપદેશની આકાંક્ષા છે એ મુમુક્ષુની ભૂમિકામાં હિતકારી છે અને જાગૃતિનો વિશેષ હેતુ છે. સારી વાત છે. એને અનુમોદન આપ્યું છે, પ્રેરણા આપી છે કે બરાબર છે. પછી સંયોગ અને વિયોગના પરિણામની થોડીક ચર્ચા કરી.

આ તો કેવી યોગ્યતાવાળા મુમુક્ષુઓ એમના સમાગમમાં હતા એનો ખ્યાલ આવે એવું છે.

મુમુક્ષુ :- પ્રશ્ન તો એમ થાય છે કે સત્સંગ... પરિણામમાં ઓટ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે સામાન્યપણે એમ થાય છે. પણ જો નીરસપણું, મમત્વનો અભાવ, આશ્રયભક્તિ ભાવનામાં સત્પુરુષનો આશ્રય લઈને રહે તો સારું એના માટે એના પરિણામ તીવ્ર આકાંક્ષાવાળા અને આતુર રહ્યા કરતા હોય તો એના એ પરિણામમાં ઓટ ન આવે, મંદ ન પડે. એ જાગૃતિ વિશેષ માગે છે. પણ એ સત્સંગ સારી રીતે ઘણી ભાવનાથી ઉપાસ્યો હોય તો પાછળ એની અસર રહે. સત્સંગમાં જ ઉપરછલ્લા પરિણામ રહ્યા હોય, અંદરની પરિણતિ બીજી રીતે કામ કરતી હોય તો એમાં ઓટ આવતા વાર લાગતી નથી. પછી તો જેવો ઉદય હોય છે એ પ્રકારે જીવના પરિણામ તીવ્ર થઈ જાય છે.

મુમુક્ષુ :- સત્પુરુષને ઓળખ્યા જ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા સત્પુરુષને ઓળખ્યા નથી. એટલો ભાવ સત્સંગની અંદર જે તીવ્રપણે આવવો જોઈએ, તીવ્ર રસથી જે સત્સમાગમ થવો જોઈએ એવો પ્રકાર નથી થયો. એટલે પછી જ્યાં સંયોગ બદલાય છે એટલે પરિણામ પણ બદલવા લાગી જાય છે. એવું થાય છે.

મુમુક્ષુ :- પૂજ્ય 'સોગાનીજી' જીવ પરિચયથી એવો ખ્યાલ આવ્યો કે 'ગુરુદેવ'ના વિયોગમાં આંસુ આવતા હતા. એમને તો એવું કાંઈ આવતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કેટલી આશ્રયભક્તિ બતાવી છે ! એકદમ દૃષ્ટિની ઉગ્રતા હોવા છતાં ભક્તિના પરિણામ એવા થયા છે કે 'સોનગઢ'ની એક ધૂળ માટે પણ તડપુ છું અહીંયાં. 'સોનગઢ કી ધુલી કે લિયે ભી અહીંયાં તડપના હોતા હૈ.' તડપું છું. ધૂળ માટે તડપું છું. ધૂળની કાંઈ જરૂર નથી. પણ જ્યાં 'ગુરુદેવ' બિરાજે છે એ ભૂમિનો એટલો મહિમા કર્યો છે એમણે. એટલી ભક્તિ કરી છે. એટલી આશ્રયભક્તિ વિયોગમાં જેને આત્મહિતની તીવ્ર વૃત્તિ રહે છે, આત્મહિતના પરિણામ જેને તીવ્ર છે એને એ પ્રકાર સહેજે સહેજે આવી જાય છે અને એ પ્રકાર સહેજે આવવાથી બીજા જે સંસાર તરફના મમત્વભાવના આસક્તિના જે પરિણામ છે એ પરિણામ રોકાઈ જાય છે. અથવા એ પરિણામ ઉપર એનો ઘા પડે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની-

સત્પુરુષની અત્યંત ભક્તિ તે સંસારના પાપના પરિણામને રોકી દે છે. ઓછામાં ઓછું એટલું બની જાય છે ત્યાં તો. સહેજે સહેજે. અને એ યોગ્યતા પ્રમાણે સહેજે-સહેજે આવે છે. એમ અહીંયાં કહેવું છે.

મુમુક્ષુ :- અભી ભી ગરમ ગરમ આંસુ બહ રહે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાગળ લખતા લખતા આસું પડી જાય છે કે ત્યાનાં વિયોગમાં અમારે રહેવું પડે છે. આત્મા અહીંયાં છે અને ખોળિયું ત્યાં છે એના જેવું થઈ જાય છે. એટલે પરિસ્થિતિ, જે પરવશ પરિસ્થિતિ છે એનું દુઃખ ઉત્પન્ન થયા વિના રહેતું નથી. સહેજે સહેજે છે એ તો.

મુમુક્ષુ :- 'શ્રીમદ્'માં આવે છે ને વીસ દોહરામાં  તુજ વિયોગ સ્ફુરતો નથી. નહિ વિરહનો તાપ.

પૂજ્ય ભાઈશ્રી :- નથી. 'તુજ વિયોગ સ્ફૂરતો નથી. નહિ વિરહનો તાપ.' તાપ લાગતો નથી વિરહનો. વિયોગનો વિકલ્પ આવતો નથી, એનો તાપ લાગતો નથી. 'કથા અલભ્ય તુજ પ્રેમની.' અલભ્ય યોગ છે એના પ્રેમની કથા નથી મને. પોતાને નીંદે છે ને ? વીસ દોહરામાં તો. 'નહિ તેનો પરિતાપ.' અને એનું પણ મને દુઃખ નથી, એનો પણ મને ખેદ નથી. એમ કરીને વિશેષે કરીને પોતાના કષાયરસને ગાળી નાખે એવા એ દોહરા છે. કષાયને નહિ એનો રસ ગાળી નાખે એવો એ વિષય છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ હોય. એનો સ્વભાવ જ એવો છે. સાચો પ્રેમ હોય, સાચી ભક્તિ હોય તો સંયોગ કરતા વિયોગમાં ડબલ થાય અને પાછો સંયોગમાં આવે ત્યારે એથી ડબલ થાય. ઘટવાનો પ્રશ્ન નથી ત્યાં. તે સંયોગાધિન વૃત્તિ નથી. એ ઉપાદાનની વૃત્તિ છે ખરેખર તો. બતાવવા માટે નિમિત્તથી એને દર્શાવવી પડે છે. મૂળ વિષય તો એ ઉપાદાનનો છે કે એનું ઉપાદાન કેવું તૈયાર થયું છે એમ કહેવું છે.

એ રીતે મુમુક્ષુજીવે પોતે સત્સંગના સંયોગમાં અને વિયોગમાં પરિણામમાં કેવી રીતે આવે છે એની મેળવણી અને મીંઢવણી કરવા જેવો વિષય છે. આ પત્રથી.

પત્રાંક-૪૯૮

મુંબઈ, વૈશાખ સુદ ૧, રવિ, ૧૯૫૦

**શ્રી ત્રિભોવનાદિ,**

**'યોગવાસિષ્ઠ' વાંચવામાં હરકત નથી. આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે ક્ષણે ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. યોગવાસિષ્ઠાદિ જે જે ગ્રંથ તે કારણનાં પોષક છે, તે વિચારવામાં હરકત નથી. મૂળ વાત તો એ છે કે જીવને વૈરાગ્ય આવતાં છતાં પણ જે તેનું અત્યંત શિથિલપણું છે - ઢીલાપણું છે - તે ટાળતાં તેને અત્યંત વસમું લાગે છે, અને ગમે તે પ્રકારે પણ એ જ પ્રથમ ટાળવા યોગ્ય છે.**

૪૯૮ (પત્રાંક).

**'શ્રી ત્રિભોવનાદિ, 'યોગવાસિષ્ઠ' વાંચવામાં હરકત નથી.'** 'યોગવાસિષ્ઠ' ગ્રંથ જૈન સંપ્રદાયનો નથી, અન્ય સંપ્રદાયનો છે. હિન્દુ સંપ્રદાયનો. 'વસિષ્ઠ' એ 'રામચંદ્રજી'ના ગુરુ હતા. આમ તો 'રામચંદ્રજી'નો ઇતિહાસ બંને સંપ્રદાયમાં જુદો જુદો છે. જૈન સંપ્રદાયમાં 'રામચંદ્રજી'નો ઇતિહાસ એક ક્ષાયિક ચરમશરીરી સમ્યગ્દષ્ટિ તરીકેનું એમનું જીવનચરિત્ર છે. ચરમશરીરી હોવાથી તદ્ભવ એ મોક્ષગામી છે, મોક્ષમાં પધાર્યા છે. અત્યારે સિદ્ધાલયમાં એમનો આત્મા બિરાજમાન છે.

અન્યમતના સંપ્રદાય અનુસાર એમની કથા એવી છે કે જે જગતનો નિયંતા જે ઈશ્વર છે, જગતનો કર્તા જે સૃષ્ટિનો કર્તા જે ઈશ્વર છે એ ઈશ્વર ચોવીસ અવતાર દરેક યુગમાં ધારણ કરે છે અને એમાંનો આ એક અવતાર છે. આપણે ચોવીસ તીર્થંકર છે. આંકડો તો પકડ્યો એનો એ. અને આપણે એને ભગવાન કહ્યા તો કહે આ પણ ભગવાન જ છે. ચોવીસે ચોવીસ ભગવાન જ છે. એટલે એમને એક ઈશ્વરના અવતાર તરીકે ગણીને એ રીતે જીવનચરિત્ર ચાલ્યું છે. એ સંપ્રદાયની અંદર અમુકપાત્ર.

પાત્રો તો એના એ છે. એમના ગુરુ 'શ્રી વસિષ્ઠ' હતા એ પણ એ જ છે. અહીંયાં પણ એ છે, ત્યાં પણ એ જ છે. એના ઉપરનો એક વૈરાગ્યબોધક શાસ્ત્ર છે. મુખ્યપણે જેમાં વૈરાગ્યનો બોધ છે. એ શાસ્ત્રનું નામ 'યોગવાસિષ્ઠ' એ શાસ્ત્રનું નામ આપ્યું છે.

**'વાંચવામાં હરકત નથી.'** એમ કહ્યું છે. આત્મહિતની મુખ્યતામાં કોઈપણ ગ્રંથ વાંચે તો એમાં અન્યમતના હેતુથી, અન્યમતનું છે માટે નુકસાન કરે છે એ પ્રશ્ન નથી રહેતો. જે જીવને વૈરાગ્ય પ્રિય છે એને વૈરાગ્ય બોધક કોઈપણ શાસ્ત્ર વાંચતા પોતાની વૈરાગ્યવૃત્તિ વિશેષ આવિર્ભૂત થાય છે. એટલે કહ્યું કે એ વાંચવામાં વાંધો નથી. ખાસ કરીને 'શ્રીમદ્જી'ની જે કાર્યપદ્ધતિ છે અથવા મુમુક્ષુઓને જે માર્ગદર્શન છે, એ માર્ગદર્શન એમણે એવું આપ્યું છે કે પહેલાં સારી રીતે જીવ વૈરાગ્ય ઉપશમમાં આવે, પછી એને સિદ્ધાંતબોધ વિષયક ઉપદેશ આપવો. જ્યાં સુધી એમ ન લાગે ત્યાં સુધી એને વધુમાં વધુ વૈરાગ્ય ઉપશમ બાજુ એ દોરી જાય છે.

'લલ્લુજી' જેવા ત્યાગી હતા. સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ થયેલા હતા તો પણ એમણે એમનામાં વૈરાગ્ય ઓછો જોયો છે. વૈરાગ્ય એટલે કોઈ દીક્ષા લીધી માટે વૈરાગ્ય નથી પણ વૃત્તિમાં નીરસતા કેવી રીતે આવે છે ? સાધુ હોય પણ ખાવા-પીવામાં તીવ્ર રસથી આહાર લેતા હોય. કહેવાતા સાધુ. એ સાધુદશામાં તો તીવ્રતા આવવાનો પ્રશ્ન જ નથી. પણ જે સાધુ સંપ્રદાયના કહેવાતા હોય પણ આહાર લે ત્યારે ગૃહસ્થી કરતા પણ વધારે રસ લેતા હોય. ઇષ્ટ-અનિષ્ટપણું થતું હોય. આ સારું છે અને આ સારું નથી. આ વધારે સારું છે અને આ સારું નથી. તો ત્યાં ત્યાગ વૈરાગ્ય નથી. ખરેખર ત્યાં ત્યાગ વૈરાગ્ય નથી. બાહ્ય ત્યાગ કર્યો છે માટે વૈરાગ્ય છે એવો વૈરાગ્યનો આંક નથી. વૈરાગ્યનો આંક પરિણામની નીરસતા ઉપર છે. એટલે એમને પણ એ ત્યાગ વૈરાગ્યના ગ્રંથો વંચાવે છે કે તમે 'યોગવાસિષ્ઠ' વાંચો, 'વિચારસાગર' તમે વાંચો, ફલાણું વાંચો, એમ કહે છે.

**'યોગવાસિષ્ઠ વાંચવામાં હરકત નથી. આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે ક્ષણે ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે.'** જુઓ ! મુમુક્ષુતાના અનેક લક્ષણો છે એમાંનું આ એક મુખ્ય લક્ષણ છે. કે આ સંસારનું સ્વરૂપ જેલ જેવું છે. કારાગૃહ એટલે બંદીખાનું. જેલમાં નાખ્યો હોય એને એ જેલખાના પ્રત્યે કેટલી પ્રીતિ આવે ? સારી ઓરડી મળી. હવે અહીંયાં જ રહેવું છે. એવું જેલમાં ગયા પછી કોઈ

વિચારે તો એ જેટલું મૂર્ખતા ભરેલું છે એટલું જ જીવ અહીંયાં આ પર્યાયમાં આવીને એવું કરે છે. આ જેલ મને બહુ સારી મળી. આ મકાન સારું મળ્યું, આ દેહનું ખોળિયું સારું મળ્યું, અને આ બીજા મારા સગાવહાલા બધા... બીજા પણ જેલમાં જ પડ્યા છે ને ? એ બધા જેલખાનામાં જ છે. જેલમાં જાય અને જેમ બીજા કેદીઓનો સહવાસ એને ગમી જાય એમ એને આ ગમી જાય છે. એવી મૂર્ખતા છે એમ કહે છે.

એને જેલખાનું દેખાતું જ નથી. એને સંસાર કારાગૃહ લાગતો નથી એટલે એને એ બધું સારું સારું લાગે છે. આ સારું. વહેંચણી કરે બહુ બહુ તો. આ સારું નહિ તે છોડી દેવું. સારું હોય તે લઈ લેવું. એ પ્રકારે જ્યાં પરિણમન થાય છે ત્યાં એને બંદીખાનું છે, કારાગૃહ છે એવું લાગતું નથી પણ એ સંસારને પ્રીતિથી કરીને સ્પષ્ટ પ્રીતિથી તે ઉપાસે છે. ઉપાસે છે એટલે વૃદ્ધિગત કરે છે. સંસાર સંબંધીના પરિણામને એ તીવ્ર રસે કરીને વૃદ્ધિગત કરે છે. એ મુમુક્ષુનું લક્ષણ નથી. મુમુક્ષુ એવા હોય નહિ એમ કહેવું છે. અને એવા હોય તો એ મુમુક્ષુ નથી આમ કહે છે.

મુમુક્ષુ મંડળમાં લવાજમ ભરે માટે મુમુક્ષુ થાય કે ન થાય ? તે દર્શન કરવા આવે માટે મુમુક્ષુ થાય કે ન થાય ? વાંચનમાં બરાબર નિયમિત આવે માટે મુમુક્ષુ થાય કે ન થાય ? એ પ્રશ્ન નથી. વારંવાર એને દિવસમાં અનેક વાર એમ લાગે કે ક્યાં આવી પડ્યો આ બંધનમાં. છૂટવું છૂટવું જેને થાતું હોય. રાહ જોતો હોય કે નહિ ? સજા પડી હોય. કે ભાઈ ! બે વર્ષની જેલ નાખો આને. તો રાહ જોતો હોય...

(મુક્તિને) ઇચ્છ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. જુઓ ! ભાષા કેવી કરી છે ! આ વ્યાખ્યા બાંધી છે. પરિભાષા કરી છે મુમુક્ષુજીવની. હોંશથી, ઉત્સાહથી સંસારની અંદર રાચ્યા કરે. બહુ સારુ થયું, બહુ અનુકૂળતાઓ થઈ, સારી અનુકૂળતાઓ રહે છે. આપણે કાંઈ વાંધો આવતો નથી. એ મુમુક્ષુતાનું કોઈ લક્ષણ નથી. આમ કહે છે. મેળવવા જેવું છે આ બધું. વિચાર કરે તો એમ લાગે કે જાણે હું મુમુક્ષુ જ નથી.

મુમુક્ષુ :– મુમુક્ષુતાનું ટીપું પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એવું લાગે. ખરી વાત છે.

**'યોગવાસિષ્ઠાદિ જે જે ગ્રંથ તે કારણના પોષક છે,...'** કેવા કારણના પોષક છે ? કે આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું વારંવાર ભાસ્યા કરે. એવો જે

વૈરાગ્ય સંસાર પ્રત્યેનો, એવા કારણના એ પોષક ગ્રંથ છે. એમણે 'લલ્લુજી'ને પણ 'યોગવાસિષ્ઠ' વાંચવા માટે ભલામણ કરી છે. વાંચો તમે. ખ્યાલ આવે કે અંદર અન્યમતમાં કેટલો વૈરાગ્ય છે, એ લોકો કેટલી વૈરાગ્યની વાતો કરે છે. તમે તો તીર્થંકરદેવના સંપ્રદાયમાં છો. જગતનો અલૌકિક (ધર્મ), એ તો બધા લૌકિકધર્મમાં જાય છે. અલૌકિક ધર્મનો આ સંપ્રદાય છે. એના તો ત્યાગ વૈરાગ્ય પણ અલૌકિક હોય. પણ એ જોતા નથી. ત્યારે એમ કહે છે કે ઓલાનું તો જુઓ.

જેમ કોઈ માણસ તકરાર કરે અને એવી તકરાર કરે કે જે નીચેના કોળી-વાઘરી પણ તકરાર ન કરે એવી તકરાર કરે. ત્યારે એને એમ કહેવું પડે કે જુઓ, પણ એવું તો એ પણ કરતા નથી. તમે ક્યાં આવું કરો ? અન્ય મતના વૈરાગ્યના ગ્રંથ વાંચવા માટે ભલામણ કરે છે. વૈરાગ્ય દેખાતો નથી એમને. જુઓ ! જુઓ ! કહે ત્યાં પણ આવી વાત લખી છે. તમારામાં તો ઘણી ઊંચી વાત છે પણ એ ન સમજાય અને તેનું આકર્ષણ ન હોય તો ત્યાંથી પણ પકડાવે છે, ચાલો. નીચેની વાત પણ સમજી શકે છે ? એથી નીચેની વાત સમજે છે ? એથી નીચેની વાત સમજે છે એમ પકડાવવું પડે. બગડો ન આવડતો હોય તો એકડો શીખવાડે અને એકડો ન આવડતો હોય તો મીંડું કરતા શીખવાડે. એના જેવી વાત છે બધી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયાગ ઉપર 'અલ્હાબાદ'માં.

મુમુક્ષુ :- ... હિમાલયમાં જે સાધુ છે એ લોકો બાર વર્ષ સુધી અન્નનું દર્શન ન કરે, એક જ ચીજ કંદમૂળ ખાવાની. અહીંયા તો સવારે ખાધું હોય અને સાંજે બીજી વસ્તુ ન આવે તો એમ કહે, આ શું ?...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે. જે શાક સવારે કર્યું હોય એનું એ સાંજે નહિ બનાવવાનું. રોજ જુદું જુદું હોવું જોઈએ. કાલે ખાધું હોય એ આજે ન હોવું જોઈએ અને સવારવાળું સાંજે હોવું ન જોઈએ. એ બાર-બાર વર્ષ સુધી એક ચીજ ખાય. સામાન્ય જે મનના પરિણામ દૃઢ હોવા જોઈએ એવા પણ જેના પરિણામ ન હોય. મુમુક્ષુતા તો કાંઈ સહેલી પડી નથી.

**'યોગવાસિષ્ઠાદિ જે જે ગ્રંથ તે કારણના પોષક છે, તે વિચારવામાં હરકત નથી,...'** એવું કારણ વિચારવામાં જરા પણ હરકત નથી. એટલું નહિ જૈનગ્રંથોમાં અથવા જૈન

સંપ્રદાયના જ્ઞાનીઓ, મહાત્માઓ જે થાય છે તે ઘણીવાર એના દાખલા આપે છે. અન્યમતના દાખલા આપે. દૃષ્ટાંત આપે કે જુઓ ! એને આવું કર્યું હતું... એને આવું કર્યું હતું... એને આવું કર્યું હતું. એના દાખલા આપે. એ પાત્રના દાખલા આપે છે. એટલે એમાં કાંઈ હરકત નથી.

**'મૂળ વાત તો એ છે કે જીવને વૈરાગ્ય આવતાં છતાં પણ જે તેનું અત્યંત શિથિલપણું છે–ઢીલાપણું છે–તે ટાળતાં તેને અત્યંત વસમું લાગે છે.'** નાડનો ધબકારો ગણી દીધો છે. **'મૂળ વાત તો એ છે કે જીવને વૈરાગ્ય આવતાં છતાં પણ...'** કાંઈક એને વૈરાગ્ય આવ્યો છે. ધર્મના ક્ષેત્રમાં આવ્યો છે થોડી વૈરાગ્યવૃત્તિથી. છતાં પણ એમાં એનું અત્યંત શિથિલપણું છે. થોડો ઘણો વૈરાગ્ય છે એટલે આ બાજુ આવે છે પણ એમાં શિથિલપણું છે એટલું બધું શિથિલપણું છે કે ઊડી જતા વાર લાગે નહિ.

એ **'તેનું અત્યંત શિથિલપણું છે—ઢીલાપણું છે–તે ટાળતાં તેને અત્યંત વસમું લાગે છે.'** શરીરના રોગની અને આત્માના રોગની કોઈ પરિસ્થિતિ જ એવી છે કે તીવ્ર રોગ થાય એને મંદતામાં આવતા વાર ન લાગે. ૧૦૫ ડિગ્રીનો તાવ ૧૦૦ ડિગ્રીએ લાવતા વાર ન લાગે પણ ૯૯ કાઢવો એમાં ડૉક્ટરનો પણ પરસેવો ઉતરી જાય એવું છે. એમ તીવ્ર રાગી જીવને વૈરાગ્ય આવતા વાર ન લાગે. સંસારથી ધર્મના ક્ષેત્રમાં આવતા વાર ન લાગે. મંદિરમાં આવતો થાય, શાસ્ત્ર વાંચતો થાય. બધું સહેજે સહેજે થાય. એમાં બહુ વાર નથી લાગતી. પણ અહીંયાં આવ્યા પછી જે જે વિશેષે નીરસપણું આવવું જોઈએ અને એ જે શિથિલતા રહી ગઈ એ ટળવી જોઈએ એ કાઢતા એને વસમું લાગી જાય છે, આકરું લાગી જાય છે એમ કહે છે.

બહુ સૂક્ષ્મ વાત કરી છે આ જગ્યાએ. એ જે ત્યાગ વૈરાગ્ય થોડોઘણો દેખાય છે પછી એમાં જે શિથિલપણું રહી ગયું છે એ કાઢવું છે એ જીવને સહેલાઈથી જતું નથી. વસમું લાગી જાય છે એને, આકરું લાગી જાય છે એ. થોડુંઘણું તો કરી લે છે. પણ એના મૂળ સુધી પહોંચવું એમાં મુશ્કેલી ઊભી થાય છે પછી. બહુભાગ જીવે તો એવી સાધારણ દશામાં જ મનુષ્ય આયુ પૂરું કરી દે છે. ઉપર ઉપરની.

મુમુક્ષુ :– સંતોષ મનાય જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– સંતોષ મનાય જાય છે એક તો એ મોટી ભૂલ છે. પણ સંતોષ ન માને તો પણ એને કાઢવું સહેલું નથી. કાઢવાનો ખ્યાલ આવે કે જે પરિસ્થિતિ

આવવી જોઈએ તે પરિસ્થિતિ આવતી નથી તો પણ એ કાઢવું એટલું સહેલું નથી. ખ્યાલ પહોંચે તો પણ. જે સંતોષ માને છે એને તો એ ખ્યાલ જ નથી કે હું કયાં ઊભો છું. એને તો મેં ઘણું કર્યું એમ લાગે છે. પણ જેને એમ લાગ્યું છે કે મારે ઘણું બાકી છે એને પણ આ શિથિલપણું કાઢવું ઘણું વસમું છે એમ કહેવું છે. એ વિચારવાથી અથવા પોતાની દશા સાથે મેળવવાથી એ સમજી શકાય એવો વિષય છે.

'**તે ટાળતા તેને અત્યંત વસમું લાગે છે,...**' ઘણું વસમું લાગે છે. '**અને ગમે તે પ્રકારે પણ એ જ પ્રથમ ટાળવા યોગ્ય છે.**' દઢ નિશ્ચય કરીને એ (શિથિલપણાની) દશાથી એકવાર પાર ઉતરી જવા જેવું છે, એમ કહે છે.

મુમુક્ષુ :– શિથિલપણામાં શું શું ગણાય ? શિથિલપણામાં શું શું આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– શિથિલપણામાં શું છે કે જે મંદ પરિણામથી પણ રસ રહી જાય છે, ઉદયના કાર્યોમાં ખાવું, પીવું અને બીજો જે કૌટુંબિક વ્યવહાર જે કાંઈ ઉદયમાન હોય તે, એની અંદર જે રસ રહી જાય છે. એ રસ રહી જાય છે એ રસ કાઢવો ઘણો કઠણ પડે છે જીવને, આકરો લાગે છે.

ગ્રંથિભેદ થાય ત્યાં સુધીનો જ પુરુષાર્થ છે એ પુરુષાર્થમાં આગળ વધતા અનંત વાર જીવ પાછો વળી ગયો છે. અને અનંત વાર મૂંઝાઈને એ પાછો વળી ગયો છે. એવી પરિસ્થિતિ આવી છે. અને એણે રસ્તાનો ત્યાગ કરી દીધો છે પછી. પછી જે માર્ગે એને આત્મહિતના રસ્તે જાવું જોઈએ એ રસ્તો છોડી દીધો છે. એવું અનંતવાર કર્યું છે. આવે છે. આ બાજુ આવે છે. તીર્થંકરદેવના સંપ્રદાયમાં આવે છે. ત્યાગ વૈરાગ્ય થોડોઘણો કરે છે પણ જે અપૂર્વ પુરુષાર્થ કરીને ગ્રંથિભેદ સુધી પહોંચવું જોઈએ ત્યાં પહોંચવા સુધી, પહોંચ્યા પહેલા તો એ મૂંઝાય છે અને મૂંઝાયને પાછો વળીને માર્ગનો ત્યાગ કરી દે છે. આવું અનંત વાર બન્યું છે.

મુમુક્ષુ :– ગ્રંથિભેદ સુધી પહોંચવા ઘણો પુરુષાર્થ જોઈએ એને.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણો પુરુષાર્થ જોઈએ છે. અને ત્યાં સુધી એણે જંપીને વળવું જોઈએ નહિ, જંપીને બેસવું ન જોઈએ. તો આગળ વધે. નહિતર ઠીક છે, સારું છે, કાંઈક કરીએ છીએ એવું આવ્યા વગર રહેશે નહિ. અને અજંપો તીવ્ર નહિ થાય તો સામાન્ય ખટક રહ્યા કરે તો પણ એ કાંઈ કામ આગળ ચાલતું નથી.

મુમુક્ષુ :– ગ્રંથીભેદ એટલે દર્શનમોહ ?

પૂજ્ય ભાઈશ્રી :– ગ્રંથીભેદ કરવી એટલે મિથ્યાત્વની ગાંઠને ભેદી નાખવી. મિથ્યાત્વની ગ્રંથી છે, ગાંઠ છે એને ભેદીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં આવવું. એક પત્ર છે બનતા સુધી. આ તો 'ગાંધીજી' ઉપરના એક પત્રમાં એ વાત લખી છે. બનતા સુધી 'ગાંધીજી'ના જે પત્રો છે ને એમાં છે. ૫૩૦ નહિ પણ કેટલામો છે પછી ? એમાં છે ૫૭૦માં છે. પાનું ૪૫૩.

**'અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી.'** શું થાય છે ? અનિત્ય એવા પદાર્થો પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું જે ત્રિકાળી અસ્તિત્વ છે, નિત્યત્વ છે, શાશ્વતપણું છે, અવ્યાબાધપણું છે અને આત્મામાં જે સુખ ભર્યું છે એનું ભાન થતું નથી. **'તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે,...'** એ મોહબુદ્ધિમાં એટલું બધું એકાગ્રપણું ચાલ્યું આવે છે **'કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મૂંઝાઈને પાછું વળવું પડે છે,...'** એ મોહ કરતાં દુઃખ છે. એ પરિવાર આદિનો જે કાંઈ મોહ છે એમાં દુઃખ છે અને એ ઘણું દુઃખ છે. કેમ કે સંયોગનો વિયોગ તો થવાનો જ છે. એનો વિવેક કરવા જતાં, એનો વિવેક કરવા જતાં મૂંઝાઈ જાય છે જીવ. અરે..રે..! આ બધી મમતા છોડી દેવી પડશે ? લાગણી છોડી દેવી પડશે ? મારાપણું છોડી દેવું પડશે ? આ મારા જ નથી એમ માનવું પડશે ? એને મૂંઝાઈને પાછુ વળવું પડે છે.

**'અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં...'** એવી દર્શનમોહની ગ્રંથિ છેદવાનો વખત આવે એ પહેલા તો. કેમ કે કાંઈક તો એ શાસ્ત્ર આદિ વાંચે છે, ત્યાગ વૈરાગ્ય કરે છે પણ **'મોહગ્રંથિ છેદવાનો વખત આવતા પહેલા તો વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે,...'** પાછો વળી ગયો છે. માર્ગે પહોંચે, માર્ગને પ્રાપ્ત કરે એ પહેલા એ પાછો વળી ગયો છે.

**'કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પ કાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી..'** જુઓ ! **'સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં...'** એટલે ઘણો પુરુષાર્થ કરવાની જરૂર છે, પરિશ્રમ કરવાની જરૂર છે **'કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે.'** ત્યાં સુધી પહોંચવું રહ્યું, ત્યાં સુધી

પરિશ્રમ બરાબર કરવો જોઈએ એમ કહેવું છે. એ 'ગાંધીજી'ને લખ્યું છે બરાબર છે.

અત્યારે તો હિન્દુસ્તાનમાં 'ગાંધીજી'ની બુદ્ધિમતા માટે લોકોને વિશ્વાસ છે કે અંગ્રેજ જેવી સલતનત. અંગ્રેજ સલતનતને જેણે પરાભવ આપ્યો. જોકે એમાં તો એટલા બીજા પણ સંયોગી કારણો એ લોકોના હતા, એમની નબળાઈ વધી ગઈ હતી. વિશ્વયુદ્ધને કારણે એ લોકો નબળા પડી ગયા હતા. અને આપણે જોર કર્યું. બે વાત ભેગી થઈ ગઈ. નહિતર તો એ લોકોએ પણ દમન કરીને કચડી નાખવામાં કાંઈ બાકી રાખી નહોતી. પણ બહુ નબળા પડ્યા હતા અને પછી એમ જોયું કે હવે જુવાળ બહુ મોટો થઈ ગયો છે અને જાગૃત થઈ ગયા છે લોકો. બધાને મારીને તો રાજ થશે નહિ. વળી એ ઝાઝાં છે અને આપણે થોડા છીએ.

જ્યાં સુધી લશ્કર કાબુમાં છે ત્યાં સુધી ઠીક છે. પણ જે દિ' લશ્કરમાં જાગૃતિ આવી કે આ તો આપણું ભારત છે. તે દિ' પછી ઓલા શું કરે ? એ તો એના ઘરે કોઈ પહોંચી ન શકે. એટલે ડહાપણ વાપરીને છોડી દીધું. જશ લખાયેલો હતો 'ગાંધીજી'ના ફાળે. એટલે એ જશ ગયો એમને. પણ અવશ્ય એ બુદ્ધિશાળી માણસ હતા એમાં કોઈ સવાલ નથી. કેમ કે રાજકારણમાં તો કોઈ બુદ્ધિની વિચક્ષણતા વગર તો કામ આવતું નથી. અનેક જાતના નિર્ણયો લેવા પડે છે. પણ એ મૂંઝાતા હતા ક્યારેક. ત્યારે એમના ખ્યાલમાં કોઈ વિશેષ બુદ્ધિપ્રતિભા હતી તો એ 'શ્રીમદ્જી' હતા. કે મારે પણ કાંઈક શીખવું હોય, સમજવું હોય તો આમની પાસેથી સમજાય એવું છે. પુછવાનું એક ઠેકાણું એને હતા. આત્મકથામાં લખ્યું મારા ગુરુના સ્થાને હતા. રાજકારણનો તીવ્ર રસ હતો એટલે આત્મહિત ઉપર એમનું લક્ષ જેટલું જવું જોઈએ એટલું નથી ગયું. એ પરિસ્થિતિ ઊભી રહી ગઈ.

મુમુક્ષુ :- એ રાજકારણમાં હતા અને અહીંયાં વેપારમાં હતા.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. એ બધું એકનું એક છે. બીજું કાંઈ નથી. એકનું એક છે. સંસાર તો સંસાર જ છે. પછી રાજકારણ પણ સંસાર છે અને વ્યાપાર આદિ પણ સંસાર છે.

મુમુક્ષુ :- વેપાર છોડીને બેઠા હોય તો એ ?

પૂજ્ય ભાઈશ્રી :- એ વેપાર છોડીને બેઠા હોય પણ આત્મહિત ન સાધે અને પછી જે કાંઈ (કરે), પરિણામ વગરનો તો જીવ નથી, બાકીના જે પરિણામ છે એ

બધો સંસાર જ છે. એટલે તો 'ગુરુદેવે' શુભ ઉપર વધારે ભાર દીધો છે. શુભનો નિષેધ કરવા શા માટે ભાર દીધો ? કે એ પણ સહેલાઈથી કરે છે જીવ. મૂકી દ્યો વેપાર, મૂકી દ્યો કુટુંબ. બેસી જાવ 'સોનગઢ'માં જઈને. પણ એથી કોઈ ત્યાં બેસી જાય માટે પરિણામ સારા થઈ જાય એવો તો કોઈ સિદ્ધાંત નથી અને નિયમ નથી.

મુમુક્ષુ :– અકાળ મૃત્યુ વખતે સદ્‌ગતિ થવાની શક્યતા ઓછી ને ?

પૂજ્ય ભાઈશ્રી :– સદ્‌ગતિ થવાની શક્યતા ઓછી એમાં એવું છે કે એક લાકડીએ હાંકીને એ નિર્ણય કરાય એવો નથી. કેમ કે દરેક જીવના ભૂતકાળના પરિણામ ઉપર ગતિનો આધાર છે. એણે જીવન દરમ્યાન જે પરિણામ કર્યા છે એના ઉપર નવી ગતિ અને નવું આયુષ્ય બંધાય છે. તો એ દરેક જીવના ભિન્ન ભિન્ન પરિણામ છે અને એમાં પણ વિચિત્રતા એટલી છે કે 'શ્રેણિક' મહારાજાએ ભાવલિંગી મુનિને ઉપસર્ગ કર્યો કે બહુ મોટો અપરાધ. સીધી નરકગતિ બાંધી.

મુમુક્ષુ :– સાતમી નારકી...

પૂજ્ય ભાઈશ્રી :– સાતમી નારકી બાંધી હતી. પરિણામ ફરે છે પણ ગતિ ન ફરી. આવી ગયા પહેલી સુધી. કેટલો બધો ફેર થાય છે પરિણામની અંદર ?

મુમુક્ષુ :– ગતિ એવી મતિ અને ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે એમાં શું છે કે એક આયુષ્યનો વિષય એવો નથી કે એક જ એની અંદર નિયમ લાગુ પાડી શકાય. એક લાકડીએ બધાના આયુષ્યનો નિર્ણય કરી શકાય એવું નથી. એમાં તો વ્યક્તિગત રીતે દરેકના પરિણમનનો ઇતિહાસ તપાસ્યા વિના કાંઈ નિર્ણય કરી શકાય એવું નથી. એવી વિચિત્રતા છે. કર્મના પરિણામોની એવી વિચિત્રતા છે કે એ વિષય થોડો વધારે ગહન છે. અને બહુ લાંબુ ગણિત છે. બહુ ઝીણું સૂક્ષ્મ ગણિત છે એની અંદર.

મુમુક્ષુ :– પરિણામ કરવાની સાવચેતી રાખવીને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, જાગૃતિ રાખવી જ જોઈએ. આત્માના હિત અને અહિતના વિષયમાં જાગૃતિ રાખવી જ જોઈએ. પત્રાંક ૪૯૯.

મુમુક્ષુ :– વસમું લાગવું.

પૂજ્ય ભાઈશ્રી :– વસમું લાગે એટલે એકદમ કઠીન લાગે છે. વસમું લાગે ત્યારે શું છે કોઈને દર્દ હોય. એ દર્દ તીવ્ર થઈ જાય. અસહ્ય-અસહ્ય થઈ જાય.

મુમુક્ષુ :- વસમી વિદાય. કોઈનું દેહાંત થઈ જાય એ વસમું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બહુ આકરું લાગે. બહુ દુઃખદાયક લાગે એને. અને એકદમ એને એટલું બધું કઠણ લાગે કે જાણે પોતે અશક્ત છે એના માટે. એવું લાગી જાય. એમ આ જે શિથિલપણું છે ને. તીવ્રપણું તો છૂટે છે જીવને. પણ જે શિથિલ પરિણામમાં જે આવે છે એ શિથિલપણું છોડવું એ ઘણું વસમું લાગે છે. બહુભાગ તો જીવ પાછો વળી જાય છે. ગ્રંથિભેદ થયા પહેલા જીવ પાછો વળી જાય છે. માર્ગ છોડી દે છે. એટલે આ વસમી જગ્યાએ એમણે નાડ પકડી છે આ વિષયની.

તીવ્રતામાંથી મંદતામાં આવવાવાળા ઘણા જીવો (છે), પણ પછી જે શિથિલપણું છોડવું છે એ પાણી ઉતરી જાય એવો વિષય છે. પુરુષાર્થ એટલો જબરદસ્ત હોય ત્યારે એ મટે છે ત્યાં સુધી એવા પરિણામ જતા નથી એમ છે. એવું બને છે ને આ રંગના ડાઘ નથી પડતા ? કોઈ સ્યાહી ઢોળાઈ ગઈ હોય, કોઈ ચાનો. એના ઉપર ડાઘ કાઢવાના પદાર્થોથી એને ધોવામાં આવે, ઝાંખો થઈ જાય. એ ઝાંખો ન નીકળે. તીવ્રતામાંથી ડાઘ મંદ થઈ જાય. પણ પછી એ ઝાંખો ડાઘ મહેનત કરી કરીને કરે (તો પણ) જલ્દી નીકળતો નથી. એ કુદરતી વસ્તુ છે.

એમ choronic રોગમાં એવું છે. તીવ્ર રોગ મટે એને acute કહે છે. acute ડિસીઝ કહે છે. પણ ક્રોનિક પોઝિશનમાં આવી ગયો પછી પાણી ઉતરી જાય. એ રોગ ઉતરતા બધું કાઢતા તો ડૉક્ટરને પણ પરસેવો ઉતરી જાય. એવી એક કુદરતી પરિસ્થિતિ હોય છે. એમ અહીંયાં પણ મુમુક્ષુતામાં પણ એ છે. તીવ્રતામાંથી મંદતામાં આવવું સહેલું છે. એ શિથિલપણું જે મંદતામાં રહી ગયું એ કાઢવું અઘરું છે. ઘણું અઘરું છે. કે જેને ટાળતા અત્યંત વસમું લાગી જાય. નથી કહેતા આ દર્દ વધી જાય તો કહે ભાઈ ! આ તો બહુ વસમું લાગી ગયું છે એમને. એટલે ઘણી વેદનામાં આવી ગયા હોય. એવી કઠણ પરિસ્થિતિમાં આવી ગયા. બહુ ઘરગથ્થુ ભાષા વાપરી છે.

છતાં પણ **'ગમે તે પ્રકારે પણ એ જ પ્રથમ ટાળવા યોગ્ય છે.'** આવો નિર્ણય કરવો જોઈએ, દૃઢ નિશ્ચય કરવો જોઈએ કે ટાળવું જ છે. ટાળ્યા વગર રહેવું નથી. ત્યાં સુધી ઝંપીને બેસવું નથી. એવો એક અજંપો ઊભો થાય તો ન ટળે એવું કાંઈ નથી. અશક્ય નથી. પણ શિથિલપણું રાખે તો શિથિલપણું ટળે એવું નથી, એમ કહેવું છે. (પત્ર પૂરો થયો. સમય થયો છે)...

પત્રાંક-૪૯૯

મુંબઈ, વૈશાખ સુદ ૯, ૧૯૫૦

જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય તો તે ફરી ફરી પાછા હઠીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું' એવું ફરી ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે' એમ ફરી ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતા જઈ પ્રવર્તવું થાય, તો બોધનું ફળવું થવું સંભવે છે.

ચિત્તનો લખવા વગેરેમાં વધારે પ્રયાસ થઈ શકતો નથી તેથી પત્તું લખ્યું છે.

તા. ૧૨-૮-૧૯૯૦, પત્રાંક-૪૯૯, ૫૦૦
પ્રવચન નં. ૧૯૮

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્ર ૪૯૯. વ્યવસાયિક જીવનમાં, વ્યવસાયમાં વધતા જીવને માર્ગદર્શન છે. ગૃહસ્થ વ્યવસાય છે. વેપાર-ધંધો ખાસ એ વિષય ઉપર એમનું માર્ગદર્શન છે.

**'જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય તો તે ફરી ફરી પાછા હઠીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું' એવું ફરી ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે.' એમ ફરી ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય**

**સંક્ષેપ કરતા જઈ પ્રવર્તવું થાય, તો બોધનું ફળવું થવું સંભવે છે.'** એક જ વાક્યમાં આ સવા ચાર લીટી લખી છે. એક પેરેગ્રાફમાં વાક્ય એક જ છે.

શું કહે છે ? કે જે વ્યવસાય કરતા ભાવનિદ્રાનું ઘટવું ન થતું હોય. ભાવનિદ્રા એટલે મોહ-દર્શનમોહ. મને આનાથી લાભ છે. આ મને લાભનું કારણ છે, આ મને સુખનું કારણ છે, આ મારી જીવાદોરી છે, આ મારું જીવન છે, મારો બધો આધાર આના ઉપર છે. આ બધા પ્રકારના પરિણામ ભાવનિદ્રામાં સમાય છે. અને જગત આ રીતે ચાલે છે. સ્પષ્ટ રીતે પોતાના પરિણામ અને બીજાના પરિણામમાં આ પ્રકારના ભાવ જોવામાં આવે છે. અને તેથી સર્વસ્વપણે એ વ્યવસાય સંબંધી પ્રવૃત્તિ કરવામાં આવે છે. સર્વસ્વપણે અંગીકાર કરીને. એ પરિસ્થિતિમાં પોતાના નિરાલંબ નિરપેક્ષ તત્ત્વનો તેને અનંત સુખનિધિ, અનંત સુખનું નિધાન, અનંત અનંત દિવ્ય ગુણોનું નિધાન છે એનો આધાર જીવ લઈ શકે નહિ. એવું જે પોતાનું સ્વરૂપ અનંત ગુણનું ધામ એવું જે પોતાનું સ્વરૂપ, એ સ્વરૂપનો આધાર નથી લઈ શકતો એનું શું કારણ છે ? સ્વરૂપ તો અસ્તિપણે છે. છતાં આધાર બીજાનો લે છે. એ જીવની ભાવનિદ્રા છે.

જેમ નિદ્રામાં માણસ પડખું ફરે તો ખબર પડતી નથી. હાથ આઘો-પાછો થાય, માથું આઘું-પાછું થાય, પગ આઘો-પાછો થાય, ખબર પડતી નથી. બીજી તો ક્યાંથી ખબર પડે ? પોતાના શરીરની પોતાને ખબર પડતી નથી તો બીજી ક્યાંથી ખબર પડે ? એમ ભાવનિદ્રામાં પોતાને પોતે ક્યાં નુકસાન કરે છે, પોતે કેવી રીતે પોતાને દુઃખ પ્રાપ્ત કરે એવો ઉપાય કરે છે એવો માર્ગ સાધે છે એ પોતાને ખબર નથી પડતી. માટે એને ભાવનિદ્રા કહે છે.

એ ભાવનિદ્રા મટાડવી છે એને ઘટાડવી પડશે. મંદ કરવી પડશે. એનો અનુભાગ, એનો રસ તોડ્યા વિના બીજા બધા દોષ ઊભા રહેવાના છે. તમામ પ્રકારના નાના દોષ કે તમામ પ્રકારના મોટા દોષ સમસ્ત પ્રકારના દોષ ભાવનિદ્રાને આધીન છે, દર્શનમોહને આધીન છે. દર્શનમોહ ઘટ્યા વિના કે મટ્યા વિના કોઈ રીતે બીજા દોષનો સમ્યક્ પ્રકારે ક્ષય થાય, અભાવ થાય એ સંભવિત નથી, અશક્ય છે. એટલે સમ્યગ્દષ્ટિ ધર્માત્માઓનો અને જે ભાવલિંગી સંતો, નિર્ગ્રંથ ગુરુઓ છે એ બધાનો પહેલો ઉપદેશ દર્શનમોહને નાશ કરવાનો છે.

નાના-નાના દોષ મટાડે અને આવો ભયંકર મોટો દોષ મટાડવા સંબંધમાં ઉપેક્ષા

રાખે તો કોઈ દોષ મટવાના નથી. એક પણ દોષ નહિ મટે, બધા દોષ ચાલુ રહેવાના છે. એટલે પ્રથમમાં પ્રથમ દર્શનમોહ કેવી રીતે મટે, એ લક્ષ હોવું જોઈએ.

એટલે (કહે છે), **'જે વ્યવસાયે કરી...'** સર્વ વ્યવસાય એમાં આવી જાય છે. પછી જેને જે પ્રકારનો પૂર્વકર્મનો ઉદય હોય એને તે પ્રકારનો વ્યવસાય હોય છે. એમાં આને આવો કેમ વ્યવસાય છે ? આને આવો કેમ વ્યવસાય છે ? એ પ્રશ્ન નથી. પણ વ્યવસાયે કરીને એટલે કે ગમે તે વ્યવસાયે કરીને, કોઈપણ પ્રકારનો વ્યવસાય કરે છે માણસ આજીવિકા માટે, ત્યારે ભાવનિદ્રાનું ઘટવું એને થતું નથી. એમાં સુખબુદ્ધિ, એમાં આધારબુદ્ધિ હોવાને લીધે જીવને દર્શનમોહ એમ ને એમ સાજો રહી જાય છે. બીજા નાના-મોટા દોષ કામ, ક્રોધ, માન, માયા, લોભ એમ થોડાઘણાં પાતળા પાડે છે પણ દર્શનમોહ એવો ને એવો હોવાથી વળી પાછા એ એવાને એવા દોષો થઈ જાય છે.

અને તે વ્યવસાય પ્રારબ્ધયોગે કરવો પડે છે. આત્માર્થીને પ્રારબ્ધયોગે કરવો પડે છે. આત્માર્થી નથી એને કરવો પડતો નથી પણ એને કરવો જ છે અને કરે છે. બે વચ્ચે આ ફરક છે. સુખ વધારવા માટે, સમૃદ્ધિ વધારવા માટે, અનુકૂળતાઓ વધારવા માટે અને પોતાના આબરૂ, કુટુંબ, પરિવાર આદિ બધાને પોષણ માટે, રાજીપા માટે, સુખ માટે એને કરવા લાયક છે, કરવાયોગ્ય છે અને કરવો જ જોઈએ એ અભિપ્રાયથી કરે છે. આત્માર્થી જીવને કરવો પડે છે એને છૂટવું છૂટવું થાય છે કે હું આમાંથી ક્યારે છૂટું ? એટલે એને કરવો પડે એવો શબ્દ લીધો છે.

પ્રારબ્ધયોગે એટલે બીજાના પાસે દીનતા અને યાચના કરવી ન પડે એટલા માટે એ કરે છે. કેમ કે અહીંયાં જરા માર્ગ સાંકડો થાય છે. જો દીનતાએ ધર્મ સાધે, યાચના કરીને ધર્મ સાધે તો પણ માર્ગ ઉપર પગ દેવા બરાબર છે, તો પણ એ માર્ગ નથી, એ ઉપાય નથી. અને આધારબુદ્ધિએ એ વ્યવસાય કરે તો પણ એ માર્ગ ન પામે. આમ છે.

વ્યવસાય કરવો કે ન કરવો ? આ સવાલ ઊભો થાય છે. ત્યારે સામાન્ય રીતે સંસારમાં એ વાત છે કે એ તો ચાલે જ નહિ. કેવી રીતે જીવન ચાલે ? એ જીવન ચાલવાનો સવાલ નથી, મારા પરિણામનો સવાલ છે. ન તો પરિણામ દીનતામાં જવા જોઈએ, યાચનામાં જવા જોઈએ, ન તો પરિણામ આધારબુદ્ધિએ થવા જોઈએ. અહીંયાં

એથી એમ લીધું કે વ્યવસાય કરવો પડે છે. પોતાના પરિણામની દવા કરવા માટે કરવો પડે છે. અને એવું પૂર્વ કર્મ હોય છે. જેને જે વ્યવસાય કરવો પડે છે એને એ પૂર્વકર્મ છે. તે પ્રકારનું પૂર્વકર્મ છે એટલે એની ગોઠવણી ત્યાં થઈ, તેવા પ્રકારે થઈ.

મુમુક્ષુ :– અમારે લોકોને દીનતા અને આધારબુદ્ધિ પડી છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો દર્શનમોહ સારી રીતે અડ્ડો જમાવીને કામ કરે છે. એના જેવી વાત થઈ. ન તો દીનતામાં આવવા યોગ્ય છે, ન તો આધારબુદ્ધિમાં આવવા યોગ્ય છે.

મુમુક્ષુ :– આધારબુદ્ધિ કોને કહેવી ?

પૂજ્ય ભાઈશ્રી :– આધારબુદ્ધિ એટલે મને એના વગર નહિ ચાલે. હું નહિ જીવી શકું. મારું શું થાશે ? મારો ધંધો બંધ થશે તો મારું શું થાશે ? ધંધો બંધ થાય ત્યારની વાત ત્યારે પણ બંધ થાય એવી કોઈ Position ઊભી થાય ને તો પરસેવો છૂટવા માંડે કાં છાતીના પાટીયા ભીંસાવા માંડે છે. બંધ તો થાવાનું હોય તે દી' થાય. પણ એમ લાગે કે આમ કદાચ આવી રીતે થાય. આ સરકાર કાયદા કરે છે. કાં તો કોઈ એવો પ્રસંગ ઉપસ્થિત થઈ જાય કે જેથી ચાલતો ધંધો બંધ થાય એવી એક દહેશત જ્યાં ઊભી થાય, બંધ થયો ન હોય હજી, હોં ! તો કાં તો માણસની છાતી ભીંસાય છે અને કાં તો પરસેવો વળવા માંડે છે. એટલે મૂંઝવણ થાય છે. બેય મૂંઝવણના લક્ષણ છે આમ તો. જુદી જુદી જાતના શારીરિક ચિહ્નો છે. જે અતિ મૂંઝવણને સ્પષ્ટ કરે છે, વ્યક્ત કરે છે. એ આધારબુદ્ધિ છે.

એટલે એણે પરિશ્રમ એટલો કરવો જોઈએ કે મારા પરિણામની યાચનામાં ન આવવા દેવા કે ન તો મારા પરિણામને આધારબુદ્ધિએ એ કાર્ય કરવું. આ રીતે એને Balance કરવું જોઈએ. વ્યવસાય સંબંધીના પરિણામને આ રીતે Balance કરવા જોઈએ.

મુમુક્ષુ :– આધાર બુદ્ધિ છૂટવા કોઈ ઉપાય જેમ વ્યાજની આવક બીજી પણ હોય એનો પણ આધાર આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ પણ વ્યવસાય હોય. જે વ્યવસાય હોય, વ્યાજની હોય કે પછી કોઈ મજુરીની હોય કે ગમે તે પ્રકારની આવક. આવકનું કોઈપણ સાધન હોય. વ્યવસાય એટલે શું થયું ? આવકનું સાધન છે. જો આવક ન કરે તો જે

પરિસ્થિતિમાં, જે ભૂમિકામાં ઊભો છે એમાં એને જે કાંઈ જોઈએ, આહાર જોઈએ, પાણી જોઈએ, કપડા જોઈએ, જે કાંઈ જોઈએ એની દીનતા કરશે. કર્યા વગર રહેશે નહિ.

છઠ્ઠા ગુણસ્થાને મુનિરાજ આહાર લેવા નીકળે છે પણ દીનતા નથી કરતા. પાંચમા ગુણસ્થાનથી એ વૃત્તિ પાંચમાના ઉત્કૃષ્ટ Stage એ વૃત્તિ ખલાસ થાય છે. સ્વભાવની સ્થિરતાને લીધે. કેમ દીનતા નથી ? કે ૪૬ દોષ રહિત આહાર લે છે એમાં કોઈ દોષની સંભાવના દેખે, શંકા પડે તો પણ એની આહારની વૃત્તિ સ્વભાવસ્થિરતામાં આવીને ખલાસ થાય છે, અભાવ થઈ જાય છે. જ્યારે એવી પરિસ્થિતિમાં પોતે વીતરાગતામાં પહોંચ્યો નથી અને પોતાના વિભાવ પરિણામ અનિવાર્ય રીતે ઉત્પન્ન થાય એવું છે, નિવારી શકાય નહિ એ રીતે પોતાની રાગની ભૂમિકા છે, ત્યારે એને એ વ્યવસાય કરતા અને આવક મેળવતી વખતે એણે વિચારવું ઘટે છે. એ જ વખતે પ્રયોગ કરવાનો છે કે આનો આધાર મને કેટલો છે મારા પરિણામમાં ? કાલ સવારે આ બંધ થાય તો મારી વૃત્તિ શું ?

મુમુક્ષુ :– ચિંતામાં આવી જશે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ આવવું જોઈએ. આ મજૂર લોકો તો પરિશ્રમ કરે છે, દીનતા કરે છે ? કોઈ મજૂરને, રેકડાવાળાને ગોતવા જાજો. એ એમ કહે કે મારે આ દસ રૂપિયા લેવા છે. તો દસ રૂપિયા લેવા છે. મારે પરસેવો પાડીને દસ લેવાના છે. તમે કાંઈ દયા-દાન કરતા નથી. દીનતા કરે છે ? જે પરિશ્રમ કરી અને આવક કરે છે એ દીનતા કરે છે ? નહિ કરે, જરાય નહિ કરે. એનું કારણ શું ? એમ પોતાને પણ એ ખ્યાલ આવવો જોઈએ કે મારે મારી જરૂરિયાત માટે કરવું છે એમાં દીનતા કરવાનો કોઈ પ્રશ્ન નથી. શા માટે દીનતામાં આવીને કાંઈ કરવું જોઈએ ? ન તો કોઈ બીજાની દીનતા, ન તો એની દીનતા, એ ચીજની દીનતા. મારા નસીબમાં હશે એ આવી જશે. સવારે નીકળ્યો છે તો ઘરેથી ખબર નથી. આપણે ત્યાં તો કોઈ આગળ-પાછળ વર્ષ-બે વર્ષની વ્યવસ્થા છે. છ મહિનાની પણ વ્યવસ્થા છે એમ સમજોને. એને કાલની વ્યવસ્થા નથી. રોજેરોજનો લોટ અને રોજેરોજનું તેલ લઈ આવું છું અને રોજેરોજનું મરચું લઈ જાવું છું. રોટલો બનાવવા તેલ-મરચું એ રોજેરોજનું લેવા જાય છે પણ દીનતા નથી કરતો કોઈ બીજાની. અને અહીં તો લક્ષાધિપતિ હોય, કરોડપતિ હોય પણ એને જો કોઈ રળાવનાર હોય તો ગલુડિયાની જેમ પુંછડી પટપટાવે.

સાહેબ... સાહેબ.. સાહેબ.. કરવા મંડે. અરે.. શેઠ સાહેબ ! અરે.. શેઠ સાહેબ ! તમે તો આમ, તમે તો આમ. અમે તો બજારમાં જોયું છે. એવી દીનતા આવી જાય. કારણ શું ? એ દીનતાનું આવવાનું કારણ પણ આધારબુદ્ધિ છે.

પોતાની જે આધારબુદ્ધિ છે કે આનાથી મને સુખ થાય, આનાથી મારું જીવન (ચાલે) છે એને લઈને દીનતા આવે છે. અને જે કાંઈ પોતાનો વ્યવસાય છે એમાં પણ એને આધારબુદ્ધિ નહિ હોવી જોઈએ. આ પરિણામની દવા કરું છું. એનાથી સુખ છે એ વાતમાં માલ નથી. એ વધે તો સુખ વધે એ વાતમાં પણ માલ નથી. પોતાને અભિપ્રાય તો કેળવવો પડશે. એટલે એને ભાવનિદ્રાનું ઘટવું કહ્યું છે. જ્યાં દર્શનમોહ મંદ થાય છે. એક પ્રકારે આધારબુદ્ધિના પ્રયોગથી કે મને કેટલો આધાર વર્તે છે આનો ? આ આધાર વધે છે તે શું કરું છું ? આધારબુદ્ધિના પરિણામ એટલે શું એને અહીંયાં અવતરણ ચિહ્નમાં મૂક્યા છે. ક્યા અવતરણ ચિહ્નમાં મૂક્યા છે .. ? "**મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું.**" શું કર્યા કરું છું ? ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ કરું છું. એ ભાવનિદ્રાના પરિણામ છે.

મુમુક્ષુ :– ભલે નીતિથી કરતો હોય...

પૂજ્ય ભાઈશ્રી :– નીતિથી કરતો હોય તો પણ. અનીતિનો તો પ્રશ્ન જ નથી. અનીતિ કરે તો એનો તો અહીંયાં Class જ નથી. એ તો ઉપર લઈ લીધું ૪૯૬માં. એને તો આધાર જ નથી. મૂળ આધાર જ નથી. ધર્મ કરવા માટેનો એની પાસે કોઈ આધાર નથી. એટલે એને તો ધર્મ કોઈ આધારે થવાનો પ્રશ્ન નથી. નીતિથી કરે એની વાત છે. એને એમ કહે છે કે ત્યાં પણ એને જીવનની આધારબુદ્ધિ છે ? જીવનની આધારબુદ્ધિએ હોય તો ભાવનિદ્રા નહિ ઘટે. એ આજે નહિ ને કાલે દીનતામાં આવ્યા વિના રહેશે નહિ. એ દીનતામાં આવે જ. ભાઈએ કીધું, બેય થાય છે. પણ એ બેય સાથે જ થાય છે. ભાવનિદ્રાનું અને દર્શનમોહનું જ એ ઉત્પાદન છે ખરેખર તો. એટલે બંને થવાના. જ્યાં આધારબુદ્ધિ થઈ ત્યાં દીનતા આવ્યા વિના રહેશે નહિ. એ દીનતા કરશે જ.

મુમુક્ષુ :– પ્રયોગ કેવી રીતે કરવો ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :– પ્રયોગમાં શું છે કે અનુકૂળતા-પ્રતિકૂળતા થવાની જ છે. ઓછા-વત્તાપણું થવાનું છે. એકસરખો તો ઉદય ચાલવાનો જ નથી. કોઈને ચાલતો નથી.

બસ, એ જ વખતે વિચારવાનું છે કે આનો આધાર છે ? આના આધારે જીવવાનું થાય છે ? કેમ થાય છે ? એ સુખનું કારણ છે ? એ જીવનનું કારણ છે ? એ ટકવાનું કારણ છે ? જીવવાનું કારણ છે ? શું કારણ છે ? તપાસે પોતે. એ નહિ હોય તો મારું જ્ઞાનતત્ત્વ નહિ હોય ? મારું જ્ઞાનસ્વભાવી આત્મતત્ત્વ નહિ હોય ? શું છે ?

એને કાંઈ આંચ આવે એવું નથી. આત્મતત્ત્વને કોઈ પરમાણુના હોવા, નહિ હોવા માટે, આવવા–નહિ આવવા માટે એને કાંઈ થવાનો પ્રશ્ન નથી. એને આંચ આવે એવો પ્રશ્ન નથી. પોપટની ભુંગળી જેવું છે. ભુંગળી છોડીશ, પડીશ ને મરી જઈશ. ખરેખર તો ભુંગળી છોડે તો એ ગગનવિહારી છે, ઉડી શકે એવું છે ગગનમાં– આકાશમાં. બસ, આવું જ છે. જીવને પોતાનું સામર્થ્યનું ભાન થાય. કોઈના વિના પણ મારે ચાલે એવું છે. કોઈની મને જરૂર નથી. જેને શ્વાસોચ્છ્શ્વાસની પણ જરૂર નથી, શ્વાસોચ્છ્શ્વાસ તો પ્રાણ કહેવાય છે ને ? નાડીના ધબકારાની પણ જેને જરૂર નથી. એવું જીવતત્ત્વ છે. એને સંભાળવું પડે છે. એ રીતે અભિપ્રાયને કેળવવો જોઈએ છે અને ત્યારે દર્શનમોહ મંદ થાય.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એવો વિષય છે. વ્યવસાયી જીવને માર્ગદર્શન આપે છે.

જે કોઈ પ્રારબ્ધયોગે વ્યવસાય કરવો પડતો હોય એટલે પોતાના રાગને કારણે કરે છે. સુખને કારણે નહિ, આધારને કારણે નહિ, જીવનને કારણે નહિ. રાગ ઘટાડવો છે. રાગ છે ત્યાં સુધી. નહિતર બિલકુલ કરવાનો અભિપ્રાય નથી. તો તે માટે '**ફરી ફરીને પાછા હઠીને.**' પાછા હઠીને એટલે ભાવમાં. "**મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું એવું ફરી ફરી વિચારીને**" એવું વારંવાર વિચારીને '**અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે**" મારી શિથિલતાને લઈને હું આમાંથી પાછો હઠી શકતો નથી. એ મારું ઢીલાપણું છે, મારી શિથિલતા છે, એ મારો દોષ છે. એ રીતે પોતાના દોષને મુખ્ય કરે છે.

મુમુક્ષુ :– આ મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– એ આત્માના પ્રાણની હિંસા છે. જ્ઞાન અને સુખને આવરણ કરે છે. જ્ઞાન અને સુખનો નાશ કરે છે. એ આત્માના પ્રાણનું ખૂન છે. એટલે એને ભયંકર હિંસા કીધી. એમ કહે છે. એ ભયંકર હિંસા છે. આ કારખાનું માંડે અને

હિંસા થાય છે એ વાત નથી અહીંયાં. પોતાના આત્માના ભાવપ્રાણને-જ્ઞાનને અને સુખને હણે છે. વ્યવસાયની આધારબુદ્ધિને લીધે એ પોતાના જ્ઞાન અને સુખને હણે છે. એમ છે ખરેખર.

**'એવું ફરી ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે''** એટલે હું એમાં રોકાઈ ગયો છું. રોકાઈ ગયો છું એ મારી શિથિલતાને લઈને હું રોકાયેલો છું. **'એમ ફરી ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતા જઈ...'** Planning કરી નાખવું. વ્યવસાયથી છૂટવા માટે એને સંક્ષેપ કરતા જવું. કેવી રીતે આ ઘટાડવો ? કેવી રીતે ઓછો કરવો વ્યવસાય ? એને ઘટાડતા જવું. પોતે હટતા જવું, એમાંથી ખસતા જવું.

એ રીતે **'પ્રવર્તવું થાય, તો...'** જે કાંઈ બોધ છે શાસ્ત્રનો કે શ્રીગુરુનો એની અસર થવાનો સંભવ છે. વ્યાખ્યાન બરાબર સાંભળે, શાસ્ત્ર વાંચન બરાબર કરે, પૂજા-ભક્તિ બરાબર કરે અને ધંધામાં એટલો જ રસ લઈને પાછો ઝંપલાવે. દુકાને જાય કે ઓફીસે જાય કે જ્યાં વ્યવસાયનું સ્થળ હોય ત્યાં જાય, ત્યાં એકાકાર થઈને એ જ પ્રમાણે પૂર્વવત્ પ્રવર્તે તો એને એ વાંચન, શ્રવણ કોઈની અસર થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

અહીંયા જે ઉપદેશ સાંભળ્યો એની અસર એને ચાલતા વ્યવસાયમાં આવવી જોઈએ. સીધી વાત આ છે. કેમ કે એ એનો ઉદય છે. જેનો જે વ્યવસાય છે તે તેનો ઉદય છે પ્રારબ્ધયોગે. તો એ એનો ઉદય છે. ત્યાં એની અસર કેટલી આવી છે એના ઉપર બધો આધાર છે. એની અસર આવે તો એને સંક્ષેપ કર્યા વિના રહે નહિ. એને સંક્ષેપે જ સંક્ષેપે. આત્મહિત માટે સમય કાઢીને એનો સંક્ષેપ કરે જ કરે. ઘણા શું કહે ? અમારે તો આઠ વાગ્યાથી ઘરાકી ચાલુ થઈ જાય. અમારે તો વહેલા જઈને દુકાન ઉઘાડવી પડે. એને પુણ્યનો પણ ભરોસો નથી કે બાકીના દિવસ દરમ્યાનમાં મારા પ્રારબ્ધમાં હશે એ આવી જવાનું છે. દુકાન ખોલીને બેસવાથી કે કોઈને બોલાવવા જવાથી કોઈ આવવાનું નથી. આવે છે એ સ્વયં જ આવે છે, પોતાની મેળે આવે છે.

મુમુક્ષુ :- Factory વાળાને તો આઠ વાગે Duty દેવી જ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- વિચારવા જેવું છે. કોઈપણ રીતે આત્મહિત માટે સમય ફાળવવાની વ્યવસ્થા કરવી એ પોતાના હાથની વાત છે. 'આદિત્ય બિરલા' છે ને ? મોટો ઉદ્યોગપતિ ગણાય છે હિન્દુસ્તાનમાં. એની કેટલી Factory છે ?

મુમુક્ષુ :– એક દિવસ એક Factory ને ન જોઈ શકે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલી Factoryઓ છે કે એક દિવસ માટે પણ એક Factoryમાં ન જઈ શકે. કેમ કે હિન્દુસ્તાન અને હિન્દુસ્તાનની બહાર એના કારખાનાઓ છે. 'મલેશિયા' અને 'આફ્રિકા'માં. એક Factory વાળો ગૂંચાઈને આખેઆખો અંદર વળાઈ જાય અને સેંકડો Factoryવાળાને એને ત્યાં જવાની જરૂર નહિ. તો એને વ્યવસ્થા કરતા આવડી કે ન આવડી ? જેટલું એ એક Factoryમાં માથુ મારે છે એટલું જો ૧૨૫ Factoryમાં માથુ મારે તો એની દશા શું થાય ? સિવાય પાગલ કાંઈ ન થાય. એની વ્યવસ્થા ગોઠવે છે. એક જ જગ્યાએ ઘરે બેઠો-બેઠો ચલાવે. ઓફિસે ન જાય તો પણ ચાલે. જાય ઓફીસે. નથી જતા એવું નથી. જાય કે ન જાય બધી વ્યવસ્થા રાખે. કેવી રીતે રાખે ?

સંસારિક કાર્યો માટે પણ એવી રીતે વ્યવસ્થા થઈ શકતી હોય તો આત્મહિતનું તો સર્વોત્કૃષ્ટ કાર્ય છે. થાય કે ન થાય ? થાય કે ન થાય ? અને છતાં સરવૈયું તો બહાર મહિને જે આવવાનું છે એ જ આવવાનું છે. એને કાંઈ ૧૨૫-૧૨૫ ફેક્ટરી કમાઈને દેતી નથી. એમાં પણ એના પ્રારબ્ધ પ્રમાણે કેટલાકમાં નુકસાન જાય છે અને કેટલાકમાં નફો થાય છે. એમ અહીંયાં સવારથી સાંજ સુધીમાં જે આવવાનું છે અને બાર મહિને જે આવવાનું છે એ નક્કી જ થયેલું છે. તને વિશ્વાસ છે કે નહિ એ બીજી વાત છે.

તારો ભાવનિદ્રા ઘટાડવા માટે, દર્શનમોહ ઘટાડવા માટે તારા આત્માને દુર્ગતિમાંથી બચાવવા માટે તારે કાંઈ કરવું છે કે સર્વસ્વ આ જ થઈ પડ્યું છે ? આટલું જ વિચારવાનું છે. પોતે પોતાને પૂછીને. પોતાના આત્માને સંબોધન કરવાનું છે કે તારે દુર્ગતિમાંથી બચવા માટે જીંદગી આખી દેહાર્થે જ વ્યતિત કરવાની છે ? કેમ કે આખી જિંદગી ક્યારે કે ગમે ત્યારે Switch off થઈ શકે છે. એટલે એમ માને કે હજી ઉંમર નાની છે. એવું તો કાંઈ કામ આવવાનું નથી. આખી જિંદગી થઈ જશે Off. Switch off થઈ જશે. એટલે ચાલતી પરિસ્થિતિમાં કેટલો સમય તું ફાળવે છો એટલું જ તારે જોવાનું રહ્યું. જીવન ગમે તેટલું લાંબુ હોય કે ટૂંકુ હોય અને વ્યવસાય કેટલા વર્ષ સુધી કરવો પડશે કે નહિ કરવો પડે એ અનિશ્ચિત છે. તો અત્યારથી આજના દિવસથી તું કેટલો સમય કાઢે છો ? આ જોવાનું છે. રોજ તારો કેટલો સમય જાય છે આમાં ?

તારા આત્મહિતના વિચાર અર્થે એ સંબંધીના પરિણામ કેળવવા અર્થે, એ સંબંધીના પ્રયોગ થવા અર્થે તારો સમય કેટલો જાય છે ? આટલું વિચારવાનું છે. નહિતર બીજી પરિસ્થિતિ એવી છે કે આ તો બળબળતા ઉનાળામાં થોડીક ફરફર આવે, ક્યાં આ ઊડી જશે, કલાક ઉપદેશ સાંભળેલો, વાંચેલો ક્યાં ઊડી જશે કાંઈ ખબર પડશે નહિ. એ પરિસ્થિતિ થાય. એ અભિપ્રાયથી વ્યવસ્થા ન વિચારે તો કોઈ રીતે બોધનું સફળ થવું સંભવતું નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– બહુ કડક લખ્યું છે. મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાના આત્માને માટે એ વાત છે. તો એટલી ગંભીરતા નહિ આવે એમ કહેવું છે. એટલા શબ્દોથી એમ કહેવું છે કે જો એટલી ગંભીરતા નહિ આવે તો ચાલતો વ્યવસાય તું છોડી શકીશ નહિ. અથવા એ સંબંધીના જે તારા પરિણામ છે એ પરિણામમાં ફેર નહિ પડે. અથવા એમાં વિચાર કરીને સંક્ષેપ કરવો છે એ સંક્ષેપ નહિ કરી શકે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કહેતા હતા કે પાટા બાંધીને પણ આ કામ કરવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો બાહ્ય પ્રભાવનાની વાત છે. એ તો જે મુમુક્ષુજીવ પોતાના પેટમાં રોજ બે ટાઈમ નાખે છે, ત્રણ ટાઈમ નાખે છે કે નહિ ? તો એને દેવ-ગુરુ-શાસ્ત્ર માટે એ અર્થ વ્યવસ્થાનો કોઈ અંશ ગોઠવ્યો છે કે નહિ જીવનમાં ? એટલે દેવ-ગુરુ-શાસ્ત્રને જરૂર નથી. પણ આવો નિર્દોષ માર્ગ, આત્માને સંસારથી તારવાનો જે માર્ગ છે, એ માર્ગના જે બાહ્ય સાધનો છે, એ બાહ્ય સાધનો સંબંધીની અર્પણતા છે કે નહિ ? દેહ પ્રત્યે અર્પણતા છે, કુટુંબ પ્રત્યે અર્પણતા છે તો ધર્મ પ્રત્યે તને કોઈ અર્પણતા છે કે નહિ ? એની વાત છે. તો એની હદ આ હોવી જોઈએ કે પેટમાં ખીચડી થોડી ઓછી જાય તો વાંધો નહિ. સુખડી નહિ, હોં ! ખીચડી પેટમાં થોડી ઓછી જાય તો વાંધો નહિ પણ એમાંથી બચાવીને આ માર્ગમાં કાંઈકને કાંઈ પાઈ-પૈસો પણ મારે નાખવો છે. એ વાત 'ગુરુદેવ' કહેતા હતા. એટલી તો બાહ્ય ધર્મની લાગણી હોય. અંદરની તો વાત જુદી છે.

મુમુક્ષુ :– સુખડી અને ખીચડીમાં આપે difference કહ્યો...

પૂજ્ય ભાઈશ્રી :– સુખડી તો સુખી માણસોને હોય છે. એને તો આપવાનું હોય જ. એમાં ક્યાં પ્રશ્ન છે ? સુખડી ખાવાવાળા તો દે જ. ખીચડી ખાવાવાળો

પણ દે એમ કહેવું છે. જેને ઘી અને ગોળની સુખડી બનાવવી છે એ તો આપે એમાં શું નવાઈ છે ?

ખોજાખાનાની ... હોય છે. એને ખોજાખાનું કહે છે. ખોજા લોકો તો દાળિયા-શીંગ, શીંગ-દાળીયાનો ધંધો કરે, શીંગ-દાળિયાની લારી લઈને નીકળે ગામડામાં, શાકભાજીની લારી લઈને નીકળે, ડુંગળી-બટેટા વેચવા નીકળે એ લોકો. એ ચાર વ્હીલની લારી ફેરવવાવાળો સાંજે ઘરે ખીચડી માટે ઓલા મોદીખાનામાંથી કે પ્રોવિઝન સ્ટોર હોયને ? એને ત્યાંથી એના ઘરે ખીચડી રાંધવા માટે લઈ જાય. કે ભાઈ ! એક શેર ખીચડી દે. શેર ખીચડીની એને જરૂર ન હોય. પણ એમાંથી મુઠ્ઠી ખીચડી એ ખોજાખાનામાં નાખતો જાય. પછી બાકીની ખીચડી ઘરે જઈને રાંધે. આ લોકોના સંપ્રદાયમાં છે એ વાત. જે આગાખાની ખોજા છે, ગામે ગામનું દાન જેટલું ખોજાખાનામાં આવે એ બધું એના આગાખાનને પહોંચે છે. આગાખાન કોઈ પરસેવો પાડતા નથી. એ તો એ લોકોનો એક બાદશાહ જ છે. એ લોકો તો એને પરમેશ્વર ગણે છે. હાજર ઇમામ એટલે પ્રગટ પરમેશ્વર ગણે છે. એને તો વૈભવ જ છે એકલો. પણ એ વૈભવ ક્યાંથી આવેલો છે ? એ કોઈ પોતે કમાણા છે એવો નથી. હવે તો પૈસા ઘણા વધી ગયા એટલે બેંકીંગ અને બીજું અને ત્રીજું બધું ઘણું કરે છે. હવે તો વ્યવસાય કરે છે, હોટલો ચલાવે કાંઈક કરે. નીચેના માણસો હોય બધા, પૈસામાંથી પૈસો કરવાનું કરે છે. પણ પોતે તો કાંઈ કરતા નથી.

જે સંપત્તિ ભેગી થઈ છે એ દુનિયાભરના ખોજાઓની કમાણીમાંથી ત્યાં પહોંચેલી છે. એનું દાન પહોંચેલું છે. પછી એ શું કરે ? વધારે લોકપ્રિયતા કેળવવા માટે ગરીબવર્ગ માટે એમાંથી પાછું દાન ફાળવે છે. ભાઈ ! ચાલો અહીંયાં મકાનોની યોજના કરો. એમાં આપણા જે ગરીબ ખોજાઓ છે એને ઓછા ભાડાની ચાલી કરી દો. એને રહેવા માટે આશ્રય કરી દો. ફલાણું કરી દો. એને કોઈ ઉદ્યોગ જોઈતો હોય તો લોન આપો આમાંથી. આમ કરો, તેમ કરો. ધંધા માટે લોન આપે, ઉદ્યોગ માટે લોન આપે. પણ એ ક્યાંથી આપે છે ? એ લોકોની એ ભાવના હોય છે. આપણા પરમેશ્વરને આપણે કાંઈક પહોંચાડવું જોઈએ. આપણે રોજ ખીચડી ખાતા હોઈએ તો મુઠી ખીચડી પણ એને પહોંચાડવી જોઈએ. એને એ પરમેશ્વરને પહોંચાડવું છે. આ પોતાના અંદરના પરમેશ્વરને કાંઈ પહોંચાડવું નથી. આ પરિસ્થિતિ છે. એટલી તો એ લોકોમાં સમજણ છે.

આવો નિર્દોષ માર્ગ છે, આવો વીતરાગમાર્ગ છે, આવો નિર્ગ્રંથમાર્ગ છે. જે નિઃસ્પૃહી મહાત્માઓનો આ માર્ગ છે. એના પ્રત્યે જીવોને અર્પણતા નથી. એ સંપ્રદાયમાં આવેલા, એની નજીક આવેલા જીવોને અર્પણતા નથી. ઓલા લોકોને અર્પણતા છે. જેને કાંઈ સમજણ નથી. એકલી અંધશ્રદ્ધા છે કે અમારા હાજર ઈમામ છે. એને આટલી અર્પણતા છે. અને અહીંયાં આવો સુંદર માર્ગ છે, નિર્દોષ માર્ગ છે એમાં જીવને અર્પણતા આવતી નથી. તો પછી એમાંથી અધોગતિ ન થાય તો થાય શું ? એકલું પેટ ભરે તો થાય શું એમાંથી ? એવું છે.

મુમુક્ષુ :– જે માર્ગમાં પરિગ્રહનો નિષેધ છે એમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા. જે માર્ગમાં પરિગ્રહને દોષ ગણવામાં આવ્યો છે, નિષેધ કરવામાં આવ્યો છે અને એ પરિગ્રહ પૂર્વકર્મને લઈને આવી પડ્યો હોય તો પણ એમાંથી એને દેવું માર્ગમાં. પૂર્વ પુણ્યથી આવેલી સંપત્તિને, આવે છે બધાને પૂર્વ પુણ્યથી, પરિશ્રમથી આવે છે એ વાતમાં કાંઈ માલ નથી, તો એ માર્ગમાં એનો વ્યય કરવો, સન્માર્ગે એનો વ્યય કરવો. એટલે તો લોભની પરિભાષા આપણે ત્યાં શું છે ? 'નિયમસાર'માં આ સૂત્ર આવ્યું છે. યોગ્ય સ્થાનમાં ધનના વ્યયનો અભાવ એને લોભ કહેવામાં આવે છે. યોગ્ય સ્થાને ધનના વ્યયનો અભાવ કરે એનું નામ લોભ છે. અયોગ્ય સ્થાનમાં વ્યય કરે એ વાત પણ દોષિત છે. યોગ્ય સ્થાનમાં ન કરે તો એ વાત દોષિત છે. આવી રીતે પરિભાષા કરી છે. જુઓ ! કેટલી પરિભાષા નિર્દોષ છે કે કોઈ પડખેથી એને બાધા ન આવે પછી. સિદ્ધાંતિક વાત થઈ ગઈને. સિદ્ધાંત બાધા રહિત હોય છે. તે આનું નામ છે. કે આને બાધા નથી આવતી આ વાતને. આમ 'નિયમસાર'ની અંદર આ વાત આવી છે. એ તો નિશ્ચયનું શાસ્ત્ર છે અને આ વાત વ્યવહારની છે. ઉત્કૃષ્ટ નિશ્ચયનું, જોરદાર નિશ્ચયનું શાસ્ત્ર છે. જેમાં મોક્ષની પર્યાય અને ક્ષાયિક પર્યાયને પરદ્રવ્યં પરભાવં હેયમ્ કહ્યું. ત્યાં પાછી આ વાત પણ નાખી છે. લોભની આવી વ્યાખ્યા સાંભળી હતી ?

મુમુક્ષુ :– વધારે મહેનત કરીને વધારે કમાઈએ એને લોભ કહીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એને જ લોભ કહે. બહુ મેળવવું, બહુ મેળવવું એને લોભ કહે છે. બહુ મેળવવાની વૃત્તિને. એમ નથી. આવે છે એ પૂર્વકર્મને લઈને. અને કાંઈકને કાંઈ તો આવે જ છે માણસને. એ પેટ ભરે છે એને કાંઈક ને કાંઈક તો મળે છે. પણ

યોગ્ય સ્થાનમાં એને જો વ્યય કરવાનો ભાવ ન આવતો હોય એ અનંતાનુબંધીનો લોભ છે.

**'ચિત્તનો લખવા વગેરેમાં વધારે પ્રયાસ થઈ શકતો નથી તેથી પત્તું લખ્યું છે.'** આ પોસ્ટકાર્ડ લખ્યું છે એનું કારણ એ છે કે બહુ લખવાનો અમારા ચિત્તમાં વિશેષ અવકાશ નથી. એટલે પોસ્ટકાર્ડથી પતાવ્યું છે.

**પત્રાંક-૫૦૦**

**મુંબઈ, વૈશાખ સુદ ૯, રવિ, ૧૯૫૦**

**શ્રી સૂર્યપુરે સ્થિત, શુભેચ્છાપ્રાપ્ત શ્રી લલ્લુજી,**

**અત્રે ઉપાધિરૂપ વ્યવહાર વર્તે છે. ઘણું કરી આત્મસમાધિની સ્થિતિ રહે છે. તો પણ તે વ્યવહારના પ્રતિબંધથી છૂટવાનું વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે, તે પ્રારબ્ધની નિવૃત્તિ થતાં સુધી તો વ્યવહારનો પ્રતિબંધ રહેવો ઘટે છે, માટે સમચિત્ત થઈ સ્થિતિ રહે છે.**

**તમારું લખેલું પત્ર ૧ સંપ્રાપ્ત થયું છે. 'યોગવાસિષ્ઠાદિ' ગ્રંથની વાંચના થતી હોય તો તે હિતકારી છે. જિનાગમમાં પ્રત્યેક આત્મા માની પરિમાણમાં અનંત આત્મા કહ્યા છે, અને વેદાંતમાં પ્રત્યેક કહેવામાં આવી, સર્વત્ર ચેતનસત્તા દેખાય છે તે એક જ આત્માની છે, અને આત્મા એક જ છે, એમ પ્રતિપાદન કર્યું છે; તે બેય વાત મુમુક્ષુપુરુષે જરૂર કરી વિચારવા જેવી છે, અને યથા પ્રયત્ને તે વિચારી, નિર્ધાર કરવા યોગ્ય છે, એ વાત નિઃસંદેહ છે. તથાપિ જ્યાં સુધી પ્રથમ વૈરાગ્ય અને ઉપશમનું બળ દૃઢપણે જીવમાં આવ્યું ન હોય, ત્યાં સુધી તે વિચારથી ચિત્તનું સમાધાન થવાને બદલે ચંચળપણું થાય છે, અને તે વિચારનો નિર્ધાર પ્રાપ્ત થતો નથી; તથા ચિત્ત વિક્ષેપ પામી યથાર્થપણે પછી વૈરાગ્ય-ઉપશમને ધારણ કરી શકતું નથી; માટે તે પ્રશ્નનું સમાધાન જ્ઞાનીપુરુષોએ કર્યું છે તે સમજવા આ જીવમાં વૈરાગ્ય-ઉપશમ અને**

સત્સંગનું બળ હાલ તો વધારવું ઘટે છે, એમ જીવમાં વિચારી વૈરાગ્યાદિ બળ વધવાનાં સાધન આરાધવાનો નિત્ય પ્રતિ વિશેષ પુરુષાર્થ યોગ્ય છે.

વિચારની ઉત્પત્તિ થવા પછી વર્દ્ધમાનસ્વામી જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનાદિકાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંત વાર જન્મવું, મરવું થયાં છતાં, હજુ તે જન્મ મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી, તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવાં ? અને એવી કઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે, કે જે ભૂલનું આટલા સુધી પરિણમવું થયું છે ? આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સદ્બોધનાં વર્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભગવાને દીઠી છે તે જિનાગમમાં ઠામ ઠામ કહી છે; કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય. જીવની ભૂલ જોતાં તો અનંતવિશેષ લાગે છે; પણ સર્વ ભૂલની બીજભૂત ભૂલ તે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે, કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વે ભૂલનો વિચાર થાય છે; અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલ મટે છે. કોઈ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઇચ્છે, તો પણ તે કર્તવ્ય છે, અને તેવી અનેક ભૂલથી છૂટવાની ઇચ્છા મૂળ ભૂલથી છુટવાનું સહેજે કારણ થાય છે.

શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ કર્યું છે તે જ્ઞાન બે પ્રકારનાં વિચારવા યોગ્ય છે. એક પ્રકાર 'ઉપદેશ'નો અને બીજો પ્રકાર 'સિદ્ધાંત'નો છે. 'જન્મમરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો ઘટે છે; અનિત્ય પદાર્થમાં વિવેકીને રુચિ કરવી હોય નહીં; માતપિતા, સ્વજનાદિક સર્વનો 'સ્વાર્થરૂપ' સંબંધ છતાં આ જીવ તે જાળનો આશ્રય કર્યા કરે છે, એ જ તેનો અવિવેક છે; પ્રત્યક્ષ રીતે ત્રિવિધ તાપરૂપ આ સંસાર જણાતાં છતાં મૂર્ખ એવો જીવ તેમાં જ વિશ્રાંતિ ઇચ્છે છે; પરિગ્રહ,

આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે'' એ આદિ જે શિક્ષા છે તે 'ઉપદેશજ્ઞાન' છે. 'આત્માનું હોવાપણું, નિત્યપણું, એકપણું અથવા અનેકપણું, બંધાદિ ભાવ, મોક્ષ, આત્માની સર્વ પ્રકારની અવસ્થા, પદાર્થ અને તેની અવસ્થા એ આદિને દૃષ્ટાંતાદિથી કરી જે પ્રકારે સિદ્ધ કર્યા હોય છે, તે 'સિદ્ધાંતજ્ઞાન' છે.'

વેદાંત અને જિનાગમ એ સૌનું અવલોકન પ્રથમ તો ઉપદેશજ્ઞાનપ્રાપ્તિ અર્થે જ મુમુક્ષુજીવે કરવું ઘટે છે; કારણ કે સિદ્ધાંતજ્ઞાન જિનાગમ અને વેદાંતમાં પરસ્પર ભેદ પામતું જોવામાં આવે છે; અને તે પ્રકાર જોઈ મુમુક્ષુજીવ અંદેશો-શંકા પામે છે; અને તે શંકા ચિત્તનું અસમાધિપણું કરે છે, એવું ઘણું કરીને બનવા યોગ્ય જ છે. કારણ કે સિદ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજ્જ્વળ ક્ષયોપશમે અને સદ્ગુરુના વચનની આરાધનાએ ઉદ્ભવે છે. સિદ્ધાંતજ્ઞાનનું કારણ ઉપદેશજ્ઞાન છે. સદ્ગુરુથી કે સત્શાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાન દૃઢ થવું ઘટે છે, કે જે ઉપદેશજ્ઞાનનાં ફળ વૈરાગ્ય અને ઉપશમ છે, વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે; અને સહેજ સહેજમાં સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે. જો જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે; અને તે અસંગદશાનો હેતુ વૈરાગ્ય અને ઉપશમ છે; જે ફરી ફરી જિનાગમમાં તથા વેદાંતાદિ ઘણાં શાસ્ત્રોમાં કહેલ છે–વિસ્તારેલ છે; માટે નિઃસંશયપણે યોગવાસિષ્ઠાદિ વૈરાગ્ય, ઉપશમના હેતુ એવા સદ્ગ્રંથો વિચારવા યોગ્ય છે.

અમારી પાસે આવવામાં કોઈ કોઈ રીતે તમારી સાથેના પરિચયી શ્રી દેવકરણજીનું મન અટકતું હતું; અને તેમ અટકવું થવું સ્વાભાવિક

છે, કારણ કે અમારા વિષે અંદેશો સહેજે ઉત્પન્ન થાય એવો વ્યવહાર પ્રારબ્ધવશાત્ અમને ઉદયમાં વર્તે છે; અને તેવા વ્યવહારનો ઉદય દેખી ઘણું કરી 'ધર્મ સંબંધી' સંગમાં અમે લૌકિક, લોકોત્તર પ્રકારે ભળવાપણું કર્યું નથી, કે જેથી લોકોને આ વ્યવહારનો અમારો પ્રસંગ વિચારવાનો વખત ઓછો આવે. તમને અથવા શ્રી દેવકરણજીને અથવા કોઈ બીજા મુમુક્ષુને કોઈ પ્રકારની કંઈ પણ પરમાર્થની વાર્તા કરી હોય તેમાં માત્ર પરમાર્થ સિવાય બીજો કોઈ હેતુ નથી. વિષમ અને ભયંકર આ સંસારનું સ્વરૂપ જોઈ તેની નિવૃત્તિ વિષે અમને બોધ થયો. જે બોધ વડે જીવમાં શાંતિ આવી, સમાધિદશા થઈ, તે બોધ આ જગતમાં કોઈ અનંત પુણ્યજોગે જીવને પ્રાપ્ત થાય છે, એમ મહાત્માપુરુષો ફરી ફરી કહી ગયા છે. આ દુષમકાળને વિષે અંધકાર પ્રગટી બોધના માર્ગને આવરણ પ્રાપ્ત થયા જેવું થયું છે, તે કાળમાં અમને દેહજોગ બન્યો, તે કોઈ રીતે ખેદ થાય છે, તથાપિ પરમાર્થથી તે ખેદ પણ સમાધાન રાખ્યા કર્યો છે; પણ તે દેહજોગમાં કોઈ કોઈ વખત કોઈ મુમુક્ષુ પ્રત્યે વખતે લોકમાર્ગનો પ્રતિકાર ફરી ફરી કહેવાનું થાય છે; જે જોગમાંનો જોગ તમારા અને શ્રી દેવકરણજી સંબંધમાં સહેજે બન્યો છે; પણ તેથી તમે અમારું કહેવું માન્ય કરો એવા આગ્રહ માટે કંઈ પણ નથી કહેવાનું થતું; માત્ર હિતકારી જાણી તે વાતનો આગ્રહ થયો હોય છે કે થાય છે, એટલો લક્ષ રહે તો સંગનું ફળ કોઈ રીતે થવું સંભવે છે.

જેમ બને તેમ જીવના પોતાના દોષ પ્રત્યે લક્ષ કરી બીજા જીવપ્રત્યે નિર્દોષદષ્ટિ રાખી વર્તવું અને વૈરાગ્ય ઉપશમનું જેમ આરાધન થાય તેમ કરવું એ પ્રથમ સ્મરણવાયોગ્ય વાત છે.

આ.સ્વ. નમસ્કાર પ્રાપ્ત થાય.

હવે ૫૦૦ મો પત્ર છે. 'લલ્લુજી' ઉપરનો પત્ર છે.

**'શ્રી સૂર્યપુરે સ્થિત,...'** સૂર્યપુર એટલે 'સુરત'. 'સુરત'ને સૂર્યપુર કહે છે. જેમ આપણે 'સોનગઢ'ને 'સુવર્ણપુર' કહે છે. 'ખંભાત'ને 'સ્તંભતીર્થ' કહેતા હતા એમ 'સુરત'ને 'સૂર્યપુર' કહે છે. **'શુભેચ્છાપ્રાપ્ત'** એટલું જ વિશેષણ (લખ્યું છે). ક્યાં વિશેષણ 'સોભાગભાઈ'ને. ક્યાં વિશેષણ (આમને). આ તો સાધુ છે. દીક્ષાધારી છે. **'શુભેચ્છાપ્રાપ્ત'** એટલું જ લખ્યું છે. તમારી ઇચ્છા શુભ છે. તમારી ઇચ્છા જે છે એ કાંઈક આત્મવિચાર બાજુ વળી છે એટલે શુભઇચ્છા લીધી.

**'અત્રે ઉપાધિરૂપ વ્યવહાર વર્તે છે.'** 'મુંબઈ'થી પોતે લખે છે. **'ઘણું કરી આત્મસમાધિની સ્થિતિ રહે છે.'** ઉપાધિરૂપ વ્યવહાર વ્યવસાય હોવા છતાં આત્માને અંદરમાં આત્મસમાધિની સ્થિતિ રહે છે. આ અંદરની પરિણતિ છે. **'તો પણ તે વ્યવહારના પ્રતિબંધથી છૂટવાનું વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે,...'** એમ નથી કે અમારી પરિણતિ સલામત છે માટે અમે વ્યવહારમાં, વ્યાપારમાં ઊભા છીએ એનો અમને વાંધો નથી. એમ નથી પરિણામ આવતા. આત્મસ્થિતિ, આત્મસમાધિ બરાબર જળવાય રહી હોવા છતાં પણ વારંવાર એવા વિકલ્પ અને વિચારો થયા કરે છે કે આ વ્યવસાયમાંથી ક્યારે અમે છૂટીએ ?

**'તે પ્રારબ્ધની નિવૃત્તિ થતાં સુધી તો...'** એવા પૂર્વકર્મનો ઉદયમાન જે પ્રારબ્ધ છે. તેની **'નિવૃત્તિ થતાં સુધી તો વ્યવહારનો પ્રતિબંધ રહેવો ઘટે છે,...'** ત્યાં સુધી રહેશે. પૂર્વકર્મ અમારા બાંધેલા અપરાધથી, અમારા કરેલા અપરાધથી બાંધેલા પૂર્વકર્મ છે તે જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી વ્યવસાયમાં જોડાવું પડશે. અનિચ્છાએ પણ જોડાવું પડશે. એવો ખ્યાલ છે. **'માટે સમચિત્ત થઈ સ્થિતિ રહે છે.'** અને તેથી એટલી બધી આકુળતા થતી નથી. વિકલ્પ છુટવાનો આવે છે કે અહીંયાંથી મુક્ત થઈએ. છતાં પણ પોતાના જ બાંધેલા કર્મને લઈને વ્યવસાય હોવાથી સમાધાન પણ રહે છે, સમચિત્ત પણ રહે છે કે આ પૂર્વકર્મને ભોગવ્યા સિવાય બીજો ઉપાય નથી.

**'તમારું લખેલું પત્ર ૧ સંપ્રાપ્ત થયું છે. 'યોગવાસિષ્ઠાદિ' ગ્રંથની વાંચના થતી હોય તો તે હિતકારી છે.'** જુઓ ! જૈનના સાધુ છે. એને વેદાંતનો ગ્રંથ વાંચવો હિતકારી છે એમ કહ્યું છે. એનો બીજો અર્થ એ થાય છે કે સત્પુરુષની આજ્ઞાએ જે કાંઈ ધાર્મિક પ્રવૃત્તિ કરવામાં આવતી હોય તો તે આત્માને નુકસાનનું કારણ થવાનું નથી.

સત્પુરુષની આજ્ઞા બહાર જઈને ઊંચામાં ઊંચા જૈનના પરમાગમ અધ્યાત્મ ગ્રંથો વાંચે પણ સત્પુરુષની આજ્ઞાએ ન રહે તો એ ઉચ્ચ કોટીના પરમાગમ ગ્રંથો પણ એને લાભદાયી થવાના નથી. આ મુમુક્ષુની મર્યાદા છે. સત્પુરુષની આજ્ઞાએ અન્યમતિના શાસ્ત્રો વાંચે તો નુકસાન ન થાય. અને સત્પુરુષની આજ્ઞા બહાર જઈને જૈનમતના ઊંચામાં ઊંચા શાસ્ત્રો વાંચે તો નુકસાન થાય. આણાએ ધમ્મો. આજ્ઞાએ ચાલ, એમ કહે છે. તને તારી ખબર નથી કે તું ક્યાં ઊભો છો ? તને ક્યો રોગ થયો છે ? તારે શું દવા કરવી છે ? તારું નિદાન શું છે ? તને કાંઈ ખબર નથી. તું આજ્ઞાએ ચાલ એટલો જ તારો ધર્મ છે. બચવું હોય તો બીજો ઉપાય નથી.

એટલે કહ્યું કે, **'‘યોગવાસિષ્ઠાદિ’ ગ્રંથની વાંચના થતી હોય તો તે હિતકારી છે.**’ તમારા માટે અત્યારે આ દવા બરાબર છે એમ કહે છે. ‘યોગવાસિષ્ઠ’ વાંચવું એ તમારા માટે દવા બરાબર છે. હવે એ ગ્રંથ તો શેનો છે ? વૈરાગ્યનો ગ્રંથ છે. આ પોતે એમને બનતા સુધી ગૃહસ્થ અવસ્થામાં બે સ્ત્રી હતી. એ જમાનામાં તો શું હતું કે એક સ્ત્રી પરણ્યા હોય, કાંઈ સંતાન ન થાય તો એ વખતે બીજી સ્ત્રીની સમાજની અંદર વ્યવસ્થા હતી. બીજી સ્ત્રી પણ પરણી લે. આપણે ત્યાં કહેવાય આ એની શોક છે, એમ કહેવાતું હતું. અમારે હિન્દીમાં પણ શબ્દ છે. બીજી પત્ની હોય એને.

મુમુક્ષુ :– શાંત...

પૂજ્ય ભાઈશ્રી :– ના, બીજું કાંઈક નામ છે. ત્રણ અક્ષરનું છે. એવી રીતે હતું તેમને કાંઈક. પછી તો માંદગીમાં સપડાઈ ગયા હતા. એમાંથી વૈરાગ્ય થયો હતો. હવે દીક્ષા લઈ લેવી છે. ‘વટામણ’ના છે, આ બાજુ ‘ધોલેરા’ આગળ જતા (આવે છે). દીક્ષા લઈ લીધી હતી. કુટુંબ-પરિવાર હતું અને દીક્ષા લઈ લીધી હતી. એને વૈરાગ્યનો ગ્રંથ આપે છે. એવા વૈરાગી જીવને વૈરાગ્યનો ગ્રંથ વાંચવાનું કહે છે.

મુમુક્ષુ :– વૈરાગ નહિ ...

પૂજ્ય ભાઈશ્રી :– સાચો વૈરાગી એ શું કહેવાય, એ વાત છે.

**‘જિનાગમમાં પ્રત્યેક આત્મા માની પરિમાણમાં અનંત આત્મા કહ્યા છે,...’** હવે આ ગ્રંથમાં, આ પત્રમાં જિનાગમ અને વેદાંતની તુલના કરી છે. આગળ પણ કરશે. આ પત્રમાં એમને વેદાંતનો ગ્રંથ વાંચવા કીધો છે એટલે થોડી સિદ્ધાંતની ચર્ચા કરી

છે અહીંયાં. કે, **'જિનાગમમાં પ્રત્યેક આત્મા માની...'** સંખ્યાએ. દરેક આત્મા સ્વતંત્ર (છે). જેનું સ્વતંત્ર અસ્તિત્વ છે એવો છે. કોઈ કોઈના આધારે કોઈનું અસ્તિત્વ નથી. તેમ **'પ્રત્યેક આત્મા માની પરિમાણમાં...'** એટલે Result. સરવાળે **'અનંત આત્મા કહ્યા છે,...'** પ્રત્યેક આત્મા માનીને અનંત આત્માઓ કહ્યાં છે.

**'અને વેદાંતમાં પ્રત્યેક કહેવામાં આવી, સર્વત્ર ચેતનસત્તા દેખાય છે તે એક જ આત્માની છે અને આત્મા એક જ છે...'** બધા અંશો જુદાં જુદાં. પણ એક ચેતનસત્તાના તમે અંશો છો. જિનાગમમાં પ્રત્યેકની સત્તા ભિન્ન ભિન્ન છે સ્વતંત્ર. જ્યારે આ કહે છે કે એક સર્વવ્યાપક પરમબ્રહ્મ છે એના બધા અંશો છો તમે બધા. એટલે સત્તા એક છે અને તમે પ્રત્યેક જુદાં જુદાં છો. એક સત્તાના તમે પ્રત્યેક અંશો છો. એવી રીતે એક જ આત્મા માને છે, **'આત્મા એક જ છે...'** એમ પ્રતિપાદન કર્યું છે. બ્રહ્મ એક છે. ત્યાં બ્રહ્મ શબ્દનો પ્રયોગ વધારે છે. જીવ, આત્મા એ શબ્દનો પ્રયોગ છે પણ શાસ્ત્રીય પરિભાષામાં બ્રહ્મ અને પરમબ્રહ્મ એવા શબ્દનો વધારે પ્રયોગ છે.

**'એમ પ્રતિપાદન કર્યું છે; તે બેય વાત મુમુક્ષુપુરુષે જરૂર કરી વિચારવા જેવી છે,...'** સૈદ્ધાંતિક વાત હોવાથી મુમુક્ષુએ તેનો વિચાર કરવા યોગ્ય તો જરૂર છે. જરૂર શબ્દ વાપર્યો છે. એમાં ગમે તેમ ચલાવો એમ નથી કીધું. તે જરૂર વિચારવા યોગ્ય છે. **'અને યથાપ્રયત્ને તે વિચારી, નિર્ધાર કરવા યોગ્ય છે,...'** અને એનો નિર્ણય કરવા યોગ્ય છે કે એક આત્મા છે કે અનેક આત્મા છે એ નિર્ણય કરવા જેવો છે. **'એ વાત નિઃસંદેહ છે.'** એટલે ચોક્કસપણે નિઃશંકપણે એનો નિર્ણય થવો જોઈએ.

'તથાપિ...' તેમ છતાં **'જ્યાં સુધી પ્રથમ વૈરાગ્ય અને ઉપશમનું બળ દૃઢપણે જીવમાં આવ્યું ન હોય,...'** હવે શું કહે છે ? કે એવો સિદ્ધાંતનો નિર્ણય કરતા પહેલાં કેવી દશામાં એ નિર્ણય કરવો ? એમ કહે છે. **'જ્યાં સુધી પ્રથમ વૈરાગ્ય અને ઉપશમનું બળ દૃઢપણે જીવમાં આવ્યું ન હોય, ત્યાં સુધી તે વિચારથી ચિત્તનું સમાધાન થવાને બદલે ચંચળપણું થાય છે,...'** બહુ નાડ પકડી છે મુમુક્ષુજીવની. કોઈ વિષય કષાયમાં રચ્યોપચ્યો પડ્યો હોય અને આ સિદ્ધાંત વિચારવા જાય તો એ સિદ્ધાંતનો નિર્ણય કરતા એની ચંચળતા વધશે. ચંચળતા વધીને શું કરશે ? કે ખંડનમંડનમાં પડશે. આ એની ચંચળતાનો પુરાવો છે. કહે, નહિ એક જ આત્મા છે (પરંતુ) અનેક આત્મા

માને છે તો મિથ્યાદષ્ટિ છે. ગૃહિત મિથ્યાદષ્ટિ છે. ફલાણું... ફલાણું... આમ છે, આમ છે.

એટલે '**જ્યાં સુધી પ્રથમ વૈરાગ્ય અને ઉપશમનું બળ દઢપણે જીવમાં આવ્યું ન હોય, ત્યાં સુધી તે વિચારથી...**' એ તો વિચારે જ છે. એને કાંઈ એ સિદ્ધાંતથી બીજો લાભ નથી થયો. વિચાર જ છે એ તો માત્ર. '**તે વિચારથી ચિત્તનું સમાધાન થવાને બદલે ચંચળપણું થાય છે,...**' લાભ થવાને બદલે નુકસાન થાય છે. સિદ્ધાંતજ્ઞાન વિચારતા એને લાભ થવો જોઈએ એના બદલે નુકસાન થાય છે.

આ એક પ્રયોજનભૂત મુદ્દો છે એનું ધ્યાન ખેંચ્યું છે કે સિદ્ધાંતજ્ઞાન જીવે કઈ પરિસ્થિતિમાં વિચારવા યોગ્ય છે ? એમને એમ જો વિચારે તો લાભ થવાને બદલે અવશ્ય નુકસાન થાય. આ એક બહુ મહત્ત્વની વાત 'શ્રીમદ્જી'એ કરી છે. અને આ જગ્યાએ આ વાત જે મહત્ત્વથી કરી છે, જે પડખાં ઉપર, જે દષ્ટિકોણ ઉપર ધ્યાન ખેંચ્યું છે એ દષ્ટિકોણ ઉપર આપણા વર્તમાન સમાજમાં લગભગ ધ્યાન કોઈનું નથી. કો'કનું ધ્યાન હશે અપવાદરૂપે. એ પરિસ્થિતિ આપણા સમાજની છે. કઈ પરિસ્થિતિમાં સિદ્ધાંત વિચારવો યોગ્ય છે ? એ પરિસ્થિતિમાં આવ્યા વિના સીધે સીધી સિદ્ધાંતની ચર્ચા, સિદ્ધાંતનો અભ્યાસ જીવ કરવા લાગી જાય છે એ લાભને બદલે નુકસાનને નોતરી દ્યે છે. આ પરિસ્થિતિ છે. બહુ મુદ્દાની વાત કરી છે. ખાસ કરીને આપણા માટે આ બહુ મુદ્દાની વાત છે. એમ સમજવા જેવું છે.

'**અને તે વિચારનો નિર્ધાર પ્રાપ્ત થતો નથી;...**' એનો જે લાભ થવો જોઈએ નિર્ણય થઈને એ ખરેખર નિર્ધાર આવતો નથી. '**તથા ચિત્ત વિક્ષેપ પામી..**' એવો વિક્ષેપ ચિત્તમાં ઊભો થાય છે કે '**યથાર્થપણે પછી વૈરાગ્ય-ઉપશમને ધારણ કરી શકતું નથી;...**'

મુમુક્ષુ :– આ બીજું આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– જે ભૂમિકામાં આવીને સિદ્ધાંત સમજવો જોઈએ એ ભૂમિકામાં જ ન આવી શકે પછી. શુષ્કતામાં વધારે રહી જાય. એટલા માટે ખાસ કરીને 'પૂજ્ય બહેનશ્રી' છે એમના વક્તવ્યમાં ભાવનાને વધારે સ્થાપતા હતા. એનું કારણ એ છે કે ભાવનામાં વૈરાગ્ય-ઉપશમ બંને ઉત્પન્ન થાય છે. એમની પદ્ધતિમાં એ વિશેષ વાત હતી.

તથાપિ ચિત્ત વિક્ષેપ પામી પછી વૈરાગ્ય-ઉપશમને ધારણ કરતું નથી. **'માટે તે પ્રશ્નનું સમાધાન જ્ઞાનીપુરુષોએ કર્યું છે તે સમજવા આ જીવમાં વૈરાગ્ય-ઉપશમ અને સત્સંગનું બળ હાલ તો વધારવું ઘટે છે,...'** એક ત્રીજો શબ્દ નાખ્યો. વૈરાગ્ય, ઉપશમ અને સત્સંગ. એ ત્રણેનું બળ વધ્યા પછી એ વાત છે. જ્યાં સુધી એ ત્રણેનું બળ ન વધે ત્યાં સુધી સિદ્ધાંતને અડવા જેવું નથી, એમ કહે છે. કેવી રીતે શરૂ કરવું એમ કહે છે. ક્યાંથી શરૂ કરવું ? બહુ મહત્ત્વનો વિષય લીધો છે એમણે.

'ગુરુદેવ'ને ખ્યાલ આવ્યો હતો. ઘણીવાર કહેતા કે આ વાત સાંભળીને, સિદ્ધાંતની પોતે વાત ઘણી કરી છે, લોકો બોલતા થઈ જાય છે. જીવનમાં કાંઈ ઠેકાણું ન હોય. અને પછી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકતું નથી. એ રીતે 'ગુરુદેવ'ને એવી જ્યારે કોઈ પરિસ્થિતિ કોઈનો ખ્યાલ આવી જતો ત્યારે બહુ નારાજ થઈ જતા એ વિષય ઉપર. નારાજગીથી નિષેધ બહુ જોરથી કરતા. કડકાઈથી નિષેધ કરતા.

એટલે તે સમજવા માટે એટલે સિદ્ધાંત સમજવા માટે **'આ જીવમાં વૈરાગ્ય-ઉપશમ અને સત્સંગનું બળ હાલ તો વધારવું ઘટે છે, એમ જીવમાં વિચારી વૈરાગ્યાદિ બળ વધવાના સાધન...'** વૈરાગ્ય-ઉપશમ અને સત્સનું બળ વધવાના સાધન **'આરાધવાનો નિત્ય પ્રતિ વિશેષ પુરુષાર્થ યોગ્ય છે.'** નિત્ય પ્રત્યે સત્સંગ આરાધવો, નિત્ય પ્રત્યે વૈરાગ્ય-ઉપશમ આરાધાય એ પ્રકારના જે સાધન, બાહ્ય સાધન છે, સત્શ્રુત આદિ. એ એને નિત્ય પ્રત્યે એ વિષયની અંદર વધારે સમય અને શક્તિનો એમાં વ્યય કરવો ઘટે છે.

**'વિચારની ઉત્પત્તિ થવા પછી વર્દ્ધમાનસ્વામી જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનાદિકાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંત વાર જન્મવું, મરવું થયાં છતાં, હજુ તે જન્મ મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી, તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવા ?'** આ પહેલો પ્રશ્ન છે. જ્યારે જીવ આત્મહિતની વિચારણામાં આવે છે ત્યારે એને પહેલો પ્રશ્ન જન્મ-મરણનો વિચારવાનો છે. બીજી કોઈ પ્રતિકૂળતા નહિ. અમુક પ્રતિકૂળતાઓ ઘટી જાય, અમુક પ્રતિકૂળતાઓ ઓછી થાય તો સારું એમ નહિ. પહેલો પ્રશ્ન એને જન્મ-મરણનો નાશ કરવાનો આત્મામાંથી ઉગવો જોઈએ કે આનું શું કારણ છે ? અને આ કેમ મટે ? એટલે એ વાત લીધી.

તીર્થંકરદેવની વાત લઈને એ વાત લીધી કે **'વિચારની ઉત્પત્તિ થવા પછી...'**

એટલે જો આ વિચાર આવ્યો તને. આ બાજુનો વિચાર આવ્યો. સંસારથી બીજી બાજુનો. અસંસારનો તો **'વર્દ્ધમાનસ્વામી જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે...'** એમના નામે લીધું. એમણે આ રીતે કર્યું હતું. તું એમને રસ્તે જા. એમણે જે કર્યું એ તું કર. એ **'વિચાર્યું કે આ જીવનું અનાદિકાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંત વાર જન્મવું, મરવું થયા છતાં,...'** અને અનંતવાર જન્મ-મરણ થવા છતાં **'હજુ તે જન્મ મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી,...'** કેમ થતી નથી ? એ જન્મ-મરણ મટે એવું કોઈ કારણ કેમ મને મળતું નથી ? આ રોગ પહેલો મટાડવો છે. **'તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવા ?'** આ પ્રશ્ન પહેલો આવવો જોઈએ.

સામાન્ય રીતે ધર્મના ક્ષેત્રમાં આવનારને બીજો પ્રશ્ન આવે છે કે અત્યારે મને આટલી પ્રતિકૂળતાઓ છે એ મટી જાય તો સારું. કોઈને કાંઈ પ્રતિકૂળતા છે.. કોઈને કાંઈ પ્રતિકૂળતા છે તો કોઈને અભિલાષાઓ છે, જગતના પદાર્થોની. કોઈને ધર્મના ક્ષેત્રમાં જઈને કાં તો એ વિચાર આવે છે કે મારી આટલી-આટલી ઇચ્છાઓ પૂર્ણ થાય તો સારું. તો પ્રતિકૂળતા કે અનુકૂળતાની જે ઇચ્છાઓ છે એ ધર્મના ક્ષેત્રમાં જઈને એ ઇચ્છા એને મનની બેચેની અથવા મનનું અસુખ ઊભું કરે છે. મન સમાધાન પામતું નથી. એટલે મનના સમાધાન માટે ધર્મના ક્ષેત્રમાં આવીને કાંઈકને કાંઈક ઇચ્છા માટે વિચારે છે.

આ માર્ગ બીજી રીતે છે. આ ભવમાં તો પૂર્વકર્મને હિસાબે જે થવું હોય તે થવાનું જ છે પણ મારો જન્મ-મરણ કેમ મટે ? એ વાત મારે પહેલા વિચારવી છે. અહીંથી શરૂઆત કરે છે. આટલો ફેર છે. નવા આવનાર ધર્મના ક્ષેત્રમાં આવનાર-આવનાર વચ્ચે આ ફેર છે. અને આ બહુ મહત્ત્વનો ફેર છે. એ ધર્મ-અધર્મના મૂળ કારણોમાં જશે. આ વિચાર કરનાર ધર્મ થવા કે અધર્મ થવાના મૂળ કારણો બાજુ જશે. અને બીજી ઇચ્છાઓની તૃપ્તિ માટે જે જશે એ પુણ્ય અને પાપના સિદ્ધાંતોમાં બહુ બહુ તો જઈ શકે. કે પાપના ફળમાં આમ થાય અને પુણ્યના ફળમાં આમ થાય. એટલે એનું જે આખું Lavel છે અને આનું લેવલ છે એ પહેલેથી જુદું થઈ જાય છે વિચારની ભૂમિકાનું. બે જુદું પડી જાય છે.

**'અને એવી કઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે,..'** એમ કહેવું છે. **'એવી કઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે, કે જે ભૂલનું આટલા સુધી પરિણમવું થયું છે ?'**

કે હજી મટી નથી. એવી મેં અનંત કાળમાં એવી કઈ ભૂલ ચાલુ રાખી છે કે હજીને હજી ચાલુ જ છે. આ મૂળમાં જવા જેવી વાત છે. એ મૂળની વાત ઊગે એ રીતે અહીંયાં શરૂઆત થવી જોઈએ એમ કહેવાનો અહીંયાં અભિપ્રાય છે. પછી શાસ્ત્રજ્ઞાનની અંદર જે કાંઈ વાત છે એમાં બે વિભાગ છે એક સિદ્ધાંતબોધનો, એક ઉપદેશબોધનો. તો પ્રથમ ઉપદેશબોધને અંગીકાર કરીને સિદ્ધાંતબોધમાં પ્રવેશ કરવો એ આ પત્રની અંદર મુખ્યપણે એમનો કહેવાનો અભિપ્રાય રહેલો છે. વિશેષે કહીશું...

અંતરંગ ત્યાગ રાગના મમત્વનો થવો ઘટે છે. તેવી શ્રી જિનદેવની આજ્ઞા છે. આત્મસ્વરૂપ પરમ પવિત્ર છે. તેની દશામાં મલિન એવો રાગ છે, તેનું જીવ મમત્વ રાખે અને પરપદાર્થના ત્યાગ દ્વારા શુદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે તો તેમાં સફળતા કેમ થાય ? રાગનો અભાવ પણ, રાગના મમત્વના ત્યાગ વિના થઈ શકતો નથી. તેથી ભેદજ્ઞાન દ્વારા પ્રથમ રાગનું મમત્વ છોડાવ્યું છે. જેથી રાગ અને રાગના વિષયો સહજ છૂટે. પ્રથમ રાગ અને જ્ઞાન વચ્ચે ભેદજ્ઞાન ફરમાવવાનું રહસ્ય આ છે. પ્રથમ અધ્યાસનો ત્યાગ થવો ઘટે. (અનુભવ સંજીવની–૧૧૫૯)

❊

જ્યાં સુખ લાગે – ભાસે ત્યાં જીવના પરિણામ સહજ ખેંચાય છે. – આ પરિણમનની વાસ્તવિકતા છે. તેથી આત્મ–સુખના અભિલાષી જીવે, 'જ્ઞાનમાત્ર'માં સુખનું ભાસન થવા અર્થે અંતર શોધ કરવી ઘટે. તે અંતરશોધ માત્ર ભેદજ્ઞાનના પ્રયોગથી જ થાય છે. અને 'જ્ઞાનમાત્ર' પોતે સુખરૂપે પ્રયોગના અભ્યાસથી ભાસ્યમાન થાય છે, ત્યારથી પરિણામોની દિશા બદલે છે. સુખાભાસ મટી યથાર્થ ઉદાસીનતા થાય.

(અનુભવ સંજીવની–૧૧૬૦)

## તા. ૧૩-૮-૧૯૯૦, પત્રાંક – ૫૦૦
## પ્રવચન નં. ૧૯૯

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પાનું ૩૯૯. બીજો પેરેગ્રાફ છે.

**'વિચારની ઉત્પત્તિ થવા પછી વર્દ્ધમાનસ્વામી જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનાદિકાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંતવાર જન્મવું, મરવું થયાં છતાં, હજુ તે જન્મ મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી, તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવા ?'** વિચારની ઉત્પત્તિ એટલે ? આત્માના કલ્યાણનો વિચાર છે, આત્માના હિતનો વિચાર છે એને અહીંયાં વિચાર કહે છે. એવો વિચાર આવતા પહેલો જન્મ-મરણનો સવાલ આવ્યો, એમ કહે છે. આ એક શૈલી કરી છે 'વર્દ્ધમાનસ્વામી'ના નામે.

એમને ૨૫૦૦ વર્ષ પહેલા શું વિચાર આવ્યો હતો ? એ તો કોણ કહી શકે સર્વજ્ઞ સિવાય ? પણ સામાન્યપણે યથાર્થ સાધકદશામાં આવનાર જીવને પૂર્વભૂમિકામાં કેવો વિચાર આવે છે ? એમ પોતાના અનુભવથી, પોતાની વિચારદશાથી આ વાતને દર્શાવે છે. એટલે એ શૈલી છે કે 'વર્દ્ધમાનસ્વામી'ને પણ આ વિચાર આવ્યો હતો.

સૌથી પહેલા જ્યારે વિચારની ઉત્પત્તિ થઈ એટલે પહેલો આ વિચાર આવ્યો. વિચારદશા શરૂ થયા પછી કે મારે મારું હિત કરવું છે, મારું કલ્યાણ કરવું છે તો મારે જન્મ-મરણનો નાશ કરવો જોઈએ. અને અનંત કાળથી જન્મવું, મરવું થાય છે એ પરિસ્થિતિ મટતી નથી. શું કરવાથી મટે ? કેવા પ્રકારથી મટે ? આ પહેલો પ્રશ્ન આવે છે. જેને સાધકદશા શરૂ થવાની છે એને અહીંથી શરૂઆત વિચારની ભૂમિકાની થાય છે.

મુમુક્ષુ :– દરેક મુમુક્ષુને પહેલો આવો વિકલ્પ આવવો જોઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :– આવો વિચાર આવે છે. ત્યાં સુધી એને યથાર્થ આત્મકલ્યાણની ભાવના નથી. સાધકદશામાં આવવાની કોઈ પરિસ્થિતિ નથી. એ વાત એમણે ૨૩માં-

૨૪માં વર્ષમાં નાખી છે કે અનંત જન્મ-મરણ કરી ચૂકેલા એવા આ આત્માની કરુણા અથવા દયા જેને ઉત્પન્ન થાય છે એવા અધિકારી જીવને આત્મજ્ઞાન અને આત્મદર્શન થવાની પરિસ્થિતિ ઊભી થાય છે. અને અનંત કાળથી જન્મ-મરણ કેમ મટ્યું નથી એ પ્રશ્નમાં ઘણો અર્થ સમાયેલો છે. એ વાત એમણે લખી છે. ૧૯૮મો પત્ર છે. ત્યારપછી પણ છે.

એટલે એમાંથી કાલે એ વિચાર્યું હતું કે સામાન્યપણે ધર્મના ક્ષેત્રમાં આવીને જીવને વર્તમાન સંયોગો અને ભવિષ્યના સંયોગોની જે ચિંતા છે એમાં લાભ કરવાનો વિચાર આવે છે. પછી જૈન હો કે જૈનેત્તર હો. પણ જે પોતપોતાના ધર્મક્ષેત્રમાં જાય છે એના ઇષ્ટદેવ પાસે એ યાચના કરે છે કે મારા સંયોગોમાં અમુક મને તકલીફ છે. ભવિષ્યમાં પણ મને આવી તકલીફ ન થાવ. અત્યારે પણ મારી જે તકલીફ છે દૂર થઈ જાવ. અને કોઈ મહત્વકાંક્ષા હોય તો એની પણ યાચના કરે છે. બેય સંયોગાશ્રિત ઇચ્છાઓ છે. પણ જન્મ-મરણનો નાશ કરવાનો જે ઉપાય, એ ઉપાયની વિચારણા મોક્ષમાર્ગમાં આવનાર જીવ કરે છે. એમ કહેવું છે. એટલે 'વર્દ્ધમાનસ્વામી'એ પણ એ વિચાર પહેલા કરેલો. એમ કહ્યું. શૈલી છે ને આ તો !

**'એવી કઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે, કે જે ભૂલનું આટલા સુધી...'** જે ભૂલનું આટલા સુધી એટલે અનંતકાળ **'સુધી પરિણમવું થયું છે ?'** એવી કઈ ભૂલ છે ? ભૂલ અનેક જાતની થાય છે એમાં એવી કઈ ભૂલ છે કે જેને લઈને અનંત કાળ સુધી જન્મ-મરણ કરવા પડ્યા મારે ? એમ કેમ થયું ? એવી કઈ જાતની ભૂલ છે ? આની ગહન વિચારણામાં યથાર્થ જે મુમુક્ષુતા આવી છે એ જીવ પહેલોવહેલો આ રીતે વિચારણામાં જાય છે. આ તો મેળવવા જેવો વિષય છે કે એ પ્રકારનો ભાવ પોતાને ઊગ્યો છે કે નહિ ? આ લાઈનમાં, આ માર્ગમાં પ્રવેશ કરતી વખતે તે પ્રકારનો ભાવ આવ્યો છે કે બીજા પ્રકારનો ભાવ આવ્યો છે ?

'વર્દ્ધમાનસ્વામી'ને આવ્યો હતો એનો અર્થ કે બધા જ સાધકોને એ પ્રકારે આવે છે. પોતાને પણ એ પ્રકાર આવ્યો છે. એટલે બીજાએ પણ આ વાતને વિચારતા પોતાની પૂર્વભૂમિકા મેળવવી ઘટે. કે મને આ પ્રકાર થયો છે કે હું ગતાનુગતે ચાલ્યો છું ? જે લોકો કુળધર્મમાં આવ્યા છે એ તો કુળધર્મને અનુસરીને ચાલતા થયા. જે કુળધર્મ છોડીને આવ્યા તો એ શું કરવા કુળધર્મ છોડીને આવ્યા ? આ વિચારથી

આવ્યા કે કોઈ બીજા વિચારથી આવ્યા ? એમ પોતાની વિચારણા જ્યારે શરૂ થઈ ત્યારે એને આ પ્રકાર આવ્યો છે કે નહિ એ મેળવવા જેવું છે.

**'આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સુદ્દ્બોધનાં વર્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભગવાને દીઠી છે તે જિનાગમમાં ઠામ ઠામ કહી છે; કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય.'** આ રીતે ફરી ફરીને અત્યંત એકાગ્રપણે એટલે એ જ વિષયની અંદર સારી રીતે લક્ષ પરોવીને. એનું નામ અત્યંત એકાગ્રતા છે અહીંયાં. અહીંયાં કોઈ ધ્યાનની એકાગ્રતાનો વિષય નથી પણ પોતાને જે કાંઈ હિત કરવું છે એ વિષયની અંદર એની મુખ્યતા કરીને. **'સદ્દ્બોધનાં વર્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં...'** જે કાંઈ બોધ છે, આત્માના હિત વચનો છે એના વર્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં એટલે રુચિ વધતાં વધતાં એમ કહેવું છે.

પ્રવેશ કર્યો હોય ત્યારે બહુ સારા પરિણામ હોય કે આત્મહિત કરી જ લેવું છે. પણ જેમ જેમ સમય જાય, એની ભાવના મોળી પડી જાય એ પ્રકાર નહિ. એવું જોવામાં આવે છે કે પ્રવેશ કાળે જીવને બહુ સારી ભાવના હોય કે ભાઈ ! આવો સુંદર માર્ગ ! આવો આત્મ કલ્યાણનો માર્ગ ! ઘણો સરસ માર્ગ છે. આત્માનું કરી લેવા જેવું છે. પણ થોડું સમજે, જાણે પછી જાણે આ વાતનો ખ્યાલ આવી ગયો, ભાવના આખી પૂરી થઈ જાય. એવું થાય એનું અહીંયાં કામ નથી. એ જીવ આગળ નહિ વધે. એટલે જૂનો થાય એમાં કાર્ય ન સાધે, જૂનો થાય અને કાર્ય ન સાધે તો કેટલી કેટલી જાતની, કેવા કેવા પ્રકારની ક્ષતિ રહી તેથી આમ થયું ? એ એક વખત વિતેલા વર્ષોનું સરવૈયું તપાસી લેવા જેવું ખરું. કે કેમ આમ થયું ?

આ માર્ગ એવો છે કે જો જીવ સદ્દ્બોધના વર્ધમાન પરિણામે વિચારે, વધતાં પરિણામ એના હોય તો કાર્ય સાધતા બહુ સમય લાગે એવો માર્ગ નથી. પણ એ પ્રકાર (મોટેભાગે) નથી હોતો. પરિણામ જે ઉપડ્યા હોય એ પાછા ઠંડા પડી જાય છે. અથવા પોતાના આત્મહિતનું વિસ્મરણ કરી જાય છે (તેથી) કોઈ બીજા બીજા કાર્યોમાં લાગી જાય છે. લક્ષ પણ બદલાય જાય છે. અથવા સંપ્રદાયબુદ્ધિ થઈ જાય છે કે ચાલો આપણે તો 'કાનજીસ્વામી'ના 'ગુરુદેવ'ના માર્ગમાં આવી ગયા. એ માર્ગમાં આપણે ગણાઈએ છીએ. એના મુમુક્ષુ, એના અનુયાયી તરીકે આપણું બરાબર સ્થાન છે. એ રીતે તો વર્ધમાન પરિણામ રહેવાના નથી. પરિણામ ઓસરી જશે. અને

આત્મહિતનું વિસ્મરણ થઈને એમને એમ (આયુષ્ય પૂરું થઈ જાય છે).

એટલે આ વાત લીધી કે એક તો આવો પ્રશ્ન ઊઠે જન્મ-મરણનો. અને જન્મ-મરણનો પ્રશ્ન ઊઠ્યા પછી રુચિ વધતી જાય. વર્ધમાન પરિણામ થતાં જાય એટલે મુમુક્ષુની ભૂમિકામાં આત્મરુચિ વધતી જાય, આત્મપ્રાપ્તિની ભાવના તીવ્ર થતી જાય, વધતી જાય અને એ **'વિચારતા વિચારતા જે ભૂલ ભગવાને દીઠી છે...'** કેવળજ્ઞાનની અંદર. મિથ્યાત્વ આવું હોય છે, અજ્ઞાન આવું હોય છે, આ પ્રકારે મિથ્યાત્વ છે, આ પ્રકારે અજ્ઞાન છે. અને એ મિથ્યાત્વ અને અજ્ઞાનનું ફળ ભયંકર ખરાબ છે. ચાર ગતિના જન્મ-મરણરૂપી ભયંકર ખરાબ પરિણામ છે એ.

એ પ્રકારે **'જે ભૂલ ભગવાને દીઠી છે તે જિનાગમમાં ઠામ ઠામ કહી છે;...'** શાસ્ત્રની અંદર પણ અનેક જગ્યાએ કહી છે. **'કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય.'** જો એ ભૂલની એને પોતાને ખબર પડે તો અવશ્ય ભૂલ ટળી જાય. ભૂલ જાણતા ભૂલ ટળે, એવી જ ભૂલ સંબંધીની પરિસ્થિતિ છે. કે ભૂલ જાણે એટલે ભૂલ ટળી જાય. ભૂલ સંબંધીનું જ્ઞાન જ ભૂલ ટાળવા માટે પર્યાપ્ત છે. બીજી કોઈ પ્રવૃત્તિ કે પ્રક્રિયા કરવાની જરૂર નથી પડતી. ભૂલ જણાય છે એટલે ભૂલ ટળી જાય છે. **'કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય.'**

**'જીવની ભૂલ જોતાં તો અનંતવિશેષ લાગે છે;...'** વિશેષ એટલે ભિન્ન-ભિન્ન પ્રકારની. જીવની ભૂલ જોવા જઈએ તો અનંત પ્રકારની ભિન્ન ભિન્ન પ્રકારની વિશેષ એટલે જુદી-જુદી તફાવતવાળી ઘણી ભૂલો લાગે છે. પણ....

મુમુક્ષુ :- ઘણીવખત તો ભૂલ જાણ્યા પછી ભૂલ...

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વની ભૂલમાં એવું નથી થતું. અજ્ઞાન અને મિથ્યાત્વની ભૂલમાં એવું નથી બનતું. આ જે (ઉપર કહ્યું) છે એ દોષની વાત છે કે પોતાને રાગ થઈ ગયો. તીવ્ર રાગ થઈ ગયો, ક્રોધ થઈ ગયો, માન થઈ ગયું એ દોષ જોવાની વાત છે. અહીંયાં જે (મૂળ) ભૂલ છે તે મિથ્યાત્વ અને અજ્ઞાનનો વિષય લેવો છે.

જો પોતાને પોતાનું મિથ્યાત્વ અને અજ્ઞાન પકડાય (તો) છૂટી જાય, નિવૃત્ત થઈ જાય. જેમ ગણિતમાં ૫ અને ૬ = ૧૧ થાય. પણ સરવાળો મારતા ૫ અને ૬= ૧૨ ગણાઈ જતું હોય તો સરવાળે એકની ભૂલ આવશે. હવે ફરીને તપાસે કે ધીરે મારે જરા. ઝડપથી સરવાળો મારતા ભૂલ કરી હોય તો ધીરે ધીરે મારે. ૫ અને

૬ = ૧૧ ત્યારે એને ખ્યાલ આવે કે અહીંયાં તો ૧૨ ગણાતા હતા. ભૂલ ખબર પડે (એટલે) ભૂલ રહે નહિ એના જેવું છે. એને ભૂલ કહે છે. ભૂલનો અર્થ શું છે ? કે જે ખ્યાલમાં નથી આવતી એનું નામ ભૂલ છે. ખ્યાલ બહાર જાય છે એનું નામ ભૂલ છે. અહીંયાં મારી ભૂલ છે કેમ કે મને ખ્યાલ નહોતો. એનું નામ ભૂલ કહીએ છીએ અહીંયાં. દોષ જોવાનો વિષય નથી.

અહીંયાં ખ્યાલ આવ્યો કે એક આત્મહિતની ભાવના હોય તો ભૂલ જડે. જો આત્મહિતની ભાવના ન હોય તો બુદ્ધિનો ક્ષયોપશમ વિશેષ હોય અને ગમે તેટલા શાસ્ત્ર અનુસાર સમજણ આવે પણ પોતાની ભૂલ ન દેખાય. મિથ્યાત્વની વ્યાખ્યા કરે, અજ્ઞાનની વ્યાખ્યા પોતે કરે. (માત્ર) કરે નહિ પણ બીજાને પણ સમજાવે. પણ પોતાની ભૂલ ન જડે. પોતાનું મિથ્યાત્વ ન પકડાય, પોતાનું અજ્ઞાન ન પકડી શકે. એમ પ્રકાર આવે છે. સમજવું, જાણવું, જોવું અને ભૂલ પકડવી બધા જુદાં જુદાં પર્યાય છે જ્ઞાનના.

મુમુક્ષુ :– શબ્દોથી વ્યાખ્યાના અર્થ જાણી લે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. વ્યાખ્યા જાણે, અર્થ જાણે, ભાવાર્થ જાણે, બધું જાણે, નયાર્થ જાણે. પોતાનો ભાવ ન પકડી શકે. આનું નામ ભૂલ છે. ભૂલ કોને કહેવી ? એનું નામ ભૂલ છે.

એટલે જે દોષની ભૂલ છે એ તો અનંત વિશેષ લાગે છે પણ અહીંયાં મૂળભૂત વાત છે. બીજભૂત. **'પણ સર્વભૂલની બીજભૂત ભૂલ...'** બધી ભૂલનું બીજ. મૂળિયું જેમાં છે **'તે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે,...'** બીજો બીજો વિચાર કરે, ક્રોધ ન થાય તો ક્ષમા કેવી રીતે રાખવી ? ફલાણું કેવી રીતે કરવું ? લોભ થાય તો ઉદારતા કેવી રીતે રાખવી ? માયા થાય તો સરળતા કેવી રીતે કરવી ? એમ ભિન્ન-ભિન્ન પ્રકારે વિચારે. પણ મૂળ ભૂલનો વિચાર કરવાની જરૂર છે પ્રથમમાં પ્રથમ. એવો શબ્દ વાપર્યોને. **'સર્વ ભૂલની બીજભૂત ભૂલ, તે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે,...'** આનો પહેલો વિચાર કરવો જોઈએ. નાની નાની ભૂલનો વિચાર કરે, પણ મૂળ ભૂલનો વિચાર નથી કરતો.

એ તો અન્ય દર્શનમાં પણ નાની-મોટી ભૂલનો પણ વિચાર કરે છે. મુસલમાનો વ્યાજ નથી ખાતા. જે હજ કરી આવે છે એ વ્યાજ નથી ખાતા. કેમ કે એ પાપ

છે. પાપ તો ઘણી જાતના છે. નાના પાપને મોટું ગણાવી અને એને પકડી રાખે. મોટું પાપ કરે એને ગણે નહિ. એ વિવેક નથી. અવિવેક છે.

**'પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે, કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વે ભૂલનો વિચાર થાય છે;...'** બધી ભૂલનો વિચાર થાય છે. એક ભૂલનો વિચાર કરતાં બધી ભૂલનો વિચાર પછી થઈ જાય છે. બધો ખ્યાલ આવી જાય છે. **'અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલ મટે છે.'** ક્રમે કરીને બીજી ભૂલો પણ મટી જાય છે. જો અજ્ઞાન અને મિથ્યાત્વ મટે તો ક્રમે કરીને બધી ભૂલ મટે, મટે ને મટે જ.

**'કોઈ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઇચ્છે,...'** આવું કરે છે જીવ. અનેક પ્રકારની નાના પ્રકારની એટલે નાની-મોટી એમ નહિ. અનેક પ્રકારની ભૂલનો વિચાર કરીને **'તે ભૂલથી છૂટવા ઇચ્છે, તોપણ તે કર્તવ્ય છે,...'** ભૂલ મટાડવી એ સારી વાત છે. અનેક જાતની ભૂલો મટાડવી એ સારી વાત છે એ કાંઈ ખરાબ વાત નથી. પણ પોતાને વ્યવસ્થિત રીતે ક્રમશઃ જે ક્રમ છે એ ક્રમ પ્રમાણે ક્રમને અનુસરીને આગળ વધવું એ વાત બહુ મોટી છે.

આપણો વિચાર કરીએ અહીંયાં કે તત્ત્વજ્ઞાનનો અને ગુણ-દોષનો અનેક પ્રકારે વિચારણા કરવાનો આપણો બધાનો પ્રકાર છે. છતાં પણ ક્રમથી કેવી રીતે આગળ વધવું એ વિષય ઉપર વિચારણા એટલી નથી જોવામાં આવતી. સારું લાગે. દરેક વાત સારી લાગે. ગુણ પ્રાપ્ત થાય એવી વાતો સારી લાગે. અનેક પ્રકારના દોષ મટે એ વાતો સારી લાગે. પણ ક્યાંથી શરૂઆત કરવી અને અનુક્રમે કેવી રીતે આગળ વધવું વ્યવસ્થિત રીતે ? કે જે આગળ વધવાનો ક્રમ છે, એ ક્રમ ભાગ્યે જ સમજાય છે જીવને. અને સમજાય તો પછી વાંધો આવતો નથી. ન સમજાય તો ઉભાંગડે ચાલે છે. ઉભાંગડે ચાલે છે એટલે શું ? રસ્તે નથી ચાલતો, કેડીએ નથી ચાલતો. આડોઅવળો ચાલે છે. એને એમ થાય છે કે અહીંથી Short cut છે. જલ્દી આ રીતે પહોંચી જાઉં. કોઈને એમ થાય કે આ રીતે જલ્દી નજીક પહોંચી જવાશે, આ રીતે આગળ વધી જાઉં. માર્ગ છે એ વૈજ્ઞાનિક પરિસ્થિતિ હોવાથી એની રીતે કામ થાય છે. પોતાની કલ્પનાએ કોઈ માર્ગ સાધવા જાય તો માર્ગ સધાતો નથી. આ પરિસ્થિતિ છે. એ વિષય ઉપર હજી વિચારણા ખૂટે છે. આપણે ત્યાં પણ એ વિષય ઉપર વિચારણા ખૂટે છે.

આગમમાં ('ગુરુદેવ'ની) બધી વાત તો ઘણી જગ્યાએ છૂટી છૂટી આવે છે. પણ એને બરાબર Coordinate કરવી, Order માં ગોઠવવી એ પોતાની મેળે, પોતાને માટે ગોઠવવી એ જાતનો દૃષ્ટિકોણ હોવો જોઈએ. એ જાતની સમજ હોવી જોઈએ. અને એ રીતે આગળ વધવાનો યથાર્થ પ્રયત્ન થાય તો અવશ્ય કામ થાય. નહિતર પોતાની કલ્પનાએ જીવ આગળ વધવા માગે છે. ન વધી શકે.

એક દૃષ્ટાંત લઈએ કે એકદમ પ્રારંભનો વિષય એ રીતે 'ગુરુદેવે' સમજાવ્યો કે પૂર્ણતાને લક્ષે શરૂઆત થાય છે. એ સૂત્ર તો લગભગ કોઈ મુમુક્ષુએ નહિ વાંચ્યું હોય એવું નહિ હોય. એવડા મોટા અક્ષરે એક ફૂટ, દોઢ ફૂટ, સવા ફૂટના અક્ષરે એવડી મોટી સાઈઝથી સ્વાધ્યાય મંદિરમાં એનો ચાકળો છે કે લગભગ તો બધાએ જ વાંચ્યા હોય છે. નવા આવે એ તો તરત જ બધા જોવે કે આમાં શું શું લખ્યું છે. પહેલેથી જ વાંચવું હોય છે. શરૂઆતથી જ વાંચે માણસ. પણ વાંચ્યું-ન વાચ્યું થઈ જાય છે. પરિસ્થિતિ જોતાં એવું લાગે છે કે એ સંબંધીની વિચારણા-ચર્ચા એની ગેરહાજરી જોતાં એવું લાગે છે કે એ વાંચ્યું છે કે કેમ ? એ જ સવાલ છે. અથવા વાંચ્યું, ન વાંચ્યા બરાબર થઈ જાય છે.

શરૂઆત એટલે પ્રારંભ આ રીતે થાય છે અને એ રીતે પ્રારંભ કર્યો છે કે નથી કર્યો ? બસ. આટલું તપાસે તો પણ આડેઅવળે રસ્તે, કલ્પનાએ ઉભાંગડે ચાલતો બંધ થઈ જાય. તો રસ્તે આવે. પણ એ રસ્તો જ, જ્યાં મૂળ વાત જ જ્યાં ચૂકી જાય પછી બધું એને સારું સારું લાગે વાંચવું, સાંભળવું, વિચારવું, પૂજા-ભક્તિ કરવી, દયા-દાન કરવા એ બધું તો કર્યા કરે. બધા ઉદયિક ભાવમાં જાય છે. જ્યારે જેવો ઉદય. કોઈ સંસારના ઉદયને અનુસરે છે, કોઈ ધર્મના ક્ષેત્રમાં જે ક્રિયાઓ છે એ ક્રિયાઓના ઉદયને અનુસરે છે. ઉદય સામાન્ય અનુસરવું એમાં શું ફેર પડ્યો ? કે કાંઈ ફેર નથી પડ્યો. બંને ઉદયને જ અનુસરે છે. સામાન્યપણે જોવામાં આવે તો બંને ઉદયને અનુસરે છે. બંનેનો Common factor તો એક જ છે, જુદો નથી.

આ માર્ગમાં તો એથી આગળ અસમાન્ય કોઈ વિષય છે, અસામાન્ય માર્ગ છે, અસામાન્ય ઉપાય છે. એટલે ઉદયને અનુસરવાનો જે સામાન્ય પ્રકારનું પરિણમન છે એનાથી બીજી રીતે એણે આમાં ચાલવું પડે. તો આ માર્ગમાં આવે. સમ્યગ્દર્શન પોતે અનઉદય પરિણામ છે. 'પંચાધ્યાયી'માં એવી શૈલી લીધી છે કે સમ્યગ્દર્શન

એટલે શું ? કે દર્શનમોહના અનઉદયના પરિણામને સમ્યગ્દર્શન કહે છે. ઉપશમ થાય છે ને ? તો ઉદય મંદ થઈ જાય છે એ વખતે.

ઉદય હોય, મિથ્યાત્વની પ્રકૃતિનો ઉદય હોય અને જીવને ભાવમિથ્યાત્વ ન થાય એવું નથી બનતું. બીજી બધી પ્રકૃતિમાં જુદી વાત છે. ક્રોધનો ઉદય હોય અને ક્રોધ ન કરે. ચારિત્રમોહમાં એવું બને છે. લોભનો ઉદય હોય કર્મની પ્રકૃતિમાં અને જીવ લોભ ન કરે. સ્વરૂપમાં જોડાઈ જાય મોક્ષમાર્ગની અંદર. એકલા ચારિત્રમોહના મોક્ષમાર્ગીને પરિણામ હોય તો ચારિત્રમોહના પરિણામ આવે તો કાંઈ જરૂર નથી કે એને જોડાય જ તે. એ તો આત્મામાં પણ લીન થઈ જાય. પણ અજ્ઞાન અને મિથ્યાત્વ દશામાં દર્શનમોહનો ઉદય હોય, મિથ્યાત્વની પ્રકૃતિનો ઉદય હોય અને જીવના ભાવમાં મિથ્યાત્વભાવ ન થાય એવું ન બને.

જેમ જીવ ક્રોધ કરે અને ક્રોધની પ્રકૃતિનો અનુબંધ થયા વગર ન રહે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધે, કર્તા-કર્મ સંબંધે નહિ. એમ અહીંયાં એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો છે કે મિથ્યાત્વ મોહનીયનો ઉદય હોય અને મિથ્યાત્વમોહ અહીંયાં ભાવમાં જીવને ન હોય એવું ન બને. એટલે આ કર્મનું જે લફરું થઈ ગયું છે એનું કારણ આ છે. મૂળમાં આ એક પ્રકૃતિ એવી છે. અને એને ટાળવા માટે ઉપદેશ છે એટલે બધું કર્મથી વાત લઈ લે છે લોકો. કે કર્મને ટાળો... કર્મને ટાળો.. કર્મનો ઉદય આવશે તો હેરાન થઈ જશું. કર્મનો ઉદય આવશે તો વિભાવ કરવો જ પડશે. કરવો જ પડશે. વિભાવમાં એવું નથી. મિથ્યાત્વમાં એક એવું છે. એટલે દર્શનમોહ એક એવી પ્રકૃતિ છે એ ઉપશમે છે ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે. એના ઉદય વખતે સમ્યગ્દર્શન કોઈને હોય નહિ. આ નિયમબદ્ધ છે.

મુમુક્ષુ :– આ મિથ્યાત્વના કાળમાં મિથ્યાત્વને કેવી રીતે તોડવાનો પ્રયત્ન કરવાનો ?

પૂજ્ય ભાઈશ્રી :– મિથ્યાત્વના કાળમાં મિથ્યાત્વને તોડવાનો પ્રયત્ન કરવો છે એના ઉપર આખી 'પ્રયોજન સિદ્ધિ' લીધી છે. એ એક જટીલ પ્રશ્ન છે. અતિ જટલી પ્રશ્ન છે એ જીવનો. કે મિથ્યાત્વમાં ઊભો છે અને મિથ્યાત્વ ટાળવાનો પ્રયત્ન કરવો છે. તો કહે છે, એનો રસ તોડ. દર્શનમોહનો રસ તોડ એને નબળો (પાડ), એનો અનુભાગ નબળો પડશે તો ઉપશમ થશે. અનુભાગ ઘટ્યા વિના, અનુભાગ કપાયા

વિના કોઈ રીતે ઉપશમ થવાનો અવસર નથી.

'ગુરુદેવશ્રી'એ ૨૦૩ નંબરનો બોલ લીધો આમાં. 'ગુરુદેવશ્રીના વચનામૃત' જે છે એમાં એ વાત છે. ખાલી એટલો જ ટૂકડો લીધો છે. **'દર્શનમોહ મંદ કર્યા વિના...'** મંદ થયા વિના. મંદ એટલે અહીંયાં અનુભાગ. **'વસ્તુ સ્વભાવ ખ્યાલમાં આવે નહિ.'** ઓળખાણ ન થાય. મિથ્યાત્વમાં શું પ્રયત્ન થાય ? બહુ સારો મુદ્દાનો પ્રશ્ન છે. મિથ્યાત્વમાં ઊભો છે. અને જ્યાં સુધી મિથ્યાત્વમાં ઊભો છે, દર્શનમોહ ચાલુ રહે છે. દર્શનમોહ ચાલુ રહે છે, મિથ્યાત્વ ચાલુ રહે છે. છૂટવું કેવી રીતે ? તો કહે જે મોહરહિત એવો જે આત્મસ્વભાવ છે, વસ્તુસ્વભાવ છે જ્ઞાન એનો નિર્ણય કરે, એનો ખ્યાલ કરે, એનો નિશ્ચય કરે, એનો લક્ષ કરે. એ બધું એકાર્થ છે. એ ક્યારે થાય ? દર્શનમોહ મંદ થાય તો. એ મંદતાના કાળમાં થાય છે.

જ્યારે મોહરહિત આત્મસ્વભાવ લક્ષમાં આવે ત્યારે લક્ષમાં લેનાર જ્ઞાનનું જ્ઞાન સાથે જ્ઞાનબળ વધે. એ જ્ઞાનબળ વધે એમ દર્શનમોહ મંદ થતો જાય. એનો અનુભાગ કપાતો જાય. સમ્યક્ સન્મુખ થાય છે એટલે. એક કાળ એવો આવે કે એટલો નબળો પડે કે ઉદયાવલીમાં આવ્યા પહેલા એ ઉપશમી જાય. ઉદયાવલીમાં જ ન આવે દર્શનમોહના પરમાણુ. આ પરિસ્થિતિ થાય છે. ત્યારે ઉપશમ નામનું સમ્યગ્દર્શન થાય. વ્યવસ્થિત Scientific માર્ગ છે આખો. એકદમ. એ રીતે થઈ શકે છે. વાત કરી છે. નથી કરી એવું નથી.

દર્શનમોહનો અભાવ, એ પરમાણુનો ઉપશમ અનઉદયિત થયા વિના અનુભવમાં, આત્મા અનુભવમાં આવે એમ નથી. બે વાક્યો લખ્યા છે ૨૦૩ નંબરમાં. આ બધા સૂત્રો જેવી વાત છે. જેમ પૂર્ણતાને લક્ષે શરૂઆત એ સૂત્ર જેવી વાત છે. એમ આ સૂત્રો જેવી વાત છે. 'હૈદ્રાબાદ'માં આ વખતે આપણે પ્રતિષ્ઠામાં આ વિષય લીધો હતો. પ્રતિષ્ઠા પહેલા જવાનું થયું હતું ને ?

એટલે ક્યાં ક્યાં કઈ વાત પડી છે ? અને ક્રમ સાથે એનો શું સંબંધ છે ? માર્ગનો ક્રમ શું છે ? 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ' એ કેડી એટલા માટે લીધી છે, ક્રમ બતાવવા માટે વાત છે એ. માર્ગનો ક્રમ શું છે ? એ જાણવું અતિ જરૂરી છે. ક્રમભંગ ઉપદેશ કહો કે ક્રમભંગ પોતે ચાલવાનો પ્રકાર ચાલે પરિણામની અંદર. ન ક્રમભંગ ઉપદેશથી કદી સાધ્યની સિદ્ધિ થાય, ન ક્રમભંગપણે ચાલે તો પણ સાધ્યની સિદ્ધિ

થાય. એટલે ક્રમ શું છે ? એ વિચારણીય વિષય છે. પહેલું પ્રકરણ નિર્ભ્રાંત દર્શનનું એ વિષય ઉપર લીધું છે. ક્રમ શું છે ? એક પછી એક આગળ વધવાનો ક્રમ શું છે ? એ દૃષ્ટિકોણ છે એની અંદર. વાત તો મુમુક્ષુના સ્વરૂપની છે. પણ મોક્ષાર્થીના સ્વરૂપમાં ક્રમથી મોક્ષાર્થી કેવી રીતે આગળ વધે છે ? એ પ્રયોજન છે ત્યાં લખવાનું.

અહીંયાં એમ કહે છે કે **'ભૂલનો વિચાર કરી...'** અનેક પ્રકારની ભૂલથી છૂટવા ઇચ્છે તો ભૂલથી છૂટવું એ કરવાયોગ્ય છે. પાછું એમ નથી કે મોટી ભૂલ સુધારવી છે માટે નાની ભૂલ ભલે થાય. એ વાત મૂળમાં નથી. કેમ કે પૂર્ણતાને લક્ષે શરૂઆત કરવી છે. જેટલું પોતાથી થઈ શકે એ બધું જ. નાની ભૂલો પણ મટાડવા યોગ્ય જ છે. કર્તવ્ય છે. **'અને તેવી અનેક ભૂલથી છૂટવાની ઇચ્છા...'** જેને અનેક ભૂલથી છૂટવાની ઇચ્છા છે એ પ્રકારે, તે **'મૂળ ભૂલથી છૂટવાનું સહેજે કારણ થાય છે.'** કે મારે બધી જ ભૂલોથી છૂટવું છે. એટલે એ મૂળ સુધી પહોંચે છે. મૂળ ભૂલથી જેને છૂટવું છે એ મૂળ ભૂલથી છૂટવા સુધી એનું લક્ષ લંબાશે, એનો વિચાર લંબાશે. ત્યાં આવીને એ ઊભો રહેશે. એ રીતે નિર્દોષ થવાનો વિષય લીધો, સામાન્ય પ્રકારે અને વિશેષ પ્રકારે.

હવે એ નિર્દોષ થવા માટે જે ઉપદેશ છે એ જ્ઞાનના બે વિભાગ છે એ વાત અહીંથી શરૂ કરે છે. **'શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ કર્યું છે...'** અથવા પ્રગટપણે કહ્યું છે **'તે જ્ઞાન બે પ્રકારમાં વિચારવા યોગ્ય છે.'** એના બે વિભાગ વિચારવા જેવા છે. Division છે, બે ભાગ. **'એક પ્રકાર 'ઉપદેશ'નો અને બીજો પ્રકાર 'સિદ્ધાંત'નો છે.'** એક ઉપદેશનો વિભાગ છે, એક સિદ્ધાંતનો વિભાગ છે. એમ જ્ઞાનમાં બે વિભાગ છે. હવે બંનેની વ્યાખ્યા કરે છે. ઉપદેશજ્ઞાન કોને કહેવું ? જ્ઞાન એટલે બોધ. ઉપદેશબોધ કોને કહેવો ? અને સિદ્ધાંતજ્ઞાન એટલે સિદ્ધાંતબોધ કોને કહેવો ? એની બહુ સરસ વ્યાખ્યા આ જગ્યાએ આ પત્રમાં એમણે કરી છે. વાત તો 'લલ્લુજી'ને લખી છે. પણ બધા મુમુક્ષુઓને કામમાં આવે એવી ચીજ છે.

પહેલા ઉપદેશબોધની વાત કરે છે. **'જન્મમરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો ઘટે છે;...'** જુઓ ! રોગ, દારિદ્રય, પ્રતિકૂળતાઓ, બાધા, પીડા એવા સંસારને નહિ. કેવો સંસાર લીધો ? જન્મ-મરણાદિ ક્લેશવાળો આ સંસાર છે. મૂળ પ્રશ્ન એ ઉઠાવે છે. **'જન્મમરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો ઘટે છે; અનિત્ય પદાર્થમાં**

**વિવેકીને રુચિ કરવી હોય નહીં;...'** અનિત્ય પદાર્થ એટલે અનિત્ય પર્યાયો. બધા અનિત્ય પદાર્થ છે. જડ અને ચૈતન્યના જે કોઈ અનિત્ય સંબંધો છે, અનિત્ય પર્યાયો છે તેમાં રુચિ કરવી વિવેકીને હોય નહિ. વિવેકી જીવ એમાં રુચિ કરે નહિ. કેમ ? કે એ અનિત્ય તો અનિત્ય રહેશે. રુચિ કરતાં એનું અનિત્યપણું પ્રસિદ્ધ થતાં એનો પ્રત્યાઘાત આવ્યા વિના રહેશે નહિ અને દુઃખી થયા વિના રહેશે નહિ.

એટલે **'અનિત્ય પદાર્થમાં વિવેકીને રુચિ કરવી હોય નહીં; માતપિતા, સ્વજનાદિક સર્વનો 'સ્વાર્થરૂપ' સંબંધ છતાં..'** જોયું ! નાડ પકડી છે. આ બધાનો સંબંધ કેવો છે ? સ્વાર્થરૂપ સંબંધ છે. ના ના પણ એવું નથી. અમારું તો બધા બહુ ધ્યાન રાખે છે ઘરમાં. સ્વાર્થી નથી દેખાતા. ભાઈ ! એ થોડો ઉદય છે તારો Temporary એવો. એટલે તને એમ લાગે છે. બાકી વાતમાં કાંઈ માલ નથી. કાંઈ વાતમાં માલ છે નહિ. **'માતપિતા, સ્વજનાદિક...'** એટલે આખા કુટુંબ પરિવારના બધા સભ્યો લઈ લેવા. **'સર્વનો 'સ્વાર્થરૂપ' સંબંધ છતાં આ જીવ તે જાળનો આશ્રય કર્યા કરે છે,...'** મારે ભર્યુંભાદર્યું કુટુંબ છે. મારું કુટુંબ મારે ભર્યું ભાદર્યું છે. બધા મને અનુકૂળ. મારો પડ્યો બોલ ઉપાડે છે. એમ લાગે એટલે એવો ફસાય... એવો ફસા... વાત મૂકી દો. પછી એમાં ક્યાંક એક જ્ગ્યાએ પંક્ચર પડે. પંક્ચર પડ્યા વગર રહે નહિ. આ કાળ જ એવો છે જોકે. ક્યાંકને ક્યાંક તો હખળડખળ થયા વગર નહિ રહે. એકાદિ ઈંટ હલે. મકાન એવું સરખું બાંધેલું હોય. એનો અંદરથી આત્મા હલી જાય આખેઆખો. આમ થઈ ગયું... આમ થઈ ગયું... મરાઈ ગયા. ભાઈ ! એ બધું પહેલેથી જ સમજવા જેવું છે કે આ સંબંધ છે એ બધો સ્વાર્થનો જ સંબંધ છે. કેવળ સ્વાર્થનો સંબંધ છે. વાતમાં કાંઈ માલ નથી તું છેતરામાં... છેતરામાં...

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' મારા કહેતા હતા. મારવાવાળા કહેતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુદેવ' મારા કહેતા. મારા-મારા કરો છો પણ એ તને મારા છે. મારા એટલે તેના મમત્વથી તારા આત્માનું મરણ થાય છે માટે એ મારા છે. મારા એટલે મારનારા એવા મારા. લૂંટારા. મારા–લૂંટારા કહે છે કે નહિ ? એના પ્રત્યે. એ નથી મારતા. તારો મમત્વભાવ ખરેખર મારે છે. એના ઉપર તો આરોપ કરવામાં આવે છે. દ્વેષ કરવાનો વિષય નથી. કુટુંબ-પરિવાર પ્રત્યે દ્વેષ કરવાનો વિષય નથી. પોતાના પરિણામને વિચારવાની વાત છે અહીંયાં.

**''સ્વાર્થરૂપ' સંબંધ છતાં આ જીવ તે જાળનો આશ્રય કર્યા કરે છે,..'** આ જીવ તેનો આશ્રય કર્યા કરે છે એમ ન કીધું. એ જાળનો આશ્રય કરે છે. ગૂંચવાઈ જાય છે ને એની અંદર ? એવો ગૂંચવાય છે... એવો ગૂંચવાય છે... આને આમ સંબંધ છે. આની સાથે તો ડબલ સગપણ છે. અહીંયાં તો અમારે ત્રણગણું સગપણ છે, ત્રણગણો સંબંધ છે. એ જાળનો આશ્રય કરે છે **'એ જ તેનો અવિવેક છે;...'** આ મૂઢતા કહો, અવિવેક કહો, અજ્ઞાન કહો, આ એની ગડબડ છે.

**'પ્રત્યક્ષ રીતે ત્રિવિધ તાપરૂપ આ સંસાર જણાતા છતાં...'** ત્રિવિધ એટલે ત્રણે પ્રકારે. મનથી, વચનથી, કાયાથી, આધિ, વ્યાધિ અને ઉપાધિ. એવો ત્રિવિધ તાપરૂપ એટલે ભૂત, ભવિષ્ય અને વર્તમાન. ત્રણે પ્રકારે. બધામાં ત્રણ પ્રકાર છે. **'આ સંસાર જણાતાં છતાં મૂર્ખ એવો જીવ...'** જુઓ ! કેવી રીતે વિચારે છે. **'મૂર્ખ એવો આ જીવ તેમાં જ વિશ્રાંતિ ઇચ્છે છે;...'** જ્યાં ક્લેશ ભરેલો છે, જ્યાં દુઃખનું જ નિમિત્ત છે ત્યાં એને શાંતિ અને ત્યાંથી સુખ લેવું છે. ઝેરમાંથી એને અમૃતનો સ્વાદ લેવો છે. કેવી રીતે આવશે ?

**'એવો જીવ તેમાં જ વિશ્રાંતિ ઇચ્છે છે;...'** રેતીમાંથી તેલ કાઢવું છે. મૂર્ખતા છે, આ કોઈ રીતે રેતીમાંથી તેલ નીકળે એવું નથી. **'પરિગ્રહ, આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે'** લ્યો, ઠીક. પરિગ્રહ પણ અનર્થનો હેતુ છે. મમત્વ થાય છે ને એના ઉપર. જીવને એ અર્થનો નહિ પણ અર્થ નામ પ્રયોજન. અનર્થ નામ પ્રયોજન વિરુદ્ધતાનું કારણ છે. **'પરિગ્રહ, આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે એ આદિ જે શિક્ષા છે...'** એવા પ્રકારનો જ્યાં ઉપદેશ છે, બોધ છે, તેને ઉપદેશજ્ઞાન અથવા ઉપદેશબોધ કહેવામાં આવે છે. આવા અનેકવિધ પ્રકારે જેની અંદર આત્માને ઉપદેશ દેવાનો થાય છે, જેને લઈને સહેજે કષાય મંદ થાય, કષાયરસ ઘટે એ ઉપદેશજ્ઞાન છે.

**'આત્માનું હોવાપણું,...'** હવે વિજ્ઞાન લે છે. સિદ્ધાંતની અંદર શું છે ? સિદ્ધાંતજ્ઞાન વસ્તુના સ્વરૂપના વિજ્ઞાનને પ્રકાશે છે. **'આત્માનું હોવાપણું,...'** એટલે અસ્તિત્વ. **'નિત્યપણું,..'** એનો એક ધર્મ. **'એકપણું...'** એટલે બીજાની સાથે નહિ ભળવાપણું એવું એનું સ્વરૂપ. **'અથવા અનેકપણું,...'** ગુણ, પર્યાયે. **'બંધાદિભાવ,...'** બંધ થવાનું વિજ્ઞાન, મોક્ષ થવાનું વિજ્ઞાન. એવી **'આત્માની સર્વ પ્રકારની અવસ્થા, પદાર્થ અને તેની અવસ્થા...'** શું છે વિજ્ઞાનની અંદર ? મૂળ પદાર્થ **'અને તેની અવસ્થા...'** જડ-ચેતનની.

**'એ આદિને દૃષ્ટાંતાદિથી કરી જે પ્રકારે સિદ્ધ કર્યાં હોય...'** દૃષ્ટાંત આપીને, યુક્તિ આપીને સાબિત કર્યાં હોય કે પદાર્થનું વિજ્ઞાન આ પ્રકારે છે. વસ્તુ વ્યવસ્થા આ પ્રકારે છે. તેને સિદ્ધાંતજ્ઞાન કહે છે. એમ જ્ઞાનની અંદર બે પ્રકાર છે–એક ઉપદેશજ્ઞાન અને એક સિદ્ધાંતજ્ઞાન.

મૂળ વિષય એમણે ક્યાંથી શરૂ કર્યો છે ? કે 'યોગવાસિષ્ઠ' ગ્રંથની વાંચના કરવાની વાત કરી છે ત્યારે એમણે આટલું સ્પષ્ટીકરણ દેવું પડ્યું છે, 'લલ્લુજી'ને. કે તમને અન્ય મતનો ગ્રંથ વાંચવા આપીએ છીએ એમાં અમારો હેતુ માત્ર ઉપદેશજ્ઞાન ગ્રહણ કરાવવાનો છે. સિદ્ધાંતજ્ઞાન નહિ, એમ કહેવું છે. કેમ કે સિદ્ધાંતજ્ઞાન વેદાંત અને જૈનની અંદર પરસ્પર ભિન્ન-ભિન્ન પ્રકારે ભેદ પામતું તફાવતવાળું જોવામાં આવે છે. એટલે એ વાત સ્પષ્ટ કરવી છે.

હવે એ વાત કરે છે કે **'વેદાંત અને જિનાગમ એ સૌનું અવલોકન...'** બંને. બંને શાસ્ત્રમાં. **'વેદાંત અને જિનાગમ...'** જૈનનું આગમ. એ બંને પ્રકારના શાસ્ત્રોનું **'અવલોકન પ્રથમ તો ઉપદેશજ્ઞાનપ્રાપ્તિ અર્થે જ મુમુક્ષુજીવે કરવું ઘટે છે;...'** જુઓ ! આ વાત લીધી. પ્રથમ. શાસ્ત્ર વાંચવું તો પ્રથમ ઉપદેશજ્ઞાનને અર્થે વાંચવું. ઉપદેશબોધ સારી રીતે પરિણામી થાય પછી સિદ્ધાંતજ્ઞાનમાં જાવું. આવો ક્રમ આપ્યો છે એમણે.

મુમુક્ષુ :– અહીંયા તો પહેલા સિદ્ધાંતનો ...

પૂજ્ય ભાઈશ્રી :– પહેલા સિદ્ધાંતની ક્ષયોપશમથી પકડી લે વાતને પછી એમ કહે કે 'શ્રીમદ્'ની અહીંયાં ભૂલ હતી. શું કરે ? 'ગુરુદેવ'ની અહીંયાં ભૂલ હતી, 'શ્રીમદ્'ની અહીંયાં ભૂલ હતી. ફલાણું નહોતું કહેવું જોઈતું, ફલાણું નહોતું બોલવું જોઈતું, આમ નહોતું કરવું જોઈતું. ગુરુનો ગુરુ થઈ જાય. આવો પ્રકાર ઊભો થાય છે. ક્યાંથી ઊભો થાય ?

**'વેદાંત અને જિનાગમ એ સૌનું અવલોકન પ્રથમ તો ઉપદેશજ્ઞાનપ્રાપ્તિ અર્થે જ મુમુક્ષુજીવે કરવું ઘટે છે;...'** એટલે મુમુક્ષુની દશામાં કોઈ અન્ય મતનું શાસ્ત્ર હાથમાં આવે તો પણ એને ઉપદેશ અર્થે અવલોકવું. સિદ્ધાંત અર્થે ન અવલોકવું, એમ કહે છે. પહેલા ઉપદેશ સારી રીતે ગ્રહણ થઈ જાય પછી સિદ્ધાંતમાં માથુ મારવું. **'કારણ કે...'** એમ કરવાનું કારણ કહે છે. **'કારણ કે સિદ્ધાંતજ્ઞાન જિનાગમ અને વેદાંતમાં પરસ્પર ભેદ પામતું જોવામાં આવે છે;...'** વેદાંતની અંદર ઉપદેશ ઘણો સારો છે.

અધ્યાત્મની વાતો ઉપદેશની દૃષ્ટિએ ઘણી ઘણી કરી છે. અને બહુ મોટો સમૂહ વળેલો છે એ બાજુ. અત્યારે જૈનો થોડા છે, વેદાંતીઓ ઝાઝા છે. જૈનો બહુ ઓછા છે એના પ્રમાણમાં. એનું કારણ શું ? કે લોકોને સિદ્ધાંતની તો સમજણ પડતી નથી. ફક્ત ઉપદેશ બાજુ આકર્ષાય છે કે ભાઈ ! આત્માના ભલાની વાત કરે છે. આત્માનું ભલું થાય એવી વાત કરે છે. કામ-ક્રોધ ટાળવાની વાત કરે છે આ તો. એમાં ખોટું શું છે ? એમાં ખોટું શું છે ? અને એવા એવા વચનો છે. 'देहाभिमानी गलिते विज्ञाते परमात्मने' છે ને ? દેહાભિમાન ગાળી નાખવું. દેહાત્મબુદ્ધિ. આપણે એમ કહે દેહાત્મબુદ્ધિ તુટી જવી જોઈએ અને દેહાભિમાન ગાળી નાખવું. એવી બધી વાતો છે એની અંદર.

ઉપદેશબોધની દૃષ્ટિએ જુઓ તો તમને કાંઈ વાંધો નહિ આવે. પણ સિદ્ધાંતમાં **'પરસ્પર ભેદ પામતું જોવામાં આવે છે અને તે પ્રકાર જોઈ મુમુક્ષુજીવ અંદેશો-શંકા પામે છે;...'** કે આવા આવા મહાન પુરુષો ભૂલ્યા હશે ! 'વ્યાસજી' જેવા વેદ વ્યાસ ભૂલ્યા હશે ! 'શંકરાચાર્ય' જેવા ભૂલ્યા હશે ! 'હરિભદ્રાચાર્ય' જેવા ભૂલ્યા હશે ! 'હેમચંદ્રાચાર્ય' જેવા ભૂલ્યા હશે ! આવા આવા મહાન ગણાતા માણસો પણ ભૂલ્યા હશે ? શંકા પડે કે આપણું તો એની પાસે કાંઈ બુતું નથી. આપણું ગજું નથી. જે માણસોએ સંસ્કૃતમાં હજારો શ્લોકોના ગ્રંથો અને આગમો રચ્યા છે. આ બધા એવી વ્યક્તિઓ છે કે જેના શાસ્ત્રો સંસ્કૃતની અંદર, માગધિની અંદર હજારો-સેકડોં શ્લોકોથી રચના કરી છે. પાણીના પૂરની જેમ એને એ બધા શ્લોકો રચાય જાય. એવો ક્ષયોપશમ લઈને આવ્યા હોય. હવે સામાન્ય માણસ, સામાન્ય મુમુક્ષુ એમ કેમ વિચારે કે આપણે એના કરતા પણ આગળ છીએ. કાંઈક આપણે ભૂલતા હશું. શું થાય એને શંકા ? કાંઈક આપણે ભૂલતા હશું. એને શંકા પડે.

**'અને તે શંકા ચિત્તનું અસમાધિપણું કરે છે,...'** એને સમાધાન, તીર્થંકરદેવના વચન ઉપર એને વિશ્વાસ આવતો નથી. આ પરિસ્થિતિ થાય. **'તે શંકા ચિત્તનું અસમાધિપણું કરે છે, એવું ઘણું કરીને બનવા યોગ્ય જ છે. કારણ કે સિદ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજ્જવળ ક્ષયોપશમે...'** અત્યંત ક્ષયોપશમે નહિ. ઉજ્જવળ એટલે નિર્મળ લેવો અહીંયાં. **'સિદ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજ્જવળ ક્ષયોપશમે અને સદ્‌ગુરુના વચનની આરાધનાએ ઉદ્‌ભવે છે.'** સદ્‌ગુરુની આજ્ઞાએ એને એ જ્ઞાન

પરિણમે છે. ગુરુની પ્રત્યક્ષ આજ્ઞા વિના એ જ્ઞાન પરિણમવું સહેલું નથી. એમ કહે છે. અને એ પણ ક્યારે ? એ તો નિમિત્તની વાત કરી, સદ્‌ગુરુની આજ્ઞા. અત્યંત નિર્મળ ક્ષયોપશમ હોય એ પહેલી વાત છે. અત્યંત નિર્મળ ક્ષયોપશમ ક્યારે હોય ? કે દર્શનમોહ અત્યંત મંદ થયો હોય તો. દર્શનમોહ ક્યારે અત્યંત મંદ થાય ? કે ઉપદેશબોધ સારી રીતે પરિણમ્યો હોય તો. એમ લાઈન છે સીધે સીધી. એનો ક્રમ છે આ. ક્રમભંગ ચાલવા માંગે (એ) ગોથું ખાધા વગર રહે નહિ.

એટલે **'સિદ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજ્જ્વળ ક્ષયોપશમે અને સદ્‌ગુરુના વચનની આરાધનાએ ઉદ્‌ભવે છે. સિદ્ધાંતજ્ઞાનનું કારણ જ ઉપદેશજ્ઞાન છે.'** સિદ્ધાંતજ્ઞાન પરિણમવાનું કારણ કોણ છે ? ઉપદેશજ્ઞાન છે. ઉપદેશબોધનું ઠેકાણું નથી અને સિદ્ધાંતજ્ઞાનની ચર્ચા માંડે. કોઈ રીતે પત્તો ખાય એવું નથી. **'સિદ્ધાંતજ્ઞાનનું કારણ ઉપદેશજ્ઞાન છે. સદ્‌ગુરુથી કે સત્શાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાન દૃઢ થવું ઘટે છે,...'** કયું ? ઉપદેશજ્ઞાન પ્રથમ જીવમાં દૃઢ થવું ઘટે છે. પછી શાસ્ત્ર વાંચીને દૃઢ થાય કે સદ્‌ગુરુના સમાગમથી-સત્સંગથી દૃઢ થાય પણ પહેલી એ સ્થિતિ આવવી ઘટે છે.

**'કે જે ઉપદેશજ્ઞાનના ફળ વૈરાગ્ય અને ઉપશમ છે.'** જે ઉપદેશજ્ઞાનના ફળ શું છે ? વૈરાગ્ય અને ઉપશમ છે. વૈરાગ્ય એટલે વર્તમાન ચાલતા ઉદયમાં નીરસપણું અને ઉપશમ એટલે વિષય કષાયના પરિણામમાં રસની મંદતા થવી તે ઉપશમ છે. કષાયરસની મંદતા થવી. **'વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે;...'** નિર્મળપણું કહો કે ઉજ્જ્વળપણું કહો. જ્યારે કષાયરસ મંદ થાય ત્યારે સહેજે સહેજે ક્ષયોપશમ નિર્મળ થાય છે. **'અને સહેજ સહેજમાં સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે.'** અને પછી જે આત્મસ્વરૂપનું વિજ્ઞાન છે, સ્વરૂપનો નિશ્ચય છે એ સહેજે સહેજે એને સિદ્ધાંતજ્ઞાન આવી જાય છે. એ નિર્મળ ક્ષયોપશમમાં સિદ્ધાંતજ્ઞાનની કોઈ કઠિનતા પડતી નથી.

**'જો જીવમાં અસંગદશા આવે...'** આ તો 'લલ્લુજી'ને લખે છે ને ? એટલે એ વાત લે છે કે તમે તો દીક્ષા લઈ લીધી છે. ગૃહસ્થપણું છોડ્યું છે તો તમારે તો અસંગપણાની ભાવના આવવી જોઈએ સીધી. **'જો જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે.'** કેમ કે એનો સંસાર ક્યો છે ? સંગ કરે છે એ એનો સંસાર છે. બૈરાં-છોકરાં છોડી દીધા છે એને. હવે એનો સંસાર શું ?

કે જે કોઈ એના સંગમાં આવે છે એમાં એ રાગ-દ્વેષ કરે છે પછી. આ ગામ સારું. અહીંયાં બધા ધર્મના ધાર્મિકવૃત્તિવાળા માણસો છે. અહીંયાં બરાબર નથી. અહીંયાં આમ છે... આમ છે... એને ક્ષેત્રનો, સંગનો, ગામનો કાંઈને કાંઈ આકર્ષણ રહ્યા કરે છે. એટલે કહે છે, જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે. '**અને તે અસંગદશાનો હેતુ વૈરાગ્ય અને ઉપશમ**' અર્થે.

'**જે ફરી ફરી...**' એટલે એ વૈરાગ્ય એને ઉપશમ માટે '**ફરી ફરી જિનાગમમાં તથા વેદાંતાદિ ઘણાં શાસ્ત્રોમાં કહેલ છે-વિસ્તારેલ છે;...**' ફરી ફરીને વિસ્તારથી એ વાતો કરી છે. કોઈ રીતે જીવને વૈરાગ્ય અને ઉપશમ આવે. '**માટે નિઃસંશયપણે યોગવાસિષ્ઠાદિ વૈરાગ્ય, ઉપશમના હેતુ એવા સદ્‍ગ્રંથો વિચારવા યોગ્ય છે.**' સદ્‍ગુરુની આજ્ઞાએ અન્યમતનું શાસ્ત્ર પણ એને નુકસાન નહિ કરે એ આ વાત છે. અહીંયાં એ વાત છે. પોતાની મેળે વાંચે તો ગડબડ થાય. પણ ગુરુ આજ્ઞાએ વાંચે તો વાંધો આવે નહિ.

એ પ્રશ્ન આપણે ત્યાં ઉઠ્યો હતો બહુ શરૂઆતમાં. કે શાસ્ત્રવાંચન આપણે ત્યાં થાય છે તો શાસ્ત્રવાંચન કરનારા વિદ્વાનો તો બધા સમ્યગ્દૃષ્ટિ નથી. 'ગુરુદેવ'ને પૂછ્યું રાત્રિચર્ચામાં. તો પછી કેમ કરવું જોઈએ ? તો કહ્યું, સત્પુરુષની આજ્ઞાએ કરવામાં બાધ નથી. આ 'ગુરુદેવ'નો ઉત્તર હતો. સત્પુરુષની આજ્ઞાએ એ પ્રકારે વાંચનાદિ કરવામાં બાધ નથી. પણ આજ્ઞાએ વાત લીધી. પોતાની મેળે સ્વચ્છંદે નહિ. એટલે શું એનો અર્થ ? કે એમના સંપર્કમાં રહે, એમનો સમાગમ કરે. પોતે જે રીતે સ્વાધ્યાયાદિ સત્સમાગમ કરે છે એની ચર્ચા કરે, મારી શું ભૂલ છે ? મારી કેવી રીતે ભૂલ થાય છે ? એ આદિ પ્રશ્ન કરે અને આપની આજ્ઞા પ્રમાણે એમાં કેમ ચાલવું જોઈએ એ આદિ વિચાર કરે. એ સદ્‍ગુરુ આજ્ઞાએ છે, સત્પુરુષની આજ્ઞાએ છે.

મુમુક્ષુ :– સત્પુરુષ ન હોય પછી શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ન હોય ત્યારે ભાવના ભાવવી જોઈએ અને ત્યારે માત્ર પોતાના કલ્યાણ અર્થે સત્સમાગમ કરવો છે એ રીતે એને બીજા મુમુક્ષુઓના પરિચયમાં આવવું જોઈએ અને તે પણ યોગ્ય મુમુક્ષુઓના જ પરિચયમાં આવવું જોઈએ કે ખરેખર આત્મકલ્યાણ અર્થે જ સત્સંગમાં રહેવા માગતા હોય અને બીજા કોઈ હેતુથી રહેવા માગતા ન હોય. નહિતર અસત્સંગ થઈ જાય છે. એવા શુદ્ધ અંતઃકરણવાળા જીવો

હોય કે અંતઃકરણથી જેને આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ કરવું નથી, એવા મુમુક્ષુનો અરસપરસ સમાગમ રહે તો એ જ્ઞાનીની આજ્ઞા છે. આમાં ઘણી જગ્યાએ એમણે કહ્યું છે કે તમે બધા નિવૃત્તિ અર્થે બધા સાથે મળીને સત્સમાગમ કરજો. કેવો સત્સમાગમ કરો છો એ અમને જણાવજો. એ વાત લખી છે. એ રીતે એ વાત છે. અને છતાં ભાવના રાખવી જોઈએ.

સત્પુરુષના અભાવમાં પણ એ ભાવના રાખવી જોઈએ કે આ કાળ હજી બિલકુલ સત્પુરુષના અભાવવાળો નથી. ક્યારેક ક્યારેક ક્યાંક ક્યાંક સત્પુરુષ થાય છે અને હોય છે માટે એ સત્પુરુષની ઓળખાણ થાય તે ગમે તે પરિસ્થિતિમાં હોય તો પણ હું ઓળખી શકું. હું એને સમજી શકું એવી યોગ્યતા મારે કેળવવી રહે છે. અને એની શોધ કરે. એ લીધું છે એમણે. પાછળ લ્યો. પાંચ વાત લખી છે.

૧૪૩ 'ખીમજી દેવજી' ઉપરનો પત્ર છે. પાનું ૨૨૯. મુમુક્ષને ભલામણ છે. પાંચ બોલ લખ્યા છે. **'નીચેનો અભ્યાસ તો રાખ્યા જ રહો :–'** **'૧. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા, અને ઉદય આવવાના કષાયોને શમાવો.'** **'૨. સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો.'** એટલે મહત્વાકાંક્ષા, આકાંક્ષા. **'૩. આટલા કાળ સુધી જે કર્યું તે બધાથી નિવૃત્ત થાઓ, એ કરતાં હવે અટકો.'** ત્રણ. **'૪. તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો, અને બાકીનાં પ્રાણીઓની અનુકંપા કર્યા કરો. ૫. કોઈ એક સત્પુરુષને શોધો.'** આ અત્યારનો મુદ્દો છે. ભાઈ ! **'કોઈ એક સત્પુરુષને શોધો અને તેનાં ગમે તેવા વચનમાં પણ શ્રદ્ધા રાખો.'** આમ કેમ કહ્યું એ વાત ઉઠવી જોઈએ નહિ. પરીક્ષા કરો. પૂરી પરીક્ષા કરો ! પણ નિર્ણય કર્યા પછી એના ગમે તેવા વચનમાં શ્રદ્ધા રાખો.

**'એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે; પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે એમ અવશ્ય માનો. અધિક શું કહું ? ગમે તે કાળે પણ એ પાચમું પ્રાપ્ત થયા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી.'** શોધો, એમ કહ્યું. ન હોય તો શોધો. કોઈ એક સત્પુરુષને શોધો એમ કહ્યું. મને માની લ્યો એમ નથી કહેતા. હું સત્પુરુષ છું અને તમે મને માનો એમ નથી કહેતા. તમે સત્પુરુષને શોધો એમ કહે છે. એ શોધવાનો વિષય છે, ઓળખવાનો વિષય છે, કોઈના કહેવાથી કે ખુદ એના કહેવાથી. સત્પુરુષના કહેવાથી કે બીજા કોઈ કહે માટે એ માની લેવાની ચીજ

નથી.

કોઈ એમ કહે કે મને જ્ઞાન થયું છે. માટે માની લેવું એ પણ પ્રશ્ન નથી. બીજા ઘણા એમ કહે કે આને જ્ઞાન થયું છે માટે પણ માની લેવાનો પ્રશ્ન નથી. આ શોધવાનો વિષય છે, ઓળખવાનો વિષય છે. એટલે એ ગ્રંથો વિચારવા યોગ્ય છે એમ કહ્યું.

**‘અમારી પાસે આવવામાં કોઈ કોઈ રીતે તમારી સાથેના પરિચયી શ્રી દેવકરણજીનું મન અટકતું હતું;...’** આ પ્રાંસગિક વાત લીધી છે. આ સાધુ છે, આ ગૃહસ્થી છે. ઉંમરમાં પેલા લોકો મોટા છે, આ તો બહુ નાની ઉંમરના છે. સ્વાભાવિક રીતે ક્ષોભ થાય એવો પ્રકાર હતો. એ ઉપર થોડી વાત વિચારીશું. વિશેષ લઈશું...

પ્રત્યક્ષ ધર્માત્માની ઓળખાણ થતાં, મુમુક્ષુજીવને પરમેશ્વરબુદ્ધિએ પરમ ભક્તિ પ્રગટે છે, સર્વસ્વના દાતાર પ્રત્યે પરમ પ્રેમાર્પણ ભાવ ઉલ્લસે છે. તેથી સ્વચ્છંદ અને માનાદિ શત્રુ – મહાદોષ મટી નમ્રતા ઉત્પન્ન થાય છે, સર્વાર્પણબુદ્ધિ થવાથી, તન-ધનાદિની આસક્તિનો પ્રતિબંધ ટળે છે, અને વૈરાગ્યમય પરિણામ થતાં લોભની ચીકાશ મટે છે. ભક્તિ એ નિજહિતની ગરજરૂપ પાત્રતા હોવાથી, સત્સંગરૂપી વૃક્ષની ઉપાસના કરવા માટે આવશ્યક સરળતા સહિતપણે સેવન થઈ, અમૃતફળ નિપજાવે છે. તેથી પ. કૃ. દેવે મુમુક્ષુ માટે ભક્તિને ‘શ્રેષ્ઠ માર્ગ’ કહ્યો છે, અર્થાત્ સરળ સુગમ કહી પરમ ઉપકાર કર્યો છે. મુમુક્ષુની ભૂમિકામાં ભક્તિ દ્વારા ભીંજાયેલા પરિણામો ભાવનાવૃદ્ધિ કરી અનેક દોષની નિવૃત્તિ કારક છે. જ્ઞાન તો બહુમૂલ્ય ગણાય છે, તથાપિ ભક્તિ વિના તે શૂન્ય છે.

(અનુભવ સંજીવની–૧૧૫૭)

તા. ૧૪-૮-૧૯૯૦, પત્રાંક-૫૦૦, ૫૦૧
પ્રવચન નં. ૨૦૦

૩૯૯માં છેલ્લા પેરેગ્રાફથી લેવું છે ને ? નીચેના પેરેગ્રાફથી. ૩૯૯ પાને. સિદ્ધાંતબોધ અને ઉપદેશબોધનો વિષય ફરીથી લઈએ.

**'શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ કર્યું છે તે જ્ઞાન બે પ્રકારમાં વિચારવા યોગ્ય છે.'** શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ કર્યું છે એટલા વચનમાંથી અપ્રગટ જ્ઞાન બીજું પણ રહ્યું છે એમ સ્પષ્ટ થાય છે. **'શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ કર્યું છે...'** અને શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ નથી કર્યું. જે જ્ઞાન ઉપરથી એ વાત નીકળે છે. શાસ્ત્રમાં સર્વ જ્ઞાન પ્રગટ કર્યું છે એવું ન કહ્યું. પણ જે જ્ઞાન પ્રગટ કર્યું છે, જેટલું જ્ઞાન પ્રગટ કર્યું છે એની ચર્ચા કરવી છે. કેમ કે વક્તવ્યપણે મર્યાદિત વિષય વ્યક્ત થાય છે. જ્ઞાનમાં, અનુભવમાં રહેલો બીજો વિષય અવ્યક્ત છે, અવક્તવ્ય છે. તેથી શાસ્ત્રમાં તેનું નિરૂપણ આવતું નથી.

પોતે આગળ કહી ગયા કે શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે તો પણ એ માર્ગનો મર્મ જ્ઞાનીપુરુષોનાં હૃદયમાં રહ્યો છે. એટલે કે એટલી વાત બાકી રહી જાય છે. એ સિવાય એક ૨૨ મા વર્ષમાં પણ બહુ સરસ વાત કરી છે. 'મનસુખરામ સૂર્યરામ'ને પત્ર લખ્યો છે ત્યાં. કેટલીક ધર્મચર્ચા કરતા કરતા એમ કહી દીધું કે નિશ્ચયમાં નિશ્ચયની પ્રયોજના જ્ઞાનીઓના અનુભવમાં રહી છે. જ્ઞાનીઓના હૃદયમાં રહી છે. પ્રયોજના એટલે શું ? કે નિશ્ચય વસ્તુનું ગ્રહણ કરવું, નિશ્ચય વસ્તુને અંતર્મુખ થઈને એકાગ્રતામાં આશ્રય કરવો એ પ્રકારની જે પરિણામની યોજના છે, કાર્યપદ્ધતિ છે એ કોઈ ભાષાનો વ્યાખ્યાનો વિષય નથી. વ્યાખ્યામાં એનો સમાવેશ થતો નથી. એટલે એ વાત રહી જાય છે એમ કહેવું છે. એ જ્ઞાનીઓના હૃદયમાં રહી છે.

એટલે અહીંયાં કહે છે કે **'શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ કર્યું છે...'** એટલે જે જ્ઞાનનો

વિષય શાસ્ત્રારૂઢ થયો છે. શાસ્ત્રમાં આરૂઢ થયેલો વિષય. **'તે જ્ઞાન બે પ્રકારમાં વિચારવા યોગ્ય છે.'** એ જ્ઞાનના બે વિભાગ થઈ શકે છે. **'એક પ્રકાર 'ઉપદેશ'નો અને બીજો પ્રકાર 'સિદ્ધાંત'નો છે.'** ઉપદેશાત્મક વિભાગ છે એમાં જીવને ઉપદેશ આપ્યો છે કે તારે શું કર્તવ્ય છે ? અને શું અકર્તવ્ય છે ? વિધિ અને નિષેધથી. બે પ્રકારે. સિદ્ધાંતની અંદર વસ્તુના સ્વરૂપનું પ્રતિપાદન છે અને તે પણ ઉપદેશ અંગીકાર કરવાના દૃષ્ટિકોણથી. જે કહ્યો ઉપદેશ તે ઉપદેશ સ્થિર થાય, પરિણામ પામે, સ્થિર થાય એના માટે સિદ્ધાંતબોધ (કહ્યો છે). એટલે વસ્તુના સ્વરૂપજ્ઞાનના આધારે એવો ઉપદેશ સ્થિર રહે કે પરિણમન થાય એવો હેતુ છે ત્યાં.

પહેલાં અવતરણ ચિહ્નમાં જેટલા વાક્યો છે, ચાર વાક્યો છે, પાંચ વાક્યો છે. એ ઉપદેશબોધના લીધા છે. **''જન્મમરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો ઘટે છે;...''** જેમાં એકાંતે ક્લેશ છે અને અનિવાર્યપણે મરણ અને જન્મ, મરણ અને જન્મ થયા જ કરે છે, ન ઇચ્છે તો પણ. અને જે દુઃખનું જ કારણ છે એવા આ સંસાર પ્રત્યે પ્રીતિ રાખે, મમત્વ રાખે અને સંસારને પ્રીતિથી આરાધે તો એનું ફળ દુઃખ સિવાય અને જન્મ-મરણના પરિભ્રમણ સિવાય બીજું કાંઈ નથી. એટલે એ સંસાર છોડવો જોઈએ એવો એક ઉપદેશ છે. શા માટે છોડવો જોઈએ ? કે જન્મ-મરણાદિ ક્લેશ ઉત્પન્ન કરાવે છે માટે એ ત્યાગવા યોગ્ય છે.

**'અનિત્ય પદાર્થમાં વિવેકીને રુચિ કરવી હોય નહીં;...'** જે જીવ વિવેકવાન છે, વિવેકવાન છે એટલે શું ? કે જેને આત્મહિતનો વિવેક ઉત્પન્ન થયો છે એને અહીંયાં વિવેકી કહે છે. બુદ્ધિવાળો છે માટે વિવેકી છે એમ નહિ. આત્મહિતને વિચારી શકે છે માટે જે વિવેકી છે એવા જીવને આત્મહિતાર્થે અનિત્ય પદાર્થમાં રુચિ કરવા યોગ્ય નથી. કેમ કે અનિત્ય પદાર્થની અનિત્યતા, જેનામાં એણે રુચિ કરી હશે તે અવસ્થા વ્યતીત થઈ જશે. તે અવસ્થા નિત્ય નહિ રહે તો રુચિ પછી શેમાં કરશે ? રુચિ કરેલા પદાર્થની અવસ્થા બદલાઈ જશે. એટલે એનો એને આઘાત થયા વગર રહેશે નહિ. કેમ કે રુચિમાં તો તેને તે સ્વરૂપે તેને તે અવસ્થાએ તે પદાર્થ કાયમ રહો એવો ભાવ હોય છે, એવો અભિપ્રાય હોય છે. એ અભિપ્રાય વિરુદ્ધ વસ્તુનું સ્વરૂપ છે. રુચિ કરતાં એને દુઃખ થયા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :– જન્મ અને મરણ, જન્મનું દુઃખ તો ખ્યાલ હોય નહિ, મરણનું દુઃખ

(ખબર નથી), તો કેવી રીતે ક્લેશનું કારણ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– બીજાનું તો જોવે છે કે નહિ ? જન્મતી વખતે દુઃખ થાય છે એ જોવે છે. મરતી વખતે દુઃખ થાય છે એ જોવે છે. બીજાનું તો જોવે છે કે નહિ ? કાંઈ ન ખબર પડે એવી તો ચીજ નથી. કેટલાં દુઃખી જોવે છે ? કે એટલા દુઃખી જોવામાં આવે છે કે એનું દુઃખ જોનારને દુઃખ થઈ જાય છે. કે અરે..રે..! આવું દુઃખ તો દુશ્મનને પણ ન હો. એવા દુઃખી જોવામાં આવે છે. જન્મ-મરણના દુઃખ છે એ તો એવા દુઃખ છે. એ ઉપરથી એ સ્થિતિ અનિવાર્ય છે. પોતાની પણ એ સ્થિતિ અનિવાર્ય છે.

મુમુક્ષુ :– ડૉક્ટર કહે છે, પંદર દિવસમાં ખલાસ થઈ જશે. ત્યારે પોતાને ખ્યાલ આવે ને.

પૂજ્ય ભાઈશ્રી :– કેવી હાલત થાય ? જાણે અત્યારે જ મૃત્યુ થયું હોય એવું દુઃખ થાય છે. અહીંયાં તો એવી Notice મળે કે ન મળે. દેવલોકમાં તો મળે જ છે નિયમથી. દેવલોકમાં છ મહિના પહેલા એ Notice મળી જાય છે. જાવ છ મહિના પછી તમારે અહીંથી ફલાણી જગ્યાએ જવાનું છે. નક્કી પાછું બતાવી દે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય જે સ્થાન હોય ને, એ બતાવી દે. નરકમાં ન જાય કોઈ દેવગતિમાંથી. નરકમાંથી દેવગતિમાં ન જાય. પણ બહુભાગ તિર્યંચમાં જાય છે. ચાર ગતિના જીવોને તિર્યંચ ગતિનું આવાગમન વિશેષ છે. એનું પેટ પણ મોટું છે. ઘણી જીવ યોનિ, ઘણા ઉત્પન્ન થવાના (સ્થાન છે). એક-એક યોનિમાં કરોડો-અબજો. એ ખબર પડે એટલે જે ત્રાસ એ છ મહિના ભોગવે છે એ બીજા દેવો જોઈ ન શકે. વિવેકી હોય તો એને ખ્યાલ આવે કે આ દશા મારી થવાની છે. અબજો વર્ષનું આયુષ્ય, કરોડો વર્ષનું આયુષ્ય પૂરું થતા વાર લાગતી નથી. જાણે આંખ મીંચીને ઊઘાડી ત્યાં જાણે આ પર્યાય પૂરી થવાની પરિસ્થિતિ જોવામાં આવે છે. એમાં રુચિ કરતા અવશ્ય અવશ્ય દુઃખ થાય. અવશ્ય ક્લેશ થાય જીવને.

**'માતપિતા, સ્વજનાદિક સર્વનો 'સ્વાર્થરૂપ' સંબંધ છતાં...'** એને ખબર પડે છે કે જરાક અણગમતું કહીએ, જરાક એના રાગને પોષણ ન મળે એવું કહેવામાં કે વર્તવામાં આવે, જે-તે વ્યક્તિને દરેકને રાગ છે પોતપોતાનો, સૌ પોતાના રાગમાં ચાલ્યા જાય છે સંસારમાં, એના રાગને ન પોસાય એવું કાંઈક કરવામાં આવે, કાંઈક

કહેવામાં આવે, તરત ખબર પડે છે કે કેવી પરિસ્થિતિ સામે ઊભી થાય છે. એ **''સ્વાર્થરૂપ' સંબંધ છતાં...'** ન સમજાય એવી વાત નથી. **'આ જીવ તે જાળનો આશ્રય કર્યા કરે છે,...'** એવી જાળનો જેમાં પોતે ફસાણો છે ખરેખર તો. જાળ એટલા માટે કીધી કે પોતે એમાં ફસાણો છે એનો આશ્રય કર્યા કરે છે. વધુ ફસાવાના પરિણામ કરે છે. વધુમાં વધુ પ્રીતિ કરે છે, વધુમાં વધુ રુચિ કરે છે.

**'એ જ તેનો અવિવેક છે;...'** એ એનો અવિવેક છે. **'પ્રત્યક્ષ રીતે ત્રિવિધ તાપરૂપ આ સંસાર જણાતાં છતાં...'** પ્રત્યક્ષપણે ત્રણે પ્રકારના. ત્રિવિધ–વિધ એટલે પ્રકાર. ત્રણે પ્રકારના. આધિ-વ્યાધિ-ઉપાધિ, મન-વચન-કાયા બધી રીતે જેમાં તાપ એટલે ક્લેશ થાય છે. દુઃખ થાય છે. એવો **'આ સંસાર જણાતા છતાં...'** એટલે એને ખ્યાલમાં આવે છે છતાં **'મૂર્ખ એવો જીવ તેમાં જ વિશ્રાંતિ ઇચ્છે છે;...'** જ્યાં સુખ થઈ શકે એવું નથી ત્યાં સુખની ઇચ્છા રાખે છે. અશક્યને શક્ય કરવા પ્રયત્ન કરે છે. એવો આ જીવ વિશ્રાંતિ ઇચ્છે છે.

**'પરિગ્રહ, આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે...'** એ ઉપદેશમાં આવી બધી વાતો છે. ઉપદેશબોધની અંદર આ બધો પ્રકાર છે કે પરિગ્રહ પણ અનર્થનો હેતુ છે એટલે જીવને નવા કર્મ બાંધવામાં એ સાધન થાય છે, નિમિત્ત થાય છે. આરંભ પણ એ પ્રકારે છે. અને જગતના જીવોનો સંગ છે એમાં પણ નવા કર્મો બાંધવા સિવાય, બંધાવા સિવાય બીજી કોઈ વાત નથી. આવો ઉપદેશ ઉપદેશબોધના વિભાગમાં અનેક પ્રકારે આવે છે. એ આદિ એટલે વગેરે વગેરે. આવો ઉપદેશબોધનો વિષય છે.

મુમુક્ષુ :– Social contact અનર્થનું કારણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. અત્યારે એ Craze ચાલ્યો છે. Craze એટલે Menia જેને કહેવામાં આવે છે. બને એટલા લૌકિક સંપર્ક વધારવા. Social contacts. એટલે આ ક્લબમાં જાય, સમાજસેવા કરે. સેવા તો શું કરે પણ સામાજિક કાર્યોની અંદર મુખ્ય થાય. અને વધારેમાં વધારે સંબંધો બાંધે. શું લાભ થાય ? નુકસાન સિવાય બીજું કાંઈ એમાં થાય નહિ. આત્મદૃષ્ટિએ, આત્મહિતની દૃષ્ટિએ તો એકાંત નુકસાનનું કારણ છે, જરા પણ લાભનું કારણ નથી.

**'એ સૌ અનર્થના હેતુ છે'** અનર્થ એટલે વગર જોઈતો દંડ દેવો એનું નામ અનર્થ

છે. કારણ વગર, અનર્થદંડ પોતાના આત્માને અમથો અમથો મુશ્કેલીમાં મૂકવો. **‘એ આદિ જે શિક્ષા છે તે ‘ઉપદેશજ્ઞાન’ છે.’** એવી જે શિક્ષા છે, બોધ છે એને ઉપદેશજ્ઞાન કહેવામાં આવ્યું છે. **‘આત્માનું હોવાપણું, નિત્યપણું, એકપણું અથવા અનેકપણું, બંધાદિ ભાવ,...’** બંધ એટલે બંધાદિમાં એ લીધા કે બંધ, સત્તા, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ એ બધી જેની અવસ્થા છે સંક્રમણ, ઉત્કર્ષણ, અપકર્ષણ વગેરે. એ વગેરેમાં જાય છે.

**‘બંધાદિ ભાવ, મોક્ષ, આત્માની સર્વ પ્રકારની અવસ્થા,...’** એટલે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય અને ધર્મ બધું લઈ લીધું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. એ **‘સર્વ પ્રકારની અવસ્થા, પદાર્થ અને તેની અવસ્થા એ આદિને દૃષ્ટાંતાદિથી..’** દૃષ્ટાંત ને યુક્તિ વગેરેથી, ન્યાય વગેરેથી પ્રકારે કરીને **‘જે પ્રકારે સિદ્ધ કર્યા હોય...’** સાબિત કર્યા હોય, એનું સપ્રમાણપણું દર્શાવ્યું હોય **‘તે ‘સિદ્ધાંતજ્ઞાન’ છે.’** આમ શાસ્ત્રમાં જે જ્ઞાનનો વિભાગ છે એની અંદર બે પ્રકાર છે–એક ‘ઉપદેશબોધ’ અને બીજો ‘સિદ્ધાંતબોધ’.

**‘વેદાંત અને જિનાગમ એ સૌનું અવલોકન પ્રથમ તો ઉપદેશજ્ઞાનપ્રાપ્તિ અર્થે જ મુમુક્ષુજીવે કરવું ઘટે છે;...’** મુમુક્ષુની ભૂમિકામાં પ્રથમમાં પ્રથમ ઉપદેશજ્ઞાનનું સારી રીતે દૃઢપણું થાય એટલા માટે (ઉપદેશબોધની વાત પ્રથમ કહી છે). વેદાંતનો ગ્રંથ હોય કે જિનાગમનો ગ્રંથ હોય. એમ નિષેધ નથી કર્યો જુઓ અહીંયાં. કેમ કે ત્યાં એ ઉપદેશ સારા પ્રમાણમાં છે માટે. એનું અવલોકન એટલે અવગાહન, અધ્યયન **‘પ્રથમ તો ઉપદેશજ્ઞાનપ્રાપ્તિ અર્થે જ...’** ઉપદેશજ્ઞાન પ્રથમ સારી રીતે દૃઢ થાય તે અર્થે **‘મુમુક્ષુજીવે કરવું ઘટે છે;...’** આ લાઈનદોરી આપી. માર્ગદર્શન આપ્યું. મુમુક્ષુને જેને જ્ઞાનમાર્ગે આગળ વધવું છે એને કેવા પ્રકારે આગળ વધવું યોગ્ય છે ? એ વિષય અહીંયાં સ્પષ્ટ કર્યો છે.

**‘કારણ કે સિદ્ધાંતજ્ઞાન જિનાગમ અને વેદાંતમાં પરસ્પર ભેદ પામતું જોવામાં આવે છે;...’** સિદ્ધાંતની અંદર પાયાના સિદ્ધાંતમાં ફેરફાર છે. કોઈ એમ કહે છે કે સાંખ્ય કહે છે એવું જ આત્માનું સ્વરૂપ સમયસારાદિ નિશ્ચયપ્રધાન શાસ્ત્રોમાં કહ્યું છે. તો એ વાત સાંગોપાંગ મેળ ખાતી નથી. કોઈ એક જગ્યાએ, કોઈ એક વિભાગમાં એનો મેળ દેખાય છે તો પણ સાંગોપાંગ એનો મેળ ખાતો નથી. એટલે એ રીતે વિચારવા યોગ્ય છે વેદાંતને અને જૈનાગમને. એમાં ભેદ છે, તફાવત છે **‘અને તે પ્રકાર જોઈ મુમુક્ષુજીવ અંદેશો અથવા શંકા પામે છે.’** એને થાય કે આમ કેમ ?

આવો સરસ ઉપદેશ આપ્યો હોય એને સિદ્ધાંતની ખબર નથી ? આમ કેમ ? અથવા ઘણા માણસો વેદાંતમાં છે. જૈનો ઓછા છે. તો શું આટલા બધા ખોટા હોય ? આટલા બધાને બુદ્ધિ ન હોય એવો વિચાર કરવાની ? આ થોડાને બુદ્ધિ થઈ અને ઝાઝાને ન હોય ? શું વાત છે આ ? અનેક પ્રકારે એને શંકા પડે.

**'અને તે શંકા ચિત્તનું અસમાધિપણું કરે છે,...'** પછી એને સમાધાન થતું નથી. અસમાધાન રહ્યા કરે કે સાચું કોણ ? વાત જ્યારે બે પ્રકારે છે ત્યારે બેય સાચી છે ? એવું તો બને નહિ. તફાવતવાળી બે વાત કદી સાચી ન હોય. કેમ કે સત્ય બે નથી. સત્ય એક જ છે. માટે જ્યાં તફાવત પડે છે ત્યારે બેમાંથી એકમાં જરૂર ભૂલ છે એમ વિચારવું ઘટે છે.

એટલે **'ચિત્તનું અસમાધિપણું કરે છે, એવું ઘણું કરીને બનવા યોગ્ય જ છે.'** એમ જ બને છે. એટલે જે ચિત્તની અંદર સમાધાન થવા અર્થે શાસ્ત્રજ્ઞાન કરવું હતું એ શાસ્ત્રજ્ઞાન એને અસમાધાનમાં નિમિત્ત થઈ ગયું. કેમ કે અક્રમે એણે જ્ઞાનપ્રાપ્તિ કરવાનું માર્ગ અપનાવ્યો, ઉપાય કર્યો. એ અક્રમે કરવા જેવું નથી. **'કારણ કે સિદ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજ્જ્વળ ક્ષયોપશમે અને સદ્‌ગુરુના વચનની આરાધનાએ ઉદ્‌ભવે છે.'** સિદ્ધાંતજ્ઞાન પ્રાપ્ત થાય છે. ઉદ્‌ભવ થાય છે એટલે પ્રાપ્ત થાય છે. એટલે ક્યા સંજોગોમાં ? કઈ પરિસ્થિતિમાં થાય ? કે ક્ષયોપશમની નિર્મળતા હોય તો. અને સદ્‌ગુરુના વચનને અનુસરીને આરાધતો હોય તો. કેમ કે એનો મર્મ સદ્‌ગુરુ પાસે છે. સિદ્ધાંતનો મર્મ સદ્‌ગુરુ પાસે છે. એટલે એણે સદ્‌ગુરુને અનુસરવું એ અનિવાર્ય છે. એમાં બીજી કોઈ અપેક્ષા કે વિકલ્પ ચાલે એવું નથી.

સિદ્ધાંતજ્ઞાન માટે સદ્‌ગુરુને ન અનુસરવું એ વાત તો ચોખ્ખે ચોખ્ખી આત્માને નુકસાન કરનારી છે. પણ સદ્‌ગુરુને જ અનુસરવું એ સિવાય બીજો વિકલ્પ નથી, એમ વિચારવા યોગ્ય છે. અને તે પણ નિર્મળ ક્ષયોપશમ, ઉજ્જ્વળ ક્ષયોપશમ હોય તો. નહિતર ગુરુ ના પાડશે એને. તારું હમણાં કામ નથી. તું હમણાં ઉપદેશ સાંભળ. હમણાં ઉપદેશ સાંભળ અને થોડો ધીરો થા પછી તને સિદ્ધાંત સમજાવશું. તારી યોગ્યતા હમણાં નથી.

મુમુક્ષુ :– શિક્ષણ શિબિર તો...

પૂજ્ય ભાઈશ્રી :– સાચી વાત છે. વાત ખરી છે.

માર્ગ ચલાવવો છે કે સંપ્રદાય ? આ એક પ્રશ્ન વિચારવા યોગ્ય છે. કોઈ એક મહાપુરુષ થાય છે. જેમ કે ભગવાન મહાવીર સ્વામી થયા તો એમની પાછળ એમનો સંપ્રદાય ચાલ્યો. માર્ગ ચાલવો બીજી વાત છે અને સંપ્રદાય ચાલવો તે બીજી વાત છે. આ બે વચ્ચેની જે ભેદરેખા છે એ ન સમજાય ત્યાં સુધી બધી ગડબડ ચાલવાની જ છે. સમાજની અંદર ગડબડ ચાલવાની, ચાલવાની અને ચાલવાની. એમ છે. હા. સત્પુરુષ બિરાજમાન હોય, શ્રીગુરુ બિરાજમાન હોય બીજી વાત થઈ જાય છે. ત્યાં તો ખુદ શિખડાવનારની ભૂલ હોય તો શ્રીગુરુ છે એ ધડાકો કરી દે. કે આવી ગડબડ ચાલે નહિ. બીજા કોઈ કહે તો ? સમાજની અંદર ખળભળાટ થઈ જાય. પક્ષાપક્ષી થઈ જાય, મુશ્કેલી ઊભી થાય, વિખવાદો ઊભા થઈ જાય. ગુરુની તો એ પરિસ્થિતિ એવી છે કે બધાને માન્ય કરવું પડે. શ્રીગુરુએ કહ્યું વાત ખલાસ થઈ ગઈ. હવે એમાં બીજો વિકલ્પ કરવા યોગ્ય નથી એમ થઈ જાય છે. એ બધો વિચાર છે.

મુમુક્ષુ :– સદ્‌ગુરુના કોઈ વચન માખણ જેવા લાગે તો કોઈ વચન છાશ જેવા લાગે. તો સદ્‌ગુરુ પ્રત્યે અર્પણબુદ્ધિ છે એ ક્યાં રહી ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે એને સદ્‌ગુરુની ઓળખાણ નથી. સદ્‌ગુરુનું કોઈ વચન તો માખણ જેવું લાગે અને કોઈ વચન તો છાશ જેવું લાગે. તો એને સદ્‌ગુરુ ક્યાંથી બોલે છે ? કેવી રીતે બોલે છે ? એમના વચનની પશ્ચાત ભૂમિકા શું છે ? Background જેને કહે છે. એની ખબર નથી. એટલે કઈ ભૂમિકામાંથી એ વાત આવી છે એ સદ્‌ગુરુની ઓળખાણ ન હોય ત્યારે એવો અપરાધ થાય છે. શ્રીગુરુ પ્રત્યે એવો અપરાધ થાય છે. એ જરા ઊંડી વિચારણાનો વિષય છે.

અહીંયાં જે વાત કરી છે એ વાત તો નિયમબદ્ધ છે, સિદ્ધાંતબદ્ધ છે. આ જ માર્ગનો ક્રમ છે. સંપ્રદાય ગમે તે ક્રમે તમે ચલાવો. માર્ગનો ક્રમ તો માર્ગની રીતે હોય છે એમાં ફેરફાર ચાલતો નથી. માર્ગનો ક્રમ એથી કાંઈ ફરી નથી જતો. સંપ્રદાય કોઈ બીજી રીતે ચલાવે એટલે માર્ગનો ક્રમ ફરી જાય એવું કદી બનતું નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'ની ટેપ એક કલાક સાંભળીએ તો કોઈ પ્રવચનમાં વૈરાગ્ય ઉપશમની વાત ન આવતી હોય એમ બનતું નથી. સિદ્ધાંતની વાતો પણ આવે છે....

પૂજ્ય ભાઈશ્રી :– બને જ નહિ. સિદ્ધાંત અને વૈરાગ્ય, ઉપશમ સાથે જ આવવાનો. એક કલાકની વાતમાં એ વાત નિયમથી લગભગ આવે છે કે ભાઈ ! તું તારા આત્માનું

હિત કરવા માટે જરાક ત્વરાથી કામ કર. ઘડીકમાં આંખ મીંચાઈ જશે. આ પર્યાય અનિત્ય છે. મનુષ્યપર્યાયનું ઠેકાણું નથી. અનિશ્ચિત છે. અનિત્ય અને અનિશ્ચિત છે. એનું કોઈ નિયમ નથી કે આ કાળે આયુષ્ય પૂરું ન થાય. એવો કોઈ પ્રતિબંધ નથી. એ વાત તો વૈરાગ્યની, અનિત્યતાની વાત એકે એક પ્રવચનમાં આવશે. 'સોગાનીજી'ના શબ્દોમાં કહીએ તો 'ગુરુદેવ કે એક ઘંટે કે પ્રવચનમેં પુરીપુરી બાત આ જાતી હૈ.' આમ કહે છે. એટલે શું ? કે ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ બેયનું સંકલન છે એની અંદર. એવી રીતે વાત આવે છે હંમેશાં.

મુમુક્ષુ :– ઉપદેશબોધની શિબિર નથી ચાલતી, સિદ્ધાંતબોધની શિબિર ચાલે છે. અહીંયાં ઉપદેશ બોધની દઢતા વિના...

પૂજ્ય ભાઈશ્રી :– ઠીક છે. એનો અર્થ કે શિબિર ચલાવનાર 'ગુરુદેવ'ને સાંગોપાંગ સમજ્યા નથી. એમ થયું ને ? જે શિબિર ચાલે છે એની અંદર એવી જે વ્યવસ્થા હોવી જોઈએ કે જે 'ગુરુદેવ'ના ઉપદેશ અનુસાર હોય એવી વ્યવસ્થા હોવી જોઈએ. એટલે હવે શિબિર ચલાવવાની જ્યારે મિટિંગ ઊભી થાય ત્યારે આ ચર્ચા કરવી. બરાબર છે ? શિબિરો ચલાવવી છે. કેવી રીતે ચલાવવી છે એની વિચારણા કરવા બધા ભેગા થાય ત્યારે આ ચર્ચા કરવી જોઈએ.

મુમુક્ષુ :– અત્યંત ઉજ્જ્વળ ક્ષયોપશમ આ જે લખ્યું છે તો જે આ માખણ અને છાશનો ભેદ કરે છે એમાં ઉજ્જ્વળ ક્ષયોપશમ કેમ હોય ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, એ તો સ્વચ્છંદ જ છે. ઉજ્જ્વળ ક્ષયોપશમ તો નથી પણ સ્વચ્છંદ જ છે. શ્રીગુરુના વચનની જે ટીકા કરે છે, છાશ કહે છે એ તો ટીકા કરી કહેવાય ને ? ટીકા એટલે ટીપ્પણી અહીંયાં. તો એ તો ઉજ્જ્વળ ક્ષયોપશમ તો નથી પણ સ્વચ્છંદનું પ્રમાણ ઘણું વધી ગયેલું હોય ત્યારે એવું બને છે. એટલે ઉજ્જ્વળ ક્ષયોપશમનો તો વિચાર જ ત્યાં કરવાનો રહેતો નથી. એમ છે. પણ વસ્તુસ્થિતિ આ છે કે સિદ્ધાંતજ્ઞાન સદ્‌ગુરુની આજ્ઞાએ આરાધવું અને ઉજ્જ્વળ ક્ષયોપશમની પરિસ્થિતિમાં આરાધવું. એ સિદ્ધાંત ક્યાંય પણ બાધા પામતો નથી. એ સિદ્ધાંતમાં ફેરફાર નથી. કોઈ ગમે તેમ ચાલે એટલે જ્ઞાનપ્રાપ્તિ થઈ જાય છે એવું બનતું નથી. જ્ઞાનપ્રાપ્તિ, જ્ઞાનપ્રાપ્તિની સુયોગ્ય પરિસ્થિતિમાં જ થાય. એ વસ્તુનું સ્વરૂપ છે એને કોઈ બદલી શકતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાન અને રાગ જુદાં છે એ સિદ્ધાંતબોધ થયો ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન અને રાગ જુદાં છે એ સિદ્ધાંતબોધ થયો. ઉપદેશબોધ એમને બહુ સારી રીતે હતો. આત્મકલ્યાણ કરવું છે એ આત્મહિતના પરિણમનમાં અસાધારણપણે આવી ગયેલા હતા. સિદ્ધાંતબોધ એકલો સિદ્ધાંતબોધ નથી પણ એમાં મુખ્ય એવો અધ્યાત્મબોધ છે. સિદ્ધાંતબોધની અંદર પણ સૂક્ષ્મતાએ વિચારવામાં આવે તો એક વસ્તુના સ્વરૂપને નિરૂપણ કરતા અથવા પ્રતિપાદન કરતા સિદ્ધાંતો છે અને એક આત્માનો આશ્રય કરાવવા માટેના અધ્યાત્મ સિદ્ધાંતો છે. બે સિદ્ધાંતના જ વિભાગમાં આ બે પેટા વિભાગ છે એના. તો મુખ્યપણે તો આ અધ્યાત્મનો સિદ્ધાંત છે. વસ્તુના સ્વરૂપનો નહિ. દ્રવ્યાનુયોગનો નહિ. એ રીતે વિચારવા યોગ્ય છે.

**'સિદ્ધાંતજ્ઞાનનું કારણ...'** એટલે સિદ્ધાંતજ્ઞાનના ઉદ્‌ભવ થવાનું કારણ એમ લેવું છે. સિદ્ધાંતજ્ઞાનનું કારણ એટલે ? સિદ્ધાંતજ્ઞાનનો ઉદ્‌ભવ થવાનું **'કારણ ઉપદેશજ્ઞાન છે.'** ઉપદેશજ્ઞાન પ્રાપ્ત થયા વિના એટલે એ કારણ મળ્યા વિના સિદ્ધાંતજ્ઞાનની પ્રાપ્તિરૂપ કાર્ય થાય એવું બની શકતું નથી. આ કારણ-કાર્યની વસ્તુસ્થિતિ છે. એવું એ કારણજ્ઞાન છે.

**'સદ્‌ગુરુથી કે સત્શાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાન દૃઢ થવું ઘટે છે,...'** ગમે તેમ પણ સદ્‌ગુરુથી કે સત્શાસ્ત્રથી કે કુદરતી રીતે પણ એવું પ્રથમ એ જ્ઞાન, ઉપદેશજ્ઞાન આત્મકલ્યાણ કરવું છે, એકાંતે આત્મકલ્યાણ કરવું છે, ગમે તેમ કરીને આત્મહિત કરી જ લેવું છે એવી જે પાત્રતા એ પાત્રતા દૃઢપણે આવવી ઘટે છે. એ પ્રથમ હોવી જોઈએ. **'કે જે ઉપદેશજ્ઞાનનાં ફળ વૈરાગ્ય અને ઉપશમ છે.'** કે જેને લઈને એને ઉદયના બધા જ કાર્યો નીરસ લાગે, બોજારૂપ લાગે, ખટક્યા કરે અને છૂટું-છૂટું થયા કરે. એ પ્રકારમાં આવે. (વૈરાગ્ય અને ઉપશમ) બળવાનપણે થયા હોય ત્યારે એ **'જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે;...'** ત્યારે એને ક્ષયોપશમ નિર્મળ થાય છે.

સિદ્ધાંતિક રીતે વિચારીએ તો દર્શનમોહની મંદતા થાય ત્યારે ક્ષયોપશમ નિર્મળ થાય. કાલે એ વિષય લીધો હતો. દર્શનમોહને મંદ કર્યા વિના આત્મા ઓળખાય નહિ, સ્વરૂપનો નિશ્ચય થાય નહિ. અભાવ થયા વિના અનુભવ થાય નહિ. બે સિદ્ધાંત લીધા છે, ૨૦૩માં.

એવું **'નિર્મળપણું થાય છે; અને સહેજ સહેજમાં સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે.'** એને સહેજે ઉપદેશજ્ઞાન પરિણમે છે. એને પોતાની અવસ્થામાંથી પોતાના આત્માને અહિત કરતા પરિણામોનો નિષેધ આવે છે. અને પોતાના શુદ્ધ સ્વરૂપનો અને પોતાના પરિણામની શુદ્ધિની ઉપાદેયતા એને આવે છે. એટલે સહેજે એને સિદ્ધાંતજ્ઞાન ઉત્પન્ન થાય છે.

**'જો જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે;...'** અસંગદશા આવે એટલે સંસારના જીવોની, કોઈનો પણ સંગ કરવાની વૃત્તિ છૂટી જાય છે. તો એને આત્મસ્વરૂપ સમજવું સુલભ થાય છે. એમાં લોકસંજ્ઞાનો પણ નિષેધ આવી ગયો. અસંગ થવું એટલે લોકસંજ્ઞાનો નિષેધ પણ એમાં આવી ગયો. તો એને આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે એટલે એની ઓઘસંજ્ઞા મટશે. **'અને તે અસંગદશાનો હેતુ વૈરાગ્ય અને ઉપશમ છે;...'** એનું નીરસપણું છે એ એ જ છે. એ જ એનો મુખ્ય પ્રકાર છે બહારમાં દેખાતો. આપણે તે દિવસે વાંચ્યું હતું. કેટલામું વાચ્યું હતું ? ૧૦૬ છે ? ૧૦૩ ? ૧૦૩ છે.

**'કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે; મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે.'** અને એ પર્વતની પ્રત્યેક ગુફામાં તે મોહ જાજવલ્યમાન છે. કેટલામાં વર્ષે લખે છે ? ૨૩માં વર્ષે આ વાત લખે છે.

**'માટે ત્યાં અલ્પભાષી થવું, અલ્પહાસી થવું, અલ્પપરિચયી થવું, અલ્પઆવકારી થવું, અલ્પભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું, અલ્પગુરુ થવું,...'** બીજાને ઉપદેશ દેવામાં. અને **'પરિણામ વિચારવું,...'** ફળ વિચારવું. **'એ જ શ્રેયસ્કર છે.'** આટલી શિખામણ આપી છે એમણે. સમસ્ત કુટુંબ છોડીને ભાગી ન જાય, પણ આટલું તો કરી શકે. કે અલ્પપરિચય કરી નાખે. બોલવાનું પણ બીજાઓની સાથે અલ્પ કરી નાખે. સહવાસ પણ અલ્પ કરી નાખે. બહુ આવકાર દેવાનું પણ ઓછું થઈ જાય તો જ સંગ ઓછો થાય છે. પરિચય અલ્પ કરી નાખે અને બીજાને શિખામણ પણ અલ્પ આપે. એ બધા પ્રકાર લઈ લીધા છે. બહુ ઊંડાણથી, ૨૩ વર્ષની ઉંમરે જે એમનું વૈચારિક ઊંડાણ છે એ પણ આશ્ચર્યકારક છે ખરેખર તો.

એટલે એ કહ્યું **'જે ફરી ફરી જિનાગમમાં તથા વેદાંતાદિ ઘણાં શાસ્ત્રોમાં કહેલ છે-વિસ્તારેલ છે; માટે નિઃસંશયપણે યોગવાસિષ્ઠાદિ વૈરાગ્ય, ઉપશમના હેતુ એવા સદ્ગ્રંથો વિચારવા યોગ્ય છે.'** એ ઉપદેશના ગ્રંથો મુખ્યપણે મુમુક્ષુએ વાંચવા. સિદ્ધાંતબોધ ગ્રહણ કરી શકે એવી યોગ્યતા માટે આટલું કરવું જોઈએ. એ વિષય આગળ પણ હજી એક જગ્યાએ ચર્ચા કરશે. ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધની સારી ચર્ચા આગળ ઉપર કરે છે. અહીંયાં એમના વિચારમાં કેટલીક વાતો છે એ સ્થાપી છે એમણે.

મુમુક્ષુ :– ઉપદેશબોધ ગ્રહણ કરવા માટે ક્યા ગ્રંથ લેવા ? આપણે ત્યાં જે પ્રસિદ્ધ થયા છે...

પૂજ્ય ભાઈશ્રી :– એમાં આ બાર ભાવના હમણાં આપણે પ્રસિદ્ધ કર્યું. દ્વાદશાનુપ્રેક્ષા છે. પછી 'કાર્તિકેયાનુપ્રેક્ષા' છે. અનુપ્રેક્ષાના ગ્રંથો એટલે એ વારંવાર ભાવના ભાવવાના ગ્રંથો છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા' છે પછી વૈરાગ્યના ગ્રંથો તો બીજા છે. જરાક લીસ્ટ જોઈએ એટલે તરત ખ્યાલ આવે કે આ ગ્રંથો મુખ્યપણે વાંચવા યોગ્ય છે.

મુમુક્ષુ :– ઉપદેશગ્રંથો આપણે ત્યાંથી પ્રકાશન ઓછો કરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'કાર્તિકેયાનુપ્રેક્ષા' થઈ ગયું છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા' તો આપણે ત્યાંથી પ્રકાશન થઈ ગયું છે. આ 'દ્વાદશ અનુપ્રેક્ષા' તો હમણાં જ થયું.

મુમુક્ષુ :– 'રત્નકરંડ શ્રાવકાચાર'

પૂજ્ય ભાઈશ્રી :– 'રત્નકરંડ શ્રાવકાચાર'માં મુખ્ય તો આ આચારઅંગનો ગ્રંથ છે. પણ એમાં ઉપદેશની વાત તો આવે જ છે. પછી 'અષ્ટપાહુડ'માં આવે છે. પણ એ દાર્શનિક ગ્રંથ છે મુખ્યપણે. પણ એ વિષય છે 'અષ્ટપાહુડ'માં ઠીક ઠીક જગ્યાએ છે એ વિષય. બાકી અધ્યાત્મ શાસ્ત્રોની અંદર પણ ઉપદેશનો વિષય આવે છે. ભલે એ સિદ્ધાંતના ગ્રંથો હોય તો પણ અધ્યાત્મ શાસ્ત્રમાં ઉપદેશનો વિષય અનેક જગ્યાએ આવે છે. 'સમયસાર'માં તો ઘણી વાતો નાખી છે. નિર્જરા અધિકાર લીધો ત્યાં લીધું છે. કે બહુભાગ તો મુમુક્ષુજીવનો નિશ્ચયના વિષયમાં પ્રવેશ જ થતો નથી. માટે એણે આમ કરવું જોઈએ... આમ કરવું જોઈએ... આમ કરવું જોઈએ... એમ કરીને લાંબી લાંબી ઘણી ચર્ચા કરી છે.

મુમુક્ષુ :- કથાનુયોગમાં પણ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- પછી આ 'શ્રીમદ્જી'નો ગ્રંથ છે. ઉપલબ્ધ ગ્રંથોમાં ઉપદેશનો બહુ સારો ગ્રંથ છે. સિદ્ધાંતની વાતો પણ છે ક્યાંક ક્યાંક. પણ ઉપદેશ માટે તો બહુ સારો ગ્રંથ છે. એક (આ) ગ્રંથ કામ કરી જાય એવો ગ્રંથ છે. ઉપદેશ માટે વિચારવું હોય તો.

હવે આ છેલ્લા પેરેગ્રાફથી વિષય થોડો ચાલતી જે પરિસ્થિતિ છે એના ઉપર છે. અહીંયાં વિષય બદલાય છે.

**'અમારી પાસે આવવામાં કોઈ કોઈ રીતે તમારી સાથેના પરિચયી શ્રી દેવકરણજીનું મન અટકતું હતું;...'** છ-સાત સાધુઓ સાથે રહેતા હતા. એમાં 'દેવકરણજી' કરીને એક વ્યાખ્યાન આપતા હતા, એ સાધુ. **'અને તેમનું અટકવું થવું સ્વાભાવિક છે,...'** એનો અમને કોઈ વાંધો નથી શા માટે એ ખચકાય છે, અચકાય છે અહીંયાં આવવા માટે એ સ્વાભાવિક છે. **'કારણ કે અમારા વિષે અંદેશો સહેજે ઉત્પન્ન થાય એવો વ્યવહાર પ્રારબ્ધવશાત્ અમને ઉદયમાં વર્તે છે;...'** ગૃહસ્થ દશાનો ઉદય છે. પેલા સાધુ છે. ઉંમર પણ નાની છે. પેલા મોટી ઉંમરના સાધુઓ છે.

**'અને તેવા વ્યવહારનો ઉદય દેખી...'** એવા વ્યવહારનો ઉદય હોવાથી એવું સમજીને **'ઘણું કરી 'ધર્મ સંબંધી' સંગમાં અમે લૌકિક, લોકોત્તર પ્રકારે ભળવાપણું કર્યું નથી,...'** ન તો વ્યવહારિક ધર્મકાર્યોમાં અમે ભળીએ છીએ, ન તો બીજી કોઈ લોકોત્તર સિદ્ધાંતોની વાતોમાં અમે લોકોના પરિચયમાં આવીએ છીએ. બે રીતે વાત કરી. જોયું ? લૌકિક અને લોકોત્તર. **'ધર્મ સંબંધી સંગમાં અમે લૌકિક, લોકોત્તર...'** જે સંપ્રદાય ચાલે છે તે લૌકિક છે. અને જે મૂળ વસ્તુ માર્ગની છે તે અલૌકિક છે. એમ બે વિભાગ કરી નાખ્યા એમણે. લૌકિક અને લોકોત્તર. સંપ્રદાય લોકરૂઢિથી ચાલે છે. માર્ગ છે એ કોઈ અલૌકિક ચીજ છે એમ કહેવું છે. બેમાંથી એકપણ પ્રકારે અમે કોઈના સંગમાં આવતા નથી. કેમ કે અમે વેપારમાં બેઠા છીએ માટે.

**'કે જેથી લોકોને આ વ્યવહારનો અમારો પ્રસંગ વિચારવાનો વખત ઓછો આવે.'** એની ચર્ચા કરવાનો વખત ઓછો આવે. નાહકના દંડાઈ જાય. એવો પ્રસંગ જ એને ન આવે એટલા માટે અમે ક્યાંય ભળતા નથી. **'તમને અથવા શ્રીદેવકરણજીને અથવા કોઈ બીજા મુમુક્ષુને કોઈ પ્રકારની કંઈ પણ પરમાર્થની વાર્તા કરી હોય તેમાં માત્ર**

**પરમાર્થ સિવાય બીજો કોઈ હેતુ નથી.'** આત્મહિતની વાતમાં આત્મહિત થવા સિવાય અમારો કોઈ હેતુ નથી. કરી હશે, કોઈને વાત કરી છે પરમાર્થની. એટલે અલૌકિક વાત કરી છે પણ આત્મહિત સિવાય એમાં અમારો બીજો કોઈ હેતુ નથી. પણ એ વ્યક્તિગત વાત કરી છે. સમષ્ટિગત કોઈ વાત કરતા નથી, એમ કહેવું છે.

હવે પોતે કેવી જગ્યાએ આવી પડ્યા છે એ વાત કરે છે. કે **'વિષમ અને ભયંકર આ સંસારનું સ્વરૂપ જોઈ...'** અત્યારે આ સંસારની વિચિત્રતા, વિષમતા એ વગેરે જોઈને ભયંકર વિચિત્રતા છે. એવું **'આ સંસારનું સ્વરૂપ જોઈ તેની નિવૃત્તિ વિષે અમને બોધ થયો.'** આ સંસારની નિવૃત્તિનું અમને જ્ઞાન થયું છે. આ સંસાર કેવી રીતે તરી જવો ? એ તરવાનું જ્ઞાન અમને થયું છે. ભયંકર સંસારને તરવાનું જ્ઞાન થયું પણ આવી સ્થિતિમાં, આવા કાળમાં થયું. આવો હુંડાવસર્પિણી (કાળ), એવા કાળમાં અમારો જન્મ થયો, અમને એ બોધ થયો. **'જે બોધ વડે જીવમાં શાંતિ આવી,...'** અમને શાંતિ આવી છે. **'સમાધિદશા થઈ...'** છે. **'તે બોધ આ જગતમાં કોઈ અનંત પુણ્યજોગે જીવને પ્રાપ્ત થાય છે,...'** પુણ્ય યોગ એટલે એ પ્રકારનું ભવિષ્ય. જેને કહીએ હોનહાર. અહીંયાં પુણ્યયોગ એટલે હોનહાર લેવું. એવું કોઈ હોનહાર હોય તો જ. આ કાળમાં કોઈને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય એવું કોઈ હોનહાર, સારું હોય એવા કોઈ જીવને થાય છે. બાકી આ કાળમાં આત્મજ્ઞાન થાય એ પરિસ્થિતિ દેખાતી નથી એમ કહેવું છે.

**'એમ મહાત્માપુરુષો ફરી ફરી કહી ગયા છે. આ દુષમકાળને વિષે અંધકાર પ્રગટી બોધના માર્ગને આવરણ પ્રાપ્ત થવા જેવું થયું છે,...'** એટલો બધો અંધકાર પ્રગટ થઈને વ્યાપી ગયો છે કે માર્ગને આવરણ પ્રાપ્ત થઈ ગયું છે. માર્ગ ઉપર જાણે આવરણ આવી ગયું છે. આ દશા ઊભી થઈ છે. **'તે કાળમાં...'** આવા વિષમકાળમાં **'અમને દેહજોગ બન્યો,...'** અહીંયાં જન્મ થઈને દેહજોગ બન્યો. દેહનો યોગ થયો એ આવા કાળમાં થયો. **'તે કોઈ રીતે ખેદ થાય છે,....'** કાળ જોઈને ખેદ થાય છે. એનો અર્થ એ છે કે જો સારા કાળમાં આવા મહાપુરુષ ઉત્પન્ન થાય તો કેટલાય જીવોનું આત્મકલ્યાણ થઈ જાય. ઘણાં જીવોનું આત્મકલ્યાણ થઈ જાય. એના બદલે કોઈ મહાપુરુષ આવા વિષમ કાળમાં ઉત્પન્ન થાય તો કો'ક આંગળીને વેઢે ગણાય એવા કો'ક જીવનું આત્મહિત થાય. એવી પરિસ્થિતિ હોય છે. એટલે ખેદ થાય છે.

**'તથાપિ પરમાર્થથી તે ખેદ પણ સમાધાન રાખ્યા કર્યો છે;...'** એ તો એમ જ

હોનહાર હોય ત્યાં એનું સમાધાન કરવા જેવું છે. બીજી કોઈ વાત એમાં નથી. એટલે જ્ઞાને કરીને એનું સમાધાન આવે છે. **'પણ તે દેહજોગમાં...'** એમ. એ હું છું એમ નહિ. આ શરીરધારી હું છું એમ નહિ. **'તે દેહજોગમાં...'** Third person કરે છે. **'કોઈ કોઈ વખત કોઈ મુમુક્ષુ પ્રત્યે વખતે...'** એટલે પ્રસંગ પ્રાપ્ત થયે **'લોકમાર્ગનો પ્રતિકાર ફરી ફરી કહેવાનું થાય છે;...'** લોકમાર્ગ એટલે સંપ્રદાય. સંપ્રદાયબુદ્ધિ, સંપ્રદાયની રૂઢિ, સંપ્રદાયની પ્રણાલિકા જે પરમાર્થથી ખસીને જરાક આગળ ચાલે છે એનો પ્રતિકાર કરીએ છીએ, એનો વિરોધ કરીએ છીએ. એવું કહેવાનું અમારાથી થાય છે ખરું. એમ કહે છે.

**'તે દેહજોગમાં કોઈ કોઈ વખત કોઈ મુમુક્ષુ પ્રત્યે...'** પ્રસંગે. વખતે એટલે પ્રસંગે. **'લોકમાર્ગનો પ્રતિકાર ફરી ફરી કહેવાનું થાય છે;...'** કે આ જે બધું ચાલી રહ્યું છે એમાં કાંઈ માર્ગ છે નહિ. માર્ગ છોડીને જ બધા દૂર જાય છે. લાખો ગાવ (ગાઉ-માઈલ) દૂર ચાલ્યા ગયા છે. વર્તમાન કહેવાતો જૈન સંપ્રદાય જૈનમાર્ગથી લાખો ગાવ દૂર છે એમ કહે છે. એ તો એ ૨૩મા-૨૪મા વર્ષે કહી ગયા છે. એમ **'ફરી ફરી કહેવાનું થાય છે; જે જોગમાંનો જોગ તમારા અને શ્રી દેવકરણજી સંબંધમાં સહેજે બન્યો છે;...'** અમે નથી કહ્યું. સહેજે બન્યું છે. એ 'અંબાલાલભાઈ' મારફત પરિચયમાં આવ્યા હતા. 'ખંભાત'ની અંદર આવ્યા હશે. એ વખતે આ લોકોને 'શ્રીમદ્જી'નો પરિચય હતો એટલે એ વખતે એમણે ધ્યાન ખેંચ્યું છે કે આ એક સત્પુરુષ છે. સત્સંગ કરવા યોગ્ય છે. ગૃહસ્થી છે, નાની ઉંમરના છે પણ એમના પરિચયમાં આવવા જેવું છે. એ ધ્યાન ખેંચેલું. પોતે કોઈ સામે ચાલીને કોઈનો પરિચય કર્યો નથી.

**'તેથી તમે અમારું કહેવું માન્ય કરો એવા આગ્રહ માટે કંઈ પણ નથી કહેવાનું થતું;...'** ભલે પરિચય થયો છે, તમારી સાથેનો સંયોગ થયો છે પણ અમારું કહેવું માન્યા કરો, અમે કહીએ એ જ સાચું છે, બાકી બધું ખોટું છે એવો કોઈ અમારો આગ્રહ નથી. જુઓ ! સત્ય છે છતાં સત્યનો આગ્રહ નથી એમ કહે છે. અમે તો અમારા રસ્તે ચાલીએ છીએ. ચાલતા ચાલતા માર્ગની આંગળી ચીંધીએ છીએ કે આ માર્ગ છે. આ સિવાય અમારે કાંઈ લેવા-દેવા નથી. બાકી જવાબદારી બધી તમારી છે. સમજો તો ભલે, ન સમજો તો ભલે. તમે જાણો અને તમારું કામ જાણે. આમ છે.

મુમુક્ષુ :- જ્ઞાનીઓ માર્ગ ચીંધે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાની રસ્તે ચાલતા જાય છે અને રસ્તો દર્શાવતા જાય છે. બસ. કાંઈ લેવા કે દેવા. કેમ કે નિસ્પૃહ છે ને ! ધર્માત્મા હંમેશાં નિસ્પૃહ હોય છે. અંતરગ નિસ્પૃહતા એ જ એની ગુપ્ત આચરણા છે, એમ કહ્યું. એને કાંઈ કોઈની પાસેથી લેવું-દેવું તો છે નહિ. ફક્ત નિષ્કારણ કરૂણાથી માર્ગને દર્શાવે છે. આ સિવાય બીજો કોઈ હેતુ નથી.

**'માત્ર હિતકારી જાણી...'** માન્ય કરો એવો આગ્રહ નથી. **'માત્ર હિતકારી જાણી...'** આત્મહિતનું કારણ જાણી **'તે વાતનો આગ્રહ થયો હોય છે કે થાય છે,...'** એ આત્મહિતાર્થે કોઈ વખત વજન દઈને, ભાર દઈને કીધું હશે. વિધિ-નિષેધ બંનેમાં એ રીતે Force થી, જોરથી પણ વાત કરી હશે પણ તે માત્ર આત્મહિતનું કારણ જાણીને, બીજા કોઈ કારણથી નહિ. તમારો સંપ્રદાય બદલાય જાય અને તમારો સંપ્રદાય બંધ થઈ જાય અને બીજા સાચો સંપ્રદાય (શરૂ થાય), એ કાંઈ અમારે લપમાં પડવાનું નથી એમ કહે છે.

**'એટલો લક્ષ રહે તો સંગનું ફળ કોઈ રીતે થવું સંભવે છે.'** એટલું જો તમને લક્ષ હોય તો અમારો સંગ થયો છે એનું કાંઈક ફળ તમારા આત્માને વિષે ઉત્પન્ન થવું સંભવે છે. એટલો ખ્યાલ રાખજો. બીજો વિકલ્પ કે તર્ક-વિતર્ક કરશો નહિ એમ કહેવું છે. 'દેવકરણજી'ને ક્યારેક તર્ક-વિતર્ક થયો છે. પોતાને ખ્યાલ આવી ગયો છે એટલે સ્પષ્ટ કર્યું છે અહીંયાં.

**'જેમ બને તેમ જીવના પોતાના દોષ પ્રત્યે લક્ષ કરી બીજા જીવ પ્રત્યે નિર્દોષદૃષ્ટિ રાખી વર્તવું...'** જેમ બને તેમ આ પ્રકારે વર્તવું. જ્યારે તમારે સમાજમાં, સમાજ વચ્ચે આવવાનું થાય છે ત્યારે તમારે કેમ વર્તવું ? કે પોતાના દોષની મુખ્યતા કરવી, બીજાને નિર્દોષદૃષ્ટિએ જોવા. એના દોષની મુખ્યતા ન કરવી, એને–બીજાના દોષને ગૌણ કરવા. એ રીતે વર્તવું **'અને વૈરાગ્ય ઉપશમનું જેમ આરાધન થાય....'** જુઓ ! એમને ખાસ એ વાત લીધી છે કે તમારામાં વૈરાગ્ય, ઉપશમની હજી ઘણી જરૂર છે. પછી સિદ્ધાંત સમજો. એ પહેલા સિદ્ધાંત સમજવાની ઉતાવળ કરતા નહિ એમ કહેવું છે. **'વૈરાગ્ય ઉપશમનું જેમ આરાધન થાય તેમ કરવું એ પ્રથમ સ્મરણવાયોગ્ય વાત છે.'** એટલે લક્ષમાં રાખવા યોગ્ય વાત છે, ભૂલવા જેવી વાત નથી. **'આત્મસ્વરૂપના નમસ્કાર પ્રાપ્ત થાય.'** એ રીતે અહીંયાં ૫૦૦ મો પત્ર પૂરો થાય છે.

પત્રાંક-૫૦૧

મુંબઈ, વૈશાખ વદ ૭, રવિ, ૧૯૫૦

સૂર્યપુરસ્થિત, શુભેચ્છાસંપન્ન આર્ય શ્રી લલ્લુજી,

ઘણું કરીને જિનાગમમાં સર્વવિરતિ એવા સાધુને પત્રસમાચારાદિ લખવાની આજ્ઞા નથી, અને જો તેમ સર્વવિરતિ ભૂમિકામાં રહી કરવા ઇચ્છે, તો તે અતિચારયોગ્ય ગણાય. આ પ્રમાણે સાધારણપણે શાસ્ત્રઉદ્દેશ છે, અને તે ધોરીમાર્ગે તો યથાયોગ્ય લાગે છે; તથાપિ જિનાગમની રચના પૂર્વાપર અવિરોધ જણાય છે; અને તેવો અવિરોધ રહેવા પત્રસમાચારાદિ લખવાની આજ્ઞા કોઈ પ્રકારથી જિનાગમમાં છે, તે તમારા ચિત્તનું સમાધાન થવા માટે સંક્ષેપે અત્રે લખું છું.

જિનની જે જે આજ્ઞા છે તે તે આજ્ઞા, સર્વ પ્રાણી અર્થાત્ આત્માના કલ્યાણને અર્થે જેની કંઈ ઇચ્છા છે તે સર્વેને, તે કલ્યાણનું જેમ ઉત્પન્ન થવું થાય અને જેમ વર્ધમાનપણું થાય, તથા તે કલ્યાણ જેમ રક્ષાય તેમ તે આજ્ઞાઓ કરી છે. એક આજ્ઞા એવી જિનાગમમાં કહી હોય કે તે આજ્ઞા અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સંયોગે ન પળી શકતાં આત્માને બાધકારી થતી હોય, તો ત્યાં તે આજ્ઞા ગૌણ કરી - નિષેધીને બીજી આજ્ઞા શ્રી તીર્થંકરે કહી છે.

સર્વવિરતિ કરી છે એવા મુનિને સર્વવિરતિ કરતી વખતના પ્રસંગમાં ‘सव्वं पाणाइवायं पच्चक्खामि, सव्वं मुसावायं पच्चक्खामि, सव्वं अदिन्नादाणं पच्चक्खामि, सव्वं मेहुणं पच्चक्खामि, सव्वं परिग्गहं पच्चक्खामि,’ આ ઉદ્દેશનાં વચન ઉચ્ચારવાનાં કહ્યાં છે; અર્થાત્ ‘સર્વ પ્રાણાતિપાતથી હું નિવર્તું છું’, ‘સર્વ પ્રકારના મૃષાવાદથી હું નિવર્તું છું’, ‘સર્વ પ્રકારના અદત્તાદાનથી હું નિવર્તું છું’, ‘સર્વ પ્રકારના મૈથુનથી

નિવર્તુ છું', અને 'સર્વ પ્રકારના પરિગ્રહથી નિવર્તું છું.' (સર્વ પ્રકારના રાત્રિભોજનથી તથા બીજાં તેવાં તેવાં કારણોથી નિવર્તું છું, એમ તે સાથે ઘણાં ત્યાગનાં કારણો જાણવાં.) એમ જે વચનો કહ્યાં છે તે, સર્વવિરતિની ભૂમિકાના લક્ષણે કહ્યાં છે, તથાપિ તે પાંચ મહાવ્રતમાં ચાર મહાવ્રત, મૈથુનત્યાગ સિવાયમાં ભગવાને પાછી બીજી આજ્ઞા કરી છે, કે જે આજ્ઞા પ્રત્યક્ષ તો મહાવ્રતને બાધકારી લાગે, પણ જ્ઞાનદષ્ટિથી જોતાં તો રક્ષણકારી છે.

'સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તું છું', એવા પચખાણ છતાં નદી ઉતરવા જેવા પ્રાણાતિપાતરૂપ પ્રસંગની આજ્ઞા કરવી પડી છે; જે આજ્ઞા લોકસમુદાયને વિશેષ સમાગમે કરી સાધુ આરાધશે તો પંચમહાવ્રત નિર્મૂળ થવાનો વખત આવશે એવું જાણી, નદીનું ઊતરવું ભગવાને કહ્યું છે. તે પ્રાણાતિપાતરૂપ પ્રત્યક્ષ છતાં પાંચ મહાવ્રતની રક્ષાના અમૂલ્ય હેતુરૂપ હોવાથી પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ છે, કારણ કે પાંચ મહાવ્રતની રક્ષાનો હેતુ એવું જે કારણ તે પ્રાણાતિપાતની નિવૃત્તિનો પણ હેતુ જ છે. પ્રાણાતિપાત છતાં અપ્રાણાતિપાતરૂપ એમ નદીના ઊતરવાની આજ્ઞા થાય છે, તથાપિ 'સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તું છું' એ વાક્યને તે કારણથી એક વાર આંચકો આવે છે; જે આંચકો ફરીથી વિચાર કરતાં તો તેની વિશેષ દઢતા માટે જણાય છે, તેમ જ બીજાં વ્રતો માટે છે. 'પરિગ્રહની સર્વથા નિવૃત્તિ કરું છું' એવું વ્રત છતાં વસ્ત્ર, પાત્ર, પુસ્તકનો સંબંધ જોવામાં આવે છે, તે અંગીકાર કરવામાં આવે છે. તે પરિગ્રહની સર્વથા નિવૃત્તિના કારણને કોઈ પ્રકારે રક્ષણરૂપ હોવાથી કહ્યાં છે; અને તેથી પરિણામે અપરિગ્રહરૂપ હોય છે. મૂર્છારહિતપણે નિત્ય આત્મદશા વધવાને માટે પુસ્તકનો અંગીકાર કહ્યો છે. શરીરસંઘયણનું

આ કાળનું હીનપણું દેખી, ચિત્તસ્થિતિ પ્રથમ સમાધાન રહેવા અર્થે વસ્ત્રપાત્રાદિનું ગ્રહણ કહ્યું છે; અર્થાત્ આત્મહિત દીઠું તો પરિગ્રહ રાખવાનું કહ્યું છે. પ્રાણાતિપાત ક્રિયા પ્રવર્તન કહ્યું છે; પણ ભાવનો આકાર ફેર છે. પરિગ્રહબુદ્ધિથી કે પ્રાણાતિપાતબુદ્ધિથી એમાંનું કંઈ પણ કરવાનું ક્યારે પણ ભગવાને કહ્યું નથી. પાંચ મહાવ્રત, સર્વથા નિવૃત્તિરૂપ, ભગવાને જ્યાં બોધ્યાં ત્યાં પણ બીજા જીવના હિતાર્થે કહ્યાં છે; અને તેમાં તેના ત્યાગ જેવો દેખાવ દેનાર એવો અપવાદ પણ આત્મહિતાર્થે કહ્યો છે; અર્થાત્ એક પરિણામ હોવાથી ત્યાગ કરેલી ક્રિયા ગ્રહણ કરાવી છે. 'મૈથુનત્યાગ'માં જે અપવાદ નથી તેનો હેતુ એવો છે કે રાગદ્વેષ વિના તેનો ભંગ થઈ શકે નહીં; અને રાગદ્વેષ છે તે આત્માને અહિતકારી છે; જેથી તેમાં કોઈ અપવાદ ભગવાને કહ્યો નથી. નદીનું ઊતરવું રાગદ્વેષ વિના પણ થઈ શકે; પુસ્તકાદિનું ગ્રહણ પણ તેમ થઈ શકે; પણ મૈથુનસેવન તેમ ન થઈ શકે; માટે ભગવાને અનપવાદ એ વ્રત કહ્યું છે; અને બીજામાં અપવાદ આત્મહિતાર્થે કહ્યા છે; આમ હોવાથી જિનાગમ જેમ જીવનું, સંયમનું રક્ષણ થાય તેમ કહેવાને અર્થે છે.

પત્ર લખવાનું કે સમાચારાદિ કહેવાનું જે નિષિદ્ધ કર્યું છે, તે પણ એ જ હેતુએ છે. લોકસમાગમ વધે, પ્રીતિ-અપ્રીતિનાં કારણો વધે, સ્ત્રીઆદિના પરિચયમાં આવવાનો હેતુ થાય, સંયમ ઢીલો થાય, તે તે પ્રકારનો પરિગ્રહ વિના કારણે અંગીકૃત થાય, એવાં સાન્નિપાતિક અનંત કારણો દેખી પત્રાદિનો નિષેધ કર્યો છે, તથાપિ તે પણ અપવાદસહિત છે. અનાર્યભૂમિમાં વિચરવાની 'બૃહત્કલ્પ'માં ના કહી છે અને ત્યાં ક્ષેત્રમર્યાદા કરી છે; પણ જ્ઞાન, દર્શન, સંયમના હેતુએ

ત્યાં વિચરવાની પણ હા કહી છે; તે જ અર્થ ઉપરથી એમ જણાય છે કે, કોઈ જ્ઞાનીપુરુષનું દૂર રહેવું થતું હોય, તેમનો સમાગમ થવો મુશ્કેલ હોય, અને પત્રસમાચાર સિવાય બીજો કોઈ ઉપાય ન હોય, તો પછી આત્મહિત સિવાય બીજા સર્વ પ્રકારની બુદ્ધિનો ત્યાગ કરી, તેવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ કે કોઈ મુમુક્ષુ સત્સંગીની સામાન્ય આજ્ઞાએ તેમ કરવાનો જિનાગમથી નિષેધ થતો નથી, એમ જણાય છે. કારણ કે પત્રસમાચાર લખવાથી આત્મહિત નાશ પામતું હતું, ત્યાં જ તે ના સમજાવી છે. જ્યાં આત્મહિત પત્રસમાચાર નહીં હોવાથી નાશ પામતું હોય, ત્યાં પત્રસમાચારનો નિષેધ હોય એમ જિનાગમથી બને કે કેમ ? તે હવે વિચારવા યોગ્ય છે.

એ પ્રકારે વિચારવાથી જિનાગમમાં જ્ઞાન, દર્શન, સંયમના સંરક્ષણાર્થે પત્રસમાચારાદિ વ્યવહાર પણ સ્વીકારવાનો સમાવેશ થાય છે, તથાપિ તે કોઈક કાળ અર્થે, કોઈક મોટા પ્રયોજને, મહાત્મા પુરુષોની આજ્ઞાથી કે કેવળ જીવના કલ્યાણના જ કારણમાં તેનો ઉપયોગ કોઈક પાત્રને અર્થે છે, એમ સમજવા યોગ્ય છે. નિત્યપ્રતિ અને સાધારણ પ્રસંગમાં પત્રસમાચારાદિ વ્યવહાર ઘટે નહીં; જ્ઞાનીપુરુષ પ્રત્યે તેની આજ્ઞાએ નિત્યપ્રતિ પત્રાદિ વ્યવહાર ઘટે છે, તથાપિ બીજા લૌકિક જીવના કારણમાં તો સાવ નિષેધ સમજાય છે. વળી કાળ એવો આવ્યો છે કે, જેમાં આમ કહેવાથી પણ વિષમ પરિણામ આવે. લોકમાર્ગમાં વર્તતા એવા સાધુ આદિના મનમાં આ વ્યવહારમાર્ગનો નાશ કરનાર ભાસ્યમાન થાય, તે સંભવિત છે; તેમ આ માર્ગ સમજાવવાથી પણ અનુક્રમે વગર કારણે પત્રસમાચારાદિ ચાલુ થાય કે જેથી વગર કારણે સાધારણ દ્રવ્યત્યાગ પણ હણાય.

એવું જાણી એ વ્યવહાર ઘણું કરી અંબાલાલ આદિથી પણ કરવો નહીં, કારણ કે તેમ કરવાથી પણ વ્યવસાય વધવા સંભવ છે. તમને સર્વ પચખાણ હોય તો પછી પત્ર ન લખવાનાં જે પચખાણ સાધુએ આપ્યાં છે તે અપાય નહીં. તથાપિ આપ્યાં તોપણ એમાં હરકત ગણવી નહીં; તે પચખાણ પણ જ્ઞાનીપુરુષની વાણીથી રૂપાંતર થયાં હોત તો હરકત નહોતી, પણ સાધારણપણે રૂપાંતર થયાં છે, તે ઘટારત નથી થયું. મૂળ સ્વાભાવિક પચખાણનો અત્રે વ્યાખ્યાઅવસર નથી; લોક પચખાણની વાતનો અવસર છે; તથાપિ તે પણ સાધારણપણે પોતાની ઇચ્છાએ તોડવાં ઘટે નહીં, એવો હમણાં તો દૃઢ વિચાર જ રાખવો. ગુણ પ્રગટવાના સાધનમાં જ્યારે રોધ થતો હોય ત્યારે તે પચખાણ જ્ઞાનીપુરુષની વાણીથી કે મુમુક્ષુ જીવના પ્રસંગથી સહેજ આકારફેર થવા દઈ રસ્તા પર લાવવાં, કારણ કે વગર કારણે લોકોમાં અંદેશો થવા દેવાની વાર્તા યોગ્ય નથી. બીજા પામર જીવને વગર કારણે તે જીવ અનહિતકારી થાય છે. એ વગેરે ઘણા હેતુ ધારી બનતાં સુધી પત્રાદિ વ્યવહાર ઓછો કરવો એ જ યોગ્ય છે. અમ પ્રત્યે ક્યારેક તેવો વ્યવહાર તમને હિતકારીરૂપ છે, માટે કરવો યોગ્ય લાગતો હોય તો તે પત્ર શ્રી દેવકરણજી જેવા કોઈ સત્સંગીને વંચાવીને મોકલવો, કે જેથી જ્ઞાનચર્ચા સિવાય એમાં કાંઈ બીજી વાર્તા નથી એવું તેમનું સાક્ષીપણું તે તમારા આત્માને બીજા પ્રકારનો પત્રવ્યવહાર કરતાં અટકાવવાને સંભવિત થાય. મારા વિચાર પ્રમાણે એવા પ્રકારમાં શ્રી દેવકરણજી વિરોધ નહીં સમજે; કદાપિ તેમને તેમ લાગતું હોય તો કોઈ પ્રસંગમાં તેમનો તે અંદેશો અમે નિવૃત્તિ કરીશું, તથાપિ તમારે ઘણું કરી વિશેષ પત્રવ્યવહાર કરવો યોગ્ય નહીં, તે લક્ષ ચૂકશો નહીં.

'ઘણું કરી' શબ્દનો અર્થ માત્ર હિતકારી પ્રસંગે પત્રનું કારણ કહ્યું છે, તેને બાધ ન થાય તે છે. વિશેષ પત્રવ્યવહાર કરવાથી તે જ્ઞાનચર્ચારૂપ હશે તોપણ લોકવ્યવહારમાં ઘણા અંદેશાનો હેતુ થશે. માટે જે પ્રમાણે પ્રસંગે પ્રસંગે આત્મહિતાર્થ હોય તે વિચારવું અને વિમાસવું યોગ્ય છે. અમ પ્રત્યે કોઈ જ્ઞાનપ્રશ્નાર્થે પત્ર લખવાની તમારી ઇચ્છા હોય તો તે શ્રી દેવકરણજીને પૂછીને લખવો કે જેથી તમને ગુણ ઉત્પન્ન થવામાં બાધ ઓછો થાય.

તમે અંબાલાલને પત્ર લખ્યા વિષેમાં ચર્ચા થઈ તે જોકે ઘટારત થયું નથી, તમને કાંઈ પ્રાયશ્ચિત આપે તો તે લેવું, પણ કોઈ જ્ઞાનવાર્તા લખવાને બદલે લખાવવામાં તમારે અડચણ કરવી ન જોઈએ, એમ સાથે યથાયોગ્ય નિર્મળ અંતઃકરણથી જણાવવું યોગ્ય છે, કે જે વાત માત્ર જીવના હિતને અર્થે કરવા માટે છે. પર્યુષણાદિમાં પત્રવ્યવહાર સાધુઓ લખાવીને કરે છે, જેમાં આત્મહિત જેવું થોડું જ હોય છે, તથાપિ તે રૂઢિ થઈ હોવાથી તેનો લોક નિષેધ કરતા નથી, તેમ તે રૂઢિને અનુસરી વર્તવાનું રાખશો, તોપણ હરકત નથી; એટલે તમને પત્ર લખાવવામાં અડચણ નહીં પહોંચે અને લોકોને અંદેશો નહીં થાય.

ઉપમા આદિ લખવામાં લોકોનું વિપર્યયપણું રહેતું હોય તો અમને એક સાધારણ ઉપમા લખશો, નહીં ઉપમા લખો તોપણ અડચણ નથી. માત્ર ચિત્તસમાધિ અર્થે તમને લખવાનો પ્રતિબંધ કર્યો નથી. અમને ઉપમાનું કંઈ સફળપણું નથી.

આત્મસ્વરૂપે પ્રણામ.

૫૦૧ પત્ર છે એ પણ 'લલ્લુજી' ઉપર જ છે અને એ પત્ર એમણે લગભગ ૧૩ દિવસ પછી લખ્યો છે. એક (પત્રાંક) વૈશાખ સુદ ૯ લખ્યો છે. પછી વૈશાખ વદ ૭ લખેલો છે. આમ તો ૧૪ દિવસ થાય છે. રવિવાર-રવિવાર આવે છે ને ? બીજા રવિવાર. એક રવિવાર છોડીને બીજો. ૧૪ દિવસ. એક મિતિનો ક્ષય હશે. ૧૪ દિવસે લખેલો છે.

મુમુક્ષુ :- જેમ બને તેમ જીવના પોતાના દોષ પ્રત્યે લક્ષ કરી ને બીજા જીવ પ્રત્યે નિર્દોષદૃષ્ટિ રાખવી બહુ કઠણ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કઠણ લાગે કે સહેલી લાગે, જેવી છે એવી છે. પણ એ બીજા રસ્તે નહિ ચડી જવાનું કારણ છે. સાચા રસ્તે આવવા માટેનું મુખ્ય કારણ એ છે કે પોતાના દોષ પ્રત્યે વધારે લક્ષ રાખે. બીજાનો દોષ ખ્યાલમાં આવી જાય તો ગૌણ કરી નાખે, મુખ્ય ન કરે. બસ. એ મુમુક્ષુની ભૂમિકામાં ઓછામાં ઓછો આવો પ્રકાર આવ્યા પછી કાંઈક આગળ વધવાની જગ્યા છે. આ પ્રકાર ન આવે તો આગળ ચાલવાની કોઈ વાત રહેતી નથી. આ પાયાની વાત છે એમ સમજવું.

(પત્ર) ૫૦૧. **'સૂર્યપુરસ્થિત'** 'સૂર્યપુર' એટલે 'સુરત'. **'શુભેચ્છાસંપન્ન આર્ય શ્રી લલ્લુજી.' 'ઘણું કરીને'** અહીંયાં શુભેચ્છાસંપન્ન લીધા છે. એમાં (પત્રાંક ૫૦૦માં) શુભેચ્છાપ્રાપ્ત લીધા છે. પ્રાપ્ત કહો, સંપન્ન કહો એક જ વાત છે. એટલે આત્મહિતની-આત્મકલ્યાણની કાંઈક તમને ઇચ્છા થઈ છે એને અહીંયાં શુભેચ્છા કહી છે. શુભ એટલે હિત. હિતની ઇચ્છા.

**'ઘણું કરીને જિનાગમમાં સર્વવિરતિ એવા સાધુને પત્રસમાચારાદિ લખવાની આજ્ઞા નથી,...'** આ પત્રમાં એમણે સાધુના પંચ મહાવ્રતની ચર્ચા કરી છે. અને મુખ્યપણે જે શ્વેતાંબર આગમ છે એ અનુસાર ચર્ચા કરી છે. દિગંબર આગમ અનુસાર ચર્ચા નથી કરી. કેમ કે આ શ્વેતાંબર સંપ્રદાયના સાધુ હતા. એમના શાસ્ત્રોમાં જે વાત લખી છે એ અનુસાર એમણે ચર્ચા કરી છે. **'ઘણું કરીને જિનાગમમાં સર્વવિરતિ એવા સાધુને પત્રસમાચારાદિ લખવાની આજ્ઞા નથી,...'** એમના સિદ્ધાંતો આ છે કે તમારે કોઈની સાથે પત્રથી કે સમાચારથી સંપર્કમાં રહેવું નહિ.

મુમુક્ષુ :- સાધુ પત્રવ્યવહાર ન કરી શકે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. પત્રવ્યવહાર કરવાનો નિષેધ છે. સિદ્ધાંતિક રીતે. કોઈ

સંજોગોમાં અપવાદ છે એમ અહીંયાં વાત ચાલશે. ચાલે છે એ અપવાદની વાત ચાલે છે. હવે કેમ અપવાદ લીધો છે એમણે ? કે અત્યારે જે સાધુ સંપ્રદાય છે એમાં જ્ઞાની તો કોઈ નથી. ખરેખર તો સાધુદશામાં કોઈ નથી. પણ એથી કરીને એ ગૃહસ્થમાં પડે એવો કોઈ ઉપદેશ તો ન દેવાય. કે તમે શા માટે ગૃહસ્થી વ્યાપાર-ધંધો, કુટુંબ, પરિવાર અને લગ્ન વગેરેમાં પડ્યા નથી. તો જે સ્થિતિમાં છો એ સ્થિતિની અંદર એમને જ્ઞાનપ્રાપ્તિ તો બાકી છે અને એ જ્ઞાનપ્રાપ્તિ માટે ક્યાંક પત્રવ્યવહાર કરવો હોય તો ? એમ કહેવું છે. તો મર્યાદિતપણે કરવો. બહુ ઘણી સૂચનાઓ કરી છે. આ પત્રમાં એમણે બહુ ઝીણવટથી એ વિષયમાં પણ ઘણી સૂચનાઓ આપી છે. તમારે પત્ર લખવો તો 'દેવકરણજી'ને વંચાવીને મોકલવો. અમને પત્ર લખવો 'દેવકરણજી'ને વંચાવીને મોકલવો. એટલે શું ? કોઈ ખાનગી પત્રવ્યવહાર ન થાય. કોઈની સાથે કોઈ ખાનગી પત્રવ્યવહાર ન થાય. પત્રવ્યવહાર જ ખાનગી ચીજ છે ખરેખર તો. એક વ્યક્તિગત રીતે પત્ર વ્યવહાર છે એ કોઈ જાહેર વસ્તુ નથી. એ તો એક વ્યક્તિને બીજી વ્યક્તિ વચ્ચેનો ખાનગી વ્યવહાર છે. તો કહે છે, નહિ. તમારે અમને કાગળ લખવો હોય તો 'દેવકરણજી'ને વંચાવીને લખવો. ઠીક. એ બધી સૂચના કરી છે. એ તો સમજે કે સાધુ નથી આ મુમુક્ષુ છે. અને હજી તો એને વૈરાગ્ય ઉપશમની જરૂર છે. હવે અત્યારે એને પત્રનો પ્રતિબંધ કરી દ્યો... પ્રત્યક્ષ સમાગમનો તો બહુ અવસર નથી. પત્ર વાટે થોડો જે સંપર્ક રહેવાનો છે એ બંધ થઈ જશે. એટલે પ્રાસંગિક વાત છે, વ્યક્તિગત વાત છે. એમ લેવાનું અહીંયાં. એટલે **'ઘણું કરીને...'** એમ શબ્દ વાપર્યો છે. **'ઘણું કરીને...'** એટલે સિદ્ધાંતિક રીતે નથી, અપવાદની વાત જુદી છે.

**'અને જો તેમ સર્વવિરતિ ભૂમિકામાં રહી કરવા ઇચ્છે, તો તે અતિચારયોગ્ય ગણાય.'** અપવાદમાં જાય છે એટલે અતિચારમાં જાય છે. **'આ પ્રમાણે સાધારણપણે શાસ્ત્રઉદ્દેશ છે,...'** આવો શાસ્ત્રનો ઉદ્દેશ સામાન્ય-સાધારણપણે છે. વિશેષની વાત જુદી. **'અને તે ધોરીમાર્ગે તો યથાયોગ્ય લાગે છે;...'** સાધુએ પત્રવ્યવહાર ન કરવો કે કોઈના સંપર્કમાં ન રહેવું એ એમને યોગ્ય લાગે છે. **'તથાપિ જિનાગમની રચના પૂર્વાપર અવિરોધ જણાય છે; અને તેવો અવિરોધ રહેવા પત્રસમાચારાદિ લખવાની આજ્ઞા કોઈ પ્રકારથી જિનાગમમાં છે,...'** કોઈ પ્રકારથી છે એટલે અપવાદ રીતે છે,

જ્ઞાનપ્રાપ્તિ માટે છે, પરમાર્થના હેતુએ છે એમ લેવું. **'તે તમારા ચિત્તનું સમાધાન થવા માટે સંક્ષેપે અત્રે લખું છું.'** વ્યક્તિગત રીતે એમના ચિત્તનું સમાધાન (થાય તે માટે લખે છે). કેમ કે એમણે પત્રવ્યહાર શરૂ કર્યો. હવે શાસ્ત્રમાં એ વાત છે કે સાધુએ પત્રવ્યવહાર કરવો નહિ. તો અમારે તમારી સાથે પત્રવ્યવહાર કરવો કે નહિ ? આ એને એક અસમાધાન ઉત્પન્ન થયું છે. એનું વ્યક્તિગત સમાધાન કરવા માટે થોડી શાસ્ત્રપદ્ધતિ અને અપવાદની પદ્ધતિને લઈને એમની આજ્ઞા આપી છે.

**'જિનની જે જે આજ્ઞા છે તે તે આજ્ઞા, સર્વ પ્રાણી અર્થાત્ આત્માના કલ્યાણને અર્થે જેની કંઈ ઇચ્છા છે તે સર્વેને, તે કલ્યાણનું જેમ ઉત્પન્ન થવું થાય અને જેમ વર્ધમાનપણું થાય, તથા તે કલ્યાણ જેમ રક્ષાય તેમ તે આજ્ઞાઓ કરી છે.'** એટલે આજ્ઞાની પાછળ આ હેતુ ચોખ્ખો છે. **'એક આજ્ઞા એવી જિનાગમમાં કહી હોય કે તે આજ્ઞા અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સંયોગે ન પાળી શકતાં આત્માને બાધકારી થતી હોય, તો ત્યાં તે આજ્ઞા ગૌણ કરી-નિષેધીને બીજી આજ્ઞા શ્રી તીર્થંકરે કહી છે.'** એટલે એને ઉત્સર્ગ અને અપવાદ, જે 'પ્રવચનસાર'ની અંદર વિષય આચરણમાં ચાલ્યો છે, એમ આચરણનો જ્યાં અધિકાર છે ત્યાં ઉત્સર્ગ અને અપવાદનો વિષય જિનાગમને વિષે ચાલ્યો છે એમ અહીંયાં કહેવાનો અભિપ્રાય છે. વિશેષ લઈશું....

જ્યાં સુખ લાગે – ભાસે ત્યાં જીવના પરિણામ સહજ ખેંચાય છે. – આ પરિણમનની વાસ્તવિકતા છે. તેથી આત્મ–સુખના અભિલાષી જીવે, 'જ્ઞાનમાત્ર'માં સુખનું ભાસન થવા અર્થે અંતર શોધ કરવી ઘટે. તે અંતરશોધ માત્ર ભેદજ્ઞાનના પ્રયોગથી જ થાય છે. અને 'જ્ઞાનમાત્ર' પોતે સુખરૂપે પ્રયોગના અભ્યાસથી ભાસ્યમાન થાય છે, ત્યારથી પરિણામોની દિશા બદલે છે. સુખાભાસ મટી યથાર્થ ઉદાસીનતા થાય.

(અનુભવ સંજીવની–૧૧૬૦)

## તા. ૧૫-૮-૧૯૯૦, પત્રાંક–૫૦૧, ૫૦૨
## પ્રવચન નં. ૨૦૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્ર ૫૦૧. પાનું ૪૦૧.

'લલ્લુજીમુનિ'ને પત્ર છે. પોતાની સાથે પત્રવ્યવહાર ચાલે છે એ વિષયમાં શાસ્ત્રઆજ્ઞા શું છે ? એ વિષયની અહીંયાં ચર્ચા કરી છે.

**'સર્વવિરતિ કરી છે એવા મુનિને...'** પહેલા પેરેગ્રાફથી. **'સર્વવિરતિ કરતી વખતનાં પ્રસંગમાં...'** એટલે દીક્ષા પ્રસંગમાં. 'सव्वं पाणाइवायं पच्चक्खामि, सव्वं मुसावायं पच्चक्खामि, सव्वं अदिन्नादाणं पच्चक्खामि, सव्वं मेहुणं पच्चक्खामि, सव्वं परिग्गहं पच्चक्खामि,' **'આ ઉદ્દેશનાં વચન ઉચ્ચારવાના કહ્યાં છે;...'** દીક્ષાવિધિ કરાવે છે ત્યારે તે પ્રકારનું વચન ઉચ્ચારણ કરાવે છે. **'અર્થાત્ સર્વ પ્રાણાતિપાતથી હું નિવર્તુ છું',...'** પ્રાણાતિપાત એટલે હિંસા. કોઈપણ જીવનો પ્રાણ પડે એટલે નાશ પામે, હિંસા થાય તેનાથી હું નિવર્તું છું. **''સર્વ પ્રકારના મૃષાવાદથી હું નિવર્તુ છું',...'** અસત્ય. મૃષા એટલે અસત્ય. **''સર્વ પ્રકારના અદત્તાદાનથી હું નિવર્તુ છું',...'** એટલે કોઈએ આપ્યા વગર લેવું. સીધું પોતાની મેળે લઈ લેવું. એટલે ચોરી કરવી. **''સર્વ પ્રકારના મૈથુનથી નિવર્તું છું.', અને 'સર્વ પ્રકારના પરિગ્રહથી નિવર્તુ છું.'...'** એમ પંચ મહાવ્રતની પ્રતિજ્ઞા લેવામાં આવે છે.

**'(સર્વ પ્રકારના રાત્રિભોજનથી...'** હવે કૌંસમાં કહે છે. **'તથા બીજા તેવાં તેવાં કારણોથી નિવર્તું છું, એમ તે સાથે ઘણા ત્યાગનાં કારણ જાણવાં.)'** આ પંચ મહાવ્રતના પેટા ભેદમાં પણ બીજા અનેક પ્રકારના ત્યાગ છે એ ત્યાગનો સમાવેશ થઈ જાય છે. નાના-નાના જે ત્યાગ છે એ બધો સમાવેશ એમાં થઈ જાય છે. **'એમ જે વચનો કહ્યાં છે તે, સર્વવિરતિની ભૂમિકાના લક્ષણે કહ્યાં છે,...'** એ બધા લક્ષણો, એ જે વચનો કહ્યાં છે તે સર્વવિરતિની જે દીક્ષા ગ્રહણ કરવાની ભૂમિકા છે એ લક્ષણથી કહ્યાં છે.

**'તથાપિ તે પાંચ મહાવ્રતમાં ચાર મહાવ્રત, મૈથુનત્યાગ સિવાયમાં ભગવાને પાછી બીજી આજ્ઞા કરી છે, કે જે આજ્ઞા પ્રત્યક્ષ તો મહાવ્રતને બાધકારી લાગે, પણ જ્ઞાનદષ્ટિથી જોતાં તો રક્ષણકારી છે.'** એટલે અપવાદ લેવો છે. ચાર મહાવ્રતની અંદર કેટલીક બીજી પણ આજ્ઞા કરી છે જે અપવાદરૂપ છે એટલે સીધી રીતે જોવામાં લાગે તો પાંચ મહાવ્રતનો ભંગ થતો હોય એમ લાગે. છતાં પણ એનું રક્ષણ થાય છે એવી પણ આજ્ઞા કરી છે. એમ કહીને એ વિષયની નીચે ચર્ચા કરે છે. જે વાત કરે છે એનું જ સ્પષ્ટીકરણ નીચે આપે છે. ત્યાંથી લઈએ.

**''સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તું છું',...'** પ્રાણાતિપાત એટલે હિંસા. **'એવા પચખાણ છતાં નદી ઊતરવા જેવા પ્રાણાતિપાતરૂપ પ્રસંગની આજ્ઞા કરવી પડી છે;...'** એટલે શ્વેતાંબર શાસ્ત્રમાં એ વાત હશે. કે સાધુ છે એ વિહાર કરે અને વચ્ચે નદી આવે તો એને ઓળંગવી કે ન ઓળંગવી ? અને આગળ વિહાર કરવો કે ન કરવો ? તો એમ કે શાસ્ત્રમાં એ આજ્ઞા છે કે નદી ઓળંગવી એમ કરીને. નદી ઓળંગતા જે પાણીકાયના જીવો છે એની હિંસા થવાની. પાણીમાં ચાલવું પડે, પાણી ઉપર ચાલવું પડે તો ત્યાં એની હિંસા થવાની. પણ છતાં પણ એ આજ્ઞા કરી છે. એટલે એ આજ્ઞા કરવી પડી છે એમ લીધું. હવે એની અંદર શું હેતુ છે ?

મુમુક્ષુ :– દિગંબરમાં તો નિષેધ છે.

પૂજ્ય ભાઈશ્રી :– નિષેધ છે ને દિગંબરમાં તો. દિગંબરમાં નિષેધ છે. આ તો શ્વેતાંબર શાસ્ત્ર અનુસાર આ બધી ચર્ચા છે આની અંદર. કેમ કે 'લલ્લુજીમુનિ'ને લખે છે ને ? તો એ દિગંબર-શ્વેતાંબરના શાસ્ત્રોમાં નથી લઈ જતાં. એમના શાસ્ત્રોમાં જે વાત છે એ વાત ઉપરથી આશય સમજાવવો છે અહીંયાં કે આશય શું છે ? આ ઉપસર્ગ અને અપવાદ વચ્ચેનો આશય શું છે એ સમજાવવો છે. હેતુ જે છે ચર્ચા કરવાનો એ આટલી મર્યાદામાં છે એમ સમજવું.

**'જે આજ્ઞા લોકસમુદાયને વિશેષ સમાગમે કરી સાધુ આરાધશે તો પંચમહાવ્રત નિર્મૂળ થવાનો વખત આવશે એવું જાણી, નદીનું ઊતરવું ભગવાને કહ્યું છે.'** શું કહ્યું ? **'જે આજ્ઞા લોકસમુદાયને વિશેષ સમાગમે કરી સાધુ આરાધશે તો પંચમહાવ્રત નિર્મૂળ થવાનો વખત આવશે...'** એટલે લોકસંગ વધારવા માટે એ વાત નથી. તો તો પંચમહાવ્રતનો નાશ થાય. તો એવી અપેક્ષા રાખીને વાત કરી છે. ગમન-આગમનની

જે કરી છે એ. એ મર્યાદા એમાં પણ સમજી લેવી એમ.

**'તે પ્રાણાતિપાતરૂપ પ્રત્યક્ષ છતાં પાંચ મહાવ્રતની રક્ષાના અમૂલ્ય હેતુરૂપ હોવાથી પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ છે,...'** પ્રત્યક્ષપણે પ્રાણાતિપાત થાય છે, હિંસા થાય છે. પણ પંચમહાવ્રતનું રક્ષણ થાય છે તેથી એની નિવૃત્તિરૂપ છે એમ ગણ્યું છે. દૃષ્ટાંત લઈ શકાય કે એક માણસ દુકાનનો માલ વેચવા માગે છે. દુકાન એને બંધ કરવી છે. વેપાર સાવ બંધ કરીને નિવૃત્ત થવું છે. ઘણી Itemનો વેપાર કરતા-કરતા બે-ત્રણ Item રહી ગઈ. એ જલ્દી એનો નિકાલ થતો નથી. તો જલ્દી નિકાલ કરવા માટે સાથે વેચાય એવી બીજી બે-ચાર Item પાછો લઈ આવે છે. તો ત્રણ Itemની છ Item કરે છે એ વેપાર વધારવા નથી કરતો પણ વેપારની નિવૃત્તિ માટે કરે છે. ઉપલક દૃષ્ટિએ એમ લાગે કે એના હેતુથી વિરુદ્ધ એણે પ્રવૃત્તિ કરી. ખરેખર એણે હેતુને અનુકૂળ પ્રવૃત્તિ કરી છે. એમ અહીંયાં કહેવાનો અભિપ્રાય છે.

એટલે ત્યાં **'પાંચ મહાવ્રતની રક્ષાનો હેતુ એવું જે કારણ તે પ્રાણાતિપાતની નિવૃત્તિનો પણ હેતુ જ છે. પ્રાણાતિપાત છતાં અપ્રાણાતિપાતરૂપ એમ નદીમાં ઊતરવાની આજ્ઞા થાય છે, તથાપિ 'સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તું છુ' એ વાક્યને તે કારણથી એક વાર આંચકો આવે છે;...'** કે પ્રતિજ્ઞા તો એમ લીધી હતી કે સર્વ પ્રકારની હિંસાથી નિવર્તુ છું. જે જે **'સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તુ છું'..'** એને આંચકો આવે છે. **'જે આંચકો ફરીથી વિચાર કરતાં...'** એટલે વિશેષ વિચાર કરતા **'તો તેની વિશેષ દઢતા માટે જણાય છે,...'** બીજો પણ એની અંદર અપવાદ એવી રીતે છે કે જેમ કે દિગંબર શાસ્ત્ર અનુસાર લઈએ તો, દીક્ષા લેતી વખતે એક એવી પણ પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ કરવાનો હોય છે કે હું હવેથી નિરંતર શુદ્ધોપયોગમાં જ રહીશ. મુનિ શુદ્ધોપયોગમાં નહિ રહેતા શુભોપયોગમાં આવે છે પંચ મહાવ્રતના પરિણામ શુભઉપયોગ છે.

હવે શુદ્ધોપયોગમાં જો અંતર્મુહૂર્ત મુનિ રહે બે ઘડી. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. તો કેવળજ્ઞાન પ્રાપ્તિ થાય. પછી તો શુભઉપયોગમાં આવવાનું રહેતું જ નથી. પણ એમાં રહી શકતા નથી એટલે શુભઉપયોગમાં આવે છે. તો ત્યાં પ્રતિજ્ઞા ભંગ કર્યો કે નહિ ? નહિ. પ્રતિજ્ઞા ભંગ નથી કર્યો એણે. એ શુભોપયોગમાં આવ્યા છે એ પણ શુદ્ધોપયોગમાં આવવા માટે શુભોપયોગમાં આવે છે. શુભોપયોગમાં રહેવા માટે

શુભોપયોગમાં આવતા નથી. પણ સાતમે ગુણસ્થાને સ્થિરતા નથી રહેતી અને અસ્થિરતા આવી જાય છે. હવે ત્યાં હઠ કરવા જાય તો અશુભોપયોગ થઈ જાય. શુભઉપયોગ તો ન રહે પણ અશુભઉપયોગ થઈ જાય. પરિણામ ઉપરનું આશ્રયસ્થાન આવી જાય, વજન આવી જાય એટલું. એવી રીતે તો મુનિ હઠ કરતા નથી. સહેજે શુભોપયોગમાં આવે છે, પાછા શુદ્ધોપયોગમાં આવી જાય છે. ટકતા નથી. તો ત્યાં પ્રતિજ્ઞાભંગ ગણવામાં આવતો નથી. એમ મુનિની ભૂમિકા યોગ્ય કેટલાક અપવાદ છે જે અપવાદ હોવા છતાં પણ સિદ્ધાંતના રક્ષણ માટેના અપવાદ છે. એવો હેતુ ત્યાં જાળવવામાં આવ્યો છે તેથી એ વાતનો ત્યાં સ્વીકાર કરવો જોઈએ. એમ કહેવું છે.

**'તેમ જ બીજા વ્રતો માટે છે.'** આ જે પ્રાણાતિપાત હિંસાનું દૃષ્ટાંત આપ્યું એવી જ રીતે બીજા વ્રતોનું સમજી લેવું. છતાં વાત કરે છે પરિગ્રહની. તો **'પરિગ્રહની સર્વથા નિવૃત્તિ કરું છું એવું વ્રત છતાં વસ્ત્ર, પાત્ર, પુસ્તકનો સંબંધ જોવામાં આવે છે,...'** અહીંયાં પાત્ર લઈ લીધી. એનો સંબંધ જોવામાં આવે છે. **'તે અંગીકાર કરવામાં આવે છે. તે પરિગ્રહની સર્વથા નિવૃત્તિના કારણને કોઈ પ્રકારે રક્ષણરૂપ હોવાથી કહ્યાં છે;...'** તે પરિગ્રહની સર્વથા નિવૃત્તિ, બીજો પરિગ્રહ નહિ કરવા માટે આટલી છૂટ લીધી છે એમ કહેવામાં આવે છે. **'અને તેથી પરિણામે તે અપરિગ્રહરૂપ હોય છે.'**

હવે શું કહે છે ? જુઓ ! **'મૂર્છારહિતપણે...'** આટલો પરિગ્રહ પણ. એ શરત છે પાછી ત્યાં. જેમ ઓલાપણે શરત છે એમ અહીંયાં પણ. ત્યાં જેમ લોકસમુદાયનું વિશેષ કોઈ પરિચય વધારવા માટે વિહાર નથી કરવાનો કે ઘણી જગ્યાએ જાય, ઘણાનો પરિચય વધે અને ઘણા સાથેનો સંપર્ક વધી જાય એટલા માટે વિહાર કરવાની છૂટ આપી નથી. એમ **'મૂર્છારહિતપણે નિત્ય આત્મદશા વધવાને માટે પુસ્તકનો અંગીકાર કહ્યો છે.'** જુઓ ! પછી બીજી વાત ન લીધી. પુસ્તક પણ મૂર્છારહિતપણે. એટલે આમાં જે 'સોગાનીજી'માં આવે છે કે મુનિરાજ પાસે કોઈ સત્શાસ્ત્ર હોય, ગ્રંથ હોય અને કોઈ માગે તો તરત જ આપી દે છે. વાત ઉપર ઉપરથી સાધારણ લાગે કે આ વાત તો સાવ સાધારણ છે. ખરેખર એમ નથી. એનું ત્યાં મૂર્છારહિતપણું કેટલું છે ? ચારિત્રમોહની દૃષ્ટિએ પણ ત્યાં મૂર્છારહિતપણું કેટલું છે ? એ વાત ત્યાં સ્પષ્ટ કરવી છે.

**'મૂર્છારહિતપણે નિત્ય આત્મદશા વધવાને માટે પુસ્તકનો અંગીકાર કહ્યો છે.**

**શરીરસંઘયણનું આ કાળનું હીનપણું દેખી,...'** અત્યારે વ્રજનારાજ કે નારાચ સંહનન નથી. **'ચિત્તસ્થિતિ પ્રથમ સમાધાન રહેવા અર્થે વસ્ત્રપાત્રાદિનું ગ્રહણ કહ્યું છે;...'** આ શ્વેતાંબર શાસ્ત્ર અનુસાર એ વાત છે. **'અર્થાત્ આત્મહિત દીઠું તો પરિગ્રહ રાખવાનું કહ્યું છે.'** કે ભાઈ ! આટલું તમે રાખો. **'પ્રાણાતિપાત ક્રિયા પ્રવર્તન કહ્યું છે;...'** એટલે ઉપર આ નદી ઓળંગવાની. **'પણ ભાવનો આકાર ફેર છે.'** એટલે ભાવનું સ્વરૂપ જુદું છે એમ લઈ લેવું. **'પરિગ્રહબુદ્ધિથી કે પ્રાણાતિપાતબુદ્ધિથી...'** એટલે હિંસાના કઠોર પરિણામથી **'એમાંનું કંઈ પણ કરવાનું ક્યારે પણ ભગવાને કહ્યું નથી.'** એમ છે. એટલે ન તો પુસ્તકનો આગ્રહ હોય, ન તો વસ્ત્ર, પાત્રનો આગ્રહ હોય. જુઓ ! આમાં વસ્ત્ર નથી લીધું, ખાલી પાત્ર લીધા છે.

**'પાંચ મહાવ્રત, સર્વથા નિવૃત્તિરૂપ, ભગવાને જ્યાં બોધ્યાં ત્યાં પણ બીજા જીવના હિતાર્થે કહ્યાં છે;...'** બીજા જીવના રક્ષણાર્થે કહ્યા છે, હિત અર્થે કહ્યાં છે. **'અને તેમાં તેના ત્યાગ જેવો દેખાવ દેનાર એવો અપવાદ પણ આત્મહિતાર્થે કહ્યો છે;...'** બીજા જીવના હિતાર્થે કહ્યા છે અને તેમાં તેના ત્યાગ જેવો દેખાવ દેનાર કે પાછો મહાવ્રતનો ત્યાગ થઈ ગયો છે એવો અપવાદ પણ આત્મહિતાર્થે જ કહ્યો છે. સિદ્ધાંત પણ આત્મહિતાર્થે કહ્યો છે, અપવાદ પણ આત્મહિતાર્થે જ કહ્યો છે.

**'અર્થાત્ એક પરિણામ હોવાથી ત્યાગ કરેલી ક્રિયા ગ્રહણ કરાવી છે.'** એક પરિણામ હોવાને લીધે ત્યાગ ક્રિયા... એક પરિણામ એટલે એક હેતુ. પરિણામ એટલે Result. એક ફળ. ફળ એક **'હોવાથી ત્યાગ કરેલી ક્રિયા ગ્રહણ કરાવી છે.'** ફક્ત **''મૈથુનત્યાગ'માં જે અપવાદ નથી...'** ત્યાં કોઈ અપવાદ નથી રાખ્યો. **'તેનો હેતુ એવો છે કે રાગદ્વેષ વિના તેનો ભંગ થઈ શકે નહીં;...'** બીજામાં રાગ-દ્વેષ વગર પણ થાય છે. અહીંયાં રાગ-દ્વેષ વગર તેનો ભંગ થતો નથી. **'અને રાગદ્વેષ છે તે આત્માને અહિતકારી છે; જેથી તેમાં કોઈ અપવાદ ભગવાને કહ્યો નથી. નદીનું ઊતરવું રાગદ્વેષ વિના પણ થઈ શકે; પુસ્તકાદિનું ગ્રહણ પણ તેમ થઈ શકે; પણ મૈથુનસેવન તેમ ન થઈ શકે; માટે ભગવાને અનપવાદ એ વ્રત કહ્યું છે;...'** એ વ્રતમાં અપવાદ નથી લીધો. બાકીના ચાર વ્રતમાં અપવાદ લીધો છે, એમ કહેવું છે.

**'અને બીજામાં અપવાદ આત્મહિતાર્થે કહ્યા છે;...'** અપવાદ કહ્યા છે તો પણ એમાં આત્મહિત જાળવીને કહ્યા છે. અપવાદમાં પણ મર્યાદા છે. અમર્યાદિતપણે

નિરર્ગળપણે એ પ્રવૃત્તિનો અપવાદ ત્યાં સ્થાપ્યો નથી. એમ લેવું. **'આમ હોવાથી જિનાગમ જેમ જીવનું, સંયમનું રક્ષણ થાય તેમ કહેવાને અર્થે છે.'** આ પ્રયોજન છે. અર્થ એટલે પ્રયોજન. બીજા જીવોનું રક્ષણ થાય અને પોતાના પરિણામમાં સંયમ જળવાય રહે એ હેતુ રાખીને કોઈ અપવાદની વાત સમજવા યોગ્ય છે. એ હેતુ છોડીને અપવાદની વાત પણ સ્વીકારવા જેવી નથી.

મુમુક્ષુ :– એના ગુરુએ આદેશ આપ્યો હોય કે આટલા...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, પણ એના ગુરુએ આદેશ આપ્યો એમાં વીતરાગતા, સંયમ, બીજા જીવની રક્ષા એ બધી સાથે સાથે આદેશ આપ્યો છે કે નથી આપ્યો ? તો મૂળ વાત તો રહી ગઈ. પછી ફાવતું પકડ્યું એના જેવું થાય ને ? જે મૂળ હેતુ છે એ છૂટી જાય અને ફાવતું પકડવામાં આવે તો શું થાય ? અનર્થ થાય. જો કે આ તો મુનિદશા જ નથી. અત્યારે જે 'લલ્લુજી' છે એને મુનિદશા નથી. તેમ અત્યારે બીજા સાધુઓને મુનિદશા નથી. એ તો લખે છે કે વર્તમાન જે મુનિઓ છે એનો શાસ્ત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. એની વાત જ સાંભળવા જેવી નથી એમ લખ્યું છે.

મુમુક્ષુ :– અનુકૂળતાવાળું ગોઠવી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો એમને પહેલા જે પત્રો લખ્યા છે એમાં એ વાત લખી છે. 'જિજ્ઞાસુ' એમને જિજ્ઞાસુનું સંબોધન કર્યું છે. જિજ્ઞાસુ તરીકેનું સંબોધન કર્યું છે. એ બહુ શરૂઆતમાં ૨૪ વર્ષમાં જ્યારે પત્રની શરૂઆત થાય છે ત્યારે એમને મુનિ તરીકે નથી કીધું. એ 'સત્‌ના જિજ્ઞાસુ'. ૧૭૨ મો. **'સત્‌જિજ્ઞાસુ–માર્ગાનુસારી મતિ.'** 'લલ્લુજી' ઉપરનો પત્ર છે. કેવા કહ્યા છે એમને ? સત્‌ના જિજ્ઞાસુ અને માર્ગનું અનુસરણ કરવાની તમારી મતિ છે. એટલી વાત લીધી છે. એથી વધારે નથી લખ્યું. **'સત્‌જિજ્ઞાસુ–માર્ગાનુસારી મતિ.'** 'લલ્લુજી'. એવી રીતે એમને જિજ્ઞાસુની ભૂમિકામાં સંબોધન કર્યું છે. મુનિ તરીકે સંબોધન નથી કર્યું. પાછળથી જરા એમની ભક્તિ વિશેષ વધી છે ત્યારે સંબોધન સારું કરે છે. શરૂઆતમાં તો આવું સંબોધન કર્યું છે.

મુમુક્ષુ :– મુનિપણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ ...

પૂજ્ય ભાઈશ્રી :– કેટલામું છે ?

મુમુક્ષુ :– ૧૯૬. (પત્રાંક)

પૂજ્ય ભાઈશ્રી :– ૧૯૬મો પત્રને ? ૧૯૬માં. **'મુનિપણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ,...'** જુઓ ! મુનિ છો નહિ તમે. **'મુનિપણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ,...'** છો હજી. બહુ સ્પષ્ટ સંબોધન કર્યું છે. આ લોકો એમ માને છે કે એમણે મુનિ તરીકે માન્યા હતા અને સ્વીકાર્યા હતા. તે આગ્રહ છે એને. ખરેખર એમ નથી. એટલું તો નહિ ક્યારેક કડક ઠપકો આપતા હતા. એ બીજા લોકોમાં ઉહાપોહ બહુ થઈ ગયો અને છતાં આ કહે કે મારે તો તમારા દર્શન કરવા આવવું જ છે. રવાના કરી દીધા. અહીંયાં આવવું નહિ તમારે. એમ કહી દે. પોતે આજ્ઞા કરે છે. એ પણ એવી રીતે કે બહાર ઊભા રહે. સાહેબની આજ્ઞા છે તો દર્શન કરવા આવું ? એમ પૂછાવે. આ ગૃહસ્થ છે નાની ઉંમરના છે. ઓલા મોટી ઉમંરના છે. સાધુવેશમાં છે. તો એમ પૂછાવે બહાર ઊભા રહીને. આજ્ઞા હોય તો હું દર્શન કરવા અંદર આવું. કોઈવાર એમને બહારથી રવાના કરી દીધા છે.

એક વાર તો એવું બન્યું કે બાજુબાજુના ગામમાં હતા. પછી એમને જરા ઉહાપોહ હતો ત્યાં કે આ મુનિ થઈને જાય છે. પછી શું છે કે સવારમાં ઠલ્લે જાય તો બે-ચાર-પાંચ ગાવ ચાલીને જાય. છેક ઓલા ગામના પાદર સુધી જાય. કે સવારમાં જો નીકળ્યા હોય તો દર્શન થઈ જાય. પછી પૂછ્યું કહે એ તો સવારમાં જંગલ ગયા હતા પણ પાછા એ તો પહોંચી ગયા છે એમના ઉતારે. એટલે ઊભા રહી ગયા કે કોઈ નીકળે તો પૂછાવું આજ્ઞા માટે. હું બાજુના ગામમાં છું પણ આપના દર્શનની બહુ ભાવના થઈ એટલે અહીં સુધી આવ્યો છું. આપની આજ્ઞા હોય તો આવું. ના પાડી દીધી કહે પાછા વયા જાય, અહીં ન આવે. પાંચ ગાવ ચાલીને આવ્યા તો પાછા મોકલી દીધા. અને વયા જાય. હઠ ન કરે. એ પ્રકાર તો હતો જ નહિ. અત્યારે જે પ્રકાર જોવામાં આવે છે એ પ્રકાર હતો જ નહિ. મારે પરાણે લાભ લેવો છે એ લાભ નથી લેવો. એવી હઠ છે પોતાની.

મુમુક્ષુ :– ૫૦૧ માં આર્ય સંબોધન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. શુભેચ્છા સંપન્ન આર્ય શ્રી લલ્લુજી. એટલું જ લખ્યું. ૫૦૦ અને ૫૦૧ બંનેમાં એક જ સંબોધન છે.

હવે આગળ લખે છે કે **'પત્ર લખવાનું....'**

મુમુક્ષુ :– આટલા આજ્ઞાનુસારીતા હોવા છતા ખામી રહી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, રહી જાય છે. એટલું આજ્ઞાંકિતપણું હતું, એટલી ભક્તિ હતી છતાં એ એમ કહેતા હતા કે વૈરાગ્ય ઉપશમની જરૂર છે તમારે. પછી સિદ્ધાંત સમજવા જેવી પરિસ્થિતિ તમારી થશે. પછી સિદ્ધાંત સમજાશે. અત્યારે વૈરાગ્ય-ઉપશમના ગ્રંથ વાંચો. એટલો ત્યાગ હતો તો પણ. એટલે એમને એમ સીધું કાંઈ લેવા જાય અને મળી જાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. એની પૂર્વભૂમિકા જે કાંઈ તૈયારી છે એ પાયાની જ છે અને પૂર્વભૂમિકાની જ છે. પછી તો માર્ગ સરળ છે અને ઘણો સરળ છે. સુગમ છે. પહેલી જે વાત છે એ જ અઘરી છે.

**'પત્ર લખવાનું કે સમાચારાદિ કહેવાનું જે નિષિદ્ધ કર્યું છે, તે પણ એ જ હેતુએ છે.'** હવે એ શાસ્ત્રોની અંદર જે પત્ર લખવાનો નિષેધ કર્યો છે કે બીજા મારફત સમાચાર-ચિઠ્ઠી મોકલવી, સમાચાર કહેવડાવવા એનો જે નિષેધ કર્યો છે તેનો એ જ હેતુ છે કે **'લોકસમાગમ વધે,...'** શું થાય ? લોકોનો પરિચય વધે. **'પ્રીતિ-અપ્રીતિનાં કારણો વધે,...'** રાગ-દ્વેષના કારણો થાય. પછી તો એનો એ જ પરિચય છે જેની સાથે એ જ એનો સંસાર થઈ ગયો, એ જ એના ઉદયનો વિષય થઈ ગયો. ઉદયનો વિષય થઈ ગયો એટલે ત્યાં રાગ-દ્વેષ ઉદયમાં કરશે.

**'સ્ત્રીઆદિના પરિચયમાં આવવાનો હેતુ થાય,...'** અને સાધુઓ પણ સ્ત્રીઓના પરિચયમાં આવવા લાગે. **'સંયમ ઢીલો થાય,...'** અને એના પરિણામ છે એની અંદર શિથિલતા વધે. **'તે તે પ્રકારનો પરિગ્રહ વિના કારણે અંગીકૃત થાય,...'** અને કાંઈ સાધુને લેવા-દેવા નથી છતાં પણ આ બધી જંજાળ વધે. પરિગ્રહ એટલે જંજાળ વધે છે એને. **'એવાં સાન્નિપાતિક અનંત કારણો દેખી...'** જુઓ ! સાન્નિપાતિક કારણો કીધા એને. સનેપાત થાય એવા. **'અનંત કારણો દેખી પત્રાદિનો નિષેધ કર્યો છે, તથાપિ તે પણ અપવાદસહિત છે.'** એટલે અમારી સાથે પત્રવ્યવહાર કરો છો એ અપવાદમાં તમને વાંધો નથી એમ એમને કહેવું છે. તમે આત્મહિતાર્થે કોઈ પત્રવ્યવહાર કરો છો તો એ અપવાદમાં જાય છે. એમાં સિદ્ધાંતને તમારે બાધા આવે છે એમ વિચારવા જેવું નથી. એમ એમને સમાધાન આપવું છે આ પત્રની અંદર.

મુમુક્ષુ :– મુમુક્ષુ પત્રવ્યવહાર વધારે કરે એમાં પણ એને નુકસાન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો સીધી જ વાત છે. પરિચય વધારે એટલું નુકસાન છે. એમણે બહુ શરૂઆતમાં એક વાત કરી છે એ ઘણી ઊંડી વિચારણાથી કરી છે

કે બહુ ઝાઝાનો પરિચય કરવો નહિ અને બહુ થોડા સાથે અતિ રાગ કરવો નહિ, અતિ પ્રેમ કરવો નહિ. થોડા સાથે અતિ પ્રેમ કરવો નહિ, અતિ રાગ કરવો નહિ, બહુ ઝાઝાનો પરિચય વધારવો નહિ. કેમ કે બંને સરખું છે. એનું જે કદ જોવામાં આવે તો બેય કદ સરખું થઈ જાય છે. માટે એમણે બહુ શરૂઆતમાં આ એક સાવધાની રખાવી છે. શું કહે છે ?

**'અનાર્યભૂમિમાં વિચરવાની 'બૃહત્કલ્પ'માં ના કહી છે...'** અનાર્યભૂમિ. 'બૃહત્કલ્પ'નામનો કોઈ ગ્રંથ છે. એમણે જોયો હશે. શ્વેતાંબર ગ્રંથ હશે. 'બૃહત્કલ્પ' ની અંદર અનાર્યભૂમિમાં વિચરવાની ના કહી છે **'અને ત્યાં ક્ષેત્રમર્યાદા કરી છે;...'** કે ભાઈ ! આ ક્ષેત્રથી તમારે અનાર્યભૂમિમાં વિહાર ન કરવો. **'પણ જ્ઞાન, દર્શન, સંયમના હેતુએ ત્યાં વિચરવાની પણ હા કહી છે; તે જ અર્થ ઉપરથી એમ જણાય છે કે, કોઈ જ્ઞાનીપુરુષનું દૂર રહેવું થતું હોય,...'** હવે પત્ર લખવાનો શું હેતુ છે ? તો **'કોઈ જ્ઞાનીપુરુષનું દૂર રહેવું થતું હોય, તેમનો સમાગમ થવો મુશ્કેલ હોય,..'** દૂર રહેવામાં પછી એ વખતે તો આવાગમનના એવા સાધનો પણ નહોતા અથવા મુનિને તો પગપાળા ચાલવું પડે.

**'તેમનો સમાગમ થવો મુશ્કેલ હોય,...'** અથવા માંદગી વગેરે હોય. **'અને પત્રસમાચાર સિવાય બીજો કોઈ ઉપાય ન હોય, તો પછી આત્મહિત સિવાય બીજા સર્વ પ્રકારની બુદ્ધિનો ત્યાગ કરી,...'** એટલે એકલા આત્મહિતના અભિપ્રાયથી **'તેવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ...'** તે પણ તેવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ **'કે કોઈ મુમુક્ષુ સત્સંગીની સામાન્ય આજ્ઞાએ તેમ કરવાનો જિનાગમથી નિષેધ થતો નથી,...'** આટલી એમને છૂટ આપી છે. **'એમ જણાય છે. કારણ કે પત્રસમાચાર લખવાથી આત્મહિત નાશ પામતું હતું, ત્યાં જ તે ના સમજાવી છે.'** આત્મહિત નાશ પામે એટલા માટે એને ના પાડી છે.

**'જ્યાં આત્મહિત પત્રસમાચાર નહીં હોવાથી નાશ પામતું હોય,...'** પત્રસમાચાર બંધ કરવાથી આત્મહિતને પ્રતિબંધ આવતો હોય **'ત્યાં પત્રસમાચારનો નિષેધ હોય એમ જિનાગમથી બને કે કેમ ? તે હવે વિચારવા યોગ્ય છે.'** બીજી વાત લઈએ કે આ દીક્ષા લઈ લીધી હોય છે, મુનિપણું તો હોતું નથી. જ્ઞાનીપુરુષના સંગમાં આવે છે. જ્ઞાનીપુરુષને દેખીને એને વંદન, નમસ્કાર કરે છે તો જિનાજ્ઞાનો ભંગ કર્યો

કે ન કર્યો ? નથી કર્યો. કેમ ? કે પોતે ખરેખર પહેલા ગુણસ્થાનમાં છે. જેને વંદન નમસ્કાર કરે છે એ ચોથા ગુણસ્થાનમાં છે. આ વિરતિના વેષમાં છે. આ અવિરતિના વેષમાં છે. છતાં ગુણસ્થાન ઊંચું છે. વંદન, નમસ્કાર કરે છે તો જિનાજ્ઞાનો ભંગ થતો નથી. એમ.

**'એ પ્રકારે વિચરવાથી જિનાગમમાં જ્ઞાન, દર્શન, સંયમના સંરક્ષણાર્થે પત્રસમાચારાદિ વ્યવહાર પણ સ્વીકારવાનો સમાવેશ થાય છે, તથાપિ તે કોઈક કાળ અર્થે, કોઈક મોટા પ્રયોજને, મહાત્મા પુરુષોની આજ્ઞાથી કે કેવળ જીવના કલ્યાણના જ કારણમાં તેનો ઉપયોગ કોઈક પાત્રને અર્થે છે, એમ સમજવા યોગ્ય છે.'** આટલી મર્યાદા લીધી છે. કોઈ કાળે કોઈ ખાસ પાત્રને માટે, કોઈ ખાસ હેતુથી એનો અપવાદ સમજવો. એની પ્રણાલિકા કરવા જેવી નથી. એટલે એમાંથી એ વાત ફલિત થાય છે કે જે અપવાદની વાત છે તે પરંપરા ચલાવવા માટે નથી. ક્યાંક અપવાદની વાત જિનાગમને વિષે આવી હોય તો એની પરંપરા ચલાવવા માટે એ વાત કહી નથી. કોઈ જીવને માટે કોઈ કાળે, કોઈ મોટા પ્રયોજનને અર્થે અને મોટા પ્રયોજન એટલે એના આત્મહિતના રક્ષણ અર્થે એ વાતનો અપવાદ ત્યાં છૂટ મૂકી છે. પણ એ સર્વસાધારણ કરી મૂકે અને બધા જ એમ ચાલવા માંડે. કેમ કે શાસ્ત્રમાં એની છૂટ આપી છે એ તો ચોખ્ખેચોખ્ખો પંચ મહાવ્રતનો (ભંગ છે). **'કે કેવળ જીવના કલ્યાણના જ કારણમાં તેનો ઉપયોગ કોઈક પાત્રને અર્થે છે, એમ સમજવા યોગ્ય છે.'**

મુમુક્ષુ :– મોટા પુરુષોની આજ્ઞાપૂર્વક...

પૂજ્ય ભાઈશ્રી :– આજ્ઞાપૂર્વક અને કોઈક પાત્ર જીવને અર્થે એ વાત છે. એમ સમજવા યોગ્ય છે. એટલે ચોખ્ખો આત્મહિતના હેતુની સફળતા દેખીને ક્યાંક અપવાદ કહ્યો છે. એ અપવાદની પરંપરા ચલાવવા માટે જરાપણ અપવાદ કહ્યો નથી. એ વાત અહીંથી સ્પષ્ટ નીકળે છે. ભૂલ થાય છે એ આ જ્ગ્યાએ થાય છે. કે શાસ્ત્રમાં એ વાતની છૂટ મૂકી છે માટે આપણે એ છૂટનો લાભ લ્યો. એનો અર્થ કે એને સિદ્ધાંત પાળવો જ નથી એમ ચોખ્ખી વાત થઈ જાય છે.

**'નિત્યપ્રતિ અને સાધારણ પ્રસંગમાં પત્રસમાચારાદિ વ્યવહાર ઘટે નહીં;...'** પછી તમે કેમ છો ? અને કુશળ હશો અને અમે આનંદમાં છીએ. એમ સામાન્ય કાંઈ વાતમાં માલ ન હોય અને અમથા અમથા કાગળ લખ્યા કરે એ વાતની તો ત્યાં

છૂટ આપી નથી.

**'જ્ઞાનીપુરુષ પ્રત્યે તેની આજ્ઞાએ...'** શું કહ્યું ? જ્ઞાનીપુરુષ પ્રત્યે અને તે પણ તેની આજ્ઞાએ **'નિત્યપ્રતિ પત્રાદિ વ્યવહાર ઘટે છે,...'** એની સાથે વાંધો નથી. એની આજ્ઞા હોય તો. **'તથાપિ બીજા લૌકિક જીવના કારણમાં તો સાવ નિષેધ સમજાય છે.'** પણ બીજા લૌકિક માણસો સાથે પત્રવ્યવહાર કરવો એ તો તદ્દન નિષેધ કર્યો છે. એ વાતની તો જરા પણ અપવાદમાં પણ મંજુરી આપી નથી. **'વળી આ કાળ એવો આવ્યો છે કે, જેમાં આમ કહેવાથી પણ વિષમ પરિણામ આવે.'** આ અપવાદની વાત કરતા પણ પરિણામ વિષમ આવે. કેમ કે માણસ પોતાની રુચિવાળી વાત એકદમ પકડી લે છે અને પોતાની રુચિની મુખ્યતા કરીને પછી નાની વાતને મોટી કરીને વજન આપે છે અને અહિતના રસ્તે ચાલ્યો જાય છે.

**'લોકમાર્ગમાં વર્તતા એવા સાધુ...'** કેવા ? **'લોકમાર્ગમાં વર્તતા એવા સાધુ આદિના મનમાં આ વ્યવહારમાર્ગનો નાશ કરનાર ભાસ્યમાન થાય, તે સંભવિત છે;...'** એટલે આ લોકમાર્ગમાં વર્તે એવા કહેવાતા સાધુઓ છે એને તો એમ લાગે કે આ તો અમારો વ્યવહાર ઊડાડે છે. તે સંભવિત છે એવું એને લાગે. **'તેમ આ માર્ગ સમજાવવાથી પણ અનુક્રમે વગર કારણે પત્રસમાચારાદિ ચાલુ થાય...'** અને જો અપવાદની એને સમજાવીએ તો વગર કારણે પાછા કાગળ લખવા મંડી પડે. **'કે જેથી વગર કારણે સાધારણ દ્રવ્યત્યાગ પણ હણાય.'** એટલે બહારની અંદર જે ત્યાગ કહ્યો છે. દ્રવ્યે ત્યાગ, ભાવે ત્યાગ નહિ પણ દ્રવ્યે ત્યાગ પણ હણાય જાય. ભાવત્યાગ તો રહેતો જ નથી. પણ દ્રવ્યત્યાગ પણ નથી રહેતો નથી ત્યાં તો. દ્રવ્યે અને ભાવે બે પ્રકારે ત્યાગ છે ને ? એ દ્રવ્યત્યાગ પણ હણાય.

**'એવું જાણી એ વ્યવહાર ઘણું કરી અંબાલાલ આદિથી પણ કરવો નહીં,...'** જુઓ ! હવે પોતે આજ્ઞા કરી કે આમ જાણીને પત્રનો વ્યવહાર તમારે 'અંબાલાલ' આદિથી પણ કરવો નહીં. અમારી સાથે કરો છો ત્યાં સુધી અમારી આજ્ઞા છે. ઠીક છે. તમારા આત્માનું કલ્યાણ થશે એવી કોઈ વાત અમારાથી તમને મળશે. 'અંબાલાલ' સાથે પણ તમારે કરવો નહિ. જુઓ ! આમ 'અંબાલાલભાઈ' એ તો એનો પરિચય કરાવ્યો છે. 'ખંભાત'માં એ લોકો આવેલા ત્યારે વાત કરી હતી કે તમે આ એક મહાપુરુષ છે અને તમે એના સંપર્કમાં આવો. પણ 'અંબાલાલભાઈ' સાથે પત્રવ્યવહાર કરવાનો

નિષેધ કરી દીધો છે.

**'કારણ કે તેમ કરવાથી પણ વ્યવસાય વધવા સંભવ છે. તમને સર્વ પચખાણ હોય તો પછી પત્ર ન લખવાનાં જે પચખાણ સાધુએ આપ્યા છે તે અપાય નહીં.'** તમને સર્વ પચખાણ આપ્યા છે તો પત્ર ન લખવાનું જે પચખાણ છે એ એમનાથી ન અપાય. કેમ કે એનો આટલો અપવાદ સમજાવો જોઈએ તમને. **'તથાપિ આપ્યા તોપણ એમાં હરકત ગણવી નહીં; તે પચખાણ પણ જ્ઞાનીપુરુષની વાણીથી રૂપાંતર થયાં હોત તો હરકત નહોતી,...'** એવાં જે પચખાણ છે એ જ્ઞાનીપુરુષની વાણીથી બીજા રૂપમાં આવે તો એમાં હરકત નથી. **'પણ સાધારણપણે રૂપાંતર થયા છે, તે ઘટારત નથી થયું.'** પણ એ વાતા સાધારણ થઈને તમે બધાની સાથે પત્રવ્યવહાર કર્યા કરો એ વાત તો બરાબર બિલકુલ નથી.

**'મૂળ સ્વાભાવિક પચખાણનો અત્રે વ્યાખ્યાઅવસર નથી;...'** હવે અત્યારે જે ચર્ચા કરવી છે એમાં જે સ્વાભાવિકપણે પચખાણ આપવામાં આવે છે એની વ્યાખ્યા અમે નથી કરતાં. એ અહીંયાં પ્રસંગ નથી. **'લોક પચખાણની વાતનો અવસર છે;...'** લોકોની સાથે જે સંબંધ જોડાય એ પ્રકારના જે પચખાણ છે એ પચખાણ તો બરાબર પાળવા જોઈએ. **'તથાપિ તે પણ સાધારણપણે પોતાની ઇચ્છાએ તોડવા ઘટે નહીં,...'** અને એ ગમે તેમ એનું શિથિલપણું કરીને ગમે તેમ તોડીને ચાલવા માંડે. કાંઈ નહિ આટલો તો અપવાદ છે... આટલો તો અપવાદ છે એમ કરીને. **'એવો હમણાં તો દૃઢ વિચાર જ રાખવો.'** એ વિષયમાં દૃઢ વિચાર રાખવો.

**'ગુણ પ્રગટવાના સાધનમાં જ્યારે રોધ થતો હોય...'** હવે મુખ્ય વાત આ છે કે આત્માને ગુણ પ્રગટવાના સાધનમાં જ્યારે પણ કોઈ અવરોધ ઊભો થતો હોય **'ત્યારે તે પચખાણ જ્ઞાનીપુરુષની વાણીથી કે મુમુક્ષુ જીવના પ્રસંગથી સહેજ આકારફેર થવા દઈ રસ્તા પર લાવવાં,...'** ગુણ પ્રગટવાના રસ્તા ઉપર લાવવા. ભલે એમાં થોડો ફેરફાર કરવો પડે તો કરવો. પણ ગુણ પ્રગટવા અર્થે, આત્મગુણ પ્રગટવા અર્થે સહેજ એને આકારફેર કરવો પડે તો મૂળ એ રસ્તે કરવો.

**'કારણ કે વગર કારણે લોકોમાં અંદેશો થવા દેવાની વાર્તા યોગ્ય નથી.'** કારણ વગર લોકોમાં ઉહાપોહ થાય. વાતમાં કાંઈ માલ ન હોય. હાલતા અને ચાલતા તમે એ અપવાદનો આશ્રય લ્યો એ વાત તો ઠીક નથી થતી. **'બીજા પામર જીવને...'**

એટલે પછી સાધુઓમાં પણ કેટલાક તો સાવ પામર પરિણામવાળા હોય છે. **'બીજા પામર જીવને વગર કારણે તે જીવ અનહિતકારી થાય છે.'** અહિતકારી થાય છે. પછી એ તો એનો આશ્રય લેશે કે ફલાણા આમ કરે છે પછી આપણે તો એમ કરવામાં કાંઈ વાંધો નથી. આ જે શિથિલપણું વર્તમાન કાળમાં દીક્ષાધારી, સાધુવેશધારી લોકોનું વધ્યું છે એનું કારણ આ છે કે એક માણસ શિથિલાચારમાં આવે છે એને જોઈને દેખાદેખીથી બીજો પણ આવે છે કે ફલાણા કરે છે એને કાંઈ વાંધો નથી પછી અમને શું ? એમ કરીને બીજો, ત્રીજો એમ કરતા-કરતા એ આખી રૂઢિ જ બદલાય જાય છે. અને એટલી વિકૃતિ વધતી જાય છે. કાળે કરીને એ વિકૃતિ વધતી જાય છે.

**'એ વગેરે ઘણા હેતુ ધારી બનતાં સુધી પત્રાદિ વ્યવહાર ઓછો કરવો એ જ યોગ્ય છે.'** આમ ઘણા કારણોને તપાસતા તમારે અત્યારે પણ પત્રવ્યવહારનો સંપર્ક ઓછો કરી નાખવો એ અમને યોગ્ય લાગે છે. **'અમ પ્રત્યે ક્યારેક તેવો વ્યવહાર તમને હિતકારીરૂપ છે, માટે કરવો યોગ્ય લાગતો હોય તો તે પત્ર શ્રી દેવકરણજી જેવા કોઈ સત્સંગીને વંચાવીને મોકલવો,...'** અમારી સાથે ક્યારેક તમારે પત્રવ્યવહાર કરવો યોગ્ય લાગતો હોય તો પણ તમે 'દેવકરણજી'ને વંચાવજો કે હું આમ લખું છું. એટલે જે કાંઈ લખે એમાં બીજાને ખ્યાલ આવે કે હું આમ લખું છું. ખાનગી વાત રહે નહિ. ખુલ્લી વાત રહે. જે પોતાની પ્રવૃત્તિ છે એ વાત ખુલ્લી રહે. એ ખાસ સાધુને એનું કોઈ અંગત જીવન નથી હોતું, એમ કહેવું છે.

મુમુક્ષુ :– એ અમસ્તો એક વિવેક થઈ ગયો. કોઈને ખોટો અંદેશો થવાનું કારણ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈને શંકાનું કારણ ન થયું કે ભાઈ જુઓ ! હું જે કાંઈ લખતો હતો એના આ સાક્ષી છે. માટે કોઈ એવો ગમે તેવો આરોપ આવી જાય તો એ બીજાને કહે કે ભાઈ ! જુઓ આમનો પૂછી લ્યો તમે. હું એમને વંચાવી-વંચાવીને પત્રો મોકલેલા છે. માટે તમે એમને પૂછો. વાત સાફ થઈ જાય છે.

**'કોઈ સત્સંગીને વંચાવીને મોકલવો, કે જેથી જ્ઞાનચર્ચા સિવાય એમાં કાંઈ બીજી વાર્તા નથી એવું તેમનું સાક્ષીપણું તે તમારા આત્માને બીજા પ્રકારનો પત્રવ્યવહાર કરતાં અટકાવવાને સંભવિત થાય.'** તમે જ્ઞાનવાર્તા, આત્મહિતની વાર્તા સિવાય બીજી વાર્તા કરતા નથી. એમ પણ થાય અને બીજી કરતા પણ તમે અટકી જાવ. કેમ

કે પહેલા કહે કે ભાઈ ! તમે આ શું લખવા મંડ્યા ? તમારે તમારા આત્માના હિતની વાત બે પૂછવી હોય તો પૂછો, લખવી હોય તો લખો. આડીઅવળી વાત શા માટે લખો છો ? તમે જ અટકશો.

**'મારા વિચાર પ્રમાણે એવા પ્રકારમાં શ્રી દેવકરણજી વિરોધ નહીં સમજે;...'** એને એમ લાગશે કે મને આ વિશ્વાસમાં લે છે. એ વિરોધ સમજશે નહિ. **'કદાપિ તેમને તેમ લાગતું હોય...'** કોને ? 'દેવકરણજી'ને. **'તો કોઈ પ્રસંગમાં તેમનો તે અંદેશો અમે નિવૃત્ત કરીશું,...'** કોઈ ક્યારેક તેમને શંકા પડતી હશે તો એમની એ શંકાનું નિવારણ અમે કરી દેશુ. **'તથાપિ તમારે ઘણું કરી વિશેષ પત્રવ્યવહાર કરવો યોગ્ય નહીં, તે લક્ષ ચૂકશો નહીં.'** બને ત્યાં સુધી પત્રવ્યવહાર ઓછો કરવાનો છે એ વાત લક્ષમાં રાખીને આ બધું કહેવામાં આવ્યું છે.

**''ઘણું કરી' શબ્દનો અર્થ માત્ર હિતકારી પ્રસંગે પત્રનું કારણ કહ્યું છે,...'** ઘણું કરીને એટલે માત્ર આત્મહિતના પ્રસંગની જ વાત અમારે તો મંજુર છે. એ સિવાયની કોઈ વાત મંજુર નથી. એટલે તમે કાગળમાં એમ લખો કે આ ગામમાં આમ છે અને આ ગામમાં આમ છે, ફલાણું અને બધી તમે પંચાત અંદરોઅંદર કરતા હોય એ કાગળનો વ્યવહાર, પત્રવ્યવહાર અમારી સાથે કરો, અમે એ બિલકુલ મંજુર કરતા નથી. **''ઘણું કરી' શબ્દનો અર્થ માત્ર હિતકારી પ્રસંગે પત્રનું કારણ કહ્યું છે, તેને બાધ ન થાય તે છે.'** હિતકારી પ્રસંગને બાધ ન થાય એટલો જ પત્રવ્યવહાર કરવાની છૂટ છે. બાકીની છૂટ નથી.

**'વિશેષ પત્રવ્યવહાર કરવાથી તે જ્ઞાનચર્ચારૂપ હશે તોપણ લોકવ્યવહારમાં ઘણા અંદેશાનો હેતુ થશે.'** આમ તો આ જે પત્રો છે એમાં પણ પહેલા વધુમાં વધુ પત્રો છે એ 'સોભાગભાઈ' ઉપરના છે. ત્યાર પછીના 'અંબાલાલભાઈ' ઉપરના છે. ત્યાર પછીના ઘણું કરીને 'લલ્લુજી' ઉપરના છે. એ પત્રવ્યવહાર ઠીક ઠીક ચાલ્યો છે. **'માટે જે પ્રમાણે પ્રસંગે પ્રસંગે આત્મહિતાર્થ હોય તે વિચારવું અને વિમાસવું યોગ્ય છે.'** વિચારવું અને વિશેષપણે વિમાસવું એટલે વર્તન કરવું તે યોગ્ય છે.

**'અમ પ્રત્યે કોઈ જ્ઞાનપ્રશ્નાર્થે પત્ર લખવાની તમારી ઇચ્છા હોય તો તે શ્રી દેવકરણજીને પૂછીને લખવો કે જેથી તમને ગુણ ઉત્પન્ન થવામાં બાધ ઓછો થાય.'** આ સ્પષ્ટ કરી દીધું. 'દેવકરણજી'ને પૂછીને ચર્ચા કરીને લખવો કે આમ વિચાર છે

તો Automatic તમારી મર્યાદા આવી જશે. **'તમે અંબાલાલને પત્ર લખ્યા વિષેમાં ચર્ચા થઈ તે જોકે ઘટારત થયું નથી, તમને કાંઈ પ્રાયશ્ચિત આપે તો તે લેવું,...'** અને એ માટે તમને પ્રાયશ્ચિત આપે તો તમારે લઈ લેવું. 'અંબાલાલને' પત્ર લખવાની અમે ના લખીએ છીએ છતાં તમે લખ્યા છે. તમારી એ વિષે ચર્ચા થઈ છે આપસમાં. તમને એ જો પ્રાયશ્ચિત આપે તો તમારે લઈ લેવું. એ લોકોને શું છે ? અંદરોઅંદર એકબીજા-એકબીજાનો દોષ જોઈને પ્રાયશ્ચિત આપે એ જાતની હળવાશ આપસમાં હોય છે.

**'પણ કોઈ જ્ઞાનવાર્તા લખવાને બદલે લખાવવામાં તમારે અડચણ કરવી ન જોઈએ, એમ સાથે યથાયોગ્ય નિર્મળ અંતઃકરણથી જણાવવું યોગ્ય છે,...'** જ્ઞાનવાર્તા અમે લખીએ ત્યારે તમને ખરાબ ન લાગવું જોઈએ કે આ કેમ પત્રવ્યવહાર કરે છે ? **'કે જે વાત માત્ર જીવના હિતને અર્થે કરવા માટે છે.'** એના માટે એમને ખરાબ લાગતું હોય તો એમની યોગ્યતા બરાબર નથી. અને એવી અડચણ એમણે વચ્ચે કરવી જોઈએ નહિ. **'પર્યુષણાદિમાં પત્રવ્યવહાર સાધુઓ લખાવીને કરે છે, જેમાં આત્મહિત જેવું થોડું જ હોય છે.'** આ એમને ખબર છે. પર્યુષણના દિવસોમાં કોઈ પત્રવ્યવહાર કરાવે છે. એટલે શું છે એ લોકો કે તમારે અહીંયાં આવવું. અહીંયાં આરાધના વધારે કરવાના છે. ફલાણું વધારે કરશું, આમ વધારે કરશું, માટે તમારે બહારગામવાળાને બોલાવે. પત્રવ્યવહારથી સમાચાર મોકલી દે એમના આશ્રિત હોય, એના શ્રદ્ધાવાન હોય, એના અનુયાયી હોય એને પત્રવ્યવહાર કરે છે. **'જેમાં આત્મહિત જેવું થોડું જ હોય છે.**

**'તથાપિ તે રૂઢિ થઈ હોવાથી તેનો લોક નિષેધ કરતા નથી,...'** પણ એ રૂઢિ થઈ ગઈ છે એટલે લોકો પણ એનો વિરોધ કરતા નથી. પણ પર્યુષણમાં પત્રવ્યવહાર કાંઈક વધારે કરતા હશે સાધુ લોકો. કેમ છે ? તમને વધારે ખબર હોય કે પર્યુષણની અંદર કાંઈ પત્રવ્યવહાર...

મુમુક્ષુ :– ઉત્સાહ વધે. ઉત્સવ મોટો થાય.

પૂજ્ય ભાઈશ્રી :– ઉત્સવ મોટો થાય એ હિસાબે બહારગામથી પત્રવ્યવહાર કરીને બોલાવતા હશે. ઠીક છે. પણ એ રૂઢિ થઈ છે.

**'તેમ તે રૂઢિને અનુસરી વર્તવાનું રાખશો, તોપણ હરકત નથી;...'** એ રૂઢિગત રીતે વર્તો અને લોકોમાં ઉહાપોહ ન થાય તો એનું કાંઈ તમારે માટે વાંધો નથી.

કેમ કે એ તો ખરેખર તો કાંઈ સાધુ તો છે નહિ. એમ. **'એટલે તમને પત્ર લખાવવામાં અડચણ નહીં પહોંચે અને લોકોને અંદેશો નહીં થાય.**

**'ઉપમા આદિ લખવામાં લોકોનું વિપર્યયપણું રહેતું હોય તો અમને એક સાધારણ ઉપમા લખશો,...'** કેમ કે બહુ ઉપમાઓ આપો છો પત્રની અંદર અને તમારે તો ખુલ્લો પત્ર લખવાનો છે. કોઈને સંતાડીને લખવાનો નથી. બીજાને વંચાવીને લખવાનો છે. એ વાત તો બહાર પડે કે 'લલ્લુજી' પત્ર લખે છે. 'શ્રીમદ્જી'ને બહુ વિશેષણો લખે છે. લોકોને એમ થાય કે આ સાધુ થઈને આટલા બધા વિશેષણ ગૃહસ્થીને લખે છે ! બહુમાનથી વંદન અને બીજું-ત્રીજું લખે ખૂબ ભક્તિથી. તો કહે છે, **'અમને એક સાધારણ ઉપમા લખશો, નહીં ઉપમા લખો તોપણ અડચણ નથી.'** ઉપમા એકાદું વિશેષણ વાપરો તો પણ ભલે, ન વાપરો તોપણ ભલે. અમને કાંઈ વાંધો નથી. કે અમારે ઉપમાની જરૂર છે એવું કાંઈ નથી.

**'માત્ર ચિત્તસમાધિ અર્થે તમને લખવાનો પ્રતિબંધ કર્યો નથી. અમને ઉપમાનું કંઈ સફળપણું નથી.'** તમે અમને ઉપમા લખો એટલે અમને કાંઈ એમાંથી લાભ થાય છે, એનું ફળ મળે છે એ બિલકુલ નથી. તમને બહુમાન આવે અને તમને બહુમાન વ્યક્ત કરવામાં અસમાધાન થતું હોય તો તમારા મનના સમાધાન માટે તમે લખો બીજી વાત છે. અમારે એથી કોઈ સંબંધ નથી. કે અમને તમે ઉપમા લખો કે નથી લખતા એ વાતનો વિકલ્પ અમારે નથી. જુઓ ! એક પ્રાસંગિક વાત આવી તો પણ આટલી સ્પષ્ટતા એમણે પોતાના માટે કરી દીધી છે.

મુમુક્ષુ :– એક પત્રવ્યવહાર સંબંધીમાં કેટલુંસ સ્પષ્ટીકરણ...

પૂજ્ય ભાઈશ્રી :– કેટલું સ્પષ્ટીકરણ કેટલું આપ્યું છે ! ખાલી વાત તો એક પત્રવ્યવહારનો મુદ્દો બે વચ્ચે ઉત્પન્ન થયો છે. એમની વચ્ચે અને પોતાની વચ્ચે. એ સિવાય 'અંબાલાલભાઈ' જેવા મુમુક્ષુ સાથે પણ પત્રવ્યવહાર કરે છે તો એને એની ભૂમિકા પ્રમાણે કેટલું જાળવવું જોઈએ. એને મનનું સમાધાન રહે. આખરમાં આત્મહિત થાય અને ગુણ પ્રગટે એ વાતને મુખ્ય રાખીને આખું માર્ગદર્શન આપ્યું છે.

માર્ગ સ્થાપવાનો કોઈ અહીંયાં વિષય નથી. સાધુનો માર્ગ સ્થાપવો છે અને એ કોઈ અહીંયાં ચર્ચા નથી. એ કોઈ સિદ્ધાંત નથી. એને વ્યક્તિગત રીતે શું કરવા યોગ્ય છે. એટલી વાત છે. એમ લેવું. નહિતર અહીંયાં મતનો આગ્રહ હોય તો થોડું

ભડકે, એવી વાત છે.

મુમુક્ષુ :– બેય બાજુ દિગંબરને એમ લાગે મારા જેવાને કે આ શું સ્થાપના કરી છે અને શ્વેતાંબરને એમ લાગે કે આ સાચું લખ્યું છે. વસ્ત્ર રાખીએ એ વાત બરાબર છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે બેય મતવાળાને નુકસાન થાય. મતવાળા બંનેને નુકસાન થાય. શ્વેતાંબરને નુકસાન થાય અને દિગંબરને પણ નુકસાન થાય. આ તો એક વ્યક્તિગત વાત કરી છે. પોતે સમજે છે કે આ કાંઈ સાધુ નથી. પણ એને કઈ મર્યાદામાં રહેવું એટલી એને શિખામણ આપી છે. કે જેથી લોકોમાં પણ ઉહાપોહ ન થાય, એની વૃત્તિ પણ વિશેષે કરીને સ્વચ્છંદી ન થાય અને આત્મગુણ પ્રગટવાનો હેતુ જળવાય રહે એ બધી વાતનો સરવાળો આટલો જ છે. બધી વાતનો સરવાળો આટલામાં છે. કોઈ મતમતાંતરની વાત સ્થાપવાનો અહીંયાં પ્રકરણ નથી, અહીંયાં અભિપ્રાય નથી, અહીંયાં એ વાત પણ લક્ષમાં લેવાની પરિસ્થિતિ નથી એમ છે.

એટલે પોતે પોતાની વિચારણામાં કઈ રીતે વિચારવા ટેવાયેલો છે અથવા વિચારણામાં મતમતાંતરનો પૂર્વગ્રહ કેટલે અર્થે કેળવાય ગયો છે, સ્થાપિત થઈ ગયો છે એ વાત દરેક મુમુક્ષુએ બહુ ઊંડાણથી પોતામાં વિચારવા જેવી હોય છે. એમ એમાંથી નીકળે છે. મધ્યસ્થપણું શું ? અને મતમતાંતરપણું શું ? ગુણ પ્રગટવાની અંદર એનો હેતુ શું ? અને એ હેતુથી ખસી જાય તો ક્યાં જાય ? કેવી રીતે પોતાના આત્માને નુકસાન કરે ? એ બધું બહુ ઊંડી વિચારણા માગે એવો વિષય છે આ.

મુમુક્ષુ :– એક પત્રમાં મહત્વપૂર્ણ મૂળ સ્વાભાવિક પચખાણનું અત્રે... ઔષધ નથી. લોકપચખાણ... લૌકિક પચખાણની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– બસ.. બસ.. એટલી જ વાત છે. એ તો એને વ્યક્તિગત વાત જ છે. એમની સાથેનો વ્યક્તિગત પ્રસંગ છે તો એને વ્યક્તિગત રીતે, કઈ રીતે એને લાઈનદોરી આપી દેવી, એટલી વાત છે. જરા પણ એનો વધારે વિચાર કરવા જેવો નથી. નહિતર હેતુ કાંઈક છે કહેવાનો અને પોતે એનો અર્થ કરે છે કાંઈક. એના જેવું થઈ જાય.

મુમુક્ષુ :– આ પચખાણને લૌકિક કીધા.

પૂજ્ય ભાઈશ્રી :– લૌકિક જ છે. એમ જ છે.

પછી ૫૦૨ નંબરનો પત્ર છે.

**'મુનિ શ્રી લલ્લુજી તથા દેવકરણજી આદિ પ્રત્યે,...'** એ બંનેને ઉદ્દેશીને આ પત્ર લખ્યો છે.

**'સહેજે સમાગમ થઈ આવે અથવા એ લોકો ઇચ્છીને સમાગમ કરવા આવતા હોય તો સમાગમ કરવામાં શું હાનિ છે ? કદાપિ વિરોધવૃત્તિથી એ લોકો સમાગમ કરવાનું કરતા હોય તો પણ શું હાનિ છે ? આપણે તો તેના પ્રત્યે કેવળ હિતકારી વૃત્તિથી, અવિરોધ દૃષ્ટિથી સમાગમમાં પણ વર્તવું છે, ત્યાં શો પરાભવ છે ? માત્ર ઉદીરણા કરીને સમાગમ કરવાનું હાલ કારણ નથી.'** શું કહે છે ? કે આ દિવસોમાં એ 'સુરત'ની અંદર રોકાયેલા છે. અને આ પત્ર છે એ ૭૫૦માં આખો મૂકેલો છે. ૭૫૦ નંબર છે ને ? એમાં આખો મૂકેલો છે. પાછળથી ઉમેર્યો છે એટલે ફરીને છાપ્યો છે. 'વવાણિયા'થી લખેલો છે. ૧૯૫૩માં એટલે આ પત્ર ૧૯૫૩માં છે. એટલે અહીંયાં અનુસંધાનમાં નથી. આ દિવસોમાં એ પત્ર નથી. આ જે પત્રવ્યવહાર ચાલ્યો છે એ ૧૯૫૦ની સાલના વૈશાખ મહિનામાં ચાલ્યો છે. જ્યારે આ ૧૯૫૩ની ફાગણ મહિનામાં ચાલ્યો છે. એટલે ત્રણ વર્ષનો ફેર છે એટલે આ પત્ર ત્યાંથી જ લેશું આપણે. કારણ કે આમ પણ ફાટેલો છે અને આગળ એ વાત સ્પષ્ટ આવે છે એટલે એમના જે કાંઈ અનુસંધાન આગળ-પાછળના હોય તો એની સાથે મેળ ખાય છે. આ પત્ર અત્યારે વચમાંથી આપણે ક્રમમાંથી છોડી દઈએ છીએ. કેમ કે ૭૫૦માં એ પત્ર ફરીને એ આવે છે. અને એ વખતે લખાયેલો છે, ૧૯૫૩ની સાલમાં.

ત્યાંથી **'સહેજે સમાગમ થઈ આવે અથવા એ લોકો ઇચ્છીને સમાગમ કરવા આવતા હોય તો એમ કરીને વાત છે.'** એ ૭૫૦ આંક છે. ક્યા ગામ લખેલો છે એ જોઈએ તો 'દેવકરણજી, વવાણિયા'થી લખ્યો છે. ક્યા ગામે એ નથી લખ્યું. લખેલો છે 'વવાણિયા'થી.

## પત્રાંક-૫૦૩

મુંબઈ, વૈશાખ વદ ૦)), ૧૯૫૦

શ્રી સ્તંભતીર્થક્ષેત્રે સ્થિત, શુભેચ્છાસંપન્ન ભાઈ શ્રી અંબાલાલ પ્રત્યે યથાયોગ્ય વિનંતી કે :–

તમારું લખેલું પત્ર ૧ પહોંચ્યું છે. અત્રે કુશળતા છે.

સુરતથી મુનિશ્રી લલ્લુજીનો કાગળ એક પ્રથમ હતો. તેના પ્રત્યુત્તરમાં એક કાગળ અહીંથી લખ્યો હતો. ત્યાર પછી પાંચ છ દિવસ પહેલાં તેમનો એક કાગળ હતો, જેમાં તમારા પ્રત્યે પત્રાદિ લખવાનું થયું, તેના સંબંધમાં થયેલી લોકચર્ચા વિષેની કેટલીક વિગત હતી. તે કાગળનો ઉત્તર પણ અત્રેથી લખ્યો છે. તે સંક્ષેપમાં આ પ્રમાણે છે.

પ્રાણાતિપાતાદિ પાંચ મહાવ્રત છે તે સર્વ ત્યાગનાં છે, અર્થાત્ સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તવું, સર્વ પ્રકારના મૃષાવાદથી નિવર્તવું, એ પ્રમાણે પાંચે મહાવ્રત સાધુને હોય છે; અને એ આજ્ઞાએ વર્તે ત્યારે તે મુનિના સંપ્રદાયમાં વર્તે છે, એમ ભગવાને કહ્યું છે. એ પ્રકારે પંચમહાવ્રત ઉપદેશ્યાં છતાં તેમાં પ્રાણાતિપાતનું કારણ છે એવા નદીના ઊતરવા વગેરે ક્રિયાની આજ્ઞા પણ જિને કહી છે. તે એવા અર્થે કે નદી ઊતરવાથી જે બંધ જીવને થશે તે કરતાં એક ક્ષેત્રે નિવાસથી બળવાન બંધ થશે, અને પરંપરાએ પંચ મહાવ્રતની હાનિનો પ્રસંગ આવશે, એવું દેખી તેવો દ્રવ્ય પ્રાણાતિપાત જેમાં છે એવી નદી ઊતરવાની આજ્ઞા શ્રી જિને કહી છે. તેમ જ વસ્ત્ર, પુસ્તક રાખવાથી સર્વપરિગ્રહવિરમણવ્રત રહી શકે નહીં; તથાપિ દેહના શાતાર્થનો ત્યાગ કરાવી આત્માર્થ સાધવા દેહ સાધનરૂપ ગણી તેમાંથી પૂરી મૂર્ચ્છા ટળતાં સુધી વસ્ત્રનો નિઃસ્પૃહ સંબંધ અને વિચારબળ વધતાં સુધી પુસ્તકનો

સંબંધ જિને ઉપદેશ્યો છે; એટલે સર્વ ત્યાગમાં પ્રાણાતિપાત તથા પરિગ્રહનું સર્વ પ્રકારે અંગીકૃત કરવું ના છતાં એ પ્રકારે જિને અંગીકૃત કરવાની આજ્ઞા કરી છે. તે સામાન્ય દૃષ્ટિથી જોતાં વિષમ જણાય, તથાપિ જિને તો સમ જ કહેલું છે. બેય વાત જીવના કલ્યાણ અર્થે કહેલ છે. જેમ સામાન્ય જીવનું કલ્યાણ થાય તેમ વિચારીને કહ્યું છે. એ જ પ્રકારે મૈથુનત્યાગવ્રત છતાં તેમાં અપવાદ કહ્યો નથી કારણ કે મૈથુનનું આરાધવું રાગદ્વેષ વિના થઈ શકે નહીં, એવું જિનનું અભિમત છે. એટલે રાગદ્વેષ અપરમાર્થરૂપ જાણી મૈથુનત્યાગ અનપવાદે આરાધવું કહ્યું છે. તેમ જ બૃહત્કલ્પસૂત્રમાં સાધુએ વિચરવાની ભૂમિકાનું પ્રમાણ કહ્યું છે, ત્યાં ચારે દિશામાં અમુક નગર સુધીની મર્યાદા કહી છે, તથાપિ તે ઉપરાંત તે અનાર્યક્ષેત્ર છે, તેમાં પણ જ્ઞાન, દર્શન, સંયમની વૃદ્ધિને અર્થે વિચરવાનો અપવાદ કહ્યો છે. કારણ કે આર્ય ભૂમિમાં કોઈ યોગવશાત્ જ્ઞાનીપુરુષનું સમીપ વિચરવું ન હોય અને પ્રારબ્ધયોગે અનાર્ય ભૂમિમાં વિચરવું જ્ઞાનીપુરુષનું હોય તો ત્યાં જવું, તેમાં ભગવાને બતાવેલી આજ્ઞા ભંગ થતી નથી.

તે જ પ્રકારે પત્ર-સમાચારાદિનો જો સાધુ પ્રસંગ રાખે તો પ્રતિબંધ વધે એમ હોવાથી ભગવાને 'ના' કહી છે, પણ તે 'ના' જ્ઞાનીપુરુષના કોઈ તેવા પત્ર-સમાચારમાં અપવાદરૂપે લાગે છે. કારણ કે જ્ઞાની પ્રત્યે નિષ્કામપણે જ્ઞાનારાધનાર્થે પત્ર-સમાચાર વ્યવહાર છે. એમાં અન્ય કંઈ સંસારાર્થ હેતુ નથી, ઊલટો સંસારાર્થ મટવાનો હેતુ છે; અને સંસાર મટાડવો એટલો જ પરમાર્થ છે. જેથી જ્ઞાનીપુરુષની અનુજ્ઞાએ કે કોઈ સત્સંગી જનની અનુજ્ઞાએ પત્ર-સમાચારનું કારણ થાય તો તે સંયમ વિરુદ્ધ જ છે, એમ કહી શકાય નહીં; તથાપિ તમને સાધુએ પચખાણ

આપ્યાં હતાં તે ભંગ થવાનો દોષ તમારા પ્રત્યે આરોપવા યોગ્ય થાય છે. પચખાણનું સ્વરૂપ અત્ર વિચારવાનું નથી, પણ તમે તેમને પ્રગટ વિશ્વાસ આપ્યો તે ભંગ કરવાનો હેતુ શો છે ? જો તે પચખાણ લેવા વિષેમાં તમને યથાયોગ્ય ચિત્ત નહોતું તો તે તમારે લેવાં ઘટે નહીં, અને જો કોઈ લોકદબાબથી તેમ થયું તો તેનો ભંગ કરવો ઘટે નહીં, અને ભંગનું જે પરિણામ છે તે અભંગથી વિશેષ આત્મહિતકારી હોય તોપણ સ્વેચ્છાથી ભંગ કરવો ઘટે નહીં; કારણ કે જીવ રાગદ્વેષ કે અજ્ઞાનથી સહેજે અપરાધી થાય છે; તેનો વિચારેલો હિતાહિત વિચાર ઘણી વાર વિપર્યય હોય છે. આમ હોવાથી તમે જે પ્રકારે ભંગ તે પચખાણ કર્યું છે, તે અપરાધ યોગ્ય છે, અને તેનું પ્રાયશ્ચિત્ત પણ કોઈ રીતે ઘટે છે. 'પણ કોઈ જાતની સંસારબુદ્ધિથી આ કાર્ય થયું નથી, અને સંસાર કાર્યના પ્રસંગથી પત્ર સમાચારની મારી ઇચ્છા નથી, આ જે કંઈ પત્રાદિ લખવાનું થયું છે તે માત્ર કોઈ જીવના કલ્યાણની વાત વિષેમાં છે, અને તે જો કરવામાં ન આવ્યું હોત તો એક પ્રકારે કલ્યાણરૂપ હતું, પણ બીજા પ્રકારે ચિત્તની વ્યગ્રતા ઉત્પન્ન થઈ અંતર ક્લેશવાળું થતું હતું; એટલે જેમાં કંઈ સંસારાર્થ નથી, કોઈ જાતની બીજી વાંછા નથી, માત્ર જીવના હિતનો પ્રસંગ છે, એમ ગણી લખવાનું થયું છે. મહારાજે પચખાણ આપેલ તે પણ મારા હિતને અર્થે હતાં કે કોઈ સંસારી પ્રયોજનમાં એથી હું ન પડી જાઉં; અને તે માટે તેમનો ઉપકાર હતો, પણ મેં સંસારી પ્રયોજનથી એ કાર્ય કર્યું નથી; તમારા સંઘાડાના પ્રતિબંધને તોડવા એ કાર્ય નથી; તોપણ એક પ્રકારે મારી ભૂલ છે તો તે અલ્પ, સાધારણ પ્રાયશ્ચિત આપી ક્ષમા આપવી ઘટે છે. પર્યુષણાદિ પર્વમાં શ્રાવકે શ્રાવકના નામથી સાધુ પત્ર લખાવે છે,

તે પ્રકાર સિવાય બીજા પ્રકારે હવે વર્તવામાં ન આવે અને જ્ઞાનચર્ચા લખાય તોપણ અડચણ નથી,' એ વગેરે ભાવ લખેલ છે. તમે પણ તે તથા આ પત્ર વિચારી જેમ ક્લેશ ન ઉત્પન્ન થાય તેમ કરશો. કોઈ પણ પ્રકારે સહન કરવું એ સારું છે; એમ નહીં બને તો સહેજ કારણમાં મોટું વિપરીત ક્લેશરૂપ પરિણામ આવે. બનતાં સુધી પ્રાયશ્ચિતનું કારણ ન બને તો ન કરવું, નહીં તો પછી અલ્પ પણ પ્રાયશ્ચિત લેવામાં બાધ નથી. તેઓ વગર પ્રાયશ્ચિતે કદાપિ તે વાત જતી કરે તેવું હોય તોપણ તમારે એટલે સાધુ લલ્લુજીએ ચિત્તમાં એ વાતનો પશ્ચાતાપ એટલો તો કરવો ઘટે છે કે આમ પણ કરવું ઘટતું નહોતું. હવે પછીમાં દેવકરણજી સાધુ જેવાની સમક્ષતાથી શ્રાવક ત્યાંથી અમુક લખનાર હોય અને પત્ર લખાવે તો અડચણ નહીં એટલી વ્યવસ્થા તે સંપ્રદાયમાં ચાલ્યા કરે છે, તેથી ઘણું કરી લોકો વિરોધ કરશે નહીં, અને તેમાં પણ વિરોધ જેવું લાગતું હોય તો હાલ તે વાત માટે પણ ધીરજ ગ્રહણ કરવી હિતકારી છે. લોકસમુદાયમાં ક્લેશ ઉત્પન્ન ન થાય, એ લક્ષ ચૂકવા યોગ્ય હાલ નથી, કારણ કે તેવું કોઈ બળવાન પ્રયોજન નથી.

શ્રી કૃષ્ણદાસનો કાગળ વાંચી સત્ત્વ હર્ષ થયો છે. જિજ્ઞાસાનું બળ જેમ વધે તેમ પ્રયત્ન કરવું એ પ્રથમ ભૂમિ છે. વૈરાગ્ય અને ઉપશમના હેતુ એવા 'યોગવાસિષ્ઠાદિ' ગ્રંથો વાંચવામાં અડચણ નથી. અનાથદાસજીનો કરેલો 'વિચારમાળા' ગ્રંથ સટીક અવલોકવા યોગ્ય છે. અમારું ચિત્ત નિત્ય સત્સંગને ઇચ્છે છે, તથાપિ પ્રારબ્ધયોગ સ્થિતિ છે. તમારા સમાગમી ભાઈઓથી જેટલું બને તેટલું સદ્‌ગ્રંથોનું અવલોકન થાય તે અપ્રમાદે કરવા યોગ્ય છે. અને એક બીજાનો નિયમિત પરિચય કરાય તેટલો લક્ષ રાખવો યોગ્ય છે. પ્રમાદ એ સર્વ કર્મનો હેતુ છે.

૫૦૩. **'શ્રી સ્તંભતીર્થક્ષેત્રે સ્થિત, શુભેચ્છાસંપન્ન ભાઈ શ્રી અંબાલાલ પ્રત્યે યથાયોગ્ય વિનંતી કે :–'** 'ખંભાત'માં 'અંબાલાલભાઈ'ને આ પત્ર લખ્યો છે.

**'તમારું લખેલું પત્ર ૧ પહોંચ્યું છે. અત્રે કુશળતા છે.'**

**'સુરતથી...'** આ જે 'સૂર્યપુર' લખ્યું છે ને એ **'સુરતથી મુનિશ્રી લલ્લુજીનો કાગળ એક પ્રથમ હતો. તેના પ્રત્યુત્તરમાં એક કાગળ અહીંથી લખ્યો હતો. ત્યાર પછી પાંચ છ દિવસ પહેલાં તેમનો એક કાગળ હતો, જેમાં તમારા પ્રત્યે પત્રાદિ લખવાનું થયું, તેના સંબંધમાં થયેલી લોકચર્ચા વિષેની કેટલીક વિગત હતી.'** તે લોકોને પણ ખબર પડી કે આ 'અંબાલાલભાઈ'ને પણ કાગળ લખે છે. **'તે કાગળનો ઉત્તર પણ અત્રેથી લખ્યો છે. તે સંક્ષેપમાં આ પ્રમાણે છે.'** એમ કરીને જે કાગળ ચાલી ગયો એ કાગળનો વિષય ફરીને એમણે સંક્ષેપમાં લખ્યો છે.

કહેવાનો અહીંયાં એ અભિપ્રાય થાય છે કે એ દિવસોમાં જો મુનિઓ કોઈ શ્રાવકોને કાગળ લખતા તો એની લોકચર્ચા થતી હતી કે આ લોકો પત્રવ્યવહાર કરે છે. ફલાણા સાથે પત્રવ્યવહાર (કરે છે). એક લોકોની અંદર ટીકા કરવાનું કારણ થતું. એટલે એટલો શિથિલાચાર માટે ઓહાપોહ થતો હતો. એ અહીંથી નીકળે છે. સો વર્ષ પહેલા કોઈ સાધુ બીજા ગૃહસ્થીને પત્ર લખે તો એ શિથિલાચાર ગણીને એ સંબંધીમાં ઉહાપોહ અને ચણપણ ચાલે સમાજની અંદર કે આમ કરે છે, આ તો આમ કરવા લાગ્યા છે... આ તો આમ કરવા લાગ્યા છે... એટલે એટલો શિથિલાચાર પણ એ વખતે લોકો મંજુર નહોતા કરતા. અત્યારે તો એ વાત પાછી ક્યાંયની ક્યાંય ચાલી ગઈ છે. એના જેવું છે. અત્યારે તો ઘણો ફેરફાર (થઈ ગયો છે), એથી વધારે સંપર્કનો ફેરફાર થઈ ગયો છે. અહીં સુધી રાખીએ.

## તા. ૧૭-૮-૧૯૯૦, પત્રાંક–૫૦૩, ૫૦૪
## પ્રવચન નં. ૨૦૨

પાનું ૪૦૪. આગળના પત્રમાં શ્વેતાંબર શાસ્ત્ર પ્રમાણે જે મુનિઓના પંચ મહાવ્રતની ચર્ચા કરી એ ચર્ચાનો વિષય 'અંબાલાલભાઈ'ને થોડોક પોતાના વિશેષ વિચારો સાથે જણાવે છે. જો કે એમાં સ્પષ્ટ કરે છે કે અહીંયાં પ્રતિજ્ઞા અથવા પચખાણનું સ્વરૂપ વિચારવાનું નથી. પંચ મહાવ્રતરૂપ જે પ્રતિજ્ઞા છે અથવા જે પચખાણ પ્રતિજ્ઞા લીધી છે એનું સ્વરૂપ અહીંયાં વિચારવાનું નથી. પણ એમણે કોઈ એક એમના ગુરુને વિશ્વાસ આપ્યો છે કે હું આમ વર્તીશ. મારું આચરણ આવું રહેશે. એ વિશ્વાસ અનુસાર પોતે પ્રવર્તે છે કે નહિ ? એટલી મર્યાદિત વિષયની ચર્ચા અહીંયાં ચાલે છે.

મુનિપણું શું ? દ્રવ્યલિંગ શું ? ભાવલિંગ શું ? પચખાણનું સ્વરૂપ શું ? એ અહીંયાં વિચારતા નથી. પણ એમણે જે વિશ્વાસ આપ્યો છે જેને, એ વિશ્વાસ ભંગ કરે છે તો એમાં કોઈ પારમાર્થિક હેતુ છે ? કે પારમાર્થિક હેતુ વિના એ વિશ્વાસનો ભંગ કરે છે ? એટલી મર્યાદામાં અહીંયા એની ચર્ચા કરે છે. અને એમાં નીતિ શું અને ન્યાય શું ? એ ભૂમિકામાં એ પરિસ્થિતિમાં એના ન્યાય, નીતિ શું છે એની ચર્ચા કરે છે. આટલો મર્યાદિત વિષય અહીંયાં સમજવા યોગ્ય છે. નહિતર વાત ઘડ બેસે નહિ. બીજો દૃષ્ટિકોણ જો લાગુ કરવામાં આવે તો કોઈ રીતે વાત બંધ બેસે નહિ, એવી પરિસ્થિતિ થાય.

મુમુક્ષુ :– આ દૃષ્ટિકોણ ન સમજાય તો જ્ઞાની પ્રત્યે અભક્તિ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, થઈ જાય. કે આમ કેમ કરે છે ? આમ કેમ કહે છે ?

એટલે અહીંયા એમ કહે છે કે '**પ્રાણાતિપાતાદિ પાંચ મહાવ્રત છે તે સર્વ ત્યાગનાં છે,...**' પ્રાણાતિપાતાદિ જે પંચ મહાવ્રત કહ્યા છે એ ત્યાગના છે. '**અર્થાત્ સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવર્તવું, સર્વ પ્રકારના મૃષાવાદથી નિવર્તવું, એ પ્રમાણે પાંચે મહાવ્રત**

**સાધુને હોય છે; અને એ આજ્ઞાએ વર્તે ત્યારે તે મુનિના સંપ્રદાયમાં વર્તે છે, એમ ભગવાને કહ્યું છે.**’ સંપ્રદાયની પરંપરાનો એ વિષય છે. અને એને બાહ્ય ત્યાગ આટલો હોવો જોઈએ. શ્વેતાંબરના શાસ્ત્રોમાં પ્રાણાતિપાત થતો હોવા છતાં પણ નદી ઊતરવાની રજા આપી છે. અપવાદ સંમત કર્યો છે. તો એવા અર્થે. હવે એ શા માટે અપવાદ સંમત કર્યો છે ? કે ‘**તે એવા અર્થે કે નદી ઊતરવાથી જે બંધ જીવને થશે તે કરતાં એક ક્ષેત્રે નિવાસથી બળવાન બંધ થશે.**’ ભાવનું સંતુલન અહીંયાં જાળવ્યું છે અને દ્રવ્યની છૂટ મૂકી છે એમ કહેવું છે. ‘**અને પરંપરાએ પંચ મહાવ્રતની હાનિનો પ્રસંગ આવશે,...**’ જો એક જ ક્ષેત્રે રહેશે તો તે ક્ષેત્ર સાથે અને તે ક્ષેત્રે નિવાસ કરતા બીજા સમાજ સાથે એને વધારે પરિચય થશે, વધારે રાગનું કારણ થશે અને એ નદી ઊતરવા કરતા વધારે બંધનના પરિણામ થશે, તીવ્ર બંધનના પરિણામ થશે. નદી ઊતરતા જે બંધ થશે એના કરતા આ બંધ વધી જશે એમ કહેવું છે. એક ક્ષેત્રે નિવાસ કરતા.

‘**એવું દેખી તેવો દ્રવ્ય પ્રાણાતિપાત જેમાં છે એવી નદી ઊતરવાની આજ્ઞા શ્રી જિને કહી છે.**’ જેમાં દ્રવ્ય પ્રાણાતિપાત એટલે દ્રવ્યહિંસા છે એવી રજા ત્યાં આપી છે. ‘**તેમ જ વસ્ત્ર, પુસ્તક...**’ ઓલાપણે પાત્ર લીધું હતું અહીંયાં વસ્ત્ર લઈ લીધું. ‘**તેમ જ વસ્ત્ર, પુસ્તક રાખવાથી સર્વપરિગ્રહવિરમણવ્રત રહી શકે નહીં;...**’ આમ તો એમ કહે છે વસ્ત્ર, પુસ્તક રાખવાથી સર્વપરિગ્રહ વિરમણ એટલે ત્યાગ, એવું વ્રત રહી શકે નહિ. ‘**તથાપિ દેહના શાતાર્થનો ત્યાગ કરાવી...**’ દેહનો શાતાનો ત્યાગ કરાવી ‘**આત્માર્થ સાધવા દેહ સાધનરૂપ ગણી...**’ આત્માર્થ સાધવા માટે દેહનું સાધન ‘**ગણી તેમાંથી પૂરી મૂર્છા ટળતાં સુધી વસ્ત્રનો નિઃસ્પૃહ સંબંધ...**’ રજા આપી છે. આ શ્વેતાંબર શાસ્ત્રોમાં. પણ આ શરત રાખી છે ત્યાં પણ કે દેહની પૂરી મૂર્છા ટળવા માટે એ વાત છે.

એવી જ રીતે પુસ્તક માટે કે વિચારબળ વધવા માટે પુસ્તકનો સંબંધ જિને ઉપદેશ્યો છે. એ વિચાર બળવાન કરવા માટે. આમ તો એકાંતમાં જ્ઞાન, ધ્યાનની પ્રવૃત્તિ અંતરંગ કરવાની છૂટ છે. છતાં પુસ્તક રાખવું હોય તો વિચારબળ વધવાને અર્થે. અને ત્યાં સુધી. વિચારબળ વધે એટલે છોડી દે. એવી જ રીતે અંદરમાં દેહ પ્રત્યેનું મમત્વ છોડવા માટે એ વાત છે. અને મમત્વ છૂટે એટલે વસ્ત્ર છોડી દે એમ કહેવું છે. રાખે એમ નહિ. ઓલા શું કહે છે કે અમને તો દેહનું મમત્વ નથી છતાં

વસ્ત્ર રાખીએ છીએ. કહે નહિ દેહનું મમત્વ ન હોય એ છોડી દે છે. પુસ્તકનું વિચારબળ વધી ગયું હોય તો પુસ્તક મૂકી દે છે, પુસ્તક સાથે રાખતા નથી. મુનિ આપી દે. એને જરૂર ન લાગે, પુસ્તકના આલંબનની જરૂર ન લાગે એટલે મૂકી દે. કોઈ શ્રાવકને આપી દે, બીજા મુનિને આપી દે. મારે આવશ્યકતા નથી. એવી રીતે પરિગ્રહ છોડી દે છે. ત્યાં સુધી એ વિચારબળ વધતાં સુધી પુસ્તકનો સંબંધ ઉપદેશ્યો છે.

**'એટલે સર્વ ત્યાગમાં પ્રાણાતિપાત તથા પરિગ્રહનું સર્વ પ્રકારે અંગીકૃત કરવું ના છતાં...'** હિંસા અને પરિગ્રહમાં બધો જ ત્યાગ કરાવ્યો હોવા છતાં એ પ્રકારે જિને અંગીકૃત કરવાની આજ્ઞા કરી છે એટલે અપવાદ મૂક્યો છે. આ શ્વેતાંબર શાસ્ત્રમાંથી. **'તે સામાન્ય દૃષ્ટિથી જોતાં વિષમ જણાય,...'** એ વિપરીત દેખાય છે. ઉપરથી સીધું જોવે તો વિપરીત દેખાય છે. **'તથાપિ જિને તો સમ જ કહેલું છે.'** એટલે સમ કહેલું છે એટલે એનો વીતરાગતા વધારવા માટે એ અપવાદ મૂક્યો છે. રાગ વધારવા માટે અપવાદ નથી મૂક્યો. સમભાવ વધારવા માટે (છે).

મુમુક્ષુ :– જે વસ્ત્ર પહેરે છે તેને મુનિ માને છે. પોતે મિથ્યા રહી ગયો. જ્યાં સુધી દેહનું મમત્વ નથી ટળતું એનો મતલબ મમત્વ છે, આ નક્કી થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. છે. નક્કી થઈ ગયું. એટલે એમના શાસ્ત્રોમાં પણ એ વાત સ્પષ્ટ છે. એમ છે. એ સ્પષ્ટ નિકળે છે ત્યાંથી. એટલે અપવાદ અને સિદ્ધાંતની **'બેય વાત જીવના કલ્યાણ અર્થે કહેલ છે. જેમ સામાન્ય જીવનું કલ્યાણ થાય તેમ વિચારીને કહ્યું છે.'** સામાન્ય જીવ એટલે ભાવલિંગી નહિ. એમ ને એમ દીક્ષા લઈ લીધી છે. એમ જોયું કે આ લોકો હવે દીક્ષા તો બધા લેવા માંડ્યા છે. સામાન્ય વાત થઈ ગઈ છે. તો એનું કલ્યાણ વિચારીને આ બધી ગોઠવણ કરી છે. કારણ કે આમાં શું છે જિનના નામે શાસ્ત્રો છે. રચના તો બીજાઓએ કરી છે.

**'એ જ પ્રકારે મૈથુનત્યાગવ્રત છતાં તેમાં અપવાદ કહ્યો નથી કારણ કે મૈથનનું આરાધવું રાગદ્વેષ વિના થઈ શકે નહીં, એવું જિનનું અભિમત છે. એટલે રાગ-દ્વેષ અપરમાર્થરૂપ જાણી...'** એટલે વિરાધના જાણી **'મૈથુનત્યાગ અનઅપવાદે...'** ચાર દિશામાં **'અનઅપવાદે આરાધવું કહ્યું છે. તેમ જ બૃહત્કલ્પસૂત્રમાં...'** આ શ્વેતાંબરનું શાસ્ત્ર છે 'બૃહત્કલ્પસૂત્ર'. **'સાધુએ વિચરવાની ભૂમિકાનું પ્રમાણ કહ્યું છે,...'** ક્ષેત્ર મર્યાદા. **'ત્યાં ચારે દિશામાં અમુક નગર સુધીની મર્યાદા કહી છે, તથાપિ તે ઉપરાંત**

**જે અનાર્ય ક્ષેત્ર છે, તેમાં પણ જ્ઞાન, દર્શન, સંયમની વૃદ્ધિને અર્થે વિચરવાનો અપવાદ કહ્યો છે.'** કે ત્યાં જાવું. અનાર્યક્ષેત્રમાં પણ જાવું. જ્ઞાન, દર્શન અને સંયમની વૃદ્ધિ અર્થે.

**'કારણ કે આર્ય ભૂમિમાં કોઈ યોગવશાત્ જ્ઞાનીપુરુષનું સમીપ વિચરવું ન હોય...'** જુઓ ! જ્ઞાની. ઓલા અજ્ઞાની લીધા. દીક્ષા ગ્રહણ કરી છે તે અજ્ઞાની. જ્ઞાનીપુરુષ કોઈ અનાર્યભૂમિમાં હોય અને સમીપમાં ન હોય આર્યભૂમિમાં. **'અને પ્રારબ્ધયોગે અનાર્ય ભૂમિમાં વિચરવું જ્ઞાનીપુરુષનું હોય તો ત્યાં જવું, તેમાં ભગવાને બતાવેલી આજ્ઞા ભંગ થતી નથી.'** ભગવાને કહો કે શાસ્ત્રે બતાવેલી આજ્ઞા ભંગ થતી નથી. એમ આ 'લલ્લુજી' માટે પોતે વિષયને ચર્ચીને પોતે સ્પષ્ટ કરે છે.

**'તે જ પ્રકારે...'** એ તો બધા દૃષ્ટાંતની વાત કરી. અહીંયાં તો મુદ્દો છે પત્રવ્યવહાર કરવો કે નહિ ? કે **'તે જ પ્રકારે પત્ર-સમાચારાદિનો જો સાધુ પ્રસંગ રાખે તો પ્રતિબંધ વધે એમ હોવાથી ભગવાને 'ના' કહી છે,...'** અથવા શાસ્ત્રમાં ના કહી છે. **'પણ તે 'ના' જ્ઞાનીપુરુષના કોઈ તેવા પત્ર-સમાચારમાં અપવાદરૂપે લાગે છે.'** પણ જ્ઞાનીપુરુષ સાથે એ જો પત્રવ્યવહાર કરે તો એમાં અપવાદ રાખ્યો છે એમ કહેવું છે. એટલે આમાં શું છે ? કે આ એક સાધુપણું નથી પણ બાહ્ય નિવૃત્તિરૂપ ત્યાગ છે. અને બાહ્ય નિવૃત્તિરૂપ ત્યાગ કોઈ સેવતા હોય તો એને સાથે-સાથે કેટલીક મર્યાદા અપનાવી લેવી. નહિતર બાહ્ય ત્યાગ કરશે અને પરિચય વધારશે. એના માટે નીતિ શું ? એનો નિયમ શું ? એની ચર્ચા છે.

**'કારણ કે જ્ઞાની પ્રત્યે નિષ્કામપણે જ્ઞાનારાધનાર્થે પત્ર-સમાચાર વ્યવહાર છે.'** એમાં ના કહી નથી. **'એમાં અન્ય કંઈ સંસારાર્થ હેતુ નથી,...'** એ પત્ર વ્યવહાર કરવામાં કોઈ સાંસારિક કારણ નથી. **'ઊલટો સંસારાર્થ મટવાનો હેતુ છે; અને સંસાર મટાડવો એટલો જ પરમાર્થ છે.'** સંસાર મટાડવો એટલો પરમાર્થ છે. **'જેથી જ્ઞાનીપુરુષની અનુજ્ઞાએ કે કોઈ સત્સંગી જનની અનુજ્ઞાએ પત્ર-સમાચારનું કારણ થાય તો તે સંયમ વિરુદ્ધ જ છે, એમ કહી શકાય નહીં;...'** આવા કારણથી પત્રવ્યવહાર થતો હોય તો એણે સંયમવિરુદ્ધ પ્રવૃત્તિ કરી છે એમ નહિ કહી શકાય.

**'તથાપિ તમને સાધુએ પચખાણ આપ્યાં હતાં...'** એના ગુરુએ. હવે 'લલ્લુજી'ની વાત લખે છે. તમને તો કોઈ **'સાધુએ પચખાણ આપ્યાં હતાં તે ભંગ થવાનો દોષ તમારા પ્રત્યે આરોપવા યોગ્ય થાય છે.'** કે તમે તો પચખાણ લીધા હતા અને એ

તમે ભંગ કર્યો.

'ગુરુદેવ'ને આ પ્રશ્ન 'વર્ણીજી'એ કર્યો હતો. 'સમ્મેદશીખર'ની યાત્રામાં 'મધુવન'ની અંદર કે આપે તો સ્થાનકવાસીની દીક્ષા લીધી ત્યારે પ્રતિજ્ઞા લીધી હતી કે, હું આવું સ્થાનકવાસીમાં જે મુનિપણું છે એ હું પાળીશ. હવે ત્યાં સંપ્રદાયમાં જે વિહાર છે એ પગપાળા છે અને 'ગુરુદેવ' મોટરમાં બેસીને ગયા હતા. બીજી બધી વાત આપણે ન વિચારીએ. તો આ વાત તો ચોખ્ખી દેખાય. તો શું છે ? કારણ શું છે ? તો કહે, એ પ્રતિજ્ઞાનું સ્વરૂપ એવું નથી. એ એક જાતનો રાગ હતો. પ્રતિજ્ઞા સંબંધીનો રાગ હતો. અને એ રાગમાં એવું બંધન હતું જે ગૃહીત મિથ્યાત્વનું બંધન કહીએ, એવું એક બંધન હતું. એના કરતા પોતે ઉપરની ભૂમિકામાં આવ્યા. અને એ બંધન છોડ્યું તો વધારે બંધનમાં પડ્યા કે બંધનનો અભાવ કર્યો ? હેતુ તો, પારમાર્થિક હેતુ એ છે કે બંધનનો અભાવ કરવો. તો એ તો કર્યો એમણે. માટે નીચેની પ્રતિજ્ઞા એમણે તોડી છે એ વાત એમને લાગુ પડતી નથી. એવો હેતુ છે. એટલે એમણે એમ કહ્યું એ તો રાગ હતો એક.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે એ પરિસ્થિતિ છે.

**'તમને સાધુએ પચખાણ આપ્યાં હતાં તે ભંગ થવાનો દોષ તમારા પ્રત્યે આરોપવા યોગ્ય થાય છે.'** આવો આરોપ આવે કે તમે પહેલા કોઈને વિશ્વાસ આપ્યો હતો, તમે પ્રતિજ્ઞા લીધી હતી કે પચખાણ જેની પાસેથી લીધા હતા એનો તમે ભંગ કર્યો. **'પચખાણનું સ્વરૂપ અત્ર વિચારવાનું નથી,...'** શું સ્પષ્ટ કરે છે ? કે આ ચર્ચામાં અમે કોઈ પ્રતિજ્ઞાનું સ્વરૂપ નથી વિચારતા. એની ચર્ચા નથી કરતા. **'પણ તમે તેમને પ્રગટ વિશ્વાસ આપ્યો તે ભંગ કરવાનો હેતુ શો છે ?'** એવો પ્રશ્ન તમને પૂછાય. કે તમે જેને વિશ્વાસ આપ્યો હતો એનો તમે ભંગ કર્યો એનો શું હેતુ છે ? એમાં ન્યાય શું છે ? નીતિ શું છે તમારી ?

**'જો તે પચખાણ લેવા વિષેમાં તમને યથાયોગ્ય ચિત્ત નહોતું...'** તમારે એવા પચખાણ લેવામાં પહેલેથી જ તમારું ચિત્ત નહોતું તો તમારે **'તો તમારે લેવા ઘટે નહીં;...'** આમ તમને દલીલ કરશે. તમને પહેલેથી જ એ પચખાણ પાળવામાં વિશ્વાસ નહોતો તો તમારે પચખાણ લેવા નહોતા સાધુ પાસે. **'અને જો કોઈ લોકદાબથી**

**તેમ થયું તો તેને ભંગ કરવો ઘટે નહીં,...'** કોઈના દબાણથી તમે એવી રીતે લીધું હોય તો એનો ભંગ ન કરવો. પછી તમે પાળો હઠ કરીને પણ. **'અને ભંગનું જે પરિણામ છે તે અભંગથી વિશેષ આત્મહિતકારી હોય તોપણ સ્વેચ્છાથી ભંગ કરવો ઘટે નહીં;...'** એ પ્રકારે ભંગ તે પચખાણ કર્યું છે તે અપરાધયોગ્ય છે. અને તેનું પ્રાયશ્ચિત પણ કોઈ રીતે ઘટે છે. આવી એક દલીલ તમારી સામે આવશે. કે તમે એમ કહેશો કે વિશેષ આત્મહિતને કારણે અમે ભંગ કર્યો છે. તો તમે એવો જે નિર્ણય લીધો એ નિર્ણયની અંદર વિપર્યાસ નથી એની શું ખાતરી ? વિપર્યાસપૂર્વક એવો નિર્ણય લેવામાં આવે તો પણ અપરાધને યોગ્ય થાય છે, વિપરીતતા ચાલુ રહે છે. માટે તમારે પ્રાયશ્ચિત લેવું જોઈએ. આવી એક દલીલ આવશે. હવે એને કહે છે.

**''પણ કોઈ જાતની સંસારબુદ્ધિથી આ કાર્ય થયું નથી, અને સંસાર કાર્યના પ્રસંગથી પત્ર સમાચારની મારી ઇચ્છા નથી, આ જે કંઈ પત્રાદિ લખવાનું થયું છે તે માત્ર કોઈ જીવના કલ્યાણની વાત વિષેમાં છે, અને તે જો કરવામાં ન આવ્યું હોત તો એક પ્રકારે કલ્યાણરૂપ હતું, પણ બીજા પ્રકારે ચિત્તની વ્યગ્રતા ઉત્પન્ન થઈ અંતર ક્લેશવાળું થતું હતું;...''** પોતાને અસમાધાન રહે, તો એ ક્લેશ અંદરમાં ચાલુ રહે છે. આ બાજુ પત્ર નહિ લખવા માટેનો સંયમ રાખવો યોગ્ય છે કે પોતાના ચિત્તનું સમાધાન કરવું યોગ્ય છે ? બેમાંથી કયું બળવાન કારણ છે એની તુલના કરે છે.

**'એટલે જેમાં કાંઈ સંસારાર્થ નથી, કોઈ જાતની બીજી વાંછા નથી, માત્ર જીવના હિતનો પ્રસંગ છે, એમ ગણી લખવાનું થયું છે.'** એમ ગણીને લખવાનું થયું છે. **'મહારાજે પચખાણ આપેલ...'** એટલે ગુરુએ તેના. **'તે પણ મારા હિતને અર્થે હતાં કે કોઈ સંસારી પ્રયોજનમાં એથી હું ન પડી જાઉં; અને તે માટે તેમનો ઉપકાર હતો, પણ મેં સંસારી પ્રયોજનથી એ કાર્ય કર્યું નથી;...'** મેં કોઈ સંસારી પ્રયોજનથી એવું કાર્ય પત્ર લખવાનું કર્યું નથી. **'તમારા સંઘાડાના પ્રતિબંધને તોડવા એ કાર્ય નથી;...'** હવે શું કહે છે ? એની અંદર પણ પેટા ભેદ છે. એક સંઘ, બીજો સંઘ, આ સંઘ, આ સંઘ જુદાં-જુદાં સંઘાડા.

મુમુક્ષુ :- સંઘાડા જુદાં જુદાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે સંઘાડા જુદાં-જુદાં એને સંઘાડો કહે છે. અમારો ફલાણા મહારાજનો સંઘ છે. આ અમારો ફલાણો. તો એનો પ્રતિબંધ તોડવા એ

કાર્ય કર્યું નથી મેં. અમારા સંઘાડામાં તો આવા પત્ર-વ્યવહાર ન થાય. માટે એને તોડવા માટે કર્યું છે ? એટલા માટે કર્યું નથી.

**'તોપણ એક પ્રકારે મારી ભૂલ છે તો તે અલ્પ, સાધારણ પ્રાયશ્ચિત આપી ક્ષમા આપવી ઘટે છે.'** એવી રીતે એ વાતનું સમાધાન લાવી દેવું. **'પર્યુષણાદિ પર્વમાં શ્રાવકે શ્રાવકના નામથી સાધુ પત્ર લખાવે છે,...'** એક શ્રાવકને બીજા શ્રાવક ઉપર પત્ર લખાવે પાછી. બીજા સાધુને ન લખાવે. સાધુને લખાવવો હોય તો પણ. એવો એક વ્યવહાર છે. એક શ્રાવક લખે, સામે બીજા શ્રાવકને લખે. સાધુ જાણે કાંઈ કરતા નથી. હોય સાધુ બેય બાજુ. એવો એ જાતનો એક વ્યવહાર છે તે પ્રકાર સિવાય એવો એક પ્રકાર છે. **'તે પ્રકાર સિવાય બીજા પ્રકારે હવે વર્તવામાં ન આવે અને જ્ઞાનચર્ચા લખાય તોપણ અડચણ નથી.'** એટલે એ પ્રકારનો તમે વ્યવહાર રાખો તોપણ અડચણ નથી. **'એ વગેરે ભાવ લખેલ છે.'** કોને ? 'લલ્લુજી'ને મેં આવા ઉદ્દેશથી, આવા આશયથી આગળનો પત્ર લખ્યો છે.

**'તમે પણ તે તથા આ પત્ર વિચારી જેમ ક્લેશ ન ઉત્પન્ન થાય તેમ કરશો.'** તમે પણ સમાજની અંદર ક્લેશ ઉત્પન્ન ન થાય એવી રીતે કરશો. કેમ કે 'અંબાલાલભાઈ' છે એ મુખ્ય એના ટેકેદાર હતા. 'લલ્લુજી'ને પરિચયમાં લાવનાર એ હતા. **'કોઈ પણ પ્રકારે સહન કરવું એ સારું છે; એમ નહીં બને તો સહેજ કારણમાં મોટું વિપરીત ક્લેશરૂપ પરિણામ આવે.'** થોડુંક સહન ન કરો. થોડુંક પ્રાયશ્ચિત ન લ્યો તો પછી લોકોને વધારે એ વાતને હોબાળો કરવાનો પ્રસંગ આવે. **'બનતા સુધી પ્રાયશ્ચિતનું કારણ ન બને તો ન કરવું,...'** પ્રાયશ્ચિત ન આપે તો કાંઈ સામેથી ચાલીને લેવાની આમાં જરૂર નથી. **'નહીં તો પછી અલ્પ પણ પ્રાયશ્ચિત લેવામાં બાધ નથી.'** એટલે થોડું લેવું પડે તો લઈ લેવું.

**'તેઓ વગર પ્રાયશ્ચિતે કદાપિ તે વાત જતી કરે તેવું હોય તોપણ તમારે એટલે સાધુ લલ્લુજીએ ચિત્તમાં એ વાતનો પશ્ચાતાપ એટલો તો કરવો ઘટે છે કે આમ પણ કરવું ઘટતું નહોતું. હવે પછીમાં દેવકરણજી સાધુ જેવાની સમક્ષતાથી શ્રાવક ત્યાંથી અમુક લખનાર હોય...'** કોણ ? સાક્ષી 'દેવકરણજી'ને રાખીને. લખનાર પાછા કોઈ શ્રાવક હોય. **'અને પત્ર લખાવે તો અડચણ નહીં...'** અને એ રીતે અમારી સાથે પત્ર લખાવે તો અમને કાંઈ વાંધો નથી. ભલે એમ કરે. **'એટલી વ્યવસ્થા તે સંપ્રદાયમાં**

**ચાલ્યા કરે છે,...'** ક્યાં ? તે સંપ્રદાયમાં. એ સ્થાનકવાસીનો જે સંપ્રદાય છે આવી વ્યવસ્થા ચાલે તો એ વ્યવસ્થા ચલાવવી. માથાકૂટમાં ઉતરવું નહિ.

કારણ કે એને જો અત્યારે સંપ્રદાય છોડાવે તો પછી એની વ્યવસ્થાની કોણ જવાબદારી લે ? એની વ્યવસ્થાની જવાબદારી લે નહિ. જ્ઞાનની કોઈ પરિપક્વતા નથી. સમજણની કોઈ પરિપક્વતા નથી. એટલે બીજું એને કાંઈ કરવું રહેતું નથી. **'તેથી ઘણું કરી લોકો વિરોધ કરશે નહીં,...'** એના સંપ્રદાય પ્રમાણે આ બધી ઘરેડ ચલાવે તો લોકો વિરોધ નહીં કરે. **'અને તેમાં પણ વિરોધ જેવું લાગતું હોય તો હાલ તે વાત માટે પણ ધીરજ ગ્રહણ કરવી હિતકારી છે.'** અને છતાં વિરોધ લાગે તો શાંતિ રાખવી. આપણા પક્ષે શાંતિ રાખવી.

**'લોકસમુદાયમાં ક્લેશ ઉત્પન્ન ન થાય, એ લક્ષ ચૂકવા યોગ્ય હાલ નથી,...'** એટલે એ ધ્યેય રાખવું કે ક્યાંય આપણે આપણા નિમિત્તે ક્લેશ વધે કે ક્લેશ ઉત્પન્ન થાય એવું આપણે કારણ ન આપવું. **'કારણ કે તેવું કોઈ બળવાન પ્રયોજન નથી.'** એની સામે કોઈ બળવાન આત્મહિતનું તમારે પ્રયોજન નથી. એવું કોઈ બળવાન આત્મહિતનું પ્રયોજન હોય અને તમે ઉપેક્ષા કરી નાખો બધી વાતની તો તો ન્યાયસર છે. પણ આ બાજુ તમે આત્મહિત સાધતા નથી, હજી સમજણનું પૂરું ઠેકાણું નથી. ઓલી બાજુ તમે સમાજ વિરુદ્ધ પ્રવૃત્તિ કરો. તો સ્થિર નહિ રહી શકો. નુકસાન કરશે. તમારા પરિણામમાં નુકસાન થશે. એટલે આ પરિણામનું Balance જાળવવાની ચર્ચા છે. સંતુલન જાળવવા પૂરતી વાત છે અહીંયાં.

એટલે બે વાત આમાં મહત્વની છે આખી ચર્ચામાં. એક તો અહીંયાં પચખાણના સ્વરૂપનો વિચાર કરતા નથી. પણ તમે જેને પ્રગટ વિશ્વાસ આપ્યો છે એનો ભંગ થાય છે એના માટે ઉહાપોહ થવાનો. અને એ ઉહાપોહ ન થાય એના માટે તમારે વિચારવું જોઈએ. બીજી બાજું તમે તમારા આત્મહિતનું કોઈ બળવાન કારણથી આમ કરતા નથી હજી. એવું કોઈ બળવાન કારણ નથી કે તમારે લોકવ્યવહારનો ઉલ્લંઘન કરીને અને આ બાજુ ગમે તેમ પ્રવર્તવાનું થાય. એવું કોઈ તમે આત્મદશામાં આવી જતા હો તો તમે એનું ઉલ્લંઘન કરો તો પણ એ ન્યાય સંપન્ન છે, ન્યાય વિરુદ્ધ નથી. એમ એમાંથી આપોઆપ નીકળે છે.

જેમ કે 'ગુરુદેવે' ઉલ્લંઘન કર્યું. એમણે તો એક જાહેર એ વસ્તુ કરી હતી. આ

તો સંપ્રદાયમાં રહીને કરવાનું હતું. એમણે જાહેર કર્યું હતું કે હું આ સંપ્રદાયનો ત્યાગ કરું છું. એટલે એમણે બધા બંધનો છોડ્યા ત્યાર પછી. સંપ્રદાયના જેટલા બંધનો અંગીકાર કર્યા હતા એ બધા બંધનનો એમણે વિધિપૂર્વક ત્યાગ કર્યો અને વિધિપૂર્વક એમણે બીજા સંપ્રદાયને સ્વીકાર કર્યો. બીજા સંપ્રદાયની આમ્નાયનો સ્વીકાર કર્યો. એ આમ્નાયમાં એ બરાબર રહેતા હતા. નહિતર લોકોને વિરોધ કરવાનું કારણ થાય.

મુમુક્ષુ :— એમના પ્રત્યે સ્નેહ પણ એટલો જ હતો પત્ર લખવાનો. કેટલું એમના ફળ ખાતર વિષયને છોડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. બહુ છણ્યું. એટલે એમની વિચારદશાની અંદર લૌકિક ન્યાય-નીતિ એ શું વિષય છે ? એ કેટલો સૂક્ષ્મ વિષય છે ? અને કેટલી સૂક્ષ્મતાથી એ પોતે એ વિષયને વિચારી શકે છે ? એ વાત આમાંથી સ્પષ્ટ થાય છે.

મુમુક્ષુ :– સામાન્ય જન સદ્‌ગુણ ઓળખીને...

પૂજ્ય ભાઈશ્રી :– વાત પૂરી કરી નાખી. એટલું ધ્યાનથી વાંચે તો કાંઈ વિચારમાં દખલ થાય એવું નથી. પત્ર આખો એટલો ધ્યાનથી વાંચે તો ખ્યાલ આવે એવું છે કે આ પ્રાસંગિક વાત છે, વ્યક્તિગત વાત છે અને ચર્ચાનો જે વિષય છે એ પણ કેટલીક મર્યાદામાં રાખીને ચર્ચા ચાલી રહી છે. એ મર્યાદા છોડીને વિચારવાનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી.

મુમુક્ષુ :– આટલી સ્પષ્ટતા પછી વાંચે તો ભૂલ ન થાય. નહિતર ભૂલ થવાની સંભાવના ખરી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, થાય. સંભાવના ખરી. એમાં બે રીતે ભૂલ થાય. દિગંબર મતવાળામાં વાંચે છે. કોણ ? મતવાળા, હોં ! દિગંબર મતવાળા વાંચે તો એને એમ થાય કે 'શ્રીમદ્‌જી'નું કાંઈ ઠેકાણું નથી. એ આ પંચ મહાવ્રતને સ્વીકારે છે અને આ બધું સાધુપણું સ્વીકારે છે. શ્વેતાંબર મતવાળા વાંચે તો એને એમ લાગે તો એને એમ લાગે કે 'શ્રીમદ્‌જી'એ શ્વેતાંબરનો સ્વીકાર કર્યો છે. શ્વેતાંબર મતને માન્ય કર્યો છે એમણે. બે મતવાળા બેય જગ્યાએ ભૂલ ખાવાના. બે પોતાને નુકસાન કરવાના. આ પરિસ્થિતિ ઊભી થાય.

**'શ્રીકૃષ્ણદાસનો કાગળ વાંચી સત્ત્વ હર્ષ થયો છે.'** પછી જે 'ખંભાત'ના ભાઈ છે 'કૃષ્ણદાસ' વૈરાગી છે. એનો કાગળ વાંચીને હર્ષ થયો છે એટલું નહિ પણ સત્ત્વ

હર્ષ થયો છે. એટલે સાત્ત્વિક પ્રસન્નતા થઈ છે. **'જિજ્ઞાસાનું બળ જેમ વધે તેમ પ્રયત્ન કરવું એ પ્રથમ ભૂમિ છે.'** શું કહેવું છે ? મુમુક્ષુની પ્રાથમિક ભૂમિકા એ છે કે પરમ સત્ માટે એને બળવાન જિજ્ઞાસા હોવી ઘટે. બળવાન જિજ્ઞાસા હોવી ઘટે એનું અસ્તિ સ્થાપી છે. આગળ એક પત્રની અંદર નાસ્તિ સાથોસાથ સ્થાપી છે. કે એ બળવાન જિજ્ઞાસા વૈરાગ્યપૂર્વક હોવી જોઈએ. એટલે જિજ્ઞાસાબળને કારણે એનો રાગરસ ઘટી જવો જોઈએ. એને રાગરસની નાસ્તિ લીધી છે.

બીજી એક નાસ્તિ એમણે લીધી છે આગળ એક જગ્યાએ કે પૂર્વગ્રહનો ત્યાગ જિજ્ઞાસાબળને લઈને પૂર્વ આગ્રહો છૂટી જવા જોઈએ. જે પહેલા માની રાખેલું છે એ છૂટી જવું જોઈએ. પૂર્વગ્રહ છૂટીને જિજ્ઞાસાની હયાતી હોવી જોઈએ. અને એ જિજ્ઞાસાની બીજી હસ્તી એમણે સ્થાપી છે પ્રગતિ માટે. એ જિજ્ઞાસામાં પોતે સફળ થાય એના માટે કે જિજ્ઞાસુ જીવે સત્સંગને આરાધવો જોઈએ. બે નાસ્તિ અને બે અસ્તિ. આ જો બરાબર હોય તો એ ભૂમિકાની અંદર જીવને અવશ્ય મુમુક્ષુની ભૂમિકામાં વિકાસ થાય અને આગળ વધે. આ પરિસ્થિતિ છે.

**'જિજ્ઞાસાનું બળ જેમ વધે તેમ પ્રયત્ન કરવું એ પ્રથમ ભૂમિ છે.'** મુમુક્ષુને માટે. **'વૈરાગ્ય અને ઉપશમના હેતુ એવા 'યોગવાસિષ્ઠાદિ' ગ્રંથો વાંચવામાં અડચણ નથી.'** એવા ગ્રંથો પ્રથમ ભૂમિકાવાળાએ વૈરાગ્ય અને ઉપશમના ગ્રંથો વાંચવા જોઈએ અને એ વાંચવાની અંદર એને આજ્ઞા છે. સત્પુરુષની આજ્ઞા છે કે એને વાંચવા જોઈએ. એમાં કાંઈ અચકાવાનું કારણ નથી.

**'અનાથદાસજીનો કરેલો 'વિચારમાળા' ગ્રંથ સટીક અવલોકવા યોગ્ય છે.'** આ પણ કોઈ 'યોગવાસિષ્ઠ'ની જેમ અન્યમતનો જ ગ્રંથ લાગે છે, 'વિચારમાળા' કરીને. **'અમારું ચિત્ત નિત્ય સત્સંગને ઇચ્છે છે,...'** જોયું ! પોતે વ્યવહાર અને વ્યાપારમાં ઊભા છે તો સત્સંગને ઇચ્છે એમનું ચિત્ત. **'તથાપિ પ્રારબ્ધયોગ સ્થિતિ છે. તમારા સમાગમી ભાઈઓથી જેટલું બને તેટલું સદ્ગ્રંથોનું અવલોકન થાય તે અપ્રમાદે કરવા યોગ્ય છે.'** બીજા જે આ વૈરાગ્ય ઉપશમના સદ્ગ્રંથો છે એ બધા અવલોકન કરવા યોગ્ય છે. કોઈ પુસ્તક એક જ વાંચવું એમ નથી લીધું.

**'અને એક બીજાનો નિયમિત પરિચય કરાય..'** સત્સંગ કરાય. પરિચય કરાય એટલે એકબીજાનો આપસમાં નિયમિત રીતે રોજ સત્સંગ કરાય **'તેટલો લક્ષ રાખવો**

**યોગ્ય છે.**' એ રીતે અહીંયાં..

મુમુક્ષુ :– વૈરાગ્યમાં જિજ્ઞાસાબળ વધે એટલે રાગરસ ઘટવો જોઈએ એટલે વૈરાગ્ય વધવો જોઈએ અને પૂર્વગ્રહ હોય.....

પૂજ્ય ભાઈશ્રી :– હા, રાગરસ ઘટવો જોઈએ. એ પણ (પૂર્વગ્રહ) છોડી દેવો જોઈએ. તો જ એ સત્યને ગ્રહણ કરી શકે. પૂર્વગ્રહ રાખે તો સત્ય ગ્રહણ ન થાય. એટલા માટે.

મુમુક્ષુ :– બે અસ્તિ, ...

પૂજ્ય ભાઈશ્રી :– અને બે નાસ્તિ. સત્સંગ અને જિજ્ઞાસા. જિજ્ઞાસા અને ભાવના સાથે રહે છે. ભાવનાપૂર્વક જ જિજ્ઞાસા હોય છે. એ અસ્તિમાં છે. વૈરાગ્ય એટલે રાગરસનો ત્યાગ અને પૂર્વગ્રહનો–પૂર્વના આગ્રહનો ત્યાગ એ નાસ્તિ છે.

મુમુક્ષુ :– પૂર્વનો આગ્રહ જિજ્ઞાસા સાથે સંબંધ થઈ જાય અને સત્સંગથી વૈરાગ્ય વધી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– તો આગળ વધી શકે મુમુક્ષુની ભૂમિકામાં. નહિતર આગળ ન વધી શકે. નહિતર ગડબડ રહી જાય. બહુભાગ તો એવું થાય છે કે જે જીવને જ્ઞાનનો ક્ષયોપશમ છે એટલે બુદ્ધિબળ છે એ શાસ્ત્રો વાંચે છે અને વૈરાગ્ય ઉપર એનું લક્ષ નથી જતું. રાગરસ ઘટવા ઉપર એનું લક્ષ નથી જતું.

## પત્રાંક-૫૦૪

મુંબઈ, વૈશાખ, ૧૯૫૦

**મનનો, વચનનો તથા કાયાનો વ્યવસાય ધારીએ તે કરતાં હમણાં વિશેષ વર્ત્યા કરે છે. અને એ જ કારણથી તમને પત્રાદિ લખવાનું બની શકતું નથી. વ્યવસાયનું બહોળાપણું ઇચ્છવામાં આવતું નથી, તથાપિ પ્રાપ્ત થયા કરે છે. અને એમ જણાય છે કે કેટલાક પ્રકારે તે વ્યવસાય વેદવા યોગ્ય છે, કે જેના વેદનથી ફરી તેનો ઉત્પત્તિયોગ મટશે, નિવૃત્ત થશે. કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામાં આવે તોપણ તે નિરોધરૂપ ક્લેશને લીધે આત્મા આત્માપણે વિસ્રસાપરિણામ**

જેવો પરિણમી શકે નહીં, એમ લાગે છે. માટે તે વ્યવસાયની જે અનિચ્છાપણે પ્રાપ્તિ થાય તે વેદવી, એ કોઈ પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે.

કોઈ પ્રગટ કારણને અવલંબી, વિચારી, પરોક્ષ ચાલ્યા આવતા સર્વજ્ઞ પુરુષને માત્ર સમ્યગ્દષ્ટિપણે પણ ઓળખાય તો તેનું મહત્ ફળ છે; અને તેમ ન હોય તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કંઈ આત્મા સંબંધી ફળ નથી એમ અનુભવમાં આવે છે.

પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ કોઈ કારણે, વિચારે, અવલંબને સમ્યગ્દષ્ટિસ્વરૂપપણે પણ ન જાણ્યા હોય તો તેનું આત્મપ્રત્યયી ફળ નથી, પરમાર્થથી તેની સેવા-અસેવાથી જીવને કંઈ જાતિ –(    )-ભેદ થતો નથી. માટે તે કંઈ સફળ કારણરૂપે જ્ઞાનીપુરુષે સ્વીકારી નથી, એમ જણાય છે.

ઘણા પ્રત્યક્ષ વર્તમાનો પરથી એમ પ્રગટ જણાય છે કે આ કાળ તે વિષમ છે કે દુષમ અથવા કલિયુગ છે. કાળચક્રના પરાવર્તનમાં અનંતવાર દુષમકાળ પૂર્વે આવી ગયા છે, તથાપિ આવો દુષમકાળ કોઈક જ વખત આવે છે. શ્વેતાંબર સંપ્રદાયમાં એવી પરંપરાગત વાત ચાલી આવે છે, કે અસંયતિપૂજા નામે આશ્ચર્યવાળો હુંડ-ધીટ-એવો આ પંચમકાળ અનંતકાળે આશ્ચર્યસ્વરૂપે તીર્થંકરાદિકે ગણ્યો છે, એ વાત અમને બહુ કરી અનુભવમાં આવે છે; સાક્ષાત્ એમ જાણે ભાસે છે.

કાળ એવો છે. ક્ષેત્ર ઘણું કરી અનાર્ય જેવું છે, ત્યાં સ્થિતિ છે, પ્રસંગ, દ્રવ્યકાળાદિ કારણથી સરળ છતાં લોકસંજ્ઞાપણે ગણવા ઘટે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના આલંબન વિના નિરાધારપણે જેમ આત્માપણું ભજાય તેમ ભજે છે. બીજો શો ઉપાય ?

**'મનનો, વચનનો તથા કાયાનો વ્યવસાય ધારીએ તે કરતા હમણાં વિશેષ વર્ત્યા કરે છે. અને એ જ કારણથી તમને પત્રાદિ લખવાનું બની શકતું નથી.'** મનનો, વચનનો અને કાયાનો વ્યવસાય એટલે ઉદયયોગ, ઉદયયોગની પ્રવૃત્તિ મન-વચન-કાયાથી. ધારવા કરતાં એટલે ગણતરી કરતાં પણ વધારે પ્રમાણમાં વર્તે છે. જુઓ ! ભિન્ન રહીને વાત કરે છે. મન, વચન, કાયાનો વ્યવસાય પોતાની ગણતરી કરતા પણ વધારે ચાલે છે. વર્તી રહ્યો છે. ભિન્નપણે પોતે એ વિષયને રાખીને વાત કરે છે.

**'અને એ જ કારણથી તમને પત્રાદિ લખવાનું બની શકતું નથી.'** અને એ કારણથી સમયનો જે સંક્ષેપ થાય છે એથી પત્ર લખવાનું બનતું નથી. **'વ્યવસાયનું બહોળાપણું ઇચ્છવામાં આવતું નથી, તથાપિ પ્રાપ્ત થયા કરે છે.'** વ્યવસાય વધારવો, ધંધો-વ્યાપાર વધારવો એવું નહિ ઇચ્છવા છતાં પણ એવું થયા કરે છે. આપોઆપ-સામેથી. **'અને એમ જણાય છે કે કેટલાક પ્રકારે તે વ્યવસાય વેદવા યોગ્ય છે,...'** પૂર્વકર્મ હોવાથી એમાંથી નીકળી શકાય એવું, છૂટી શકાય એવું દેખાતું નથી. **'કે જેના વેદનથી ફરી તેનો ઉત્પત્તિયોગ મટશે, નિવૃત્તિ થશે.'** અને સમભાવથી એને વેદવાથી ફરીને પ્રવૃત્તિમાં પડીએ એવું કર્મબંધન નહિ થાય. એટલે નિવૃત્તિયોગ આપોઆપ આવી જશે, એમ કહેવું છે. એની ઉત્પત્તિ મટશે. નવી ઉત્પત્તિ મટી જશે. પોતાને રાગનું કારણ નહિ હોવાથી, સુખનું કારણ નહિ હોવાથી, ઇચ્છા નહિ હોવાથી એવું બંધન નહિ થાય કે ફરીથી પાછી પ્રવૃત્તિમાં પડવું પડશે અને નિવૃત્તિ નહિ મળે. નિવૃત્તિ મળી જશે.

**'કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામાં આવે તોપણ તે નિરોધરૂપ ક્લેશને લીધે આત્મા આત્માપણે વિસ્રસાપરિણામ જેવો પરિણમી શકે નહીં, એમ લાગે છે.'** જુઓ ! આ પોતાનું માપ કાઢ્યું છે. શું કહે છે ? ફરીને. **'કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામાં આવે...'** બળવાનપણે એટલે હઠથી. જોર કરીને, બળ કરીને, હઠ કરીને **'તેનો નિરોધ કરવામાં આવે...'** એટલે પ્રવૃત્તિ છોડવામાં આવે તે પણ **'તે નિરોધરૂપ ક્લેશને લીધે...'** નિરોધરૂપ શું ? હઠનો ક્લેશ થઈ જશે પરિણામની અંદર. હઠ છે એ પોતે ક્લેશના પરિણામ છે, એમ કહે છે.

**'આત્મા આત્માપણે વિસ્રસા...'** એટલે સ્વભાવિક પરિણામ **'જેવો પરિણમી શકે નહીં,...'** એ કૃત્રિમતા ઊભી થઈ. હઠથી ત્યાગ કરવા જતાં, ધંધો-વ્યાપાર છોડી દેવા જતાં જે સ્વાભાવિક પરિણમન–પરિણામ આત્મામાં ભજવા જોઈએ એ નહિ ભજે.

હઠના પરિણામનો ક્લેશ વધશે. **'એમ લાગે છે.'** આ પોતે માપ કાઢ્યું છે. **'માટે તે વ્યવસાયની જે અનિચ્છાપણે પ્રાપ્તિ થાય તે વેદવી, એ કોઈ પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે.'** માટે અનિચ્છાપણે વ્યવસાયની જે પ્રાપ્તિ થાય છે તે અનિચ્છાપણે વેદી લેવી એ સમ્યક્ પ્રકારે વિશેષ સારું લાગે છે. એમાં પરિણામને અમે બરાબર સંતુલિત કરીએ છીએ. ત્યાગથી જે પરિણામ સંતુલિત ન થાય એ અત્યાગથી સંતુલિત થાય છે.

એક જગ્યાએ પોતે લખ્યું છે કે નિવૃત્તિમાં નિર્જરા વિશેષ કરીએ તેના કરતાં પ્રવૃત્તિમાં રહીને વધારે નિર્જરા કરીએ છીએ. એ પ્રવૃત્તિ નિર્જરાનું નિમિત્ત થાય છે. જેમ અનુકૂળતામાં કોઈ એમ કહે કે ભાઈ ! અનુકૂળતા મળે તો અમે આત્માનું સાધન સાધીએ. આત્મસાધનને સાધીએ. પણ પ્રતિકૂળતા રોગાદિ ઉત્પન્ન થાય તો ? તો કહે છે, રોગાદિ ઉત્પન્ન થાય તો વિશેષપણે આત્મસાધન સાધીએ એના જેવી વાત છે. ભીડમાં, પ્રતિકૂળતાની ભીડમાં જ્ઞાનીપુરુષનો પુરુષાર્થ જોવા મળે છે, સમજવા મળે છે. કેમ કે એ વખતે એ પુરુષાર્થની વિશેષ સ્ફૂરણા છે. ચૈતન્યવીર્યની સ્ફૂરણા વિશેષે કરીને ત્યાં બળવાનપણે જોવામાં આવે ત્યારે જ્ઞાનીનું જે અસલ સ્વરૂપ છે એ સમજાય છે. એવી જે સ્થિતિ છે એ સ્થિતિનું અહીંયાં પોતાના શબ્દોમાં પોતાની સ્થિતિનું બયાન કર્યું છે. ફરીથી લઈએ, જુઓ ! આ વિષય સમજવા જેવો છે.

**'મનનો, વચનનો તથા કાયાની વ્યવસાય ધારીએ તે કરતાં હમણાં વિશેષ વર્ત્યા કરે છે.'** મન-વચન-કાયાની પ્રવૃત્તિ. **'અને એ જ કારણથી તમને પત્રાદિ લખવાનું બની શકતું નથી.'** એ પ્રવૃત્તિ ઉપર કાપ મૂકાણો છે. **'વ્યવસાયનું બહોળાપણું ઇચ્છવામાં આવતું નથી,...'** વ્યાપારની વૃદ્ધિ અમે ઇચ્છતા નથી. **'તથાપિ પ્રાપ્ત થયા કરે છે.'** એટલે આપોઆપ થાય છે. **'અને એમ જણાય છે કે કેટલાક પ્રકારે તે વ્યવસાય વેદવા યોગ્ય છે,...'** એ જે પરિસ્થિતિ છે એમાં પરિણામની અંદર જરા પણ રાગની વૃદ્ધિ ન થાય, એની સાથે સુખબુદ્ધિ ન થાય, એકત્વ ન થાય. ભિન્ન રહીને પોતે આત્મસાધન વિશેષપણે સાધે એવો જે બળવાન અંતરંગ પુરુષાર્થનો જે પ્રકાર છે એને વેદવાયોગ્ય છે. **'કે જેના વેદનથી...'** જે પુરુષાર્થથી, જે પ્રયત્નથી, જે ભિન્ન વેદનથી **'તેની ઉત્પત્તિયોગ મટશે,...'** એટલે જે સત્તામાં રહ્યા છે એની સ્થિતિ પણ ટુંકાઈ જશે. અથવા પ્રકૃતિ ફેર થઈ જશે, સંક્રમણ થઈ જશે અને ભવિષ્યના નવા બંધનના અભાવને લીધે નિવૃત્તિ થઈ જશે. આ બરાબર ખ્યાલમાં છે એમને.

હવે બીજું પડખું લે છે. કે **'કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામાં આવે...'** શેનો ? વ્યવસાયનો. હઠ કરીને. **'તોપણ તે નિરોધરૂપ ક્લેશને લીધે આત્મા આત્માપણે વિસ્રસાપરિણામ જેવો પરિણમી શકે નહીં,...'** આત્મા આત્મપણે સ્વાભાવિક પરિણમે એવો નહિ પરિણમે એમ સ્પષ્ટ લાગે છે. હઠ કરવાની અંદર જે કૃત્રિમતા થશે અને જે પરિણામે અંદરમાં ક્લેશ થશે, એ એને બાહ્ય ત્યાગ ઉપર એટલું વજન ન જવું જોઈએ કે જેને લઈને એકત્વબુદ્ધિએ તે ત્યાગ થાય. જેમ એકત્વબુદ્ધિએ પર પદાર્થના ગ્રહણનો નિષેધ છે તેટલો જ એકત્વબુદ્ધિએ પર પદાર્થના ત્યાગનો નિષેધ છે. જેમ એકત્વબુદ્ધિએ અશુભભાવના એકત્વનો નિષેધ છે, તેમ જ એકત્વબુદ્ધિએ શુભભાવના એકત્વનો નિષેધ છે. આમ સિદ્ધાંત છે. એ સિદ્ધાંત છે કે જે બેય બાજુ સરખો લાગુ પડે છે. નહિતર મોક્ષમાર્ગ હાથમાં ન આવે, પત્તો લાગે નહિ. એ પરિસ્થિતિ થઈ જાય. નથી મોક્ષમાર્ગમાં લોકો આવી શકતા એનું કારણ એ છે કે કાં તો હઠ કરી જાય છે અને કાં તો રાગાન્વિત થઈને પરિણમી જાય છે. તીવ્ર રાગે પરિણમે છે. કાં રાગ છોડવા અર્થે પદાર્થનો ત્યાગ કરવામાં હઠ કરી જાય છે. એટલે એનો આધાર એ લે છે પરપદાર્થનો.

રાગનો આધાર જેમ પરપદાર્થ તેમ વીતરાગતાનો આધાર પરપદાર્થ એમ ગણવા જાય છે. આ ગણિત ખોટું છે. ન તો રાગનો આધાર પરપદાર્થ છે, ન તો વીતરાગતાનો આધાર પરપદાર્થ છે. પરપદાર્થની હયાતીમાં પણ વીતરાગતા જ કેળવવાની છે. અને સહેજે એ વીતરાગતા કેળવતા પરપદાર્થનો વિયોગ થાય તો તેનો આધાર લેવાનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી. પણ એના આધારે રાગ થાય છે માટે એને છોડીને હું રાગ છોડું એમ એના આધારે રાગ છોડવા જાય તો એના આધારે કરેલો રાગ એના આધારે છૂટવાનો નથી. આ ગડબડ થાશે. આ સિદ્ધાંત સામાન્ય જનસમાજને સમજવામાં આવતો નથી અને એથી સમાજમાં માર્ગથી વંચિત રહેવાનું કારણ આ છે.

જો મોક્ષમાર્ગ આટલો સૂક્ષ્મ ન હોત અને સૂક્ષ્મ હોવાથી આટલો દુર્લભ ન હોત તો સંસારની આ સ્થિતિ ન હોત. કેમ કે બુદ્ધિમાન માણસો તો ઘણા છે. મનુષ્ય પ્રાણીઓમાં બુદ્ધિમાન મનુષ્યો તો ઘણા છે. જો કેવળ બુદ્ધિનો વિષય હોત તો મોક્ષ તો સુલભ હોત. પણ એ કેવળ બુદ્ધિનો વિષય નથી. એટલે મોક્ષ એટલો સુલભ નથી. એ આશયમાં એક પત્ર બહુ સારો છે આગળ. એમણે સુખ ઉપર લીધી છે

એ વાત.

બુદ્ધિમાન માણસો, બુદ્ધિમાન મનુષ્યો પોતાની બુદ્ધિની શક્તિ જે છે એ સુખપ્રાપ્તિ માટે લગાવે છે. અને એ રીતે જો વિચારવામાં આવે તો બુદ્ધિ, શક્તિનો બહુ વિશાળ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે મનુષ્યોએ. એટલા બધા સુખના, સગવડના, માનેલા સુખ-સગવડના સાધનોની શોધ કરી છે કે એમાં બુદ્ધિનો વ્યવસાય કેટલો વિશાળ પ્રમાણમાં થયો છે એ વાત અછાની રહે એવું નથી. એટલું જ નહિ, ખરેખર એ વખતે એમ લાગે કે ઘણી બુદ્ધિનો ઘણો ઉપયોગ કર્યા પછી આટલી ઉપલબ્ધિ થઈ છે, સાધનોની અને સગવડોની. છતાં સુખની સમસ્યા એમને એમ ઊભી રહી છે. એનું કારણ શું ? આટલા બધા સુખના-સગવડના સાધનો જગતમાં મનુષ્યોએ બનાવ્યા, વસાવ્યા, શોધ્યા, વિચાર્યા અને થયાં. છતાં સુખની સમસ્યા ઘટી કે વધી ? કે ઊલ્ટાની વધી.

જ્યાં સુખ-સગવડના સાધનો વધારે છે એવા ધનાઢ્ય દેશોની અંદર દુઃખ વધ્યું છે, સુખ ઘટ્યું છે. હવે એનું કારણ શું ? કે વાસ્તવિક સુખ જગતની દૃષ્ટિમાં આવ્યું નથી. સુખનું જે વાસ્તવિક સ્વરૂપ છે એ જ જગતની દૃષ્ટિમાં આવ્યું નથી. જુઓ ! આમાં બુદ્ધિ છે, બુદ્ધિની દિશાનો જ Problem છે. જે સમસ્યા છે એ બુદ્ધિની દિશાનો છે. કે બુદ્ધિ સુખ માટે દોડે છે જરૂર અને ઘણું કામ કરે છે. કેમ કે શક્તિ છે. તો એને એટલું બધું આખા જગતની રચના જુઓ તો ભિન્ન ભિન્ન પ્રકારે સાધન-સગવડ વિચારી લીધા છે. પણ એ બધું એ જ દિશાની અંદર. એક જ દિશાની અંદર–બાહ્ય પદાર્થોમાં. સુખ આત્મામાં છે એવી ખબર નહિ હોવાને લીધે એ વિષયમાં બુદ્ધિ નથી લગાવી શક્યા. એટલે જે સમસ્યા ઊભી રહી ગઈ એનું કારણ આ છે કે વાસ્તવિક સુખ છે તે જગતની દૃષ્ટિમાં આવ્યું જ નથી. જો આવ્યું હોત તો...

**'જ્ઞાનીપુરુષોએ નિયત કરેલું એવું મોક્ષસ્થાન પણ ઊર્ધ્વલોકમાં હોત નહીં;...' 'આ જગત જ મોક્ષ હોત.'** એમ કહે છે. એટલી બધી લોકોએ બુદ્ધિ લગાવી છે કે જો વાસ્તવિક સુખ લોકોની નજરમાં આવી જાય એવું હોત, આમ સમાજની નજરમાં આવી જાય એવો આ માર્ગ હોત તો મોક્ષ અહીંયાં હોત. મોક્ષ ઉપર ન હોત. ત્યાં સુધી ન જાવું ન પડત. લોકો અહીંયાં મોક્ષ લઈ આવત. એમ કહે છે. પણ એ સુખ લોકોની નજરમાં આવ્યું નથી. એ માર્ગ લોકોની નજરમાં આવ્યો નથી.

**''જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે,...'** કઈ વાત નાખી પાછી એમાં. જે જ્ઞાની છે એને

તો ઉપર જાવું, નીચે જાવું એમાં રાગ-દ્વેષ કાંઈ નથી. એને તો સર્વત્ર મોક્ષ છે. મુક્ત સ્વરૂપ એવો જે આત્મા એના અનુભવથી એને તો સર્વત્ર મોક્ષ છે. ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હો. **'આ વાત જો કે યથાર્થ છે;...'** એ વાત પરમાર્થે યથાર્થ છે તો પણ વ્યવહારમાં જગતમાં વિચારીને પગ મૂકવા જેવું એને કાંઈક લાગે છે. **'તોપણ જ્યાં માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે....'** ગજબ કલમ ચલાવે છે ! ૨૪ માં વર્ષે. પત્ર છે ૨૦૫. ૨૦૫ નંબરનો પત્ર ૨૪ માં વર્ષના મહા મહિનાની અંદર પત્ર લખેલો છે.

તોપણ જે જગતમાં એને પગ મૂકવો છે. ત્યાં જીવો માયાવી છે. છે બધા પરમાત્મા. પણ **'માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે.' 'વિચારી પગ મૂકવા જેવું તેને કંઈ લાગે છે.'** કે અહીંયાં પગ મૂકવો વ્યવહારની અંદર તો વિચાર કરીને મૂકવો. એમને એમ પગ મૂકવા જેવું નથી. અને એટલા **'માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ,...'** અમે ક્યાંય જગતમાં કોઈ જગ્યાએ પગ મૂકવા માગતા નથી. **'અસંગતાને ઇચ્છીએ છીએ, કાં..'** 'સોભાગભાઈ'ને લખે છે કે **'તમારા સંગને ઇચ્છીએ છીએ, એ યોગ્ય જ છે.'** કેટલો વિવેક છે ! એક સામાન્ય પત્રની અંદર કેટલો એમણે ઉપયોગ કર્યો છે વિવેકનો અંદર.

એમ અહીંયાં પણ ત્યાગ અને પ્રવૃત્તિ. નિવૃત્તિ અને પ્રવૃત્તિના વિષયમાં બહુ સૂક્ષ્મ વિવેકથી પોતે વર્તે છે. અને એટલા માટે એમ કહે છે કે **'માટે તે વ્યવસાયની જે અનિચ્છાપણે પ્રાપ્તિ થાય તે વેદવી,...'** સમ્યક્ પ્રકારે સમ પરિણામે વેદવી **'એ કોઈ પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે.'** એ ત્યાગ કરવા કરતાં પણ કોઈ એક પ્રકારે અમને વધારે સમ્યક્ લાગે છે. એટલે વધારે સાચી લાગે છે, વધારે યોગ્ય લાગે છે. સમીચીન લાગે છે. એમ કરીને પોતાની જે પ્રવૃત્તિની અંદર વર્તમાન વીતરાગતાની પરિણતિ છે એને પ્રસિદ્ધ કરી છે.

મુમુક્ષુ :– વીતરાગ માર્ગની વિશેષતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિશેષતા છે.

મુમુક્ષુ :– ... પરિણામ થાય એમાં પણ ક્લેશથી થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– હઠથી કરે તો. બળવાનપણે કરે, પરાણે ત્યાગ કરે તો એની અંદર સહજ સ્વાભાવિક જે અક્લેશ પરિણામ રહેવા જોઈએ અને આત્મા આત્માપણે પરિણમવો જોઈએ એ આત્મા આત્માપણે પરિણમતો નથી. કૃત્રિમતા ઉત્પન્ન થતાં

આત્મા આત્માપણે પરિણમતો નથી. આત્મા, અનાત્માપણે પરિણમે છે. તો એવું કરવાની આજ્ઞા નથી. એવું કરવાની જિનાજ્ઞા નથી. એમ કરતા દીનતામાં આવી જશે. આ બાજુ હઠ કરી હશે એ એની નબળાઈ છે. પરિણામમાં ક્લેશ થયો એ એની નબળાઈ છે. દીનતા આવ્યા વગર રહેશે નહિ. એટલે જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિની અંદર આત્માને કેળવવો.

પરપદાર્થોના ગ્રહણ-ત્યાગની અંદર વીર્યને નહિ સ્ફુરવતા, પુરુષાર્થને એ દિશામાં નહિ લગાવતા. પોતાના આત્મામાં જે વીતરાગતાના પરિણામ છે, પોતાના આત્મામાં રાગ-દ્વેષરહિતપણાના જે પરિણામ છે, જ્ઞાતા-દૃષ્ટાના જે પરિણામ છે એને કેળવવા અને પુરુષાર્થ ત્યાં લગાવવો, જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવામાં પુરુષાર્થ લગાડવો, કોઈપણ પરિસ્થિતિમાં એવી આજ્ઞા છે માર્ગની. માર્ગ માટે એ ઉપાય બરાબર છે. અને એ એને વધારે સમ્યક્ છે એમ લખે છે.

મુમુક્ષુ :- ક્લેશના પરિણામ તો ઘણા સ્થૂળ છે, ત્યાગ કરવાવાળાને આ નથી પકડાતા. વિરોધ કરવાવાળાને એને દર્શનમોહનું આવરણ વિશેષ થઈ જાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને ખબર ન પડે. કાંઈ ખબર ન પડે. એમાં શું છે કે ચારિત્રમોહ ઉપર પણ પૂરો ખ્યાલ નથી જતો ત્યાં. કારણ કે ક્લેશના પરિણામ તીવ્ર થાય એટલે ચારિત્રમોહ પણ તીવ્ર થવાનો. દર્શનમોહ તો થવાનો જ. કેમ કે પરપદાર્થમાં કર્તાબુદ્ધિ આવશે. ગ્રહણ કરવામાં કર્તાબુદ્ધિ, ત્યાગ કરવામાં કર્તાબુદ્ધિ. એટલે એ દર્શનમોહ તીવ્ર થશે. પરિણામે જે ક્લેશ થશે ત્યાગ કર્યા પછી જે પરિસ્થિતિ આવશે એની સહનશીલતાનો અભાવ રહેશે. એટલે એ ક્લેશની અંદર ચારિત્રમોહ પણ તીવ્ર થશે. એટલે એમાં આત્માનું હિત નહિ સધાય પણ ત્યાગ લેવા જતાં અહિત સધાશે એમ પોતાને પોતાની દશા માટે સ્પષ્ટ ખ્યાલ છે અને એટલા માટે એમ કહે છે કે અમને કોઈપણ '**પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે.**' અહીં સુધી રાખીએ.

## તા. ૫-૯-૧૯૯૦, પત્રાંક–૫૦૪, ૫૦૫
## પ્રવચન નં. ૨૦૩

પત્ર ૫૦૪.

**'સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કંઈ આત્મા સંબંધી ફળ નથી એમ અનુભવમાં આવે છે.'** અમારો અનુભવ એમ બોલે છે. એમ કહે છે. આ અમારા અનુભવમાંથી વાત કરીએ છીએ. **'પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ કોઈ કારણે, વિચારે, અવલંબને સમ્યગ્દૃષ્ટિસ્વરૂપપણે પણ ન જાણ્યા હોય તો તેનું આત્મપ્રત્યયી ફળ નથી, પરમાર્થથી તેની સેવા-અસેવાથી જીવને કંઈ જાતિ ( )-ભેદ થતો નથી. માટે તે કંઈ સફળ કારણરૂપે જ્ઞાનીપુરુષે સ્વીકારી નથી, એમ જણાય છે.'** શું કહે છે ? કે પરોક્ષની વાત કરી. પણ એક વાર તર્ક કરો કે પ્રત્યક્ષ સર્વજ્ઞ હોય. તો પ્રત્યક્ષ સર્વજ્ઞ હોય એનું કેવળજ્ઞાનનું સ્વરૂપ ભલે ન સમજાય પણ એમની વાણી ઉપરથી એ સમ્યગ્દષ્ટિપણે સ્વરૂપે કોઈ કારણથી, કોઈ વિચારથી, કોઈ વચનથી, કોઈ દિવ્યધ્વનિ સાંભળતા પોતાને ખુલાસો થતાં એમના સમ્યગ્દષ્ટિપણાની પણ જો પ્રતીતિ ન આવે. કેવળજ્ઞાનની તો ન આવે. કેમ કે એ વાત નિર્ણય કરવી જરા વિશેષ યોગ્યતા માગે છે. પણ સમ્યગ્દષ્ટિપણાની પણ જો પ્રતીતિ ન આવે, ન જાણે તો પછી એમની સામે બેસીને ભલે પૂજા કરી હોય, ભલે ભક્તિ કરી હોય એનું કાંઈ ફળ નથી. આત્મપ્રત્યયી ફળ નથી. પુદ્ગલ પ્રત્યયી ભલે હોય. પુણ્ય બંધાય અને સંયોગો ઊભો થાય પુણ્યના અને પાપ બાંધે બીજી વાત છે. પણ એને આત્મપ્રત્યયી કોઈ ફળ થતું નથી.

**'પરમાર્થથી'** એટલે નિશ્ચયથી. પરમાર્થથી એટલે વાસ્તવિકપણે. **'તેની સેવા-અસેવા...'** એટલે એણે જે પૂજા, સેવા, ભક્તિ જે કાંઈ કર્યું હોય તે. કે એણે ન કરી હોય એથી જીવને કાંઈ ફરક નથી. એ સેવા કરનારો અને સેવા નહિ કરનારને એક વર્ગમાં નાખે છે. જેણે સર્વજ્ઞની પૂજા-ભક્તિ કરી અને કોઈએ ન કરી. તો કહે છે,

બેય એક જ વર્ગના છે એમાં કાંઈ ફેર નથી. કાંઈ જાતિભેદ નથી. બે એક જાતના જીવ છે એમ કહેવું છે.

**'તેમાં જાતિ ( )-ભેદ થતો નથી. માટે તે કંઈ સફળ કારણરૂપે...'** એટલે એવી સેવા હોય તો તે કોઈ સફળ કારણરૂપે **'જ્ઞાનીપુરુષે સ્વીકારી નથી,...'** જ્ઞાનીઓ એની ના પાડે છે. **'એમ જણાય છે.'** એવું અમને જણાય છે. **'ઘણા પ્રત્યક્ષ વર્તમાનો પરથી...'** એટલે વર્તમાન વર્તી રહ્યા છે એવા કેટલાક પ્રસંગો. વર્તમાન થઈ રહ્યા છે એવા કેટલાક પ્રસંગો એને વર્તમાનો કહેવામાં આવે છે. **'એમ પ્રગટ જણાય છે કે આ કાળ તે વિષમ કે દુષમ અથવા કલિયુગ છે.'** આ કાળ વિષમ, દુષમ અથવા કલિયુગ છે. 'દ્યાનતરાયજી'એ પણ એ વાત એક જગ્યાએ કહી છે કે 'જૈની જૈન શાસ્ત્ર કા નિંદક, હુંડાવસર્પિણી જોરા.' આ પાણીમાં નાખી દે છે ને ? 'સોનગઢ'ના શાસ્ત્રો બાળી નાખો, પાણીમાં પધરાવી દો. પણ જિનમંદિરમાંથી બહાર કાઢો. આચાર્યોની વાણી છે એની અંદર. 'જૈની જૈન શાસ્ત્ર કા નિંદક, હુંડાવસર્પિણી જોરા. દ્યાનત જાણી ચૂપ રહીએ...' એમના વખતમાં કાંઈક થયું હશે. 'દ્યાનતરાયજી'ને કેટલા વર્ષ થયા ? ૨૦૦-૨૫૦ વર્ષ થયા. ૨૦૦-૨૫૦ વર્ષ પહેલા પણ એવો પ્રકાર કોઈ ઊપજ્યો હશે એટલે પોતાના આત્માને સંબોધીને કહે છે કે 'દ્યાનત જાની ચૂપ રહીએ, જગ મેં જીના થોડા.' હવે આ જગતમાં થોડું જીવવું છે. આ જોઈને તું એમાં પડ મા. હુંડાવસર્પિણીનું જોર છે. વિરાધક જીવો એવું જ કરશે આ કાળની અંદર. એ જૈન શાસ્ત્રના નિંદક છે, એ જૈન પ્રતિમાના નિંદક છે એ બધા હુંડાવસર્પિણીનું જોર છે.

મુમુક્ષુ :- દ્યાનતરાયજીનું હૃદય તો રડી ઉઠતું હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા થાય. ખેદમાં તો લખે છે. સીધી વાત છે. ખેદ થયા વિના તો રહે જ નહિ.

**'ઘણા પ્રત્યક્ષ વર્તમાનો પરથી...'**

મુમુક્ષુ :- પુણ્ય ઓછા હોય એટલે....

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાનું પુણ્ય ઓછું છે એટલે ચૂપ રહે છે. પણ એને ચાનક તો આવ્યા વિના રહેતી નથી એ વાત સાચી છે. પુણ્ય હોય તો એ તલવાર ખેંચ્યા વિના કાંઈ રહે નહિ. એ વાત પણ સાથે સાથે જ છે.

**'ઘણા પ્રત્યક્ષ વર્તમાનો પરથી એમ પ્રગટ જણાય છે કે આ કાળ તે વિષમ**

**કે દુષમ અથવા કલિયુગ છે.'** ઘણો વિષમકાળ છે અથવા કળિયુગ છે. **'કાળચક્રના પરાવર્તનમાં અનંત વાર દુષમકાળ પૂર્વે આવી ગયા છે,...'** આવા પંચમઆરા અનેક વાર આવી ગયા છે. **'તથાપિ આવો ...'** એટલે વર્તમાનમાં છે તેવો **'દુષમકાળ કોઈક જ વખતે આવે છે.'** આ હુંડાવસર્પિણી છે. અત્યારે ઘણો વિષમકાળ છે. પંચમઆરામાં આવા દુષમકાળ ઘણી વાર આવ્યા છે પણ અત્યારે જે વર્તે છે એ તો ઘણો વિપરીત વર્તે છે. એવો વિપરીત કાળ છે.

મુમુક્ષુ :- પંચમકાળમાં પણ આવા ધર્મના ફાંટા પડે છે. એ કાળમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ન પડે. એ આ કાળમાં પડે. બીજે ન પડે એ વાત સાચી છે. આ વિષમકાળમાં શું છે, હું તમને કહું, ભાઈ ! કે બીજા કાળમાં વિધર્મીઓ જૈનધર્મ ઉપર, દુષમકાળ આવે ત્યારે અન્ય ધર્મીઓ જે ઉત્પન્ન થઈ ગયા હોય એ જૈનધર્મ ઉપર આક્રમણ કરે છે. જ્યારે આ દુષમકાળની અંદર કહેવાતા જૈનધર્મીઓ જ જૈનધર્મ ઉપર આક્રમણ કરે છે. એ મંદિરો તોડે, એ સંસ્થાઓ તોડે, એ જ્ઞાનીઓની વિરાધના કરે, શાસ્ત્રો બાળે, પ્રતિમાની વિરાધના કરે. અંદરોઅંદર જે ગડબડ થાય એ બતાવે છે કે આ કાળ વધારે વિષમ છે. એવું છે.

મુમુક્ષુ :- પ્રતિમાની ઉથાપના કરે...

પૂજ્ય ભાઈશ્રી :- ઉથાપે. એમ કહે કે અમે નાખી આવશું એને હવે. સ્થાપી હશે તો પણ નાખી આવશું.

**'શ્વેતાંબર સંપ્રદાયમાં એવી પરંપરાગત વાત ચાલી આવે છે,...'** માન્ય કરીને કહે છે, હોં ! **'શ્વેતાંબર સંપ્રદાયમાં એવી પરંપરાગત વાત ચાલી આવે છે, કે અસંયતિપૂજા નામે આશ્ચર્યવાળો હુંડ-ધીટ-એવો આ પંચમકાળ અનંતકાળે આશ્ચર્યસ્વરૂપે તીર્થંકરાદિકે ગણ્યો છે.'** સર્વજ્ઞે આ કાળને આશ્ચર્યકારી વિષમ ગણ્યો છે. ભગવાનને પણ એ શબ્દ વાપરવો પડ્યો છે કે આશ્ચર્ય થાય એટલી વિષમતા અત્યારે ઊભી થાય છે જીવોના પરિણામમાં.

**'એ વાત અમને બહુ કરી અનુભવમાં આવે છે;...'** એ વાત અમે નજર સામે જોઈ રહ્યા છીએ. એ વાતનો અમે અનુભવ કરી રહ્યા છે. **'એ વાત અમને બહુ કરી અનુભવમાં આવે છે; સાક્ષાત્ એમ જાણે ભાસે છે.'** અને એ વાત અમને સાક્ષાત્ ભાસે છે. નજર સામે જોઈએ છીએ. **'કાળ એવો છે.'** કુદરતી આ જ પત્ર આવ્યો

છે જુઓ ! કુદરતી આ પત્ર આવ્યો.

મુમુક્ષુ :– ચાલુ વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ચાલુ વિષયમાં આવી ગયો. કહેવાનો મતલબ એ છે કે જિનમંદિરમાં કદી પણ ઊંચે સાદે કોઈએ બોલવું જોઈએ નહિ. જે ધમાલ કરવી હોય એ બહાર નીકળીને કરવી કાં ઘરે જઈને કરવી. પણ મંદિરના ક્ષેત્રમાં તો, ચાર દિવાલની અંદર તો કરાય નહિ. આ ભગવાનનું સમવસરણ છે. આ ભગવાનનું મંદિર છે. ઘરે વેવાઈ આવે તો પણ ઝગડતા બંધ થઈ જાય. એટલી શરમ તો વેવાઈવેવલાની રાખે. ભગવાનની શરમ ન રાખે. એ વસ્તુ મુમુક્ષુના નામને પણ લાયક નથી. એ વિચારવા જેવો વિષય છે.

**'કાળ એવો છે. ક્ષેત્ર ઘણું કરી અનાર્ય જેવું છે,...'** આ કાળ જ એવો છે એટલે જીવના પરિણામ એવા છે. એવી તીવ્ર ઉંધાઈવાળા જીવો અત્યારે પ્રવર્તતા હોય છે. ક્ષેત્ર પણ ઘણું અનાર્ય જેવું છે એટલે ખાણી-પીણીની, રહેણી-કરણીની મર્યાદા નથી. **'ત્યાં સ્થિતિ છે.'** ત્યાં અમારા જેવાની સ્થિતિ થઈ. ત્યાં અમારા જેવાને રહેવાનું થયું. **'પ્રસંગ, દ્રવ્યકાળાદિ કારણથી સરળ છતાં...'** ત્યાં સ્થિતિ છે. **'પ્રસંગ, દ્રવ્યકાળાદિ કારણથી સરળ છતાં લોકસંજ્ઞાપણે ગણવા ઘટે છે.'** અને કેટલાક જે ધર્મના પ્રસંગ છે, ધર્મના ઉત્સવો થાય છે, ધર્મના કાર્યો થાય છે એની અંદર લોકસંજ્ઞાપણે જીવો પ્રવર્તે છે. પોતાની આબરૂ વધારવાના હેતુથી એ બધું કરે છે. દાન બોલે, લોકોમાં આબરૂ વધે એવી રીતે. એ બધા **'લોકસંજ્ઞાપણે ગણવા ઘટે છે.'**

**'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના આલંબન વિના નિરાધારપણે જેમ આત્માપણું ભજાય તેમ ભજે છે. બીજો શો ઉપાય ?'** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના અવલંબન વિના અમને તો જેમ આત્માપણું એટલે બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું અમે હવે આલંબન લેતા નથી. એનું દુર્લક્ષ કરીને, એની ઉપેક્ષા કરીને અમારા આત્મામાં જેમ આત્મપણું ભજાય તેમ અમે ભજીએ છીએ. અને આ સિવાય બીજો શો ઉપાય છે આ કાળમાં ? કે બીજો કોઈ ઉપાય નથી. એ રીતે પોતાની દશા સાથે વર્તમાન કાળની દુષમતાનો થોડો ખેદ પણ પ્રસિદ્ધ કર્યો છે, પ્રગટ કર્યો છે.

એ ૫૦૪ પત્ર પૂરો થયો.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' ચોથાગુણસ્થાનમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા. ચોથા ગુણસ્થાનમાં છે. બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના આલંબન વિના આત્મપણું ભજાય છે એ ચોથાગુણસ્થાનમાં છે ? કે ચોથા ગુણસ્થાનમાં સાતમી નારકી હોય તો પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના આલંબન વિના આત્મપણું ભજવામાં આવે છે. તો અહીંયાં તો એવી કોઈ પ્રતિકૂળતા નથી. અને જ્યારે આત્મા આત્માપણું ભજે છે ત્યારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું એને બાહ્ય આલંબન હોતું નથી. આત્માના અવલંબને આત્માપણું ભજાય છે. બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અવલંબને આત્મપણું ભજવામાં આવતું નથી.

મુમુક્ષુ :– એ પરિપાટીમાં કાંઈ ફેરફાર ન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ ફેરફાર ન થાય. માર્ગ તો કોઈપણ કાળે એકસરખો છે. ચોથા કાળે એવો જ છે, પાંચમા કાળે એવો જ છે. કોઈપણ કાળે માર્ગ તો એવો જ છે. મહાવિદેહક્ષેત્રમાં સર્વ કાળે એકસરખો છે. અહીંયાં ચોથો અને પાંચમો છે. ત્યાં તો સર્વ કાળે એક જ સરખો છે. માર્ગ તો ત્રણે કાળે અને ત્રણે લોકમાં જ્યાં હોય ત્યાં એકસરખો છે. જેવો મહાવિદેહક્ષેત્રમાં માર્ગ પ્રગટ થાય છે ધર્માત્માઓને, એવો જ આ ક્ષેત્રે માર્ગ પ્રગટ થાય છે ધર્માત્માઓને. એમાં કાંઈ ફેર નથી.

ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહક્ષેત્રમાં પધાર્યા ત્યારે ત્યાંના મનુષ્યોને સમવસરણની અંદર આશ્ચર્ય થયું કે આ વેતીંયો કોણ આવી ગયો ? પાછો દિગંબર દશામાં. ત્યાં પણ મુનિઓ (હતા), ત્યાં આયુષ્ય મોટા અને કાયાઓ પણ મોટી. બધાની પાંચસો ધનુષની ન હોય પણ અહીંયાં જેમ નાની-મોટી હોય એમ ત્યાં પણ નાની-મોટી કાયા હોય છે. એમ આયુષ્ય પણ નાના-મોટા હોય, કાયા પણ નાની-મોટી હોય. પણ આપણી અહીંયાં પાંચ-છ ફૂટની જે હાઈટ છે એ તો ત્યાં વેંતીયા જેવી જ ગણાય. ત્યાં તો એ લોકોને વેંત જ થાય. બીજું કાંઈ ન થાય. એટલે નવાઈ લાગે. તો કહે એ ભરતક્ષેત્રના ધર્મધુરંધર મહાન આચાર્ય છે. ભરતક્ષેત્રના છે માટે વિદેહક્ષેત્રથી કોઈ નાના છે એમ ન કહ્યું. મહાન આચાર્ય છે એમ કહ્યું. ધર્મધુરંધર મહાન આચાર્ય છે. એટલે ધર્મ તો બધી જગ્યાએ કોઈપણ ક્ષેત્રે એકસરખો જ છે. ધર્મમાં ત્રણ કાળમાં ફેર પડતો નથી.

મુમુક્ષુ :– શીરાનું દૃષ્ટાંત.

પૂજ્ય ભાઈશ્રી :– હા શેરાનો દૃષ્ટાંત 'ગુરુદેવ' આપે છે. ત્રણ કાળે ભૂત, ભવિષ્ય

અને વર્તમાન શેરો એકસરખો થાય. વિજ્ઞાન બદલાતું નથી. સીધી વાત છે.

મુમુક્ષુ :– અસંયતિ એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :– અસંયતિ એટલે જે પરમાર્થ સંયમમાં આવતા નથી એને વંદે-પૂજે તે અસંયતિ નામની પૂજા છે. અને એ આ કાળમાં જ ચાલે છે એમ કહે છે. સારા કાળની અંદર તો દ્રવ્યલિંગી હોય એ કહે કે અમને અનુભવ નથી. અમે વંદન અને પૂજનને યોગ્ય નથી એમ કહી દે. આ કાળમાં માર્ગમાં ન આવ્યા હોય પણ વેષ ધારણ કરીને જે વંદાય છે, પૂજાય છે તેને અસંયતિ નામની પૂજા કહેવામાં આવી છે અને એ વાત 'કુંદકુંદાચાર્યે' 'અષ્ટપાહુડ'માં 'असंयण न वन्देही' કરીને કરી છે. ત્યાં એમ કહ્યું છે કે ભલે વસ્ત્રધારી હોય કે ભલે નિર્વસ્ત્ર હોય પણ જો એ સમ્યગ્દર્શન સહિત પરમાર્થ ન કર્યો હોય તો તે વંદન અને પૂજનને યોગ્ય નથી. એવું સ્પષ્ટીકરણ આપ્યું છે.

મુમુક્ષુ :– આજે ક્ષમાવણી દિન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ક્ષમાવણી દિન ઉપર પછી પાછળથી લેવું છે. સ્વાધ્યાય પૂરો કર્યા પછી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા બરાબર છે. નરમ, એકદમ નરમ રહેવું જોઈએ. વંદન, પૂજન કરે માટે નરમ છે. અસંયતિને પૂજે માટે નરમ છે એમ નથી. એ તો વિનય મિથ્યાત્વ છે. એ એનું Balance જાળવવું જોઈએ. અવિનય કરવા યોગ્યનો વિનય કરે, વિનય કરવા યોગ્યનો અવિનય કરે એ બંને એક જ વાત છે. જે અવિનય કરવા યોગ્યનો વિનય કરે છે તે અવશ્ય વિનય કરવા યોગ્યનો અવિનય કર્યા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :– બેયે કરે.

પૂજ્ય ભાઈશ્રી :– બે ન થાય. એક જ થાય. બેય કરે નહિ, એક જ થાય. બીજું થાય જ નહિ એમ કહે છે. ભ્રમ છે. થાય એમ માને તો એ ભ્રમ છે. એક જ થાય છે.

(પત્ર) ૫૦૫ શરૂ કરશું. થોડું લઈએ.

**'વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો.'**

શું કહે છે ? સર્વજ્ઞ વીતરાગ દેવાધિદેવ જિનેન્દ્ર પરમાત્મા, જૈન પરમેશ્વર એમનો કહેલો જે ધર્મ છે તે પરમ શાંત રસમય ધર્મ છે અને તે પરિપૂર્ણ સત્ય છે. આવો નિશ્ચય રાખવો જોઈએ. એમાં પરીક્ષા કરવી. આશંકા કરવી એટલી છૂટ છે. પરીક્ષા-આશંકા કરીને પણ પૂરેપૂરો દૃઢ નિશ્ચય નિઃશંક નિર્ણય અને નિશ્ચય કરવો જોઈએ. અંધશ્રદ્ધાથી નિશ્ચય રાખવો એમ કહેવાનો અભિપ્રાય નથી. અભિપ્રાય તો એ છે કે સમજીને, ઓળખીને, જાણીને અને પરીક્ષા કરીને. શાસ્ત્રમાં એનું પ્રતિપાદન છે પરીક્ષા કરવા માટેનું કે પરીક્ષા કરવી તારે. પણ આ નિશ્ચય કરવો. પરીક્ષાને અંતે આ નિશ્ચય તને થશે અને આ જ નિશ્ચય કરવાયોગ્ય છે.

મુમુક્ષુ :– આ વિશેષણ લગાડવા પાછળ શું હેતુ છે ? પરમશાંત..

પૂજ્ય ભાઈશ્રી :– કયા વિશેષણ ? **'પરમ શાંત રસમય ધર્મ...'** એ ધર્મનું સ્વરૂપ છે. એવી વિશેષતાવાળો એ ધર્મ હોવાથી એ વિશેષણ લગાડેલું છે. કોઈ ભાષા અલંકાર કર્યો નથી. ખરેખર ધર્મ જ પરમ શાંત રસમય છે.

મુમુક્ષુ :– પરમ શાંત રસમય... પરમશાંત રસ વેદાય છે, આરાધન થાય તો નિશ્ચય સહજ થાય બાકી તો થવાનો કોઈ ...

પૂજ્ય ભાઈશ્રી :– પણ વિચારથી, પરીક્ષા કરીને એટલો તો નિશ્ચય કરે. પછી આગળ વેદન આવશે. સીધું તો વેદન આવે એવું નથી. પહેલા જે વિચારથી ઊંધા લાકડા પડ્યા છે, વિચારમાં જે ઉંધાઈ પડી છે એ વિચારે કરીને નિવૃત્ત થશે. પછી જે વેદાય છે એ તો નિર્વિચાર, નિર્વિકલ્પ દશામાં વેદાય છે. નિર્વિકલ્પ પરિણતિએ વેદાય છે. એ તો ત્યાર પછી થાય છે અને ત્યારે જ એ નિશ્ચય થાય છે એ તો ત્રણ કાળમાં ફરતો નથી.

મુમુક્ષુ :– પરમ શાંતરસ .....

પૂજ્ય ભાઈશ્રી :– પ્રશ્ન જ નથી. પછી નિશ્ચય નહિ આવવાનો, એ પહેલા તો વિચારથી નિશ્ચય આવી ગયો હોય છે. પછી જ આ રસ વેદવામાં આવે છે. વૈચારિક વિપરીતતાઓ તો પહેલા જ દૂર થઈ જાય છે, પછી નિર્વકલ્પ રસનું વેદન આવે છે. અને એ તો સાક્ષાત્ અનુભવરૂપ હોવાથી પછી એમાં તો શંકા પડવાનો પ્રશ્ન જ નથી. સાકર જીભ ઉપર આવ્યા પછી સાકર છે કે નહિ એ શંકા ક્યાંથી ઊઠે ? કેમ કે એનો ગળપણનો અનુભવ થાય છે. ફટકડી નથી અને સાકર છે. પણ એ

પહેલાં, અનુભવ આવ્યા પહેલાં પણ વૈચારિક વિપરીતતાઓ દૂર થવી જોઈએ અને એવો નિશ્ચય તો કરવો ઘટે છે વિચારદશામાં. અને તો નિર્વિચાર, નિર્વિકલ્પ શાંતરસની દશા ઉત્પન્ન થાય. નહિતર ન થઈ શકે.

એટલે હજી અહીંયાં જ્યાં સ્વાધ્યાય ચાલે છે, શાસ્ત્ર વાંચન ચાલે છે, વિચારદશામાં જીવ ઊભો છે, સત્ય-અસત્યનો નિર્ણય કરે છે ત્યારે એને એમ કહે છે કે જો ભાઈ ! **'વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો.'** એવો નિશ્ચય રાખવો. એવો દઢ નિશ્ચય રાખવો, પરીક્ષા કરીને રાખવો, અંધશ્રદ્ધાએ રાખવો નહિ. આશંકા કરવાની છૂટ છે પણ આવો નિશ્ચય રાખવા યોગ્ય છે.

**'જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી;...'** સત્પુરુષના યોગે સમજાય છે તો પણ જીવ અનઅધિકારી હોય એટલે પાત્રતાવાળો ન હોય તો એ સમજી શકતો નથી. અથવા એને બુદ્ધિના ક્ષયોપશમમાં સમજાય તો માન્ય કરી શકતો નથી. સ્વીકારી શકતો નથી. નહિતર તો એમ કહે, બુદ્ધિ છે સમજાય તો ખરું જ ને ? કે સમજાય ખરું પણ માને નહિ. અને માન્યતામાંથી વિપરીતતા છૂટે નહિ માટે સમજાણું છે એ એને કાર્યકારી થાય નહિ. સમજાણું છે એ નિષ્ફળ જાય છે. એટલા માટે જીવની જે પાત્રતા છે એની પ્રધાનતા છે અને એ પાત્રતામાં સત્પુરુષનો યોગ થાય તો આત્મકલ્યાણ થાય. નહિતર સત્પુરુષનો યોગ તે અયોગ બરાબર થઈ પડે છે. વિશેષે કરીને આ પત્રની અંદર બહુ સારી પ્રેરણાનો આ પત્ર છે. એક જ પત્ર ટૂંકો છે પણ પ્રેરણા બહુ સારી છે અંદર. વિશેષ લઈશું...

જેણે ગુણગ્રાહી દૃષ્ટિ સાધ્ય કરી હોય, તેને જ સ્વતંત્રપણે શાસ્ત્ર વાંચવા હિતાવહ છે. તેવી યોગ્યતા વિના ભવભયથી ડરતાં રહીને, સત્પુરુષના આશ્રયે – આશ્રય ભાવનાએ રહેવા યોગ્ય છે. – એવી માર્ગની ગંભીરતા છે. કારણકે અનાદિ બાહ્યદૃષ્ટિને લીધે જીવ ભૂલ કરે છે. તેથી પ્રથમથી જ 'સ્વલક્ષી' થવું. (અનુભવ સંજીવની–૧૧૬૧)

## તા. ૫-૯-૧૯૯૦, પત્રાંક – ૫૦૪
## પ્રવચન નં. ૨૦૪

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પત્ર ૫૦૪ ફરીથી. પાનું ૪૦૬.

**'મનનો, વચનનો તથા કાયાનો વ્યવસાય ધારીએ તે કરતાં હમણાં વિશેષ વર્ત્યા કરે છે.'** પૂર્વ કર્મના ઉદયને લીધે અને પોતાની ઉદાસીનતા હોવા છતાં પણ મન, વચન, કાયાની જે પ્રવૃત્તિ છે એને અહીંયાં વ્યવસાય કહ્યો છે. એ પોતાની ધારણા કરતા પણ વધારે સહજ થાય છે. વર્ત્યા કરે છે એટલે સહજ થાય છે. એ સહજતા માટે એક પેરેગ્રાફ આગળ બહુ સારો આવ્યો છે. પાનું ૩૩૪.

'સોભાગભાઈ'ને **'ઈશ્વરેચ્છા'** એવા શબ્દનો પ્રયોગ કરે છે. એટલે એ કાંઈ ભૂલ ન કરે એટલા માટે થોડું સ્પષ્ટીકરણ કરે છે. કે **'ઈશ્વરેચ્છા એ શબ્દ પણ અર્થાંતરે જાણવા યોગ્ય છે.'** એટલે સીધો શબ્દ પ્રમાણે અર્થ નહિ કરતા કે ઈશ્વરને ઇચ્છા હોય. એ કોઈ એનો બીજો શબ્દ છે એ માટે. એનો અર્થ કરવો હોય તો કોઈ બીજા શબ્દમાં અર્થ થાય. ઈશ્વરની ઇચ્છા એવો અર્થ ન થાય એમ કહેવું છે.

**'ઈશ્વરેચ્છારૂપ આલંબન એ આશ્રયરૂપ એવી ભક્તિને યોગ્ય છે.'** એટલે શું છે કે કોઈ ઈશ્વરનો આશ્રય કરે છે. જૈન હોય અને સર્વજ્ઞનો આશ્રય કરે ભક્તિની અંદર કે હે પ્રભુ ! આપ અમારા તરણતારણ છો. નિમિત્ત તરીકે ગણીને. ત્યારે આપની ઇચ્છા વગર કાંઈ થશે નહિ આ જગતમાં. એટલે આપના જ્ઞાનમાં જોયું છે એ પ્રમાણે થશે, એથી બહાર થશે નહિ. પણ જ્ઞાનને ફેરવીને ઇચ્છા કહે ત્યાં. અને અકર્તા હોવા છતાં પોતાના કલ્યાણના કર્તા ત્યાં વચનની અંદર ઉચ્ચારણ કરે. સર્વજ્ઞ તો અકર્તા છે. વીતરાગ છે. પણ વચન એવું કરે કે આપે મને દેખતો કર્યો, આપે મને જાણતો કર્યો, આપે મને બોલતો કર્યો, બધું સર્વસ્વ આપે મને આપ્યું. હવે મારે કાંઈ હવે જોઈતું નથી. એ રીતે ભગવાનનું આલંબન લેવું હોય અને આશ્રયરૂપ ભક્તિ કરવી

હોય ત્યારે એવો શબ્દ બોલવો તે યોગ્ય છે, અયોગ્ય નથી. ભક્તિમાં એમ જ બોલાય એમ કહે છે. હવે જ્ઞાની ઉપર આવે છે. આપણે તો જે ચાલતો વિષય છે એ અહીંયાં લેવો છે. એમનું જે પહેલું વચન છે ૫૦૪માં એ વચનનો અર્થ શું છે એ અહીંથી (૩૩૪થી) નીકળે છે.

'**નિરાશ્રય એવા જ્ઞાનીને બધુંય સમ છે,...**' જ્ઞાનીને ન તો સર્વજ્ઞનો આશ્રય છે ન તો એને બીજા કોઈ પદાર્થમાંથી સુખનું આલંબન અને આશ્રય છે કે મને ઘર હોય તો ઠીક, મારે શાંતિ. મને કુટુંબ હોય તો ઠીક, મારે શાંતિ. મને બધી અનુકૂળતાઓ અંદર હોય તો શાંતિ. નિરાશ્રય છે. જ્ઞાની છે તે નિરાશ્રય છે. '**નિરાશ્રય એવા જ્ઞાનીને બધુંય સમ છે,...**' બધું જ્ઞાનનું જ્ઞેય છે. સમ એટલે સરખું. એકસરખું છે. આ જ્ઞેય સારું છે, આ જ્ઞેય સારું નથી, આ લાભનો કર્તા છે, આ નુકસાનનો કર્તા છે, આ શાંતિનું કારણ છે, આ અશાંતિનું કારણ છે, આ ઇષ્ટ છે, આ અનિષ્ટ છે એ બધું બંધ છે એને. '**નિરાશ્રય એવા જ્ઞાનીને બધુંય સમ છે, અથવા...**' એનો અર્થ હવે કરે છે.

'**જ્ઞાની સહજપરિણામી છે;...**' સહજ જે પરિણમન થયું તે થયું. મન, વચન, કાયાનો વ્યવસાય ધારીએ તે કરતા પણ વધારે થાય છે. તો કહે છે, એ સહજપણે થાય છે. અમે કરીએ છીએ એ વાત એની અંદર નથી એમ કહેવું છે. સહજ પરિણામી છે. '**જ્ઞાની સહજપરિણામી છે; સહજ સ્વરૂપી છે, સહજપણે સ્થિત છે,...**' પોતાના સ્વરૂપમાં. જ્ઞાની '**સહજપણે પ્રાપ્ત ઉદય ભોગવે છે.**' પ્રાપ્ત ઉદય સહજપણે જ ભોગવે છે. ઉદયમાં ફેરફાર થાય છે ખ્યાલ આવે છે કે આ પ્રકારનો ઉદય છે. કાંઈ વાંધો નહિ, જે હોય તે ભલે હો. '**સહજપણે પ્રાપ્ત ઉદય ભોગવે છે. સહજપણે જે કંઈ થાય તે થાય છે, જે ન થાય તે ન થાય છે, તે કર્તવ્યરહિત છે;...**' આમ કરવું, આ કરવા યોગ્ય છે, આ નહિ કરવા યોગ્ય છે એક ન્યાયે એ વાત ખલાસ થઈ ગઈ છે. કૃતકૃત્યતા આવી છે.

'**તે કર્તવ્યરહિત છે; કર્તવ્યભાવ તેને વિષે વિલયપ્રાપ્ત છે;...**' વિલય પ્રાપ્ત છે. કર્તવ્યપણું, કર્તાપણું જ વિલય થઈ ગયું છે. '**માટે તમને, તે જ્ઞાનીના સ્વરૂપને વિષે...**' તમને એમ જાણવું યોગ્ય છે કે એમ કહેવું છે. તમને એમ જાણવું યોગ્ય છે કે '**તે જ્ઞાનીના સ્વરૂપને વિષે પ્રારબ્ધના ઉદયનું સહજ-પ્રાપ્તપણું તે વધારે યોગ્ય છે,...**' તમે

એમ જાણો કે જ્ઞાનીના સ્વરૂપને વિષે એમના પણ પ્રારબ્ધ અનુસાર સહજ એમનો જે ઉદય હોય તે વધારે યોગ્ય છે. હવે જ્ઞાની આમ કેમ બોલ્યા ? આવો ઉપદેશ કેમ કહ્યો ? આ રીતનો ઉપદેશ કેમ કર્યો ? એ ઉદય છે કે નહિ ? વિકલ્પ છે સહજ, ભાષા છે સહજ.

તમારે એમ જાણવું યોગ્ય છે કે **'જ્ઞાનીના સ્વરૂપને વિષે પ્રારબ્ધના ઉદયનું સહજ-પ્રાપ્તપણું તે વધારે યોગ્ય છે.'** તે યોગ્ય છે એમ નહિ. ઊલટાનુ એ વધારે યોગ્ય છે. **'એમ જાણવું યોગ્ય છે. ઈશ્વરને વિષે કોઈ પ્રકારે ઇચ્છા સ્થાપિત કરી,...'** કોઈ અપેક્ષાએ ઇચ્છા સ્થાપિત કરી **'તે ઇચ્છાવાન કહેવા યોગ્ય છે.'** આવી રીતે સર્વજ્ઞની અપેક્ષાએ. કે સર્વજ્ઞના જ્ઞાન વગર એટલે ઇચ્છા બહાર કાંઈ થવાનું નથી. પણ **'જ્ઞાની ઈચ્છારહિત...'** છે. જુઓ ! ભગવાનને કોઈ અપેક્ષાએ ઇચ્છાવાન સ્થાપો ચાલશે, જ્ઞાનીને સ્થાપશો નહિ એમ કહેવું છે. અહીંયાં ભૂલ નહિ કરતા. **'જ્ઞાની ઇચ્છારહિત કે ઇચ્છાસહિત એમ કહેવું પણ બનતું નથી;...'** એને એક્કેયમાં નહિ નાખતા તમે. કેમ કે **'તે સહજસ્વરૂપ છે.'** સહજસ્વરૂપે સ્થિત થયા છે. આવી કલમ ચાલી છે.

મુમુક્ષુ :– ઇચ્છાસહિતપણું કે ઇચ્છારહિતપણું, એમને કાંઈ છે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ નથી. અને ભગવાનની ઇચ્છા પોતે સ્થાપે છે, જુઓ ! (૩૩૪ પાનાનું) નીચે છેલ્લું વચન લ્યો. **'તમારા સત્સંગને વિષે અત્યંત રુચિ રહે છે,...'** તમારો સત્સંગ છે એ વિષે ઘણી રુચિ રહે છે. પણ એ પ્રસંગ બનતો નથી એટલે શું કહે છે ? કે **'તથાપિ તે પ્રસંગ થવા માટે હાલ તો 'નિર્બળ' થઈ શ્રી 'હરિ'ને હાથ સોંપીએ છીએ.'** અમારું ચાલતું હોય તો ન સોપીંએ. નિર્બળ થઈને. નિર્બળને અવતરણ ચિહ્ન કર્યું છે. એટલે ત્યાં એમ કહેવું છે કે એ પણ અમે સમભાવમાં રાખ્યું છે. એના પ્રત્યે પણ સમભાવ રાખ્યો છે. માટે એના કર્તાપણા થવામાં અમે નિર્બળ છીએ. એ સંયોગ સત્સંગ પ્રાપ્ત થવાના કર્તાપણામાં અમે નિર્બળ છીએ.

મુમુક્ષુ :– ઈશ્વરને ઇચ્છાસહિત કહ્યો...

પૂજ્ય ભાઈશ્રી :– કેવળજ્ઞાનની અપેક્ષાએ એ વાત છે કે ભગવાનના કેવળજ્ઞાન બહાર જગતમાં કોઈ ચીજનું પરિણમન નથી. બરાબર છે ? ત્યારે એને ભક્તિની ઉપમાથી એમ સ્થાપે કે આપની ઇચ્છા વિના પાંદડુ ફરકી શકે એવું નથી. ઇચ્છા એટલે જ્ઞાન ત્યાં.

મુમુક્ષુ :– જ્ઞાનમાં ગણીએ અપેક્ષાએ...

પૂજ્ય ભાઈશ્રી :– એ અપેક્ષાએ. એ અપેક્ષાએ. ભક્તો તો લાડકા છે. ભક્તો છે એ ભગવાનના લાડકા છે. ગમે તેવી એવી કાલીઘેલી ભાષા વાપરે. કર્તા ન હોય તો કર્તા સ્થાપે, ઇચ્છાવાળા ન હોય તો ઇચ્છાવાળા સ્થાપે. એવી રીતે એ તો કહેવાની એ ભક્તિની પદ્ધતિ છે. ભક્તિની ભાષા એવી જ હોય છે.

મુમુક્ષુ :– જ્ઞાનીને ગમે એમ બોલવાની છૂટ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ એમનો અધિકાર છે. જ્ઞાનીને એ પ્રકારે કહેવાનો અધિકાર છે. લાડકો દીકરો હોય, બોલતા હજી તાજુ તાજુ શીખતો હોય તો એના બાપાને, દાદાને તું કહે. તું ખા. એને ખાવા આપ્યું હોય તો એ એને ખવડાવે પ્રેમથી. તું ખા. હું નહિ, તું ખા એમ કહે. એને અધિકાર ખરો કે નહિ ? એને મીઠું લાગે કે મને તોછડું બોલાવે છે એમ લાગે ? મારું અપમાન કરે છે એમ લાગે ? મીઠું લાગે છે એ તો. બધે અભિપ્રાય જોવાય છે. ક્રિયા જોવાતી નથી.

મુમુક્ષુ :– ભગવાનને તું શબ્દ વપરાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા વપરાય જ છે. ભગવાનને તું કહેવાય છે. તારા વગર અમે અનાથ હતા. હે નાથ ! તારા વગર અમે અનાથ હતા. એમ કહે. કહેવાય છે.

મુમુક્ષુ :– ૯૧૩ પત્ર.

પૂજ્ય ભાઈશ્રી :– જોઈએ. સમપણાનો વિષય છે એ વાત છે.

આમ તો શું છે કે ૯૧૩માં જે પહેલો પેરેગ્રાફ છે એ જ્ઞાનદશા પહેલા જે કોઈ વિચારણા, યોગ્ય વિચારણા, સુયોગ્ય વિચારણા છે એ વિષય ઉપર છે. બીજો પેરેગ્રાફ છે એ જ્ઞાનીની દશા ઉપર છે. પછી આ બાજુ ૬૪૫ પાને જે મોટો પેરેગ્રાફ છે એ સ્વરૂપ પ્રાપ્તિની વિધિ ઉપર છે. આ આખા ગ્રંથમાં અને તમામ પત્રોમાં સ્વરૂપપ્રાપ્તિનો વિધિનો વિષય અધ્યાત્મ પ્રધાનતાથી આવ્યો હોય તો આ એક જગ્યાએ છે. ૯૧૩માં. ત્યારપછી આત્માર્થી જીવ છે એની ભૂમિકા કેવી હોય છે એ યથાર્થભૂમિકાનો એ છેલ્લો પેરેગ્રાફ છે. આમ ચારે પેરેગ્રાફના ભિન્ન-ભિન્ન વિષય છે. એ મુખ્ય ચાર પેરેગ્રાફ છે. એ રીતે ચાર વિષય એની અંદર બહુ સારા ૯૧૩માં આવ્યા છે.

આ 'વનમાળીભાઈ ઉમેદરામ' કરીને 'ઘોઘાવી'ના મુમુક્ષુ છે. આમ તો કેટલાક

મુમુક્ષુઓ પોતાના સગા સંબંધી છે. એવી એકબીજાને વાત પહોંચાડી છે કે આ એક સત્પુરુષ છે અને એને અનુસરવા જેવું છે. બનતા સુધી 'કુંવરજી મગનલાલ'ના સગા થાય છે. કોઈ અશાતામાં આવી ગયા છે પોતે. એમાંથી આ પોતાને નિમિત્ત તો એ પડ્યા છે. વિષય આ પત્રનો બહુ સારો નીકળ્યો છે. ૯૧૩નો. લખ્યું છે ને ?

**'અકસ્માત શારીરિક અશાતાનો ઉદય થયો છે અને તે શાંત સ્વભાવથી વેદવામાં આવે છે એમ જાણવામાં હતું, અને તેથી સંતોષ પ્રાપ્ત થયો હતો.'** ચાલો, તમને બહુ આકુળતા નથી, અશાતા ઘણી છે. ઓચિંતો રોગ આવ્યો હશે કે કાંઈક થઈ ગયું હશે. તમે ઘણી શાતામાં વર્તો છો એમ જાણ્યું એટલે અમને સંતોષ હતો. પછી પોતાના ભાવ છે એ ઘણા સારા વ્યક્ત થયા છે આ પત્રની અંદર.

એટલે એ વિષય જે જ્ઞાનીની દશાનો છે એમાં બીજા પડખેથી વાત લીધી છે. શાતા કરતા અશાતાના ઉદયમાં જ્ઞાની પોતાનું વિશેષ કલ્યાણ સાધે છે તેથી જ્ઞાનીને એ અવસર વધારે કલ્યાણકારક સમજાય છે. જ્ઞાનીને એ અવસર વધારે કલ્યાણકારક સમજાય છે. ઊલટાનો શાતા કરતા અશાતાના ઉદયનો. કેમ કે એમનો પુરુષાર્થ વિશેષ થાય છે એ કારણસર.

અહીંયાં (પત્રાંક ૫૦૪માં) તો એમ લેવું છે કે સહજપણે પોતે કર્તા થયા વિના મનનો, વચનનો, કાયાનો વ્યવસાય પોતાના અંદાજ કરતા, ધારીએ તેના કરતા એટલે પોતાના અંદાજ કરતા પણ વધારે થઈ રહ્યો છે. **'અને એ જ કારણથી તમને પત્રાદિ લખવાનું બની શકતું નથી.'** કેમ કે પ્રવૃત્તિમાં સમય વધારે જાય છે. **'વ્યવસાયનું બહોળાપણું ઇચ્છવામાં આવતું નથી,...'** અમે ઇચ્છતા નથી કે વેપાર વધે. એવું અમે ઇચ્છતા નથી. પ્રવૃત્તિ વધે, વેપાર વધે, ધંધો વધે, કમાણી વધે એવું અમે ઇચ્છતા નથી. જુઓ ! ૨૭ વર્ષની ઉંમર છે.

મુમુક્ષુ :- ૫૦૪ ચાલે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પાંચસો ચાર ચાલે છે. ૫૦૪ આજે ફરીને લીધો છે.

**'તથાપિ પ્રાપ્ત થયા કરે છે.'** એટલે વ્યવસાય બહોળો થયા કરે છે. **'અને એમ જણાય છે કે કેટલાક પ્રકારે તે વ્યવસાય વેદવા યોગ્ય છે,...'** કેટલાક પ્રકારે એટલે સમ્યક્ પ્રકારે પુરુષાર્થમાં જાગૃત રહીને, સારી રીતે જાગૃત રહીને એ પૂર્વકર્મને ભોગવવા યોગ્ય છે કે જેના ઉદયમાં અમને નવું બંધન થવાને બદલે નિર્જરા વિશેષ થશે. જેના

ઉદય કાળે બંધન વધારે થવાને બદલે ઊલટાની નિર્જરા વિશેષ થશે. માટે તે વેદવા યોગ્ય છે એમ લીધું.

**'કે જેના વેદનથી...'** એટલે જે અનુભવ કરતા ફરી તેનો ઉત્પત્તિયોગ મટશે. ભવિષ્ય માટે એની ઉત્પત્તિ થાય એવું કર્મ નહિ બંધ થાય. એના ઉપરથી આપણે સિદ્ધાંત પરમ દિવસે વિચાર્યો હતો, કે જેવો ઉદય હોય એ ઉદયમાં જીવ ઉદયને અનુસરીને તન્મય થઈને ઇષ્ટ અનિષ્ટ પરિણામ કરી બેસે છે. ત્યારે ફરીને તેવો જ ઉદય આવવાનો પ્રસંગ ઉત્પન્ન થાય એવું કર્મનું નિબંધન એ કાળે પ્રાપ્ત થાય છે. જ્ઞાની કહે છે કે ભલે એ ઉદય આવો. અમે અમારા આત્મામાં બરાબર છીએ. હવે ફરીને એ ઉદય નહિ આવે એ પરિસ્થિતિ નિર્મૂળ થઈ જશે અમારા માટે. આ વિશેષતા છે એમની.

મુમુક્ષુ :– ઉદય જ્ઞાનીને અને અજ્ઞાનીને બેયને સરખા હોય.

પૂજ્ય ભાઈશ્રી :– ઉદય સરખા હોય. પણ પેલો કર્મ એટલા બાંધે, આ નિર્જરા કરે. ઊલટી-સુલટી જ વાત છે. જેમ જ્ઞાની અજ્ઞાની પ્રતિપક્ષમાં છે. એમ એના પરિણમન પણ પ્રતિપક્ષમાં છે. એ પરિણમનનું ફળ પણ પ્રતિપક્ષમાં છે. સામેસામું છે.

**'કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામાં આવે...'** એટલે હઠ કરીને વેપાર નથી કરવો એમ નિરોધ કરવામાં આવે **'તોપણ તે નિરોધરૂપ ક્લેશને લીધે આત્મા આત્માપણે વિસ્રસાપરિણામ જેવો પરિણમી શકે નહીં, એમ લાગે છે.'** એટલે જે હઠપ્રયોગ કરે છે એમાં સ્વાભાવિક પરિણમન નહિ હોવાથી અને કૃત્રિમતાએ વૃત્તિનું દમન કરવાનું બનતું હોવાથી વિસ્રસાપરિણામ એટલે જીવનું સ્વાભાવિકપણે સહજ પરિણમન અક્લેશભાવે થવું જોઈએ એવું નહિ થવાને બદલે હઠના પરિણામમાં એને ત્યાં ક્લેશ ઉત્પન્ન થઈ જાય છે. **'એમ લાગે છે.'**

**'માટે તે વ્યવસાયની જે અનિચ્છાપણે પ્રાપ્તિ થાય તે વેદવી,...'** તે વ્યવસાયની ઇચ્છાપણે પ્રાપ્તિ થાય અને વેદવી એમ નહિ, પણ તે વ્યવસાયને પોતે નહિ ઇચ્છતા હોવા છતાં જો પ્રાપ્તિ થાય ઉદયબળથી તો એ વેદી લેવી. **'એ કોઈ પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે.'** અને એ કાળે વિશેષ નિર્જરા થતી હોવાથી એ વધારે સમ્યક્ લાગે છે. ત્યાગ કરે એના કરતા પ્રવૃત્તિ વધારે સમ્યક્ લીધી અહીંયાં. લ્યો ઠીક. એ પ્રવૃત્તિનો ત્યાગ કરે. વેપારની પ્રવૃત્તિનો ત્યાગ કરે એના કરતા અહીંયાં પ્રવૃત્તિને વિશેષ સમ્યક્

એમ કહ્યું. એવી જરા જ્ઞાનીની દશા આંટીઘુંટીવાળી છે, અટપટી દશા છે. 'બાહિર નારકી કૃત દુઃખ ભોગે, અંતર સુખ રસ ગટાગટી.' એમ કરીને અટાપટી કરીને લીધું છે ને ? તો એ જે કોઈ જ્ઞાનીની દશા છે એ જ્ઞાનીની 'રીતિ લગી હે મોહી અટાપટી.' મને તો જ્ઞાનીની રીત જ અટપટી લાગે છે. પદ છે એ 'દ્યાનતરાયજી'નું પદ છે ? 'બનારસીદાસજી'નું છે ? એ જ્ઞાનીની રીત મને અટપટી લાગે છે. ત્યાગમાં તો લોકો સૌ એમ કહે વાહ ! છોડી દીધું, ત્યાગ કર્યો. પણ પ્રવૃત્તિ કરે છતાં વિશેષ સમ્યક્‌પણું છે એ જ્ઞાનીની રીત હું અટપટી કહું છું. એમ કહે છે.

**'કોઈ પ્રગટ કારણને અવલંબી, વિચારી,...'** તો પ્રગટ કારણ એટલે એમનો વૈભવ. સર્વજ્ઞ પરમાત્માનો જે વૈભવ છે, એમનું જે પરમ ઔદારિક તેજસ્વી શરીર છે, એમની દિવ્યધ્વનિ છે એ વગેરે. એવા **'કોઈ પ્રગટને કારણને અવલંબી,...'** અને સર્વથા ધ્યાનસ્થપણું, અંતર્મુખપણું છે. ધ્યાન છૂટતું નથી. અંતર-બાહ્ય ધ્યાનસ્થ દશામાંથી સર્વજ્ઞ પરમાત્મા બીજી પ્રવૃત્તિમાં જોવામાં આવતા નથી. મન, વચન, કાયાના યોગ પરિપૂર્ણ શાંત થઈ ગયા છે. એવા **'કોઈ પ્રગટ કારણને અવલંબી, વિચારી,...'** વિચારે અને અવલંબે એટલે એના આધારે. સમ્યગ્દૃષ્ટિ સ્વરૂપપણે પણ ન જાણ્યા હોય. કોને ? સર્વજ્ઞને. તેમનું સમ્યગ્દર્શન પણ ન સમજાય, સમ્યક્‌પણું એવું ન સમજાય, અંતર્મુખપણું પણ ન સમજાય તો તેનું આત્મપ્રત્યયી ફળ નથી. તો એ સર્વજ્ઞની ભક્તિ કરે, દર્શન કરે, પૂજા કરે ગમે તે કરે તો પણ એને ઓળખ્યા નથી. માટે એનું આત્મપ્રત્યયી– આત્માને લાભ થાય એવું કોઈ ફળ નથી. પણ ભજે તો છે એને. તો કહે છે, એને આત્મ લાભ થાય એવી રીતે ભજતો નથી. આ ઓળખીને ભજે એના ઉપર બહુ સ્પષ્ટ સ્પષ્ટીકરણ છે.

મુમુક્ષુ :– પ્રગટપણાનો અર્થ સત્પુરુષ કે મુનિ...?

પૂજ્ય ભાઈશ્રી :– અહીં સર્વજ્ઞનો વિષય થોડો ચાલ્યો છે.

**'પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ...'** શું કહે છે ? કોની વાત લીધી છે ? **'પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ...'** જ્ઞાની તો તને નહિ ઓળખાય એમ કહે છે. કેમ કે જ્ઞાની તો વેપાર કરતા પણ તને દેખાશે, કુટુંબ-પરિવારની વચ્ચે બેઠેલા દેખાશે. અને ચક્રવર્તી હશે તો ૯૬૦૦૦ હજાર રાણીના વૃંદમાં તને દેખાશે. જ્ઞાનીને ઓળખવા તો કઠણ વાત છે. પણ હવે તને સર્વજ્ઞની વાત કહીએ છીએ એમ કરીને કહે છે.

મુમુક્ષુ :– પ્રગટ કારણ દેખીને...

પૂજ્ય ભાઈશ્રી :– હા. પણ સર્વજ્ઞપુરુષની વાત લીધી છે ને ? નીચે શું લીધું છે ? **'પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ...'** એમ કરીને લીધું છે. એટલે શું ? કે કોઈ પ્રગટ કારણને અવલંબી. વિચારી.

મુમુક્ષુ :– એ પ્રગટ કારણ ક્યું ?

પૂજ્ય ભાઈશ્રી :– સર્વજ્ઞ ભગવાન બિરાજમાન હોય સમજી લ્યો કે. સર્વજ્ઞ ભગવાન સાક્ષાત્ બિરાજે છે. એમની દિવ્યધ્વનિ છૂટે છે. લાખો-કરોડો જીવ ભગવાનનો જય જયકાર બોલે છે. અસંખ્ય દેવો આવે છે. લાખો-કરોડોની વાત ક્યાં કરવી ? અસંખ્ય દેવો આવે છે. કેમ કે ત્યાં તો સંખ્યા બહુ મોટી છે ને ! સંખ્યા બહુ મોટી છે. ઇન્દ્રો આવે છે અને સમવસરણમાં તો કાંઈ વાંધો નથી. એવો અતિશય છે. ગમે તેટલા આવે નહિ. જેટલા આવવા હોય એટલા આવે નહિ. જેમ દીવો એમ ન કહે કે હવે મેં પ્રકાશ કર્યો છે માટે બીજો દીવો અહીંયાં પ્રકાશ કરશે તો અહીંયાં જગ્યા નથી, એમ કહે ? બીજો થાય, ત્રીજો થાય, હજાર દીવા થાય નહિ. પ્રકાશમાં પ્રકાશ ભળવાનો જ છે.

કહે છે **'કોઈ પ્રગટ કારણને અવલંબી,...'** દેખત કારણ હોય, પ્રગટ નજરે દેખાય એવું કે આ તો ઈશ્વર સિવાય, પરમેશ્વર સિવાય આવું પરમ ઐશ્વર્ય જગતમાં ક્યાંય જોવામાં આવતું નથી. સમવસરણથી માંડીને જેટલું કાંઈ ત્યાં ઐશ્વર્ય છે, પ્રગટ ઐશ્વર્ય છે, બાહ્ય ઐશ્વર્ય છે એ પણ જગતમાં ક્યાંય નથી. આમ એમ કહેવાય છે કે સૌથી વધારે પુણ્ય ચક્રવર્તીના મનુષ્યમાં (હોય). એટલે એ મનુષ્યના ઇન્દ્ર કહેવાય છે. અને એ પણ સભામાં આવે છે. પણ છતાં તીર્થંકર જેવો પુણ્યોદય કોઈને હોતો નથી. ચક્રવર્તીને નથી હોતો. કેમ કે ચક્રવર્તી પણ ત્યાં આવીને ગલુડીયાની જેમ બેસે છે. એ ભગવાનની સભામાં ચક્રવર્તી પણ આવે ત્યારે ગલુડિયાની જેમ બેસે છે.

મુમુક્ષુ :– ભગવાનના દરબારમાં કેમ બેસવું...

પૂજ્ય ભાઈશ્રી :– ભગવાનના દરબારમાં કેટલી નમ્રતા હોય, કેટલી સભ્યતા હોય, કેટલો વિનય હોય, એ વાત છે. એટલું ભાન રહેવું જોઈએ ને. આ પ્રભુ બિરાજે છે. અહીંયાં પ્રભુ બિરાજમાન છે. મારા પ્રભુ અહીંયાં બિરાજમાન છે. એ હોવું જોઈએ લક્ષમાં.

મુમુક્ષુ :– સમવસરણ જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– સમવસરણ જ ગણાય. ચોખ્ખે ચોખ્ખું સમવસરણ જ ગણાય. શું કહે છે ?

મુમુક્ષુ :– સાક્ષાત્ પરમાત્મા બિરાજે...

પૂજ્ય ભાઈશ્રી :– હા સાક્ષાત્ જ. સ્થાપના થઈ ગઈ ને એટલે એને એક અપેક્ષાએ પ્રાણપ્રતિષ્ઠા કહેવામાં આવે છે. મૂર્તિ લાવ્યા ત્યારે ભલે નિષ્પ્રાણ છે, એ જ્યારે પ્રતિષ્ઠા કરી ત્યારે એમાં પ્રાણનો આરોપ કર્યો છે. એવા શ્લોકો બોલવામાં આવે છે એની અંદર. વિધિ એ જાતની છે. ત્યારપછી એ સાક્ષાત્ પરમાત્મા તરીકે જ જોવામાં આવે છે, બીજી રીતે નહિ.

મુમુક્ષુ :– અંજનશ્લાકાનો અર્થ...

પૂજ્ય ભાઈશ્રી :– એ બહુ ખ્યાલ નથી. એ જોયું નથી.

મુમુક્ષુ :– શ્વેતાંબરમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ છેલ્લી વિધિ છે.

મુમુક્ષુ :– અંકન્યાસ...

પૂજ્ય ભાઈશ્રી :– આપણે અંકન્યાસ વિધિ કહે છે. અંકન્યાસ કહે છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' પોતે કરતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા. અંકન્યાસવિધિ 'ગુરુદેવશ્રી'ના હાથે થતી હતી આપણે ત્યાં. એટલે શું કહે કે એ પ્રતિષ્ઠાની છેલ્લી વિધિ છે. અને અહીંથી પરમાત્મા તરીકે જોવામાં આવે છે. આમ તો પ્રતિષ્ઠા કર્યા પહેલાં પણ એમનું રૂપ જોતાં જ્ઞાનમાં તો નૈગમનય ઊપજે છે ને ? કે આ ભગવાનની પ્રતિષ્ઠા થવાની છે. એના માટે આ ભગવાન પધાર્યા છે. એ તો ત્યારથી જ ભગવાન જોવે છે. ત્યારથી જ ભગવાન જોવે છે.

મુમુક્ષુ :– નંદીશ્વર જિનાલયમાં પ્રતિમાજી આવી ગયા...

પૂજ્ય ભાઈશ્રી :– ભક્તિ કરી હતી. નંદીશ્વર જિનાલયમાં જે ભગવંતો પધાર્યા એ 'પૂજ્ય બહેનશ્રી'ના (નિવાસ સ્થાનમાં) આગળની જે ઓસરી છે ત્યાં મૂક્યા છે. એની સમક્ષ, જ્યાં બેસે છે એની સામે. દોઢ મહિના સુધી. દોઢ મહિના પહેલા આવી ગયા હતા. દોઢ મહિના સુધી ભક્તિ કરી. પોતે પદરચના કરેલી. દિગંબરના પંડિત

હોય તો વાંધો પાડે. આ તો ભગવાનની અપ્રતિષ્ઠિત પ્રતિમા છે. એને વંદન-પૂજન ન કરાય એમ કહે. એની ભક્તિ ન કરાય. પણ એ ભક્તિને બિચારા શું સમજે? એ ભક્તિના ભાવને પણ શું સમજે ? એનું એ કામ નથી. એ વિદ્વતા ત્યાં નુકસાન કરે છે.

મુમુક્ષુ :– દર્શન કરતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર. અહીંયાં વિદ્વતા નુકસાન કરે છે. એ વિદ્વતા અહીંયાં નુકસાન કરે છે. એ વિદ્વતામાં સંપ્રદાયબુદ્ધિ થોડી ત્યાં આવી જાય છે (કે) અમારા સંપ્રદાયમાં આમ થતું નથી.

મુમુક્ષુ :– 'સોનગઢ'માં પહેલવહેલા 'સીમંધર' ભગવાન પધાર્યા ત્યારે 'ગુરુદેવશ્રી'એ સાષ્ટાંગ પ્રણામ કરેલા.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ પણ એક મહિના પહેલા. કહે છે એક મહિના સુધી ઉત્સવ ચાલેલો. એ ભગવાનની પ્રતિમાજી તો પેટીમાં આવે ને ? ખંડિત ન થાય એટલે. ચારે બાજુ ઘાસ નાખીને પેકીંગ બરાબર કરે. ખોલ્યા તો આમ સાષ્ટાંગ દંડવત્ કર્યા છે ભગવાનને. તમે બધા તો હશો. તમે તો ત્યાં જ હશોને એ વખતે ?

મુમુક્ષુ :– અકૃત્રિમ પ્રતિમાની પ્રતિષ્ઠા...

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખરી વાત છે. એની ક્યાં પ્રતિષ્ઠા કરી હતી ? 'નંદીશ્વર'માં છે, 'સ્વર્ગ'માં છે. મનુષ્યલોકમાં બીજે પણ છે. ઘણી જગ્યાએ છે. પૂજાના પુસ્તકમાં છે, પાનું યાદ નથી. સંખ્યા મૂકી છે. કેટલા લાખ પ્રતિમા છે એની સંખ્યા મૂકી છે. અકૃત્રિમ. કોઈ દિવસ પ્રતિષ્ઠા થઈ નથી, કદી નથી થઈ. પ્રતિષ્ઠાનું મહત્ત્વ જે ગણીને અંદર પૂજવાની અને અપૂજવાની વાત કરે છે. તો ત્યાં તો સિદ્ધાંતની બાધા પામે છે. જો એ સિદ્ધાંત હોય તો સિદ્ધાંત બાધા પામે છે. માટે એ સિદ્ધાંત લાગુ પડતો નથી. એ દલીલ કરી હતી, (એક વિદ્વાનને) એ દલીલ કરી હતી. તમે એમ કહો છો કે એના ઉપર માતા-પિતાની ખબર ન હોય, લાંછનની ખબર ન હોય, આમ ન હોય, આમ ન હોય, આગમની ન ખબર હોય. અકૃત્રિમ પ્રતિમાને શું નામ હોય છે ? એના માતા-પિતા કોણ ? એમને લાંછન શું હોય છે ? એમની પ્રશસ્તિ શું હોય છે ? કાંઈ જ હોતું નથી. અને અહીંયાં પણ બહુ જૂના પ્રતિમા છે, 'ઘોઘા'ની અંદર દિગંબર મંદિરમાં. બહુ પુરાણુ મંદિર છે આપણું.

મુમુક્ષુ :– ચોથા કાળમા પ્રતિમા કાંઈ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એવા અમુક પ્રતિમાને કાંઈ નથી. લાંછન નથી, પ્રશસ્તિ નથી, કાંઈ નથી ને. એ પદ્ધતિ જ નહોતી. એનો અર્થ એ છે કે એ સિદ્ધાંત નથી. અમુક કાળે એવી બધી પદ્ધતિ ચાલુ થાય છે. બહુમાન વધારવા માટે એ બધી વાત છે. પણ એ સિદ્ધાંત નથી. જે લોકો નથી સમજતા એ પોતાના મતિ વિપર્યાસને લીધે કોઈ એક વાતને અદ્ધરથી, અધુરા જ્ઞાનથી, અધુરા નિર્ણયથી પકડે છે, પક્કડ કરે છે. પક્કડ કરે છે અને એ પક્કડ કરવામાં તકરાર પણ ઊભી કરે છે. નહિતર અમે તમારી સાથે તકરાર કરીશું. ભાઈ ! દેવ, ગુરુ, શાસ્ત્રનો અવિનય, અવિવેક, વિરાધના એ આદિના પરિણામ થાય એનું ફળ બહુ આકરું છે.

મુમુક્ષુ :– પહેલા તીર્થંકર પ્રતિમા સ્થાપિત નહોતી થતી, અરિહંત પ્રતિમાં સ્થાપિત થતી હતી એટલા માટે પ્રશસ્તિ ...

પૂજ્ય ભાઈશ્રી :– ઠીક. અત્યારે જે ચોવીસ તીર્થંકરમાંથી લગભગ આઠ તીર્થંકરની પ્રતિમાઓ વિશેષ સ્થાપિત થાય છે. બાકીના તીર્થંકરોની પ્રતિમાઓ ક્વચિત્ જ જોવામાં આવે છે. બધા એક સરખા હોવા છતાં. પણ એક કાળ એવો હતો કે અરિહંત પ્રતિમા તરીકે એની સ્થાપના કરો, બસ. કોઈ નામ નહિ, કોઈ લાંછન નહિ, કોઈ વાત નહિ. અરિહંતનું સ્વરૂપ સ્થાપિત કરવાની. અને આમાં નામ આપે છે તો અરિહંતનું સ્વરૂપ જ સ્થાપિત કરવામાં આવે છે. એ પણ એક દલીલ આપી હતી, કે સામે 'મહાવીર' ભગવાનની પ્રતિમા જો બિરાજમાન હોય, લાંછનવાળી અને નામ ઉપર લખ્યું હોય. અને તમે પૂજા 'આદિનાથ' ભગવાનની કરો કે નહિ ? કે પહેલાં તમે સ્થાપના કરો, પૂજા કરો. 'આદિનાથ' ભગવાનનો આત્મા તો સિદ્ધાલયમાં બિરાજમાન છે. 'આદિનાથ' ભગવાન તરીકે નીચે ઉતારો છો તમે. અત્ર અવતર અવતર સંવષટ્ આહ્વાન કરીને અંદર ઉતારો છો. તમે સ્થાપના કરો છો ત્યારે શું કરો છો ? અવતરણ કરો છો એનું. આહ્‌વાન કરો છો, કે આપ પ્રભુ અહીં બિરાજો છો. અત્યારે અમારી સામે મહાવીર પરમાત્મા બિરાજે છે એમ નહિ. હવે અત્યારે સામે તો 'ઋષભદેવ' ભગવાન બિરાજે છે. એમ કરીને પછી એમના માતા-પિતાનું નામ પૂજામાં આવે, એમની કોઈ ઐતિહાસિક વાત આવે. બધું આવે. સામે તો છે જ નહિ 'ઋષભદેવ' ભગવાન. એ ભાવનાનો વિષય છે. પૂજા, ભક્તિ એ ભાવનાનો વિષય છે. એમાં

કોઈ પક્કડ કરે ખોટી. છળ ગ્રહણ કરીને પક્કડ કરે એ આત્માને નુકસાનનું કારણ છે.

મુમુક્ષુ :– ગૌણ બાબતના તારતમ્ય હોય. એને નજર સમક્ષ ન લાવે અને પારમાર્થિક બાબતમાં જોવે કે ત્યાગનું કેટલું તથ્ય છે. તથા...

પૂજ્ય ભાઈશ્રી :– એમ જ જોવાય છે, એમ જ જોવાય છે. ગૌણ બાબતોના કોઈ તારતમ્ય જોવામાં આવતા નથી. આ સ્થાનકવાસી સંપ્રદાય શેમાંથી થયો ? ગૌણ બાબતના તારતમ્યતાને પ્રધાનતા આપી એમાંથી. મંદિર કરો તો હિંસા થાય. જૈનધર્મ તો અહિંસાનો છે. મકાન બાંધો અને હિંસા થાય. હવે એ ન્યાય સંપન્ન કહે કેમ નથી ? કોઈ એમ કહે કે ભાઈ ! વાત તો સીધી છે એ લોકોની. તમે કેમ સીધી લેતા નથી ? એમ પણ કહી શકે. એ જ પાછા કહેનારા ઉપાશ્રય બાંધે ત્યારે હિંસાનો વિષય આગળ કરતા નથી. એટલે ભગવાનના મંદિરની વાત આવે ત્યારે છળ પકડે. અને ઉપાશ્રય માટે એ પછી એ જ પોતે ચાલુ કરી દે. એટલે ન્યાય સંપન્ન વાત નથી એનું કારણ એ છે કે એને હિસાબ-કિતાબ પણ આવડતો નથી. કે એ અલ્પ હિંસા છે. અશુભભાવથી નહિ પણ શુભભાવના નિમિત્તે થાય છે. અશુભભાવ નથી ત્યાં. શુભભાવના નિમિત્તે થાય છે અને વર્તમાનમાં પોતાનો શુભભાવ અને સેંકડો વર્ષ સુધી એ પ્રતિમા પ્રત્યે ભક્તિ, પૂજા કરનારાના શુભભાવ એનો એની પાસે શુભ-અશુભનો પણ હિસાબ-કિતાબ નથી. તો કોઈને એ સમ્યગ્દર્શનનું નિમિત્ત થશે એવી શુદ્ધતાનો હિસાબ તો એને આવડે જ ક્યાંથી ? એ તો એને કાંઈ આવડતું નથી. એવી પરિસ્થિતિ (છે). જગતની અંદર તો જીવે પરિભ્રમણ કર્યું છે. દુઃખી થયો છે પરિભ્રમણમાં એનું એ કારણ છે કે જીવે પોતાની વિપરીતતા ઘણી પ્રવર્તાવી છે. અને પોતાના કારણે જ પોતે દુઃખી થયો છે. કોઈના કારણે કોઈ દુઃખી થાય છે એવું બનતું નથી.

મુમુક્ષુ :– આરંભ, સમારંભને હિસાબે ભગવાનના પ્રત્યે અભિષેકમાં પાણી વપરાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે. પણ ન્યાય તો બે બાજુ લેવો પડશે ને ? એવા સ્થાનકવાસીને કોઈ વ્યાપાર-ધંધાના કારખાના ન હોય એવું છે ?

મુમુક્ષુ :– એ સંસારિક કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– સંસારિક કારણ છે એટલે વધારે સારું કારણ છે કોઈ ? સંસારી

કારણ છે એટલે વધારે સારું કારણ છે કાંઈ ? ઉત્કૃષ્ટ કારણ છે કાંઈ ? ત્યાં છૂટછાટ દેવા જેવું કારણ છે કાંઈ ? સંસારિક કારણમાં તો પેટ ભરવાનું છે. જગતમાં એવા ઘણા અહિંસક એવા વ્યવસાય છે કે જેનાથી ઘણા માણસોનું પેટ ભરાય છે એણે શા માટે એની પસંદગી ન કરી. સમજાય છે ? ઘણા અહિંસક એવા વ્યવસાય છે કે જેને લઈને એ વ્યવસાય કરનારને પોતાનું પેટ ભરાય છે. બાકી તો કોઈ Draft કાઢીને સાથે લઈ જાય એવું નથી. વધારે કમાણી થાય અને વધારે પૈસા હોય તો કાંઈ સાથે આવે એવું નથી. તો શા માટે એણે હિંસક પ્રવૃત્તિ આરંભસમારંભ આદર્યો ? એટલે એવો છળ આમાં કામ આવે એવું નથી. એને જરૂરત લાગે ત્યાં ક્યાંય વિચાર કરતો નથી. અને અહીંયાં આ પ્રકારે જે આગ્રહ રાખે છે એને મતાગ્રહ કહેવામાં આવે છે તે, એને કદાગ્રહ કહેવામાં આવે છે. એ મતાગ્રહ અને કદાગ્રહથી જીવ રખડ્યો છે. બીજું કાંઈ નથી થયું પણ જીવ એનાથી જ રખડ્યો છે.

**'કોઈ પ્રગટ કારણને અવલંબી, વિચારી,...'** અત્યારે પણ છે ને ? સર્વજ્ઞ પરમાત્મા બિરાજમાન છે એના પ્રગટ કારણોમાં એમની વાણી રહી છે, એમના મંદિરો રહ્યા છે. સર્વજ્ઞ થયા એ ખાતરી થાય એવા પ્રગટ કારણો રહ્યા છે. જે **'પરોક્ષ ચાલ્યા આવતા સર્વજ્ઞ પુરુષને...'** પરોક્ષ છે. સર્વજ્ઞ પરમાત્મા સામે ન હોય. પણ એ **'સર્વજ્ઞ પુરુષને માત્ર સમ્યગ્દષ્ટિપણે પણ ઓળખાય તો તેનું મહત્ ફળ છે;...'** ઓહો...! આવો ન્યાય છે ! આવા એમના શાસ્ત્રો છે ! આવી એમની વાણી છે ! આવી વાતો છે એની અંદર ! સર્વજ્ઞ સિવાય આ કોઈ કહી શકે નહિ. એવું જો કાંઈ ઓળખાય અને એમાં માર્ગ સમ્યગ્દષ્ટિપણે એટલે માર્ગ આ રીતે છે એમ ઓળખાય તો તેનું બહુ મોટું ફળ છે. એટલે એનું ફળ નિર્વાણ જ છે. બહુ મોટું ફળ છે, મહત્ ફળ છે એટલે એનું ફળ નિર્વાણ છે.

મુમુક્ષુ :– ઓળખવાની રીત સાચી હોવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– ઓળખાય છે એ પછી સાચુ જ ઓળખાય છે ત્યારે એનું ફળ નિર્વાણ છે. પણ વર્તમાન જે અવશેષો રહ્યા, એ અવશેષો ઉપરથી પરોક્ષ સર્વજ્ઞપણું નહિ, પરોક્ષ ચાલ્યા આવતા સર્વજ્ઞપુરુષને સર્વજ્ઞ તરીકે નહિ, પણ સમ્યગ્દષ્ટિપણે પણ જો ઓળખાય તો તેનું ફળ બહુ મોટું છે. એમ લીધું. એમાં શું કહેવું છે ? કે કેવળજ્ઞાનને સમજવું એ બહુ અઘરી વાત છે. કેવળજ્ઞાનને સમજવું એ અઘરી વાત

છે, પણ કેવળજ્ઞાનથી પ્રદર્શિત થયો જે માર્ગ એમાં સમ્યગ્દષ્ટિપણું છે, સમ્યક્પણું છે. એ સમ્યક્પણું જો ઓળખાય તો પણ સર્વજ્ઞને સર્વજ્ઞ જાણવાનું બહુ મોટું ફળ છે એમ કહે છે. અને એમ ન થાય તો, એમ ન હોય તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કાંઈ આત્મા સંબંધી ફળ નથી, એમ અનુભવમાં આવે છે. તો પછી ણમો અરિહંતાણં ગમે તેટલું કરે નહિ. આત્મા સંબંધી એનું કોઈ ફળ નથી.

ફરીને લઈએ ઇ. '**કોઈ પ્રગટ કારણને અવલંબી,...**' શું છે ? એ પ્રગટ કારણમાં બે જ વાત છે. એક તો વાણી છે અને એક સર્વજ્ઞ ભગવાન છે. સર્વજ્ઞને, હોં ! સર્વજ્ઞનું અનુમાન કરવા માટે કે કોઈ સર્વજ્ઞ થઈ ગયા લાગે છે. એના માટે ભગવાનની પ્રતિમાજી છે અને બીજી છે એ વાણી છે. શાસ્ત્રારૂઢ થઈ ગયેલી જે વાણી છે એના ઉપરથી એમ લાગે કે નક્કી આ સર્વજ્ઞની પરંપરા વિના આવી વાત ક્યાંય હોય નહિ. તો એવા '**કારણને અવલંબી, વિચારી, પરોક્ષ ચાલ્યા આવતા સર્વજ્ઞ પુરુષને...**'

મુમુક્ષુ :– પ્રતિમામાં બાહ્ય દેખાવ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. બાહ્ય દેખાવ. બિલકુલ જેવા સર્વજ્ઞ. વાણી સિવાય. બાકીનું બધું છે. જિનપ્રતિમા જિનસારખી. 'બનારસીદાસજી'એ પદ જ્યારે ગાયું છે. જિનપ્રતિમા જિનસારખી. મને યાદ નથી કયું પદ છે, એ નંબર. પણ 'અલ્પ સ્થિતિ ભવ કી રહિ જાકી' આ વાત નાખી છે એમણે આ જગ્યાએ. કે જેની ભવની સ્થિતિ હવે અલ્પ રહી ગઈ છે. એવા આ જીવને જિનપ્રતિમા જિનસારખી એમ દેખાય છે. પરોક્ષ સર્વજ્ઞનો એ નિર્ણય કરાવે એવી આ એક બહુ મોટી વાત છે. સર્વજ્ઞ પ્રતિમા.

અને એક એમની વાણી. એ વાણી ભલે અક્ષરાત્મક હોય છે શાસ્ત્રમાં, પરોક્ષ છે એટલે અક્ષરાત્મક શાસ્ત્રથી પ્રાપ્ત થાય છે પણ સમ્યક્પણું શું છે એ ત્યાંથી સૂઝે છે, ત્યાંથી ભાસે છે અને ત્યારે સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કાંઈક ફળ છે. ભલે હજી કેવળજ્ઞાનનું ભાસ્યમાનપણું ન થયું હોય. પણ સમ્યક્પણું જો ભાસ્યમાન થયું હોય તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કાંઈક ફળ છે. નહિતર સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું આત્મપ્રત્યયી ફળ કાંઈ નથી. જરાય નથી. એ જરા વિષય ઊંડો લીધો છે. આ જગ્યાએ વિષય થોડો ઊંડો લીધો છે.

કોઈ જીવ, અનાદિથી જે અજાણ્યો છે એવો કોઈ જીવ. આમ તો જે વર્તમાનમાં અજ્ઞાની છે એ તો બધા અનાદિથી અજાણ્યા છે એવા કોઈ જીવને. સત્શાસ્ત્રનું અધ્યયન

કરતાં, અવગાહન કરતાં, અવગાહન એટલે ઊંડું સંશોધનપૂર્વક જે અધ્યયન થાય છે એને અવગાહન કહે છે, એ કરતાં એને સમ્યક્પણું શું છે ? આ વાણીમાં સમ્યક્પણું શું છે ? ચારે કોરથી નિર્દોષતાને પ્રતિપાદિત કરતી આ વાણી, સર્વાંગ સુંદર માર્ગ, સમ્યગ્દષ્ટિપણું એટલે માર્ગની પ્રતીતિ આવે છે અહીંયાં. ભલે કેવળજ્ઞાનનું સ્વરૂપ પછી સમજાશે. કેમ કે એ તો અચિંત્ય છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ તો અચિંત્ય છે. પણ જો કોઈ પ્રગટ કારણને લીધે, કોઈ પ્રગટ કારણને અવલંબને સર્વજ્ઞ પુરુષને પણ માત્ર સમ્યગ્દષ્ટિપણે ઓળખાય કે કહેનાર જે પરમાત્મા જેની વાણી ચાલે છે, જેનો માર્ગ ચાલે છે, જૈનમાર્ગ કહેવાય છે એ જૈન પરમેશ્વરના સંપ્રદાયમાં આ વાત છે. એનું સમ્યક્પણું ઓળખાય તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહ્યું એનું ફળ બહુ મોટું છે. નિર્વાણ છે, મોટું એટલે. અને નહિતર સર્વજ્ઞને સર્વજ્ઞ તરીકે ગમે તેટલો ભજે એનું કાંઈ ફળ નથી. એમ કહેવા માગે છે. એવો એક પ્રકાર બને છે.

આ જે વાત કરી છે એવો એક પ્રકાર કોઈ જીવને પ્રવેશના કાળે બને છે. જ્યારે પ્રવેશ કરે છે ત્યારે આ એક પ્રકાર આવે છે એમ કહે છે. તો એને બહુ મોટું ફળ છે. એ માર્ગમાં પ્રવેશસે, એ માર્ગને પ્રાપ્ત કરશે અને એ નિર્વાણને પ્રાપ્ત કરશે. બાકી બધા ઓઘે ઓઘે ગમે તેટલા ચાલે એનું કાંઈ ફળ નથી.

મુમુક્ષુ :- ... જેની અલ્પ સ્થિતિ બાકી છે તે જ આ વાત પ્રમાણ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- તે જ પ્રમાણ કરે છે. જેની અલ્પસ્થિતિ જેના ભવની બાકી છે તે આને પ્રમાણ કરે છે. તે અરિહંત પ્રતિમાને, સર્વજ્ઞ પ્રતિમાને પ્રમાણ કરે છે અને તે જિનપ્રતિમા જિનસારખી એવું પ્રમાણ કરે છે. 'બનારસીદાસજી'નું એમ કહેવું છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષવત્ સ્વીકાર કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષવત્ સ્વીકાર કરે છે.

'ગુરુદેવ'ને પેટી જોઈને ભક્તિના આંસુ આવ્યા તો એ તો એક બાહ્ય લક્ષણ છે. 'સીમંધર' ભગવાનની 'જયપુર'થી આવેલી પેટી ખોલી. પહેલુંવહેલું મંદિર થયું 'સોનગઢ'નું ત્યારે. અને ભક્તિના અશ્રુ આવ્યા. ભાઈ વાત કરે છે. પ્રસિદ્ધ વાત છે આ તો. બધા જાણે છે. છપાયેલી વાત છે. એ તો હતા. એ તો ત્યાં જ હતા ને એ પહેલેથી. ભાવ કેવા હશે એ વિચારવા જેવો વિષય છે. ઓલી તો બહારની વાત છે. અંદરના ભાવને વિચારવા જેવા છે. કે એમણે એ વખતે ત્યાં જિનપ્રતિમા

જિનસારખી જોયું છે. જે 'બનારસીદાસે' કહ્યું એ વાત પ્રમાણ કરી છે ત્યાં. એમણે પ્રતિમા નથી જોયા પણ સાક્ષાત્ પરમેશ્વરને જોયા છે. એ વાત જે છે એ ભાવને જો માપી શકાય કોઈ રીતે તો એનું ફળ મોટું છે. કારણ કે સમ્યગ્દષ્ટિપણામાં એ ભાવ છે. એ ભાવ તો સમ્યગ્દષ્ટિપણામાં છે. એટલે એટલું પણ જો માપી શકાય તો એનું ફળ બહુ મોટું છે. નહિતર સર્વજ્ઞને સર્વજ્ઞ તરીકે કહેવાનું કાંઈ ફળ નથી. એ બહુ સરસ વાત લીધી છે. ન્યાય ઘણો સારો લીધો છે. ભાષા મર્યાદિત છે પણ બહુ સારી વાત લીધી છે.

મુમુક્ષુ :- ટુંકી ભાષામાં ઘણું લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વાત આવી છે.

મુમુક્ષુ :- ચર્ચા ચાલેલીને ભગવાનના ખોળામાં આવી ગયા..

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'પૂજ્ય બહેનશ્રી'ની વાત કરે છે, કે એમનું જે રહેણાંક હતું એ 'પોરબંદર'વાળાના મકાનથી આશ્રમમાં થયું. શેઠે આશ્રમ બાંધીને આપ્યો ત્યારે એટલો હર્ષ થયો કે અરે..! અમે તો ભગવાનના ખોળામાં આવી ગયા છીએ. જાણે ખોળામાં બેસી ગયા. અને ખરેખર જે ક્ષેત્રની નજીકતા છે એ તો એના અનુભવથી જ નક્કી થાય એવી વાત છે. માટે ક્ષેત્રથી કોઈ નજીક આવતું હોય તો એની વિરાધના કરવા જેવું નથી. જ્ઞાનીઓની આ લાગણી છે. આ માર્ગ છે. માર્ગ વિરુદ્ધતા થઈ જશે, દેવ-ગુરુ-શાસ્ત્રની વિરુદ્ધતા થઈ જશે. એવો નજીકતાનો બહુ મોટો પ્રકારમાં ફેર છે. એનો હિસાબ-કિતાબ સ્થાનકવાસીઓ ન માંડી શક્યા. બીજા ન માંડી શકે તો સ્થાનકવાસી અને એનામાં કાંઈ ફેર નથી. સીધા જાય, અન્યમતિમાં ચાલ્યા જાય. એવી પરિસ્થિતિ થઈ જાય છે. એટલે એ પરમ આદર કરવા યોગ્ય છે, સંમત કરવા યોગ્ય છે, સ્વીકારવા યોગ્ય છે. પોતાએ અર્પણતા કરવા યોગ્ય છે એવા વિષયમાં. શેઠે અર્પણતા કરી. પોતે 'કલકત્તા' રહ્યા. અહીંયાં ન રહી શક્યા. એણે અર્પણતા કરી કે આપ રહો. ભગવાનની સમીપ આપ રહો. અમે નથી રહી શકતા પણ આપ તો રહો. અને હર્ષ થયો છે. ધર્માત્માને ધર્મના નિમિત્તે એની ચિત્ત પ્રસન્નતા થાય એ પણ બહુ મોટી વાત છે. એ પણ એક ન્યાયે આત્માને પ્રસન્ન કરવા જેવી વાત છે.

શું કહે છે ? કે **'પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ...'** પહેલા પરોક્ષની વાત લીધી. હવે પ્રત્યક્ષની વાત લે છે. કે **'પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરુષને પણ કોઈ કારણે, વિચારે, અવલંબને**

**સમ્યગ્દષ્ટિસ્વરૂપપણે પણ ન જાણ્યા હોય તો તેનું આત્મપ્રત્યયી ફળ નથી.**' સર્વજ્ઞ તરીકે ઓળખવું બહુ કઠણ વાત છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ ભાસવું એ અઘરી વાત છે. પણ સમ્યગ્દષ્ટિપણે પણ જો ન જાણ્યા હોય તો તેનું આત્મપ્રત્યયી કાંઈ ફળ નથી.

**'પરમાર્થથી તેની સેવા-અસેવાથી જીવને કંઈ જાતિ (     )-ભેદ થતો નથી.'** પરમાર્થથી એટલે વાસ્તવિકપણે. નિશ્ચયપણે જોવામાં આવે તો એ સાક્ષાત્ સર્વજ્ઞની સેવા કરે કે સેવા ન કરે. બંને સરખા છે. કેમ કે એને ઓળખાણ નથી. સર્વજ્ઞપણે તો એની ઓળખાણ નથી પણ સમ્યગ્દષ્ટિપણે પણ એની ઓળખાણ નથી. અહીં તો કહે છે કે એટલી તો ઓળખાણ કર. તારું ગજુ સર્વજ્ઞપણે ઓળખવાનું ન હોય તો કાંઈ નહિ, પણ સમ્યગ્દષ્ટિપણે ઓળખવા જેટલી તો તારામાં કોઈ પરિસ્થિતિ હોવી ઘટે છે. નહિતર તો તું પૂજા, સેવા કર કે ન કર કાંઈ જાતિભેદ નથી. એક જ જાતના પરિણામ છે. પૂજા કરનારના અને પૂજા નહિ કરનારના બંનેના પરિણામની જાતિ એક છે. જાતિભેદ એમાં પડતો નથી.

મુમુક્ષુ :– ...સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનમાં હોય, એમને ઓળખવા એ એમને બાહ્ય કારણથી નથી ઓળખી શકાતા. આમને તો ઓળખી શકાય છે. આ વાત એમાંથી નીકળે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આમને ઓળખી શકાય છે. બરાબર છે. એમ જ છે. કેમ કે સર્વજ્ઞ પરમાત્મા અરિહંતપદે બિરાજમાન એવા નિર્દોષપણે પોતાના સ્વરૂપમાં સ્થિત છે કે એમને સમજવા કાંઈક સહેલા છે. જ્યારે ગૃહસ્થદશામાં રહેલા 'શ્રીમદ્જી' જેવા કોઈ મહાપુરુષ હોય તો પણ એ ઓળખી ન શકાય, એમને ઓળખવા એ બહુ કઠણ વાત છે, બહુ અઘરી વાત છે. એ તો છે જ.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' ત્યાગી જેવા ત્યાગી હતા તો પણ

પૂજ્ય ભાઈશ્રી :– તો પણ લોકો નથી ઓળખી શક્યા. શ્વેતાંબર-સ્થાનકવાસી તો ન ઓળખે. દિગંબરો ન ઓળખી શક્યા. આ પંચમકાળની વિશેષતા છે. આવી ખુલ્લી વાત, ચોખ્ખી વાત, ચારે પડખેથી સ્પષ્ટ કરેલી વાત અને એમના શાસ્ત્રોમાંથી ચીંધી ચીંધીને કરેલી વાત. છતાં એ લોકો ન ઓળખી શક્યા. એનું નામ મૂંઢપણું છે. એનું નામ પંચમ કાળ છે.

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિ અને સર્વજ્ઞ ભગવાનની એક સરખામણી કરેલી, સમ્યગ્દૃષ્ટિપણાને ઓળખે....

પૂજ્ય ભાઈશ્રી :– હા. સર્વજ્ઞને ઓળખી લે. એ તો છે જ ને. સામે-સામું જ છે એ તો. જો સર્વજ્ઞને સમ્યગ્દૃષ્ટિપણે ઓળખે તો નિર્વાણ થાય. એમ સમ્યગ્દૃષ્ટિને ઓળખે તો એને એમાં એમને પરમાત્માના દર્શન થયા વિના રહે નહિ. એના હૃદયમાં બિરાજમાન જે પરમાત્મા છે એ ઓળખાયા વિના રહે નહિ. એને સર્વજ્ઞ ઓળખાય. સમ્યગ્દૃષ્ટિપણું ઓળખાય એટલે સર્વજ્ઞ પણ ઓળખાય જશે. અને એકવાર ઓળખે, અનંત કાળમાં એક વાર પણ ઓળખે (તો) છૂટકો થઈ જાય. પરિભ્રમણમાંથી, ભવભ્રમણમાંથી એનો છૂટકો થાય, થાય ને થાય જ. એક વાર ઓળખવાની વાત છે. ગમે તેમ કરીને પણ એક વાર ઓળખ. આમ વાત છે, લ્યો. એક વાર ઓળખી લે. તે ઓળખાણની છાપ જે તારા ઉપર, જ્ઞાન ઉપર પડશે એને અહીંયાં સંસ્કાર કહે છે. ભૂંસાશે નહિ. એ સત્‌ના સંસ્કાર છે, કદી જાશે નહિ.

મુમુક્ષુ :– મરીને પણ તત્ત્વનો કૌતૂહલી થા.

પૂજ્ય ભાઈશ્રી :– કૌતૂહલી થા, મરીને પણ, ગમે તેમ કરીને. 'कथमपि मृतवा कौतहलि सन।'

મુમુક્ષુ :– આચાર્યદેવના વચન છે..

પૂજ્ય ભાઈશ્રી :– હા 'અમૃતચંદ્રાચાર્યદેવ'.

**'માટે તે કંઈ સફળ કારણરૂપે જ્ઞાનીપુરુષે સ્વીકારી નથી,...'** માટે એવી પૂજા-ભક્તિને કોઈ સફળ કારણરૂપે જ્ઞાનીએ સ્વીકારી નથી. **'એમ જણાય છે. ઘણા પ્રત્યક્ષ વર્તમાનો પરથી એમ પ્રગટ જણાય છે કે આ કાળ તે વિષમ કે દુષમ અથવા કલિયુગ છે.'** એવા પ્રસંગો અત્યારે બની રહ્યા છે. એમાં પણ ખાસ કરીને જે જીવની અસરળતા છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની વિરૂદ્ધતા છે, સત્પુરુષની પ્રત્યેની વિરાધના છે એ આદિ પ્રકાર એવા બની રહ્યા છે. સત્શાસ્ત્રોના, શાસ્ત્રોને બાળી નાખે. પ્રતિમાજીનો વિરોધ કરે. એ બધા જે પ્રકાર છે એ જોઈને એમ કહે છે કે એ બધા પ્રત્યક્ષ કારણો છે કે જેને લઈને આ કાળને વિષમકાળ અથવા દુષમકાળ કહેવામાં આવે છે. જરા વિશેષ છે એ વાત....

## પત્રાંક-૫૦૫

ૐ

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !!

હે જીવ ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહીં તો રત્ન ચિંતામણી જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ૯-૯-૧૯૯૦, પત્રાંક – ૫૦૫
પ્રવચન નં. ૨૦૬

શ્રી વીતરાગદેવ જિનેન્દ્ર પરમાત્મા કેવળજ્ઞાનમાં અને સંપૂર્ણ વીતરાગદશામાં જે ધર્મનું પ્રતિપાદન કર્યું. કેવળજ્ઞાનમાં એટલે કેવળજ્ઞાન સહિતપણામાં અને વીતરાગતા સહિત ધર્મનું પ્રતિપાદન કર્યું છે. એ **'ધર્મ પૂર્ણ સત્ય છે.'** એ ધર્મમાં કોઈ ક્ષતિ નથી. એ ધર્મની અંદર કોઈ અપૂર્ણતા નથી, કોઈ વિરુદ્ધતા નથી. સંપૂર્ણ ચારે પડખેથી

એ પરિપૂર્ણ સત્ય છે **'એવો નિશ્ચય રાખવો.'** એવો નિશ્ચય રાખવો, એવી શ્રદ્ધા રાખવી. એવી શ્રદ્ધા વિના સત્ય-અસત્ય તોળવાનો કાંટો છદ્મસ્થ જીવ પાસે અથવા અનાદિના સત્યથી અજાણ એવા જીવ પાસે કોઈ કાંટો જ નથી.

પરિપૂર્ણ નિર્દોષતા એ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. એના લક્ષે મારે જે કાંઈ સમજવું છે તે સમજવું છે. મારા જ્ઞાનપ્રાપ્તિનું હેતુ, આ સિવાય બીજો કોઈ હેતુ નહિ. આવા હેતુથી જો જીવ સમજવાનો પ્રયત્ન કરે તો કથન તો કહેનારની પ્રમાણિકતા એને સંમત કરવી. અને શા માટે એ કહેનારની પ્રમાણિકતા છે ? કહેનાર શા માટે પ્રમાણિત છે ? એ પણ એને વિચારવું. કહેનાર શા માટે પ્રમાણિત છે ? કે એનામાં કોઈ અજાણપણારૂપ અજ્ઞાન નથી. સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ છે.

વળી, કોઈ પ્રકારના રાગ-દ્વેષ-મોહનો કોઈ અંશ નહિ રહ્યો હોવાથી, વીતરાગનો અર્થ એ છે, કિંચિત્ માત્ર રાગ, કિંચિત્ માત્ર દ્વેષ કે કિંચિત્ માત્ર મોહ નહિ રહેલો હોવાથી તેમના પદાર્થના જાણવા વિષે પણ કોઈ પણ પ્રકારના રાગ-દ્વેષ-મોહનું આવરણ હોતું નથી. કે અયથાર્થપણું થતું નથી. એ જે કહે છે એ રાગ વિના, દ્વેષ વિના, મોહ વિના યથાર્થ કહે છે. આ વીતરાગદશાની અને સર્વજ્ઞદશાની પ્રમાણિકતાનો સ્વીકાર કરીને એમના કહેલા ધર્મનું પ્રતિપાદન સંપૂર્ણ સત્ય પ્રતિપાદન છે. એમણે જે ધર્મ કહ્યો તેથી બીજું કાંઈ પણ જો વિચારવામાં આવે, બીજો માર્ગ વિચારવામાં આવે તો એ માર્ગ કોઈ જિનેન્દ્રની આજ્ઞાથી વિરૂદ્ધ અથવા અન્યથા નવો ચીલો ચાતરવાનું થાય છે. પોતે એના જેટલો જ્ઞાનમાં કે વીતરાગતામાં નહિ હોવાથી ભૂલ પોતાની છે, વીતરાગની ભૂલ નથી, સર્વજ્ઞની ભૂલ નથી. એમ સમજીને એણે પાછા વળી જવા જેવું છે.

મુમુક્ષુ :– આમાં દાખલ થતાં પહેલા નિર્ણય કરવો પડશે.

પૂજ્ય ભાઈશ્રી :– આ નિર્ણય પહેલો કરવો પડશે. દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય પહેલો કરવાનો હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો જેને યથાર્થ નિર્ણય નથી એને તત્ત્વનો યથાર્થ નિર્ણય થાય નહિ. એટલે જેને તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ કરવો હોય, તત્ત્વજ્ઞાનમાં માથું મારવું હોય, મોક્ષમાર્ગમાં જેને આવવું હોય એના કહેનાર દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા છે ? એ વીતરાગી અને સર્વજ્ઞ છે કે નહિ ? એ પ્રમાણે હોય તો જ એ માન્ય કરી શકાય નહિતર બીજાનું કથન માન્ય કરી શકાય નહિ.

જગતમાં અનેક ધર્મ મતો છે. અને અનેક ધર્મ મતો અનેક વાતો કરે છે એમાં બહુભાગ વાતો ખરાબ નથી. ધર્મના ક્ષેત્રમાં તો ખરાબ વાત ચાલે જ નહિ. એટલે વાતો સારી સારી ઘણા કરે છે, ભિન્ન ભિન્ન પ્રકારની સારી વાતો કરે છે. હવે ક્યું સાચું ? ક્યું ખોટું ? કેવી રીતે એને ખોટું માનવું ? સાચું માનવું ? આનું ધોરણ શું ? આવો નિર્ણય કરવાનું ધોરણ શું ? ત્યારે અહીંયાં 'કૃપાળુદેવ' એ વાત સ્થાપિત કરે છે, સિદ્ધ કરે છે.

**'વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો.'** જીવ તત્ત્વજ્ઞાનની અંદર તો બુદ્ધિનો પ્રવેશ કરે અને દેવ-ગુરુ-શાસ્ત્રના વિષયમાં જો બુદ્ધિનો પ્રવેશ ન કરે તો અવશ્ય તત્ત્વજ્ઞાનની અંદર એની ભૂલ થવાની, થવાની અને થવાની. કેમ કે તત્ત્વજ્ઞાનના વિષય કરતાં દેવ-ગુરુ–શાસ્ત્રનો વિષય સ્થૂળ છે. અને એ સ્થૂળ વિષયમાં વિપર્યાસ હોય તો તત્ત્વજ્ઞાનના સૂક્ષ્મ વિષયમાં અવશ્ય અવશ્ય વિપર્યાસ થાય, થાય ને થાય જ. થયા વગર રહે નહિ. એટલે આ એક બહુ જ ઓછી બુદ્ધિમાં પણ, ઓછા ઉઘાડમાં પણ અને ઘણા ધર્મોનું બહુ વાંચન-વિચાર કર્યા વિના પણ આ એક નિર્ણય ઉપર બહુ સહેલાઈથી આવી શકાય છે. કે કોની વાત માનવી ?

૧૫ મા વર્ષે એમણે કાવ્ય લખ્યું એમાં એ વાત લખી કે, **'નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું.'** માન્ય-અમાન્ય કરવાનો જ્યાં પ્રશ્ન ઊભો થાય ત્યાં નિર્દોષતા પ્રત્યે પોતે વળવું, નિર્દોષતા સાથે સંમત થવું. નિર્દોષ પુરુષ સાથે એણે માન્યતા રાખવી. આ વાત તો જેને નિર્દોષ થવું છે એને માટે બહુ સુગમતાથી, સરળતાથી સમજી શકાય એવી વાત છે. માટે ક્યા ધર્મમાં માનવું અને ક્યા ધર્મમાં ન માનવું, એનો નિર્ણય કરવામાં કોઈ મોટી તકલીફ પડે એવું નથી. કોઈ એવી મોટી તકલીફ પડે એવું નથી.

કેમ કે તારે તો નિર્દોષ થવું છે, દોષ ટાળવા છે. તો કહેનાર જે છે એ નિર્દોષ વીતરાગ સર્વજ્ઞ છે કે કેમ ? કે કહેનાર કોઈ દેવ છે એ દોષિત છે. રાગ-દ્વેષવાળા જ છે. જગતમાં ઈશ્વરકર્તાને નામે બહુ મોટી સંખ્યા મનુષ્યની છે. જૈનોની સંખ્યા ઓછી છે. એ બધામાં ઈશ્વરને રાગ છે માટે એ કરે છે અથવા દ્વેષ છે માટે કરે છે એ વાત તો સરળતાથી સમજી શકાય એવું છે. એ કોઈને નુકસાન કરે છે. ભલે

એ ખરાબ કરનારા પ્રત્યે નુકસાન કરે છે. અને સારું કરનારા પ્રત્યે એને એ મદદ કરે છે. એમાં રાગ અને દ્વેષ એને પોતાને નથી એ વાત તો આવતી નથી. જ્યારે આ એક જ સંપ્રદાય એવો છે, આ એક જ ધર્મ એવો છે કે જેના કહેનારા વીતરાગ છે, જેને કિંચિત્‌માત્ર રાગ નથી, કિંચિત્‌માત્ર દ્વેષ નથી, કિંચિત્‌માત્ર મોહ નથી. માટે તેમણે કહેલો જે ધર્મ છે, તેમણે પ્રતિપાદિત કરેલો ધર્મ છે એ સંપૂર્ણ સત્ય છે. એનો વિશ્વાસ આવી શકે છે, એનો વિશ્વાસ થઈ શકે છે. એ વાત પોતે કરે છે.

મુમુક્ષુ :– અન્ય સંપ્રદાયમાં તો ભેદ છાંટવા મુશ્કેલી નથી પડતી પણ જૈનમાં જે જુદાં જુદાં પ્રકાર બનેલા છે, 'મહાવીર'ના નામે ચાલતા હોય, 'ગુરુદેવ'ના નામે ચાલતા હોય, એ રીતે જે જુદાં જુદાં છે આમાં છાંટવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં પણ દોષ અને નિર્દોષતાની વહેંચણી કરતા આવડે તો બહુ સહેલું છે. વહેંચણી શેમાં કરવાની છે ? કે નિર્દોષતા આ બાજુ છે ? કે દોષિતપણું આ બાજુ છે ? એ તો સહેલાઈથી સમજી શકાય એવો વિષય હોય છે. દોષ કાંઈ અછાનો રહે એવી ચીજ તો છે નહિ. દોષ અને નિર્દોષતા. એટલે એમ કહ્યું કે મારા ભગવાન અત્યારે બિરાજમાન નથી. પણ ભગવાનના નામે 'મહાવીર' ભગવાનના નામે અન્ય સંપ્રદાય ચાલે છે તો એની વ્યવહાર દોષ-નિર્દોષતા અને નિશ્ચય દોષ-નિર્દોષતા, બસ. સમજી શકાય એવી વાત છે. નિશ્ચયનું પ્રકરણ તો દિગંબર સિવાય ક્યાંય જોવા મળતું નથી. એ પ્રકારે અધ્યાત્મનું નિશ્ચય પ્રકરણ છે એ તો જોવા મળતું નથી. અને વ્યવહારમાં પણ ઉત્કૃષ્ટ ત્યાગ દિગંબર જેટલો જોવા મળતો નથી.

જો પર પદાર્થના ગ્રહણમાં પણ ગુણ હોય તો ભોગ-ઉપભોગ, શૃંગાર એ બધામાં ગુણ વધી જવો જોઈએ પણ જે પરપદાર્થ આશ્રિત પરિણામમાં દોષ થાય છે એ પરપદાર્થનો ત્યાં ત્યાગ પ્રત્યક્ષ જોવામાં આવે છે. પછી એનો નિશ્ચય તપાસવો રહે છે. પણ પ્રથમ તો એમ નક્કી કરવું પડે કે એના ગ્રહણ-ત્યાગમાં નિર્દોષતા કેટલી છે ? ખાણી, પીણી, રહેણી, કરણી બાહ્ય જીવન ઉપરથી પણ દોષ-નિર્દોષતા તો માપી જ શકાય છે. એટલે જે સંપ્રદાય ... શકે એવું છે. અને 'ગુરુદેવ' ના સંપ્રદાયમાં પણ ફેરફાર થયો, એ તો જ્ઞાની અને અજ્ઞાની એમ બે ફાંટા પડેલા છે. એક બાજુ જ્ઞાની રહ્યા છે, એક બાજુ જ્ઞાની નથી રહ્યા. આ તો સ્થૂળ બુદ્ધિનો વિષય છે કે

કઈ બાજુ માણસે રહેવું જોઈએ. જ્ઞાનીના પક્ષમાં રહેવું જોઈએ કે અજ્ઞાનીના પક્ષમાં રહેવું જોઈએ ? એટલી પણ જો વિચારશક્તિ ન હોય તો એને આત્મહિત કરવું છે, આત્મકલ્યાણ કરવું એ વાત માંડી વાળવી જોઈએ. આ સીધી-સાદી સમજાય એવી વાત છે. એટલે કહેનાર પુરુષથી જો નક્કી કરવું હોય કે કોનું અનુસરણ કરવું ? તો જ્ઞાની છે એ નિર્દોષતા છે, વીતરાગો છે. એનું અનુસરણ કરાય. દોષિત હોય, દોષ કરનારા હોય એનું અનુસરણ ન કરાય. આ વાત તો સ્થૂળબુદ્ધિથી પણ સમજી શકાય એવી છે.

મુમુક્ષુ :– તમારે ધર્મનો પ્રચાર નથી કરવો ?

પૂજ્ય ભાઈશ્રી :– ધર્મ હોય તો પછી ધર્મનો પ્રચાર કરે ને ! ધર્મ જ ન હોય તો ધર્મનો પ્રચાર થાય કે અધર્મનો થાય ? કોનો થાય ? જ્યાં ધર્મી નથી અને જ્યાં ધર્મ નથી ત્યાં પ્રચાર કોનો ? એ બધો પ્રચાર નથી હોતો. એમાં વેપાર હોય છો પ્રચાર હોતો નથી. પ્રચારના અંચળા નીચે એક વેપાર ચાલતો હોય છે અને એ વેપાર અછાનો રહેતો નથી.

**‘વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો.’** હવે જુઓ ! તમે તો તર્ક નથી લડાવ્યો. એક તર્ક બીજો છે એની અંદર. બરાબર છે અમને તો એ જ માન્ય છે. અમે તો ‘કૃપાળુદેવ’ને જ માનીએ છીએ. એવો એક વર્ગ છે. બીજા કોઈને ન સ્વીકારે. અને એમણે આ વાત કહી છે. એટલે એમની વાત પણ અમને માન્ય છે. છતાં પણ અમે વિપશ્યના ધ્યાન શિબિરમાં જઈએ છીએ. ક્યાંનો ફાંટો છે ? કે બૌદ્ધનો ફાંટો છે. તો પછી ખોટો છે આ. બધા ધર્મની થોડી થોડી વાતો તો ‘કૃપાળુદેવે’ લીધી જ છે. વેદાંતના પણ ઉદ્ધરણ લીધા છે. ઉદ્ધરણ તો અનેક લોકોના લીધા છે. એમને એ માન્ય હતું. કેમ કે પોતાને માન્ય કરવું છે. આમ ભૂલ થાય છે. કેવી રીતે ભૂલ થાય છે ? કે કોઈ બીજી રીતે ધ્યાન કરવામાં ચડી જાય છે, કોઈ બીજા માર્ગે ચડી જાય છે.

અથવા વીતરાગના જ કહેલા શાસ્ત્રો અને વચનોમાંથી ક્રમભંગપણું પ્રાપ્ત કરીને અક્રમે માર્ગ સાધવા લાગી જાય છે એ પણ આ વિષયની અંદર બીજી સંભવિત ભૂલ થાય છે, કે ચાલો વીતરાગ સિવાય, સનાતન દર્શન સિવાય અમે કાંઈ સ્વીકારતા નથી. પણ હવે એમાં આવ્યા પછી કેમ ? કે એમાં આવ્યા પછી આવી ભૂલો થાય

છે. એ ભૂલ થવાના કારણોમાં ઓઘસંજ્ઞા, લોકસંજ્ઞા અને અસત્સંગ આ ત્રણ કારણને લઈને એ પ્રકારની તત્ત્વજ્ઞાનના વિષયમાં પછી ભૂલો ઊભી થાય છે અને એને લઈને પણ જીવને પરિભ્રમણ ન કરવું જોઈએ એ જે સ્થિતિ પ્રારંભમાં ઉભી થાય છે, એ સ્થિતિથી જીવ વંચિત રહેતો હોવાથી પરિભ્રમણ ચાલુ ને ચાલુ રહી જાય છે.

મુમુક્ષુ :– આ ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા ઉત્પન્ન થવા માટે કયું કારણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એવું છે કે પરસ્પર કોઈને કોઈ વખત આ કારણ હોય છે કોઈને આ કારણ હોય છે, કોઈને આ કારણ હોય છે. જો નિર્ણય કરવો હોય તો, એ બાબતનો જે નિર્ણય કરવો હોય તો પોતે પોતામાં કઈ સંજ્ઞાએ વર્તે છે ? અને શા કારણે વર્તે છે ? એનું સંશોધન પોતાની અંદર કરવું પડે.. કે મને ઓઘસંજ્ઞા વર્તે છે તો શું કારણ છે ? મને લોકસંજ્ઞા વર્તે છે તો શું કારણ છે ? મને અસત્સંગ વર્તે છે તો શું કારણ છે ? કોઈ વખત તો લોકસંજ્ઞાને ખાતર અસત્સંગમાં રહે જીવ. શેના ખાતર રહે ? લોકસંજ્ઞાને કારણે અસત્સંગ છે. કોઈ વખત અસત્સંગ સેવતો હોય એને લઈને લોકસંજ્ઞા વધી જાય. ભિન્ન ભિન્ન જીવોની યોગ્યતામાં પોતાને શું પ્રકાર ભજે છે ? થઈ રહ્યો છે એનું અવલોકન કરીને એણે એનું નિવર્તન કરવું જોઈએ. એ દોષ નહિ વર્તાવો જોઈએ.

મુમુક્ષુ :– એક લીટીમાં તો બધો ફેંસલો કરી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :– **'એવો નિશ્ચય રાખવો.'** એમ કહીને એમ કહ્યું કે તું વિચલિત થઈશ નહિ. એ શ્રદ્ધામાંથી, એ જ્ઞાનમાંથી તું વિચલિત થઈશ નહિ. તારા આચરણમાં ભૂલ થશે. જ્યાં સુધી પરિપૂર્ણ વીતરાગ નહિ થાય ત્યાં સુધી આચરણની અંદર દોષ ઉત્પન્ન થશે. પણ તારા શ્રદ્ધા-જ્ઞાનની અંદર ફેર પડ્યો તો ખોવાઈ જઈશ, તો પત્તો નહિ લાગે. આટલું વિચારવાનું છે.

મુમુક્ષુ :– આ નિર્ણય જ્યાં સુધી કરતા નથી ત્યાં સુધી સાચો નિર્ણય...

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં સુધી માર્ગ જ નથી. માર્ગ હાથ ન આવે. એટલે આ તો પાયાની વાત છે. કોને અનુસરવું એ પાયાની વાત છે. નહિતર ભૂલ શું કરશે ? આપણે અજૈન તો છીએ નહિ. મહાવીર ભગવાનનું નામ લઈને તો ચાલીએ છીએ બધા. તો એમ ચાલતું નથી. કારણ કે પોતે જ્યાં ઊભો છે ત્યાં જે ઉદય છે એ બધો વિવેક કરવો પડશે. જ્યાં ઊભો છે ત્યાં જે પ્રસંગ ઉત્પન્ન થાય ત્યાં બધો

વિવેક કરવો પડશે. જો કે એ બધા પ્રસંગો સ્થૂળ વિવેકના છે. પણ સ્થૂળ વિવેકમાં પણ વિપરીતતા કરે તો સૂક્ષ્મ વિવેક થવાની કોઈ પરિસ્થિતિ હોતી નથી. એટલે એને સ્વાભાવિકપણે તે નિર્દોષતા બાજુનું પોતાનું વલણ હોય તો ભૂલ ન થાય. નિર્દોષતા પ્રત્યેનું પોતાનું વલણ હોય તો સ્વાભાવિકપણે સ્થૂળ કે સૂક્ષ્મ ભૂલ ન થાય અને જો નિર્દોષતાનું ધ્યેય ન હોય તો ભૂલ થયા વિના રહે નહિ. અંતર-બાહ્ય આ નક્કી કરવાનું છે. અંતરમાં પોતાના પરિપૂર્ણ નિર્દોષતાનું ધ્યેય. બહારમાં નિર્દોષ હોય એ બાજુ ઢળવું, એ બાજુ વળવું, એનું વલણ પકડવું, બાકીની વાત છોડી દેવી. ગમે તેવી પરિસ્થિતિ ઊભી થાય, ગમે તે ભોગે, ગમે તે કારણે. બીજો વિચાર કરવાનો રહેતો નથી. બસ, આટલું જો એ વિચલિત થયા વિના રાખે તો માર્ગ ત્યારપછી આવવાનો, મળવાનો સંભવ છે નહિતર તો માર્ગ મળવાનો જ સંભવ નથી. આ બહુ સ્પષ્ટ પરિસ્થિતિ છે. એક સિદ્ધાંતમાંથી આવી ઘણી વાતો ઉપસ્થિત થાય છે અને તે સમજવા યોગ્ય છે.

**'જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.'** વારંવાર વિચારવું. ચિંતવનમાં, મનનમાં, વિચારમાં લેવું કે સંસાર રોગ મટાડવા માટે ઉપાદાનમાં પાત્રતા હોવી ઘટે, નિમિત્તમાં સત્પુરુષનો યોગ હોવો ઘટે. અસત્પુરુષના યોગે ત્રણ કાળમાં પ્રાપ્તિ નથી અને પાત્રતા વિના પણ ત્રણ કાળમાં પ્રાપ્તિ નથી. પાત્રતા આવ્યે અને ઉત્કૃષ્ટ પાત્રતા આવ્યે સત્પુરુષનો યોગ થવો એ કુદરત બંધાયેલી છે. એમાં કુદરત બંધાયેલી છે. પણ સત્પુરુષનો યોગ કુદરતે થયો હોય અને જો પાત્રતા ન હોય તો એ યોગ અયોગ બરાબર થઈ પડે છે અથવા એ યોગ નિષ્ફળ જાય છે. માટે પાત્રતા એ વિશેષ કારણ છે. સત્પુરુષનો યોગ નિમિત્તકારણ હોવાથી એ બીજા નંબરમાં જાય છે. પહેલો નંબર પાત્રતાનો છે.

મુમુક્ષુ :– ભૂતકાળમાં જીવ પાત્રતામાં આવ્યો હોય તો જ વર્તમાનમાં સત્પુરુષનો યોગ થયો હોય ?

પૂજ્ય ભાઈશ્રી :– ના એવું નથી. સત્પુરુષનો યોગ તથાપ્રકારના પુણ્યબંધનને લઈને છે. કેમ કે બાહ્ય પરિસ્થિતિ છે એ પુણ્ય આધીન છે. એક સત્પુરુષના યોગમાં હજારો જીવો આવે એટલે કાંઈ બધા પાત્રતાવાળા હોય છે ?

મુમુક્ષુ :– એવું કાંઈ નથી. ભૂતકાળમાં એટલે પૂર્વભવમાં..

પૂજ્ય ભાઈશ્રી :– ના એવું કાંઈ નથી. એવું કાંઈ નથી. તો તો સમવસરણમાં આવ્યા હોય એ પહેલા પૂર્વમાં પાત્રતા હતા અને અત્યારે સર્વજ્ઞનો યોગ થયો, સત્પુરુષ કરતાં પણ. છૂટો થઈ ગયો પછી એમાંથી. કેમ કે પાત્રતા તો હતી, અત્યારે સર્વજ્ઞ સાક્ષાત મળ્યા. એવું નથી. એ પુણ્યયોગ છે. સત્પુરુષનો યોગ થવો, નિર્ગ્રંથ મુનિરાજ ગુરુનો યોગ થવો, ભાવલિંગી સંતનો કે સર્વજ્ઞ પરમાત્માનો યોગ થવો એ એક પુણ્યયોગ છે. એથી વિશેષ કાંઈ નથી.

મુમુક્ષુ :– બહારના ઉદયભાવમાં જાય ને એ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઉદયભાવમાં જાય. ઉદયભાવમાં જાય.

મુમુક્ષ :– ભગવાન, સમવસરણ ...

પૂજ્ય ભાઈશ્રી :– બધું ઉદયમાં જાય છે. ઉદયથી એવું સંભવિત છે. ... ઉદયથી એ બનવાયોગ્ય છે. પણ યોગ મળે એને યોગ ઉપર લક્ષ આપવા કરતા પાત્રતા ઉપર વિશેષ લક્ષ આપે તો એ યોગ સાર્થક થાય, નહિતર યોગ નિરર્થક થાય. આટલી બહુ સાફ વાત છે. અનંત વાર આ જીવને ત્રણે યોગ પ્રાપ્ત થવા છતાં, ત્રણે સજીવનમૂર્તિ છે. સાક્ષાત્ પરમાત્મા સજીવનમૂર્તિ છે વીતરાગદેવ. ભાવલીંગી શ્રીગુરુ છે નિર્ગ્રંથ એ પણ સજીવનમૂર્તિ છે અને સત્પુરુષ પણ સજીવનમૂર્તિ છે. શાસ્ત્રો તો એથી અનંત વાર મળ્યા છે. સૌથી વધારે સત્પુરુષ મળ્યા છે, એથી ઓછો યોગ નિર્ગ્રંથ ગુરુઓનો થયો છે, એથી ઓછો યોગ તીર્થંકર પરમાત્માનો થયો છે. કેમ કે સંખ્યા પણ એની ઓછી ઓછી હોય છે.

મુમુક્ષુ :– પુણ્યનું થોડું પણ મહત્ત્વ છે ખરું ? કેટલું રાખવું કેટલું ન રાખવું ?

પૂજ્ય ભાઈશ્રી :– પુણ્યનું મહત્વ શા અર્થે રાખવું ? એ પહેલા વિચાર કરવો. આવી કોઈ વાત આવે ત્યારે અનાદિથી જે પુણ્યનો પક્ષ છે એ પક્ષને દઢ કરવા અર્થે પુણ્યનું મહત્ત્વ ન આંકવું અહીંયાં. અહીંયાં જે કહેવા માગે છે એનું મહત્ત્વ આંકવું. અહીંયા એમ ક્યાં કહ્યું કે પુણ્યનું મહત્વ છે. અનંત વાર પુણ્યયોગ થયો. એ તો કહ્યું. શું એનો અર્થ છે ? ભગવાનના સમવસરણમાં અનંત વાર ગયો અને ભક્તિ કરી પાછી, વિરોધ નથી કર્યો. કલ્પવૃક્ષના ફૂલ અને મણિરત્નના દીવાથી પૂજા અને આરતી કરી. અને છતાં એ યોગ અનંત વાર નિષ્ફળ ગયો તો પુણ્યયોગનો શું અર્થ

છે. નિષ્ફળ જશે. પોતે અનઅધિકારી છે જ્યાં, પોતે અપાત્ર છે ત્યાં ઉત્કૃષ્ટ યોગ પણ સફળ થતો નથી. અને નિષ્ફળ થવા યોગ્ય પરિસ્થિતિએ એ ઉદયને જીવ ભોગવે છે અને પરિભ્રમણ પોતાનું ચાલુ રાખે છે. માટે એ પરિસ્થિતિનો વિચાર કરવા યોગ્ય છે કે હું કોઈ નિષ્ફળ થવા યોગ્ય પરિસ્થિતિમાં તો હજી નથીને ? યોગ સારામાં સારો અત્યારે થયો છે એમાં કોઈ સવાલ નથી. પણ હું કોઈ નિષ્ફળ થવાની જે પરિસ્થિતિમાં તો નથી ઊભો ને ? આ એક ગંભીરતાથી વિચારણીય પ્રશ્ન છે. અને આ સ્થળે જીવ વિચાર ન કરે તો એ અવિચારીપણાનો દંડ પણ બહુ મોટો છે.

મુમુક્ષુ :– શું મોટો દંડ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– અનંત પરિભ્રમણ છે, નિગોદ ગતિ છે, ત્રસનો કાળ જ ઓછો છે. કેટલો ભોગવ્યો એ તો ખબર નથી, કેટલો બાકી છે એ ખબર નથી. પણ ખરે ટાણે કરેલી ભૂલ, પછી એ ભૂલ સુધારવાની પરિસ્થિતિમાં પોતે ત્રસમાં હોય તો પણ ન રહે, ન આવે. એવી પરિસ્થિતિમાં આવે છે. એટલે પછી અનિવાર્યપણે નિગોદમાં જવાનું થઈ જાય છે જીવને.

શું કહે છે ? **'સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું. આ પરમ તત્ત્વ છે,...'** આત્મા છે. સહજાત્મસ્વરૂપ પોતે પરમ તત્ત્વ છે. **'તેનો મને સદાય નિશ્ચય રહો;...'** અથવા ઉપર કહ્યું તે પણ પરમતત્ત્વ છે તેનો પણ મને સદાય નિશ્ચય રહો. એમાંથી હું વિચલિત ન થાઉં. **'એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો,...'** ભાવના છે. અથવા સદાય પ્રજ્વલિત રહો, સદાય પ્રકાશમાન રહો **'અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !!'** આ ભવભ્રમણથી છૂટવાની ભાવના, મુક્તિની ભાવના (છે). આત્મભાવના કહો, મુક્તિની ભાવના કહો, સંસારરોગ મટાડવાની ભાવના કહો. આ ધર્મ જ એના માટે છે. આ ધર્મ પુણ્ય બાંધવા અને એના ફળ ભોગવવા માટે આ ધર્મ નથી. પુણ્ય બાંધીને એના ફળ ભોગવવા માટે આ ધર્મ નથી. સંસારનો નાશ કરવો, જન્મ-મરણનો નાશ કરવો, પરિપૂર્ણ મુક્ત દશા પ્રાપ્ત કરવી, નિર્દોષ આત્મદશા પ્રાપ્ત કરવી એના માટે આ ધર્મ છે. સીધી સાદી વાત છે.

મુમુક્ષુ :– બે લીટીમાં તો સીધો આત્મા બોલે.

પૂજ્ય ભાઈશ્રી :– એમના વચનો જ કોઈ એવા છે.

**'હે જીવ ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ;...'** આ સંસાર એકાંતે ક્લેશનો દરિયો છે. કિંચિત્‌માત્ર અક્લેશ પરિણામ થાય એવું કોઈ નિમિત્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આ સંસારમાં જોવામાં આવતા નથી. કેવો નિર્ણય લીધો છે ? સર્વજ્ઞ નિર્ણય લે એવો નિર્ણય છે આ બધો. એટલે તો સર્વજ્ઞ અનુસારીની વાણી (કહી છે). બીજો કળશ વાંચ્યોને 'સમયસાર'નો આપણે ! કેવી છે જિનવાણી ? જિનવાણી કહો, સત્પુરુષની વાણી કહો, જ્ઞાનીપુરુષની વાણી કહો. **'હે જીવ ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી...'** કાંઈક વિચાર કર તું. પ્રમાદ છોડીને કાંઈક વિચાર કર. પ્રમાદ એટલે શું ? અન્ય કાર્યોમાં તું લાગેલો રહે છે. તારા દેહાર્થીક પ્રયોજનમાં તું લાગેલો રહે છે. તારી અનુકૂળતાઓ માટે તારા પરિણામ થયા કરે છે. તારી પ્રતિકૂળતાઓ દૂર કરવા માટે પરિણામ થયા કરે છે. ભવિષ્યની ચિંતાના પરિણામ થયા કરે છે અથવા ચિંતા ઉત્પન્ન થાય તેવા કારણો વિષેના તારા પરિણામ રહ્યા કરે છે, એવા કારણો વિષેના તારા પરિણામ રહ્યા કરે છે, ભાઈ ! આ ચારે કોરથી ચિંતા ઉત્પન્ન થાય એવા કારણો હોય તો પણ જે જીવ સમ્યગ્દૃષ્ટિ છે અથવા સમ્યગ્દૃષ્ટિ થવાનો છે તે નિઃશંક અને નિર્ભય હોય છે. આ નિઃશંકિત અંગ છે ને ?

મુમુક્ષુ :– નિઃશંક છે તે નિર્ભય છે.

પૂજ્ય ભાઈશ્રી :– નિઃશંક છે તે નિર્ભય છે. તે નિર્ભયતાનો આશ્રય કરે છે, ભયનો આશ્રય કરતા નથી, ભયમાં ડૂબતા નથી. એને ભય જ નથીને. આ માર્ગની એક બહુ સુંદર વાત એ છે કે આ જીવ અનેક પ્રકારના ભયથી ગ્રસિત જ રહે છે. ભયની પરિણતિ અને ભયના દુઃખની પરિણતિથી એ મુક્ત થતો જ નથી સંસારમાં. એવા આ જીવને પ્રથમમાં પ્રથમ કોઈ મોટો ફાયદો એ થાય છે કે એ નિર્ભય થઈ જાય છે. આઠ અંગમાં પણ તેનું નિઃશંકિત અંગ લીધું છે. નિઃશંકતાનું ફળ નિર્ભયપણું છે.

મુમુક્ષુ :– અરક્ષા ભય.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ ભય નહિ ને. મરણનો ભય નહિ ને પછી અરક્ષા શું ? મરણસુદ્ધાનો ભય નહિ. બીજી ગતિનો ભવિષ્યમાં અધોગતિ થશે એનો ભય નહિ. પરલોકનો ભય નહિ જેને કહે છે. સાતમાંથી એક્કે નહિ, સર્વ ભય નહિ. સપ્તભય

એટલે સર્વ ભય. બધા એમાં આવી જાય છે. પણ શું છે કે એ બધી વાતો બહુ મોટી મોટી હોય એટલે એમ લાગે કે ભાઈ ! એ બધી સિદ્ધાંતની વાતો છે અને શાસ્ત્રમાં એવી બધી વાતો આવે. આપણે ક્યાં લાગે વળગે છે અત્યારે ? પણ બહુ Practical side થી કેટલીક વાતો એવી લખે છે એ બહુ વિચારવા જેવી વાતો છે.

પાનું ૩૩૮ છે. પત્રાંક ૩૯૦. 'સોભાગભાઈ' ઉપરનો એક પત્ર છે. એમાં પહેલી બે લીટી છોડીને વાત છે. કેમ કે 'સોભાગ્યભાઈ' (વ્યવહારિક ચિંતામાં) અવારનવાર આવી પડે છે. તો કહે છે **'વ્યાવહારિક પ્રસંગ સંબંધી ચોતરફથી ચિંતા ઉત્પન્ન થાય એવાં કારણો જોઈને પણ....'** એવા કારણો દેખાય કે હવે ચારે બાજુથી ઘેરાવો થાશે. તો **'પણ નિર્ભયતા આશ્રય રાખવા યોગ્ય છે. માર્ગ એવો છે.'** ભય પામે એ માર્ગની બહાર છે. નિર્ભય થાય તે માર્ગમાં છે. આમ છે. માર્ગ તો આવો છે. કોઈ ચિંતા નહિ. પોતે નિર્દોષ થવા માગે છે અને નિર્દોષ થવા માટે જ બધું કરવા માગે છે એને ભય શો ? એને કોઈ ભય હોતો નથી. એક સમ્યગ્દૃષ્ટિને ભય ચાલ્યો જાય છે, એક મુમુક્ષુ જે સમ્યગ્દૃષ્ટિ થવા માટે તૈયાર થયો છે એનો ભય ચાલ્યો જાય છે. આ એક માર્ગ પ્રાપ્ત કરવા જતાં અને માર્ગ પ્રાપ્ત કરનારને મોટામાં મોટો લાભ હોય તો આ છે.

'મુંબઈ'માં એક કરોડપતિ ભાઈ મળી ગયા, નવા નવા છે. વાંચનમાં આવતા હતા. આવી કોઈ વાત ચાલી હશે એટલે એને એમ થયું કે આ બહુ મજાની વાત છે. બહુ મજાની વાત એટલા માટે કે પોતે ભયથી બહુ ગ્રસિત રહેતા હતા. અનુકૂળતાઓ ઘણી હતી. ઘણી એટલે પાંચ લાખ આવે-જાય એને હિસાબ-કિતાબ ન હોય. કોઈ પાંચ લાખ મળી જાય તો હવે એમાં શું મળી ગયું ? અને જાય તો કહે એમાં શું ગયું ? એટલો બધો પૈસો હતો પણ ભય ચારે કોરથી. બહુ જ સાધારણ સ્થિતિમાંથી (પૈસા થઈ ગયા). ખ્યાલ આવ્યો ?

ભાઈસાહેબ ! ઘરે આવો. થોડુંક પૂછવું છે. કલાક ઘરે ગયા હતા. આ બહુ ફાયદાની વાત છે. એક પણ ભય નહિ રહે. મોટોમાં મોટો ફાયદો એ છે કે તમે ભયથી છૂટી જશો. એ કહે, કોઈ તકલીફ નથી અત્યારે. કોઈ આપત્તિ નથી. પણ ભય... ભય... ભય... રહે છે, ચેન જ પડતું નથી. ભય થયા જ કરે છે, ભય રહ્યા જ કરે છે. કાંઈક કલ્પના થઈ આવે, કાંઈક વિકલ્પ થઈ આવે, કાંઈક વિચાર થઈ

આવે. કાંઈ કારણ વગર. એનું કારણ શું છે ? કે અનિત્યતામાં નિત્યતા સ્થાપીને બેઠો છે. જે સંયોગો અને શરીર અનિત્ય છે એ સંયોગો અને શરીરમાં નિત્યતા એવી સ્થાપી છે અને ત્યાંથી ખસવું પડશે, નીકળવું પડશે. એક ઝાટકે છૂટી જવાનું છે બધું. એ તો નજર સામે દેખાય છે. રોજના પ્રસંગ એ તો બને છે. એટલે એની કલ્પના થાય, થયા વગર રહે નહિ. મારું શું પણ ? મારું શું થાશે ? આ માર્ગની અંદર કોઈ મોટામાં મોટો લાભ, મોટામાં મોટો ફાયદો હોય તો એ છે કે જીવ નિર્ભય થઈ જાય છે. પહેલે જ તબક્કે આ ફાયદો થાય છે અને શાંતિની પ્રાપ્તિ થવા લાગે છે. આ મોટી વાત છે. એ વાત એમણે કરી છે.

માર્ગ તો આવો છે. એટલે પોતે માર્ગે છે કે પોતે માર્ગે નથી ? એણે મેળવવો હોય તો પોતાની ભયની પરિણતિથી મેળવી લેવું. કેમ કે માર્ગ તો આવો છે. કેવું લાક્ષણિક પદ્ધતિથી માર્ગનું અહીંયાં નિર્દેશન છે. બહુ લાક્ષણિક પદ્ધતિથી નિર્દેશ કર્યો છે. માર્ગ તો આવો છે. આમ આંગળી ચીંધે છે. માર્ગ તો આવો છે. તને ભય રહે છે ? તને ભય થયા કરે છે ? ભય લાગ્યા કરે છે ? (લાગતો હોય તો) માર્ગમાં નથી હજી. માર્ગ પ્રાપ્ત કરવા જઈશ ને તો તારો ભય તો પહેલાં જાશે. પછી માર્ગની પ્રાપ્તિ થશે. પહેલાં ભય ચાલ્યો જાય છે. એવી મુમુક્ષુતા, ઉત્કૃષ્ટ મુમુક્ષુતા–પાત્રતામાં એ સ્થિતિ ઊભી થાય છે.

શું કહે છે ? '**કાંઈક વિચાર...**' તું એમ કહે છે. ભાઈ ! તું કાંઈક વિચાર, '**કાંઈક વિચાર પ્રમાદ છોડીને...**' એટલે બીજા કાર્યોની એકાગ્રતા, અધિકાઈ, બીજા કાર્યોની પ્રવૃત્તિ અને એમાં સમયનું વ્યર્થ ગુમાવવું એ બધું છોડી દે. તું જાગ્રત થા, જાગ્રત થા !! '**નહીં તો રત્નચિંતામણી જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.**' રત્નચિંતામણી એ કાંઈ નથી. મનુષ્યદેહની કિંમત પાસે રત્નચિંતામણી પણ કાંઈ નથી. એનો એક સમય રત્નચિંતામણીથી અધિક મૂલ્યવાન છે. આખા મનુષ્યભવની તો શું વાત કરવી ? એક સમય આયુષ્ય વધારવું હોય તો રત્નચિંતામણી હોય તો પણ વધારી શકાય નહિ, એવું જેનું મૂલ્ય છે એ નિષ્ફળ ગયો છે. અને ફૂટી કોડીની કિંમત વગરનો થઈ જશે.

'**હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.**' આ છેલ્લે નાખ્યું. વીતરાગની વાત કરીને છેલ્લે આ (વાત) નાખી. કેમ કે અત્યારે સર્વજ્ઞ

વીતરાગનો જમાનો પૂરો થયો. એ સમય પૂરો થયો. ૨૫૦૦ વર્ષ થયા હવે આગળ એ આશા રાખવી નકામી છે. પહેલા ‘પદ્મપ્રભુ’ ભગવાન તીર્થંકર થશે, પછી માર્ગનું ઉદ્‌ઘાટન થશે. વચ્ચે માર્ગ બંધ થઈ જશે. અત્યારે માર્ગ ચાલુ છે એટલું સદ્‌ભાગ્ય છે. પણ એ માર્ગ ચાલુ છે એમાં સત્પુરુષોનું એ કારણ છે, સત્પુરુષોની કૃપા છે. સત્પુરુષોને કારણે એ ચાલુ રહે છે. માટે **‘હે જીવ ! તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.’** ખરેખર નિશ્ચય કરીને એ જ ઉપાસવા યોગ્ય છે એવો તું નિર્ણય કર. **‘ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ’** એ ફરીને લીધો, એકવાર લેવાઈ ગયો હતો.

મુમુક્ષુ :– રત્નચિંતામણી એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– રત્ન ચિંતામણી એટલે એક એવું રત્ન થાય છે કે જે વિદ્યાથી સાધવામાં આવે છે. વિદ્યાથી એ રત્નને સાધવામાં આવે છે અને એ રત્ન જેણે સાધેલું હોય છે એટલે જેની પાસે હોય છે એ ચિંતવે એવું ફળ મળે. પૌદ્‌ગલિક, હોં ! પૌદ્‌ગલિક. ચિંતવે એવું ફળ મળે. એમ ચિંતવે હાથમાં રાખીને કે સોનાનો મહેલ થઈ જાય સાત માળનો એટલે સોનાનો મહેલ થઈ જાય સાત માળનો. એમ. એને જે પોતાના ભૌતિક સુખ ચિંતવે ઇ ભેગા એના મળે. એ માટે એને પરિશ્રમ ન કરવો. ન વેપાર કરવો પડે, ન નોકરી કરવી પડે. વિકલ્પ કરે ને ત્યાં હાજર. એવા ત્રણ છે. રત્નચિંતામણિ, કલ્પવૃક્ષ અને કામધેનુ. આ ત્રણ ઉપમા શાસ્ત્રની અંદર આપવામાં આવે છે.

કલ્પવૃક્ષની નીચે બેસીને કલ્પના કરે એ મળે એને. ઓલું ચિંતવે કહો કે આ કલ્પના કરે મને આ હો તો એ મળે. અને એ ફળ મળે સીધું. અને કામધેનુ એક ગાયની કલ્પના કરી છે. એ ગાય જેના ઘરે હોય. એ માગે. કામ એટલે ઇચ્છા. જેવી ઇચ્છા કરે એ પ્રમાણે સીધું એને ફળ મળે એને. એ વિદ્યાથી સાધીત થાય છે. એમ.

## પત્રાંક-૫૦૬

મુંબઈ, વૈશાખ, ૧૯૫૦

શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ એમ કહ્યું છે કે જેને વિપર્યાસ મટી દેહાદિને વિષે થયેલી આત્મબુદ્ધિ, અને આત્મભાવને વિષે થયેલી દેહબુદ્ધિ તે મટી છે, એટલે આત્મા આત્મપરિણામી થયો છે, તેવા જ્ઞાનીપુરુષને પણ જ્યાં સુધી પ્રારબ્ધ વ્યવસાય છે, ત્યાં સુધી જાગૃતિમાં રહેવું યોગ્ય છે. કેમ કે, અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વિપર્યાસ ભયનો હેતુ ત્યાં પણ અમે જાણ્યો છે. ચાર ઘનઘાતી કર્મ જ્યાં છિન્ન થયાં છે, એવા સહજ સ્વરૂપ પરમાત્માને વિષે તો સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ જાગૃતિરૂપ તુર્યાવસ્થા છે; એટલે ત્યાં અનાદિ વિપર્યાસ નિર્બીજપણાને પ્રાપ્ત થવાથી કોઈપણ પ્રકારે ઉદ્‌ભવ થઈ શકે જ નહીં; તથાપિ તેથી ન્યૂન એવા વિરત્યાદિ ગુણસ્થાનકે વર્તતા એવા જ્ઞાનીને તો કાર્યે કાર્યે અને ક્ષણે ક્ષણે આત્મજાગૃતિ યોગ્ય છે. પ્રમાદવશે ચૌદપૂર્વ અંશે ન્યૂન જાણ્યા છે એવા જ્ઞાનીપુરુષને પણ અનંતકાળ પરિભ્રમણ થયું છે. માટે જેની વ્યવહારને વિષે અનાસક્ત બુદ્ધિ થઈ છે, તેવા પુરુષે પણ જો તેવા ઉદયનું પ્રારબ્ધ હોય તો તેની ક્ષણે ક્ષણે નિવૃત્તિ ચિંતવવી, અને નિજભાવની જાગૃતિ રાખવી. આ પ્રકારે જ્ઞાનીપુરુષને મહાજ્ઞાની એવા શ્રી તીર્થંકરાદિકે ભલામણ દીધી છે; તો પછી, જેને માર્ગાનુસારી અવસ્થામાં પણ હજુ પ્રવેશ થયો નથી, એવા જીવને તો આ સર્વ વ્યવસાયથી વિશેષ-વિશેષ નિવૃત્તભાવ રાખવો; અને વિચારજાગૃતિ રાખવી યોગ્ય છે, એમ જણાવવા જેવું પણ રહેતું નથી, કેમ કે તે તો સમજણમાં સહેજે આવી શકે એવું છે.

બોધ બે પ્રકારથી જ્ઞાની પુરુષોએ કર્યો છે. એક તો 'સિદ્ધાંતબોધ' અને બીજો તે સિદ્ધાંતબોધ થવાને કારણભૂત એવો 'ઉપદેશબોધ'. જો

ઉપદેશબોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો ન હોય તો સિદ્ધાંતબોધનું માત્ર તેને શ્રવણ થાય તે ભલે, પણ પરિણામ થઈ શકે નહીં. 'સિદ્ધાંતબોધ' એટલે પદાર્થનું જે સિદ્ધ થયેલું સ્વરૂપ છે, જ્ઞાનીપુરુષોએ નિષ્કર્ષ કરી જે પ્રકારે છેવટે પદાર્થ જાણ્યો છે તે જે પ્રકારથી વાણી દ્વારા એ જણાવાય તેમ જણાવ્યો છે એવો જે બોધ છે તે 'સિદ્ધાંતબોધ' છે. પણ પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસપણે પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે; તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે; અને એવાં જે જે સાધનો જીવને સંસારભય દૃઢ કરાવે છે તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે તે 'ઉપદેશબોધ' છે.

આ ઠેકાણે એવો ભેદ ઉત્પન્ન થાય કે 'ઉપદેશબોધ' કરતાં 'સિદ્ધાંતબોધ'નું મુખ્યપણું જણાય છે, કેમકે ઉપદેશબોધ પણ તેને જ અર્થે છે, તો પછી સિદ્ધાંતબોધનું જ પ્રથમથી અવગાહન કર્યું હોય તો જીવને પ્રથમથી જ ઉન્નતિનો હેતુ છે. આ પ્રકારે જો વિચાર ઉદ્ભવે તો તે વિપરીત છે, કેમકે કેસિદ્ધાંતબોધનો જન્મ ઉપદેશબોધથી થાય છે. જેને વૈરાગ્ય-ઉપશમ સંબંધી ઉપદેશબોધ થયો નથી, તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે, અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી સિદ્ધાંતનું વિચારવું પણ વિપર્યાસપણે થવું જ સંભવે છે. કેમકે ચક્ષુને વિષે જેટલી ઝાંખપ છે, તેટલો ઝાંખો પદાર્થ તે દેખે છે. અને જો અત્યંત બળવાન પડળ હોય તો તેને સમૂળગો પદાર્થ દેખાતો નથી; તેમ જેને ચક્ષુનું યથાવત્ સંપૂર્ણ તેજ છે તે, પદાર્થને પણ યથાયોગ્ય દેખે છે. તેમ જે જીવને વિષે ગાઢ વિપર્યાસબુદ્ધિ છે, તેને તો કોઈ

રીતે સિદ્ધાંતબોધ વિચારવામાં આવી શકે નહીં. જેની વિપર્યાસબુદ્ધિ મંદ થઈ છે તેને તે પ્રમાણમાં સિદ્ધાંતનું અવગાહન થાય; અને જેણે તે વિપર્યાસબુદ્ધિ વિશેષપણે ક્ષીણ કરી છે એવા જીવને વિશેષપણે સિદ્ધાંતનું અવગાહન થાય.

ગૃહકુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસબુદ્ધિ' છે; અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય-ઉપશમ ઉદ્‌ભવે છે ત્યાં મંદ પડે છે, અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય છે. ગૃહકુટુંબાદિ ભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે 'વૈરાગ્ય' છે; અને તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય-ક્લેશ તેનું મંદ થવું તે 'ઉપશમ' છે. એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાંતર કરી સદ્‌બુદ્ધિ કરે છે; અને તે સદ્‌બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવા યોગ્ય થાય છે, કેમકે ચક્ષુને પટળાદિ અંતરાય મટવાથી જેમ પદાર્થ યથાવત્ દેખાય છે, તેમ અહંતાદિ પટળનું મંદપણું થવાથી જીવને જ્ઞાનીપુરુષે કહેલા એવા સિદ્ધાંતભાવ, આત્મભાવ, વિચારચક્ષુએ દેખાય છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે. વૈરાગ્યઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં, અથવા યથાવત્ વિવેક હોય નહીં. સહજ આત્મસ્વરૂપ છે એવું કેવળજ્ઞાન તે પણ પ્રથમ મોહનીય કર્મના ક્ષયાંતર પ્રગટે છે. અને તે વાતથી ઉપર જણાવ્યો છે તે સિદ્ધાંત સ્પષ્ટ સમજી શકાશે.

વળી જ્ઞાની પુરુષોની વિશેષ શિખામણ વૈરાગ્ય-ઉપશમ પ્રતિબોધતી જોવામાં આવે છે. જિનના આગમ પર દૃષ્ટિ મૂકવાથી એ વાત વિશેષ સ્પષ્ટ જણાઈ શકશે. 'સિદ્ધાંતબોધ' એટલે જીવાજીવ પદાર્થનું વિશેષપણે

કથન તે આગમમાં જેટલું કર્યું છે, તે કરતાં વિશેષપણે, વિશેષપણે વૈરાગ્ય અને ઉપશમને કથન કર્યા છે, કેમકે તેની સિદ્ધિ થયા પછી વિચારની નિર્મળતા સહેજે થશે, અને વિચારની નિર્મળતા સિદ્ધાંતરૂપ કથનને સહેજે કે ઓછા પરિશ્રમે અંગીકાર કરી શકે છે, એટલે તેની પણ સહેજે સિદ્ધિ થશે; અને તેમજ થતું હોવાથી ઠામ ઠામ એ જ અધિકારનું વ્યાખ્યાન કર્યું છે. જો જીવને આરંભપરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે, કેમકે આરંભ-પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમના મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમના કાળ છે.

શ્રી ઠાણાંગસૂત્રમાં આરંભ અને પરિગ્રહનું બળ જણાવી પછી તેથી નિવર્તવું યોગ્ય છે એવો ઉપદેશ થવા આ ભાવે દ્વિભંગી કહી છે.

૧. જીવને મતિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૨. જીવને શ્રુતજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૩. જીવને અવધિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૪. જીવને મનઃપર્યવજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૫. જીવને કેવળજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

એમ કહી દર્શનાદિના ભેદ જણાવી સત્તર વાર તે ને તે વાત જણાવી છે કે, તે આવરણો ત્યાં સુધી હોય કે જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય. આવું આરંભપરિગ્રહનું બળ જણાવી ફરી અર્થાપત્તિરૂપે પાછું તેનું

**ત્યાં જ કથન કર્યું છે.**

**૧. જીવને મતિજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.**

**૨. જીવને શ્રુતજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.**

**૩. જીવને અવધિજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.**

**૪. જીવને મનઃપર્યવજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.**

**૫. જીવને કેવળજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.**

**એમ સત્તર પ્રકાર ફરીથી કહી આરંભપરિગ્રહની નિવૃત્તિનું ફળ જ્યાં છેવટે કેવળજ્ઞાન છે ત્યાં સુધી લીધું છે; અને પ્રવૃત્તિનું ફળ કેવળજ્ઞાન સુધીનાં આવરણના હેતુપણે કહી તેનું અત્યંત બળવાનપણું કહી જીવને તેથી નિવૃત્ત થવાનો જ ઉપદેશ કર્યો છે. ફરી ફરીને જ્ઞાનીપુરુષોનાં વચન એ ઉપદેશનો જ નિશ્ચય કરવાની જીવને પ્રેરણા કરવા ઇચ્છે છે; તથાપિ અનાદિ અસત્સંગથી ઉત્પન્ન થયેલી એવી દુષ્ટ ઇચ્છાદિ ભાવમાં મૂઢ થયેલો એવો જીવ પ્રતિબૂઝતો નથી; અને તે ભાવોની નિવૃત્તિ કર્યા વિના અથવા નિવૃત્તિનું પ્રયત્ન કર્યા વિના શ્રેય ઇચ્છે છે, કે જેનો સંભવ ક્યારે પણ થઈ શક્યો નથી, વર્તમાનમાં થતો નથી, અને ભવિષ્યમાં થશે નહીં.**

પત્રાંક ૫૦૬.

**'શ્રી તીર્થંકરકાદિ મહાત્માઓએ એમ કહ્યું છે કે જેને વિપર્યાસ મટી દેહાદિને વિષે થયેલી આત્મબુદ્ધિ, અને આત્મભાવને વિષે થયેલી દેહબુદ્ધિ તે મટી છે, એટલે આત્મા આત્મપરિણામી થયો છે, તેવા જ્ઞાનીપુરુષને પણ જ્યાં સુધી પ્રારબ્ધ વ્યવસાય છે, ત્યાં સુધી જાગૃતિમાં રહેવું યોગ્ય છે.'** મુમુક્ષુએ તો જાગૃતિમાં રહેવું યોગ્ય છે જ. એ હવે કહેવાની જરૂર રહેતી નથી. પણ જેને બધા વિપર્યાસ મટ્યા છે, દેહને વિષેથી આત્મબુદ્ધિ જેની છૂટી ગઈ છે અને આત્મભાવને વિષે થયેલી દેહબુદ્ધિ પણ જેની છૂટી ગઈ છે. પરસ્પરનો વિપર્યાસ થઈ ગયો. જીવમાં અજીવ બુદ્ધિ, અજીવમાં

જીવબુદ્ધિ. એમ. અને પોતે આત્મા આત્મપરિણામી થયો છે. સ્વભાવપરિણામી થયો છે. પોતાનું જે પરિપૂર્ણ સિદ્ધપદ છે એવું જ પોતાને પરિણમનમાં અનુભવગોચર થાય છે. **'તેવા જ્ઞાનીપુરુષને પણ જ્યાં સુધી પ્રારબ્ધ વ્યવસાય છે...'** જ્યાં સુધી એને પૂર્વકર્મને લઈને વ્યવસાય છે. વર્તમાનમાં એને કરવો નથી, કરવો પડે છે. જેમ કોઈને જેલમાં જાવું નથી પણ જેલમાં નાખવામાં આવે તો જેલમાં રહેવું પડે છે એને, પણ એને જેલમાં રહેવું નથી. પછી ભલે ત્યાં ઓરડી સાફ કરીને બેસે. માટે એને એ ઓરડી ગમે છે એ વાત નથી. એમ છે. એવી જેની વ્યવસાયમાં પ્રારબ્ધસ્થિતિ છે એ પણ પ્રારબ્ધ કર્મ ભોગવતા અથવા પ્રારબ્ધે આવેલા વ્યવસાયમાં પ્રવર્તતા જાગૃતિમાં રહે છે અને તેને જાગૃતિમાં રહેવું યોગ્ય છે.

જાગૃતિ એટલે ? હું આત્મા છું અને દેહાદિ સ્વરૂપે હું નથી. આનું નામ જાગૃતિ છે. એવી જાગૃતિમાં એ રહે છે. જોકે જ્ઞાનીપુરુષ છે એ કોઈ પણ પ્રસંગની અંદર જાગૃતિની અંદર રહે છે. અજાગૃત દશામાં રહેતા નથી. તો મુમુક્ષુએ તો જાગૃત રહેવું જ જોઈએ. એ વાત આપોઆપ એમાં આવી જાય છે. અથવા કોઈ એમ વિચારે છે કે જ્ઞાની થાય પછી કાંઈ વાંધો નહિ. એકવાર સમ્યગ્દર્શન થઈ ગયું છે ને અનુભવ થઈ ગયો છે ને પછી કાંઈ વાંધો નહિ. એવું નથી.

'પૂજ્ય બહેનશ્રી' એ વાતમાં બહુ સ્પષ્ટ પુરુષાર્થપણે નિર્દેશ કરે છે કે જેમ ચક્રવર્તીને આયુધશાળામાં ચક્રરત્નની ઉત્પત્તિ થાય અને એનો જે આયુધશાળાનો અધિકારી, ઉપરી અધિકારી એને ખબર આપવા આવે કે મહારાજ ! આપની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્નની ઉત્પત્તિ થઈ છે. આપને આ શુભ સમાચાર દેવા માટે આવ્યો છું. એટલે તરત જ એને વિકલ્પ આવે. એમ ! ચક્રવર્તીનું ચક્ર ઉત્પન્ન થઈ ગયું ! ચાલો છ ખંડને સાધીએ. પછી એ હાથપગ વાળીને બેસી રહે નહિ. એમ જેને આ ચક્ર-સમ્યગ્દર્શરૂપી ચક્ર જેને ઉત્પન્ન થયું એ પછી પુરુષાર્થમાં હાથપગ વાળીને બેસી રહેતો નથી. એ જાગૃત રહે છે એમ કહેવું છે. એ પૂર્ણતાને સાધવા નીકળ્યો છે પહેલેથી એની સાધનામાં એ જોર પકડે છે. એને નવું લોહી આવે છે એમ કહેવામાં આવે છે. જેમ શરીરમાં નવું લોહી આવે અને તાકાત વધે. એમ એ આત્મા વૃદ્ધ હોય, યુવાન હોય કે આઠ વર્ષનો બાળક કહેવાતો હોય. બાળક ન કહીએ કુમાર કહેવાય એને. તો પણ એની તાકાત છે એ કોઈ જુદી જાતની હોય છે.

મુમુક્ષુ :– પંચમકાળ છે એમ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– પંચમકાળ છે એમ બિલકુલ નહિ. પંચમકાળ છે એમ બિલકુલ નહિ. પંચમકાળ, પંચમકાળના ઘરે રહ્યો. મારા આત્મામાં એક્કેય કાળ નથી. અથવા કોઈ કાળક્રમ મારા આત્માને લાગુ પડતો નથી. આમ છે. કાળના ક્રમથી પાર હું છું. કાળાતિત મારું સ્વરૂપ છે એમ કહે છે. એમ છે ખરેખર તો. એવું સ્વરૂપ ચિંતવે.

જ્ઞાનીપુરુષ પણ જાગૃતિમાં રહે છે. આ તો પોતે જ્ઞાની છે એટલે જાગૃતિમાં રહેવું પોતાને યોગ્ય છે એમ સ્થાપે છે. એ તો સ્વલક્ષી વાતો ઘણી કરે છે ને ! સ્વલક્ષી ઘણી વાત કરે છે. જોકે આ પત્ર છે એ ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ સંબંધીનો મુખ્ય વિષય આ પત્રનો છે. અને ઉપદેશબોધમાં ક્યાં ક્યાં વિપર્યાસ થાય ? કેવી રીતે થાય ? સિદ્ધાંતબોધમાં ક્યાં ક્યાં વિપર્યાસ થાય ? કેવી રીતે થાય ? એ વિષય અહીંયાં એમણે આ પત્રની અંદર થોડોક વિશેષ ખોલે છે. આગળ થોડીક વાત કરી ગયા છે. અહીંયાં આ વિષય એજેન્ડા ઉપર લીધો છે, આ પત્રની અંદર.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– સમ્યગ્દષ્ટિ વધારે જાગૃત છે, વિશેષ જાગૃત રહે છે. અહીં તો એમ કહે છે કે એણે જાગૃત રહેવું જ યોગ્ય છે. અને જાગૃત ન હોય કે ન રહે તો સમ્યગ્દર્શન પણ રહે નહિ. ચાલ્યું જાય. છૂટી જાય એને. એવી પરિસ્થિતિ છે. **'કેમ કે...'** શા માટે એને જાગૃત રહેવું યોગ્ય છે ?

**'કેમ કે, અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વિપર્યાસ ભયનો હેતુ ત્યાં પણ અમે જાણ્યો છે.'** પોતે જ્ઞાનદશામાં ઊભા રહીને વાત કરે છે. ત્યાં પણ જો અવકાશ એટલે જાગૃતિમાં અવકાશ આવી જાય, વચ્ચે ખાલી જગ્યા થઈ જાય અને જાગૃતિ ન રહે તો એ જીવ પણ વિપર્યાસ થાય, એ બહુ મોટો ભય છે, એ મોટું ભયવાનપણું છે અને એ ભય અમે ત્યાં પણ જાણ્યો છે કે એ અજાગૃતિ છે એ ભયનું કારણ છે. વિપર્યાસરૂપી ભયનું કારણ છે અને એ મોટી ભયંકર ભૂલ પાછી ફરીવાર ઊભી થશે. એટલે જાગૃત રહેવું જ યોગ્ય છે એ સિદ્ધાંત એમણે વધારે જોરથી સ્થાપ્યો છે. કારણ આપીને. Logicથી.

**'ચાર ઘનઘાતી કર્મ જ્યાં છિન્ન થયાં છે,...'** સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવની વાત કરે છે કે **'ચાર ઘનઘાતી કર્મ જ્યાં છિન્ન થયાં છે,..'** એટલે છેદાય ગયા છે. **'એવા**

**સહજ સ્વરૂપ પરમાત્માને વિષે તો સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ જાગૃતિરૂપ તુર્યાવસ્થા છે;...'** આ વેદાંતનો શબ્દ છે. વેદાંતમાં એને તુર્યાવસ્થા કહે છે. એની આધ્યાત્મિક Stage ની બધી વિચારણાઓ ચાલે છે એમાં સૌથી ઉપરની અવસ્થાને તુર્યાવસ્થા કહે છે. એ શબ્દનો અહીંયાં પ્રયોગ કરે છે. દેવ-શાસ્ત્રની પરિભાષામાં આ શબ્દનો પ્રયોગ ઓછો છે. હશે ક્યાંક પણ બહુ ઓછો છે. પ્રચલિત નથી. વેદાંતની શાસ્ત્ર પરિભાષામાં આ પ્રચલિત શબ્દ છે–તુર્યાવસ્થા.

**'ચાર ઘનઘાતી કર્મ જ્યાં છિન્ન થયાં છે, એવા સહજ સ્વરૂપ પરમાત્માને વિષે તો સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ જાગૃતિરૂપ તુર્યાવસ્થા છે;...'** એટલે કે ત્યાં અજાગૃતિનો એક અંશ પણ નથી. **'એટલે ત્યાં અનાદિ વિપર્યાસ નિર્બીજપણાને પ્રાપ્ત થવાથી...'** ત્યાં તો અનાદિનો જે વિપર્યાસ છે એનું બીજ જ નથી રહ્યું, બીજ બળી ગયું છે. **'કોઈપણ પ્રકારે ઉદ્‌ભવ થઈ શકે જ નહીં;...'** ત્યાં તો કોઈ પ્રકારે સર્વજ્ઞને વિપર્યાસ થાય, પરિપૂર્ણ વીતરાગ કેવળીને વિપર્યાસ થાય એ તો બને નહિ.

**'તથાપિ તેથી ન્યૂન એવાં વિરત્યાદિ ગુણસ્થાન...'** એટલે છદ્મસ્થ. **'તેથી ન્યૂન..'** એટલે છદ્મસ્થ. કોઈ છદ્મસ્થ હોય અને સમ્યગ્દૃષ્ટિ તો અવિરતિ છે. અહીં તો વિરત્યાદિ ગુણસ્થાને પણ. વિરતિ એટલે સર્વ વિરતિમાં સાધુ છે અને દેશ વિરતિમાં શ્રાવક છે. અને અવિરતિમાં સમ્યગ્દૃષ્ટિ છે. આદિમાં બધા લઈ લેવા. **'તેથી ન્યૂન એવાં વિરત્યાદિ ગુણસ્થાનકે વર્તતા એવા જ્ઞાનીને તો કાર્યે કાર્યે અને ક્ષણે ક્ષણે આત્મજાગૃતિ યોગ્ય છે.'** એને તો પ્રત્યેક ઉદયમાં, કાર્યે કાર્યે એટલે પ્રત્યેક ઉદયના કાર્યે અને ઉદયમાં પસાર થતાં પ્રત્યેક ક્ષણે એટલે નિરંતર. આટલી વાત લીધી. **'આત્મજાગૃતિ યોગ્ય છે.'** હું આત્મા છું અને હું બીજું કાંઈ નથી એવી આત્મજાગૃતિ એને યોગ્ય છે. મુમુક્ષુતાથી માંડીને સાધુ દશાની સર્વ વિરતિ સુધીના ગુણસ્થાનકે, છઠ્ઠા ગુણસ્થાને. સાતમાથી તો નિર્વિકલ્પ છે. સાતમાથી શ્રેણી છે. એટલે ચોથા, પાંચમાં અને છઠ્ઠા ગુણસ્થાને કે કોઈપણ ઉદય પ્રસંગે **'કાર્યે કાર્યે અને ક્ષણે ક્ષણે આત્મજાગૃતિ...'** હોવી જ ઘટે છે, હોવી જ જોઈએ. જો ન રહે તો એકલું નુકસાન થયા વિના રહે નહિ. આ સીધો હિસાબ છે. ઉદ્‌ભવ થઈ શકે જ નહિ. એટલે એમને તો આત્મજાગૃતિ યોગ છે.

**'પ્રમાદવશે ચૌદપૂર્વ અંશે ન્યૂન જાણ્યા છે એવા જ્ઞાનીપુરુષને પણ અનંતકાળ**

**પરિભ્રમણ થયું છે.**' એવા જ્ઞાની એટલે અહીંયાં શાસ્ત્રના જ્ઞાતા. ઓલા સમ્યગ્દષ્ટિ નહિ. '**પ્રમાદવશે ચૌદપૂર્વ અંશે ન્યૂન**' એટલે અગિયાર અંગ અને નવ પૂર્વ. અંશે ન્યૂનમાં આત્મા નથી જાણ્યો એ અંશે ન્યૂન છે બીજું કાંઈ નથી. ચૌદ પૂર્વ જાણ્યા છે પણ એક આત્મા જાણ્યો નથી માટે અંશે ન્યૂન થઈ ગયો. એને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન હોય છે. એથી આગળ હોતું નથી.

'**એવા જ્ઞાની...**' એટલે શાસ્ત્રજ્ઞાની પુરુષને. લોકો જેને જ્ઞાની કહે એને '**પણ અનંતકાળ પરિભ્રમણ થયું છે.**' એ અનંતકાળ રખડે છે. કેમ ? પ્રમાદ વશે. આત્મજાગૃતિ નહિ હોવાથી, સ્વરૂપમાં સાવધાન નહિ હોવાથી, સ્વરૂપનો આશ્રય સાવધાનીથી નહિ કરતો હોવાથી એ પણ અનંતકાળ રખડ્યા છે.

મુમુક્ષુ :– '**ચૌદ પૂર્વ અંશે ન્યૂન જાણ્યા છે.**' એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– અંશે એટલે કોઈ એક ભાગે, અમુક ભાગે. એ અમુક ભાગ કેટલો છે ?

મુમુક્ષુ :– નવ પૂર્વ.

પૂજ્ય ભાઈશ્રી :– નવ પૂર્વ. પાંચ પૂર્વનું જ્ઞાન એને નથી. પાંચ પૂર્વનું જ્ઞાન નથી એ શાસ્ત્ર અપેક્ષાએ. અને આત્માનું જ્ઞાન નથી એ અધ્યાત્મ અપેક્ષાએ. એમ આગમ અને અધ્યાત્મ બેય લઈ લેવા ત્યાં. જ્યાં અનંત પરિભ્રમણ સ્થાપ્યું છે ત્યાં આગમ પણ ઉણું છે અને અધ્યાત્મથી પણ એ અજાણ્યો છે. એમ આગમ-અધ્યાત્મમાં બંનેમાં એનું અજાણપણું છે. પણ અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન પણ લબ્ધિ સિવાય કોઈને થાય નહિ. એટલે એ પણ બહુ વિશાળતાવાળું જ્ઞાન છે. તો પણ એ નિરર્થક છે એમ અહીંયાં કહેવાનો અભિપ્રાય છે.

મુમુક્ષુ :– આગમ અધ્યાત્મે...

પૂજ્ય ભાઈશ્રી :– ના આગમ-અધ્યાત્મનો જ્યાં વિષય ચર્ચાય છે ત્યાં બે વિષય જુદા જુદા છે. સામાન્ય બુદ્ધિગત એમ કહેવાય કે આ 'સમયસાર' નામનું આગમ છે. તો ત્યાં એમાં આગમ-અધ્યાત્મ બંને છે. આ 'પ્રવચનસાર' નામનું આગમ છે તો ત્યાં આગમ-અધ્યાત્મ બેય છે. આમ તો અધ્યાત્મ હોય છે ત્યાં પરમાગમ શબ્દ વપરાય છે. બાકી કરણાનુયોગાદિ, કથાનુયોગાદિમાં પણ અધ્યાત્મ તો હોય છે પણ મુખ્યપણે એને આગમ કહેવામાં આવે છે. આ કરુણાનુયોગના આગમ છે, આ

દ્રવ્યાનુયોગના આગમ છે, આ કથાનુયોગના આગમ છે, આ ચરણાનુયોગના આગમ છે. એમ. પણ આગમ અને અધ્યાત્મ એ બેનો પરસ્પર વિષય આવે ત્યારે આગમમાં અધ્યાત્મ નથી અને અધ્યાત્મમાં આગમ નથી. એમ છે. એ વિષય 'ગુરુદેવે' 'બનારસીદાસજી'ની જે 'પરમાર્થ વચનિકા' છે એના ઉપરથી બહુ સરસ રીતે સ્થાપ્યો છે. વિષય જરા વિસ્તારવાળો છે. એટલે અહીંયાં વિષયાંતર થઈ જશે એટલે અત્યારે નથી લેતા.

**'જ્ઞાનીપુરુષને પણ...'** એવા જ્ઞાનવાળાને પણ **'અનંતકાળ પરિભ્રમણ થયું છે. માટે જેની વ્યવહારને વિષે અનાસક્ત બુદ્ધિ થઈ છે,...'** એટલે કે જેણે બીજો બધો વ્યવહાર, લૌકિક વ્યવહાર ગૌણ કરીને ઓછો કરી નાખ્યો હોય. એટલે બહુ એમાં મહિમા ન આવે, આસક્તિ ન હોય. **'તેવા પુરુષે પણ જો તેવા ઉદયનું પ્રારબ્ધ હોય તો તેની ક્ષણે ક્ષણે નિવૃત્તિ ચિંતવવી,...'** એને વ્યવહારની આસક્તિ ન હોય પણ એને ઉદય રહેતો હોય. વ્યવહારિક પ્રસંગો ઘટાડી નાખ્યા હોય, એનો મહિમા બહુ ન હોય છતાં એવા પ્રસંગો ક્યારેક ક્યારેક આવી જતા હોય. પ્રાપ્ત થતા હોય તો તેણે તેમાં **'ક્ષણે ક્ષણે નિવૃત્તિ ચિંતવવી,...'** એટલે કે મારે આ પ્રસંગમાં નથી જોડાવું પણ જોડાવું પડે છે. ન જોડાવું પડે તો સારું એવી એણે નિવૃત્તિ ચિંતવવી. **'અને નિજભાવની જાગૃતિ રાખવી.'** એણે પોતાના આત્મભાવમાં વધારે જાગૃત રહેવું એ પ્રસંગે.

**'આ પ્રકારે જ્ઞાનીપુરુષને મહાજ્ઞાની એવા શ્રી તીર્થંકરાદિકે ભલામણ દીધી છે;...'** જ્ઞાનીઓને પણ જાગૃત રહેવાની ભલામણ તીર્થંકરાદિ પુરુષોએ કરી છે. **'તો પછી, જેને માર્ગાનુસારી અવસ્થામાં પણ હજુ પ્રવેશ થયો નથી,...'** સામાન્ય મુમુક્ષુ. **'એવા જીવને તો આ સર્વ વ્યવસાયથી વિશેષ-વિશેષ નિવૃત્તભાવ રાખવો;...'** છૂટવું-છૂટવું થઈ જાય. ભલે પરિસ્થિતિવશ, આજીવિકાવશ વ્યવસાય કરવો પડતો હોય તો પણ છૂટવું-છૂટવું જલ્દી છોડવું છે એવી એને તૈયારી, ચિંતવના રાખવી જોઈએ. એવો ભાવ એને વિશેષ-વિશેષ રાખવો. **'અને વિચારજાગૃતિ રાખવી યોગ્ય છે,...'** અને એવા પ્રવૃત્તિ કાળે પણ પોતાના વિચારણામાં જાગૃત રહેવું યોગ્ય છે. સુવિચારણા તો એની છૂટવી જોઈએ નહિ. 'જો પ્રગટે સુવિચારણા તો પ્રગટે નિજજ્ઞાન, જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.' એ મુમુક્ષુજીવ વિચારણાની ભૂમિકામાં ઊભો છે એ તો એની

ચાલુ જ રહેવી જોઈએ. **'એમ જણાવવા જેવું પણ રહેતું નથી,...'** એમ કહેવાની પણ જરૂર રહેતી નથી કે મુમુક્ષુએ આમ વિચારણામાં રહેવું જોઈએ. **'કેમ કે તે તો સમજણમાં સહેજે આવી શકે એવું છે.'** જ્યારે તીર્થંકરાદિએ જ્ઞાનીઓને આ શિખામણ આપી છે, ભલામણ કરી છે ત્યારે હજી માર્ગાનુસારી અવસ્થામાં પ્રવેશ નથી એને તો વિશેષ વિચારણામાં રહેવું જોઈએ. એ તો સમજાવવાની પણ જરૂર રહેતી નથી. કેમ કે એ તો સહેજે સમજી શકાય એવી વાત છે.

મુમુક્ષુ :– તેરમાની અપેક્ષાએ બારમું ગુણસ્થાન પ્રમાદ કહેવાય કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– બારમું ગુણસ્થાન શું છે કે ધ્યાનસ્થ અવસ્થા છે. પણ છદ્મસ્થ અવસ્થા છે એટલે અપૂર્ણ અવસ્થા છે. પ્રમાદ નથી. પ્રમત્ત ગુણસ્થાન છઠ્ઠે પૂરું થયું. સાતમાંથી અપ્રમત્ત દશા છે. ઉપયોગ અપ્રમત્ત સ્થિતિ ધારણ કરે છે. સાતમાં, આઠમાં, નવમાં, દસમાં, અગિયારમાં, બારમાં બધામાં અપ્રમતદશા છે.

મુમુક્ષુ :– તેરમાની અપેક્ષાએ.

પૂજ્ય ભાઈશ્રી :– ના. એને પ્રમાદ-અપ્રમાદનો વિષય નથી લાગુ પડતો. ત્યાં અપૂર્ણતા છે વીતરાગતાની, સાધનાની અપૂર્ણતા છે એટલી જ વાત છે. અહીં સુધી રાખીએ...

આત્મિકસુખની જરૂરતમાંથી આત્માર્થીજીવને આત્મરુચિ પ્રગટે છે, તેથી તેવા સુખના અભાવમાં કોઈપણ પર્યાયમાં સંતુષ્ટ થવાનું બને નહિ, ખેદ જ રહે. જેને 'અનંત સુખ ભરપુર આત્મા છે.'– એવા જિન વચનમાં વિશ્વાસ છે, તેને – આત્માર્થીને તે સુખનો સદંતર અભાવ હોવા છતાં, (વર્તમાનમાં) ચેન પડે તે કેવી રીતે બને ? ન જ બને, તેને તો પારાવાર ચપ્પટી લાગી જાય ! આત્મરુચિના અભાવમાં જ ક્ષયોપશમ વધતા પ્રસન્નતા અનુભવાય અંદરમાં સ્વકાર્યની તાલાવેલી લાગી હોય તેને તો ક્યાંય ગમે નહિ. આવું સહજ હોય. (અનુભવ સંજીવની–૧૧૬૭)

## તા. ૧૦-૯-૧૯૯૦, પત્રાંક – ૫૦૬
## પ્રવચન નં. ૨૦૭

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્રાંક ૫૦૬. પાનું ૪૦૭.

પહેલા પેરેગ્રાફમાં એ વાત કરી કે જ્ઞાનીને પણ જાગૃતિ રાખવી યોગ્ય છે તો મુમુક્ષુને તો કહેવાની જરૂર નથી કે જાગૃતિ રાખવી જરૂરી છે. હવે કયા કારણથી જાગૃતિ રહે છે ? જો જીવને બોધની અસર હોય, ઉપદેશની અસર હોય તો જાગૃતિ રહે. એ ઉપદેશના વિષયમાં બે વિભાગથી અહીંયાં પ્રતિપાદન કર્યું છે.

**'બોધ બે પ્રકારથી જ્ઞાની પુરુષોએ કર્યો છે.'** પહેલાં પેરેગ્રાફથી. **'બોધ બે પ્રકારથી જ્ઞાની પુરુષોએ કર્યો છે. એક તો 'સિદ્ધાંતબોધ' અને બીજો તે સિદ્ધાંતબોધ થવાને કારણભૂત એવો 'ઉપદેશબોધ.'** બે પ્રકારના બોધમાં સિદ્ધાંતબોધનો એક પ્રકાર છે. ઉપદેશબોધનો બીજો પ્રકાર છે. અને ઉપદેશબોધને એક વિશેષણ આપ્યું છે કે **'સિદ્ધાંતબોધ થવાને કારણભૂત એવો 'ઉપદેશબોધ.'** છે. સિદ્ધાંત બુદ્ધિગમ્ય થઈ શકે છે, ક્ષયોપશમમાં સમજાય છે પણ ઉપદેશબોધના કારણ વિના, ઉપદેશબોધરૂપ કારણની પ્રાપ્તિ વિના સિદ્ધાંતબોધ પરિણમતો નથી. અથવા સિદ્ધાંતબોધ જાણ્યાનું આત્મપ્રત્યયી કોઈ ફળ નથી. આત્માને લાભનું કારણ થાય એવું કોઈ ફળ એમાં નથી. એટલે એક સિદ્ધાંતબોધ અને બીજો ઉપદેશબોધ એ કારણરૂપ લીધો છે. સીધી વાત ન કરી કે એક ઉપદેશબોધ છે, બીજો સિદ્ધાંતબોધ છે. એમ ન કરી. ઉપદેશબોધ કહેતા એ સિદ્ધાંતબોધને કારણભૂત છે એટલી વાત સાથે મૂકી દીધી છે.

**'જો ઉપદેશબોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો ન હોય તો સિદ્ધાંતબોધનું માત્ર તેને શ્રવણ થાય તે ભલે,...'** એ જ વાત કરે છે. કારણભૂત કહ્યું ને ? એટલે એ વિષયનું સ્પષ્ટીકરણ આપે છે કે કારણ એટલે શું ? કે **'જો ઉપદેશબોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો ન હોય...'** એટલે કે ઉપદેશબોધ સારી રીતે લાગેલો

ન હોય, ઉપદેશબોધની જીવના પરિણામમાં અસર ન હોય. અથવા ઉપદેશબોધ જીવને પ્રાપ્ત જ ન હોય. કેમ કે સિદ્ધાંત સમજવાનું કારણ શું છે ? ઉપદેશબોધ સીધો એ છે કે જીવને આત્મકલ્યાણની ભાવના ઉત્પન્ન હોય. જે બોધને લઈને જીવને આત્મકલ્યાણની ભાવના હોય. વિસ્તાર તો ઘણો છે. પણ એ વિસ્તારનો સરવાળો લઈએ તો. જો જીવને આત્મકલ્યાણની ભાવના ન હોય અને સિદ્ધાંતબોધ સમજે માનો, તો શા માટે એ સિદ્ધાંતબોધ સમજે છે ? અવશ્ય આ સિવાયની જે કાંઈ એને દૃષ્ટિકોણ એને દૃષ્ટિ છે એ સિદ્ધાંત સમજવામાં, જે કાંઈ આશય છે એનો સિદ્ધાંત સમજવામાં, જે કાંઈ હેતુ છે, જે કાંઈ ધ્યેય છે એ ધ્યેય એના આત્માના કલ્યાણનું કારણ અવશ્ય નથી. આત્મકલ્યાણની ભાવના નહિ હોવાને લીધે એને સિદ્ધાંત સમજવા માટેનો જે કાંઈ દૃષ્ટિકોણ છે એ ખોટો છે, સાચો નથી. એટલે એ વાત કરે છે.

મુમુક્ષુ :– પરિણમન ઉપદેશબોધમાં જ આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– પરિણમન કરતાં પણ ખાસ કરીને દોષનો નાશ કરવો, ગુણ પ્રાપ્ત કરવા, આત્માને સંસાર પરિભ્રમણમાંથી છોડાવવો, પોતાનો આત્મા દુઃખી ન થાય એવા પ્રકારના પોતે ઉદ્દેશમાં આવે કે મારો આત્મા દુઃખી ન થાય. એમ ઉપશમના બધા પાયા જે કહેવામાં આવે છે એ ઉપશમ તરફ જીવ પહેલા ઉપદેશબોધથી વળી જાય છે. એવી સ્થિતિમાં એને સિદ્ધાંતબોધ ગ્રહણ થાય તો એનું સાર્થકપણું થાય. નહિતર એનું નિરર્થકપણું થાય અથવા અનર્થકપણું પણ થવાનો સંભવ ખરો. એટલે.

મુમુક્ષુ :– ઉપદેશબોધ વગર પાત્રતા આવે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– ઉપદેશબોધનો સંક્ષેપ એ છે કે પાત્રતા વિના સિદ્ધાંતબોધ છે એ આત્માને કાર્યકારી નથી. આત્મહિત માટે પછી સિદ્ધાંતો સમજીને કોઈ વિદ્વાન થઈ જાય, સિદ્ધાંતોને સમજીને કોઈ પોતાને એ અંગેની પ્રતિષ્ઠા વધારે કે હું આ વિષયનો સિદ્ધાંતનો જાણકાર છું. અથવા એ જાણવાનો શોખ પોષાય, કુતૂહલ પોષાય એટલે પર રુચિનું પોષણ થાય. કુતૂહલ એટલે પર રુચિનું પોષણ થાય. એવા કોઈપણ પ્રકાર સંભવિત છે. પણ એનું ફળ આત્માના હિત પ્રત્યે નથી. એ સિદ્ધાંત જાણવાનું ફળ આત્માનું હિત થાય એ પ્રકારે નહિ થાય. સંભવ છે કે અહિત થાશે. પણ એ બધાને માટે નથી કહ્યું. કેમ કે કોઈ એમાંથી ઉપદેશબોધ બાજુ પણ વળે છે.

એટલે એમ કહે છે કે **'જો ઉપદેશબોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો**

**ન હોય તો સિદ્ધાંતબોધનું માત્ર તેને શ્રવણ થાય તે ભલે,...'** એવો યોગ હોય. સિદ્ધાંતના કહેનારા જ્ઞાનીઓ, આચાર્યો, ગ્રંથો એ મળે. ભલે એનું શ્રવણ થાય તો ભલે. **'પણ પરિણામ થઈ શકે નહિ.'** એ સિદ્ધાંતનું પરિણમન ન આવે. આત્મહિતાર્થે એનું જે પરિણમન આવવું જોઈએ એ પરિણમન ન આવે.

**''સિદ્ધાંતબોધ' એટલે પદાર્થનું જે સિદ્ધ થયેલું સ્વરૂપ છે,...'** સિદ્ધાંતબોધ એટલે શું ? વસ્તુ સ્થિતિ. વસ્તુ સ્થિતિ એની વિરુદ્ધ, એથી બીજી કોઈ આગળ વાત નથી. વસ્તુસ્થિતિ સિદ્ધ થયેલી. અંત એટલે એનો છેડો આવી ગયો છે. સિદ્ધ+અંત. વસ્તુસ્થિતિ અહીંયા સીમાને પ્રાપ્ત થાય છે. વસ્તુસ્થિતિની પરિસીમા અહીંયાં પૂરી થાય છે. એ વસ્તુસ્થિતિની પરિસીમા અને એની છેવટની હદે દર્શાવનારા જે કાંઈ નિયમો છે એને સિદ્ધાંતો કહેવામાં આવે છે.

**''સિદ્ધાંતબોધ' એટલે પદાર્થનું જે સિદ્ધ થયેલું સ્વરૂપ છે, જ્ઞાનીપુરુષોએ નિષ્કર્ષ કરી..'** એટલે છેવટે. નિષ્કર્ષ એટલે એનો સારાંશ કાઢીને. **'જ્ઞાનીપુરુષોએ નિષ્કર્ષ કરી જે પ્રકારે છેવટે પદાર્થ જાણ્યો છે...'** છેવટે, છેલ્લી હદે જાણ્યો કે અહીંયાં પદાર્થની સીમા પૂરી થાય છે આ બાબતમાં. **'તે જે પ્રકારથી વાણી દ્વારા એ જણાવાય...'** એમ કહેનારની જે વાણી એને સિદ્ધાંત કહે છે. **'કે જે પ્રકારથી એ વાણી દ્વારા એ જણાવાય તેમ જણાવ્યો છે એવો જે બોધ છે તે 'સિદ્ધાંતબોધ' છે.'** બહુ સરસ વ્યાખ્યા કરી છે. એકદમ...

મુમુક્ષુ :- ઘરઘગથું ભાષામાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા છતાં Perfect છે. સાદિ ભાષામાં છતાં પૂરેપૂરી સરખી વ્યાખ્યા કરી છે કે વસ્તુસ્થિતિને જ્ઞાનીપુરુષોએ જાણીને, જ્ઞાનીપુરુષોએ અનુભવીને એનો નિષ્કર્ષ કાઢીને એની જે છેલ્લી હદની વાત કરી કે આ વાત અહીંયાં હવે પૂરી થાય છે એને એ વસ્તુસ્થિતિના અને દર્શાવનાર જે વાણી એને સિદ્ધાંત કહેવામાં આવે છે. આ સિદ્ધાંતની વાત છે. સિદ્ધાંત એટલે વસ્તુની સ્થિતિ.

**'પણ પદાર્થના નિર્ણયને પામવા..'** એની વસ્તુસ્થિતિ એ રૂપ પદાર્થ છે. વસ્તુસ્થિતિ રૂપે પદાર્થ છે. એ **'પદાર્થના નિર્ણયને પામવા..'** માટે જ્ઞાનની અંદર. પદાર્થને જેવો છે એવો. નિજ આત્મપદાર્થ છે. મૂળ તો પ્રયોજનભૂત પોતાનો આત્મા છે. તો કહે છે, એ પદાર્થના વસ્તુના સ્વરૂપને પામવા માટે, અનુભવવા માટે, જ્ઞાનમાં એને ગ્રહણ

કરવા માટે **'જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે,...'** 'ગુરુદેવ' વસ્તુસ્થિતિ એમ કહે કે એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી. તો કાંઈ નહિ હવે આપણે દયા પાળવાની કડાકૂટ મટી. દાન દેવાનું પણ બચ્યું. વિપર્યાસમાં સીધો ઊંધો તર્ક ઊઠે કે જ્યારે આપણે કરી જ શકતા નથી કોઈનું પછી ક્યાં કરવાનું રહ્યું આપણે ? એમ વિપર્યાસ પામેલી બુદ્ધિમાં એ સિદ્ધાંત છે એ પ્રાયઃ વિપરીતપણે ગ્રહણ થાય છે અને અનર્થનું કારણ થઈ જાય છે. એટલે સિદ્ધાંતબોધ ગ્રહણ કરવા પહેલા પાત્રતા જરૂરી છે. જો પાત્રતા ન હોય તો સિદ્ધાંતબોધ મુશ્કેલીમાં મૂકે.

મુમુક્ષુ :– ઉપદેશબોધનો નિષ્કર્ષ એટલે પાત્રતામાં આવવું એટલું જ છે કે બીજું કાંઈ વિશેષ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઉપદેશબોધનું ગ્રહણ થતાં પાત્રતામાં જીવ આવે છે અને સિદ્ધાંતબોધ ઝીલવા માટે એ લાયક થાય છે. પાત્ર થાય છે. પાત્ર વગર વસ્તુ શેમાં રહેશે ? શાક લેવા જાય તો થેલી લઈને નીકળે ઘરેથી.

મુમુક્ષુ :– હાથમાં કેવી રીતે લવાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ટીંડોરા કેવી રીતે હાથમાં લે ? પાંચસો ગ્રામ, એક કિલો ટીંડોરા ઘરે જોતા હોય તો પછી થેલી વગર કેવી રીતે લઈ જશે ? કહો.

મુમુક્ષુ :– શાકવાળા આપે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ થેલી, પાત્ર તો ખરું ને. એમ સિદ્ધાંતબોધવાળા ઉપદેશ આપે છે. ઉપદેશબોધ નથી આપતા એવું નથી. આપે છે. દેવાવાળા આપે છે. પણ એના વગર તો નહિ ને ? એમ કહેવું છે. પ્રશ્ન એ છે કે પાત્ર વિના વસ્તુ રહેતી નથી.

મુમુક્ષુ :– પાત્રતામાં પહેલામાં પહેલું સંગ, અસંગ વિવેક...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો છે જ ને. પાત્રતા માટે સત્સંગ છે એ ઉપાસવા યોગ્ય છે. અને અસત્સંગમાં ઉદાસીન થવા યોગ્ય છે. આ પ્રતિપક્ષમાં સામેસામી વાત રહેલી છે. કેમ કે જીવ નિમિત્તાધિન દૃષ્ટિમાં ઊભો છે અને એ સ્થિતિમાં આટલો ઓછામાં ઓછો જો વિવેક થાય તો એને નુકસાન થતું બચે અને લાભ થવાનો અવસર આવે. કેમ કે એ વિવેક પોતે ઉપાદાન છે. કેમ કે એ વિવેક પોતે ઉપાદાન છે. એ વિવેક

થવો એ પોતે ઉપાદાન છે. ઉપાદાનના પરિણામ છે.

મુમુક્ષુ :– આપણે હજારો મુમુક્ષુઓનો મૂળભૂત પ્રશ્ન છે એનો આમાં જવાબ છે. મૂળભૂત પ્રશ્ન છે.

પૂજ્ય ભાઈશ્રી :– મૂળ પ્રશ્ન છે.

મુમુક્ષુ :– આપણે ૩૦ વર્ષ સુધી સાંભળીએ છીએ તો પણ કાંઈ થતું નથી. થાય ક્યાંથી ?

પૂજ્ય ભાઈશ્રી :– ખરી વાત છે. કેમ કે સત્સંગ કરતા અસત્સંગને વધારે સેવે છે જીવ અને ઉપદેશબોધ ઉપર એનો ખ્યાલ નથી. સિદ્ધાંત એ ઉચ્ચ કોટીનો ઉપદેશ છે, ઉચ્ચ સ્તરનો ઉપદેશ છે એટલે એ ઉપદેશ એને જાણવા મળે છે, સાંભળવા મળે છે ત્યારે એને એમ થઈ જાય છે કે મને ઉચ્ચ કોટીનો ઉપદેશ મળી ગયો, મને બહુ લાભનું કારણ થયું. પણ પછી પરિણામ જોવે છે તો એમ એને ખ્યાલ આવે છે કે મને કાંઈ લાભ તો થયો જ નથી. મને તો એમ ને એમ લાગે છે બધું. ત્યારે એણે એ સંશોધન કરવું જોઈએ અથવા આવા જ્ઞાનીપુરુષોના વચનોથી એને જાણવા મળે છે કે ઉપદેશબોધ ગ્રહણ કર્યા વિના સીધો સિદ્ધાંતબોધનો ગ્રહણ કરવાનો પ્રયત્ન કર્યો છે, એ ક્રમભંગ પ્રયત્ન છે. એ ક્રમભંગ. રસ્તે ચાલવા માટે ક્રમ છોડીને, ક્રમનો ભંગ કરીને રસ્તે ચાલવા જાય છે તો એ માર્ગ ઉપર ચાલી શકશે નહિ. એ ઉન્માર્ગે ચાલ્યો જશે.

ફરીથી. '**પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ...**' એટલે એ પામી જ ન શકે એમ કહે છે. વચમાં આડશ છે. '**પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે,...**' અનાદિ બુદ્ધિ વિપર્યાસમાં ઊભો છે. શું સ્થિતિ છે ? કે અનાદિ બુદ્ધિ વિપર્યાસમાં ઊભો છે એટલે એ પદાર્થના નિર્ણયને કરી શકતો નથી. આપણે સ્વરૂપ નિર્ણયનો ગુરુવારે રાત્રે પ્રકરણ શરૂ કર્યું છે પણ આ શરત છે એની. કે સ્વરૂપ નિર્ણય કરવો છે પણ જીવ કેમ નથી કરી શકતો ? આત્માની વાત વાંચે, આત્માની વાત સાંભળે, સિદ્ધાંતો સાંભળે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય, ગુણ-ગુણી ભેદ ચારે પડખેથી આત્મા સાંભળવા, સમજવા મળે છતાં પદાર્થનો નિર્ણય કાં નહિ ? કે અનાદિથી જે વિપર્યાસપણે બુદ્ધિમાં પોતાનું સ્થાન છે, રહેવું છે એટલે એ પદાર્થનો નિર્ણય પામી શકતો નથી.

પદાર્થનો નિર્ણય એને થઈ શકતો નથી.

જે વિપર્યાસપણે પામેલી બુદ્ધિ વ્યક્તપણે કે અવ્યક્તપણે. સૂક્ષ્મ પરિણામ હોય તો એ વિપર્યાસના અવ્યક્ત (પરિણામ) છે, સ્થૂળ પરિણામ હોય તો તે વ્યક્ત પરિણામ છે. એવા '**વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસપણે પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે;...**' ધારણ કરે છે. નિર્ણય તો જરૂર કરે છે. કેવી રીતે કરે છે નિર્ણય ? વિપર્યાસપણે નિર્ણય કરે છે, અન્યથાપણે નિર્ણય કરે છે, કલ્પનાયુક્ત નિર્ણય કરે છે, કલ્પિત નિર્ણય કરે છે. એને અયથાર્થ નિર્ણય છે કે જેના ફળમાં એને આત્મલાભ થતો નથી. ઊલટાનું એને નવું ગ્રહણ થાય છે તેથી એને ગૃહીત મિથ્યાત્વ કહેવામાં આવે છે. બુદ્ધિપૂર્વક ગ્રહણ કરેલી ભૂલ એનું નામ ગૃહીત મિથ્યાત્વ છે. આમ છે.

મુમુક્ષુ :– મને સમજાય ગયું છે, હું કાંઈક સમજું છું.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં તો એ આવી જ જાય છે. કેમ કે બુદ્ધિમાં તો પક્કડ કરી છે. વાતને તો પકડે છે પણ અયથાર્થપણે. નથી પકડી એમ નથી કહેવું. પણ અયથાર્થપણે પકડી છે એટલે એને એ કાર્યસાધક નથી પણ કાર્યબાધક છે. એટલે આ એક નાજુક પરિસ્થિતિ છે. અથવા આ એક જવાબદારીવાળી જોખમી પરિસ્થિતિ છે. પદાર્થનિર્ણય કરવા જતાં લાભ થવો જોઈએ, લાભ થવા માટે પદાર્થનિર્ણય કરવામાં આવે છે એના બદલે નુકસાન થાય તો એની તો સાવધાની રાખવી જોઈએ.

ફરીને. '**પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે...**' એટલે પોતાને ખબર પણ ન હોય. વ્યક્તપણેમાં પોતાને ખબર પડે, બીજાને પણ ખબર પડે. અવ્યક્તપણામાં પોતાને ખબર ન પડે, જ્ઞાનીને ખબર પડી જાય. એને ખબર ન હોય પણ જ્ઞાનીને ખ્યાલ આવી જાય કે હજી આ જગ્યાએ વિપર્યાસમાં ઊભો છે.

એટલે 'શ્રીમદ્જી'ને વ્યક્તિગત જ્યારે મુમુક્ષુઓને ઉત્તર દેવાનો પ્રસંગ થતો હતો પત્રો દ્વારા ત્યારે એ પત્રમાં, અનેક પત્રમાં એમ જણાવે છે કે આ વાત તમે સમાગમે પૂછજો. શું લખે ? કે આ વાત તમારે સમાગમે પૂછવા યોગ્ય છે. એમ શા માટે કહે છે ? કે પત્ર દ્વારા એને સિદ્ધાંતની કે કોઈ એવી વાત સમજાવવા જાય તો એ વિપરીતપણે પરિણમશે એવું લાગે. અથવા એ પહેલા એને શું સમજવું ઘટે છે એ એને રૂબરૂમાં સમજાવ્યા વિના એ જે વાતનો ઉત્તર માગે છે એ ઉત્તર સાંભળવાથી એને કાંઈ લાભ

નથી. એવો પોતાને ખ્યાલ આવી જાય છે.

કેવળજ્ઞાનનો એક પ્રશ્ન ઊઠ્યો છે, ખ્યાલમાં છે કે કોઈએ કેવળજ્ઞાનના સ્વરૂપ વિષે ચર્ચા કાઢી છે. આગળ આવશે. તો કહે છે, એ બાબતમાં બીજી ઘણી વાતો કહેવા, સમજાવ્યા પછી તમને એ વિષય સમજાય એવું લાગે છે. માટે તમે સમાગમે પૂછજો. પહેલા શું સમજાવું ? પછી શું સમજાવું ? એ વ્યક્તિગત રીતે સામે માણસ હોય તો એમને ખ્યાલમાં આવી જાય છે.

મુમુક્ષુ :– પહેલામાં પહેલી પાત્રતાની જ વાત 'શ્રીમદ્જી' એ લીધી.

પૂજ્ય ભાઈશ્રી :– પહેલી વાત તો પાત્રતાની જ છે એમાં તો કાંઈ ફેરફાર કરવાનો પ્રશ્ન જ છે નહિ. પાત્રતા વિના બધું નકામું છે. અથવા આ ક્ષેત્ર જ એને યોગ્ય નથી. આ જે ધર્મનું ક્ષેત્ર છે એ પાત્રતા વિના યોગ્ય જ નથી. ખરેખર એમ છે.

**'પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસપણે પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે;...'** બુદ્ધિ કામ જરૂર કરે છે. શક્તિ છે એટલે. પણ વિપર્યાસ સહિતની હોવાને લીધે પદાર્થના સ્વરૂપને જેવો પદાર્થ છે એવો નહિ નિર્ધારમાં લેતાં બીજી રીતે નિર્ધારે છે.

**'તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા,...'** આવું વિપર્યાસપણું તો જ્યારે જ્ઞાન થાય ત્યારે મટે છે પણ પહેલું એનું બળ એટલે એનો રસ ઘટી જવો જોઈએ. વિપર્યાસની વિપરીત શક્તિ તૂટી જવી જોઈએ. **'તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા,...'** અને વસ્તુસ્વરૂપ જાણવા માટેના એ વિષયમાં પ્રવેશ થવા માટે, Admission. આ મોટી Degree ના Admission માટેની પરીક્ષા આપવી પડે છે. જેને Enterence examination કહેવામાં આવે છે. Enterence એટલે પ્રવેશ. આ C.A. માં એ જે મોટી Degree ઓ છે ડોક્ટરેટમાં અને. એ ભલે Post graduate થઈ ગયો હોય વિદ્યાર્થી. એટલે ત્યાર પછી જ એને એ કોર્સ મળે. એ પહેલા તો એટલું ભણી જ લેવું પડે. પણ એ ભણી લીધા પછી પણ આ વિષય માટે એને દાખલ કરવા લાયક છે કે નહિ એ માટે એને છ મહિના શિક્ષણ આપે. અને છ મહિના પછી એની પરીક્ષા લે. એ પરીક્ષામાં પાસ થાય તો એ કોર્સ એને શરૂ કરાવે. નહિતર જ્યાં સુધી પાસ ન થાય ત્યાં સુધી ફરી ફરીને એને Enterence examination

આપવી પડે. એમ કહે છે કે વસ્તુસ્વરૂપ જાણવા માટે, એ સિદ્ધાંતના વિષયમાં પ્રવેશ થવા માટે. અને એ પ્રવેશ ક્યારે થાય છે કે વિપર્યાસ બુદ્ધિનું બળ ઘટે ત્યારે.

**'જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે;...'** આ પાત્રતા માટેની ખાસ વાત છે. પાત્રતામાં આ વાત ખાસ છે–વૈરાગ્ય અને ઉપશમ. વૈરાગ્ય એટલે મુમુક્ષુની ભૂમિકામાં ઘરબાર છોડી દે, કુટુંબ-પરિવાર કે દુકાન છોડી દે એ વાત અહીંયાં નથી કહેતા. વૈરાગ્ય એટલે એના ઉદયગત જે કાંઈ પ્રસંગો છે એમાં એના ભાવો છે, એમાં નીરસપણું અથવા ઉદાસીનપણું એને અહીંયા વૈરાગ્ય કીધો છે. અને તે પણ ઉદાસીનપણું કે નીરસપણું કયા આધારે, કયા આશયથી, કયા કારણથી, કયા હેતુથી ? કે આત્મહિતના હેતુથી. આત્મસ્વરૂપનો નિર્ણય કરવાની જિજ્ઞાસાના સ્થાનમાં. જિજ્ઞાસાના કાળમાં, જિજ્ઞાસા સમયે. જિજ્ઞાસાને લઈને. એવી જિજ્ઞાસા ઊપડે કે એની એ જિજ્ઞાસાની તૃપ્તિ ન થાય ત્યાં સુધી એટલે નિર્ણય ન થાય ત્યાં સુધી એને બીજી બધી જગ્યાએથી નીરસપણું થઈ જાય, રસ ઊડી જાય, ફિક્કો પડી જાય એને વૈરાગ્ય કહેવામાં આવે છે. વૈરાગ્યની મુમુક્ષુની ભૂમિકામાં આ પરિસ્થિતિ છે. પછી ચોથા ગુણસ્થાનનો વૈરાગ્ય વિશેષ એ બીજી વાત છે, પાંચમા ગુણસ્થાનના વૈરાગ્યની વાત જુદી છે અને મુનિદશામાં ઉત્કૃષ્ટ વૈરાગ્ય, વૈરાગ્યશિખરના શિરોમણી છે એ તો. મુનિરાજ છે એ તો વૈરાગ્ય શિખરના શિરોમણી છે એની વાત જુદી છે. 'નિયમસાર'માં જે શબ્દ વાપર્યો છે.

એમ વૈરાગ્ય શબ્દ છે એ બધા ગુણસ્થાને, મોક્ષમાર્ગના મુમુક્ષુથી લઈને મુનિદશા સુધી લાગુ પડે છે. પણ ક્યા સ્થાનમાં ? કઈ કક્ષાએ ? કયા પ્રકારનો વૈરાગ્ય હોય એ જો ખબર ન હોય તો માણસ શું કહે છે ? ભાઈ ! મને હવે વૈરાગ્ય આવ્યો છે મારે દીક્ષા લઈ લેવી છે. આ સંસાર ખારો ઝેર છે. બધા પ્રતિકૂળ ચાલતા હોય. એને એમ થાય કે આ સંસાર તો હવે ખારો ઝેર છે અને કાં તો એવા બધા પ્રસંગો પ્રતિકૂળતાના આવ્યા હોય તો જે એને અનુકૂળતા હોય એ બધું ખલાસ થવા માંડે. સ્વજનનું મૃત્યુ થાય, બીજું છે, ત્રીજું છે. બધા વૈરાગ્યના પ્રસંગ એવા હોય. હવે તો આ સંસારમાં રહેવું જ નથી. સાધુપણું લઈ લેવું છે. એ મુમુક્ષુની ભૂમિકાનો વૈરાગ્ય નથી. એ મુમુક્ષુની ભૂમિકાનો વૈરાગ્ય નથી.

મુનિદશામાં હોય તો કેશલોચ કરે. અને કેશલોચ ન કરે ત્યાં સુધી એને વાળ

વધે. માથાના વાળ, દાઢીના વાળ બધા. પણ મુમુક્ષુની ભૂમિકામાં એવું રાખે તો ? એ ઉચિત નથી. મને વૈરાગ્ય આવ્યો છે. મારે કાંઈ સારું દેખાય એવું કાંઈ નથી કરવું, એમ કહે. ભૂમિકા અનુસાર વૈરાગ્ય હોય છે એ પણ ન સમજવામાં આવે તો બીજી ભૂમિકાના આચરણો કરવા મંડી જાય ઉપરની ભૂમિકામાં. હોય હજી મુમુક્ષુ, પદાર્થ નિર્ણય પણ ન હોય અને આચરણ કરે ઉપરની ભૂમિકાનું. એથી કરીને એને કાંઈ લાભ થઈ જાય છે એવું કાંઈ નથી. ઊલટાનું તે તે પ્રકારનું અહંપણું ઉત્પન્ન થાય. એ વૈરાગ્ય છે.

ઉપશમ એટલે શાંતપણું છે. ઉપશમ એટલે ? શાંતપણું છે. ઉપશમ એટલે પાછું વળવું. તીવ્ર કષાયરસથી પાછું વળવું એવું જે ઉપશમ છે એ બે સાધન કહ્યા છે. એવા જે જે સાધનો જીવને સંસારભય દઢ કરાવે છે. એ સાધનો દ્વારા શું છે જીવને સંસારના ભવરોગ, જન્મ-મરણ અને સંસારના દુઃખોનો જે ભય છે એ દઢ કરાવે છે. **'તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે...'** અને એનો વિસ્તાર ઘણો છે. એ સાધનો સંબંધી જે જે ઉપદેશ કહ્યો છે તેને ઉપદેશબોધ કહેવામાં આવે છે.

આગળ પોતે એ વાત સંક્ષેપમાં કરી ગયા છે. થોડા વખત પહેલા એ પત્ર આપણે આવી ગયો છે. ૫૦૦ નંબરનો પત્ર છે. પાનું ૩૯૯. એમાં નીચેનો પેરેગ્રાફ. **'પરિગ્રહ, આરંભ અને સંગ...'** સંગ એટલે સંસારના જે અસત્સંગો છે તે. **'પરિગ્રહ, આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે એ આદિ જે શિક્ષા છે તે 'ઉપદેશજ્ઞાન' છે.'** ઉપરથી લઈએ તો. બીજી લીટીથી. **'જન્મમરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો ઘટે છે; અનિત્ય પદાર્થમાં વિવેકીને રુચિ કરવી હોય નહીં; માતપિતા, સ્વજનાદિક સર્વનો 'સ્વાર્થરૂપ' સંબંધ છતાં આ જીવ તે જાળનો આશ્રય કર્યા કરે છે,...'** જાળ કહો, જંજાળ કહો. કેવળ સ્વાર્થરૂપ સંબંધ છે. પણ સેવા કરતા હોય તો ?

મુમુક્ષુ :- તો સારા લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- તો સ્વાર્થ સંબંધ ખરો કે નહિ ? જરાક એની રુચિને અને એના રસને પ્રતિકૂળ વાત કરે તો એની પરીક્ષા થઈ જાય છે.

**'માતપિતા, સ્વજનાદિક સર્વનો 'સ્વાર્થરૂપ' સંબંધ છતાં આ જીવ તે જાળનો આશ્રય કર્યા કરે છે, એ જ તેનો અવિવેક છે; પ્રત્યક્ષ રીતે ત્રિવિધ તાપરૂપ આ સંસાર જણાતાં છતાં...'** ચોખ્ખે ચોખ્ખું દુઃખનું એકાંતે દુઃખનું સ્થાન છે, એકાંતે દુઃખનું કારણ

છે અને એકાંતે દુઃખમય છે એવો આ સંસાર જણાતો હોવા છતાં **'મૂર્ખ એવો જીવ...'** કેવો ? **'મૂર્ખ એવો જીવ તેમાં જ વિશ્રાંતિ ઇચ્છે છે;....'** ત્યાંથી સુખ લેવાનું ચાહે છે કે મને આમાં સુખ મળી જશે એવી આશા કરે છે.

**'પરિગ્રહ, આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે.'** આ અવતરણચિહ્નમાં જેટલી વાત લીધી છે ને ? એ બધી ઉપદેશબોધમાં જાય છે એમ કહે છે. **'એ આદિ જે શિક્ષા છે તે 'ઉપદેશજ્ઞાન' છે.'** એને ઉપદેશબોધ અથવા ઉપદેશજ્ઞાન કહેવામાં આવે છે. એ ઉપદેશબોધની વાત કરી. અહીંયાં વૈરાગ્ય અને ઉપશમ એનો સંક્ષેપ કરી નાખ્યો છે. કેમ કે એમને અહીંયાં એ વિષય ખોલવો નથી. બેની તુલનાની વાત કરવી છે. બે બોધની તુલના કરવી છે.

મુમુક્ષુ :– મુમુક્ષુ માટે કિંમતીમાં કિંમતી પત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઘણો. બહુ સારો પત્ર છે. મુમુક્ષુ માટે આ વાત પ્રયોજનભૂત છે અને સમજવા જેવી છે. નહિતર ક્રમભંગ પોતે પ્રયત્ન આદરે છે. પ્રયત્ન કરે છે પણ કેવો ? ક્રમભંગ પ્રયત્ન કરે છે. એટલે એ પ્રયત્ન સફળ થતો નથી.

**'એવાં જે જે સાધનો જીવને સંસારભય દૃઢ કરાવે છે તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે તે 'ઉપદેશબોધ' છે.'**

**'આ ઠેકાણે એવો ભેદ ઉત્પન્ન થાય કે...'** અથવા એવી આશંકા થાય, આ સ્થળે એવો પ્રશ્ન થાય **'કે 'ઉપદેશબોધ' કરતાં 'સિદ્ધાંતબોધ'નું મુખ્યપણું જણાય છે,...'** સિદ્ધાંતબોધ ઉચ્ચ કોટીનો ઉપદેશ છે. બંનેની કોટી જો વિચારવામાં આવે, કક્ષા વિચારવામાં આવે તો ઉપદેશબોધ કરતા સિદ્ધાંતબોધ ઉચ્ચ કોટીનો છે. વળી ઉપદેશબોધ સર્વ અન્ય મતોમાં છે. જગતના સર્વ ધર્મ સંપ્રદાયોમાં ઉપદેશબોધ છે. એકલો દિગંબરમાં છે એમ નહિ, શ્વેતાંબરમાં છે, સ્થાનકવાસીમાં છે, મુસલમાનમાં છે, હિન્દુમાં છે, ક્રિશ્ચનમાં છે, બૌદ્ધમાં છે. બધે ઉપદેશબોધ છે. સિદ્ધાંતબોધ જૈનદર્શન સિવાય બીજે ક્યાંય નથી. એટલે એનો Class જરૂર જુદો છે અને ઉચ્ચ કોટીનો ઉપદેશ છે. એટલે આ ઠેકાણે પ્રશ્ન ઉત્પન્ન થાય **'કે 'ઉપદેશબોધ' કરતાં 'સિદ્ધાંતબોધ'નું મુખ્યપણું જણાય છે,...'** અથવા ઉપદેશ કરતાં વધારે મુખ્ય વાત છે, મોટી વાત છે. **'કેમકે ઉપદેશબોધ પણ તેને જ અર્થે છે,...'** ઉપદેશબોધ શેના માટે છે ? કે સિદ્ધાંતબોધ પામવા માટે છે.

**'કેમકે ઉપદેશબોધ પણ તેને જ અર્થે છે, તો પછી સિદ્ધાંતબોધનું જ પ્રથમથી અવગાહન કર્યું હોય તો જીવને પ્રથમથી જ ઉન્નતિનો હેતુ છે.'** પહેલેથી જ ઊંચે ચડી જાય. પહેલેથી જ એને સિદ્ધાંતબોધ આપીએ તો શું વાંધો ? આગળ તો પોતે કહી ગયા કે અનાદિ વિપર્યાસ ભાવને પામેલી બુદ્ધિ છે એ પામી જ નહિ શકે સિદ્ધાંતને. ઊલટો ગ્રહણ કરશે, વિપરીતપણે ગ્રહણ કરશે અને પોતાના આત્માને નુકસાન કરશે. તો વાતને જરા ખોદીને વધારે સ્પષ્ટ કરે છે. એટલે પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે.

**'આ પ્રકારે જો વિચાર ઉદ્‌ભવે...'** અથવા પ્રશ્ન ઉદ્‌ભવે **'તો તે વિપરીત છે,...'** એ પ્રશ્ન જ વિપરીત છે. **'કેમકે સિદ્ધાંતબોધનો જન્મ ઉપદેશબોધથી થાય છે.'** ઉપદેશબોધ પ્રાપ્ત થયા વિના જ્ઞાનમાં સિદ્ધાંતબોધ જન્મી શકતો નથી. માની લે કે મને સિદ્ધાંતની ખબર છે માટે એને સિદ્ધાંતબોધ પરિણમ્યો છે એ વાતમાં કાંઈ માલ નથી. જાણી લે એટલે સિદ્ધાંતબોધ ગ્રહણ કરી લીધો છે એમ બિલકુલ નથી.

મુમુક્ષુ :– અંશમાત્ર પણ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– અંશમાત્ર નહિ. જન્મ જ થતો નથી એમ કહે છે. સિદ્ધાંતબોધનો જન્મ જ ઉપદેશબોધથી થાય છે. એટલે એને સિદ્ધાંતબોધ જન્મ્યો જ નથી. કાંઈક બીજું છે એ. સિદ્ધાંતબોધ નથી પણ સિદ્ધાંતબોધનો વિપર્યાસ જરૂર છે. આભાસ છે એને. વસ્તુ નથી પણ આભાસ છે વસ્તુનો. જેમ સુખ. આપણે જેને સુખ કહીએ છીએ એને જ્ઞાનીઓ સુખાભાસ કહે છે. સુખનો આભાસ. થોડુંક તો સુખ ખરું ને ત્યાં ?

મુમુક્ષુ :– જરા પણ નહિ. એકાંતે નહિ. અંશે પણ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. અંશે પણ નથી ત્યાં. કેવળ દુઃખ છે. જેમાં સુખનો આભાસ થયો છે એ કેવળ દુઃખ છે. એને સુખાભાસ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– મિથ્યા ભાસ છે.

પૂજ્ય ભાઈશ્રી :– મિથ્યા ભાસ કહો. આભાસનો અર્થ જ મિથ્યા ભાસ. ભાસ એટલે જાણવું. મિથ્યા શબ્દ ન લગાડવો હોય તો એને આભાસ કહેવામાં આવે છે. આ છે એ મિથ્યાના સ્થાનમાં જ છે. મિથ્યાભાસ કહો કે આભાસ કહો. એ શબ્દાંતર છે. એક જ ભાવ છે બંનેનો. પણ ચોખ્ખા દુઃખ કરતાં, આભાસી સુખ તો સારું ખરું કે નહિ ? એકલું દુઃખ જ લાગે એના કરતાં ભલે સુખાભાસ હોય, પણ સારું

તો ખરું કે નહિ ? કે દુઃખમાં જે ન છેતરાય, આભાસમાં છેતરાય જાશે. માટે વધારે એ નુકસાનકારક છે. આત્માને એ વધારે નુકસાનકારક છે.

એમ સિદ્ધાંત કાંઈ ન જાણતો હોય એના કરતાં આભાસીપણે પણ થોડુંક તો જાણે છે ને ? એને વધારે નુકસાન થાય છે. એના કરતા અજાણ્યો હોત તો જિજ્ઞાસામાં આવત. હવે સાચું-ખોટું જેવું વિપરીત જાણી લીધું છે હવે એની જિજ્ઞાસા પણ રહી નથી. એને એમ લાગે છે કે મને બધું આવડે છે, મને બધી ખબર છે, હું બધું જાણું છું. મારે હવે કાંઈ જરૂર નથી.

**'આ પ્રકારે જો વિચાર ઉદ્‌ભવે તો તે વિપરીત છે, કેમ કે સિદ્ધાંતબોધનો જન્મ ઉપદેશબોધથી થાય છે.'** ઉપદેશબોધ વિના સિદ્ધાંતનો જન્મ થતો નથી. **'જેને વૈરાગ્ય-ઉપશમ સંબંધી ઉપદેશબોધ થયો નથી,...'** વૈરાગ્ય-ઉપશમ સંબંધી ઉપદેશબોધ આત્માને થયો જ નથી. તે આત્માને **'તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે,...'** સિદ્ધાંતમાં તો એ વાત આવશે કે સુખ આત્મામાં છે અને સુખ જડમાં નથી. જાણી લીધું, બરાબર છે. સુખ તો આત્મામાં છે. જડમાં સુખ નથી. પણ ઉદયની અંદર ખાવું, પીવું આદિ જે જડ પદાર્થોમાં સુખાભાસના પ્રસંગમાં ઉદયમાં એ વાત ક્યાંય અધ્ધર રહી જાય છે. એ જાણપણું એને સ્મરણમાં પણ રહેતું નથી. અને તીવ્ર રસે કરીને એ ઉદયમાં પરિણમે છે. તેથી એમ થાય છે કે એને સિદ્ધાંતનો જન્મ જ થયો નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીપુરુષો પણ ખાય-પીવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ખાય પીવે છે, જ્ઞાનીપુરુષો પણ ખાય-પીવે છે. અજ્ઞાનીજીવો પણ ખાય-પીવે છે. ખાવા ખાવામાં ફેર છે. મીંદડી ઉંદરને પણ પકડે છે મોઢામાં, અને એના બચ્ચાને પણ પકડે છે. પકડ પકડમાં ફેર છે. ઉંદરડાને પકડ્યો હોય તો લોહીલુહાણ થઈ જાય તો પણ મૂકે નહિ. અને એના જન્મેલા બચ્ચાને પકડ્યો હોય તો એને દાંત ક્યાંય બેસી ન જાય, એને દાંત ન બેસી જાય એની ચામડી ઉપર એનું ધ્યાન રાખે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે. બેય મોઢામાં જ દેખાય છે. પકડ પકડ મેં ફેર હૈ. એવી વાત છે. એટલે એવી રીતે તો કાંઈ ખબર પડે નહિ.

એટલે એ વિપર્યાસપણું વર્ત્યા કરે છે. **'જેને વૈરાગ્ય-ઉપશમ સંબંધી ઉપદેશબોધ થયો નથી, તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે,...'** એટલે એને પરિણમનમાં સાચું સુખ માનીને જ પરિણમે છે. **'અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી**

**સિદ્ધાંતનું વિચારવું પણ વિપર્યાસપણે થવું જ સંભવે છે.'** કેમ કે એ વિપરીતતા કામ કર્યા વગર રહેશે નહિ. વિપરીતતા અવશ્ય કામ કરશે જ. એટલે બુદ્ધિ વિપરીત છે. સિદ્ધાંતને પણ એ વિપરીત રીતે વિચારશે. દૃષ્ટાંત આપે છે, કેવી રીતે.

**'કેમકે ચક્ષુને વિષે જેટલી ઝાંખપ છે, તેટલો ઝાંખો પદાર્થ તે દેખે છે. અને જો અત્યંત બળવાન પડળ હોય તો તેને સમૂળગો પદાર્થ દેખાતો નથી;...'** જ્ઞાનને ચક્ષુની ઉપમા આપી છે. એને આડું પડળ હોય, પદાર્થ ઝાંખો દેખે. બહુ જાડું પડળ હોય તો એને કાંઈ દેખાય નહિ. **'તેમ જેને ચક્ષુનું યથાવત્ સંપૂર્ણ તેજ છે તે, પદાર્થને પણ યથાયોગ્ય દેખે છે. તેમ જે જીવને વિષે ગાઢ વિપર્યાસબુદ્ધિ છે, તેને તો કોઈ રીતે સિદ્ધાંતબોધ વિચારમાં આવી શકે નહીં'** અહીંયાં એક પડળનું દૃષ્ટાંત લીધું છે પણ એમ પણ વિચારી શકાય કે જેને ચક્ષુનો રોગ થયો હોય, જ્ઞાનમાં વિપર્યાસ છે એ એક રોગ છે, ચક્ષુના રોગમાં થાય છે ને ? કમળો થાય છે. તો સફેદ પણ પીળું દેખાય છે, એવી રીતે એને પદાર્થ અન્યથા સ્વરૂપે પ્રતિભાસે છે. એને જે ભાસ થાય છે એ ખોટો થાય છે. જેવો પદાર્થ છે એવો ભાસતો નથી. બીજી જ રીતે એને દેખાવા લાગે છે. એ જ્ઞાનનો ભ્રાંતિનો રોગ છે.

**'તેમ જે જીવને વિષે ગાઢ વિપર્યાસબુદ્ધિ છે, તેને તો કોઈ રીતે સિદ્ધાંતબોધ વિચારમાં આવી શકે નહીં. જેની વિપર્યાસબુદ્ધિ મંદ થઈ છે...'** અને જેટલા પ્રમાણમાં મંદ થઈ છે. **'તેને તે પ્રમાણમાં સિદ્ધાંતનું અવગાહન થાય;...'** થવાની શક્યતા. એનો વિપર્યાસ ઘટ્યો હોય એટલા પ્રમાણમાં. એમ કહેવું છે. **'અને જેણે તે વિપર્યાસબુદ્ધિ વિશેષપણે ક્ષીણ કરી છે એવા જીવને વિશેષપણે સિદ્ધાંતનું અવગાહન થાય.'** છે. કેમ કે સિદ્ધાંતનો વિષય સૂક્ષ્મ છે એટલે એ સૂક્ષ્મ વિષયમાં પ્રવેશ કરવા માટે એને વિપરીતતાના પડળ ખસવા જોઈએ અથવા એને જ્ઞાનનો રોગ મટવો જોઈએ. જેટલા પ્રમાણમાં મટે એટલું એને દેખાય. આ તો સમજી શકાય એવી વાત છે. એ રીતે ચોખ્ખી આંખ હોય, જ્ઞાન નિર્મળ થયું હોય તો જ પોતાના સ્વરૂપનો પ્રતિભાસ થાય જ.

આત્મસ્વરૂપ છે એ ત્રિકાળ શુદ્ધ છે. કેટલું નિર્મળ છે ? સ્પષ્ટ. જેમ સ્ફટિક એકદમ નિર્મળ હોય એમ આત્મસ્વરૂપ છે એ ત્રિકાળ શુદ્ધ એકદમ નિર્મળથી પણ નિર્મળ સંપૂર્ણ નિર્મળ છે. એ મેલા જ્ઞાનથી કેવી રીતે દેખાશે ? એ નિર્મળજ્ઞાન વિના એ

પદાર્થનો પ્રતિભાસ આવતો નથી. આ બહુ ચોખ્ખી વાત છે. બુદ્ધિ વધારે હોય માટે જ્ઞાનમાં આત્મા જણાય એ વાતમાં કાંઈ માલ નથી. થોડું પણ નિર્મળજ્ઞાન હોય તો અવશ્ય પદાર્થનો પ્રતિભાસ આવે. ઘણું પણ મલિનજ્ઞાન હોય તો આત્માનો તેમાં પ્રતિભાસ આવતો નથી. આ રીતે સિદ્ધાંતનું અવગાહન છે. કેમ કે સિદ્ધાંત તો આત્માને દર્શાવે છે ને ?

મુમુક્ષુ :– 'નિયમસાર' શાસ્ત્ર સિદ્ધાંતમાં આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– 'નિયમસાર' શાસ્ત્ર સિદ્ધાંતમાં આવે પણ એ અધ્યાત્મના સિદ્ધાંતમાં આવે છે. પદાર્થના સિદ્ધાંતમાં નહિ. પદાર્થના સિદ્ધાંતો 'પંચાસ્તિકાય'માં વિશેષ છે. પછી 'પ્રવચનસાર'ની અંદર પણ વિશેષ છે. પણ ત્યાં અધ્યાત્મ સારું એવું છે. 'પંચાસ્તિકાય' કરતાં પણ અધ્યાત્મ પ્રકરણ વિશેષ છે ત્યાં. 'પંચાધ્યાયી'માં છે. અને એમાં પણ પાછળથી અધ્યાત્મનો વિષય શરૂ કર્યો છે. 'પ્રવચનસાર'માં પણ છે. 'સમયસાર' અધ્યાત્મ શાસ્ત્ર છે અને એમાં પણ સિદ્ધાંતો અધ્યાત્મના અને કેટલાક દ્રવ્યાનુયોગના છે, પણ મુખ્યપણે એ અધ્યાત્મશાસ્ત્ર છે. અને 'નિયમસાર' તો એકદમ અધ્યાત્મશાસ્ત્ર છે.

'નિયમસાર' શાસ્ત્ર આચાર્ય ભગવાને મુનિદશામાં પોતે આત્મભાવના ભાવે છે. સ્વરૂપની ભાવના. તેને આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે. એ કયા પ્રકારની આત્મભાવના ? કે મુનિ સિવાય તો કોઈ કેવળજ્ઞાન લે નહિ. મુમુક્ષુ હોય અને આત્મભાવના ભાવે અને કેવળજ્ઞાન (પ્રગટે) એવું તો કોઈ દિ' બને નહિ. આત્મભાવના શબ્દ છે એ પણ મુમુક્ષુતાથી શરૂ થઈને મુનિદશા સુધી છે. વૈરાગ્યની જેમ જ છે. મુમુક્ષુને આત્મભાવના કયા પ્રકારની કઈ હદની હોય ? જેમ વૈરાગ્ય કોઈ હદનો હોય. સમ્યગ્દૃષ્ટિને કેવી હોય ? મુનિદશામાં કેવી હોય ? એ બધું ગુણસ્થાન અનુસાર વિચારવું જોઈએ. 'નિયમસાર' છે એ આચાર્ય ભગવાને મુનિદશામાં ભાવેલી આત્મભાવનાનો એક પ્રકાર છે. ઉત્કૃષ્ટ આત્મભાવના છે.

મુમુક્ષુ :– આ એક પત્રમાં બધા શાસ્ત્રો આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણો સાર નીકળે છે. ઘણી વાત લીધી છે. અને મુમુક્ષુને માટે એમનું વજન ઉપદેશબોધ ઉપર ઘણું છે. સિદ્ધાંતબોધ મુખ્ય હોવા છતાં એમનું વજન ઉપદેશબોધ ઉપર ઘણું છે. મુમુક્ષુને માટે. એટલે એમણે એ શૈલી કરી છે.

'ગુરુદેવશ્રી' એ શરૂમાં પ્રારંભમાં આ શૈલીથી પ્રવચનો આપ્યા છે. પાછળથી સિદ્ધાંતની વાતો ઘણી આવી. પણ મુખ્ય ઉપદેશ સિદ્ધાંતબોધનો 'ગુરુદેવ'નો દેખાય છે. એટલે લોકોને થોડો ભ્રમ થાય છે કે 'શ્રીમદ્જી' કાંઈક જુદા પડે છે. વાસ્તવિકપણે જુદા પડતા નથી. એમ છે.

મુમુક્ષુ :– ગુરુદેવે નિશ્ચયની વાત વધારે કરી છે, 'શ્રીમદ્જી'એ વ્યવહારની વાત વધારે કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ કહે છે. પણ બંનેએ નિશ્ચય અને વ્યવહારની વાત કરી છે. બંનેએ એક જ ક્રમની વાત કરી છે. બંનેએ નિશ્ચયની પણ વાત કરી છે. બંનેએ વ્યવહારની વાત કરી છે. અને વ્યવહાર નિશ્ચયમાં જે ક્રમ પડે છે એ વાત પણ બંનેએ એકસરખી જ કરી છે. એમાં ક્યાંય મતાંતર નથી. ક્યારેય 'ગુરુદેવે' એમ નહિ કહ્યું હોય કે આ ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધમાં 'શ્રીમદ્જી'એ જે લખ્યું છે એમાં ફેર પડયો છે. એમ નહિ કહે. ઉલટાની પ્રશંસા કરી છે કે આવો પુરુષ છેલ્લા સેંકડો વર્ષમાં જોવામાં ન આવે એવો પુરુષ થયો છે. એકાવતારી છે. અને નાની ઉંમરમાં પણ ઘણું કામ કર્યું છે.

મુમુક્ષુ :– વૈરાગ્યની વાત 'ગુરુદેવે' ઘણી કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી કરી છે. અને વૈરાગ્યનો વિષય આવે ત્યારે બહુ જોરદાર વાત કરે. એમના જીવનમાં પણ વૈરાગ્ય આચર્યો છે એમણે. ઘણો વૈરાગ્ય આચર્યો છે. એમનું આચરણ વૈરાગ્યમય હતું. ખાવામાં જુઓ તો છેલ્લા ૪૦-૫૦ વર્ષનો ઇતિહાસ જુઓ, પહેલાની તો આપણને ખબર નથી. દૂધીનું શાક, મગની દાળ. કોઈ બીજી ચીજ નહિ. ૩૬૦ દિવસ એકસરખો આહાર. માણસને નહિતર ફેરવવાનું મન થાય. રોજ એકનું એક ખાઈએ છીએ, કાંઈક એક દિ' તો બીજું કરીએ અઠવાડિયામાં કે મહિનામાં. વર્ષોથી એકધારો અને એ પણ ખાવામાં ધ્યાન ન હોય. એ વખતે કોઈવાર અવલોકન કરવા ગયા હોય એને ખબર હશે. અંદરમાં તત્ત્વનું ઘોલન અને મંથન જ ચાલતું હોય. એ (બીજા મુમુક્ષુ) ખ્યાલ રાખે કે હવે ચોથી રોટલી થઈ ગઈ કે ત્રણ રોટલી થઈ છે. (એમને) ખ્યાલ ન હોય.

મુમુક્ષુ :– ... આમ આમ હાથ કરતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ચાલતું જ હોય એમનું. એ જ ચાલતું હોય, એક જ

વિષય. વૈરાગ્ય ઘણો હતો. ઉપદેશ લેવો હોય તો તો એમના જીવન ઉપરથી લઈ શકાય એવું છે. પાણી વગરનો ચોવીહાર. ૬૫ વર્ષથી તો પાણી વગરનો (ચોવિહાર). રાત્રે કોઈ દિ' પાણી પીધું નથી. જમવાનો પ્રશ્ન નથી, ખાવાનો તો પ્રશ્ન નથી પણ પાણી નથી પીધું. બહુ નાની ઉંમર હતી. પહેલેથી જ વૈરાગી હતા ને. પહેલેથી જ વૈરાગી હતા. ૧૫ વર્ષની ઉંમરથી જ એ વૈરાગી હતા. વૈરાગ્ય તો એમના જીવનમાં નીતરતો હતો. જોવા માગે તો.

મુમુક્ષુ :- .... બહુ અપ ટુ ડેટ કપડા ... એવા રસ્તે ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એ તો 'ગુરુદેવ'ના સાન્નિધ્યમાં રહેવું હોય તો પણ લાયકાત જોઈએ. એવું હતું.

મુમુક્ષુ :- વૈરાગ્ય હોવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર ટકી ન શકે.

મુમુક્ષુ :- સિદ્ધાંતબોધના બે ભાગ. એક આ આગમ સિદ્ધાંત અને એક અધ્યાત્મ સિદ્ધાંત.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં ચારે અનુયોગના આગમ છે. ચરણાનુયોગના આગમમાં ચરણાનુયોગના સિદ્ધાંત છે. કરુણાનુયોગના આગમમાં કર્મના સિદ્ધાંતો છે, એના ફળનું વર્ણન છે. ગમે તે... ત્રણ લોકનું વર્ણન છે બ્રહ્માંડનું, ચૌદ બ્રહ્માંડનું એ કરણાનુયોગમાં જાય છે. કેમ કે એ ભોગ્યસ્થાનમાં આવે છે. કર્મફળના ભોગવવાના સ્થાનમાં. દ્રવ્યાનુયોગના સિદ્ધાંતોમાં પદાર્થવિજ્ઞાન છે. અને અધ્યાત્મમાં એ બધાના સાર માટે એ બધી વાત છે. એનું એક જગ્યાએ જે વલણ આવવું જોઈએ. આત્માનો આશ્રય કરવામાં, આત્માનો આધાર લેવામાં, આત્માનું અવલંબન લેવામાં. એવો જે પ્રકાર જે સિદ્ધાંતનો છે અને એ કેવા પ્રકારે થાય ? કેવા પરિણામથી થાય ? કેવા પરિણામના ક્રમથી થાય ? એમાં કયા ગુણ કેવી રીતે કામ કરે ? કયા ગુણ આગળ-પાછળ કામ કરે ? કયા ગુણ એકસાથે કામ કરે ? એમાં દ્રવ્યાનુયોગ ગુંથાય છે સાથે. જોડાય જાય છે. એ બધો વિષય અધ્યાત્મમાં જાય છે. શુદ્ધાત્મા અને શુદ્ધાત્માના આશ્રયે થતાં પરિણામ, શુદ્ધાત્મનો આશ્રય કરવાની વિધિ અને વિધિનો જે વિસ્તાર તે બધું અધ્યાત્મમાં જાય છે. બાકી બધું તો આગમમાં જાય છે.

છેલ્લો પેરેગ્રાફ. **'ગૃહકુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે...'** જે પાછળ લીધું ને આપણે ?

૫૦૦માં પત્રમાં. એમાં પરિગ્રહની વાત લીધી હતી. **'ગૃહકુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસબુદ્ધિ છે';...'** શું કહેવું છે ? કે આત્મા ઘરમાં નથી, કુટુંબમાં નથી, પરિગ્રહમાં નથી. છતાં અહંપણું અને પોતાપણું થાય છે. મમતા એટલે પોતાપણું થાય છે. અને એ પોતાપણું થતાં એની પ્રાપ્તિમાં હર્ષ થાય છે, રાગ થાય છે. ન મળે ત્યારે એને દ્વેષ થાય છે. એ વિપર્યાસબુદ્ધિ છે. એવી વિપર્યાસબુદ્ધિ ઊભી હોય તો એને પદાર્થદર્શન થતું નથી. અહીંયાં એમ કહેવું છે.

**'ગૃહકુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે...'** એટલે એ પદાર્થો પદાર્થો છે પણ એ પ્રત્યેના જે પરિણામ, એમ લેવું છે. એ બાજુના જે પરિણામ છે. એમાં જે અહંપણું, મમપણું ભાવમાં પણ અને પદાર્થને અનુલક્ષીને પણ **'અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસબુદ્ધિ છે'; અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય-ઉપશમ ઉદ્ભવે છે ત્યાં મંદ પડે છે,...'** રસે કરીને મંદ પડે છે. કષાયની જે મંદતા લેવી છે મુમુક્ષુની ભૂમિકામાં એ મંદ કષાય રસની મંદતા સમજવી. આમ જે રસ તીવ્ર રહીને ઉપરછલ્લો મંદ થાય, એ કાર્યકારી નહિ થાય. અથવા કષાયરસને લઈને જ્ઞાનમાં વિપર્યાસ છે. જ્ઞાન મેલું છે એમાં કષાયરસ છે એ મલિનતાનું તત્ત્વ છે. કષાય પોતે મલિન છે પણ એમાં કષાયરસ છે એ તીવ્ર મલિનતા છે. મલિનતાની શક્તિ ત્યાં છે. કષાયરસ(માં છે.)

'ગુરુદેવ'ના જે કોતરાણા છે વચનામૃત. એમાં ૧૯ નંબરનું જે વચનામૃત છે એમાં એ વાત લીધી છે. કે પદાર્થ નિર્ણય કષાયરસ મંદ પડે છે ત્યારે થાય છે. પુસ્તક નથી આમાં. ઘણા પુસ્તક નથી અહીંયાં. 'ગુરુદેવશ્રીના વચનામૃત'. ૧૯ નંબરમાં છે એ વાત. અથવા જ્ઞાનને મલિન કોણ કરે છે ? ભ્રાંતિ કોણ કરે છે ? કેમ કે કષાયનો સદ્ભાવ ગુણસ્થાન અનુસાર તો સંજ્વલન કષાય બારમા ગુણસ્થાન સુધી છે. નીચેના ગુણસ્થાને તે તે ગુણસ્થાન અનુસાર હોય છે. મુમુક્ષુને તો ચારે ચોકડી ઊભી છે. એટલે એ રીતે ... કષાય ગુણસ્થાન અનુસાર વિચારીએ તો તો બારમા ગુણસ્થાન સુધી છે, આપણે તો મુમુક્ષુ સ્થિતિનો વિચાર કરવો છે. તો ત્યાં કષાયરસનો વિચાર કરવાનો છે. પદાર્થદર્શનનું પ્રકરણ છે. આવો નિર્ણય કરવાની જ્યાં રુચિ થઈ ત્યાં અંતરમાં કષાયનો રસ મંદ પડી જ જાય. કષાયનો રસ મંદ પડી જાય ત્યારે

સ્વરૂપ નિર્ણય થાય એમ કહેવું છે.

મુમુક્ષુ :– અક્ષરે અક્ષર મેળવાળા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા એક જ સિદ્ધાંત છે. કષાયનો રસ મંદ પડ્યા વિના આ નિર્ણયમાં પહોંચી શકાય નહિ. કષાય તો ઘણાને મંદ પડે છે. આ ધર્મબુદ્ધિએ પચખાણ લઈને ઉપવાસ કરે છે તો કષાય મંદ નથી ત્યાં ? આપણા પર્યુષણ છે. પર્યુષણના બધા દિવસમાં ઉપવાસ, આપણે આહારનો ત્યાગ કરી નાખે. મંદકષાય ધર્મબુદ્ધિએ કરે કે ન કરે ? એ મંદકષાય નહિ કામ કરે. પણ કષાયરસ મંદ પડ્યો હશે તો કામ કરશે એમ અહીંયાં કહેવું છે. બે વાતમાં ફેર છે. કષાયરસ મંદ પડવો જોઈએ. એ વાત 'ગુરુદેવે' પદાર્થ નિર્ણયના પ્રકરણમાં વિવેક કર્યો છે અને આ બોલ છે ૧૪૪ ગાથામાં જે પદાર્થ નિર્ણયની 'અમૃતચંદ્રાચાર્યદેવે' વાત કરી છે એના ઉપરનું, એ વિષય ઉપરનું પ્રવચન ચાલે છે એમાંથી આ ટૂકડો લીધેલો છે. એટલે એ વાત છે.

**'અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય-ઉપશમ ઉદ્ભવે છે ત્યાં મંદ પડે છે, અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય છે.'** અહીંયાં કષાયરસનો વિષય સમજવો. જે સામાન્ય રીતે ધર્મના ક્ષેત્રમાં કષાયની મંદતા થાય છે (એની વાત નથી). રવિવારે રવિવારે (મંદિરે જાય) ત્યારે એનો કષાય મંદ થાય અને શુક્રવારે નમાજ પઢવા જાય તો પણ કષાય મંદ થાય અને અહીંયાં ણમો અરિહંતાણં બોલે ત્યાં કષાય મંદ થાય. પણ એથી કાંઈ સ્વરૂપનો નિર્ણય થઈ જાય નહિ. કષાયરસ તૂટે તો જ સ્વરૂપનો નિર્ણય થાય અને જ્ઞાનની નિર્મળતા આવે જ્ઞાનની નિર્મળતા વગર નિર્ણય થાય નહિ. નિર્મળ પદાર્થનો નિર્ણય તો નિર્મળતામાં જ થાય. એ વિષય સમજવા જેવો છે. (વિશેષ લઈશું...)

આચાર્યભગવાને આત્માને 'જ્ઞાનમાત્ર' કહીને વર્તમાનમાં જ સ્વરૂપને પ્રત્યક્ષ દર્શાવી, પ્રત્યક્ષ કરાવી, આત્માને આત્મામાં થંભાવી દીધો છે. અને અંતરમાંથી આનંદ અમૃતના ઓઘ ઉછાળ્યા છે. ધન્ય વીતરાગ !

(અનુભવ સંજીવની–૧૧૮૩)

નોંધ :– પ્રવચન નં. ૨૦૮ માં અવાજ ખરાબ હોવાથી પ્રકાશિત કરવામાં આવેલ નથી.

## તા. ૧૪-૯-૧૯૯૦, પત્રાંક–૫૦૬થી૫૦૮
## પ્રવચન નં. ૨૦૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્ર ૫૦૬ ચાલે છે. પાનું ૪૦૮.

આરંભ અને પરિગ્રહ પ્રત્યેના...

મુમુક્ષુ :– વિપર્યાસ પાછળના પાને (આવ્યું ત્યાંથી).

પૂજ્ય ભાઈશ્રી :– કેટલામું ?

મુમુક્ષુ :– ૪૦૭ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :– ૪૦૭માં છેલ્લો પેરેગ્રાફ. પાનું ૪૦૭

**'ગૃહકુટુંબ, પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસબુદ્ધિ' છે;...'** એટલે શું છે કે જીવને પોતાનું અસ્તિત્વ જ્ઞાનમય, જ્ઞાનસ્વભાવી એવા પોતાના આત્મામાં છે અને ત્યાં અહંપણું થવું ઘટે છે. વિપર્યાસ કેવી રીતે છે ? પોતાના સ્વરૂપ અસ્તિત્વમાં અહંપણું કરવાને બદલે, પોતાની હયાતી છોડીને પોતાની હયાતી નથી ત્યાં હયાતી સ્થાપે છે. અહંપણું કરતાં, મમત્વ કરતાં ત્યાં પોતાની હયાતી સ્થાપે છે. એ વિપર્યાસ છે એમ કહેવું છે. અને એ વિપર્યાસને સ્થૂળપણે અહીંયાં રાગ, દ્વેષ, મોહ, કષાય એ ભાવથી બતાવ્યો. એ તો એના ચિહ્નો છે. મૂળ રોગ વિપર્યાસનો છે એમ કહેવું છે.

તબીબી વિજ્ઞાન અનુસાર વિચારીએ તો રોગ વ્યક્ત થવાના લક્ષણો. એક માણસને તાવ આવ્યો. તો તાવ એ રોગ છે કે તાવ એ રોગનું લક્ષણ છે ? આટલું એ લોકો વિચારે છે. કોઈવાર તાવ પોતે રોગ હોય છે, ત્યારે કોઈવાર બીજા રોગને

કારણે તાવ આવવાનું ચાલું થાય છે. જેના ઉપરથી રોગ Detect કરવામાં આવે છે, શોધવામાં આવે છે કે આનો મૂળ રોગ આ છે એને લઈને તાવ આવે છે. જો તાવ ન દેખાત તો આ રોગ પણ ન દેખાત.

એમ જે સંયોગિક પદાર્થોની પ્રાપ્તિમાં હર્ષ થાય છે, અપ્રાપ્તિમાં જે શોક અથવા ખેદ થાય છે. આત્મામાં હર્ષ થાય છે ત્યારે કાંઈ આવતું નથી, જ્યારે જાય છે ત્યારે આત્મામાંથી કાંઈ જતું નથી, છતાં આ જીવને ખેદ થાય છે. અને ખેદ થાય છે ત્યારે એ તપાસે તો ખબર પડે, અવલોકન કરે તો ખબર પડે કે શું આવ્યું અને શું ગયું ? જ્ઞાનતત્ત્વમાંથી આવ્યું શું ? અને જ્ઞાનતત્ત્વમાંથી ગયું શું ? બસ, આટલું ચાલતા જ્ઞાનને અવલોકીને વસ્તુનો નિર્ણય કરવાનો છે.

મુમુક્ષુ :– પોતાની વ્યાપક્તા ક્યાં છે ? મુમુક્ષુને જે આપની શિખામણ છે કે વ્યાપકતાથી તપાસવું જોઈએ. વ્યાપકતાની જો પક્કડ આવી જાય તો આ બધો વિપર્યાસ ટળી જાય. વ્યાપકતામાં માણસ ધોકો ખાય છે. મારી વ્યાપક્તા નથી ત્યાં વ્યાપકપણું કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં હુંપણું કરે છે. એટલે કર્તા-કર્મ અધિકાર જે 'સમયસાર'નો ચાલ્યો એમાં પણ આચાર્ય મહારાજે વ્યાપક્તાનો ન્યાય લીધો કે જ્યાં વ્યાપ્ય-વ્યાપકતાનો અભાવ હોય ત્યાં કર્તા-કર્મપણું સંભવી શકે નહિ, શક્ય નથી. જ્યારે પરપદાર્થમાં મારું વ્યાપ્ય-વ્યાપકપણું નથી અને રાગાદિ ભાવમાં પણ મારા જ્ઞાનતત્ત્વનું વ્યાપકપણું નથી તો પછી હું કેવી રીતે એને કરું ? કે કેવી રીતે એને ભોગવું ? જ્યાં હું વ્યાપ્તો જ નથી ત્યાં કરું કેવી રીતે ? જ્યાં વ્યાપ્તો જ નથી ત્યાં ભોગવું કેવી રીતે ? આ સીધીસાદી વાત છે.

મુમુક્ષુ :– જ્યાં સુધી વ્યાપકતાનું સ્થાન પકડાય નહિ, જ્ઞાનમાં જ્ઞાન ન થાય, એની પોતાની વ્યાપકતાનું ગ્રહણ ન થાય. કેમ કે રાગદ્વેષ .... આવવાની કોઈ શકયતા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ યથાર્થ પ્રકારે નહિ. બાકી મંદ થાય. કોઈને કોઈ બહાને, કોઈને કોઈ વિચારે, કોઈને કોઈ ન્યાયે, કોઈને કોઈ કારણે મંદ થઈ શકે છે. પણ યથાર્થ પ્રકારે એનો જે ઉપશમ થવો જોઈએ એ ન થાય. એટલે ઉપશમ શબ્દ વાપરે છે એનું કારણ એ છે કે એ યથાર્થ પ્રકારે શાંત થાય છે. એટલે આ એક ભૂલવાની

જગ્યા જરૂર છે કે બીજા પ્રકારે પણ લોકો થોડા સમય માટે, અલ્પ કાળ માટે શાંત કરે છે. વળી પાછું તેનું તે થઈ જાય છે. એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે.

મુમુક્ષુ :– આ વિપર્યાસ પોતાની વ્યાપક્તા ત્યાં નથી...

પૂજ્ય ભાઈશ્રી :– પોતાની વ્યાપક્તા નથી ત્યાં પોતાનું અસ્તિત્વ નથી. જ્યાં પોતાનું અસ્તિત્વ અને વ્યાપક્તા નથી ત્યાં અહંપણું અને પોતાપણું કરે છે, મમત્વ કરે છે એ એનો વિપર્યાસ છે. છે નહિ ત્યાં માને છે પોતાને.

મુમુક્ષુ :– જે કોઈ સંજોગ પ્રાપ્ત થાય એમાં રાગદ્વેષ...

પૂજ્ય ભાઈશ્રી :– કરે જ છે. કેમ કે વ્યાપ્ય-વ્યાપકપણે મારો અભાવ છે એને અનુભવ પદ્ધતિથી જોવામાં આવતી નથી. વિકલ્પ કરે ભિન્નતાનો કે પરથી હું ભિન્ન છું, સંયોગોથી હું ભિન્ન છું, શરીરથી હું ભિન્ન છું, રાગથી હું ભિન્ન છું. પણ એ તો એમાં વ્યાપકતા રાખીને. એમાં વ્યાપકતા રાખીને એવો વિકલ્પ કરે છે. ત્યાં સુધી વિપર્યાસ મટતો નથી.

મુમુક્ષુ :– આ કથન આપણે એમ લઈ શકાય, ચારિત્રની મુખ્યતાથી આ કથન છે, અને વ્યાપકતાનું જ્ઞાનગુણની મુખ્યતાથી કથન છે. બંને એક જ સિક્કાના બે પાસા છે.

પૂજ્ય ભાઈશ્રી :– એક જ પર્યાયમાં બેય પ્રકાર છે. એટલે એમ કહ્યું કે જ્ઞાનનો વિપર્યાસ તને ન જણાય તો રાગ-દ્વેષ-મોહના કષાયથી તું એને પકડ. એ સ્થૂળ પરિણામ છે. વિપર્યાસ સૂક્ષ્મ પરિણામ છે અને રાગ-દ્વેષ-મોહ કષાય છે એ સ્થૂળ પરિણામ છે. તો સ્થૂળ પરિણામથી તો તારા વિપર્યાસને તપાસ તું કે આ વિપર્યાસ છે કે નહિ તારામાં ? કેમ કે રાગ-દ્વેષ-મોહ અને કષાય જ્ઞાનીને પણ થાય છે પણ વિપર્યાસ નથી થતો. એટલે એ રોગ નથી. મૂળ રોગ વિપર્યાસ છે. ઓલું તો ચિહ્ન છે. એટલે ચિહ્નથી તો ગમે તે રોગ જોવામાં આવે. ત્યાં તો પછી રાગ જેટલો જ રોગ છે. ત્યાં તો ચારિત્રમોહના રાગ જેટલો જ રોગ છે. અહીંયાં એટલો રોગ નથી. અહીંયાં તો ચિહ્ન છે. રોગ તો બીજો છે. એમ છે.

એટલે સામાન્ય તાવ આવે અને એ પોતે જ રોગ હોય તો મટવો સહેલો છે. એક સુદર્શનની ટીકડી લે અને મટી જાય કાં એક વખત ઉપવાસ કરે અને મટી જાય. એક દિવસ ન ખાય તો. પણ ટીબી થયો હોય અને તાવ આવે, કે પ્લુરસી

થઈને તાવ આવે તો એ પ્લુરસી મટ્યા વિના તાવ ઉતરે નહિ. અને ટીબી મટ્યા વિના એનો તાવ જાય નહિ કોઈ દિ'. એ રીતે તે જોવાનું છે.

મુમુક્ષુ :– આખો ઉપદેશબોધનો સાર એક લીટીમાં...

પૂજ્ય ભાઈશ્રી :– એક લીટીમાં લઈ લીધો. ઉપદેશબોધ લાગ્યા પછી પણ હજી સિદ્ધાંતબોધની અંદર પ્રવેશ કરવાનો છે. સિદ્ધાંતબોધની અંદર પ્રવેશ કર્યા પછી પણ નિશ્ચયનયનો પક્ષ છૂટે પછી ધર્મની શરૂઆત છે. કાલનો વિષય જે ચાલ્યો એમાં મહત્ત્વનો મુદ્દો એ હતો કે કેટલાક જીવો ઉપદેશબોધ ગ્રહણ કરે છે, સારી રીતે ગ્રહણ કરે છે કે આ સંસાર ખારો ઝેર છે. ક્યાંય એમાં સ્વપ્ને પણ સુખ નથી. જ્યાં જ્યાં સુખ અનુભવ્યું તે સુખાભાસ હતો. આ આત્માએ ઝેર ખાધું છે એ વખતે રસ લઈને. હવે મારે નિવર્તવું છે. કોઈપણ રીતે આત્મકલ્યાણ કરી લેવું છે. અને એ મારી ભાવનાને પ્રબળપણે મારે વધારીને આત્મકલ્યાણ પ્રતિ આગળ જાવું છે.

ત્યાં સુધી આવ્યા પછી એક તબક્કો સિદ્ધાંતબોધનો બાકી રહે છે. એમાં એક સ્વરૂપનિશ્ચયનો વિભાગ છે. અને એ સ્વરૂપનિશ્ચય થાય ત્યારે પણ યથાર્થ પ્રકારે થાય તો નિશ્ચયનયનો પક્ષ યથાર્થ રહે. અયથાર્થ પ્રકારે થાય તો નિશ્ચયનો પક્ષ અયથાર્થ થાય. અયથાર્થ થાય તો પાછો વધુ વિપર્યાસમાં આવે. કેમ કે ત્યાં તો સ્વચ્છંદાદી દોષ પાછા ઉત્પન્ન થઈ જાય. સિદ્ધાંતબોધનો એવો વિષય છે કે એ જગ્યાએ વિપર્યાસ થાય એટલે સ્વચ્છંદ અને જ્ઞાનની શુષ્કતા આવ્યા વિના રહે નહિ. અને એ પાછી પરિસ્થિતિમાં ન આવે અને યથાર્થ પ્રકારે નિશ્ચયનયના પક્ષમાં આવે તો અવશ્ય એ પક્ષને અતિક્રાંત કરીને જીવ સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન આદિ ધર્મને પામી શકે. નહિતર કોઈ રીતે ધર્મ પામવાનો આરોવારો નથી.

બહુભાગ જીવો તો આ ઉપદેશબોધની કક્ષાને પહોંચતા નથી. બહુભાગ જીવો મુમુક્ષુ તરીકે આ ક્ષેત્રમાં જે કાંઈ કરે છે, શાસ્ત્રવાંચનથી માંડી પૂજા-ભક્તિ-દયા-દાનથી માંડી એમાં બહુભાગ જીવો તો આ ઉપદેશબોધના અંગીકાર કરવા સુધી પૂરા પહોંચતા નથી. વળી કોઈ પહોંચે તો સિદ્ધાંતબોધમાં તકલીફ પામે છે. સિદ્ધાંતબોધમાં બંને જગ્યાએ જો આરપાર નીકળે અને એ આરપાર નીકળવા માટે એક 'ગુરુદેવે' બહુ સરસ પાયાની વાત એ કરી કે, પૂર્ણતાને લક્ષે શરૂઆત થવી જોઈએ. એ જ વાસ્તવિક શરૂઆત છે. જો શરૂઆત વાસ્તવિક થઈ હશે તો આગળ ક્યાંય ભૂલ નહિ થાય.

આ શરૂઆત નહિ થઈ હોય તો ઉપદેશબોધ ભલે ગ્રહણ કર્યો, સિદ્ધાંતબોધ ભલે ગ્રહણ કર્યો હોય ક્યાંકને ક્યાંક ભૂલવાનો, ભૂલવાનો અને ભૂલવાનો. કેમ કે શરૂઆત કરી નથી. વાસ્તવિકપણે તો શરૂઆત કરી જ નથી. ઉભાંગડે ચાલ્યો છે. એ ક્યાંક ને ક્યાંક ગૂંચવાશે, ક્યાંકને ક્યાંક અટકાશે, અટવાશે અને સમય ને શક્તિ બરબાદ થવા સિવાય બીજું કાંઈ થાશે નહિ. આમ છે.

મુમુક્ષુ :– આટલો આટલો વૈરાગ્યપૂર્વક આગળ વધતો હોવા છતાં...

પૂજ્ય ભાઈશ્રી :– તો પણ. એવું અનંતવાર કર્યું છે. 'પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો.' કેટલો ? થાગ ન આવે એટલો લીધો છે એણે. થાગ એટલે અંત. તળિયું. એટલો ત્યાગ-વૈરાગ્ય કર્યો છે. ભૂતકાળમાં નથી કર્યો એવું નથી, પણ એ બધો નિષ્ફળ ગયો છે. એ જ કારણને વિચારવાનું છે. 'કૃપાળુદેવ' ના વચનોનો જે કોઈ મુખ્ય ધ્વનિ હોય તો આ છે કે તું એ વિચાર. તું શું કરે છો અને શું નથી કરતો એ ન વિચાર. પણ મૂળનો વિચાર કર કે નિષ્ફળ શું કરવા ગયું ? અને કરું તો સફળ શું કરવા થાય ?

'ગુરુદેવ' પણ એ વાત બીજી પદ્ધતિથી કરતા હતા કે એક દ્રવ્યલિંગી મુનિ, પોતે દ્રવ્યલિંગીનો સમર્થ દૃષ્ટાંત આપતા હતા કે એક દ્રવ્યલિંગી મુનિ અંગ પૂર્વના શાસ્ત્ર કંઠસ્થ કરે છે. અંગ પૂર્વધારી છે. અને પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ૨૮ મુળ ગુણોનું, પંચાચારનું નિરઅતિચાર પાલન કરે છે. દર્શનાચાર, જ્ઞાનાચાર, વીર્યાચાર, તપાચાર અને છતાં એનું અનંત પરિભ્રમણ ઊભું છે. 'તો પણ ગર્ભ અનંતા લેશે બોલે બીજું અંગ જોને.' એના અંગમાંથી, બીજા અંગમાંથી અવાજ આવે છે કે હજી અનંતા ગર્ભ લેવાનો છે આ. અને એક ચકલું, દેડકું ભવ નિવૃત્તિ કરી નાખે છે. એક ક્ષણની અંદર અનુભવ લઈને અનંત ભવનો છેદ બોલાવે છે. આણે શું કર્યું કે જે ઓલાને બાકી રહી ગયું ? બસ, આ એક Point વિચારવાનો છે. જે વિચારવાનો Point છે એ આ એક જ છે. આણે શું કર્યું ? આ ચકલા-દેડકાએ શું કર્યું અને દ્રવ્યલિંગી સુધી શું ન થયું કે જે આણે કર્યું હતું ? બસ, આ એક વાત ઉપર જો એનું ધ્યાન જાય તો જે કાંઈ કરે તે સફળ છે, નહિતર બધું જ એનું અફળ છે. આ બહુ સીધી-સાદી વાત છે.

મુમુક્ષુ :– દ્રવ્યલિંગીને વિચારમાં કાંઈ ભૂલ હોય નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– વિચારવામાં ભૂલ નથી એટલે તો આશ્ચર્યકારી વાત લાગે એવી છે–કે નથી એની ક્રિયામાં ભૂલ, નથી એના જ્ઞાનમાં ભૂલ. જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ કીધો છે. તો કહે છે, એ જ્ઞાન પણ બીજું અને એ ક્રિયા પણ બીજી. એ સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન છે અને એ સ્વરૂપસ્થિરતાની ક્રિયા છે. એ જ્ઞાન પણ બીજું અને એ ચારિત્રપણ બીજું. ક્રિયા એટલે ચારિત્ર ત્યાં લઈએ છીએ.

મુમુક્ષુ :– દ્રવ્યલિંગી મુનિ શું ઇચ્છે છે તો ?

પૂજ્ય ભાઈશ્રી :– દ્રવ્યલિંગીમુનિ શું ઇચ્છે છે ? કે એ રાગને ઇચ્છે છે, મંદ કષાયને ઇચ્છે છે. જે અત્યંત મંદ કષાયમાં એને અત્યંત શાંતિ છે એમાં એને સંતોષ છે. આ સંતોષ ભયંકર ચીજ છે. મુમુક્ષુતાથી માંડીને દ્રવ્યલિંગી પર્યંતમાં વર્તમાન દશાનો જે સંતોષ એ દર્શનમોહની તીવ્રતાને પ્રદર્શિત કરે છે, જાહેર કરે છે કે અહીંયાં દર્શનમોહ વધ્યો છે. ચારિત્રમોહ ઘણો મંદ છે એને. દર્શનમોહ ત્યાં વધ્યો.

મુમુક્ષુ :– આટલું બધું કર્યું... આટલું બધું કર્યું એમ થાતું હશે ?

પૂજ્ય ભાઈશ્રી :– આટલું બધું કર્યું એવું અનંત વાર આ જીવે કર્યું છે. મારા જીવે, તમારા જીવે એ બધું અનંત વાર કર્યું છે. એટલું બધું અનંત વાર કર્યું છે. એક ભૂલ ખાધી છે દર્શનમોહમાં. એ વખતે સંતોષ પકડ્યો છે કે બહુ સારું કર્યું, ઘણું કર્યું, સારું કર્યું... ઘણું કર્યું, સારું કર્યું. બધું બાકી છે અને માને છે કે ઘણું કર્યું.

મુમુક્ષુ :– હું સાધુ છું મારે કરવું જોઈએ એમ માને છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, હું જૈનનો સાધુ છું. ગમે તેવા ઉપસર્ગ પરિષહ આવે, 'ગુરુદેવ'ની ભાષામાં કહીએ તો કે, જીવતી ચામડી ઉતરડીને ખાર છાંટે તો આંખનો ખુણો લાલ કરે નહિ. અવલંબન લે એવી રીતે કે હું જૈનનો સાધુ છું. જૈન સાધુ એ તો આવા ઉપસર્ગને શાંત ભાવે વેદવા, સહન કરવા એ એનો ધર્મ છે. આત્મા સાધુ છે ?

મુમુક્ષુ :– હું સહન કરું છું.

પૂજ્ય ભાઈશ્રી :– હું સહન કરું છું. સાધુ છું માટે હું સહન કરું છું. ન તો આત્મા ગૃહસ્થી છે, ન તો આત્મા સાધુ છે. એ 'બનારસીદાસે' લીધું છે. 'ન ગૃહસ્થ ન યતિ હૈ.' એ તો ત્યાં પર્યાયદૃષ્ટિથી જાય છે. એ વિચારવાનો વિષય છે. અને જ્યાં સુધી એ વિચારીને એની સમાધાનરૂપ દશા ન પ્રગટે ત્યાં સુધી બીજી રીતે ધર્મ

પ્રાપ્ત કરવાના ફાંફા મારવા જેવા નથી. એ ખોટા પ્રયત્ન છે. ફાફા કહો કે ખોટા પ્રયત્ન કહો. કોઈ રીતે એ પત્તો લાગવાનો નથી.

મુમુક્ષુ :– અદ્‌ભુત માર્મિક વાતો પત્રમાં પ્રકાશી છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ સરસ વાતો લીધી છે. લેવું છે કે પછી આગળથી લેવું છે હવે ? વિપર્યાસમાં એ વાત છે મૂળ. વિપર્યાસ શું છે એ વાત છે.

હવે અહીંયાં એમ કહે છે કે આ જે અવૈરાગ્ય અને અનઉપશમ છે એ અવૈરાગ્ય અને અનઉપશમમાં જીવ આરંભ અને પરિગ્રહમાં જોડાય છે. એટલે એથી સ્થૂળ વાત બતાવી. અવૈરાગ્ય અને અનઉપશમ છે એ જીવના પરિણામ છે અને તદ્‌નુસાર જીવને આરંભ અને પરિગ્રહ છે. એ આરંભ અને પરિગ્રહ ક્યાં સુધી નડે છે ? કે મતિજ્ઞાનથી માંડીને કેવળજ્ઞાન સુધી એ આવરણ કરશે. વિપર્યાસ છે એ મતિજ્ઞાનથી માંડીને કેવળજ્ઞાન સુધી આવરણ કરે છે. એ વાત એમણે ‘ઠાણાંગસૂત્ર’ના આધારે અહીંયાં બતાવી છે. ‘ઠાણાંગસૂત્ર’માં એક આ બોલ છે એમ કહેવું છે.

**‘શ્રી ઠાણાંગસૂત્રમાં...’** ૪૦૮ પાને. **‘આરંભ અને પરિગ્રહનું બળ જણાવી પછી તેથી નિવર્તવું યોગ્ય છે એવો ઉપદેશ થવા આ ભાવે દ્વિભંગી કહી છે.’** એટલે આ આશયથી દ્વિભંગી કહી છે. **‘જીવને મતિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.’** આરંભ-પરિગ્રહમાં મમત્વ ભાવે, એકત્વ ભાવે વર્તે એનું મતિજ્ઞાન આવરિત થાય એને સમ્યક્ મતિજ્ઞાન પ્રગટ થાય નહિ. મિથ્યા મતિજ્ઞાન રહે. કેમ કે એ ગુણ એવો નથી કે પરિણમનમાં સર્વથા એનો નાશ થઈ જાય. વિપરીત પરિણમન ચાલે છે.

**‘જીવને શ્રુતજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.’** એટલે સમ્યક્ શ્રુતજ્ઞાન પણ નહિ પ્રગટે, આરંભ અને પરિગ્રહમાં મમત્વ અને એકત્વ થશે ત્યાં સુધી. **‘જીવને અવધિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ?’** આ બહિર્લક્ષી ક્ષયોપશમ છે. પણ એમાં પણ અવધિજ્ઞાન અત્યારે નથી પ્રગટ્યું એનું કારણ એ છે કે પરપદાર્થની અંદર મમત્વ કરીને જ્ઞાનની વિશુદ્ધિને આવરણ કરેલું છે. એટલે અવધિજ્ઞાનાવરણીય પણ આરંભ અને પરિગ્રહના કારણે રોકાયેલું છે.

**‘જીવને મનઃપર્યવજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.’** એટલે એ વાત પણ સ્પષ્ટ થઈ કે મનઃપર્યવજ્ઞાન તો મુનિદશામાં

જ પ્રગટે છે. અને કોઈ મુનિને આરંભ-પરિગ્રહ હોય શકે નહિ. કોઈ મુનિને આરંભ-પરિગ્રહ હોય શકે નહિ. માટે ગૃહસ્થદશામાં કોઈને કેવળજ્ઞાન થાય, એ વાત કોઈ રીતે સંભવિત નથી. કેમ કે મનઃપર્યવ નથી. કેવળની તો વાત પછી રહી. મનઃપર્યવ ન પ્રગટે હજી. એ તો નીચેનું જ્ઞાન છે. ક્ષયોપશમજ્ઞાન છે. પેલું ક્ષાયિકજ્ઞાન છે. જો આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી આવું ક્ષયોપશમજ્ઞાન ન પ્રગટતું હોય તો આરંભ અને પરિગ્રહ હોય ત્યાં કેવળજ્ઞાન પ્રગટે ? એ વાત તો વિચારવા જેવી પણ રહેતી નથી. અને **'જીવને કેવળજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય ? જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.'** માટે ભગવાનને કોઈ પરિગ્રહ હોઈ શકે એ વાત કોઈ રીતે કેવળજ્ઞાની પરમાત્માને સંભવિત રહેતી નથી.

મુમુક્ષુ :– ગૃહસ્થપણામાં અવધિજ્ઞાન તો થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા અવધિજ્ઞાન થાય. દેવોને છે જ ને. દેવોને છે અને નારકીઓને છે.

મુમુક્ષુ :– એ તો નારકીને છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, નારકીને છે, દેવોને છે, મનુષ્યોને થાય છે. થાય છે. આ છે ને, ભગવાન ત્રણ જ્ઞાન લઈને જ આવે છે. બધા તીર્થંકરો ત્રણ જ્ઞાન લઈને જ આવે છે. સમ્યક્ મતિ, સમ્યક્ શ્રુત અને સમ્યક્ અવધિ લઈને આવે છે. ગૃહસ્થપણામાં જ છે. અને લાખો, કરોડો, પૂર્વ સુધી ગૃહસ્થપણામાં છે. એને અવધિજ્ઞાન હોય છે.

**'એમ કહી દર્શનાદિના ભેદ જણાવી સત્તર વાર તેને તે વાત જણાવી છે...'** જ્ઞાનના પછી દર્શનાવરણીય ક્યાં સુધી હોય ? એમ કરીને દર્શનાવરણીયના ભેદ લીધા છે. એમ કરીને સત્તર વાત આરંભ અને પરિગ્રહની સાથે જોડી છે. એમ કહેવું છે. સત્તર બોલ ઠાણાંગની અંદર કહ્યા છે.

મુમુક્ષુ :– આ જ શાસ્ત્રમાં ઠાણાંગમાં છે અને એમાંને એમાં બીજી જગ્યાએ આવે કે કેવળજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે એ જ બતાવે છે કે ભેળસેળ થઈ ગઈ છે. એ વાત બતાવે છે કે ભેળસેળ થઈ ગઈ છે. જે વાત અમુક સ્મૃતિમાં રહી છે એ બતાવી છે. અત્યારે જ માનો કે આપણા જે ત્યાં બે પ્રકાર ઊભા થઈ ગયા. તો બે વાત તો 'ગુરુદેવ' કહેશે એ જ કરશે. પણ ક્યાંક ક્યાંક ફેર પડતો જશે. શું થશે ? ક્યાંક

ભૂલ પડશે. પછી એ ભૂલ વધતી જાય તો ક્યાંક ક્યાંક ભૂલ વધતી જાય પાછી. બાકી વાત તો એ જ કરશે. એમ જ્યારે જુદા પડ્યા ત્યારે સ્મૃતિમાં તો રહી ગઈ હોય વાત. જે ફેરફાર થયો એ શ્રદ્ધા અને આચરણમાં થયો. જ્ઞાન તો સ્મૃતિવાળું છે. કોઈક જગ્યાએ મૂળ વાતમાં ભૂલે પ્રયોજનભૂતમાં, બાકી ઘણી વાતો યાદ રહી જાય. તો એ બધી વાત તો પોતાની કૃતિમાં સૌ લખી શકે છે. માટે બધું બરાબર છે એમ કાંઈ વિચારી શકાય નહિ. એમ છે.

એટલે સમ્યગ્જ્ઞાન છે ત્યાં તો એ બધો ખ્યાલ આવે છે કે આ એક જગ્યાની ભૂલ છે એ એની બધી ભૂલને સાબિત કરી દે છે. પૂરી ભૂલને સાબિત કરી દે છે. એટલે સમ્યગ્જ્ઞાનની ભૂમિકામાં એ વિષય મુખ્ય છે અને બીજું જેને કોઈ કુળધર્મથી પક્ષ રહેતો હોય એણે એ વાત પણ સૂક્ષ્મતાથી વિચારવી ઘટે છે. પક્ષ છૂટવાને અર્થે. પ્રયોજન એટલું છે. અને એમ કરવા જતાં મુમુક્ષુ મતમતાંતરમાં ન પડે એ સાવધાની રાખવા જેવી છે. ખંડનમંડનમાં, મતમતાંતરમાં ન પડી જાય એ સાવધાની પણ રાખવા જેવી છે. નહિતર વળી પાછો એકમાંથી બીજામાં સલવાઈ જાશે.

**‘એમ કહી દર્શનાદિના ભેદ જણાવી સત્તર વાર તે ને તે વાત જણાવી છે કે, તે આવરણો ત્યાં સુધી હોય કે જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય. આવું આરંભપરિગ્રહનું બળ જણાવી ફરી અર્થાપત્તિરૂપે પાછું તેનું ત્યાં જ કથન કર્યું છે.’** અર્થાપત્તિ એટલે ફેરવીને. અર્થ ફેરવીને. હવે અહીં નાસ્તિથી લીધું છે. **‘જીવને મતિજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.’** ત્યારે. નાસ્તિ કરે ત્યારે. એટલે એની એ વાત અસ્તિનાસ્તિથી Double વાર કરી છે.

**‘જીવને શ્રુતજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.’** ત્યારે **‘જીવને અવધિજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.’** ત્યારે અને એ જ રીતે **‘જીવને કેવળજ્ઞાન ક્યારે ઊપજે ? આરંભપરિગ્રહથી નિવર્ત્યે.’** ત્યારે. હવે શું છે કે આરંભપરિગ્રહના આટલા બધા બોલ આવ્યા એટલે જે પ્રકારે આરંભ પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ એ પ્રકારે નહિ કરીને સીધી દીક્ષા લઈ લે. કે જુઓ ! અમે આરંભપરિગ્રહ છોડ્યો. તો એ પાછી બીજી ગડબડ થાય છે.

મુમુક્ષુ :– આરંભપરિગ્રહનો રસ તૂટવો જોઈએ ને ?

પૂજ્ય ભાઈશ્રી :– પહેલા રસ તૂટે. મુમુક્ષુ ભૂમિકામાં આરંભ પરિગ્રહ વચ્ચે રહીને

એનો રસ તૂટે. આરંભ પરિગ્રહની મધ્યમાં રહીને એનો રસ તૂટે. ગૃહ-કુટુંબાદિની મધ્યમાં રહીને એનો રસ તૂટે. અને એ જ એની પરીક્ષા છે. એક ચીજ ન મળતી હોય અને એનો રસ ન આવે એ સમજી શકાય એવી વાત છે. કે ભાઈ ! આપણી પાસે ચક્રવર્તીનું રાજ નથી. તો આપણને ક્યાં ચક્રવર્તીના રાજનો મોહ છે એમ કહે. પણ નથી એનો મોહ છે કે નથી એનો ક્યાં વિચાર કરવાનો રહ્યો. જે છે એના ઉપર કેટલો મોહ, છે એ વિચાર કરને. એમ જોવાનું છે.

એમ કહીને સત્તર દુ ચોત્રીસ અસ્તિથી સત્તર અને નાસ્તિથી સત્તર. **'એમ સત્તર પ્રકાર ફરીથી કહી આરંભપરિગ્રહની નિવૃત્તિનું ફળ જ્યાં છેવટે કેવળજ્ઞાન છે ત્યાં સુધી લીધું છે;'** સત્શાસ્ત્રોની અંદર, પરમાગમોની અંદર એ વાત લીધી છે. **'અને પ્રવૃત્તિનું ફળ કેવળજ્ઞાન સુધીનાં આવરણના હેતુપણે કહી તેનું અત્યંત બળવાનપણું કહી જીવને તેથી નિવૃત્ત થવાનો જ ઉપદેશ કર્યો છે.'** નિવૃત્તિ ઉપકારી છે એ વાત અહીં સુધી ઘુંટાવી છે. આટલી બધી બળવાનપણે કહી છે. પણ એમાં પણ યથાર્થ પ્રકાર હોવો ઘટે એ વાત રાખીને છે. નહિતર અયથાર્થ પ્રકારે આ જીવે પણ આરંભપરિગ્રહને અનંત વાર છોડ્યા છે અને અને દ્રવ્યલિંગી અનંત વાર થયો છે. પણ વળી પાછો દેવલોકમાં ગયો એટલે એની એ દશા થઈ પાછી, એકેન્દ્રિયમાં જાય એવી. ક્યાંથી ? નવમી ગ્રૈવેયકે જઈને એકેન્દ્રિયમાં ગયો છે. આ પરિસ્થિતિ થઈ.

એટલે 'દૌલતરામજી'એ એ વાત ગાય છે. 'ગુરુદેવ' એ વારંવાર એને દોહરાવી છે. 'દેવ એકેન્દ્રિય થયા.' અને આ 'ગુરુદેવ' વારંવાર ગાતા હતા કે, 'અનંત વાર ગ્રૈવક ઉપજાયો.' 'મુનિવ્રત ધાર અનંત ગ્રૈવક ઉપજાયો, નિજ આત્મજ્ઞાન બિન લેષ સુખ ન પાયો.' એ વારંવાર દોહરાવતા હતા 'દોલતરામજી'ના 'છ ઢાળા'માંથી.

**'ફરી ફરીને જ્ઞાનીપુરુષોનાં વચન એ ઉપદેશનો જ નિશ્ચય કરવાની જીવને પ્રેરણા કરવા ઇચ્છે છે;...'** જ્ઞાનીપુરુષોનાં વચનમાં પણ એ જ ઉપદેશ છે કે તું સમ્યક્ પ્રકારે યથાર્થ પ્રકારે આરંભપરિગ્રહથી નિવર્ત. એટલે કે જ્યાં તું નથી, ત્યાં જે મમત્વ કરે છે, ત્યાં જે પોતાની હયાતી અનુભવે છો એ પ્રકાર છોડ એમ કહેવું છે. એ પ્રકારને તું પહેલા છોડ.

**'તથાપિ અનાદિ અસત્સંગથી ઉત્પન્ન થયેલી એવી દુષ્ટ ઇચ્છાદિ ભાવમાં મૂઢ થયેલો એવો જીવ પ્રતિબૂઝતો નથી;...'** શું કારણ લીધું મુખ્ય ? કે તથાપિ અનાદિ

અસત્સંગથી ઉત્પન્ન થયેલી એવી દુષ્ટ ઇચ્છાદિ પરિણામ. જુઓ ! કઈ વાત લીધી ? અસત્સંગ લીધો. સત્શાસ્ત્રોમાં એ વાત બહુ મોટી કરી છે કે અસત્સંગ જેવો કોઈ આત્માને અનિષ્ટ નથી. દુષ્ટ એટલા માટે કહે છે. આત્માના ઘાતક, આત્માને દુષ્ટ થાય એ અસત્સંગ જેવું બીજું કોઈ નથી. માટે સૌથી વધારે કોઈ આ જીવે સાવધાની રાખવા યોગ્ય હોય તો આ જગ્યાએ છે.

પરિસ્થિતિનો જો વિચાર કરવામાં આવે તો જીવનો અંતર્મુખ ઉપયોગ જરા પણ નથી. સંસારીજીવને અંતર્મુખ ઉપયોગ તો જરાય નથી. કેવળ બહિર્મુખ ઉપયોગ વર્તે છે. હવે કેવળ બહિર્મુખ ઉપયોગ વર્તે છે ત્યારે એ બહિર્મુખ ઉપયોગનો વિષય તો અન્ય પદાર્થ છે. હવે જ્યારે પરિસ્થિતિ જ એ છે કે અન્ય પદાર્થ ઉપર જ એકધારો ઉપયોગ જાય છે. ભલે પદાર્થ બદલાય છે પણ અન્ય પદાર્થો ઉપર જ ઉપયોગ રહ્યા કરે છે. એક નહિ ને બીજો, બીજો નહિ ને ત્રીજો, ત્રીજા પછી ચોથો, પછી પાંચમો. એમ ને એમ ચાલ્યા જ કરે છે. ત્યારે આ જીવે વિવેક કરવા જેવું છે કે મારો ઉપયોગ કોનો સંગ કરે છે ? બસ. જે સંગ કરવા યોગ્ય નથી એના ઉપર ઉપયોગ જાય તો એને ઉદાસ થવું ઘટે છે. આ સીધી વાત છે. એટલે સર્વત્ર ઉદાસીનતા આવ્યા વિના, કેમ કે સર્વત્ર પરપદાર્થ છે, એક દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ આટલી વહેંચણી કરજે.

પરપદાર્થમાં જ ઉપયોગ રમી રહ્યો છે અને પરપદાર્થ સિવાય ઉપયોગની બીજી પરિસ્થિતિ અત્યારે નથી. જે સ્થિતિમાં મુમુક્ષુ પોતે ઊભો છે ત્યારે એને વિવેક કરવો ઘટે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ સિવાય મારા ઉપયોગને બીજો સંગ થાય તો એ મારે કરવા જેવો નથી. અને એ થાય તો એમાં ઉદાસીનતા (રહેવી જોઈએ). સંયોગ તો કોઈ એના હાથની ચીજ નથી. કુટુંબ વચ્ચે રહ્યો છે. કે બીજા જે કોઈ જે મનુષ્યો, જે અજીવ પદાર્થો, સચેત, અચેત, મિશ્ર એ વચ્ચે રહ્યો છે એ પૂર્વકર્મને આધારે રહ્યો છે, એના કારણે રહ્યો છે. તો ત્યાં એને વિવેક હોય તો ઉપેક્ષા અથવા ઉદાસીનતા આવ્યા વિના રહે નહિ. દ્વેષ કરવાની વાત નથી કે તું અસત્સંગમાં દ્વેષ કરજે. પણ તું ઉપેક્ષિત અને ઉદાસીન તો થજે જ. નહિતર એ સિવાયના જે પરિણામ છે એ અસત્સંગને લઈને જીવ મૂંઢ થઈ જાય છે. જુઓ ! આ અમૂઢ દૃષ્ટિ જે છે ને ? એની વિપરીત વાત છે.

સમ્યગ્દર્શનમાં અમૂઢદૃષ્ટિ અંગ હોય છે એ અંગની પ્રાપ્તિ ક્યારે થાય છે ? એ અંગવાળા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ક્યારે થાય છે ? કે આવા મૂંઢપણાના પરિણામ છૂટે ત્યારે. જો જીવ અસત્સંગમાં ન ચેતે તો એની મૂંઢતા ક્યારે જાય નહિ. અનાદિ મૂંઢતા ચાલુ રહે. આ એક ગંભીર પ્રશ્ન છે. તેથી અનાદિથી આ જીવ પ્રતિબૂઝતો નથી અને માર્ગે ચડતો નથી.

**'અને તે ભાવોની નિવૃત્તિ કર્યા વિના અથવા નિવૃત્તિનું પ્રયત્ન કર્યા વિના...'** જુઓ ! નિવૃત્તિ કરે તો ધર્મદશામાં આવે. ક્યારે નિવૃત્તિ થાય ? કે નિવૃત્તિનો પ્રયત્ન કરે ત્યારે. એટલે મુમુક્ષુને પ્રયત્ન દશા છે. એના પ્રયત્નની દશા એ મુમુક્ષુની દશા છે. નિવૃત્તિની દશા છે એ જ્ઞાનદશા છે. **'તે ભાવોની નિવૃત્તિ કર્યા વિના અથવા નિવૃત્તિનું પ્રયત્ન કર્યા વિના શ્રેય ઇચ્છે છે,...'** પાછો આત્મકલ્યાણ ઇચ્છે છે. અભિલાષા એ રાખે કે મારા આત્માનું કલ્યાણ થઈ જાય તો સારું. પાછો કલ્યાણ ઇચ્છે છે કે શ્રેય ઇચ્છે છે, **'કે જેનો સંભવ ક્યારે પણ થઈ શક્યો નથી, વર્તમાનમાં થતો નથી, અને ભવિષ્યમાં થશે નહીં.'** એ આશા જ છોડી દેવી.

જીવ મૂંઢપણું એમ ને એમ રાખે. સત્સંગ, અસત્સંગનો વિવેક કરે નહિ, એટલો પણ ઉદયભાવમાં વિવેક કરે નહિ અને મૂંઢપણું રાખે અને કલ્યાણને ઇચ્છે તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન. ત્રણ કાળ લીધા. ત્રણ કાળમાં નહિ બની શકે. જોરથી કહે છે કે ત્રણ કાળમાં એ વાત બનવાની નથી. એ રીતે સિદ્ધાંતબોધ અને ઉપદેશબોધના પત્રની અંદર મૂળ વાત જે વિપર્યાસની છે, મૂંઢપણાની છે એ વાત લઈ લીધી છે.

૫૦૬ પત્ર (પૂરો) થયો.

---

## પત્રાંક-૫૦૭

**મુંબઈ, જેઠ સુદ ૧૧, ગુરુ, ૧૯૫૦**

**અત્રે ઉપાધિનું બળ એમ ને એમ રહ્યા કરે છે. જેમ તે પ્રત્યે ઉપેક્ષા થાય છે તેમ બળવાન ઉદય થાય છે; પ્રારબ્ધ ધર્મ જાણી વેદવા યોગ્ય છે; તથાપિ નિવૃત્તિની ઇચ્છા અને આત્માનું ઢીલાપણું છે, એવો વિચાર**

**ખેદ આપ્યા રહે છે.**

**કંઈ પણ નિવૃત્તિનું સ્મરણ રહે એટલો સત્સંગ તો કર્યા રહેવું યોગ્ય છે.**

**આ.સ્વ. પ્રણામ.**

(પત્રાંક) ૫૦૭. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે.

**'અત્રે ઉપાધિનું બળ એમ ને એમ રહ્યા કરે છે.'** એટલે વ્યાપારના કામકાજનું દબાણ, વ્યાપારના વ્યવસાયના કામકાજનું દબાણ ઘણું છે. એટલે એને ઉપાધિબળ કહ્યું છે એમની પોતાની ભાષામાં. અને એમ ને એમ એ ચાલુ છે. **'જેમ તે પ્રત્યે ઉપેક્ષા થાય છે...'** શું થાય છે એ વખતે પોતાને ? કેમ કે અસત્સંગ છે. ઉપેક્ષા થયા વિના (રહે નહિ). યથાર્થતામાં ઉપેક્ષા થાય તો એ તો જ્ઞાનદશામાં ઊભા છે. એટલે એમને ઉપેક્ષા તો સહજ જ વર્તે છે. ઉપેક્ષા થયા વિના રહે નહિ.

**'જેમ તે પ્રત્યે ઉપેક્ષા થાય છે તેમ બળવાન ઉદય થાય છે;...'** અમારી આ બાજુ ઉપેક્ષા વધે છે. આ બાજુ કામકાજની પ્રવૃત્તિના કામો નવા નવા, નવા નવા ઊભા થઈ જાય છે. કલ્પના ન કરી હોય એ જાતનો વેપાર સામે આવીને ઊભો રહે. નહિ ધારેલા માણસો ગ્રાહક તરીકે આવે, નહિ ધારેલા માણસો વેચવામાં આવે. લેવામાં અને વેચવામાં પોતાની પ્રેરણા વગર અને પ્રયત્ન વગર કામકાજ ઊભા થઈ જાય. એક ન જાય ત્યાં બીજા બે લાઈનમાં ઊભા હોય. એકમાં હજી ઉપેક્ષા હોય ત્યાં બીજા બેને જુએ એટલે વધારે ઉપેક્ષા થાય. હજી એકને છોડાવવાની મહેનત કરીએ છીએ ત્યાં તો બે આવીને ઊભા છે. હવે એ કાંઈ લાવ્યા તો આવ્યા નથી. પૂર્વકર્મ કામ કરે છે.

**'જેમ તે પ્રત્યે ઉપેક્ષા થાય છે તેમ બળવાન ઉદય થાય છે.'** ઉપેક્ષા જોર જોરથી થવા લાગે છે, વૃદ્ધિગત થતી જાય છે. સામે પ્રવૃત્તિ પણ વધે (છે). એવું પ્રારબ્ધ છે. એવું કોઈ પ્રારબ્ધ છે. એ **'પ્રારબ્ધ ધર્મ જાણી વેદવા યોગ્ય છે;...'** એ પ્રારબ્ધ છે. હેરફેર કરવાનો મારો અધિકાર નથી. એમાં નીરસ થાવું એ મારો અધિકાર છે.

અને તેથી નીરસભાવે એને વેદી લેવું એ પ્રારબ્ધ ધર્મ છે.

**'તથાપિ નિવૃત્તિની ઇચ્છા અને આત્માનું ઢીલાપણું છે,...'** એક બાજુ નિવૃત્તિની ઇચ્છા છે. સાથે નિવૃત્તિ નથી લેવાતી એવું જે જોર નથી આવતું એટલું આ આત્માનું ઢીલાપણું છે. પોતે પોતાના ચારિત્રમોહની જે અશક્તિ છે એને પણ વ્યક્ત કહે છે, એને પણ સ્પષ્ટ કહે છે. અને **'એવો વિચાર...'** એવું જે આત્માનું ઢીલાપણું છે **'એવો વિચાર ખેદ આપ્યા રહે છે.'** અરે...! આત્મા હજી તારે શિથિલ રહેવું છે ? હજી પણ તારે આ નિવૃત્તિ લેવામાં શિથિલ થવું છે ? આ ૨૭ મા વર્ષે આ પરિસ્થિતિ છે અંદરની. હજી પોતાને ખેદ આવે છે કે કાં આટલું ઢીલાપણું ? જ્યારે અંદરની પરિસ્થિતિ સારી રીતે સુદઢ થઈ છે, તો પછી આને મૂકતા તને કેમ વાર લાગે છે ? આવો ખેદ પોતાને ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :– પ્રારબ્ધધર્મ એટલે પૂર્વકર્મનો સ્વભાવ, નસીબનો સ્વભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, પ્રારબ્ધધર્મ. ધર્મ એટલે શું છે કે પ્રારબ્ધનો એ પ્રકાર જ છે કે જેમાં કાંઈ હેરફેર કરવાનો મારો અધિકાર તો નથી. એ સંયોગોનો ધર્મ કહો. પ્રારબ્ધ એટલે ? સંયોગોનો ધર્મ છે. એટલે એમાં પોતાનું વ્યાપકપણું તો નથી પણ પોતાનું ઢીલાપણું છે એનો ખેદ છે. આમાં શું થાય છે કે જ્યારે મોક્ષમાર્ગી ધર્માત્માને એવી કોઈ ઉગ્ર અંતર અવલંબનની દશા પ્રગટે કે જ્યાં મુનિદશા ભાવલિંગી મુનિદશાની સમીપતામાં આવી જાય ત્યારે બળવાન કો સબ સાથ દેતે હૈં. ત્યારે એ પૂર્વકર્મ ને પ્રારબ્ધ પણ એને સાથ આપે છે અને એ બહુ ઝડપથી નિવૃત્ત થાય છે. એટલે જ્યારે કોઈ ધર્માત્મા દીક્ષા લઈને ભાવલિંગી મુનિદશામાં પ્રવેશ કરે છે ત્યારે એને પૂર્વકર્મનો ઉદય પણ તે પ્રકારનો ગૃહસ્થનો અને વ્યાપારાદિનો પૂર્વકર્મનો ઉદય પણ તે કાળે નિવૃત્ત જ હોય છે, નિવૃત્ત જ થાય છે. એમ મેળ હોય છે. એટલે કોઈને ગૃહસ્થદશામાં મુનિદશા આવે એ પરિસ્થિતિ નથી હોતી એનું કારણ આ છે.

ત્યાગ કરી શકે છે એ પ્રશ્ન નથી અહીંયાં. નહિતર તો એવી રીતે વિચિત્ર પ્રશ્ન પણ લોકો કરે છે કે નિર્વસ્ત્ર દશા ભાવલિંગી સંત થાય ત્યારે દિગંબર દશામાં આવે છે તો કપડા છોડી શકે છે આત્મા ? એમ પ્રશ્ન કરે. એ પ્રશ્ન નથી અહીંયાં. સહજ જ એ પ્રકારનો ઉદય હોય છે. નિર્વસ્ત્ર રહેવાનો જ ઉદય હોય છે. અને એવો વિકલ્પ આવે છે કે આ હું વસ્ત્રાદિ અલંકાર વગેરેનો ત્યાગ મારે કરવો છે. મને એમાં રસ

તો ઘણા વખતથી નહોતો. અત્યંત નીરસપણું છે પણ એને અંગીકાર કરવાનો વિકલ્પ હવે જે થાય છે એ વિકલ્પ સહન થઈ શકે એવી પરિસ્થિતિ નથી.

જેને સૂક્ષ્મ વિકલ્પ પણ પોસાતો નથી એને સ્થૂળ વિકલ્પ કેવી રીતે પોસાય ? એમ કહેવું છે. એને એ વિકલ્પ પોસાતો નથી. એટલે એ વિકલ્પ પછી એને ઉત્પન્ન નથી થતો. ત્યારપછી તો ઉત્પન્ન જ નથી થતો. એક વખત ત્યાગનો વિકલ્પ આવે છે. સર્વ સાવદ્યયોગની પ્રતિજ્ઞા લઈ લે છે પછી એનો વિકલ્પ આવતો નથી. એવી સ્વરૂપ સ્થિરતા અને વીતરાગતાની હયાતી એટલી હદ સુધીની ત્યાં વર્તે છે. એટલે પછી વિકલ્પ નથી આવતો.

**'કંઈ પણ નિવૃત્તિનું સ્મરણ રહે એટલો સત્સંગ તો કર્યા રહેવું યોગ્ય છે.'** સત્સંગની અંદર નિવૃત્તિની–આરંભપરિગ્રહની નિવૃત્તિની વાત તો અવારનવાર આવવાની જ છે. એ તો સત્સંગમાં મુખ્ય વિષય હોય છે એટલે એનું સ્મરણ રહે એટલા માટે પણ સત્સંગ તો કર્યા રહેવું યોગ્ય છે. 'અંબાલાલભાઈ'ને પત્ર લખે છે કે સત્સંગ તો છોડવો નહિ. મુમુક્ષુએ સત્સંગને છોડવો એટલે એને પોતાના અનંત જન્મ-મરણને આમંત્રણ દેવા બરાબર છે. સત્સંગ તો એને છોડવા યોગ્ય નથી. નહિતર એનું બધું જશે. કાંઈ ઠેકાણું રહેશે નહિ. એ પરિસ્થિતિમાં આવશે.

એટલે એ જ્ઞાનીપુરુષોની ભલામણ છે, શિખામણ છે કે સત્સંગ તો કર્યા રહેવું એ યોગ્ય છે. એ એક પોસ્ટકાર્ડનો પત્ર છે 'અંબાલાલભાઈ' ઉપરનો. ત્યાર પછી 'સૌભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે.

**પત્રાંક-૫૦૮**

**મુંબઈ, જેઠ સુદ ૧૪, રવિ, ૧૯૫૦**

**ૐ**

**પરમ સ્નેહી શ્રી સોભાગ,**

**આપનો કાગળ ૧ સવિગત મળ્યો હતો. ઉપાધિના પ્રસંગથી ઉત્તર લખવાનું થયું નથી તે ક્ષમા કરશો.**

ચિત્તમાં ઉપાધિનાં પ્રસંગ માટે વારંવાર ખેદ થાય છે કે, આવો ઉદય જો આ દેહમાં ઘણા વખત સુધી વર્ત્યા કરે તો સમાધિદશાએ જે લક્ષ છે તે લક્ષ એમ ને એમ અપ્રધાનપણે રાખવો પડે, અને જેમાં અત્યંત અપ્રમાદયોગ ઘટે છે, તેમાં પ્રમાદયોગ જેવું થાય.

કદાપિ તેમ નહીં તોપણ આ સંસારને વિષે કોઈ પ્રકાર રુચિયોગ્ય જણાતો નથી; પ્રત્યક્ષ રસરહિત એવું સ્વરૂપ દેખાય છે; તેને વિષે જરૂર સદ્વિચારવાન જીવને અલ્પ પણ રુચિ થાય નહીં, એવો નિશ્ચય વર્તે છે. વારંવાર સંસાર ભયરૂપ લાગે છે. ભયરૂપ લાગવાનો બીજો કોઈ હેતુ જણાતો નથી, માત્ર એમાં શુદ્ધ એવું આત્મસ્વરૂપ અપ્રધાન રાખી વર્તવું થાય છે તેથી મોટો ત્રાસ વર્તે છે, અને નિત્ય છૂટવાનો લક્ષ રહે છે; તથાપિ હજુ તો અંતરાય સંભવે છે, અને પ્રતિબંધ પણ રહ્યા કરે છે; તેમ જ તેને અનુસરતા બીજા અનેક વિકલ્પથી ખારા લાગેલા આ સંસારને વિષે પરાણે સ્થિતિ છે.

તમે કેટલાંક પ્રશ્ન લખો છો તે ઉત્તરયોગ્ય હોય છે, છતાં તે ઉત્તર ન લખવાનું કારણ ઉપાધિ પ્રસંગનું બળ છે, તથા ઉપર જણાવેલો એવો ચિત્તનો ખેદ રહે છે તે છે.

આ. સ્વ. પ્રણામ.

(પત્રાંક–૫૦૮) **'પરમ સ્નેહી શ્રી સોભાગ,**

**આપનો કાગળ ૧ સવિગત મળ્યો હતો. ઉપાધિના પ્રસંગથી ઉત્તર લખવાનું થયું નથી, તે ક્ષમા કરશો.'** ઉપયોગ બાહ્ય પ્રવૃત્તિમાં વ્યસ્ત હોવાને લીધે જે આધ્યાત્મિક પત્રો લખવાનું સારું એવું ઠેકાણું જે 'સોભાગભાઈ' હતા, તો ઉપયોગની નિવૃત્તિએ એ પત્ર લખે એ બની શક્યું નથી. **'ચિત્તમાં ઉપાધિના પ્રસંગ માટે વારંવાર**

**ખેદ થાય છે...**' જે કાંઈ વર્તમાન પ્રવૃત્તિ ચાલી રહી છે, જે પ્રસંગ કર્મના ઉદયને લઈને વર્તી રહ્યો છે એના માટે ખેદ થાય છે કે અમારે આ ક્યાંથી ? આવા જ્ઞાની અને ધર્માત્માને તો નિવૃત્તિ જ હોય, નિવૃત્તિ જ શોભે, નિવૃત્તિ જ હોય અને નિવૃત્તિમાં રહીને એ પોતાનું આત્મ કલ્યાણ કરે અને સાથે સાથે બીજાને પણ કલ્યાણમાં નિમિત્ત થાય. આવી જે અંતર-બાહ્ય પરિસ્થિતિ છે, એ ધર્માત્માની સુસંગત દશા છે. જ્યારે આવા ધર્માત્માને આવી બાહ્ય પ્રવૃત્તિ વિશેષે કરીને થાય છે ત્યારે અંદરની દશા તો વિશેષ નિર્જરાનું કારણ બને જ છે. કેમ કે એ કાળે પુરુષાર્થ વિશેષ કરે છે પણ બાહ્ય પરિસ્થિતિ સુસંગત નથી. એટલે બીજા કોઈને એ નિશ્ચય થવામાં, ઓળખાણ થવામાં, નિશ્ચય થયો હોય તો એમાં સ્થિર રહેવામાં વિપરીત નિમિત્ત થવાનું કોઈ વાર કારણ બની જાય છે. આ પરિસ્થિતિ બને છે. એટલે બીજાને એ વિશેષે ઉપકારનું કારણ નથી થતું એટલે એ સુસંગત નથી.

એક પત્રમાં લખે છે, 'મણિભાઈ' ઉપરનો જ પત્ર છે, ૪૦૧. 'મણિલાલ રાયચંદ ગાંધી' બોટાદ. ૩૫૦ પાનું. વચ્ચેનો મોટો પેરેગ્રાફ છે એમાં. '**તમારા જાણવામાં આવ્યું હોવું જોઈએ કે...**' પહેલો જ પત્ર લખે છે અને 'સોભાગભાઈ'એ એમનું ધ્યાન ખેંચ્યું છે. એ દીક્ષા લેવાના હતા અને એમને ખ્યાલ આવ્યો. કોઈ વેપારી સંબંધ કે કાંઈક એવું હશે. એમાંથી સંપર્ક થયો, ખબર પડી કે આ વૈરાગી જીવ છે, દીક્ષા લેવાના છે. ત્યારે એને કહ્યું કે, આ સત્પુરુષ છે એને એક વખત મળો, એનો સમાગમ કરો, દીક્ષા લેવી હોય તો લેજો પણ પછી. આ નિર્ણય તમે થોડા વખત માટે મોકુફ રાખો. અને જોઈ વિચારીને પગલું ભરો. એટલે એમ કહ્યું કે, '**તમારા જાણવામાં આવ્યું હોવું જોઈએ કે અત્રે અમારું જે રહેવું થાય છે...**' 'મુંબઈ' થી પત્ર લખે છે. એટલે અમે જે અત્યારે મુંબઈમાં છીએ '**તે ઉપાધિપૂર્વક થાય છે,...**' એટલે કે પ્રવૃત્તિ છે ગૃહસ્થદશાની, વ્યાપારની અમારી પ્રવૃત્તિને કારણે 'મુંબઈ'માં છીએ. '**અને તે ઉપાધિ એવા પ્રકારથી છે...**' એટલે એટલો બધો વ્યવસાયનો પ્રસંગ છે '**કે તેવા પ્રસંગમાં શ્રી તીર્થંકર જેવા પુરુષ વિષેનો નિર્ધાર કરવો હોય તો પણ વિકટ પડે,...**' અમારી જગ્યાએ કોઈ તીર્થંકર દ્રવ્ય હોય ને તો પણ એનો નિર્ણય કરવો મુશ્કેલ પડી જાય કે આવા તે હોતા હશે જ્ઞાની હવે ? રોજ વેપાર-ધંધામાં રચ્યા-પચ્યા, માથું ઊંચુ થતું નથી કામકાજમાંથી. અને આવા તે કાંઈ જ્ઞાની હોતા હશે ? '**વિકટ પડે,...**'

'**કારણ કે અનાદિકાળથી...**' કેમ એમ થાય છે ? '**કે અનાદિકાળથી માત્ર જીવને બાહ્યપ્રવૃત્તિ અથવા બાહ્યનિવૃત્તિનું ઓળખાણ છે;...**' બાહ્ય પ્રવૃત્તિવાળો જ્ઞાની નથી, બાહ્ય નિવૃત્તિવાળો ધર્માત્મા છે. પ્રવૃત્તિવાળો ધર્માત્મા હોઈ શકે નહિ. આમ માની લે છે. અને એ બાહ્ય નિવૃત્તિ અને બાહ્ય પ્રવૃત્તિના '**આધારે જ તે સત્પુરુષ, અસત્પુરુષ કલ્પતો આવેલ છે;...**' કલ્પના કરતો આવ્યો છે. '**કદાપિ કોઈ સત્સંગના યોગે જીવને...**' હવે વાત કરે છે એ જરા વિચારવા જેવી છે. '**કદાપિ કોઈ સત્સંગના યોગે જીવને 'સત્પુરુષ આ છે' એવું જાણવામાં આવે છે, તોપણ પછી તેમનો બાહ્યપ્રવૃત્તિરૂપ યોગ દેખીને જેવો જોઈએ તેવો નિશ્ચય રહેતો નથી;...**' શંકા અંદર અંદર રહ્યા કરે. શલ્ય. કોને ખબર ભાઈ ! કેટલીક વાત તો બરાબર નથી દેખાતી. કેટલીક વાત તો બહુ સારી દેખાય છે. બોલે છે ત્યારે એમ લાગે છે કે બહુ સરસ વાત કરે છે. વળી પાછી બીજી પ્રવૃત્તિમાં જોઈએ છીએ ત્યારે એમ લાગે કે વળી આમ કેમ કર્યું ? વળી કેમ આમ બોલ્યા ? વળી કેમ આવી પ્રવૃત્તિ કરી ? શું ? એટલે એવો નિશ્ચય રહેતો નથી.

'**અથવા તો નિરંતર વધતો એવો ભક્તિભાવ નથી રહેતો;...**' એ પ્રવૃત્તિ જોઈને એને બહુમાન છે એ ઘટી જાય છે અથવા વૃદ્ધિગત થતું નથી. '**અને વખતે તો સંદેહને પ્રાપ્ત થઈ...**' કોઈ વખતે તો શંકામાં પડી જઈને '**જીવ તેવા સત્પુરુષના યોગને ત્યાગી જેની બાહ્યનિવૃત્તિ જણાય છે એવા અસત્પુરુષને દઢાગ્રહે સેવે છે;...**' આના કરતા ઓલા સારા. ધંધો-વેપાર તો કરતા નથી. એકલી ધર્મની પ્રવૃત્તિ જ કરે છે. એકલા નિવૃત્ત થઈને બીજું તો કાંઈ નથી કરતા. ઘર-કુટુંબ તો છોડી દીધું છે. એકલી ધાર્મિક પ્રવૃત્તિમાં ડૂબેલા છે. '**એવા અસત્પુરુષને દ્રઢાગ્રહે સેવે છે; માટે નિવૃત્તિપ્રસંગ જે કાળમાં સત્પુરુષને વર્તતો હોય તેવા પ્રસંગમાં તેમની સમીપનો વાસ તે જીવને વિશેષ હિતકર જાણી છીએ.**' બીજા જીવને, હોં ! એમને પ્રવૃત્તિ-નિવૃત્તિથી નુકસાન થવાનો પ્રશ્ન છે નહિ.

એમાં નીચે લખ્યું છે '**દીક્ષા લેવા વારંવાર ઇચ્છા થતી હોય તોપણ હાલ તે વૃત્તિ સમાવેશ કરવી, અને કલ્યાણ શું અને તે કેમ હોય તેની વારંવાર વિચારણા અને ગવેષણા કરવી. એ પ્રકારમાં અનંતકાળ થયાં ભૂલ થતી આવી છે, માટે અત્યંત વિચારે પગલું ભરવું યોગ્ય છે.**' એટલું છેલ્લે ચાર લીટીમાં નાખ્યું.

મુમુક્ષુ :– અહીંયાં એમ કહેવાનો ભાવાર્થ કરવો કે 'મુંબઈ' માં અમે છીએ

ઉપાધિમાં તો એ વખતે તમે અમારી સાથે નજીકનો વાસ કરે ઇ ઇચ્છનીય નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ પણ છે અને અત્યારે તો શું થયું છે કે એને પહેલીવહેલી નવી ઓળખાણ થઈ છે. અને નવી ઓળખાણ થઈ છે ત્યારે એમણે કાંઈક પત્ર લખ્યો છે. એનો એમણે આ ઉત્તર આપ્યો છે. તો કહે છે, તમે અમને 'મુંબઈ' કાગળ લખો છો તો તમને ખ્યાલ છે ને કે અમે વેપાર માટે 'મુંબઈ'માં રહીએ છીએ અત્યારે. અમે જે પ્રવૃત્તિમાં છીએ એમાં કોઈ તીર્થંકર હોય તો ન ઓળખાય. અમે તો હજી એટલા તીર્થંકર જેટલા સમર્થ નથી, પણ તીર્થંકર સમર્થ પુરુષ છે એ પણ ન ઓળખાય. એવી અમારી અત્યારની પ્રવૃત્તિ છે. તો બાહ્ય નિવૃત્તિ અને બાહ્ય પ્રવૃત્તિને આધારે જો તમે કોઈ વિચારતા હો,... કેમ કે દીક્ષા લે ત્યારે એને બાહ્યદૃષ્ટિ હોય જ તે. એટલે ખાસ ધ્યાન ખેંચ્યું છે કે તમારી જે બહિર્દૃષ્ટિ છે એ બહિર્દૃષ્ટિ જો ગૌણ કરી શકશો તો અમારા સત્સંગનો લાભ વિશેષે કરીને થવાયોગ્ય છે. જો બહિર્દૃષ્ટિમાં હશો તો અમારા સત્સંગમાં આવ્યા પછી પણ તમને જે લાભ થવો જોઈએ તે થશે નહિ. આમ મૂળ મુદ્દો આ કહેવો છે એમને જે કહેવો છે એ.

મુમુક્ષુ :– માટે નિવૃત્તિ પ્રસંગ જે કાળમાં સત્પુરુષને વર્તતો હોય, એવા પ્રસંગમાં તેમના સમીપનો નિવાસ એ જ જીવનો...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એ શું છે કે યોગ્યતા, સામાન્ય યોગ્યતાવાળા જીવોને વાત છે. વિશેષ યોગ્યતાવાળા તો પ્રવૃત્તિમાં સત્પુરુષની અંતરંગ દશાને ઓળખી લે ત્યારે એને ઊલટાનું બહુમાન વધે કે ઓહો..! આવા પ્રતિકૂળ પ્રવૃત્તિના ઘેરામાં રહીને આ આટલું કામ કરે છે ! ગજબનો પુરુષાર્થ છે આનો ! એ વખતે દેખાય એને. એને તો ઔર બહુમાન આવે. પણ એની ઘણી યોગ્યતા જોઈએ. એના માટે એની નજર જોઈએ છે. એમને એમ એ વસ્તુ નથી મળતી. અને એવા કાળે જો યોગ્યતા ન હોય તો વિપરીત પડતા પણ વાર લાગતી નથી. એ જોખમ છે.

મુમુક્ષુ :– આ પત્ર લખ્યો સ્પષ્ટતા આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. આને શરૂઆત છે ને ? એટલે એ વાત કરે છે. 'મણિભાઈ'ને નવી-નવી શરૂઆત છે એટલે વાત કરે છે.

**'ચિત્તમાં ઉપાધિના પ્રસંગ માટે વારંવાર ખેદ થાય છે...'** ૫૦૮માં હવે. અને ખેદ થાય છે એમાં એવો એક વિચાર ચાલે છે એ અહીંયાં વ્યક્ત કરે છે. **'વારંવાર ખેદ**

**થાય છે કે,...'** કેવો ખેદ થાય છે ? ખેદ કરીને બેસી નથી રહેતા, કે ચાલો ખેદ તો થાય છે. ખેદ કરવો જોઈએ અને ખેદ થાય છે. બેય વાત બને છે. કહે નહિ. **'આવો ઉદય જો આ દેહમાં ઘણા વખત સુધી વર્ત્યા કરે...'** આવું ને આવું જો ચાલુ રહે **'તો સમાધિદશાએ જે લક્ષ છે તે લક્ષ એમ ને એમ અપ્રધાનપણે રાખવો પડે,...'** સમાધિદશામાં લક્ષ છે એ અત્યારે અપ્રધાન રહે છે, ઉપયોગ બહાર જાય ત્યારે. એ એમ ને એમ લંબાય જશે. એ સ્થિતિ સારી નથી. લંબાય તે સારું નથી.

કોઈપણ ગુણસ્થાનમાં મુમુક્ષુતામાં કે કોઈપણ ગુણસ્થાનમાં તે સ્થિતિ લંબાય નહિ એની કાળજી જ્ઞાનીઓ લે છે, જાગૃત મુમુક્ષુ પણ લે છે. ભાઈ ! ૨૫-૨૫ ૫૦-૫૦ વર્ષ સુધી મુમુક્ષુ જ રહ્યા આપણે. જ્ઞાની ન થયા. એ થોડી પરિસ્થિતિ જોખમી છે. એમ ચોથા ગુણસ્થાનમાં પણ જ્ઞાનીને એમ લાગે છે. એમ પાંચમા ગુણસ્થાનમાં પણ સાધકને એમ લાગે છે. એમ મુનિદશામાં પણ સાધકને એમ લાગે છે. અને મુનિદશામાં તો વધારે લાગે છે. ત્યાં પુરુષાર્થ વધારે અને લાગવું પણ વધારે છે. અંતર્મુહૂર્તમાં અનેક વાર નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય અને એમ ને એમ ચાલુ રહે પાછો. સવિકલ્પ અને નિર્વિકલ્પ... સવિકલ્પ અને નિર્વિકલ્પ... પોસાતું નથી એમને.

જે શ્રેણી માંડવી જોઈએ એ શ્રેણી કેમ આવતી નથી ? જો આયુષ્ય પર્યંત શ્રેણી નહિ માંડી તો ચોથા ગુણસ્થાને જાવું પડશે. છઠ્ઠું-સાતમું છૂટીને દેવલોકમાં ચોથા ગુણસ્થાને જાશે. એ ખબર છે પોતાને. એટલે વર્તમાન ચાલતા ગુણસ્થાનમાં એ આત્મવિકાસ કરતા જાય છે. કરતા જાય છે એ કરીને ગુણસ્થાનમાં, ઉપરના ગુણસ્થાનમાં આરૂઢ થવામાં જો વિલંબ થાય તો એમને એ વિષયની જાગૃતિ, ખેદ બધા પ્રકારનો ખ્યાલ આવી જાય છે કે આ બરાબર નથી થતું હવે. હવે આ બરાબર થતું નથી એમ લાગી આવે છે. એ વાત ચાલે છે.

**'આવો ઉદય જો આ દેહમાં ઘણા વખત સુધી વર્ત્યા કરે તો સમાધિદશાએ જે લક્ષ છે...'** શુદ્ધાત્માનું. કોનું લક્ષ છે ? શુદ્ધાત્માનું. **'તે લક્ષ...'** જેમ અત્યારે ઉપયોગ થતાં ગૌણ થઈ જાય છે એ એમ ને એમ અપ્રધાનપણે ગૌણ જ રાખવો પડે. અને જેમાં અત્યંત અપ્રમાદયોગ ઘટે છે, જે આત્મકાર્ય માટે જે સાધના, જે આરાધનામાં **'અત્યંત અપ્રમાદયોગ હોવો ઘટે છે, તેમાં પ્રમાદયોગ જેવું થાય.'** તે દશા લંબાવાય નહિ. લંબાવવી ઇષ્ટ નથી, લંબાય તે સારું નથી.

હવે આ પ્રશ્ન થોડો વધારે સૂક્ષ્મ છે. એટલા માટે સૂક્ષ્મ છે કે તીર્થંકરાદિને લંબાઈને ગૃહસ્થ દશા લાખો-કરોડો પૂર્વની હોય છે અને અહીંયાં ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ ચોથા વર્ષે તોડવા માગે છે. ૨૪ મા વર્ષે સમ્યગ્દર્શન થયું. ૨૫ મું, ૨૬ મું ત્રણ પૂરા થયા ૨૭મું ચાલે છે. જેઠ મહિનો ચાલે છે. ચોથા વર્ષનો જેઠ મહિનો ચાલે છે. હજી ચોથું પૂરું નથી થયું. ત્રણ વર્ષ થયાં ત્યાં અંદરથી તાલાવેલી થાય છે. કે આ પ્રવૃત્તિયોગ આ દેહમાં એટલે આયુષ્ય પૂરું થાય એ પહેલા, લંબાવવો એ મને ઠીક નથી. મારે લંબાવવો નથી. કોઈ વાતે મારે લંબાવવો નથી. આવી જે ઉપર જવાની એમની ભાવના છે એ અહીંથી વ્યક્ત થાય છે. જે મુનિદશાની ભાવનાએ એ ભાવતા આવ્યા છે. એ ભાવના આગળ પણ આવી ગઈ. આગળ પણ એક-બે પત્રો આવી ગયા. અને આ ફરીને પાછી એ વાત આવે છે. એટલે જ્ઞાનદશા થયા પછી બે-ત્રણ વર્ષમાં જ એમના પરિણામ ૨૬માં વર્ષમાં એ વિષય આવી ગયો. પોતે ગૃહસ્થમાં રહેવા માગતા નથી.

એટલો ઉપાડ છે. એટલે એકાવતારી છે. એકલો પુરુષાર્થનો ઉપાડ હોવાથી એકાવતારી છે. ત્યારે કોઈ ચરમશરીરી જીવને લાખો-કરોડો પૂર્વ સુધી એ દશા રહી જાય. ચોથા ગુણસ્થાનની દશા રહી જાય અને છતાં એનું એ ચરમશરીર હોય. એટલે આનું ગણિત છે એ કોઈ બીજી જાતનું છે. ચાલુ સીધું ગણિત નથી. આ થોડુંક ધ્યાન ખેંચવા જેવો વિષય છે અને થોડો સૂક્ષ્મ વિષય છે. આવો જે અધ્યાત્મનો વિષય છે એ સીધા ગણિતથી ન સમજાય એવો અનેક જગ્યાએ આવો વિષય આવે છે. એ થોડો ન સમજાય ત્યાં સુધી જિજ્ઞાસામાં રહેવા જેવું છે. ઉતાવળ કરીને ક્યાંય નિર્ણય બાંધવા જેવો નથી. કેમ કે મુમુક્ષુની ભૂમિકામાં એ વિષય સમજાવો થોડો કઠીન છે. અહીં સુધી રાખીએ....

## તા. ૧૫-૯-૧૯૯૦, પત્રાંક–૫૦૮, ૫૦૯
## પ્રવચન નં. ૨૧૦

('શ્રીમદ્ રાજચંદ્ર'ગ્રંથ.) પાનું ૪૦૯, પત્ર ૫૦૮.

ઉપર એમ કહ્યું કે ઉપાધિનો પ્રસંગ એટલે કે વ્યવસાયનો પ્રસંગ જો લંબાય જાય અને એ રીતે આ મનુષ્ય આયુ અને મનુષ્યદેહમાં ઘણો સમય ચાલ્યા કરે તો તેમાં મારો અત્યંત પ્રમાદ છે એવું થાય છે, એવું લાગે છે. તેથી શીઘ્રપણે આ બાહ્ય પ્રવૃત્તિ છોડીને વિશેષ આત્મસ્થિરતામાં અપ્રમાદભાવે આવવું જોઈએ એમ એમના પુરુષાર્થમાંથી એ અવાજ છૂટે છે. એ પુરુષાર્થનો અવાજ છે. જેમ આત્માનો અવાજ એમ કહે છે એમ આત્માના પુરુષાર્થનો આ અવાજ છે કે ભલે જ્ઞાનદશા વર્તે છે, સમાધિદશા વર્તે છે તો પણ આ જ સ્થિતિએ ચાલુ રહેવું એ યોગ્ય નથી. એ રીતે કાળ પસાર થાય તે યોગ્ય નથી.

**'કદાપિ તેમ નહીં તોપણ...'** કદાપિ એટલે ધારો કે. એમાં કોઈ ખાસ મોટી હરકત નથી. જ્ઞાનદશા હોવાને લીધે, સમાધિદશા વર્તતી હોવાને લીધે મોટી હરકત નથી. **'તોપણ આ સંસારને વિષે કોઈ પ્રકાર રુચિયોગ્ય જણાતો નથી;...'** કોઈ પ્રકાર, કોઈ પ્રસંગ, કોઈ વાત, કોઈ સ્થિતિ આત્માને રુચિ થાય એવી તો જણાતી નથી, લાગતી નથી. **'પ્રત્યક્ષ રસરહિત એવું સ્વરૂપ દેખાય છે;...'** ક્યાંય અમને રસ પડે એવું દેખાતું નથી. જેમ કોઈ અજાણ્યા જંગલમાં જઈ ચડે, જઈ પડે અને ત્યાં જંગલી માણસોની વચ્ચે એને રહેવાનો પ્રસંગ થાય, એને કેટલો રસ આવે ? કોઈ ઓળખીતા નથી. કોઈ પોતાને યોગ્ય એટલે બરાબર નથી, કોઈ રીતભાત-રીતરિવાજ, કોઈ પોતાની કોટીના, પોતાની કક્ષાના દેખાતા નથી. એને કેટલો રસ આવે ? એમ અહીંયાં જ્ઞાનીને પણ પોતાને યોગ્ય કોઈ વાત સંસારમાં દેખાતી નથી. ન તો એની આજુબાજુના કુટુંબીજનો કે બીજા સ્નેહી-સગાઓ કે બજારમાં જેની સાથે સંબંધ હોય એમાં પોતાની

વિચારધારાને મેળ ખાય એવું કોઈ દેખાતું નથી. એટલે અજાણ્યા પ્રદેશમાં, અજાણ્યા માણસોની વચ્ચે જેમ માણસને રસ ન આવે એવી એમની સ્થિતિ છે. પછી એમાં શું રોકાવું ? એમ કહે છે. જ્યારે આવી સ્થિતિ છે તો પછી એમાં શું રોકાઈ જવું ? અને કેમ રોકાવું ?

**'તેને વિષે જરૂર સદ્વિચારવાન જીવને અલ્પ પણ રુચિ થાય નહીં,...'** થોડી પણ રુચિ થાય, જો સદ્‌વિચાર હોય, આત્મહિતનો વિચાર હોય તો થોડી પણ રુચિ થાય એવો આ સંસાર તો દેખાતો નથી. સંસારનો પ્રસંગ કે વર્તમાન સંયોગો જરા પણ થોડી રુચિ થાય એવો દેખાતો નથી. જરૂર એ જ પરિસ્થિતિ છે. **'એવો નિશ્ચય વર્તે છે.'** અને એ પ્રત્યક્ષ છે એટલે એવો નિશ્ચય વર્તે છે. **'વારંવાર સંસાર ભયરૂપ લાગે છે.'** અને એ સંસારમાં પ્રીતિ કરવી, સંસારના મનુષ્યો સાથે સંગમાં રહેવું એ તો એક આત્માને ભયનું સ્થાન છે. અધોગતિનું નિમિત્ત થતું હોવાથી એને ભયનું સ્થાન ગણવામાં આવે છે.

**'ભયરૂપ લાગવાનો બીજો કોઈ હેતુ જણાતો નથી,...'** હવે ભયરૂપ શા માટે ? ક્યા કારણથી લાગે છે ? કયા હેતુથી લાગે છે ? કે **'ભયરૂપ લાગવાનો બીજો કોઈ હેતુ જણાતો નથી, માત્ર એમાં શુદ્ધ એવું આત્મસ્વરૂપ અપ્રધાન રાખી વર્તવું થાય છે....'** પોતાના ભગવાન આત્માને ગૌણ કરવો પડે છે. શુદ્ધ જ્ઞાન જેનો દેહ છે. ખરેખર તો આત્માને આ જડ દેહ નથી પણ શુદ્ધ જ્ઞાન એ એનો દેહ છે. હવે એના બદલે આ દૈહિક કાર્યો, દૈહિક સંબંધીઓ એની મુખ્યતામાં આ આખો આત્મા ગૌણ કરવો પડે છે. **'તેથી મોટો ત્રાસ વર્તે છે,...'** એ પ્રકારમાં આવવું પડે છે એ બહુ મોટો અમને ત્રાસ લાગે છે. જુઓ ! આ એક જ્ઞાનીની અંતરંગ દશા છે કે, પોતાના શુદ્ધાત્મ સ્વરૂપને, પરમપદને, પરમેશ્વરપદને, સર્વોત્કૃષ્ટપદને ગૌણ કરી અને સામાન્ય પ્રસંગો, સામાન્ય વાતો અને સામાન્ય જીવો સાથે એની મુખ્યતામાં સમય પસાર થઈ જાય, એને ઉપયોગ દેતા સમય પસાર થઈ જાય (એનો) ત્રાસ લાગે છે.

'સોગાનીજી' તો એમ કહેતા કે, એક વિકલ્પ પણ ઉત્પન્ન થાય છે એ અન્ય પદાર્થને અનુલક્ષીને ઉત્પન્ન થાય છે. અને એ એક વિકલ્પ પરમેશ્વરપદને ફાંસી આપવા જેવું છે. ગુનેગારને ફાંસી અપાય ને તો પણ માણસ જોઈ ન શકે. કોમળ હૃદયવાળો માણસ હોય, કઠોર હૃદયની વાત જુદી છે. પણ કોમળ હૃદયવાળો માણસ હોય તો

ગુનેગાર હોયને, ખૂન કર્યું હોય એને ફાંસી આપે તો જોઈ ન શકે. ત્યારે નિર્દોષને કોઈ ફાંસી આપે તો કેવું લાગે ? અરેરાટી થાય કે નહીં ? આ તો નિર્દોષ પરમાત્મા છે અને નિર્દોષ નિજ પરમાત્મા છે, પાછા બીજા પરમાત્મા નથી. એને એક વિકલ્પ પણ ફાંસી છે. એટલે એનો ત્રાસ છે. આ ત્રાસનું આ કારણ છે મૂળમાં. એ બહુ મોટો ત્રાસ, મોટો ત્રાસ વર્તે છે. ત્રાસ વર્તે છે એમ નહિ પણ મોટો ત્રાસ વર્તે છે.

**'અને નિત્ય છૂટવાનો લક્ષ રહે છે;...'** આ જંજાળથી છૂટું-છૂટું થઈ ગયું છે. આ એકાવતારી છે ને એટલે જોર આવું આવે છે અંદરથી. **'નિત્ય છૂટવાનો લક્ષ રહે છે; તથાપિ હજુ તો અંતરાય સંભવે છે,...'** એ છૂટા થવા માટે અંતરાય નજર સામે દેખાય છે. એ અંતરાય પણ પોતાના પૂર્વ અપરાધ ભાવથી ઊભો કરેલો પોતે જ અંતરાય છે. એનું એને પોતાને જ્ઞાન વર્તે છે. એટલે એ રીતે એ સમાધાન કરે છે કે એમાં કોઈ બીજાનો દોષ નથી. અત્યારે અંતરાય છે એમાં અત્યારે જે આજુબાજુના સંયોગોવાળાનો દોષ નથી. દોષ તો મારો પોતાનો છે.

**'તથાપિ હજુ તો અંતરાય સંભવે છે, અને પ્રતિબંધ પણ રહ્યા કરે છે;...'** અને એ લોકોનું બંધન પણ રહ્યા કરે છે. **'તેમ જ તેને અનુસરતા બીજા અનેક વિકલ્પથી...'** અને એ જ પ્રકારના અનેક વિકલ્પોથી **'ખારા લાગેલા આ સંસારને વિષે પરાણે સ્થિતિ છે.'** ખારો લાગેલો એવો જે આ સંસાર એને વિષે પરાણે સ્થિતિ છે. સજા ભોગવું છું એમ કહે છે. પૂર્વકર્મની સજા ભોગવું છું, પૂર્વે કરેલા અપરાધની સજા ભોગવું છું. તો એ સજા ભોગવવામાં રુચિ કેમ હોય ? સજા ભોગવનારને સજા ભોગવવામાં રુચિ થાય ? સારું થયું જેલ પડી. એ પ્રશ્ન નથી. એવી સ્થિતિમાં એ વર્તમાન પરિણમનમાં કેટલોક કાળ પસાર કરે છે. આ એકાદ વર્ષમાં તો છૂટી જવાના છે. પણ છતાં આટલું અંદરથી જોર આવે છે. પરિસ્થિતિમાં આટલું જોર આવે છે.

**'તમે કેટલાંક પ્રશ્ન લખો છો...'** 'સોભાગ્યભાઈ'નો પત્ર છે ને ? **'તમે કેટલાંક પ્રશ્ન લખો છો તે ઉત્તરયોગ્ય હોય છે,...'** એટલે ઉત્તર આપવા યોગ્ય હોય છે કે તમને ખરેખર ઉત્તર આપવો જોઈએ એવા કેટલાક તમારા પ્રશ્નો છે. **'છતાં તે ઉત્તર ન લખવાનું કારણ ઉપાધિ પ્રસંગનું બળ છે,....'** કામકાજની પ્રવૃત્તિનો ઘેરાવો એટલો છે કે એ પ્રવૃત્તિમાં ઉપયોગ જાય અને તમારા ઉત્તરમાં પણ ઉપયોગ જાય એ બેને મેળ નથી. એટલે અવકાશ રહેતો નથી કે તમને ઉત્તર આપવા યોગ્ય પ્રશ્નનો ઉત્તર

આપી શકીએ.

**'તથા ઉપર જણાવેલો એવો ચિત્તનો ખેદ રહે છે....'** થોડોક સમય મળે છે તો ચિત્ત ખેદખિન્ન હોય છે. એટલે પણ તમારા પત્રનો, પ્રશ્નનો ઉત્તર આપવા યોગ્ય ચિત્તની સ્થિતિ નથી. એક પ્રવૃત્તિમાં ઉપયોગ છે. એમાંથી થોડી નિવૃત્તિ લે તો એ પ્રવૃત્તિનો પછડાટ જાણે લાગ્યો હોય અને મારનો જેમ દુઃખાવો આવે, એમ એ ખેદ ચાલુ રહે છે. સરવાળે તમારા પ્રશ્નનો ઉત્તર લખી શકતા નથી. એટલે જેવી ચોખ્ખી પોતાની સ્થિતિ છે એનું બયાન કરે છે. સરળપણે જરા પણ આઘુંપાછું કર્યા વિના જેવી પરિસ્થિતિ વર્તે છે એ કલમમાં ઉતારી દે છે.

એ ૫૦૮ના પત્રમાં સંસારની અનુકૂળતાઓ વચ્ચે કેવો ત્રાસ ભોગવે છે (એનું નિરૂપણ કર્યું છે). પ્રતિકૂળતાઓમાં તો જીવ ત્રાસ ભોગવે. કોઈ પ્રતિકૂળતા આવી પડે, કોઈ પ્રતિકૂળતા થાય ત્યારે તો ત્રાસ લાગે પણ 'મુંબઈ'માં ધૂમ કમાણી છે. એ વખતના કાળની દૃષ્ટિએ ગણીએ તો પરદેશ સુધીનો મોટો વેપાર ચાલે છે. એ જીવન જીવતા એમને ત્રાસ લાગે છે કે આ તો અમારે લાયક કોઈ વાત નથી. અમારી રુચિનો કોઈ આ વિષય નથી. પૂર્વકર્મની સજા ભોગવવામાં પરાણે પરાણે સજા ભોગવીએ છીએ. એ સ્થિતિ લીધી છે. આ તો મેળવવા જેવો વિષય છે. અનુકૂળતામાં પણ જીવને ઠીક પડે છે. અનુકૂળતામાં જાણે કોઈ વિસામો લેતો હોય, જાણે એના આધારે હવે વાંધો નથી એમ લાગ્યા કરતું હોય. સામાન્ય જીવને તો આ સંસારમાં પરિસ્થિતિ (છે) કે ચાલો ઠીક થઈ ગયું. આ વખતે સરવૈયામાં વર્ષને અંતે બે-પાંચ-દસ લાખ આવી ગયા, હવે વાંધો નહિ આવે. એમ આધારબુદ્ધિ ઉત્પન્ન થાય એની જગ્યાએ એને પોતાને ત્રાસ લાગે છે કે આ કોઈ અમારી રુચિનો વિષય નથી.

મુમુક્ષુ :– આવી જ્ઞાનીની વાસ્તવિક પરિસ્થિતિની પોતાને બુદ્ધિ ગમ્ય થાય છે, છતાં પરના કર્તૃત્વમાં હોંશ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હાશ એટલે હોંશ આવે છે. એનું કારણ એ છે કે નુકસાન દેખાતું નથી. એ શું કરવા ત્રાસ પામે છે ? કે એક બાજુ સમાધિ અંશવાળી દશા હોવા છતાં આંશિક ઉપયોગ જાય છે, આંશિક પરિણમન જાય છે એમાં એને ત્રાસ લાગે છે. અહીંયાં આખેઆખું જાય છે તો એને નુકસાન નથી દેખાતું. ફેર તો એ મોટો છે. તો આખું પરિણમન રુચિથી સંયોગોમાં ડૂબી જાય છે. અને એમાં બહુ

મોટુ નુકસાન જીવ કરે છે. સ્વભાવથી ઘણો દૂર ચાલ્યો જાય છે. લાખો યોજન દૂર જાય છે, ક્ષેત્રની ઉપમા આપીએ તો. નુકસાન ન દેખાય તો કેવી રીતે ખબર પડે ? નુકસાન દેખાવું જોઈએ.

મુમુક્ષુ :– બુદ્ધિગમ્ય તો આ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– બુદ્ધિગમ્ય થાય છે તો અહીંયાં નુકસાન થાય એ બુદ્ધિગમ્ય હોવું જોઈએ ને ? નુકસાન જે કાળે થાય છે એ જ સમયે જો બુદ્ધિગમ્ય થાય તો એનો રસ તૂટ્યા વગર ન રહે, એ હોંશ તૂટ્યા વગર ન રહે. રોકડો વેપાર છે આ. ધર્મના કાર્યમાં ઉધારીનો વેપાર નથી. ધર્મના પ્રસંગમાં ઉધારીનો વેપાર નથી, ધર્મનું ફળ રોકડું જ છે. એ જ કાળે તમારે હોંશ તૂટે. પણ જો પોતાને નુકસાન છે એનો ખ્યાલ આવે તો. નુકસાનનો ખ્યાલ નથી તો દોડ્યો જશે, નુકસાનની દિશામાં આગળ ચાલશે.

મુમુક્ષુ :– એક વિકલ્પ પણ ફાંસી લાગે તો આ જીવે અનંત કાળ વિકલ્પ સિવાય બીજું કાંઈ કર્યું નથી... આ પકડાતું નથી એનો અર્થ કે દર્શનમોહની કેટલી તીવ્રતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલી તીવ્રતા છે. દર્શનમોહની એટલી તીવ્રતા છે કે ફાંસી લાગે છે તો પણ ફાંસીનું દુઃખ દેખાતું નથી. એટલો પણ વિચાર કરે કે અનંત કાળથી અનંત દુઃખ, અનંત કાળ પર્યંત અનંત દુઃખ સહન કરું છું. તો પણ મારું ધ્રુવતત્ત્વ એવું ને એવું છે એમ જ્ઞાની દર્શાવે છે. એમ શ્રીગુરુ બતાવે છે તો એની શક્તિ કેટલી ? કેટલી શક્તિ એની ? જેમ પેલો માર ખાય-ખાયને કોઈ નિંભર થઈ જાય છે. ટેવાય જાય છે કે નહિ ? એને માર પડે તો દેખાય જ નહિ. આ ચોર લોકો છે. મારે એને, વારંવાર પકડાય. વારંવાર કસ્ટડીમાં લઈ જાય, વારંવાર મારે. એને ખ્યાલ આવી જાય કે આને ગમે તેટલો મારશો ને, મારનારને ખ્યાલ આવી જાય કે આને ગમે તેટલો મારશો ને આને કાંઈ અસર થવાની નથી. ટેવાઈ ગયો છે. પછી બીજા પ્રયોગ કરવા પડે છે મારવાના છોડીને. તો પછી આ જીવનું પણ એવું છે કે ટેવાઈ ગયો છે. કેટલું દુઃખ ભોગવે છે અને એ કેટલા દુઃખથી ટેવાઈ ગયો છે એના ઉપરથી પણ શક્તિ ઉપર લક્ષ લેવા જેવું છે કે એની શક્તિ કેટલી સહન કરવાની ! એટલી સહનશક્તિ છે એની. એટલી શક્તિથી એવો ને એવો ઊભો છે. જો શક્તિ ઉપર લક્ષ જાય તો એના સ્વરૂપનું બહુમાન આવે. સ્વરૂપનું બહુમાન આવે

તો એ શક્તિ અને વર્તમાન પરિસ્થિતિને પરસ્પર એકદમ પ્રતિપક્ષ હોવાથી, વિપક્ષ હોવાથી તરત જ એ પોતે પોતાની સ્વરૂપશક્તિ બાજુ વળશે, ઓલી બાજુથી વિમુખ થશે.

મુમુક્ષુ :- બુદ્ધિગમ્ય થાય છે પણ હૃદયગમ્ય થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક. સારી વાત છે. મર્મસ્થાન સુધી એનું વાચ્ય પહોંચવું જોઈએ. ઉપર ઉપરથી બુદ્ધિનો ક્ષયોપશમ વાતને ઝીલે અને એથી ઊંડે એ વાત ન સ્પર્શે તો એને ભૂંસાતા પણ વાર લાગશે નહિ. એ તો પાણીમાં લીટો કર્યા જેવી વાત છે. પાણીથી લીટો કરે, ઊડી જતા કેટલી વાર લાગે ? એક ક્ષણમાં ઊડી જશે.

**પત્રાંક-૫૦૯**

**મોહમયી, અષાડ સુદ ૬, રવિ, ૧૯૫૦**

**શ્રી સૂર્યપુરસ્થિત, શુભવૃત્તિસંપન્ન, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે,**

**યથાયોગ્યપૂર્વક વિનંતી કે :-**

**પત્ર પ્રાપ્ત થયું છે. તેની સાથે ત્રણ પ્રશ્નો છૂટાં લખ્યાં છે, તે પણ પ્રાપ્ત થયાં છે. જે ત્રણ પ્રશ્નો લખ્યાં છે તે પ્રશ્નો મુમુક્ષુ જીવને વિચારવાં હિતકારી છે.**

**જીવ, કાયા પદાર્થપણે જુદાં છે, પણ સંબંધપણે સહચારી છે, કે જ્યાં સુધી તે દેહથી જીવને કર્મનો ભોગ છે. શ્રી જિને જીવ અને કર્મનો ક્ષીરનીરની પેઠે સંબંધ કહ્યો છે તેનો હેતુ પણ એ જ છે કે, ક્ષીર અને નીર એકત્ર થયાં સ્પષ્ટ દેખાય છે, છતાં પરમાર્થે તે જુદાં છે; પદાર્થપણે ભિન્ન છે; અગ્નિપ્રયોગે તે પાછાં સ્પષ્ટ જુદા પડે છે; તેમ જ જીવ અને કર્મનો સંબંધ છે. કર્મનો મુખ્ય આકાર કોઈ પ્રકારે દેહ છે, અને જીવ ઇંદ્રિયાદિ દ્વારા ક્રિયા કરતો જાણી જીવ છે એમ સામાન્યપણે કહેવાય છે, પણ જ્ઞાનદશા આવ્યા વિના જીવ, કાયાનું**

જે સ્પષ્ટ જુદાપણું છે, તે જીવને ભાસ્યામાં આવતું નથી; તથાપિ ક્ષીરનીરવત્ જુદાપણું છે. જ્ઞાનસંસ્કારે તે જુદાપણું સાવ સ્પષ્ટ વર્તે છે. હવે ત્યાં એમ પ્રશ્ન કર્યું છે કે, જો જ્ઞાને કરી જીવ ને કાયા જુદાં જાણ્યાં છે, તો પછી વેદનાનું વેદવું અને અને માનવું શાથી થાય છે ? તે પછી થવું ન જોઈએ, એ પ્રશ્ન જોકે થાય છે; તથાપિ તેનું સમાધાન આ પ્રકારે છે :–

સૂર્યથી તપેલા એવા પથ્થર તે સૂર્યના અસ્ત થયા પછી પણ અમુક વખત સુધી તપ્યા રહે છે, અને પછી સ્વરૂપને ભજે છે; તેમ પૂર્વના અજ્ઞાન સંસ્કારથી ઉપાર્જિત કરેલા એવા વેદનાદિ તાપ તેનો આ જીવને સંબંધ છે. જ્ઞાનયોગનો કોઈ હેતુ થયો તો પછી અજ્ઞાન નાશ પામે છે, અને તેથી ઉત્પન્ન થનારું એવું ભાવિકર્મ નાશ પામે છે, પણ તે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું એવું વેદનીય કર્મ તે અજ્ઞાનના સૂર્યની પેઠે અસ્ત થયા પછી પથ્થરરૂપ એવા આ જીવને સંબંધમાં છે; જે આયુષ્યકર્મના નાશથી નાશ પામે છે. ભેદ એટલો છે કે, જ્ઞાનીપુરુષને કાયાને વિષે આત્મબુદ્ધિ થતી નથી, અને આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી, બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે; માત્ર પૂર્વ સંબંધ, જેમ પથ્થરને સૂર્યના તાપનો પ્રસંગ છે તેની પેઠે, હોવાથી વેદનીયકર્મ આયુષ-પૂર્ણતા સુધી અવિષમભાવે વેદવું થાય છે; પણ તે વેદના વેદતાં જીવને સ્વરૂપજ્ઞાનનો ભંગ થતો નથી, અથવા જો થાય છે તો તે જીવને તેવું સ્વરૂપજ્ઞાન સંભવતું નથી. આત્મજ્ઞાન હોવાથી પૂર્વોપાર્જિત વેદનીય કર્મ નાશ જ પામે એવો નિયમ નથી; તે તેની સ્થિતિએ નાશ પામે. વળી તે કર્મ જ્ઞાનને આવરણ કરનારું નથી, અવ્યાબાધપણાને આવરણરૂપ છે; અથવા ત્યાં સુધી સંપૂર્ણ અવ્યાબાધપણું પ્રગટતું નથી; પણ

સંપૂર્ણજ્ઞાન સાથે તેને વિરોધ નથી. સંપૂર્ણ જ્ઞાનીને આત્મા અવ્યાબાધ છે એવો નિજરૂપ અનુભવ વર્તે છે, તથાપિ સંબંધપણે જોતાં તેનું અવ્યાબાધપણું વેદનીય કર્મથી અમુક ભાવે રોકાયેલ છે. જોકે તે કર્મમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ નહીં હોવાથી અવ્યાબાધ ગુણને પણ માત્ર સંબંધ આવરણ છે, સાક્ષાત્ આવરણ નથી.

વેદના વેદતાં જીવને કંઈ પણ વિષમભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે; પણ વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી, પૂર્વોપાર્જિત અજ્ઞાનનું ફળ છે. વર્તમાનમાં તે માત્ર પ્રારબ્ધરૂપ છે; તેને વેદતાં જ્ઞાનીને અવિષમપણું છે; એટલે જીવ ને કાયા જુદાં છે, એવો જે જ્ઞાનયોગ તે જ્ઞાનીપુરુષનો અબાધ જ રહે છે. માત્ર વિષમભાવરહિતપણું છે, એ પ્રકાર જ્ઞાનને અવ્યાબાધ છે. વિષમભાવ છે તે જ્ઞાનને બાધકારક છે. દેહમાં દેહબુદ્ધિ અને આત્મામાં આત્મબુદ્ધિ, દેહથી ઉદાસીનતા અને આત્મામાં સ્થિતિ છે, એવા જ્ઞાનીપુરુષનો વેદનાઉદય તે પ્રારબ્ધ વેદવારૂપ છે; નવા કર્મનો હેતુ નથી.

બીજું પ્રશ્ન : પરમાત્મસ્વરૂપ સર્વ ઠેકાણે સરખું છે, સિદ્ધ અને સંસારી જીવ સરખા છે, ત્યારે સિદ્ધની સ્તુતિ કરતાં કંઈ બાધ છે કે કેમ ? એ પ્રકારનું પ્રશ્ન છે. પરમાત્મસ્વરૂપ પ્રથમ વિચારવા યોગ્ય છે. વ્યાપકપણે પરમાત્મસ્વરૂપ સર્વત્ર છે કે કેમ ? તે વાત વિચારવા યોગ્ય છે.

સિદ્ધ અને સંસારી જીવો એ સમસત્તાવાનસ્વરૂપે છે એ નિશ્ચય જ્ઞાનીપુરુષોએ કર્યો છે તે યથાર્થ છે. તથાપિ ભેદ એટલો છે કે સિદ્ધને વિષે તે સત્તા પ્રગટપણે છે, સંસારી જીવને વિષે તે સત્તા સત્તાપણે છે. જેમ દીવાને વિષે અગ્નિ પ્રગટ છે અને ચકમકને વિષે અગ્નિ

સત્તાપણે છે, તે પ્રકારે. દીવાને વિષે અને ચકમકને વિષે જે અગ્નિ છે તે અગ્નિપણે સમ છે, વ્યક્તિપણે (પ્રગટતા) અને શક્તિ(સત્તામાં)પણે ભેદ છે, પણ વસ્તુની જાતિપણે ભેદ નથી, તે પ્રકારે સિદ્ધના જીવને વિષે જે ચેતનસત્તા છે તે જ સૌ સંસારી જીવને વિષે છે. ભેદ માત્ર પ્રગટ અપ્રગટપણાનો છે. જેને તે ચેતનસત્તા પ્રગટી નથી એવા સંસારી જીવને તે સત્તા પ્રગટવાનો હેતુ, પ્રગટસત્તા જેને વિષે છે એવા સિદ્ધ ભગવંતનું સ્વરૂપ, તે વિચારવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે; કેમ કે તેથી આત્માને નિજસ્વરૂપનો વિચાર, ધ્યાન, સ્તુતિ કરવાનો પ્રકાર થાય છે કે જે કર્તવ્ય છે. સિદ્ધસ્વરૂપ જેવું આત્મસ્વરૂપ છે એવું વિચારીને અને આ આત્માને વિષે તેનું વર્તમાનમાં અપ્રગટપણું છે તેનો અભાવ કરવા તે સિદ્ધસ્વરૂપનો વિચાર, ધ્યાન તથા સ્તુતિ ઘટે છે. એ પ્રકાર જાણી સિદ્ધની સ્તુતિ કરતાં કંઈ બાધ જણાતો નથી.

આત્મસ્વરૂપમાં જગત નથી, એવી વેદાંતે વાત કહી છે અથવા એમ ઘટે છે, પણ બાહ્ય જગત નથી એવો અર્થ માત્ર જીવને ઉપશમ થવા અર્થે માનવો યોગ્ય ગણાય.

એમ એ ત્રણ પ્રશ્નોનું સંક્ષેપ સમાધાન લખ્યું છે, તે વિશેષ કરી વિચારશો. વિશેષ કંઈ સમાધાન જાણવા ઇચ્છા થાય તે લખશો. જેમ વૈરાગ્ય ઉપશમનું વર્ધમાનપણું થાય તેમ હાલ તો કર્તવ્ય છે.

(પત્ર) ૫૦૯. **'શ્રી સૂર્યપુરસ્થિત, શુભવૃત્તિસંપન્ન, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે,...'** 'લલ્લુજી'ને અહીંયા સત્સંગયોગ્ય ગણ્યા છે. એટલ ભાવનાવાળા હતા– આત્મકલ્યાણની ભાવનાવાળા હતા માટે સત્સંગયોગ્ય છે. આ ઉપરથી એટલું વિચારણીય છે કે સત્સંગ કરવા યોગ્ય કોણ ? અને સત્સંગ કરવા યોગ્ય કોણ નહિ ?

મુમુક્ષુમાં પણ. સંસારી જીવ તો કોઈ સત્સંગ કરવા જેવા છે નહિ. કુટુંબ-કબીલા-સગા-વ્હાલા-મિત્રમંડળ-સ્નેહી, નાત-જાત, બજારમાં જે કોઈ છે એ કોઈ લોકો સત્સંગયોગ્ય નથી. મુમુક્ષુમાં પણ જે શુદ્ધ આત્મભાવનાથી, આત્મકલ્યાણની ભાવનાથી આવે છે, આત્મકલ્યાણની ભાવના રાખીને સાથે બેસે છે તે સત્સંગને યોગ્ય છે. એ સિવાય બીજી ભાવનાથી બેસતા હોય તો તે સત્સંગને યોગ્ય નથી. અને એનો સંગ કરવા જતાં, સત્સંગ તો નથી પણ એ અસત્સંગ છે અથવા કુસંગ છે, નુકસાનનું નિમિત્ત થઈ પડશે. આટલું થોડું ચેતવા જેવું છે. અને વર્તમાનમાં એ કાળ એ પ્રકારે વિશેષ છે એટલે વિશેષ પ્રકારે એ ચેતવા જેવું છે.

મુમુક્ષુ :– આજ સુધી આ જ ભૂલો કરી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– આ તો આ ગ્રંથમાંથી એ બધી વાતો નીકળે છે. સત્પુરુષના વચનોમાંથી એ વાતો સ્પષ્ટ થાય છે કે અત્યાર સુધી ભૂલ કરી છે હવે આ ભૂલ કરીશ નહિ. નહિતર આ વાત સમજ્યા પછી આ સત્પુરુષની આજ્ઞા ઉપર પગ દઈને ચાલવાનું થાશે. અને એનું નુકસાન મોટું હશે ઓલા કરતા પણ. એક અજાણે દોષ કરે અને એક જાણવા મળ્યા પછી દોષ કરે એ વધારે અપરાધી થાય છે. મોટો અપરાધ છે.

**‘સૂર્યપુરસ્થિત, શુભવૃત્તિસંપન્ન, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે,...’** બહુ સારી ભાવના હતી એમની. અને એટલે એ એક સ્થાનકવાસીના સાધુ હોવા છતાં અને પોતાથી નાની ઉંમરના એવા ગૃહસ્થ હોવા છતાં ‘શ્રીમદ્જી’ પ્રત્યે અત્યંત ભક્તિથી વર્ત્યા છે. ભક્તિ એમની ઘણી હતી. પણ એમાં એક પ્રકાર એવો હતો કે આ ભક્તિ કરવા યોગ્ય છે માટે હું કરું છું, કરવા જેવી લાગે છે માટે કરું છું. એટલે કેટલોક કૃત્રિમતાનો અંશ આવતો હતો. પોતાને થોડું અવલોકન હતું. પાત્રતા એટલી હતી કે કેટલું અવલોકન હતું તો એમ લખતા હતા. પાછા ‘શ્રીમદ્જી’ને એમ લખે છે કે હું આપને અત્યંત ભક્તિથી ઘણા ઘણા વિશેષણોથી આદર કરું છું મારા પત્રોમાં તો પણ એમાં મારી કેટલીક કૃત્રિમતા મને અવશ્ય લાગે છે, હોં ! એ પણ પાછા લખે. પોતે અને પોતે સરળતાથી એવું લખે કે કેટલી કૃત્રિમતા મારી થઈ રહી છે એ મારા ખ્યાલમાં છે. અને જ્યાં સુધી ઓળખાણ ન થાય ત્યાં સુધી સહજ બહુમાન અને સહજ ભક્તિનો પ્રકાર ઉત્પન્ન જ ન હોઈ શકે, ત્યારે એમ ખ્યાલ આવે કે

ના સત્પુરુષ તો છે. ઓળખાણ નથી પણ મને વિશ્વાસ છે કે સત્પુરુષ છે. તો કૃત્રિમતા ભક્તિમાં આવ્યા વિના રહે નહિ. ભક્તિ કરે પણ થોડી કૃત્રિમતા એમાં થયા વિના રહે નહિ. અને એ એમને ખ્યાલ હતો. એટલે હદ સુધીની પાત્રતા હતી કે એ વાત પણ સરળ પરિણામથી એ બતાવતા હતા. એટલી સરળતા હતી. છતાં 'શ્રીમદ્જી'ને હજી એમની યોગ્યતા ઓછી પડતી હતી. એટલે એમ લખતા હતા કે તમારે 'યોગવાસિષ્ઠ' વાંચવું, ફલાણું વાંચવું, વૈરાગ્ય અને ઉપશમના ગ્રંથો તમે વાંચો.

**'યથાયોગ્યપૂર્વક વિનંતી કે :– પત્ર પ્રાપ્ત થયું છે. તેની સાથે ત્રણ પ્રશ્નો છૂટાં લખ્યાં છે, તે પણ પ્રાપ્ત થયાં છે.'** એટલે બીજા કાગળમાં લખ્યા હશે. છૂટા એટલે બીજા કાગળની અંદર. **'જે ત્રણ પ્રશ્નો લખ્યાં છે તે પ્રશ્નો મુમુક્ષુ જીવને વિચારવાં હિતકારી છે.'** એટલે પ્રયોજનભૂત છે. એમાં પ્રથમ પ્રશ્ન છે જીવ અને દેહના ભિન્નત્વ અને અભિન્નત્વ સંબંધીનો પ્રશ્ન છે.

**'જીવ, કાયા પદાર્થપણે જુદાં છે, પણ સંબંધપણે સહચારી છે, કે જ્યાં સુધી તે દેહથી જીવને કર્મનો ભોગ છે.'** જ્યાં સુધી પૂર્વકર્મનો દેહથી ભોગવટો કરવાનો હોય, ત્યાં સુધી જીવ અને શરીર સંબંધપણે એટલે સંયોગપણે, સહચારી એટલે સાથે સાથે વર્તતા જોવામાં આવે છે તો પણ તે પદાર્થપણે તદ્દન જુદાં છે. શું કહ્યું ? પદાર્થ તો તે બંને જુદા છે એ પહેલા સ્થાપ્યું. પદાર્થપણે તો બંને જુદા છે. એક ચૈતન્ય છે. જીવ છે તે ચૈતન્યપદાર્થ છે અને દેહ છે તે જડ પરમાણુનો બનેલો પદાર્થ છે. એક પરમાણુ નથી પણ અનેક અસંખ્ય જડ પરમાણુથી એ બનેલો છે. પણ બંનેનો સંબંધ છે. સંબંધ એટલે સંયોગસંબંધ છે, સ્વભાવ સંબંધ નથી. ગુણ અને ગુણીને જેમ સ્વભાવસંબંધ છે એવો દેહ અને આત્માને સંબંધ નથી. માત્ર સંયોગે સંબંધ છે. એ પણ ક્યાં સુધી છે ? હંમેશને માટે નથી. અનાદિઅનંત નથી. આ દેહ અનાદિથી નથી, આ દેહ અનંત કાળ સંયોગમાં રહેવાનો પણ નથી. જે સંયોગસંબંધ છે એ સાદી અને સાંત છે. અમુક કાળપર્યંત, અમુક Period પૂરતો છે. કેટલા Period પૂરતો છે ? કેટલા વખત સુધી છે ? કે જ્યાં સુધી પૂર્વ કર્મનો ભોગવટો આ દેહે કરીને ભોગવવાનો છે, દેહના માધ્યમથી ભોગવવાનો છે, ત્યાં સુધી એને સંયોગનો સંબંધ છે.

જીવનું આયુષ્ય, વેદનીય, નામ, ગોત્ર, અઘાતિ ચાર પૂરા થશે. તેની સ્થિતિ

પૂરી થતાં દેહ છૂટી જશે. ગમે તેવો તંદુરસ્ત દેહ હશે તો પણ છૂટી જશે. લાલ ચણોઠી જેવો હોય. બગાસુ આવે અને એમને એમ મોઢું બંધ થાય નહિ. ખુલી ગયું હોય એ બંધ ન થાય. આવા દાખલા બને છે. એવું શરીર હોય લાલ ચણોઠી જેવું ! અને બધી બાજુની સરખાય હોય. ભપકાદાર મોટરમાં જાતો હોય, બગાસુ આવે અને એમાં ને એમાં (ખલાસ થઈ જાય). ડ્રાઈવરને ખબર ન હોય કે પાછળ બેઠા હતા એ ખરેખર નથી. શું ? ખોખું જ રહી ગયું છે. એવા દાખલા બને છે. એટલે જેવી સ્થિતિ પૂરી થઈ, વાત ખલાસ.

મુમુક્ષુ :– જામનગરનો દાખલો છે. સ્કૂટર ઉપર જતા હતા...

પૂજ્ય ભાઈશ્રી :– હા, સ્કૂટર ઉપર ? અચ્છા. કારમાં હતા, ગાડીમાં હતા. પોતે જ Driving કરતા હતા. એ કાર ઉથલી ગઈ હતી. અથવા દેહ છૂટ્યો અને કારનો Accident થયો કે કારનો Accident થવાથી દેહ છૂટ્યો એ વાત કોઈને ખ્યાલમાં, કોઈ સાથે નથી એટલે ખ્યાલમાં નથી. તો પણ આયુષ્ય પૂરું થાય તો એની અંદર અમુક કારણ જોઈએ એવી કોઈ પરિસ્થિતિ નથી. કારણ બધા કહેવામાત્ર છે. ત્યાં સ્થિતિ પૂરી થઈ છે એ ખરેખર વાત છે.

**'શ્રી જિને જીવ અને કર્મનો ક્ષીરનીરની પેઠે સંબંધ કહ્યો છે...'** ક્ષીર એટલે દૂધ અને નીર એટલે પાણી. જેમ દૂધમાં પાણી નાખે તો દૂધ અને પાણી દેખાય એક. જેમ જીવ અને દેહ દેખાય છે એક. એવી રીતે દૂધ અને પાણી એક દેખાય છે. **'તેનો હેતુ પણ એ જ છે કે, ક્ષીર અને નીર એકત્ર થયાં સ્પષ્ટ દેખાય છે,...'** ભેગા થયેલા સ્પષ્ટ જોવામાં આવે છે. **'છતાં પરમાર્થે...'** એટલે વાસ્તવિકપણે **'તે જુદાં છે;...'** પાણીને નાખ્યું દૂધમાં. એટલે પાણીનું દૂધ થઈ ગયું અને દૂધ વધી ગયું એમ છે નહિ. પાણી, પાણી જ રહ્યું છે, દૂધ, દૂધ જ રહ્યું છે. પાણીના પરમાણું દૂધમાં પરિવર્તન પામ્યા નથી. **'પદાર્થપણે ભિન્ન છે;...'** એ વાસ્તવિકપણે બંને ભિન્ન જ છે. **'અગ્નિપ્રયોગે તે પાછાં સ્પષ્ટ જુદાં પડે છે;...'** એ પાણી નાખેલા દૂધને ઉકાળવામાં આવે તો પાણી વરાળ થઈને ઊડી જાય છે. દૂધની વરાળ થાતી નથી. પાણીની વરાળ થાય છે, દૂધનો માવો થાય છે. તે બંને જુદા પડે છે.

**'તેમ જ જીવ અને કર્મનો સંબંધ છે.'** ક્ષીર-નીરની જેમ જીવ અને કર્મનો, જીવ અને દેહનો સંબંધ છે. એકક્ષેત્રાવગાહી. **'કર્મનો મુખ્ય આકાર કોઈ પ્રકારે દેહ છે,...'**

**'તેમ જ જીવ અને કર્મનો સંબંધ છે. કર્મનો મુખ્ય આકાર...'** એટલે કર્મના ફળ સ્વરૂપે **'કોઈ પ્રકારે દેહ છે.'** દેહ છે એ કર્મના ફળે મળેલો છે. એટલે એને કર્મનું ફળ એને કર્મ કહેવામાં આવે છે. આવો દેહ કેમ ? કે એવા કર્મ માટે. એમ કહેવામાં આવે છે. કેમ આવો દેહ છે ? કે એવા કર્મ છે માટે એવો દેહ છે. જેવા કર્મ એવો દેહ.

**'અને જીવ ઇંદ્રિયાદિ દ્વારા ક્રિયા કરતો જાણી જીવ છે એમ સામાન્યપણે કહેવાય છે,...'** ઇન્દ્રિયો મારફત તેની પ્રવૃત્તિ જોવામાં આવે છે. જોવાની, જાણવાની, સુંઘવાની, સ્પર્શવાની, સાંભળવાની. એટલે એ ક્રિયા કરતો હોય એમ જાણી શકાય છે. અને સામાન્યપણે એ જીવ ક્રિયા કરે છે એમ વ્યવહારે બોલાય છે કે આણે ખાધું, આણે પીધું, આને જોયું, આણે લીધું, આણે દીધું. એ પ્રકારે. **'પણ જ્ઞાનદશા આવ્યા વિના જીવ, કાયાનું જે સ્પષ્ટ જુદાપણું છે, જીવને ભાસ્યામાં આવતું નથી.'** જુઓ ! બુદ્ધિમાં આવતું નથી એમ નથી લીધું, વિચારમાં આવતું નથી એમ નથી લેતા. પણ જ્ઞાનદશા આવ્યા વિના જીવ અને કાયાનું જે સ્પષ્ટ જુદાપણું છે, તે જીવને ભાસ્યામાં–લાગવામાં–અનુભવમાં–આવતું નથી. જે ભાસન છે એ અનુભવપ્રધાન જ્ઞાનનો પર્યાય છે. જાણવું એમાં અવશ્ય છે, તોપણ અનુભવપ્રધાનપણે જાણવું એને ભાસન કહેવામાં આવે છે.

શરીરનો કોઈ પરમાણુ જીવરૂપે થતો નથી, કોઈ પરમાણુ સજીવન થતો નથી કે જીવનો કોઈ અંશ પરમાણુરૂપે પરિણમતો નથી. પરમાણુના દ્રવ્યથી, ગુણથી કે પર્યાયરૂપે ક્યાંય પરિણમતો નથી. **'જ્ઞાનસંસ્કારે તે જુદાપણું સાવ સ્પષ્ટ વર્તે છે.'** જ્ઞાનનો સંસ્કાર. જ્ઞાનમાં જ્ઞાનનો સંસ્કાર થાય એટલે જ્ઞાનમાં જ્ઞાન છું એવી છાપ પડે. જ્ઞાનમાં પોતાના સ્વભાવની મહોરછાપ લાગે એને જ્ઞાનસંસ્કાર કહેવામાં આવે છે. કેવો શબ્દ વાપર્યો છે ! એમ કહે છે ને આ બ્રાહ્મણની અંદર યજ્ઞોપવિત સંસ્કાર એમ કહે છે. એને જનોઈ આપે. જનોઈ છે એ ગુજરાતીમાં અપભ્રંશ થયેલો શબ્દ છે. ય નો જ થઈ ગયો છે મૂળ તો. જનોઈ નહિ પણ યજ્ઞ એનું જનોઈ થઈ ગયું. ખરેખર તો યજ્ઞ. યજ્ઞોપવિત સંસ્કાર. ત્યારથી એને બ્રાહ્મણ કહે. એ પહેલા એ બ્રાહ્મણને યોગ્ય એની ક્રિયાઓ ન કરે તો એ બાળકને કોઈ બાધ ગણવામાં નથી આવતો. પણ એની અમુક ઉંમર થાય, આ બટુક ઉંમરમાં કરે છે, આઠ, નવ, દસ, બાર વર્ષ સુધીમાં એને જનોઈ આપી દે. એટલે યજ્ઞોપવિત સંસ્કાર કહે. એટલે પવિત્ર સંસ્કાર. ત્યારથી બ્રાહ્મણોચિત્ત એ સંસ્કાર એને એવા આપવામાં આવે. એ બધું એને

સમજાવવામાં, શીખવવામાં આવે. એ પ્રમાણે એણે એના જીવનની રહેણીકરણી, ભલે અત્યારે રૂઢિગત છે, પણ એ પ્રમાણે એને રાખવાનું હોય છે. તો ત્યારથી એ સંસ્કારીત બ્રાહ્મણ થઈ ગયો. આપણે તો મુદ્દો એટલો છે. બ્રાહ્મણત્વના સંસ્કાર એને આપ્યા.

એમ જ્ઞાનની અંદર આત્મત્વના, ચૈતન્યપણાના સંસ્કાર થયા ત્યારે એ જ્ઞાનસંસ્કાર કહેવામાં આવે છે કે હું એક આત્મા છું. હું જ્ઞાનસ્વરૂપી છું, હું ચૈતન્યસ્વરૂપી છું. એવા સંસ્કાર થતાં એને દેહથી પોતાનું સ્પષ્ટ જુદાપણું ભાસે છે. જુદાપણું એને વર્તે છે કે હું આત્મા છું. દેહની ક્રિયા ભિન્ન, મારી ક્રિયા ભિન્ન છે.

એવું '**જ્ઞાનસંસ્કારે તે જુદાપણું સાવ સ્પષ્ટ વર્તે છે. હવે ત્યાં એમ પ્રશ્ન કર્યું છે...**' આ તો એમના પ્રશ્ન પહેલા પોતે ઉપોદ્‌ઘાત કર્યો છે. ઉત્તરનો ઉપોદ્‌ઘાત કર્યો છે. હવે To the point પ્રશ્ન આપે છે કે, '**હવે ત્યાં એમ પ્રશ્ન કર્યું છે કે, જો જ્ઞાને કરી જીવ ને કાયા જુદાં જાણ્યા છે, તો પછી વેદનાનું વેદવું અને માનવું શાથી થાય છે ?**' કે જ્ઞાનીને પણ રોગ થાય છે ત્યારે વેદના થાય છે. એ વેદનાની પીડાનો એમને અનુભવ થાય છે. અને એને પણ એ વેદના જ કહે છે, પીડા જ કહે છે, અશાતા જ કહે છે. તો એ પ્રકારે વેદવું કેવા પ્રકારે છે ? અને માને છે શું એમાં ? એમાં જાણે છે શું ? અને માને છે શું ? આ પ્રશ્ન છે. જો બે તદ્દન જુદાં, સ્પષ્ટ જુદાપણું વર્તતું હોય તો એમ એમનું કહેવું છે, '**એ ન થવું જોઈએ.**' એમને તે પછી ન લાગવી જોઈએ. એમને દુઃખ ન થવું જોઈએ. વેદના ન વેદાવી જોઈએ. '**એ પ્રશ્ન જોકે થાય છે;...**' અને એવો પ્રશ્ન અહીંયાં થવો સંભવિત છે. '**તથાપિ તેનું સમાધાન આ પ્રકારે છે :–**' તો શું એનું સમાધાન છે, કેવા પ્રકારે ત્યાં જ્ઞાનદશામાં સ્થિતિ છે અને આગળ-પાછળની પરિસ્થિતિ શું છે એટલે એવી સ્થિતિ છે, એનો અહીંયાં ઉત્તર આપે છે.

'**સૂર્યથી તપેલા એવા પથ્થર તે સૂર્યના અસ્ત થયા પછી પણ અમુક વખત સુધી તપ્યા રહે છે,...**' આખો દિવસ તડકે, જેના ઉપર સૂર્યનો તડકો રહ્યો હોય અને તપી ગયો હોય એવો પથ્થર સાંજે સૂર્ય અસ્ત થઈ ગયા પછી પણ ઊનો, તપેલો જોવામાં આવે છે, સ્પષ્ટ અનુભવપણે. હવે ત્યાં કોઈ પ્રશ્ન કરે કે અત્યારે આને છાંયો છે છતાં આ ઊનો કેમ ? એવો પ્રશ્ન જ્ઞાનીને વિષે જ્ઞાનદશામાં થયેલી વેદના અને પીડાનો છે, એમ કહેવું છે. આ દૃષ્ટાંત એ રીતે Fit બેસાડ્યું છે, હોં ! '**અને પછી**

**સ્વરૂપને ભજે છે;...'** એટલે કે એના Normal temeprature માં એ પથ્થર આવે છે. ધીમે ધીમે એ આપો આપ કોઈપણ પ્રક્રિયા કર્યા વિના, પાણી રેડ્યા વિના કે એના ઉપર કોઈ બીજા ઠંડા પદાર્થોનો સંયોગ કર્યા વિના આપોઆપ જ એ પોતાના સ્વરૂપને એટલે જેવું પથ્થરનું ઉષ્ણતામન હોય એવો આપોઆપ થઈ જાય છે. કાંઈ કરવું પડતું નથી એમ કહે છે.

**'તેમ પૂર્વના અજ્ઞાન સંસ્કારથી ઉપાર્જિત કરેલા એવા વેદનાદિ તાપ...'** વેદના ક્યાંથી આવી છે ? અજ્ઞાન ભાવે બાંધેલા કર્મથી વેદના ઉત્પન્ન થઈ છે. મુનિદશામાં આવે છે. ચોથા ગુણસ્થાને જ્ઞાનદશામાં રોગ થાય એટલું જ નથી. પંચમ ગુણસ્થાનમાં પણ થાય અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ભાવલિંગી અંતર્મુહૂર્તમાં સેંકડો વાર નિર્વિકલ્પ થનાર મુનિને પણ દેહનો રોગ પૂર્વપાર્જિત કર્મથી ઉત્પન્ન થાય છે. અને કોઈ તો ભયંકર રોગમાં સપડાય છે. કોઈ કોઈ મુનિરાજ તો ભયંકર રોગમાં સપડાય જાય છે. દેહ, હોં ! આત્મા નથી. આત્માને રોગ નથી.

આ 'સનતકુમાર' ચક્રવર્તીનું તો આવે છે. ગળત કોઢ થયો છે. ગળતકોઢ મહારોગ કહેવાય છે. હાથ-પગના આંગળા ગળી જાય. એની વેદના ઘણી હોય છે. પરીક્ષા કરવા માટે દેવ આવે છે. મહારાજ ! ધનવંતરી જેવી ઔષધિ છે અમારી પાસે, આપનો રોગ મટાડી દઈએ. ઘડીકમાં તમારું શરીર સોનાની વીંટી જેવું થઈ જાય. (મુનિરાજ) કહે છે, અમે તો ભવરોગ મટાડવા માટે નીકળ્યા છીએ. શરીરના રોગ અનંત વાર થયા અને ગયા. હવે ભવરોગ મટાડવો છે, શરીરનો રોગ મટાડવો નથી. શરીર પ્રત્યે ઉદાસીન છે. પછી કહે છે અમારી લબ્ધિ છે એ તો. રોગ મટાડવો હોય તો અમારામાં તો લબ્ધિ પ્રગટેલી છે પણ અમે સામું જોતા નથી. થૂંક લગાડે ત્યાં મટી જાય એવું છે. કહેવાનો મતલબ એ છે કે એ દશામાં પણ રોગની ઉત્પત્તિ, મહારોગની ઉત્પત્તિ, શરીરની વ્યાધિ થાય ખરી. અને એ થવાનું કારણ અજ્ઞાન દશામાં ઉપાર્જિત કર્મ છે, બીજું કોઈ કારણ નથી. જ્ઞાનદશામાં એવું કોઈ કર્મ, એવું કોઈ માઠું કર્મ ઊપજતું જ નથી. એવા ચીકણા રસથી શરીર પ્રત્યે પરિણામ જ જતાં નથી. શરીર પ્રત્યે જેટલા ચીકણા પરિણામ એટલા રોગ થવાના કારણો ગણવા. અને જેટલા પરિણામ વધારે ચીકણા એટલા વધારે ભયંકર રોગ થવાના કારણ સમજવા યોગ્ય છે. એટલે કહે છે...

મુમુક્ષુ :– એક બાજુ ચક્રવર્તીનું આટલું બધું પુણ્ય અને એક બાજુ ગળત કોઢ.

પૂજ્ય ભાઈશ્રી :– રોગ થઈ ગયો. પાછળથી રોગ થઈ ગયો. મુનિદશા આવી અને રોગ થયો. એ તો એના સ્વકાળે ઉદય આવે છે. કર્મનું ફળ એના સ્વકાળે ઉદયમાં આવે છે. પણ એમને કાંઈ નથી. એ તો બાહ્ય દૃષ્ટિવાનને એમ લાગે છે. અમારે તો કાંઈ છે નહિ. કોઈકને થયો છે. રોગ કોને થયો છે ? કોઈકને પાડોશીને થયો છે, મને થયો નથી. પાડોશીને રોગ થાય તો એને શું થાય છે ? કાંઈ પોતાને લાગતું નથી. શરીર એને પાડોશી છે. આત્મા અને દેહ તો એક પડોશમાં રહેલો પાડોશી છે, બીજું કાંઈ નથી.

**'તેમ પૂર્વના અજ્ઞાન સંસ્કારથી ઉપાર્જિત કરેલા એવા વેદનાદિ તાપ તેનો આ જીવને સંબંધ છે.'** એ હજી તાપ ચાલુ છે એમ કહે છે. કર્મના પરિણામ મટી ગયા છે પણ એનો તાપ ચાલુ રહી ગયો છે. **'જ્ઞાનયોગનો કોઈ હેતુ થયો તો પછી અજ્ઞાન નાશ પામે છે,...'** આત્મજ્ઞાન થયું તો એ આત્મજ્ઞાનના કારણથી, હેતુ એટલે કારણ લેવું, આત્મજ્ઞાનના કારણથી અજ્ઞાન નાશ પામે છે. **'અને તેથી ઉત્પન્ન થનારું એવું ભાવિકર્મ નાશ પામે છે,...'** એટલે જ્ઞાનદશામાં એવા કર્મ, કોઈ માઠા કર્મ બંધાતા નથી. એટલે **'ભાવિકર્મ નાશ પામે છે, પણ તે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું...'** એટલે ભૂતકાળમાં **'અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું એવું વેદનીય કર્મ તે અજ્ઞાનના સૂર્યની પેઠે અસ્ત થયા પછી'** અજ્ઞાનનો સૂર્ય અસ્ત થઈ ગયો હોવા છતાં પણ **'પછી પથ્થરરૂપ એવા આ જીવને સંબંધમાં છે;....'** દેહરૂપી પથ્થર છે. એમાં રોગ છે એ એનું તપ્તાયમાનપણું છે. એ પ્રકાર હજી ઊભો રહી ગયો છે. અજ્ઞાન ચાલ્યું ગયું છે પણ હજી તાપ રહી ગયો છે. **'જે આયુષ્યકર્મના નાશથી નાશ પામે છે.'** કેમ કે અશાતા વેદનીય છે. વેદનીય, નામ, ગોત્ર એ આયુષ્યની સાથે એની સ્થિતિ પૂરી થઈ જાય છે. એની સ્થિતિનો સંબંધ આયુષ્ય સાથે હોય છે.

**'જે આયુષ્યકર્મના નાશથી નાશ પામે છે. ભેદ એટલો છે કે,...'** તફાવત એટલો છે કે, હવે શું છે ? અહીંયાં તફાવતમાં શું લેવું છે ? કે જ્ઞાનીને પણ આવો રોગ આવે છે અને અજ્ઞાનીને પણ આવો રોગ આવે છે. બંનેને અજ્ઞાનદશાથી બાંધેલા કર્મનો ઉદય તો આવવાનો જ છે. પણ જ્ઞાની કેવી રીતે વેદે છે ? અનુભવે છે ? અજ્ઞાની કેવી રીતે વેદે છે, અનુભવે છે ? એનો બહુ સુંદર ચિતાર આ જગ્યાએ 'શ્રીમદ્જી'એ આપ્યો છે.

**'ભેદ એટલો છે કે, જ્ઞાનીપુરુષને કાયાને વિષે આત્મબુદ્ધિ થતી નથી,...'** શરીરમાં એને આત્મા દેખાતો નથી. દેહાતીત સ્થિતિ છે. કેવી ? દેહાતીત સ્વરૂપે. સ્વરૂપ તો સ્વરૂપે કરીને દેહાતીત જ છે પણ હવે અવસ્થા સ્વરૂપાકાર થઈ. એટલે એમની દશા પણ દેહાતીત દશા છે અને દેહાતીત દશામાં એમને દેહને વિષે આત્મબુદ્ધિ થતી નથી. જીવથી દેહ છે એ બાહ્ય પદાર્થ છે. જીવમાં દેહ નથી, દેહમાં જીવ નથી. જીવથી જે દેહ પદાર્થ બાહ્ય છે અને જે જીવના પરિણામ 'દેહ તે હું' એ રીતે બાહ્ય પદાર્થ પ્રત્યે બાહ્ય દિશામાં સતત વળગેલા અને જોડાયેલા રહે છે. પરિણમનશીલ હોવા છતાં, સતત પરિણમનશીલ દેહ પ્રત્યે જોડાયેલા અને વળગેલા રહે છે. એ દેહમાં આત્મબુદ્ધિ મટી જતા અને આત્મામાં આત્મબુદ્ધિ થતાં એ પરિણામ પાછા વળી ગયા છે.

આત્મામાં આત્મબુદ્ધિ થઈ એટલે શું ? કે દેહ બાજુથી જેના પરિણામ પાછા વળી ગયા છે. એટલે દેહ છે એમાં પોતાનું વેદન નથી. પોતાપણાનું એમાં વેદન નથી. વેદન છે પણ પોતાપણાનું વેદન નથી. આ એક અલૌકિક વિષય છે. જ્ઞાનીને સંયોગપણે દેહ જોવામાં આવે છે. જ્ઞાનીને દેહાત્મબુદ્ધિ નથી એ શબ્દ પ્રચલિત છે, એ વાત પ્રચલિત છે, એ વિષય પ્રચલિત છે. પણ એટલે શું ? આ વિચારવા યોગ્ય છે. જ્ઞાનીને દેહાત્મબુદ્ધિ નથી એટલે શું પણ ? એ કોઈ વિચારમાત્ર છે ? એ કોઈ અભિપ્રાયમાત્ર છે ? એ કોઈ એક નિર્ણય થઈને અભરાઈયે ચડેલી વાત છે ? એવું નથી. પરિણમનમાં બહુ મોટો આંતરો છે. જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ છે અજ્ઞાનદશામાં ત્યાં સુધી આ જીવના પરિણામ સતતપણે બહારમાં દેહ પ્રત્યે બાહ્ય દિશામાં, બહારની દિશામાં દેહપ્રત્યે સતત... સતત... સતત... લાગેલા... લાગેલા અને લાગેલા જ રહે છે. એટલા સતત જોડાયેલા રહે છે કે એને દેહ તે હું એમાં શંકા પડતી નથી. નિઃશંકપણે વર્તે છે. દેહ તે હું એમ નિઃશંકપણે વર્તે છે.

જ્યારે જ્ઞાનદશા થતાં એ કોઈ અદ્ભુત અપૂર્વ એવું પરિણમન, અલૌકિક એવું પરિણમન શરૂ થાય છે કે જ્યારે દેહથી પરિણામ પાછા વળી જાય છે. અંતર્મુખ થયેલા એ પરિણામ દેહથી નિવર્તી જાય છે, દેહથી નિવૃત્તિ પામી જાય છે. નિવર્તીને એ પાછા વળે છે. ત્યારે દેહ બાજુમાં એક ખોખું પડ્યું છે એવું જોવામાં આવે છે. મારી બાજુમાં, જીવની બાજુમાં એટલે મારી બાજુમાં એક ખોખું છે પડેલું. ખાલી ખોખું છે, બીજું

કાંઈ નથી. એવું જે જોવામાં આવે છે એને દેહાત્મબુદ્ધિ નથી. આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી. બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે એમ છે. શબ્દો નથી પણ ઘણું અંદર છે. અલૌકિક પરિણમન છે એ ! દેહથી જુદો પડી જાય છે આત્મા. દેહના ખોખાને સાવ મડદું જાણે છે. સંયોગ હજી છૂટ્યો નથી તો પણ સાવ મડદું જાણે છે. એ **'બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે.'**

**'માત્ર પૂર્વ સંબંધ, જેમ પથ્થરને સૂર્યના તાપનો પ્રસંગ છે તેની પેઠે,...'** પથ્થરમાં જેમ સૂર્યનો તાપ રહી ગયો છે એની પેઠે પૂર્વ સંબંધ એટલે સંયોગ છે અને તેમ **'હોવાથી વેદનીયકર્મ આયુષ-પૂર્ણતા સુધી અવિષમભાવે વેદવું થાય છે;...'** વેદવું થાય છે પણ અવિષમભાવે વેદવું થાય છે. હવે જ્ઞાન થઈ ગયું પછી રોગ શું કરવા આવ્યો એવી વિષમતા ઉત્પન્ન થતી નથી. જ્ઞાન થઈ ગયું. દેહ અને આત્મા જુદો ભાસ્યો— અનુભવાયો, હવે મને શું કરવા રોગ થાય છે ? એવું વિષમ પરિણામ જ્ઞાનીને થતું નથી. મને રોગ થાય છે એવું વિષમ પરિણામ અજ્ઞાનીને થાય છે. જ્ઞાનીને તો કોઈકને, દેહને એટલે કોઈકને રોગ થયો છે, મને થયો નથી. અને એના થવા કાળે તે થવા યોગ્ય તે થયો છે. તે લેણું લેવા આવેલા કર્મને દેણું દઈ દેવું છે. એમાં કોઈ આનાકાની કરવાનું કે હિચકિચાટ કરવાનું અમારે કારણ નથી. આમ છે. ખાતુ સરખું કરવાની વાત છે. જમે રકમ છે એ વ્યાજસહિત ઉધારીને દૂધે ધોઈને આપી દેવાના છે. નથી કહેતા ? ભાઈ ! કે તમારા રૂપિયા દૂધે ધોઈને દઈ દેવાના છે. એટલે ચોખ્ખે ચોખ્ખા. ક્યાંય એક પાય ઓછી કરવાની નથી.

એમ જ્ઞાનીને કર્મના ઉદયમાં એક અંશ ઓછો કરવાની વૃત્તિ નથી. એ એનું સમાધાન છે. એક અંશ પણ ઓછો નથી કરવો. રોગ બહુ મોટો ન આવે તો સારું. રોગનું અપકર્ષણ થાય અને સ્થિતિ ઘટી જાય તો સારું. લાંબો વખત ન ચાલે તો સારું. અથવા અનુભાગનું અપકર્ષણ થઈને તીવ્ર રોગ ન થાય અને મંદ રોગ થાય તો સારું. એવો પ્રકાર જ્ઞાની ચિંતવતા નથી.

પોતે અનંત શક્તિ સંપન્ન છે અને પોતાના અનંત સામર્થ્યનો આધાર પોતાને હોવાથી, અનંત સામર્થ્યનો આધાર હોવાથી બરાબર પોતાની શક્તિમાં શૂરવીર થઈને ઊભા છે કે પૂર્વકર્મનો ગમે તે પ્રસંગ આવો, અમે હવે જરા પણ ભય પામીએ એ પરિસ્થિતિ રહી નથી.

અજ્ઞાની તો પહેલેથી ભય પામે. હજી રોગ આવ્યા પહેલા ભય પામી જાય છે. ડૉક્ટરો વાત કરે છે કે કોઈને એમ કહી જાય કે 'અમદાવાદ' લઈ જવાના છે કે 'મુંબઈ' લઈ જવાના છે. એટલે અહીંથી જ ટાંટ્યા ધ્રૂજવા માંડે. ઘરની બહાર નીકળતા જ પગ ફગવા માંડે. શું નીકળી પડશે ? ક્યો રોગ નીકળી પડશે ? કેમ કે Research centre અહીંયાં નથી હોતા, ત્યાં હોય છે. બધું Detect ત્યાં થાય છે. એમાં વાંચે કે આ તો Cancer research centreમાં લઈ જાય છે. એનું પાછું ઉપર બોર્ડ માર્યું હોય છે. વાંચવાનું ક્ષયોપશમ જ્ઞાન દુઃખનું કારણ થાય કે સુખનું ? હરહરી જાય. એ વખતે કેટલાકના Blood pressure વધી જાય છે. એ જ વખતે. જેવું વાંચેને ત્યાં સીધો Blood pressure નો પારો ચડી જાય. માર્યા, અહીંયાં ક્યાં મને લઈ જાય ! હજી હોય નહિ, હોં ! Report આવે ત્યારે એમ આવે કે (નથી). પણ એ પહેલા તો એની સ્થિતિ બગડી જાય છે. એનું કારણ દેહને વિષે અત્યંત આત્મબુદ્ધિનું કારણ છે. 'દેહ તે હું' એવી તીવ્ર દેહાત્મબુદ્ધિ હોવાને લીધે એ ભાવનું દુઃખ થયા વિના રહે નહિ. ન લાવવું હોય તો પણ આવ્યા વિના રહે નહિ.

આ તો એક એવો ઉપાય છે, એવો માર્ગ છે કે કોઈ ભયનું કોઈ દુઃખ જ ન થાય ત્રણકાળમાં. એની કોઈ કિંમત થઈ શકે એવી ચીજ નથી. અને તે પણ કોઈપણ ચીજના બદલામાં મળતી નથી. વગર ખર્ચે એ જ્ઞાન અને એ કળા હસ્તગત થાય છે. આવો સુગમ અને સરળ માર્ગ છે. શું કહે છે ?

જ્ઞાનીપુરુષને તે **'અવિષમભાવે વેદવું થાય છે;...'** વિષમતાથી વેદવું નથી થતું પણ **'અવિષમભાવે વેદવું થાય છે,...'** અવિષમમાં એ વાત છે કે મને શું કરવા રોગ થયો, એ પ્રશ્ન જ નથી એને. રોગ ન થયો હોત તો સારું હતું એ પણ પ્રશ્ન એને નથી. રોગ મને થયો નથી, એમ જ્ઞાન છે. અને જે કાંઈ વેદના આદિ એમાં ઉત્પન્ન થાય, સંયોગ હોવાથી એના તાપનો અનુભવ થાય તો એ વખતે જ્ઞાતાભાવમાં વિશેષપણે સ્થિર રહેવાનો પ્રયત્ન કરે છે. એટલે શાંતભાવે, અવિષમભાવે વેદે છે એવો એ પુરુષાર્થનો એ કાળ છે. પુરુષાર્થ વધુ ઉગ્ર થવાનો એ કાળ છે.

કેટલાક જ્ઞાનીઓ તો એવો પૂર્વકર્મનો ઉદય ન આવે તો ઉદિરણા કરે છે. આ જે અનેક પ્રકારની તપશ્ચર્યા છે એ ઉદિરણાના પ્રકાર છે. એક દિવસ આહાર ન લે તો એને ક્ષુધારોગ, ક્ષુધા પણ રોગ છે બીજું કાંઈ નથી. દેહને ક્ષુધા નામનો રોગ

છે એની વેદના થવાની. એ વખતે સ્થિર રહેવાનો પ્રયત્ન કરે. લંબાવીને બે દિવસ કરે, ત્રણ દિવસ કરે એની પોતાની જેટલી સહજ સ્થિતિ પુરુષાર્થની વધે ત્યાં સુધી લંબાવે. શું ? લંબાવતા જાય. એ ઉદિરણા કરીને કરે છે. વેદના લાવે છે.

મુમુક્ષુ :- કાયક્લેશ છે એ પણ...

પૂજ્ય ભાઈશ્રી :- કાયક્લેશ એ જ છે. કાયક્લેશ કહો, ઉપવાસ કહો. બધી તપશ્ચર્યાના જે પ્રકાર છે એમાં એ જ છે.

એટલે ત્યાં **'અવિષમભાવે વેદવું થાય છે; પણ તે વેદના વેદતાં જીવને સ્વરૂપજ્ઞાનનો ભંગ થતો નથી,...'** સ્વરૂપજ્ઞાનનો અનુભવ, જ્ઞાનસ્વરૂપી આત્માનો, જ્ઞાનમય આત્માનો અનુભવ ચાલુ રહે છે. ભંગ થતો નથી, ઊલટાનો વૃદ્ધિગત પણ થાય છે. ભંગ થવાનો પ્રશ્ન નથી ઊલટાનો એ અનુભવ વૃદ્ધિગત થાય છે. એટલે એને સ્વરૂપજ્ઞાન મટતું નથી. **'અથવા જો થાય છે તો...'** જો કોઈને થાય તો **'તે જીવને તેવું સ્વરૂપજ્ઞાન સંભવતું નથી.'** જ્યારે સાજો-માજો હતો ત્યારે તો આત્મજ્ઞાનની ઘણી વાતો કરતો હતો પણ વેદના આવી ત્યારે સ્વરૂપનું જ્ઞાન ક્યાં વયું ગયું એનું જાણપણું ? જ્ઞાન એટલે ? જાણપણું. પહેલા તો સ્વરૂપજ્ઞાન વિષે આત્મજ્ઞાનની ઘણી વાતો જાણી, ઘણી વાતો કહી, પણ વેદના આવી ને ત્યારે એ આત્માનું જ્ઞાન ક્યાં ખોવાઈ ગયું ખબર પડી નહિ. તો કહે છે કે એ જીવને સ્વરૂપજ્ઞાન છે જ નહિ. એમ જાણવું. **'તે જીવને તેવું સ્વરૂપજ્ઞાન ત્યાં સંભવતું નથી.'** સ્વરૂપજ્ઞાન વેદનાના કાળમાં ચાલુ રહે એટલું જ નહિ, ઊલટાનું સ્વરૂપજ્ઞાન વૃદ્ધિગત થાય, થાય અને થાય જ. એ સહજ જ સ્થિતિ છે. એ જ્ઞાનદશાની, જ્ઞાનદશાની તો શું યોગ્યતાવાળા જીવની, પાત્રજીવથી માંડીને એ સ્થિતિ શરૂ થઈ જાય છે. વિશેષ પાત્રતામાં એ સ્થિતિ ચાલુ થાય છે અને જ્ઞાનદશામાં તો ખચિત કરીને અવશ્ય એ સ્થિતિ હોય, હોય અને હોય જ. એટલે એ રીતે એ જ્ઞાન જતું નથી.

**'આત્મજ્ઞાન હોવાથી પૂર્વોપાર્જિત વેદનીય કર્મ નાશ જ પામે એવો નિયમ નથી;...'** પહેલા બાંધેલું વેદનીય કર્મ નાશ પામી જાય આત્મજ્ઞાનને કારણે, એવો કોઈ સિદ્ધાંત નથી. **'તે તેની સ્થિતિએ નાશ પામે.'** એટલે ઉદયે આવીને નાશ પામે. જ્ઞાનદશામાં એની સ્થિતિ પાકવાની હોય તો જ્ઞાનદશામાં પાકે, મુનિદશામાં પાકવાની હોય તો મુનિદશામાં પાકે. એ કાંઈ જ્ઞાન થાય એટલે સીધું બધું જ અનુકૂળ થઈ જાય એવું

કાંઈ છે નહિ.

**'વળી તે કર્મ જ્ઞાનને આવરણ કરનારું નથી,...'** વેદનીય કર્મથી જ્ઞાનને આવરણ થાય એમાં કાંઈ વાતમાં માલ નથી. કેમ કે એ તો અઘાતિનો ઉદય છે. જ્ઞાન તો અનુજીવી ગુણ છે. જ્ઞાનાવરણીય છે એ અનુજીવીને ઘાતે છે. પણ આ તો પ્રતિજીવી ગુણનો કર્મ છે. એટલે અઘાતિ છે. એ કોઈ જ્ઞાનને આવરણ કરે કે જ્ઞાનને ઘાતે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ સિદ્ધાંતમાં નથી એમ કહે છે. વળી તે એટલે વેદનીય **'કર્મ જ્ઞાનને આવરણ કરનારું નથી, અવ્યાબાધપણાને આવરણરૂપ છે;...'** જીવમાં જે અષ્ટ ગુણ છે એમાં એક અવ્યાબાધત્વ નામનો ગુણ છે જે સિદ્ધદશામાં પૂરેપૂરો પ્રગટે છે. એને એ બાધ કરે છે. અસિદ્ધત્વ રહેવા માટે વેદનીય કર્મ, આયુકર્મ રહે છે કે નામકર્મ રહે છે, બાકી નીચે કોઈ એને જ્ઞાનને આવરણ કરવાનું કારણ નથી, એમ કહેવું છે. શ્રદ્ધાને નહિ, જ્ઞાનને નહિ, આનંદને નહિ, સુખને નહિ. સુખને પણ ઘાત નથી કરતો. અનુજીવી ગુણ છે. વેદના થાય માટે સુખનો ઘાત થાય એવું નથી. વેદના થાય અને સુખ વધે. આવી પરિસ્થિતિ કોઈ અલૌકિક છે એની અંદર. વિશેષ લઈશું....

શ્રીગુરુનો જેને વ્યક્તિગત ઉપકાર (પરમાર્થ પ્રાપ્તિમાં નિમિત્ત) થયો હોય, તેને બેહદ લાભ થયો હોવાથી ભક્તિ પણ બેહદ થઈ આવે છે. સમષ્ટિગત તેવી ભક્તિ પરંપરાના આગ્રહનો તેમાં હેતુ ન હોવા છતાં તેના પ્રતિપાદનનો વિરોધ કર્તવ્ય નથી, કારણકે સમષ્ટિગત પ્રતિપાદનમાંથી પણ છેવટ સ્વયંના વ્યક્તિગત પ્રયોજનનો દૃષ્ટિકોણ સાધ્ય કરવાનો હોય છે. કોઈ જીવ સમષ્ટિગત દૃષ્ટિકોણને મુખ્ય કરી આચાર્યપણું કરે, તેથી તેને શું લાભ થાય ? તે વિચારણીય છે. પરલક્ષને મુખ્ય કરતાં મુમુક્ષુને તો નુક્સાન જ થાય. વર્તમાનકાળમાં 'પ્રત્યક્ષયોગ' મળે તો પરમેશ્વરબુદ્ધિ થાય, તેનું ફળ મોટું છે. તેથી બહુમાન તદ્નુસાર ઉપજે જ, તેમાં ખરેખર વાસ્તવિકતા છે. કાંઈ અતિપરિણામીપણું નથી.
(અનુભવ સંજીવની–૧૧૭૦)

## તા. ૧૬-૯-૧૯૯૦, પત્રાંક – ૫૦૯
## પ્રવચન નં. ૨૧૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્ર ૫૦૯ મો ચાલે છે. પાનું ૪૧૦.

દેહ અને આત્મા ભિન્ન છે એ વિષયનું અહીંયાં પ્રતિપાદન કરવું છે. દેહ અને આત્મા સંયોગમાં સહચારીપણે વર્તે છે. અનેક કાર્યો બંનેના સાથે હોવાપણાને લઈને નિષ્પન્ન થતાં જોવામાં આવે છે. અને તેથી જગતમાં દેહ અને આત્માની સર્વથા ભિન્નતા છે તે જરા પણ પ્રસિદ્ધ નથી. એક મૃત્યુકાળે દેહથી આત્મા જુદો થઈ જાય છે એવી એક વાસ્તવિક પરિસ્થિતિ સર્વને જણાય છે, સમજાય છે તો પણ એ તો મૃત્યુ પ્રસંગનો વિષય છે. જીવંત દશામાં બંને જુદાં છે એ વાત સ્વીકારવામાં આવતી નથી અથવા સ્વીકારવી મુશ્કેલ પડે છે, કઠણ પડે છે જીવને.

જે શાસ્ત્રોમાં દેહ અને આત્માનું ભિન્નપણું પ્રકાશ્યું છે, પ્રતિપાદિત કર્યું છે એ શાસ્ત્રના અધ્યયન કરનારને પણ ઘડીભર એ વાત વિચારવી કઠણ પડે છે કે દેહ અને આત્મા જો સર્વથા ભિન્ન માનીએ તો સંયમ-અસંયમ વગેરે અનેક પ્રશ્નો પણ ઉત્પન્ન થાય છે. તો સર્વથા નહિ પણ કાંઈક જુદાં, કાંઈક ભેગા એવું અસ્પષ્ટપણું જાણ્યે-અજાણ્યે અભિપ્રાયમાં રહી જાય છે.

એથી વધારે એક પ્રસંગ અહીંયાં એ દૃષ્ટાંતરૂપે લે છે કે જેણે દેહ અને આત્મા ભિન્ન જાણ્યા એવા જ્ઞાનીપુરુષ, એને વેદનાના પ્રસંગની અંદર દેહ અને આત્મા ભિન્ન રહેતા હોય એવું જોવામાં નથી આવતું. જગતના સર્વસાધરણ જીવને તો દેહ અને આત્માની ભિન્નતા વિદિત નથી અને અનુભવગોચર પણ નથી. જાણવામાં પણ નથી અને અનુભવવામાં પણ નથી. પણ જેઓ તત્ત્વદૃષ્ટિવાન છે અને દેહને અને આત્માને જુદાં જાણે છે, જુદાં અનુભવે છે એ પણ વેદનાના કાળની અંદર, વેદનાનો ઉપચાર કરતા હોય, દવા વગેરે ઇલાજ કરતા હોય એવું પણ જોવામાં આવે છે. અને તેથી

એમ લાગે છે કે દેહ અને આત્માની સર્વથા ભિન્નતા નહિ હોય. ભલે કહેવાતી હોય તો પણ નહિ હોય. નહિતર જેણે દેહ અને આત્મા ભિન્ન અનુભવ્યા. એ શા માટે દેહનો ઉપચાર કરે ?

બીજું કે અનેક પ્રકારના અનુકૂળ-પ્રતિકૂળ ઉદયમાં જીવ સમાધાન કરી શકે છે કે ચાલો પૈસા ગયા તો કમાઈ લેશું. બીજું કાંઈ નુકસાન થયું, એક દીકરો મરી ગયો, કાલ સવારે બીજો દીકરો કામમાં આવશે કે જન્મ પામશે. (એમ) કોઈને કોઈ રીતે માણસ બીજા નુકસાનનું સમાધાન કરે છે પણ દેહમાં વેદના ઉત્પન્ન થાય ત્યારે એવું વૈચારિક સમાધાન જીવને વેદના મટાડવા કે ઘટાડવા માટે કામમાં આવતું નથી. કેમ કે વિચાર, વિચાર છે અને વેદના તો રીતસર ભોગવટો છે. દુઃખનો ભોગવટો છે, પીડાનો ભોગવટો છે.

એટલે કે બીજા બધા નુકસાનની કે પ્રશ્નની અવેજી છે, કોઈને કોઈ સમાધાન છે, કૃત્રિમ પણ સમાધાન છે પણ વેદનાની કોઈ અવેજી નથી. અવેજી એટલે બદલી. એની બદલીમાં કાંઈ થઈ શકે એવું નથી. કે ચાલો ઘણા પૈસા છે, માટે વેદનાનો વાંધો નહિ આવે. નોટોના બંડલ લગાડી દેશું, જ્યાં વેદના થતી હશે ત્યાં, એટલે વેદના ઘટી જશે. કે દર-દાગીનો-ઝવેરાત છે એને ઘસીને ચોપડી દેશું. કે સગાવહાલા ભેગા થઈને બહુ મદદ કરશે તો આપણી વેદના ઘટી જશે. વેદનામાં એનો કોઈ Alternative નથી. અવેજી નથી એટલે Alternative નથી. અને એ વેદનાના દુઃખમાંથી છટકવા માટે ગમે તેટલા જીવ ફાંફા મારે તો એની વેદના એક અંશ માત્ર પણ ઘટે નહિ કે બીજો લઈ શકે નહિ.

એટલે અહીંયાં 'શ્રીમદ્જી'એ બહુ સચોટ દૃષ્ટાંત પકડ્યું છે કે વેદનાના કાળનું શું પણ ? તો કહે છે એનું પણ સમાધાન છે. જ્ઞાનદશામાં જેણે દેહ અને આત્માનું ભિન્ન ભિન્ન તત્ત્વ, ભિન્ન ભિન્નપણું અનુભવ્યું છે એને એ રસ્તો છે, એને એ ઉપાય છે અને જગતમાં એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. એ વાત અહીંયાં સ્પષ્ટ કરવી છે. એટલે ઉપરથી ૪૧૦માં પાને ઉપરથી પાંચમી લીટીથી લઈએ.

**'ભેદ એટલો છે કે,...'** એટલે જ્ઞાની અને અજ્ઞાનીના વેદનાના ભોગવટાની અંદર તફાવત એટલો છે કે, **'જ્ઞાનીપુરુષને કાયાને વિષે આત્મબુદ્ધિ થતી નથી, અને આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી, બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે;...'** દેહ, દેહપણે

વર્તતો અને આત્મા જ્ઞાનપણે વર્તતો. દેહ વેદના આદિ પીડાપણે વર્તતો અને આત્મા જ્ઞાનપણે વર્તતો. એવી રીતે ભિન્ન ભિન્ન તેમને અનુભવમાં આવે છે. પીડા ? તો કહે છે, પીડા જ્ઞાનની સત્તામાં અનુભવાતી નથી. જેમ અન્ય જ્ઞેયનું વેદન આવે છે કે મરચું તીખું લાગ્યું. ગોળ ગળ્યો લાગ્યો. લાગ્યો નથી. મરચાની તીખાશ જણાય છે, ગોળનું ગળપણ જણાય છે. એમ વેદના લાગતી નથી પણ જ્ઞાનદશામાં વેદના જણાય છે. અજ્ઞાનદશામાં ગોળ ગળ્યો લાગે છે, જ્ઞાનદશામાં ગોળ ગળ્યો જણાય છે. એમ અજ્ઞાનદશામાં વેદના વેદના તરીકે પીડાપણે લાગે છે, જ્યારે જ્ઞાનદશામાં પીડા, પીડાપણે જણાય છે. બેમાં બહુ મોટું અંતર છે. એકમાં અભેદ અનુભવ છે. એકમાં ભિન્ન પદાર્થનું માત્ર ભિન્ન રહીને જાણવું થાય છે. આમ બે વચ્ચે બહુ મોટો ફેર છે. એક જાણે છે, એક નહિ ભોગવાતા એવા દ્રવ્ય, ભાવને ભોગવે છે એવું માને છે અને જાણે છે મિથ્યાભાવે. અને એવો અનુભવ પણ મિથ્યા કરે છે. એવું દુઃખ પણ ભોગવે છે. એ દુઃખ સાક્ષાત્ છે. દુઃખ મિથ્યા નથી, દુઃખ વાસ્તવિક છે.

તેથી **'બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે; માત્ર પૂર્વ સંબંધ, જેમ પથ્થરને સૂર્યના તાપનો પ્રસંગ છે તેની પેઠે,...'** પૂર્વ સંબંધ **'હોવાથી વેદનીયકર્મ આયુષ-પૂર્ણતા સુધી અવિષમભાવે વેદવું થાય છે;...'** થોડી અસ્થિરતાની મચક છે. એટલો સૂર્યનો તાપ રહી ગયો. સૂર્ય અસ્ત થયા પછી પણ પથ્થર ઊનો રહી ગયો. એમ થોડી મચક આવે છે. એમ મચકનો દેખાવ ગમે તેટલો મોટો હોય કે નાનો હોય પણ અસ્થિરતાની એ અલ્પ મચક છે અને વાસ્તવિકપણે અવિષમ પરિણામે, અવિષમભાવે તે તેનો અનુભવ કરે છે.

મુમુક્ષુ :- વેદના વાસ્તવિક છે....

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખ વાસ્તવિક છે.

મુમુક્ષુ :- દુઃખ વાસ્તવિક છે એમ વેદાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જે મિથ્યાભાવથી ઉત્પન્ન થતી આકુળતા છે એ વાસ્તવિક છે. ફરીથી. કે જે પીડા લાગે છે એ મિથ્યા છે. પીડા પોતાને થઈ રહી છે એમ માને છે તે મિથ્યા છે, એમ જાણે છે તે મિથ્યા છે. પણ એમ માનતા, એમ જાણતા જે આકુળતા થઈ એ વાસ્તવિક છે.

મુમુક્ષુ :- એ કેમ ?

પૂજ્ય ભાઈશ્રી :– એ જીવના પરિણામમાં થાય છે એટલે વાસ્તવિક છે. તે જીવના પરિણામમાં થાય છે માટે વાસ્તવિક છે.

મુમુક્ષુ :– વિભાવ પરિણામ....

પૂજ્ય ભાઈશ્રી :– આકુળતાના જે દુઃખના પરિણામ છે એ વાસ્તવિક દુઃખના પરિણામ છે. એ કોઈ કલ્પના નથી. વેદાંતમાં અને જૈનદર્શનમાં આ જગ્યાએ તફાવત છે. વેદાંત એમ કહે છે કે એ પણ મિથ્યા છે, એ પણ ભ્રમ છે. એમ નથી. પરમાં સ્વની માન્યતા તે ભ્રમ છે પણ સ્વમાં પરની માન્યતા ભ્રમ એ ભ્રમ વાસ્તવિક છે. ભ્રમ ભ્રમ તરીકે મિથ્યા નથી. એમ કહેવું છે અહીંયાં.

ફરીથી, પરમાં સ્વપણાની, દેહમાં સ્વપણાની, પીડામાં પોતાપણાની માન્યતા એ ભ્રમ છે, એ જ્ઞાન છે એ ભ્રમ છે. પણ એથી ઉત્પન્ન થતું ભ્રમ અને દુઃખ એ બંને તો વાસ્તવિક છે. એ ભ્રમ નથી પાછો કે એવું છે જ નહિ. એ જીવ ત્યાં દુઃખી જ નથી એમ નથી. ખરેખર દુઃખી છે, વાસ્તવિકપણે દુઃખી છે પણ એને દુઃખનું કારણ મિથ્યા છે, એમ કહેવું છે. જેમ કે એક માણસને ખોટા સમાચાર મળ્યા કે તમારું ઘર સળગી ગયું છે. તમે અહીંયાં બેઠા છો, પણ તમારું આખું ઘર સળગી ગયું છે. એ વખતે દુઃખી દુઃખી થઈ જાય. તો એ દુઃખ થાય છે એ વાસ્તવિક છે. સમાચાર ખોટા છે.

મુમુક્ષુ :– આકુળતા અને દુઃખ એ તો આત્માનો સ્વભાવ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ એનો સ્વભાવ નથી પણ વિભાવ જે છે એ કલ્પના નથી. વિભાવનું દુઃખ છે એ કોઈ કલ્પના નથી. વિભાવ કલ્પનાથી થયેલો છે. વિભાવનું કારણ કલ્પના છે પણ એ વિભાવ છે એ વાસ્તવિક છે અને એમાં દુઃખ છે એ વાસ્તવિક છે. એમ છે ખરેખર. દુઃખ તો જીવના પરિણામમાં ખરેખર થઈ રહ્યું છે, અનુભવાય રહ્યું છે, એમ છે. એનું કારણ છે એ કારણ સાચું નથી.

હવે એ માણસ અહીંથી ઘરે ગયો. જોયું તો ઘર તો એમ ને એમ સલામત છે. પણ આજુબાજુમાં કોઈનું ઘર, ભળતા નામવાળાનું, એના જ કોઈના નામવાળાનું સળગી ગયું હતું એટલે એમ કહ્યું કે ભાઈ ! એનું નામ તો એ જ આપ્યું છે. તમે કે એ બે જુદાં છો કે એક છો એ કહેનારને ખબર નહોતી. તો જ્યારે ઘર સલામત જોવે છે ત્યારે એને દુઃખ નથી થતું, પણ પહેલા જે દુઃખ થયું એ દુઃખ ખોટું હતું ?

ખરેખર દુઃખી થયો હતો. એનું કારણ જરૂર ખોટું હતું.

એમ મને પીડા થાય છે, હું મરી ગયો એ બધું જે દુઃખ થાય છે એનું કારણ છે એ ખોટું છે. આત્મામાં પીડા થતી નથી. એ સમાચાર ખોટા છે. પણ ખોટા સમાચાર સાચા માન્યા અને દુઃખ થયું એ દુઃખ સાચું છે. ઓલાપણે બેય ભ્રમ માને છે. વેદાંત, આને ભ્રમ કહ્યો છે એટલે એને પણ ભ્રમ માને છે. એમ નથી. કેમ કે એ પર્યાયનો વિષય ત્યાં એટલો સ્પષ્ટ નથી.

મુમુક્ષુ :– ભ્રમરૂપ જે માન્યતા છે અને જાણપણું, એ માન્યતા અને જાણપણું તો છે.

પૂજ્ય ભાઈશ્રી :– માન્યતા અને જાણપણું છે પણ એ માન્યતા અને જાણપણા અનુસાર વસ્તુસ્થિતિ નથી. માટે એને ખોટી માન્યતા અથવા ભ્રમ કહેવામાં આવે છે. પણ ભ્રમ, ભ્રમપણે ભ્રમ જ છે. ભ્રમનો પણ ભ્રમ છે માટે એ ખોટો છે કે નથી ને માનવામાં આવે છે, એમ નથી કાંઈ. એટલે વેદાંતની જે ચર્ચા ચાલે છે ત્યાં પહેલો પ્રશ્ન આ થાય છે કે બ્રહ્મ સત્યં. બ્રહ્મ એટલે આત્મા. અને જગત મિથ્યા. તો કહે છે, જગત મિથ્યા છે એવી વાત છે. અને જગત મિથ્યા નથી એવી પણ વાત છે. ત્યારે મિથ્યા કહેવું પડ્યું ને ? કે કોઈ એમ માને છે કે નહિ, જગત તો સાચું છે, મિથ્યા નથી. તો જગત સાચું છે એ શું છે ? તો કહે મિથ્યા કલ્પના અથવા એક ભ્રમ છે. તો કહે ભ્રમ શું છે ? તો ત્યાં એને અટકવું પડે છે. ત્યાં એને અટકવું પડે છે. કેમ કે ત્યાં એનો વિચાર નથી, જે રીતે હોવો જોઈએ એ રીતે. એ બધી માયા છે... માયા છે... માયા છે... એમ કરીને પછી નિષેધ કરી નાખે છે. ચોખ્ખું જ્ઞાન હોવું જોઈએ કે જે જે વસ્તુ છે, જે જે ભાવ છે તે તે વસ્તુ છે અને તે તે ભાવ છે. એમ સ્પષ્ટ તાત્ત્વિકદૃષ્ટિએ દરેક દ્રવ્ય-ભાવનું ખાતુ એ જે ખાતાની રકમ હોય તે જ ખાતામાં ખતવાવી જોઈએ. બીજા ખાતામાં ખતવાય તો ઉલટુસુલટું થઈ જાય. જે સુલટું છે એ ઊલટું થઈ જાય.

મુમુક્ષુ :– કોઈ એમ કહે કે આ તો ભગવાનની માયા છે એમ કરીને ભગવાન ઉપર છોડી દે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ ભગવાનની માયા એટલે શું ? ભગવાનનું દ્રવ્ય, ભગવાનના ગુણ, ભગવાનની પર્યાય કે એથી કોઈ ચોથી ચીજ ? એનો કોઈ જવાબ

નથી એમ છે.

મુમુક્ષુ :– જ્ઞાનીના માથા ઉપર સગડી સળગે છે એ વખતે અહીંયાં કેમ ઉતારવું ?

પૂજ્ય ભાઈશ્રી :– એ તો વેદનાનું દૃષ્ટાંત થયું ને ? એ દૃષ્ટાંત તો વેદનાનું જ થયું ને ?

મુમુક્ષુ :– એટલે બ્રહ્મ દુઃખ છે જ.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ... નહિ. નહિ... નહિ. જ્ઞાનીને ભ્રમ નથી. એટલે એને દુઃખ પણ નથી. ભ્રમજનિત દુઃખ નથી. જો ભ્રમ હોય તો ભ્રમજનિત દુઃખ થાય. દુઃખ તો ભ્રમનું ફળ છે. ભ્રમ નથી તો ભ્રમજનિત દુઃખ નથી. અને દુઃખ નથી તેથી તે સ્થિર રહે છે. સ્થિર રહે છે એટલે એ નિર્વાણને પામે છે, એનું મૃત્યુ નથી થતું.

મુમુક્ષુ :– એ વખતે જે મારા માથા ઉપર સગડી સળગે છે, ...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, મારા માથા ઉપર નહિ.

મુમુક્ષુ :– સગડી સળગે છે એનું દુઃખ તો થાય જ.

પૂજ્ય ભાઈશ્રી :– સંયોગમાં દેહ છે એ દેહમાં આ પ્રકાર ભજે છે એનું જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :– એ વખતે દુઃખ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. બાજુમાં પાડોશીનું મકાન સળગે ત્યારે ?

મુમુક્ષુ :– આ તો જે કહ્યું કે, ભ્રમ જુદો અને દુઃખ જુદું. એના ઉપર સ્પષ્ટતા...

પૂજ્ય ભાઈશ્રી :– હા. બરાબર છે. ભ્રમ છે એ ભ્રમ તરીકે સત્ય છે. પણ જ્ઞાનીને ભ્રમ નથી. તમારો પ્રશ્ન જ્ઞાનીનો છે. જ્ઞાનીને ભ્રમ નથી. તો કોઈ કહે, પણ જ્ઞાની ઉપચાર કરે છે. તો કહે છે, એ સૂર્યાસ્ત પછી તપેલા પથ્થર જેવી વાત છે. પથ્થર ઊનો દેખાય છે. પ્રશ્ન કોઈ એમ કરે કે અત્યારે બે કલાકથી આના ઉપર તડકો નથી. બે કલાક થઈ ગયા છાંયો છે અને હજી આ પત્થર રાત્રે આઠ વાગે કેમ ઊનો છે ? છ વાગ્યે સૂર્યાસ્ત થયો અને આઠ વાગ્યે આ પથ્થર ઊનો કેમ છે ? આ પ્રશ્ન થવાયોગ્ય છે, સાવ અસ્થાને નથી. તો કહે છે, આસ્તે-આસ્તે શીતપણાને ભજી રહ્યો છે. એના Normal temperature માં કોઈપણ પ્રક્રિયા કર્યા વગર એ આવી જશે. આવવાને વાર લાગશે. એનું જ્ઞાન, વૈજ્ઞાનિક રીતે એનું જ્ઞાન નહિ હોવાથી ત્યાં પ્રશ્ન ઉપસ્થિત થાય, અસમાધાન થાય કે હજી આ પત્થર ઊનો કેમ છે ? એ પ્રશ્ન સંભાવ્ય

છે, સંભવિત પ્રશ્ન છે. પણ એનું વિજ્ઞાન સમજવામાં આવે તો એમાં અસમાધાન થાય એવું નથી.

એટલે જ્ઞાનીએ પોતાના વિષે પણ એમ જાણે છે અને બીજા જ્ઞાની વિષે પણ તે એમ જાણે છે. એટલે તેને અસમાધાન થતું નથી. તે એમ જાણે છે કે **'અવિષમભાવે વેદવું થાય છે;...'** વિષમ પરિણામથી વેદવું થતું નથી. વિષમ પરિણામમાં શું છે ? વિપરીત જ્ઞાનની વિપરીત માન્યતા. વેદવાની અંદર સુખ પણ વેદાય છે અને અસ્થિરતા છે એટલી આકુળતા અને એટલું દુઃખ પણ વેદાય છે. એક પરિણામના, એક સુખગુણની પર્યાયના બે અંશ પડે છે. એટલે ચારિત્રના પણ બે અંશ પડે છે, પુરુષાર્થના પણ બે અંશ પડે છે એ રીતે.

મુમુક્ષુ :– જ્ઞાની એ વખતે ભ્રમજન્ય દુઃખ તો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– છે જ નહિ. ભ્રમ જ નથી પછી ભ્રમજનિત દુઃખ ક્યાંથી હોય ?

મુમુક્ષુ :– દુઃખ પણ નથી ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. દુઃખ નથી એમ કહેવાય છે એનું કારણ કે પ્રધાનપણે દુઃખ નથી. જેટલી અસ્થિરતા છે એટલું દુઃખ થાય છે, એટલી આકુળતા થાય છે અને એને કારણે થોડો ઉપચાર પણ એ કરતા જોવામાં આવે છે. પણ બીજાની જેમ એમને આકુળતાનો ઉપચાર થતો નથી. અવિષમભાવથી ઉપચાર કે આકુળતા થતી નથી.

મુમુક્ષુ :– આત્મબુદ્ધિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મબુદ્ધિ નથી માટે. પાડોશીનું મકાન સળગે તો પોતાનું મકાન સળગે એટલું દુઃખ ન થાય. પણ પાડોશીની સાથે બહુ સારો પ્રેમસંબંધ હોય, ઘર જેવો જેને સંબંધ કહે છે, તો થોડું દુઃખ થાય. પણ થોડું થાય એ કેવું થાય ? કે પોતાનું સળગ્યું હોય એવું તો થાય જ નહિ. એમ પણ કહે કે અમે તમારા ઘરે આવતા હતા ત્યારે તમે આ ઘર માટે એમ કહેતા હતા કે ભાઈ ! આ તો તમારું જ ઘર છે. શું કહે ? ઓલા આવે તો કહે આવો... આવો... આ તો તમારું જ ઘર છે ને એમ કહે. કેમ કે ગમે ત્યારે આવવા માટે એને કોઈ Appointment કે પરવાનગી લેવાની જરૂર નહોતી. એટલે થોડું દુઃખ થાય. પણ એ પોતાપણાનું જે દુઃખ થાય

એવું તો થાય જ નહિ. એવું ન જ થાય એ સમજી શકાય એવી વાત છે. એ રીતે વિષમભાવ નથી.

હવે વિષમભાવ નથી તો છે શું ? કે **'તે વેદના વેદતાં જીવને સ્વરૂપજ્ઞાનનો ભંગ થતો નથી,...'** એ વખતે પણ એનું જ્ઞાન જ્ઞાનને એનું જ્ઞાન જ્ઞાનમય સુખને અનુભવે છે. અને એ જ્ઞાનમય સુખ અનુભવતા એમાં એને ભંગ પડતો નથી. વેદનાને કારણે એમાં ત્રુટકપણું થતું નથી. એમાં છેદ પડતો નથી. એ જ્ઞાન અને એ સુખ એનું ઘટતું નથી. અભાવ તો પામતો નથી પણ ઘટતું પણ નથી. આ વિશિષ્ટતા છે.

જે અજ્ઞાનદશામાં કોઈ જીવને ન હોય એ પ્રકાર જે છે તે અસ્તિનો પ્રકાર આ છે. કેમ કે નાસ્તિ સમજાય એવી નથી. બાહ્ય પરિસ્થિતિ જોતાં એને જે અભાવ થયો છે એ નહિ સમજાય. કેમ કે સદ્ભાવનો દેખાવ છે અને અભાવનો દેખાવ નથી એનો. એટલે અભાવ નહિ સમજાય. પણ અહીંયાં અસ્તિ જો સમજવામાં આવે કે એને જ્ઞાનમય સુખ એ વખતે પણ વેદનમાં ચાલું છે એ પણ એ (વખતે) પોતાના ભાનમાં છે કે હું આત્મા છું અને આ ખેલ બધો ખોટો છે. એ બધું ખ્યાલમાં અને ભાનમાં હોય છે એ એને એના સ્વરૂપજ્ઞાનનો ભંગ થવા દેતું નથી. આ મહત્ત્વનો વિષય છે. જે મહત્ત્વનો વિષય છે એ આટલો છે.

શું કહે છે ? **'તે વેદના વેદતાં જીવને સ્વરૂપજ્ઞાનનો ભંગ થતો નથી, અથવા જો થાય છે તો તે જીવને તેવું સ્વરૂપજ્ઞાન સંભવતું નથી.'** અને જો કોઈ જીવને તીવ્ર વેદના આવતા, વેદનાનો તીવ્ર ઉદય આવતા સ્વરૂપજ્ઞાન છૂટી ગયું, સ્વરૂપજ્ઞાનનો ભંગ થઈ ગયો, છેદ થઈ ગયો તો ત્યાં અજ્ઞાનદશા ચાલુ થઈ ગઈ, મિથ્યાદશા ચાલુ થઈ ગઈ, મિથ્યાત્વ ચાલુ થઈ ગયું ત્યાં એને પછી જ્ઞાન રહ્યું નથી એમ લેવું. **'આત્મજ્ઞાન હોવાથી...'** આત્મજ્ઞાન ચાલુ હોવાથી અને આત્મજ્ઞાન થયું હોવાથી **'પૂર્વોપાર્જિત વેદનીય કર્મ નાશ જ પામે એવો કોઈ નિયમ નથી;...'** જેને આત્મજ્ઞાન થાય એને પૂર્વોપાર્જિત કર્મ હવે ઉદયમાં ન આવે, એને પ્રતિકૂળતાઓ ઉદયમાં ન આવે, એને વેદના આદિનો રોગનો ઉદય ન થાય એવું બનવા જોગ નથી. એ તો મુનિદશા સુધી સંભવિત છે. **'તે તેની સ્થિતિએ નાશ પામે.'** છે. જે પૂર્વે બાંધેલું કર્મ છે એની પણ કોઈ સ્થિતિ એ વખતે નક્કી થઈ હોય છે. કદાચ એ સ્થિતિમાં અપકર્ષણ કે બીજા ફેરફારો થાય છે તો પણ એ સ્થિતિએ એનો નાશ થાય છે. સ્થિતિ પહેલા

એનો નાશ થતો નથી. એને સ્થિતિબંધ કહેવામાં આવે છે.

**'વળી તે કર્મ જ્ઞાનને આવરણ કરનારું નથી,...'** અહીં સુધી કાલે આપણે આવ્યા હતા. **'વળી તે કર્મ જ્ઞાનને આવરણ કરનારું નથી,...'** એ કર્મને લઈને જ્ઞાનને આવરણ થાય છે એવુ નથી. વેદનીયકર્મ અઘાતિનો ઉદય છે તે આત્માના જ્ઞાન અને સુખને, દર્શનને ઘાત કરી શકતો નથી. ઘાત કરતું પણ નથી. ઘાત કરવાનો નિમિત્ત-નૈમિત્તિક ધર્મ પણ એનામાં નથી.

જ્ઞાનાવરણીયમાં જ્ઞાનને આવરણ કરવાનો નિમિત્ત-નૈમિત્તિક ધર્મ છે. ગુણ નહિ ધર્મ લ્યો ત્યાં. યોગ્યતા (લ્યો.) પણ અઘાતિકર્મની અંદર કોઈપણ જીવના ગુણને, ગુણના સ્વભાવ પરિણામને ઘાત કરવાનો નિમિત્ત-નૈમિત્તિક ધર્મ પણ નથી. નિમિત્ત-નૈમિત્તિક ધર્મ પણ નથી એમ કહે છે. એટલે વેદના આવતા મારું જ્ઞાન અવરાઈ જશે તો ? એ પ્રકારનો કોઈપણ ભય રાખવાની જરૂર નથી. વેદના આવવાથી મારા જ્ઞાનની અંદર ઘાત થશે તો ? મારું જ્ઞાન હણાઈ જશે તો ? એ ભય રાખવાની જરૂર નથી.

જોકે અહીંયાં પ્રશ્ન થાય કે બહુ વેદના જ્યારે જીવને થાય છે ત્યારે તે જીવ બેશુદ્ધ થતો નજર સામે જોવામાં આવે છે અને એ બેશુદ્ધ થાય છે તીવ્ર વેદનાને લઈને ત્યારે તો જ્ઞાન અવરાય ગયું એમ સ્પષ્ટ જોવામાં આવે છે. વેદનાનો ઉદય અઘાતિનો કહ્યો ભગવાને. અને વળી આ તો પાછું જોવામાં આવે છે કે વેદનાને કારણે બેશુદ્ધિ થઈ. તો વેદનાએ જ્ઞાનને ઘાત્યું કે નહિ ?

નહિ. એવો વિષય છે જરા. તે જ જીવ બેશુદ્ધ થાય છે, તીવ્ર વેદનાના કાળમાં પણ તે જ જીવને બેશુદ્ધિ આવે છે, અશુદ્ધિ આવે છે, બેભાનપણું આવે છે કે જે જીવ વેદનાને 'મને વેદના થાય છે' એ પ્રકારે વેદે છે ત્યારે. ફરીથી. કેવી રીતે થાય છે ? મને વેદના થઈ રહી છે, મારા શરીરમાં વેદના થઈ રહી છે, મારામાં વેદના થઈ રહી છે એવો જે દેહાત્મબુદ્ધિનો મોહ, એ મોહને લઈને જ્ઞાનને આવરણ આવે છે. વેદનાને લઈને ત્યારે પણ હરગીઝ નહિ, જરાય નહિ. એમ કહેવું છે. તેથી અનેક જ્ઞાનીઓ અથવા સર્વ જ્ઞાનીઓ અને મુનિઓ તો ખચિત, ગમે તેવી તીવ્ર વેદના હોય તો પણ બેભાનપણાને પામતા નથી, બેશુદ્ધિમાં નથી આવતા. ભિન્ન પડી જાય છે. જાગૃત હોય છે, અંદરમાં આત્માના ભાનમાં બરાબર જાગૃત હોય છે, જરા પણ બેભાન હોતા નથી. થોડા પણ બેભાન નથી. નહિતર એમ કહે ભાઈ ! Semi consaous

છે. અડધા ભાનમાં છે, અડધા બેભાનમાં છે. બિલકુલ નહિ. જ્ઞાનદશામાં એ પરિસ્થિતિ થતી જ નથી, ઊપજતી જ નથી. આમ વાત છે. એટલું બળવાનપણું ત્યાં જ્ઞાનદશાનું હોય છે કે એ વેદના હોવા છતાં મોહના અભાવને લીધે–દર્શનમોહના અભાવને લીધે (બેભાનપણાની દશા થતી નથી). ચારિત્રમોહ છે, પાછો સાવ મોહ નથી એમ નહિ. મોહ છે. જેટલો ચારિત્રમોહ છે એટલો રાગ પણ છે દેહનો. રાગ-દ્વેષ-મોહ એ બધું હોવા છતાં પણ એ ચારિત્રમોહનો (રાગ) મર્યાદિત થઈ જાય છે ત્યાં. એટલે ત્યાં અજાગૃત દશા અથવા બેશુદ્ધ દશા ઉત્પન્ન થઈ શકતી નથી. બરાબર સ્વરૂપમાં જાગૃત રહે છે.

મુમુક્ષુ :– જ્ઞાની બહારથી બેભાન જોવામાં આવે છે, ઇ વખતે પણ જાગૃત છે ?

પૂજ્ય ભાઈશ્રી :– જાગૃત જ છે. બહારથી બેભાન જોવામાં આવે છે એનું કારણ શું છે કે એ બોલતા નથી. પણ જ્ઞાની બોલે જ નહિ. એ બોલવાનો કાળ પણ નથી, બોલવાનો એ કાળ પણ નથી. જ્યાં એમને ખ્યાલ આવ્યો (ત્યાં અંતર્મુખના પુરુષાર્થમાં વેગથી આવી જાય છે). કેમ કે ઉપયોગ છે એમાં ફેર પડી જાય છે. ઉપયોગ થોડો ઘેરાતો હોય એવું લાગે. જેમ બેશુદ્ધ અવસ્થા થાય અને ઉપયોગ ઘેરાઈને, મૂંઢાઈ જાય, સાવ બંધ થઈ જાય, પોતાને ખબર જ ન પડે એવી રીતે પરિસ્થિતિ થાય, એવી થોડીક અસર આવે. અને એ સાવચેત થઈ જાય છે. એ ઉપયોગ દ્વારા એ વખતે ચૈતન્યહીરાને બાઝી પડે છે.

મુમુક્ષુ :– ટાઈમ ઓછો છે.

પૂજ્ય ભાઈશ્રી :– સમય ઓછો છે એની પાસે. એ વખતે જો બોલવામાં અને બીજાને કહેવાની લપમાં જાય તો ચૂકી જાય. બીજું બોલવાની જરૂર શું છે ? કોઈ એમ કહે કે પણ નજીકમાં હોય, એમના સગા હોય, એમના સેવા કરનારા હોય એને તો કહે ને કે હવે હું જાવ છું. એના પ્રત્યે એને એટલો લગવાડ નથી કે હું કહેવા રોકાઉં કે હવે હું જાઉં છું. કોઈ જરૂર નથી. એકદમ ઝડપથી શીઘ્રપણે એ પોતાના સ્વરૂપમાં લીન થવાના પુરુષાર્થની અંદર જોરથી (લાગી જાય છે). પોતાના કામમાં લીન છે, મગ્ન છે. એટલે એ મગ્નતાને લઈને કોઈ પ્રવૃત્તિ એમની ન દેખાય, છેલ્લી ક્ષણોમાં, છેલ્લી મિનિટોમાં કે છેલ્લી કલાકોમાં પણ, તો પણ જરાય એમ સમજવા યોગ્ય નથી કે બેભાન થઈ ગયા હતા. એમ સમજવા જેવું નથી.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'નું સ્પષ્ટ છે.

પૂજ્ય ભાઈશ્રી :– સ્પષ્ટ છે 'શ્રીમદ્જી'નું. એ તો પોતે તો બોલ્યા છે. એમને તો ઘણી જ જાગૃતિ બહુ હતી અને એ તો મુનિદશાના પ્રયત્નમાં પડ્યા હતા. થઈ ન શકી મુનિદશા. પણ મુનિદશાના પ્રયત્નવાન હતા એ. એટલે ઘણી જાગૃતિ હતી. અને શરીર અશક્ત વધારે (થઈ ગયું હતું). એકાદ વર્ષથી શરીરની માંદગી ચાલુ હતી એટલે અશક્તિ ઘણી હતી. નબળાઈ તો એમની કૃષતા શરીરને જોઈને જ ખ્યાલ આવે છે કે કેટલું કૃષ શરીર થયું છે. એટલે નબળાઈ ઘણી હતી. ખોરાક પણ લગભગ નહિવત્ થઈ ગયો હતો. છેલ્લે પ્રવાહી ઉપર જ હતા. છેલ્લે પછી ખોરાક નહોતા લઈ શકતા તો પ્રવાહી આપતા હતા. એટલે સ્વભાવિક છે કે શરીરની શક્તિ ન હોય. એટલે ઊઠવું, બેસવું પણ પોતાની મેળે નહોતા કરી શકતા. પથારીમાંથી ઊઠવું હોય તો બીજા ઊઠાડે. ઊભા કરવા હોય તો બીજા પકડી રાખે. જાગૃતિ હતી તો એમ કહ્યું કે મને આ ખુરશી ઉપર લઈ લ્યો. ઓલી આરામખુરશી જેવી પેલી લાકડાની ઢળેલી આવે છે ને ? છે, હજી ત્યાં 'વવાણિયા'માં રાખી છે. બધા અવશેષો રાખ્યા છે. નાહતા હતા એ તાંબાકુંડી, લોટો, જમતા હતા એ થાળી, વાટકા બધું રાખ્યું છે. હજી તો સો વર્ષ થયા છે. એ બધું રાખ્યું છે એમણે. મને ત્યાં લઈ લ્યો. એટલે એમના ભાઈને કીધું, બીજા પણ ભાઈઓ હતા ખાસ કરીને 'મનસુખભાઈ દેવશીભાઈ લીંબડીવાળા' હતા. 'અંબાલાલભાઈ' કુદરતી નહોતા, નહિતર એમણે સેવા ઘણી કરી છે પણ એ કુદરતી એ વખતે નહોતા.

એમણે આજ્ઞા કરી કે મને ત્યાં ખુરશી ઉપર લઈ લ્યો. કેમ કે એમને કાઉસગ્ગ મુદ્રામાં, ધ્યાનસ્થ મુદ્રામાં રહેવું હતું એ વખતે. સુતા સુતા આત્મધ્યાન નહોતું કરવું. એટલે ત્યાં લીધા એટલે એક કપડું છે ધોતિયા જેવું એ માથે ઓઢી લીધું. એ વખતે કહ્યું કે હું હવે મારા સ્વરૂપમાં લીન થાઉં છું. મને કોઈએ બોલાવવાની જરૂર નથી. એક નાનાભાઈને એમ કીધું કે તું માનું ધ્યાન રાખજે. એને બહુ દુઃખ ન થાય એમ જરાક ધ્યાન રાખજે. એટલે શું કે મારો વિયોગ થશે. મારા ઉપર મમતા છે (એટલે) એને દુઃખ થશે તો એને જરા તું સાંત્વન આપી દેજે. એટલા પૂરતું કે માને દુઃખ ન થાય એમ કરીને. પોતે સ્વરૂપમાં લીન થાય છે એવું ચોખ્ખું કહ્યું છે અને લીન થયા છે.

મુમુક્ષુ :– એમ કહેવું છે કે બહારની શરીરની કોઈ ચેષ્ટા થાય તો એના ઉપર લક્ષ આપતો નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, નહિ આપતો. કોઈ શરીરની ચેષ્ટા એટલે શું છે અવાજ નીકળે ઘણીવાર. હડ્ડીઓ બોલે છે. કોઈ એમ કહે છે કે બોલે છે. પણ આમાં નથી લખી એ વાત. અધ્યાત્મ રાજચંદ્રમાં ડો. ભગવાનદાસે એમના છેલ્લા દિવસની અને છેલ્લા કલાકોની નોંધ લીધી છે અને જે લોકો એમની નજીક હતા એમની પાસેથી નોંધ લીધી છે. એમાં એ વાત નથી લીધી. આ સાંભળી વાત છે. ઉડતી સાંભળેલી વાત છે કે ગળામાંથી અવાજ નીકળતો હતો, હડીઓ બોલતો હતો. એમાં એ વાત નથી લીધી.

મુમુક્ષુ :– ત્રણ કલાક ધ્યાનમાં રહ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્રણ કલાક સુધી. પછી દેહ છૂટ્યો. બપોરે દેહ છૂટ્યો છે. ૧૧ થી ૨, બપોરે ૨ વાગે દેહ છોડ્યો છે. 'રાજકોટ'ના સદરની અંદર દેસાઈ શેરી કહેવાય છે. ત્યાં એ મકાન છે હજી. અને 'રાજકોટ'માં અગ્નિસંસ્કાર થયો ત્યાં સમાધિમંદિર પણ આજે કરેલું જોવામાં આવે છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્ રાજચંદ્ર'ની વેદનાની જે વાત કરી જ્ઞાનીને જે ઓળખે ... અત્યારે જે જ્ઞાનીપુરુષ છે. આજ જ્ઞાનીની અંતિમદશા જે વેદનાની છે એને ઓળખી શકે છે. .. બાકી સમાજને તો...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એને તો કલ્પના થાય. કાંઈને કાંઈ બાહ્યની ચેષ્ટા જોઈને, શરીરની ચેષ્ટા જોઈને કલ્પના થાય કે આમ થયું લાગે છે... આમ થયું લાગે છે... આમ થયું લાગે છે. કારણ કે એની બાહ્યદૃષ્ટિ છે. એટલે ન ખબર પડે. (માપ કાઢવું) મુશ્કેલ છે એતો.

મુમુક્ષુ :– 'બનારસીદાસજી'ની વાત આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. 'બનારસીદાસજી'ની એવી જ વાત છે કે એમને ભાષાનો યોગ છૂટી ગયો હતો. એટલે એ પોતે જાગૃત હતા એટલે કોઈ એમ બોલ્યું કે, 'પંડિતજી' એમને કહેતા, 'પંડિત બનારસીદાસજી'. 'પંડિતજી'નો દેહ છૂટતો નથી. ક્યાંક એમનો જીવ રહી ગયો લાગે છે. ઘરમાં કે કોઈ વ્યક્તિમાં કે કોઈ પ્રત્યે કાંઈ લાગણી હોય ત્યાં. ત્યારે એ બોલી નહોતા શકતા એટલે લખી દીધું. 'ચલે બનારસીદાસ ફિર નહિ

આવના.’ ‘બનારસીદાસ’ હવે જાય છે, હવે ફરીને આવવાના નથી. ‘અને ક્યાંય અમારો જીવ રહ્યો નથી. બરાબર જાગૃતિ છે.’ એ તો બહારથી કોઈ અનુમાન કરે એથી એને કાંઈ સંબંધ નથી. કોઈના પરિણામ સાથે કોઈના પરિણામને કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- બ્રેઈન હેમરેજ થાય, જ્ઞાનનું હેમરેજ ન થાય, આ ગજબ દશા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગમે તે થાય નહિ. બ્રેઈન હેમરેજ થાય, ગમે તે થાય. હૃદયનો હાર્ટનો દુઃખાવો થાય, માથાનો દુઃખાવો હોય, પેટનો દુઃખાવો હોય, કોઈ બીજો ગમે તે કારણસર દુઃખાવો હોય. શરીરની પીડા ગમે તે પ્રકારની હોય. પણ પીડાની સત્તા જુદી છે, એને જાણનાર જ્ઞાનની સત્તા જુદી છે. બે પરિણામની સત્તા જ જુદી છે. એક જીવમાં બે પરિણામ હોય તો પણ એની સત્તા જુદી છે. પેલી તો પુદ્ગલની જ પર્યાય છે. પણ જે અલ્પ અસ્થિરતા આવે અની સત્તા પણ જુદી છે અને જ્ઞાનની સત્તા જુદી છે પાછી.

જે ખરેખર પીડા છે એ તો પુદ્ગલની શરીરની પર્યાય છે. પણ એને લઈને થોડી મચક પણ આવે છે. કેમ કે સાધકદશામાં સંપૂર્ણ જ્ઞાન નથી. સાધના અધુરી છે અને કેટલોક વિભાવ છે. તો એટલી અસ્થિરતા આવે એની સત્તામાં પણ જ્ઞાન નથી. એને ભોગવતા નથી. એને કર્તા નથી, એને ભોગવતા નથી. એના પણ જ્ઞાતા રહે છે. એ વાત સમજવી કઠણ છે કે એ કેવી રીતે રહે છે. ધારણા કરવી સહેલી છે કે એના જ્ઞાતા રહે છે. એના કર્તા-ભોક્તા નથી થતાં. પણ કેવી રીતે રહે છે, એ સમજવી જરા કઠણ છે.

મુમુક્ષુ :- પથ્થર અને છાયો ને તાપ બંને જુદાં જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જુદાં જ છે. જુદાં તો જુદાં છે. બે પર્યાયો જ જુદી છે. ભિન્ન ભિન્ન દ્રવ્યની પર્યાયો છે. એમ તો સૂર્ય અને સૂર્યથી તપેલો પથ્થર એ બેયની પર્યાય જુદી છે. સૂર્યના કિરણો જુદા, સૂર્ય જુદો, સૂર્યના કિરણો જુદાં, પથ્થરની તપેલી પર્યાય પણ જુદી જ છે. એને લઈને એ નથી. એને લઈને એ નથી. ‘અન્ય કારણે, અન્ય કશું કલ્પે નહિ.’ ત્યારે ‘દેહે પણ કિંચિંત મૂર્ચ્છા નવ જોય જો.’ એ વાત લીધી છે. જગતમાં એકને કારણે બીજાની કલ્પના (થવી), એ અહીંયાં નથી.

શું કહે છે ? કે **‘આત્મજ્ઞાન હોવાથી પૂર્વોપાર્જિત વેદનીય કર્મ નાશ જ પામે એવો નિયમ નથી; તે તેની સ્થિતિએ નાશ પામે. વળી તે કર્મ જ્ઞાનને આવરણ કરનારું**

**નથી,...**' આ મુદ્દો ચાલે છે. કર્મનો ઉદય, તે કર્મનો ઉદય, અશાતા વેદનીયનો ઉદય જ્ઞાનને આવરણ કરનારો નથી. એનામાં તે પ્રકારનો નૈમિત્તિક ધર્મ નથી. કર્તા-કર્મપણું તો કોઈનામાં નથી. જ્ઞાનાવરણીયમાં નથી. પણ નિમિત્ત-નૈમિત્તિક ધર્મ પણ ત્યાં નથી. '**અવ્યાબાધપણાને આવરણરૂપ છે;...**' એનો જે ધર્મ છે એ અવ્યાબાધત્વને આવરણ કરે એવો નૈમિત્તક ધર્મ છે ત્યાં.

'**અથવા ત્યાં સુધી સંપૂર્ણ અવ્યાબાધપણું પ્રગટતું નથી;...**' જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી સંપૂર્ણ અવ્યાબાધપણું જે સિદ્ધ દશામાં નિરાવરણપણે પ્રગટે એ અરિહંત દશામાં પણ પ્રગટતું નથી. તીર્થંકરદેવને પણ નહિ. એ એનો નિયમ, સિદ્ધાંત છે. '**પણ સંપૂર્ણજ્ઞાન સાથે તેનો વિરોધ નથી.**' જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં એને વિરોધ નથી. ભલે એ વેદના હોય, કાંઈ વાંધો નથી. અવ્યાબાધત્વને પણ ત્યાં એ ઘાતતું નથી. '**સંપૂર્ણ જ્ઞાનીને આત્મા અવ્યાબાધ છે એવો નિજરૂપ અનુભવ વર્તે છે, તથાપિ સંબંધપણે જોતાં તેનું અવ્યાબાધપણું વેદનીય કર્મથી અમુક ભાવે રોકાયેલ છે.**' આ સંપૂર્ણ જ્ઞાન એટલે તેરમા ગુણસ્થાને તીર્થંકરદેવની દશામાં, સર્વજ્ઞની દશામાં આ પરિસ્થિતિ છે. કે પોતાનો આત્મા ત્રિકાળ અવ્યાબાધ છે એવો સ્પષ્ટ અનુભવ વર્તે છે. અને સંબંધ જોતાં, સંયોગ જોતાં અમુક ભાવે, પૂરેપૂરું નહિ પણ અમુક ભાવે અવ્યાબાધત્વ ત્યાં રોકાઈ ગયું છે, જે સિદ્ધદશામાં પ્રગટ થઈ જશે.

'**જોકે તે કર્મમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ નહીં હોવાથી...**' એવા અવ્યાબાધત્વને રોકનારા '**કર્મમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ નહીં હોવાથી અવ્યાબાધ ગુણને પણ માત્ર સંબંધ આવરણ છે,...**' કહેવારૂપ આવરણ છે. સંયોગે આવરણ છે. '**સાક્ષાત્...**' એટલે જ્ઞાનમાં '**આવરણ નથી.**' અવ્યાબાધત્વનું જ્ઞાન છે એ સાક્ષાત્ જ્ઞાન છે અને એ જ્ઞાનને આવરણ કરતું નથી. કેવી શૈલી લે છે ! કેટલી સૂક્ષ્મતા છે ! એક વિષય ઉપર જ્યારે પોતે કહેવા બેસે છે ત્યારે કેટલી સૂક્ષ્મતાથી એ વિષયને સ્પર્શે છે એ અહીંયાં સમજાય છે. અવ્યાબાધત્વની ચર્ચા કરે છે તો પણ એમ કહે છે સંબંધરૂપ આવરણ છે, સાક્ષાત્ આવરણ નથી. એવી ચર્ચા એ પેલા દસ બોલ વિચ્છેદ ગયા છે એની લીધી છે.

ક્ષાયિકસમકિત આ કાળમાં નથી એમ કહેવાનો આશય શાસ્ત્રકારનો એવો અમને ભાસે છે કે આ કાળમાં ચરમશરીરીપણું નથી. પણ દરેક ક્ષાયિક સમકિતી ચરમશરીરી હોય એવો તો કોઈ નિયમ નથી. ક્ષાયિક સમકિતી 'શ્રેણિક' રાજા આદિ થઈ ગયા.

તો કાંઈ ચરમશરીરી ન થયા. માટે અહીંયાં ક્ષાયિકસમકિત હોવા યોગ્ય છે અને થવાયોગ્ય છે એમ લીધું એમણે. કેમ કે જોર પોતાનું હતું ને. એટલે એમને નકાર નહોતો આવતો પોતાને. એવું શુદ્ધ નિર્મળ સમકિત હતું. અને એવો સૂક્ષ્મ ઉપયોગ હતો એ વિષયનો. સમકિતના વિષયમાં બહુ સૂક્ષ્મ ઉપયોગ હતો. એટલે એ વાત કરે છે પછી જોર મારે છે કે ચરમશરીરીપણું આ કાળમાં નહિ હોવાનો સંભવ છે. શાસ્ત્રની એ વાત અમને કાંઈક બરાબર લાગે છે, પણ ભાવનયે જોતાં ચરમશરીરીપણું નહિ, સિદ્ધપણું છે, શુ ? કે જે ચરમશરીરનો અભાવ થયા પછી પ્રગટે છે એ સિદ્ધપણું અત્યારે છે. અને એવું જો સિદ્ધપણું નથી એમ કોઈ કહે તો આ કાળમાં અમે નથી એમ કહેવા બરાબર છે. એવું જોર માર્યું છે.

મુમુક્ષુ :– અંદરની ઉગ્રતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી પુરુષાર્થની ઉગ્રતા. ૨૫ મું વર્ષ છે. એ વખતે ૨૫ વર્ષનો એ પત્ર છે. ફાટફાટ પુરુષાર્થ છે. એટલે કે અત્યારે સિદ્ધ છીએ. એ શબ્દો લીધા છે ‘સોગાનીજી’એ. ‘આગળ જતાં આ ક્ષેત્રથી છૂટીને ઉપર સિદ્ધાલયમાં એક સમયમાં જવાનું થશે. પણ અરે..! એ બધા કાર્યો તો પર્યાયના પર્યાયમાં થવાના છે.’ મારામાં તો એ એક્કેય કામ થવાનું નથી. ‘મૈં તો અભી હી સિદ્ધ હું. ઔર અભી હી સિદ્ધાલયમેં બિરાજમાન હું.’ જાવ ! એવું જોર આવ્યું છે. આ જુઓ ! એક સો વર્ષ પછીના બે જીવો છે, બે ધર્માત્માઓ છે. પરિણામ કેટલા Tally થાય છે ! કેટલો મેળ ખાય છે !

મુમુક્ષુ :– એટલું જોર આવ્યા વગર આ રસ્તે નહિ ચડી શકે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– એટલું જોર આવ્યા વિના રસ્તે ચડાતું નથી. અને આ જોર છે એ રસ્તે ચડ્યા પછી કોઈ વિશેષ પ્રકારે છે. એમ પણ થોડું અહીંયાં ધ્યાનમાં લેવા જેવું છે. રસ્તે ચડ્યા છે એને પણ થોડોક વિશેષ પ્રકાર છે કે જેને લઈને એ બંનેનું એકાવતારીપણું પ્રસિદ્ધ થયું છે.

મુમુક્ષુ :– બન્નેમાં ઘણાં પ્રકારનો સુમેળ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઘણાં પ્રકારનું સામ્ય છે. બેય ગૃહસ્થી રહ્યા છે. બેય ગુપ્ત રહ્યા છે અને બેયની પુરુષાર્થની લાઈન છે એમાં ઘણી વાતો મેળ ખાય છે. કેટલી વાતો મેળ ખાય છે. આ વખતે થોડું જીવનચરિત્ર વિસ્તારથી લીધું છે એટલે એ ખ્યાલ આવશે ઘણાને કે કેટલી કેટલી વાતોનો મેળ ખાય છે.

**'વેદના વેદતાં જીવને કંઈ પણ વિષમભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે; પણ વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી,...'** એટલે કે અજ્ઞાની જેવો ઉદય તે અજ્ઞાનનું લક્ષણ નથી પણ વિષમભાવ તે અજ્ઞાનનું લક્ષણ છે. વિષમભાવમાં શું ભૂલ થાય છે શ્રદ્ધા-જ્ઞાનમાં ? ભ્રમ થાય છે અને જ્યાં પોતાપણું નથી, પોતાનું અસ્તિત્વ નથી ત્યાં ભ્રમથી પોતાનું અસ્તિત્વ જોવામાં અને વેદવામાં આવે છે. એને અહીંયાં વિષમભાવ કહેવામાં આવે છે.

**'વેદના વેદતાં જીવને કંઈ પણ વિષમભાવ થવો...'** કાંઈપણ એટલે વેદનાનું દુઃખ જ ન થાય એમ નથી કહેવું, હોં ! કાંઈપણ વિષમભાવ થવો એટલે જરા પણ દુઃખ ન થાય એમ નથી કહેવું. અને જો જરાય ન દુઃખ થાય તો ઉપચારનો વિકલ્પ પણ ન આવે. પણ વિષમભાવ કાંઈ પણ ન થવો. દ્વેષભાવ થોડો થશે. જેટલો ચારિત્રમોહ છે એટલો દ્વેષભાવ થશે. અણગમો કહો કે દ્વેષ કહો. પણ એ વિષમભાવ નથી અહીંયાં. જે અલ્પ દ્વેષ થયો તે વિષમભાવ નથી. કાંઈપણ વિષમભાવ નથી એટલે થોડી પણ માન્યતા ફરતી નથી, થોડું પણ જ્ઞાન ફરતું નથી, એમ કહે છે. ભ્રમ થોડો પણ નથી થતો.

મુમુક્ષુ :– વિષમભાવનો અર્થ એ રીતે લેવો ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ રીતે છે. નહિતર કોઈ એમ કહે કે કંઈ એટલે જરાય. પણ વિષમભાવ એટલે કે રાગ-દ્વેષ અને મોહ. રાગ-દ્વેષ-મોહને વિષમભાવ કહેવાય છે. તો જ્ઞાનીને જરા પણ રાગ-દ્વેષ-મોહ ન થાય ? તો કહે ના, એ તો બનતું નથી. એ તો પ્રત્યક્ષ જોવામાં આવે છે. રાગ થતાં, દ્વેષ થતાં, મોહ થતાં પ્રત્યક્ષ જોવામાં આવે જ છે. શ્રદ્ધા અને જ્ઞાનમાં જે અવિષમપણું થયું, સમ્યક્‌પણું થયું એમાં જરા પણ અસમ્યક્‌પણું કે ભ્રમપણું કે માન્યતા ફેરપણું થતું નથી. એમ લેવું છે, એ વાત છે.

મુમુક્ષુ :– અજ્ઞાનીને જે બીજા પદાર્થોમાં સુખની બુદ્ધિ થાય છે પછી એમાંથી જે સુખ થાય...

પૂજ્ય ભાઈશ્રી :– ના, એ દુઃખ છે. એમાં સુખની કલ્પના થઈ, તે કલ્પના વાસ્તવિક છે પણ સુખ છે એ ભ્રમ છે. વાસ્તવિકપણે ત્યાં દુઃખ છે. પણ એ દુઃખ કલ્પના નથી. ઠીક છે, ચોખ્ખું થઈ જાય. જેમ કહ્યુંને કે ભાઈ ! દુઃખ છે એ સાચું છે, કલ્પના નથી. તો કોઈ પદાર્થમાં સુખની કલ્પના થઈ તો (એ) સુખ સાચું છે ? કે નહિ. એ સુખ કાલ્પનિક છે. ખરેખર ત્યાં દુઃખ છે. અને એ દુઃખ સાચું છે ત્યાં.

ત્યાં સુખ સાચું નથી પણ દુઃખ સાચું છે. એ કલ્પના નથી પાછી. એમ છે. એટલે ત્યાં આકુળતા છે એ વાસ્તવિક છે. અને એ આકુળતામાં સુખ કલ્પ્યું છે એ કલ્પના છે એમ લેવું.

જરા અવલોકનથી (સમજવા જેવો વિષય છે). આ બધો અનુભવનો વિષય છે ને ! સુખ અને દુઃખ બંને અનુભવગોચર થતાં પરિણામ છે. અને તેથી તેના અનુભવને અવલોકીને, અનુભવ ઉપર ઉપયોગ મૂકીને, ચાલતા અનુભવ ઉપર ઉપયોગને લઈ જઈને એનો નિર્ણય કરવા જેવો છે. માત્ર વૈચારિક રીતે તર્કણામાં તાર્કિક જ્ઞાનથી એનો નિર્ણય, અનુમાનજ્ઞાનથી એનો નિર્ણય કરવો એ નિર્ણય બરાબર નહિ થાય. એમાં ભૂલ રહેવાનો સંભવ છે. એમાં બળવાનપણું પણ નહિ આવે. એ પરલક્ષી નિર્ણય થશે, આ સ્વલક્ષી નિર્ણય થશે. એટલો ફેર પડશે.

નિર્ણય એ રીતે કરવો કે, જે જે પરિણામો, અહીંયાં તો ભાવો અને પરિણામોનો જ વિષય ચાલે છે અને તે તે પરિણામો જીવને અનુભવમાં આવે છે, વર્તે છે થાય છે ત્યારે, તો જ્યારે થાય અને જ્યારે વર્તે ત્યારે એના અનુભવ ઉપર ઉપયોગને લઈ જઈને એ પરિણામને સમજવાનો પ્રયત્ન કરવો. એ રીતે સમજાયેલું જ્ઞાન, એ જ્ઞાન ભૂંસાશે નહિ. એ જ્ઞાન વિસ્મરણ નહિ થાય.

જેમ માણસ સાયકલ શીખી જાય છે તો પછી ભૂલી જાય છે ? તરતા શીખે છે (પછી) ભૂલી જાય છે ? દસ વર્ષની ઉંમરે તરતા શીખ્યો હોય પછી પચાસ વર્ષ સુધી ન તર્યો હોય, પાણીમાં જ ન ગયો હોય. પણ ઓચિંતો ક્યારેક પાણીમાં પડી જાય. તો પચાસ વર્ષ પછી એ તરવા માંડે, બૂડે નહિ. કેમ કે એ તરવાની કળા અનુભવજ્ઞાને કરીને સિદ્ધ કરેલી છે. ખ્યાલમાં આવે છે ? ગામડામાં રહ્યા હોય એને ખ્યાલ હોય. નદીમાં તર્યા હોય. ગમે ત્યારે પાણીમાં ફેંકો એને, એ પછી બૂડે નહિ, એ તરશે.

મુમુક્ષુ :- એમ ને એમ પડ્યો રહે તો પણ ન ડૂબે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો પણ ન ડૂબે. અનુભવની કળા છે એ. એવું છે એ. અનુભવજ્ઞાનથી જ્ઞાનને કેળવવા જેવું છે. અનુભવજ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ કરવા જેવી છે. અને ખાસ કરીને આ માર્ગમાં તો અનુભવની જ પ્રધાનતા છે. વિચારજ્ઞાનની, અનુમાન જ્ઞાનની, તર્ક જ્ઞાનની નહિ. એટલે એ રીતે એ લેવું.

**'વેદના વેદતાં જીવને કંઈ પણ વિષમભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે; પણ**

**વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી,...**' એ વિષમભાવની અંદર આટલો ભેદ, તફાવત સમજવો. તે '**પૂર્વોપાર્જિત અજ્ઞાનનું ફળ છે.**' વર્તમાન અજ્ઞાનનું ફળ નથી પણ પૂર્વે અજ્ઞાન દશામાં બાંધેલા કર્મનું ફળ છે. કેમ કે એ વખતે એને મીઠું જાણ્યું હતું કે કોઈ ચીજ ખાધી, તીવ્ર રસે કરીને આહાર કર્યો, અશાતા વેદનીય બાંધી અને એના ફળમાં રોગ આવ્યો. તો એ પૂર્વે અજ્ઞાન ભાવે એ બાંધેલું હતું. જ્ઞાન દશામાં તો એ રીતે રસ આવતો નથી.

'**વર્તમાનમાં તે માત્ર પ્રારબ્ધરૂપ છે;...**' વર્તમાનમાં તે માત્ર પ્રારબ્ધરૂપ છે. માત્ર એ કર્મનો ઉદય છે. સંચિત કર્મનો ઉદય પ્રારબ્ધરૂપે આવ્યો છે '**તેને વેદતાં જ્ઞાનીને અવિષમપણું છે;...**' તેમાં તેને અનિષ્ટપણું, ઇષ્ટપણું કાંઈ થતું નથી. જ્ઞાનના જ્ઞેયપણે તેને જાણે છે. અલ્પ રાગાદિ થાય છે એનો પણ જ્ઞાતા છે. '**એટલે જીવ ને કાયા જુદાં છે, એવો જે જ્ઞાનયોગ...**' જીવ અને કાયા જુદાં છે, એવો જે જ્ઞાનનો યોગ અથવા જ્ઞાનનો પ્રયોગ અથવા એવું અનુભવજ્ઞાન '**તે જ્ઞાનીપુરુષનો અબાધ જ રહે છે.**' એમાં બાધા પહોંચતી નથી. '**માત્ર વિષમભાવરહિતપણું છે,...**' એ વાત સ્પષ્ટ છે કે એને વિષમભાવ નથી વર્તતો. અને '**એ પ્રકારે જ્ઞાનને અવ્યાબાધ છે.**' એટલે જ્ઞાન વિષમભાવ લઈને બાધા પામે એવું ત્યાં જ્ઞાન બાધા પામતું નથી. વિષમભાવ છે '**તે જ્ઞાનને બાધાકારક છે.**' એમાં દર્શનમોહ આદિ જ્ઞાનાવરણીય ઊપજે છે માટે.

'**દેહમાં દેહબુદ્ધિ અને આત્મામાં આત્મબુદ્ધિ, દેહથી ઉદાસીનતા અને આત્મામાં સ્થિતિ છે,...**' દેહમાં દેહબુદ્ધિ છે જ્ઞાનીને, આત્મામાં આત્મબુદ્ધિ છે, દેહથી ઉદાસીનતા વર્તે છે, ઉપેક્ષા વર્તે છે અને આત્મામાં સ્થિતિ વર્તે છે. '**એવા જ્ઞાનીપુરુષનો વેદનાઉદય તે પ્રારબ્ધ વેદવારૂપ છે;...**' તે પ્રારબ્ધને માત્ર સમભાવે ભોગવી લેવારૂપ છે. '**નવા કર્મનો હેતુ નથી.**' એને નવા કર્મબંધનનું એ કારણ થતું નથી.

અજ્ઞાનદશામાં જે વેદનાઉદય નવા કર્મ બાંધે, એથી વધારે વેદના બાંધે. વેદના ઉત્પન્ન થઈ હોય, રોગ થયો હોય એથી વધારે રોગને એ બાંધે, પીડાને એ બાંધે નવા કર્મમાં. જ્ઞાનીને એ નવા કર્મબંધનનું કારણ થતું નથી. એવા પરિણામમાં બે વચ્ચે મોટો ફેર પડે છે. અને એ એક બહુ મોટી વાત છે. જીવને દુઃખમાંથી છૂટવાની આ બધી વાતો છે. કોઈ રીતે જીવ દુઃખમાંથી છૂટે. દુઃખમાંથી છૂટે અને સુખી થાય. અહીં સુધી રાખીએ....

તા. ૧૭-૯-૧૯૯૦, પત્રાંક – ૫૦૯
પ્રવચન નં. ૨૧૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક ૫૦૯. પાનું ૪૧૦.

મુમુક્ષુ :– કાલે લીધું હતું એ ફરીથી લઈએ.

વેદનાના ઉદયકાળે જ્ઞાની અને અજ્ઞાનીના પરિણામમાં મોટો તફાવત છે, બે વચ્ચે ઘણું અંતર છે. કહે છે કે **'જ્ઞાનીપુરુષને કાયાને વિષે આત્મબુદ્ધિ થતી નથી.'** દેહનો રોગ, દેહની પીડા, દેહની વિકૃતિ એ કાંઈ મારામાં નથી. જ્ઞાનમય એવો હું પોતે પોતાના જ્ઞાયકપણાને લીધે (પોતાનો) જે ભિન્ન અનુભવ છે તેથી દેહમાં પોતાપણું, મારાપણું જણાતું નથી, અનુભવાતું નથી એટલે આત્મબુદ્ધિ થતી નથી. આત્મબુદ્ધિ થતી નથી એટલે માત્ર અભિપ્રાય નથી એટલું નથી. અભિપ્રાય તો નથી પણ તદુપરાંત એવું પરિણમન પણ નથી. **'અને આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી.'** એટલે પોતાના જ્ઞાનમાં દેહની કોઈ પર્યાય અનુભવાતી નથી. પોતાના જ્ઞાનમાં માત્ર જ્ઞાન જ અનુભવાય છે. આત્માપણે તો પોતાનું જ્ઞાન જ અનુભવાય છે. દેહાદિની પીડા કે રોગનું જ્ઞાન થવા છતાં તે જ્ઞાનમાં અનુભવ એનો નથી થતો. બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે. તદ્દન ભિન્ન વર્તે છે, સ્પષ્ટ ભિન્ન વર્તે છે. કાંઈક અનુમાન થાય છે, આછુપાતળું કાંઈક એવું લાગે છે, ઊંડે-ઊંડે કાંઈક એવું લાગે છે એવું કાંઈ નથી. સ્પષ્ટ ભિન્ન (વર્તે છે). દેહ અને આત્માનું સ્પષ્ટ ભિન્નપણું (અનુભવાય છે).

જે જ્ઞાન દેહ બાજુથી વ્યાપ્ય-વ્યાપકપણે મિથ્યા અનુભવ કરતું હતું તે દેહમાં વ્યાપ્ય-વ્યાપકપણાનો મિથ્યા અનુભવ નાશ પામી ગયો અને પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ વ્યાપ્ય-વ્યાપકપણે પોતાને અનુભવે છે. એટલે જ્ઞાનમાં કાયાબુદ્ધિ, દેહબુદ્ધિ એમને થતી નથી. સ્પષ્ટપણે એ ભિન્ન વર્તે છે. એને જ્ઞાનીની દેહાતીત દશા કહેવામાં આવે છે. એને દેહાતીત દશા કહો કે એને વિદેહી દશા કહો.

આ ‘જનક મહારાજા’નું એ નામ પ્રસિદ્ધ થયું છે પુરાણની અંદર. અન્યમતિમાં પણ ‘જનક વિદેહી’ કહેવાય છે. જૈનમાં તો એ વાત છે જ, પણ અન્યમતિ પણ ‘જનકવિદેહી’ તરીકે ઓળખે છે. ‘શ્રીમદ્દજી’ તો એમ લખે કે, એમને બહુ મોટી ઓથ એમના ગુરુની હતી. જ્ઞાન દશા હતી અને ગુરુ તરીકે વિશેષ જ્ઞાનીનો સંગ એમને હતો. ‘અષ્ટાવક્ર’ કરીને લીધા છે. આઠ અંગ જેને વાંકા હતા. અન્યમતિમાં તો એની એવી કથા આવે છે કે, એ જ્યારે પહેલાવહેલા ‘અષ્ટાવક્ર’ ‘જનકરાજા’ના દરબારમાં પ્રવેશ કરે છે. એ તો પોતે જ્ઞાની હતા, એમના દરબારમાં પણ બધા વિદ્વાન દરબારીઓ હતા. એનો સંગ પણ એવો જ હોય ને ? એના સંગથી દરબારીઓ પણ, બીજા વિદ્વાનો પણ એના દરબારની અંદર વિદ્વાનોનો પણ એક વિભાગ હતો. એ વિદ્વાન લોકો એને જોઈને હસી પડ્યા. કેમ કે ચાલે ત્યારે આઠે અંગ વાંકાચૂકા થઈ જાય. એટલે દેખાવ ઘણો કદરૂપો લાગે. એટલે બધા હસવા માંડ્યા એના સામું જોઈને. રાજા તો પોતે ધીર ગંભીર છે. એમણે એમનો સમુચિત આદર સત્કાર કર્યો.

ત્યારે એણે એમ કહ્યું કે, આ તમારા દરબારમાં ચમાર અને ભંગી લોકોને કેમ બેસાડ્યા છે તમે ? શું કીધું ? વિદ્વાનો હતા એ બધા. એ વિદ્વાનોને ઉદ્દેશીને કહ્યું કે તમારા દરબારમાં આ ચમાર અને ભંગી લોકો કેમ બેઠા છે ? વિદ્વાનો આશ્ચર્યમાં પડી ગયા. કે આવું આપણું અપમાન કર્યું. પછી કહે કે, આપ સમજાવો. શું કહેવા માગો છો એ આપ સમજાવો. તો કહે, એમની નજર મારા હાડકા અને ચામડા ઉપર ગઈ. ચમાર હોય એની નજર હાડકા-ચામડા ઉપર રહે છે. વિદ્વાન હોય તો જ્ઞાનને જોવે, શરીરને ન જોવે એમ કહેવું હતું. એ વિદેહી દશાની વાત છે. વેદનના ઉદયમાં વિદેહીપણું હોય છે. કાલનો વિષય ફરીને ચાલે છે.

મુમુક્ષુ :– ‘દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત.’

પૂજ્ય ભાઈશ્રી :– વર્તે દેહાતીત. દેહનું ખોખું થઈ જાય છે બહારમાં. ખાલી ખોખું. નિષ્પ્રાણ. મડદું જોવામાં આવે છે. વ્યવહારપ્રાણ હોવા છતાં એ વ્યવહાર દસ પ્રાણ પણ પુદ્ગલ છે, એ પણ જડ જ છે. એમાં કાંઈ ચેતના નથી. ભલે આ શ્વાસોશ્વાસ Automatic ચાલે છે. વિકલ્પ કરવો પડે છે શ્વાસ લેવા માટે ? ચાલ્યા જ કરે છે. અને એ પવનની ગતિ આપોઆપ ચાલતી હોવા છતાં નિરતંર વર્ષો સુધી ઊંઘી જાય, જાગે, ધ્યાન હોય, બેધ્યાન હોય, ઉપાધિમાં હોય, નિરૂપાધિમાં હોય ગમે ત્યારે

શ્વાસોશ્વાસ તો ચાલે જ. હલનચલન હોવા છતાં એમાં ચેતના નથી. એ શ્વાસોશ્વાસમાં હલનચલન દેખાય છે તો પણ એમાં ચેતના નથી. એ પવનના પરમાણુ જડ છે અને એની ગતિ-આગતિ પણ બધી જડની પર્યાયો છે, ચેતનની બિલકુલ નથી.

**'બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે; માત્ર પૂર્વ સંબંધ, જેમ પથ્થરને સૂર્યના તાપનો...'** પથ્થરમાં જે ગરમી છે એ ગરમી રહી ગઈ છે. તે પ્રસંગની પેઠે. પ્રસંગ છે એવો તેની પેઠે-તેની જેમ **'હોવાથી વેદનીયકર્મ આયુષ-પૂર્ણતા સુધી અવિષમભાવે વેદવું થાય છે;...'** અવિષમભાવે એટલે અનિષ્ટ છે, મને દુ:ખનું કારણ છે, મને અનિષ્ટ છે, મને નુકસાનકારક છે, મને અશાંતિનું કારણ છે એવું કાંઈ જોવામાં આવતું નથી. માત્ર એ જ્ઞેય તરીકે જોવે છે. એની અવસ્થાનું જ્ઞાન કરે છે. એ પ્રકારનો ઉદય મારાથી ભિન્ન છે એવું ભિન્નપણે એનું જ્ઞાન કરે છે અથવા જ્ઞાન થાય છે.

**'પણ તે વેદના વેદતા જીવને સ્વરૂપજ્ઞાનનો ભંગ થતો નથી,...'** કેવું વચન વાપર્યું છે ! એ વેદનાનો અનુભવ કરતાં, પીડા જ્ઞાનમાં જણાતા તેમને સ્વરૂપજ્ઞાનની જે ધારા ચાલે છે, જેને જ્ઞાનધારા કહેવામાં આવે છે, જે નિરંતર ધારાવાહીપણે ચાલુ છે એમાં ભંગ નથી પડતો. વેદનાને કારણે એ તૂટી જાય, પાછી સંધાય જાય વેદના ઓછી થાય કે મટે ત્યારે, વળી વેદના વધે ત્યારે તૂટી જાય એવું થતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનધારાનું સુખ પણ ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનધારાની અંદર અનંત ગુણ ચાલુ છે. સુખ પણ ચાલુ છે અને બીજા અનંત ગુણ પણ પરિણમનમાં ચાલુ જ છે. નારકીપણે ઊપજે. અહીંથી 'શ્રેણિક' મહારાજા વગેરે ક્ષાયિક લઈને ગયા છે. એક નમસ્કાર મંત્ર રોજ બોલવો એટલો પણ નિયમ અને વ્રત નથી જેને. ક્ષાયિક સમકિત છે. અને પહેલાં તીર્થંકર થાશે. આદિનાથ ભગવાન. આવતી ચોવીશીના એ આદિનાથ છે. રાડ પાડે, બિલમાંથી જ્યાં શરીર બહાર આવે. ત્રાસ... ત્રાસ... ત્રાસ... જોનાર જોઈ ન શકે એટલો ત્રાસ થાય. અંદર જ્ઞાનધારા ચાલુ છે. આ એક ચમત્કાર છે.

મુમુક્ષુ :- બહારમાં રાડો પાડતા દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- રાડો પાડતા એટલા દ્વેષના પરિણામ. રાડ પાડે છે એ દ્વેષભાવ છે. એટલા તીવ્ર દ્વેષના પરિણામ લાગે. પણ અંદરમાં જ્ઞાનધારા ચાલુ છે. આવી સ્થિતિ (છે). કેટલા અસામાન્ય અથવા અસાધારણ તીવ્ર આત્મરસે કરીને આત્માનું વેદન

લીધું હશે કે જે વેદન આવી પ્રતિકૂળતાના પ્રસંગમાં પણ છૂટતું નથી. અને સહજપણે ચાલુ રહે છે. ચાલુ રાખવું પડે એવો વિકલ્પ નથી. સહેજે ચાલુ રહી જાય છે. કેવી રીતે એ દશા આવી હશે ? કેટલા તીવ્ર રસે કરીને આવી હશે ? કેટલા તીવ્ર પુરુષાર્થે કરીને આવી હશે ? આ એક વિચારવાન માટે વિચારવાનું સ્થળ છે. વિચારવાન જીવને આ વિચારવાનું સ્થાન છે કે આ તે કેવી રીતે શરૂ થયું હશે કે નારકીની પ્રતિકૂળતામાં છૂટતું નથી ? આ વિચારવા જેવો વિષય છે ખરેખર.

મુમુક્ષુ :— તિલ તિલ દેહના ખંડ કરી નાખે.

પૂજ્ય ભાઈશ્રી :– હા કાપે તાપે ત્યારે શરીરના તલ જેવડાં જેવડાં ટૂકડા કરે કાપી-કાપીને. હથિયારથી એવી રીતે કાપે તલ-તલ જેવડાં ટૂકડા કરી નાખે, અસંખ્ય ટૂકડા કરી નાખે. મોટા શરીર હોય છે. વળી પારાની જેમ ભેગું થઈ જાય. પણ વેદના એટલી. જેનો પાર નહિ એટલી વેદના હોય. પણ આત્મામાં અંદર જ્ઞાનધારા એ વખતે ચાલે છે અને સુખની ધારા પણ ચાલે છે. ‘અંતર સુખરસ ગટાગટી.’ કેવા પુરુષાર્થથી એ પરિણમનનો પ્રારંભ કર્યો હશે ? જ્યારે શુદ્ધોપયોગ આવ્યો હશે ત્યારે કેવા જોરથી આવ્યો હશે ? આ વિચારવા જેવો વિષય છે. પછી ધારા જ છૂટતી નથી. ઉપયોગ છૂટે છે પણ ધારા છૂટતી નથી.

મુમુક્ષુ :– આ જ્ઞાનધારા વિષય કષ્ટ... ક્યારેય ઓળખીતો નથી, ક્યારે વિચાર નથી કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :– હા. વિચાર નથી કર્યો. આમ તો સામાન્યજ્ઞાનને જોવામાં આવે તો એ ધારા ચાલુ જ છે. જોવી હોય અને પોતામાં જોવી હોય તો જ્ઞાનસામાન્યની ધારા ચાલુ જ છે. પણ જ્ઞેયાકાર જ્ઞાનમાં આ જીવ એટલો બધો આસક્ત છે કે એને લઈને એ તિરોભૂત છે એને. ઢંકાઈ ગયેલી છે. છે પણ આચ્છાદિત થયેલી છે. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– અજ્ઞાનીને પણ ચાલુ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચાલુ જ છે. ચાલુ જ છે એને પણ.

મુમુક્ષુ :– સામે હોવા છતાં જોતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– સામે છે, વેદનરૂપ છે. અભેદ છે, આત્માથી એ અભેદ છે. ‘ચતુરાંગુલ હૈ દગ સે મિલ હૈ.’ એક દૃષ્ટિ પડવી જોઈએ. એટલા માટે તો આચાર્યદેવે

૧૫ મી ગાથામાં એ જ્ઞાનસામાન્યનું દૃષ્ટાંત રસોઈના દૃષ્ટાંત સાથે આપ્યું છે કે, અનેક પ્રકારના જેની અંદર મસાલા નાખવામાં આવ્યા છે. એવું જે શાક કે ફરસાણ, જેની અંદર નમકનો પ્રયોગ હોય. મીઠાઈની અંદર મીઠું નથી નાખતા. નમક નથી નાખતા. ખાંડ નાખે એમાં. પણ આની અંદર તો ખાંડની ચપટી પણ નાખે. ગોળ નાખે, ખટાશ નાખે, તીખાશ નાખે, બધું નાખે. તો પણ એકલા મીઠાને પારખવા માટે ઉપયોગ થોડા પરિચય પછી બરાબર કાર્યસિદ્ધ થાય છે કે આમાં મીઠું ઓછું પડ્યું છે. ગમે તેટલું નાખ્યું હોય તો પણ ઓછું છે એ વાત નક્કી છે. અથવા વધારે છે એ વાત (નક્કી છે). વધારે તો ખબર પડે પણ ઓછું અને સપ્રમાણતાની ખબર પડે છે. એવું જ આ છે.

અનેક જ્ઞેયોના પ્રતિબિંબો, જ્ઞાનાકારો–જ્ઞેય અનુસાર ઉત્પન્ન થતાં જે જ્ઞાનાકારો, જ્ઞેયાકાર અને જ્ઞાનાકાર, આ પરપ્રકાશપણાને જ્ઞાનાકાર કહે છે, એ જ્ઞાનાકારો અનેક હોવા છતાં પણ જ્ઞાન સામાન્ય છે ત્યાં. એને જોવાની દૃષ્ટિ સાધ્ય કરવામાં આવે, એ દૃષ્ટિકોણ સાધ્ય કરવામાં આવે તો એ નિરંતર ધારાવાહીપણે જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનપણે ચાલું જ છે. 'ગુરુદેવ' એમ કહેતા જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે એ ચાલુ જ છે. બસ, એવો સ્વભાવ છે. એ વ્યક્ત સ્વભાવ છે. એવો જ સ્વભાવ અવ્યક્ત સ્વભાવ દ્રવ્ય-ગુણમાં છે. એવું જ સ્વરૂપ છે એને લક્ષમાં લઈને, એને વેદનમાં લઈને, એની મુખ્યતા કરીને એને સ્વપણે ગ્રહણ કરવામાં આવે છે. એમાં અસ્તિત્વને અનુભવ કરવામાં આવે છે, પોતાના હોવાપણાનો એમાં અનુભવ કરવામાં આવે છે. ત્યારે જીવ નિરૂપાધિક ભાવને અથવા ઉપાધિ રહિતપણાને એવા પોતાને, ઉપાધિરહિત એવા પોતાનો અનુભવ કરે છે. કેમ કે ત્યાં ઉપાધિ નથી. ઉપાધિ જ્ઞાનાકાર સુધી છે. જ્ઞાનવિશેષ સુધી ઉપાધિ છે, જ્ઞાનસામાન્ય સુધી ઉપાધિ નથી.

મુમુક્ષુ :– જ્ઞાનવિશેષમાં જો પોતાના જ્ઞાનસ્વભાવને જોવે તો જ પકડાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા સ્વભાવને જોવે તે વાંધો નથી. પણ એ જ સામાન્ય છે ત્યાં. સ્વભાવ તો સામાન્ય છે ને ? સ્વભાવ ક્યાં જ્ઞાનાકારે છે. ભિન્ન ભિન્ન જે વિશેષ જ્ઞાનાકારો થયાં એ સ્વભાવ નથી. કેમ કે સ્વભાવ એકરૂપ છે અને જ્ઞાનાકારો છે તે અનેકરૂપ છે. માટે સ્વભાવ નથી.

મુમુક્ષુ :– જ્ઞેયાકારથી ઉપયોગ નિવૃત્ત થયો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ નિવૃત્તિ એણે નથી લીધી. જ્ઞાનસામાન્યનો આવિર્ભાવ કરવા માટે નિવૃત્તિ લીધી નથી. કેમ કે એમાં દિશા ફેર થાય છે. પડખું ફેરવવું પડે છે. જ્ઞાનસામાન્ય એ અંતઃતત્ત્વ સ્વરૂપ છે અને એની પાસે જ્ઞાનવિશેષ તે બહિર્તત્ત્વ છે. જ્ઞાનાકાર છે તે બહિર્તત્ત્વ છે. એક જ પર્યાયમાં બેય છે. એક બહિર્તત્ત્વ છે, એક અંતરતત્ત્વ છે. અંતરતત્ત્વથી પોતાને ઓળખે, પોતાને અનુભવે તો નિવેડો છે. અને નહિતર સંસારનું ચક્કર એ પણ અનંત છે અને દુરંત છે. અનંત છે અને દુરંત છે. અનંત કાળથી ચાલ્યું છે. અંત આવવો મુશ્કેલ છે એવું છે જરા.

મુમુક્ષુ :– આ તો ઉપયોગની રમત છે.

પૂજ્ય ભાઈશ્રી :– છે બધી પરિણામની અંદર રમત છે. એક સમયના પરિણામની અંદર બધી રમત છે. દિશા ફરે એટલી વાર છે. 'ચતુરાંગુલ હૈ દગ સે મિલ હૈ.' ચાર આંગળ એટલે અંતર જ નથી એમ કહે છે. દૃષ્ટિને તો ચાર આંગળ એ કાંઈ અંતર ન કહેવાય. જે દૃષ્ટિ માઈલો સુધી જોવે એને ચાર આંગળ નજીકની ચીજ જોવી, ચાર આંગળ એટલે અહીંયાં, નજીકની ચીજ જોવી એમાં શું એને તકલીફ છે, કહે છે. છતાં અનંત કાળ ગયો છે.

કહે છે, જ્ઞાનીપુરુષને **'વેદના વેદતાં જીવને સ્વરૂપજ્ઞાનનો ભંગ થતો નથી, અથવા જો થાય છે તો તે જીવને તેવું સ્વરૂપજ્ઞાન સંભવતું નથી.'** તો ત્યાં સ્વરૂપજ્ઞાનનો અભાવ છે. **'આત્મજ્ઞાન હોવાથી પૂર્વોપાર્જિત વેદનીય કર્મ નાશ જ પામે એવો નિયમ નથી;...'** આત્મજ્ઞાનને પોતે એક જ્ગ્યાએ આગળ આત્મધ્યાનનું કારણ કહ્યું છે કે જે આત્મધ્યાન નિર્વાણનું સાક્ષાત્ કારણ, મોક્ષનું સાક્ષાત્ કારણ છે. **'આત્મજ્ઞાન હોવાથી પૂર્વોપાર્જિત વેદનીય કર્મ નાશ જ પામે એવો નિયમ નથી;...'** જેને આત્મજ્ઞાન હોય, એને માઠા પરિણામથી, અજ્ઞાનભાવે પૂર્વે ઉપાર્જન કરેલું, એ કર્મનો અભાવ થઈ જાય, નાશ પામી જાય એવું કાંઈ નથી. **'તે તેની સ્થિતિએ નાશ પામે.'** એની સ્થિતિ પૂરી થાય ત્યારે ઉદયમાં આવીને એ ખરે છે.

**'વળી તે કર્મ જ્ઞાનને આવરણ કરનારું નથી,...'** એવું જે વેદનીયકર્મ છે એ જ્ઞાનને આવરણ કરવાનું નૈમિત્તિક ધર્મ ધારણ કરતો નથી. એવો કોઈ એનામાં નિમિત્ત-નૈમિત્તિક પણ સંબંધ નથી થતો. **'અવ્યાબાધપણાને આવરણરૂપ છે;...'** એ અશાતા વેદનીય

છે એ અવ્યાબાધત્વને વ્યક્ત થવા દેતું નથી. આવરણરૂપ છે એટલે સિદ્ધદશામાં જે અવ્યાબાધત્વ વ્યક્ત થાય છે તે વ્યક્ત થવા દેતું નથી. **'અથવા ત્યાં સુધી સંપૂર્ણ અવ્યાબાધપણું પ્રગટતું નથી;....'** વેદનીયનો ઉદય હોય ત્યાં સુધી કોઈ પરિપૂર્ણ અવ્યાબાધપણે ન હોય. **'પણ સંપૂર્ણજ્ઞાન સાથે તેને વિરોધ નથી.'** સંપૂર્ણ જ્ઞાન સાથે તેનો વિરોધ નથી. સંપૂર્ણ જ્ઞાન હોય છે ત્યાં અવિરોધપણે તે રહે છે. અહીંયાં લીધું છે ને ? તીર્થંકરને પણ તેરમા ગુણસ્થાને ચાર અઘાતિમાં વેદનીયનો ઉદય છે.

**'સંપૂર્ણ જ્ઞાનીને આત્મા અવ્યાબાધ છે એવો નિજરૂપ અનુભવ વર્તે છે,...'** જ્ઞાનમાં સંપૂર્ણ અવ્યાબાધપણું સાક્ષાત્ ભાસે છે. સર્વ આત્મપ્રદેશોનું જ્ઞાન થાય છે. જે આત્મપ્રદેશોનું ચોથે ગુણસ્થાને કે બારમા ગુણસ્થાન સુધી છદ્મસ્થને પ્રત્યક્ષ જ્ઞાન નથી થતું એવું પ્રત્યક્ષ આત્મપ્રદેશોનું દેખવું ત્યાં કેવળજ્ઞાનમાં થાય છે. એટલે અનુભવ વર્તે છે. **'તથાપિ સંબંધપણે જોતાં તેનું અવ્યાબાધપણું વેદનીય કર્મથી અમુક ભાવે...'** એટલે અમુક પ્રકારે **'રોકાયેલ છે.'** જ્ઞાનમાં નહિ રોકાયેલું હોવા છતાં પણ વ્યક્ત થવામાં તે પ્રકારથી રોકાયેલ છે. **'જોકે તે કર્મમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ નહીં હોવાથી...'** આ આઠે કર્મનું એમને આવરણ અને નિરાવરણપણાનું બહુ ચોખ્ખું જ્ઞાન છે. એ અહીંથી સ્પષ્ટ થાય છે.

**'જોકે તે કર્મમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ નહીં હોવાથી...'** એટલે એ કર્મ અને આત્મા જુદી જુદી ચીજ છે. કર્મ જુદી ચીજ છે, આત્મા જુદી ચીજ છે. કર્મ મને હેરાન કરે છે, એ વાત જ્ઞાનીને નથી. એને **'આત્મબુદ્ધિ નહીં હોવાથી અવ્યાબાધ ગુણને પણ માત્ર સંબંધ આવરણ છે,...'** સંયોગરૂપે આવરણ છે. **'સાક્ષાત્ આવરણ નથી.'** ખરેખર સાક્ષાત્‌પણે જ્ઞાનમાં તો નિરાવરણપણે પોતાને જોવે છે. પોતાના પ્રદેશે પ્રદેશે નિરાવરણપણું જોવે છે. અવ્યાબાધપણાથી પણ નિરાવરણપણે જોવે છે.

**'વેદના વેદતાં જીવને કંઈ પણ વિષમભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે; પણ વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી,...'** આમ કર્યું. વેદના જ્ઞાનીને હોય, પણ જ્ઞાનીને વેદનાકાળે પરિણામમાં વિષમતા ન હોય. સમપણું હોય. અલ્પ રાગ છે એ એટલો બધો અલ્પ છે કે એના સમપણા અને વિષમપણાની તુલના કરવામાં આવે, તોળવામાં આવે તો જ્ઞાની સમસ્વભાવે એને વેદે છે. સમભાવે એને વેદે છે એમ જ કહેવું ન્યાયયુક્ત છે. વિષમ પરિણામથી વેદે છે એમ કહેવું ન્યાયસંપન્ન નથી. નારકીમાં ? તો કહે ત્યાં

પણ.

માનો કે ઉપયોગ શરીરની વેદના ઉપર છે. પરિણતિ તો આત્મા ઉપર છે. તો બેમાં મુખ્યવૃત્તિ કોણ ? એક પરિણામની બે ફાડ જુઓ તો બંને વૃત્તિ છે. ઉપયોગરૂપ વૃત્તિ અને જે સામાન્ય ધારા છે એ રૂપ વૃત્તિ. તો મુખ્યતા કોની છે ? ધારાની મુખ્યતા છે. જે આત્મા સાથે અભેદ છે એની મુખ્યતા છે. વેદના સાથે જોડાયેલો ઉપયોગ છે એની મુખ્યતા હોતી નથી. આમ છે. એટલે **'વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી,...'** પણ વિષમભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે.

**'પૂર્વોપાર્જિત અજ્ઞાનનું ફળ છે.'** વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી પણ અજ્ઞાનભાવે બાંધેલા કર્મનું ફળ વ્યક્ત થયું છે, પ્રગટ થયું છે. પણ એ ફળ સાથે અજ્ઞાનપણે હવે સંબંધ રહ્યો નથી. આ મારો ઉદય છે અને આ મારો આકરો ઉદય છે, એમ જ્ઞાની અનુભવતા નથી. ઉદય, ઉદયમાં છે અને હું મારામાં છું.

મુમુક્ષુ :– કેટલી ભિન્નતા થઈ ગઈ છે !

પૂજ્ય ભાઈશ્રી :– બહુ અલૌકિક અને અદ્‌ભુત દશા છે. એટલે જ્ઞાનીઓ પણ એને વંદન કરે છે. અજ્ઞાનીની ક્યાં વાત કરવી ? અજ્ઞાનીને તો ભાન ન હોય તો ગમે તે પ્રકારના પરિણામ થાય. પણ જ્ઞાની પણ એને વંદન કરે છે. એવી એ વંદનીક દશા છે, પૂજનીક દશા છે.

એ 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લીધું છે. ૩૩૬ કે એવી ગાથા છે. વંદનીક છે, પૂજનીક છે, સ્તુતિ કરવા યોગ્ય છે. પૂજ્ય શબ્દ વાપર્યો છે. અને ત્યાં એ વાત લીધી છે કે, અવિરતપણું હોવા છતાં પણ. પાછું એમ નથી કે કોઈ મુનિની વાત લીધી છે. નહિતર એમ લગાડી દે. એ તો મુનિની વાત છે. ત્યાં ગાથા એ ચાલી છે. અવિરતિપણું હોવા છતાં પણ આ જે જ્ઞાનીની દશા છે એ વંદનીક છે, પૂજનીક છે અને સ્તુત્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :– અજ્ઞાનીને જે ભાવ થાય છે કે આ વેદના મને થાય છે, એ ભ્રમ છે અને એ ભ્રમ ભ્રમરૂપે સત્ય છે. એ જરા સમજાવો.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ભ્રમ છે એ જો ભ્રમરૂપે સત્ય નથી. હવે તર્ક કરીએ. એને સમજવા માટે પ્રતિપક્ષ લઈએ કે જો ભ્રમ ભ્રમ તરીકે સાચો નથી. તો ખોટો ભ્રમ હોય એનો વાંધો શું ? ભ્રમ જ ખોટો હોય તો ? ભ્રમ પોતે ન હોય. ખોટો

એટલે ? ભ્રમ જ ન હોય. તો પછી કાંઈ જીવને નુકસાન નથી. પણ જે ભ્રમ છે. એ ભ્રમ તરીકે સાચો છે.

મુમુક્ષુ :– ભ્રમરૂપ અવસ્થા.

પૂજ્ય ભાઈશ્રી :– ભ્રમરૂપ અવસ્થા સાચી છે. એમ કહેવું છે. જેનાથી ભ્રમ થયો છે એવી વસ્તુસ્થિતિ નથી માટે એ કલ્પના છે એને. જેમ કે સ્વપ્નું. સ્વપ્નાનું દૃષ્ટાંત લઈએ. એની સાથે મેળ ખાય છે. સ્વપ્નામાં જે કાંઈ ખાધું-પીધું, આનંદ કર્યો, માર ખાધો, દુઃખી થયો, સુખી થયો સ્વપ્નામાં અને સ્વપ્નમાં, એ બધું ખોટું છે. નથી કાંઈ ખાધું, નથી કોઈ પીધું, નથી કોઈએ એને માર્યો, નથી ક્યાંય રાજી થયો, નથી ક્યાંય દુઃખી થયો. પણ સ્વપ્નું સ્વપ્ના તરીકે સાવ સાચું છે. સ્વપ્નું જ નથી એમ નહિ કહી શકાય એને.

મુમુક્ષુ :– ભ્રમ ભ્રમરૂપે સત્ય છે. ભ્રમરૂપ જે અવસ્થા છે...

પૂજ્ય ભાઈશ્રી :– એ બરાબર છે. એવો ભ્રમ છે એ બરાબર છે. જીવના પરિણામમાં એ ભ્રમ છે એ હકીકત છે. એમ સ્વપ્નું સ્વપ્ના તરીકે સાચું છે એ જાગૃતદશા નથી એમ કહેવું છે. પણ સ્વપ્નામાં જે કંઈ થયું તે બધું ખોટું છે એમ કહેવું છે. કેમ કે એ તો ઊંઘમાં સૂતો છે. વાસ્તવિકતાએ તો એ ઊંઘમાં સૂતો છે. કાંઈ નથી થયું. નથી ખાધું, નથી પીધું, નથી દોડ્યો, નથી ચાલ્યો, નથી દુઃખી થયો, નથી સુખી થયો. ઊંઘે જ છે એ તો, વાસ્તવિકપણે તો. પણ સ્વપ્નું પણ નથી એમ જો કહો તો એ વાત બરાબર નથી.

એ અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપ યોગે આ જીવ પોતાને વિષે નહિ એવા પર પદાર્થોમાં પોતાપણું અનુભવ કરે છે. એમ વાત લીધી છે. એ પત્ર છે ૫૩૭ કે ૫૩૮ છે. ૨૮મા વર્ષમાં શરૂઆતમાં છે. ૫૩૭. પાનું ૪૩૬. અહીંયાં તો વળી વધારે સરસ વાત કરી છે. ૪૩૬ પાને છઠ્ઠી લીટી. ... આમ સ્વપ્નમાં જોવે. કોઈ જોઈ શકે ? છે વાસ્તવિક ? પણ સ્વપ્નમાં જોવે તો એ બધું ખોટું છે. કેમ કે એ તો સૂતો છે પલંગમાં. પથારીમાં નિરાંતે સૂતો છે. પણ સ્વપ્નું, સ્વપ્નું નથી એમ નહિ કહી શકાય. સ્વપ્ના તરીકે એ સાચું છે એમ કહેવું છે.

**'સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવા બીજાં દ્રવ્યને**

**વિષે...'** કુટુંબ-પરિવારમાં મમત્વ કરે છે, મકાન આદિમાં, આબરૂ-કીર્તિ આદિમાં. **'બીજા દ્રવ્યને વિષે સ્વપણે માને છે; એને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે.'** આ એનો સંસાર છે. પેલી બધી ચીજો સંસાર નથી પણ એમાં સ્વપણાની માન્યતા તે સંસાર છે. તે અજ્ઞાન છે. તે નરકાદિ ગતિનો હેતુ છે. નરક નિગોદમાં જવાનો હેતુ એ જ છે.

**'નરકાદિ ગતિનો હેતુ તે જ છે,...'** એટલે ભયંકર અનિષ્ટ છે આ. આવું જે સંયોગોમાં રહેલા અન્ય પદાર્થોને વિષે સ્વપણાનું ભાસ્યમાન થવું ભ્રમણાએ કરીને, અજ્ઞાને કરીને એ ભયંકર અનિષ્ટ છે એમ લેવું. નહિતર ખસશે નહિ જલ્દી. એ રોગ ઘર કરી ગયેલો છે. ભયંકર અનિષ્ટ છે. નરક નિગોદ ગતિનો હેતુ તે જ છે. તે જ અનંત જન્મ-મરણનું કારણ છે. તે જ દેહ અને દેહના વિકાર એટલે રોગનું એ કારણ છે. **'તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે,...'** કલ્પનાથી વિચાર કરે છે કે આ મારો શત્રુ છે, આ મારો મિત્ર છે, આ પિતા છે, આ પુત્ર છે. વાત એક પણ સાચી નથી.

**'અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે;...'** આ કલ્પના, આ અજ્ઞાન, આ માન્યતાની નિવૃત્તિ થઈ (તો) સહજ જ મોક્ષ છે **'અને એ જ નિવૃત્તિને અર્થે...'** એવી ભ્રમણા જવાને અર્થે આ **'સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે;...'** તેના માટે આ બધા સાધન (છે). સત્પુરુષ, સત્સંગાદિ સાધન છે એ આ કલ્પનાની નિવૃત્તિ કરવા માટે છે કે, આ કલ્પના મારી જૂઠી છે, આ નિવૃત્તિ થાવ. ભયંકર અનિષ્ટ છે. અનંત દુઃખનું આ મૂળિયું છે. અને આ અનંત દુઃખની મૂળમાં જે ગાંઠ છે એ નહિ છેદું તો ગાંઠમાંથી દુઃખનો પ્રવાહ નીકળ્યા જ કરશે.

મુમુક્ષુ :– ગમે ત્યાંથી 'શ્રીમદ્જી'ના આ આખા ગ્રંથમાં સત્સંગ ઉપર તો ...સત્સંગનું મહત્ત્વ એટલું બધું આપ્યું છે... જે ખરેખર જરૂરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ વાત ખરી છે. ઘણું મહત્ત્વ લીધું છે. ઘણું મહત્વ લીધું છે. એ એમના પોતાના અનુભવનો એક પોકાર છે. જાતિસ્મરણ જ્ઞાનમાં અનેક ભવોની અંદર સત્સંગ વિના બહુ માથા ફોડ્યા છે, ઘણો પરિશ્રમ કર્યો છે પણ પત્તો ખાધો નથી. કોઈ એક ભવની અંદર કોઈ સત્પુરુષનો યોગ થયો છે. અને એમણે જોયું કે ઓહો...! એકલા હાથે વગર સત્પુરુષે મથી મથીને મરી ગયો, મારો પત્તો

ખાધો નહિ. અને જે સત્પુરુષના યોગમાં સહજમાત્રમાં, રમતમાત્રમાં પત્તો મળી ગયો. 'ચતુરાંગુલ હૈ દગ સે મિલ હૈ, વહ બાત રહી સુગુરુ ગમ કી.' અનંત પ્રત્યક્ષ એવા સ્વરૂપને પ્રત્યક્ષ અંશથી પ્રત્યક્ષ કરી દેખાડે છે. હથેળીમાં આત્મા આપે છે, જુઓ ! આ રહ્યો. આટલું સહજમાત્રમાં જેના યોગે થાય છે. એટલે એ સત્સંગને એમને અનુભવથી વારંવાર (ગાયો છે).

બીજો એક બહુ સીધો સાદો વિચાર થઈ શકે એવું છે કે, ચાલતી સંસાર દશામાં, અજ્ઞાન દશામાં, મુમુક્ષુ દશામાં ઉપયોગ તો નિરંતર બહાર જ જાય છે. સર્વ પરિણામ આત્માના બહાર ને બહાર જ જાય છે. હવે જો પરિણામ બહાર જ જાય છે તો બહારમાં ક્યાંક સત્ હોય તો એ અંતર સત્ બાજુ આવે. બહારમાં બધું જો અસત્ છે તો એ અસત્માં તો અનંત કાળથી ઉપયોગ રમે છે, ઉપયોગ ભમે છે અને દુઃખી થાય છે. ત્યારે એ સત્સંગમાં, એનું નામ જ સત્નો સંગ છે, એનું નામ પણ સત્નો સંગ છે. જેને સત્ પ્રગટ થયું છે એવા પુરુષનો સંગ અથવા જે સત્ પ્રગટ કરવા માગે છે એવા મુમુક્ષુઓનો સંગ. બસ, એને સત્સંગ કહ્યો છે. એટલે એમ કહ્યું કે હવે જો તારો ઉપયોગ જ, પરિણામ નિરંતર બહાર જ રહે છે તો પછી વિવેક કર તું કે, અસત્નો સંગ છોડ અને સત્નો સંગ કર. સીધી વાત છે.

જ્ઞાનીપુરુષને નહિ ઓળખવાનું કારણ પણ અસત્સંગ જ છે, બીજું કાંઈ નથી. પ્રગટ સત્ હોવા છતાં નહિ ઓળખવાનું કારણ પણ અસત્સંગ છે. જ્ઞાનીપુરુષને ન ઓળખે અથવા ઓઘસંજ્ઞામાં રહી જાય. જ્ઞાની તરીકે જાણે પણ ઓઘસંજ્ઞાએ જાણે એનું કારણ પણ અસત્સંગ છે. ઓઘસંજ્ઞાને લઈને પૂરું વિનયાન્વિત ન થવાય. ઓછો વિનય રહે. વિનય કરે પણ ઓછો વિનય કરે, એવી જે ક્ષતિ રહે એનું કારણ પણ અસત્સંગ છે. અને જ્ઞાનીથી વિમુખ થાય, ઉપેક્ષા કરે, અવગણના કરે, જ્ઞાનીને ગૌણ કરે, આજ્ઞા વિરૂદ્ધ જાય એનું કારણ પણ અસત્સંગ જ છે. અથવા જ્ઞાનીની પોતાના વિચાર પ્રમાણે તુલના કરે અને સરખામણી કરે એનું કારણ પણ અસત્સંગ છે. અથવા જ્ઞાની કરતાં પોતાના કુટુંબ અને પરિગ્રહાદિક વિષે વિશેષપણે વજન રહ્યા કરે અથવા વધારે સ્નેહ અને પ્રેમ રહ્યા કરે, જ્ઞાની કરતા પણ, એનું કારણ પણ અસત્સંગ જ છે. એમ અસત્સંગની માયા બહુ મોટી છે. અને એ જેમ સત્સંગ આત્માને નિર્વાણનું કારણ છે. એમ આ (અસત્સંગ) અધોગતિનું નરક નિગોદાદિનું કારણ છે. એટલે આ

જ્ગ્યાએ શાસ્ત્રકારોએ પોકારી પોકારીને જીવને ચેતવ્યો છે. આમાં ઘણા બોલ લીધા છે આની અંદર.

આમાં 'પરમાગમ ચિંતામણી' ૧૦૦ શાસ્ત્રોમાંથી તારવ્યા છે. એમાં અસત્સંગના અને સત્સંગના ઘણા બોલ લીધા છે. તું અજગરના મોઢામાં જાજે પણ અસત્સંગમાં જાતો નહિ. દાવાનળ સળગતો હોય તો એમાં કૂદકો મારીને બળી જાજે પણ અસત્સંગમાં જાતો નહિ. દરિયામાં પડતું મૂકજે પણ અસત્સંગમાં જાતો નહિ. ઘણી ઉપમાઓ લીધી છે. કેમ કે ઓલા બધામાં એક વખત મૃત્યુ થાય છે. (અસત્સંગમાં) અનંત જન્મ-મરણની વણઝાર ઊભી થઈ જાશે.

મુમુક્ષુ :– પુસ્તકનું નામ જ 'સત્સંગનો મહિમા' આપે લખાવ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. સત્સંગનો મહિમા ઘણો નીકળે છે આમાંથી.

શું કહે છે અહીંયાં ? કે **'વેદના વેદતાં જીવને કંઈ પણ વિષમભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે; પણ વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી, પૂર્વોપાર્જિત અજ્ઞાનનું ફળ છે. વર્તમાનમાં તે માત્ર પ્રારબ્ધરૂપ છે; તેને વેદતાં જ્ઞાનીને તો અવિષમપણું છે; એટલે જીવ અને કાયા જુદાં છે, એવો જે જ્ઞાનયોગ...'** કયો યોગ કીધો અહીંયાં ? શરીરની ક્રિયાઓનો યોગ નહિ પણ જ્ઞાનનો વ્યાયામ. શરીરનો વ્યાયામ નહિ, જ્ઞાનનો યોગ છે. **'તે જ્ઞાનીપુરુષનો અબાધ જ રહે છે.'** વેદના વેદતાં એ જ્ઞાનીપુરુષને એ જ્ઞાનયોગમાં બાધા પહોંચતી નથી.

મુમુક્ષુ :– મનયોગ, વચનયોગ અને કાયયોગ. આ જ્ઞાનયોગ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એથી જુદો જ એવો જ્ઞાનયોગ છે કે જે જ્ઞાનસ્વભાવ સાથે જોડાયેલો રહે છે. યોગ નામ જોડાવું. યુજ, યોજ–To join. મૂળ યુજ ધાતુ છે. જોડાવું. જ્ઞાન, જ્ઞાનની સાથે જોડાયેલું રહે. જ્ઞાન જ્ઞેયની સાથે જોડાયેલું ન રહે પણ જ્ઞાન જ્ઞાનની સાથે જોડાયેલું રહે તેને જ્ઞાનયોગ કહીએ. એવો જ્ઞાનયોગ છે એ વેદના વેદતાં પણ જ્ઞાનીને બાધા પામતો નથી.

**'અબાધ જ રહે છે. માત્ર વિષમભાવરહિતપણું છે,...'** શું કહે છે ? કે એમને વિષમભાવરહિતપણું છે. **'એ પ્રકાર જ્ઞાનને અવ્યાબાધ છે.'** અને એવું જે વિષમભાવરહિતપણું છે તે જ્ઞાનનો અવ્યાબાધપણાનો પ્રકાર છે. **'વિષમભાવ છે તે જ્ઞાનને બાધાકારક છે.'** વિષમભાવ છે એ બાધાકારક છે અને વિષમભાવનો અભાવ

તે અબાધાકારક છે. **'દેહમાં દેહબુદ્ધિ અને આત્મામાં આત્મબુદ્ધિ, દેહથી ઉદાસીનતા અને આત્મામાં સ્થિતિ છે.'** ચાર બોલ લીધા. દેહમાં દેહબુદ્ધિ પણ આત્મામાં આત્મબુદ્ધિ. હવે દેહ પ્રત્યે શું ? તો કહે છે, ઉદાસીનતા. અને આત્મામાં ? તો કહે છે, આત્મામાં સ્થિરતા, સ્થિરત્વ.

**'એવા જ્ઞાનીપુરુષનો વેદનાઉદય તે પ્રારબ્ધ વેદવારૂપ છે;....'** માત્ર એ પૂર્વકર્મને સમભાવે વેદી લે છે. પરપણે વેદી લે છે. સ્વપણે વેદતા નથી. તેથી તે **'નવા કર્મનો હેતુ થતો નથી.'** એટલે એ વેદનાથી એમને નવા કર્મ બંધાતા જ નથી. અલ્પ બંધાય છે એ ખરી જવાના છે માટે બંધાતા નથી એમ કહેવામાં આવે છે. એની ગણના જ કરતા નથી. અથવા એનું પ્રમાણ એટલું બધું ઓછું છે કે ગણવા જેવું નથી રહેતું. એમ નહિવત્ છે. અહીંયાં પહેલા પ્રશ્નનો ઉત્તર પૂરો થાય છે. 'લલ્લુજી'ના પહેલા પ્રશ્નનો ઉત્તર અહીંયાં પૂરો થાય છે. હવે બીજો પ્રશ્ન કહે છે.

મુમુક્ષુ :- ઘણો ખુલાસો આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારો વિષય ચાલ્યો છે. અને આ વિષય છે એ તો દરેક જીવને પ્રયોજનભૂત છે. કેમ કે બીજેથી છટકશે. બીજું બધું સહન કરશે પણ વેદના અને પીડાથી છૂટી શકાતું નથી. એવી દેહની પીડા હોય. આ કેન્સરની પીડા બહુ થાય છે. કોઈ કોઈને થાય છે. એને એમ થાય કે આપઘાત કરીને આ દેહ છોડી દઉં. કાં તો એ પીડાવાળા એમ કહે કે આ ઓપરેશન કરીને મારું આટલું અંગ કાપી નાખો. ત્યાંથી ખસવા માટે શું કરે ? કે આ અંગ મારું કાપી નાખો. ઓપરેશન મને જલ્દી કરી નાખો. પણ મારે આ પીડા જોતી નથી. છતાં એ પીડાથી એ છૂટો થઈ શકતો નથી, વેગળો થઈ શકતો નથી, દૂર થઈ શકતો નથી. આપઘાત કરીને પણ દૂર ન થઈ શકે એવી એક આ પરિસ્થિતિ છે. એ પરિસ્થિતિને પણ સુખમયપણે વેદવી હોય તો આ એક એનો ઉપાય છે, આ ઇલાજ છે, આ એની દવા છે કે જેની કિંમત કોઈ રીતે થઈ શકે એવી નથી. કોઈ પ્રકારે થઈ શકે એવી નથી. બીજી દવા તો પૈસા આપતા મળે છે, આ વગર પૈસા આપતા મળે છે છતાં એની કિંમત થઈ શકે એવું નથી. એમ છે.

કેમ કે આ દવા દેનારા નિઃસ્પૃહ ધર્માત્માઓ હોય છે. એ કાંઈ પણ એનો બદલો કદી માગતા નથી. અથવા આવી ઊંચી અધ્યાત્મ વિદ્યાને કોઈ તુચ્છ વસ્તુથી એ

વેચતા નથી. કેમ કે સામે વહેંચે તો સામે વસ્તુ તો તુચ્છ છે. કોઈપણ સામે સોનું, ચાંદી, પૈસા, હીરા કાંઈ માન, બહુમાન જે ગણો તે બધું તુચ્છ જ છે એની પાસે. એવી તુચ્છ વસ્તુના બદલામાં આવી કોઈ અધ્યાત્મ વિદ્યાને વહેંચવાનું કોઈ પસંદ કરે નહિ. એના જાણકાર તો કોઈ પસંદ કરે નહિ. સીધી વાત છે.

તમને કોઈ એમ કહે કે આ તમારી પાસે કરોડોનો હીરો છે આ ખોટા રૂપિયામાં આપી દોને. રૂપિયો પણ ખોટો હોય પાછો. આપે કોઈ ? અને આવડો મોટો હીરો અને ખોટા રૂપિયામાં દેવાનો ? આ એના જેવું છે. જે ચૈતન્ય અને આત્મસુખની અને આત્મશાંતિની વિદ્યા છે એની પાસે જગતના તમામ પદાર્થો ખોટા રૂપિયા જેવા છે. કે એની બદલીમાં કોઈ એને વેચે એવું એ વિષયના તજજ્ઞો માટે તો સંભવિત નથી. જેની પાસે એ વિદ્યા નથી એ વેચે છે, તો એ વિદ્યાને વેચતા નથી પણ એક ખોટો વેપાર કરે છે. વેચે છે એટલે શું ? માન લે. એ વિદ્યાના કહેવાથી. છે નહિ વિદ્યા પણ એ વિદ્યા સંબંધીના કથનથી માન લે અથવા અનુકૂળતાઓ લે અથવા કાંઈ પણ ઉપાર્જન કરે. કોઈપણ જાતના પૈસા કે ગમે તે ચીજ. એ કદી બનતું નથી.

મુમુક્ષુ :– ખરેખર તો એ આત્મા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ખરેખર તો એમ જ છે. બીજું પ્રશ્ન..

મુમુક્ષુ :– તીવ્ર અશાતાનું કારણ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– તીવ્રપણે શાતાની ભાવના, શરીરની દેહાત્મબુદ્ધિ તીવ્ર થવાનું એ કારણ છે. દેહમાં આત્મબુદ્ધિ વધારે તીવ્ર થાય છે તો અશાતા પણ તીવ્ર જ બંધાય છે. શિયાળામાં સારા સારા પાક ખાઉં, શરીર સારું થાય. શરીરને એવી રીતે કેળવું કે મારી તંદુરસ્તી સારી રહે. એવી રીતે બધા પ્રકારના જે દેહને વધારે તંદુરસ્ત રાખવાના, દેહને વધારે સારા રાખવાના, એના માટેના કારણો, એના માટેના કારણો બધું વિચારે. તીવ્ર રસથી. એ બધા જ અનેક પ્રકારના ભયંકર રોગો થવાના કર્મબંધનના કારણ થાય છે.

મુમુક્ષુ :– અશાતા વેદનીયના ઉદયમાં શાતા વેદનીયના પરિણામ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા અશાતા વેદનીયને ટાળવા માટેના તીવ્ર પરિણામ. જલ્દી દવા લાવો, સારામાં સારી દવા લાવો, સારામાં સારા ડોક્ટરને બોલાવો, મારો રોગ જલ્દી મટાડો, મારી પીડા જલ્દી મટાડો. એ બધા પ્રકાર નવી અશાતાને બાંધવાના

જ છે. શાતા અને અશાતા પ્રત્યેના જે જીવના તીવ્ર પરિણામો તે અશાતા વેદનીયનું કારણ છે. તેનાથી અશાતા વેદનીય બંધાય છે.

**‘બીજું પ્રશ્ન : પરમાત્મસ્વરૂપ સર્વ ઠેકાણે સરખું છે, સિદ્ધ અને સંસારી જીવ સરખા છે, ત્યારે સિદ્ધની સ્તુતિ કરતાં કંઈ બાધ છે કે કેમ ? એ પ્રકારનું પ્રશ્ન છે.’** જીવના સામાન્ય સ્વરૂપ ઉપરનો આ પ્રયોજનભૂત (પ્રશ્ન છે). એટલે તો કહ્યું છે કે તમારા બંને પ્રશ્નો છે એ પ્રયોજનભૂત છે. મુમુક્ષુજીવને વિચારવા હિતકારી છે. હિતકારી છે એટલે પ્રયોજનભૂત છે એ વાત લીધી છે.

**‘પરમાત્મસ્વરૂપ પ્રથમ વિચારવા યોગ્ય છે.’** પહેલા તો પરમાત્મસ્વરૂપ એટલે શું ? એ પહેલા વિચારવા યોગ્ય છે. અહીંથી ઉત્તર શરૂ છે. પ્રશ્ન તો પૂરો થઈ ગયો, પ્રશ્નચિહ્ન છે ત્યાંથી. ઉત્તરમાં એમ કહે છે કે **‘પરમાત્મસ્વરૂપ છે તે પ્રથમ વિચારવા યોગ્ય છે. વ્યાપકપણે પરમાત્મસ્વરૂપ સર્વત્ર છે કે કેમ ? તે વાત વિચારવા યોગ્ય છે.’** કેમ કે સ્વરૂપનો જ્યાં વિષય આવે ત્યારે એ સિદ્ધાંતબોધના વિભાગમાં જાય છે. અને જ્યારે સિદ્ધાંતબોધના વિભાગમાં જાય છે ત્યારે વેદાંતની પ્રચલિત માન્યતા છે કે, પરમાત્મા છે તે વ્યાપકરૂપે સર્વત્ર છે. ‘ઘાસ, ચાસ નહિ પાસ પણ વિશ્વપતિનો વાસ.’ નાનપણથી સંસ્કારમાં નાખી દે. બધે ભગવાન છે, બધે ભગવાન છે. એક જ ભગવાન બધે વસેલો છે. આ બધા એના અંશો દેખાય છે. બધા ભગવાનના જ અંશો છે.

સૂર્યના પ્રતિબિંબનો. સૂર્યનું પ્રતિબિંબ અનેક વાસણોમાં ભરેલા પાણીમાં બધા જ સૂર્ય દેખાય અને એમાંથી પાછા કીરણો નીકળે. Reflection જેને કહે છે. એના જેવો એક પરમાત્મા સર્વત્ર વ્યાપક છે. અને બધા જે જીવાત્માઓ જુદાં જુદાં દેહમાં દેખાય છે એમાં એનું પ્રતિબિંબ પડેલું છે અને એમાં બધાં એના જ અંશો રહેલા છે. એમ કરીને એ લોકો એનું Logic આપે છે. એ રીતે એ કલ્પના ચાલી છે. તો કહે છે કે એ વાત પણ વિચારવા યોગ્ય છે. જ્યારે સ્વરૂપ વિચારવાનું છે ત્યારે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એ ચારે પડખેથી એનું પરિજ્ઞાન કરવું જોઈએ.

**‘સિદ્ધ અને સંસારી જીવો એ સમસત્તાવાનસ્વરૂપે છે એ નિશ્ચય જ્ઞાનીપુરુષોએ કર્યો છે તે યથાર્થ છે.’** શું કહે છે ? જ્ઞાનીપુરુષોએ સ્વાનુભવથી એવો નિશ્ચય કર્યો છે કે સિદ્ધ અને સંસારી જીવો. સિદ્ધ જીવો અને સંસારી જીવો બેમાં બહુવચન લીધાં.

જો એક હોય તો એકવચન લેવાય. આ વાક્ય રચનામાં શબ્દોમાં જ બહુવચનનો પ્રયોગ કર્યો છે. સિદ્ધ જીવો અને સંસારી જીવો. સિદ્ધ અને સંસારી જીવોમાં બેમાં બહુવચન લીધું. સિદ્ધ જીવો અને સંસારી જીવો **'એ સમસત્તાવાનસ્વરૂપે છે...'** સ્વરૂપે કરીને એમની હયાતી, એમનું સ્વરૂપ સમ એટલે સરખું છે. એક જાતિનું છે. એમાં કોઈ અંતર નથી. બધા એકસરખા જાતિએ એક જ પ્રકારના દ્રવ્યો છે.

**'એ નિશ્ચય જ્ઞાનીપુરુષોએ કર્યો છે ...'** અનુભવી પુરુષોએ કર્યો છે. જ્ઞાની એટલે અનુભવી પુરુષોએ કર્યો છે. **'તે યથાર્થ છે.'** તે વાતમાં કાંઈ ફેર નથી. યથાર્થ છે. **'તથાપિ ભેદ એટલો છે કે...'** હવે એની અંદર વિશેષ જાણવાયોગ્ય. ભેદ એટલે અંદરની વાત. એને ભેદ કહેવામાં આવે છે કે આ જરાક અંદરની વાત છે. તેમાં અંદરની વાત એવી છે કે, **'સિદ્ધને વિષે તે સત્તા પ્રગટપણે છે,...'** અને જેવું મૂળ સ્વરૂપ છે, સત્તાએ કરીને જેવું મૂળ સ્વરૂપ છે તેવું સિદ્ધ પરમાત્માને વિષે પ્રગટપણે છે. અને **'સંસારી વિષે તે સત્તા સત્તાપણે છે.'** પ્રગટ થયેલી નથી. એવું સ્વરૂપ પ્રગટ નથી થયેલું.

**'જેમ દીવાને વિષે અગ્નિ પ્રગટ છે અને ચકમકને વિષે અગ્નિ સત્તાપણે છે,...'** અથવા શક્તિપણે આગળ શબ્દ વાપરે છે. શક્તિ... અને શક્તિપણે છે. શક્તિપણે ભેદ છે. વ્યક્તિપણા અને શક્તિપણામાં ભેદ છે એ નીચે લે છે. સત્તાપણે છે તે પ્રકારે. એટલે કે **'દીવાને વિષે અને ચકમકને વિષે જે અગ્નિ છે, તે અગ્નિપણે...'** અગ્નિની જાતિએ સરખા છે. **'અગ્નિપણે સમ છે...'** એટલે અગ્નિની જાતિએ સરખા છે. **'વ્યક્તિપણે એટલે પ્રગટતા અને શક્તિપણે ભેદ છે.'** શક્તિ-વ્યક્તિનો ભેદ છે. અવસ્થા ભેદ છે. એકની અવસ્થા શક્તિરૂપે, એકની અવસ્થા વ્યક્તિરૂપે. બંનેમાં સત્તા છે અગ્નિની. એ સત્તા એટલે હોવાપણું છે. હોવાપણું સરખું છે. જાતિપણે હોવાપણું સરખું છે. પણ સિદ્ધમાં વ્યક્તિ છે, સંસારીમાં શક્તિ છે પણ વ્યક્તિ નથી. આ ફેર છે.

**'પણ વસ્તુની જાતિપણે ભેદ નથી,...'** જુઓ ! જાતિ લીધી અહીંયાં. શક્તિ-વ્યક્તિમાં ફેર છે પણ જાતિમાં ફેર નથી. ભેદ એટલે ફેર નથી. **'તે પ્રકારે સિદ્ધના જીવને વિષે જે ચેતનસત્તા છે તે જ સૌ સંસારી જીવને વિષે છે.'** આમ લેવું છે. સિદ્ધ પરમાત્મામાં જે ચેતનસત્તા છે તેવી જ, તે જ જાતિની ચેતનસત્તા સંસારી જીવને વિષે છે. એ જ જાતિની ચેતનસત્તા છે. રંચમાત્ર એમાં ફેર નથી એમ લેવું. 'યોગીન્દ્રદેવ'

'યોગસાર'માં કહે છે કે, એ સિદ્ધપદમાં અને પોતાના આત્મામાં રંચમાત્ર ફેર માને એના જેવું કોઈ મોટું પાપ બીજું નથી. મિથ્યાત્વનું પાપ છે ને ? એટલે એના જેવું બીજું કોઈ નથી. એમ લે છે ત્યાં. વાતને ઉપસાવવી છે ને ?

**'ભેદ માત્ર પ્રગટ અપ્રગટપણાનો છે.'** જે કાંઈ તફાવત છે તે શક્તિની વ્યક્તિ થઈ છે અને શક્તિની વ્યક્તિ નથી થઈ. આટલો તફાવત છે. **'જેને તે ચેતનસત્તા પ્રગટી નથી એવા સંસારી જીવને તે સત્તા પ્રગટવાનો હેતુ, પ્રગટસત્તા જેને વિષે છે એવા સિદ્ધ ભગવંતનું સ્વરૂપ, તે વિચારવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે;...'** જુઓ ! આમ લીધું પછી. સિદ્ધાંતને અધ્યાત્મમાં ઉતાર્યો હવે. પહેલા તો સિદ્ધાંતિક વાત લીધી. સિદ્ધાંતિક દૃષ્ટિએ આ શક્તિ-વ્યક્તિનો ફેર છે તે ફેર છે. આ વસ્તુ સ્થિતિ છે સિદ્ધાંતિક રીતે ત્રણે કાળે. હવે એ બંને જાણવાનો પરમાર્થ શું ? અહીંથી અધ્યાત્મ. અથવા બોધ લેવો છે. સિદ્ધાંત અને સિદ્ધાંતબોધ. એમ કહેવું છે. આનાથી ઉપદેશ શું લેવો છે ? એ કહે છે.

જેને તે સત્તા પ્રગટ નથી એવા સંસારીજીવને આ બોધ ગ્રહણ કરવા માટે. તે સત્તા પ્રગટાવવાનો હેતુ સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ પ્રગટ કરવાનું કારણરૂપ. પ્રગટસત્તા જેને વિષે છે એવા સિદ્ધ ભગવંતનું સ્વરૂપ. અહીંયાં સિદ્ધ ન કીધું પણ સિદ્ધ ભગવંતનું સ્વરૂપ એમ કહ્યું. જુઓ ! અહીંયાં બહુમાન વાપર્યું. કેમ કે હવે ઉપદેશ લેવો છે ને ? બહુમાન કરવું છે. તો માત્ર સિદ્ધની સત્તા ન લીધી. સિદ્ધ ભગવંતનું જે સ્વરૂપ છે તે સંસારી જીવે વિચારવા યોગ્ય છે, સમજણ કરવા યોગ્ય છે. સમજીને તેનું ધ્યાન કરવા યોગ્ય છે. તેમાં એકાગ્ર થવા યોગ્ય છે અને તેમના ગુણોની પ્રશંસા કરવા યોગ્ય છે. એ સ્તુતિ કરવી એ એમના ગુણોની પ્રશંસા કરવા યોગ્ય છે.

**'કેમ કે તેથી આત્માને નિજસ્વરૂપનો વિચાર, ધ્યાન, સ્તુતિ કરવાનો પ્રકાર થાય છે કે જે કર્તવ્ય છે.'** આમ લીધું. અનુસંધાન લીધું. બીજા સિદ્ધપદ ઉપરથી પોતાના નિજ સિદ્ધપદ ઉપર આવ્યા. એટલે બીજાનું સિદ્ધપદ અને મારું સિદ્ધપદ જાતિએ એક છે પણ વ્યક્તિએ એક નથી. બેની વ્યક્તિ જુદી જુદી છે, એમ કહેવું છે. તો એનો ઉપકાર શું એ જાણવાનો ? જો એમનું સ્વરૂપ જણાય તો એને પોતાનું સ્વરૂપ પણ જણાય. પોતાનું સ્વરૂપ જણાય તો પોતાનું ધ્યાન થાય. પોતાનો મહિમા આવે, પોતાનું ધ્યાન થાય અને એ જીવે કરવા યોગ્ય છે. એ કર્તવ્ય લીધું. સંસારી જીવનું એ કર્તવ્ય છે.

**'સિદ્ધસ્વરૂપ જેવું આત્મસ્વરૂપ છે એવું વિચારીને...'** કેવા પ્રકારે ? કે **'સિદ્ધસ્વરૂપ જેવું આત્મસ્વરૂપ છે એવું વિચારીને અને આ આત્માને વિષે તેનું વર્તમાનમાં અપ્રગટપણું છે તેનો અભાવ કરવા તે સિદ્ધસ્વરૂપનો વિચાર, ધ્યાન તથા સ્તુતિ ઘટે છે. એ પ્રકાર જાણી સિદ્ધની સ્તુતિ કરતાં કંઈ બાધ જણાતો નથી.'** એની સ્તુતિ કરવી કે નહિ ? સિદ્ધિની સ્તુતિ કરવી કે ન કરવી ? તો કહે છે, કરવી, પણ આ પ્રકારે કરવી કે પોતાનું સિદ્ધપદ પ્રગટ થાય. એવી રીતે અધ્યાત્મ ઉતાર્યો છે. વિશેષ લેશું કાલે, આ ફરીને લઈશું.

જ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિને લીધે પર્યાયની ઉપેક્ષા વર્તે છે, પરંતુ દ્રવ્ય સ્વભાવની સાવધાની પર્યાયમાં વર્તતી હોવાથી, તેવી સમ્યક્ પર્યાયની ચિંતા આવશ્યક પણ નથી. તેથી જ્ઞાની સ્વભાવ સાવધાનીને વશ એમ કહે કે 'પર્યાય ભલે ગમે તેમ વર્તો મને તેથી કાંઈ ફેર પડતો નથી.' પરંતુ તેમ કહેતી વખતે પ્રતીતિ વર્તે છે, કે પર્યાય મર્યાદામાં જ રહેવાની છે, અને પર્યાયના ફેરફારથી સ્વભાવમાં ફેર પડતો નથી, તે પણ પરમ સત્ય જ છે, તથાપિ જેની શ્રદ્ધા જ સ્વરૂપને છોડી, અન્ય સ્થાનમાં પરને / રાગને આત્મારુપે ગ્રહણ કરે છે, તે જ્ઞાનીની નકલ કરે, તો પર્યાયમાં વિપર્યાસ વૃદ્ધિગત થાય છે. અથવા મિથ્યા શ્રદ્ધાને લીધે પર્યાયની સાવધાની રહે છે, તેથી તેની જ ઉપેક્ષા થઈ શકે નહિ. મિથ્યાત્વ અવસ્થામાં પરથી એકત્વ વર્તે છે, તો 'ભલે તેમ થાઓ'— તેવું ઉપેક્ષિતપણું ઈચ્છનીય નથી. છતાં અજ્ઞાનથી કહે તો સ્વચ્છંદ થાય. પર્યાયની ઉપેક્ષા સમ્યક્પ્રકારે થવા યોગ્ય છે.

(અનુભવ સંજીવની–૧૧૭૫)

## તા. ૧૮-૯-૧૯૯૦, પત્રાંક–૫૦૯, ૫૧૦
## પ્રવચન નં. ૨૧૩

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર ૫૦૯ ચાલે છે. પાનું ૪૧૦. નીચે છેલ્લો પેરેગ્રાફ ચાલ્યો.

મુમુક્ષુ :– પહેલેથી.

પૂજ્ય ભાઈશ્રી :– પહેલેથી લેવું છે ? પ્રશ્નનો ઉત્તર છે. 'લલ્લુજી સ્વામી'ના પત્રનો પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. પ્રશ્ન છે : પરમાત્મસ્વરૂપ તો બધા જીવોમાં એટલે સર્વ સંસારી જીવોમાં અને સર્વ સિદ્ધાત્માઓમાં એકસરખું છે. બંનેની સત્તા, બંનેની હયાતી એકસરખી છે, તો પછી સિદ્ધની સ્તુતિ કરતાં કાંઈ બાધ છે કે કેમ ? પ્રશ્નમાં એવી આશંકા હશે કે જો સિદ્ધની સ્તુતિ કરીએ તો સંસારીઓની સ્તુતિ થઈ જાય છે. સીધે સીધી તો સિદ્ધની સ્તુતિ કરતા બાધ હોય, એ વાત તો જૈનને કાંઈ ખટકે એવી નથી. સિદ્ધની સ્તુતિ કરવી એમાં જૈનધર્મમાં જેની કુળધર્મે પણ પરિસ્થિતિ હોય એને એ તો સીધો બાધ તો આવતો નથી. પણ સંસારી અને સિદ્ધ જો બંને સરખા છે તો સિદ્ધની સ્તુતિ કરીએ તો કાંઈ બાધ આવે કે ન આવે ? સંસારીની ભેગી સ્તુતિ થઈ જાય કે ન થઈ જાય ? એવી આશંકા એ પ્રકારની સંભવે છે.

એમણે એ સ્પષ્ટિકરણ આપ્યું કે **'સિદ્ધ અને સંસારી જીવો એ સમસત્તાવાનસ્વરૂપે છે...'** એટલે બંનેની મૂળ હયાતી, મૂળ સત્તા દ્રવ્યપણે, મૂળ દ્રવ્યપણે સમ એટલે એકસરખા છે. **'એ નિશ્ચય જ્ઞાનીપુરુષોએ કર્યો છે...'** સર્વ જ્ઞાનીપુરુષોએ આ નિશ્ચય કર્યો છે. **'તે યથાર્થ છે. તથાપિ ભેદ એટલો છે કે સિદ્ધને વિષે તે સત્તા પ્રગટપણે છે,...'** જેવું દ્રવ્ય છે તેવી જ પ્રગટ સત્તા થઈ ગઈ છે. સંસારીને એવી સત્તા પ્રગટ નથી. સંસારી જીવને વિષે તે સત્તા સત્તાપણે છે એટલે પ્રગટ નથી. આગળ કહેશે કે સત્તાપણે છે એટલે શક્તિપણે છે પણ વ્યક્તિપણે નથી.

**'જેમ દીવાને વિષે અગ્નિ પ્રગટ છે...'** એ દૃષ્ટાંતે. **'અને ચકમકને વિષે અગ્નિ સત્તાપણે છે,...'** હોવાપણે છે. બંનેમાં હોવાપણે છે. પણ એકમાં પ્રગટ હોવાપણે છે, એકમાં શક્તિએ હોવાપણે છે. **'તે પ્રકારે. દીવાને વિષે અને ચકમકને વિષે જે અગ્નિ છે તે અગ્નિપણે સમ છે,...'** એટલે અગ્નિનું જે સામર્થ્ય છે, અગ્નિનું જે મૂળ સ્વરૂપ છે, અગ્નિનો જે સ્વભાવ છે એ તો સરખો છે. **'વ્યક્તિપણે (પ્રગટતા) અને શક્તિ(સત્તામાં)પણે ભેદ છે,...'** શક્તિ-વ્યક્તિનો આ ભેદ છે. એ સમજવો જોઈએ, તે સાથે સાથે જાણવો જોઈએ. **'પણ વસ્તુની જાતિપણે ભેદ નથી,...'** જાતિભેદ નથી પણ શક્તિ અને વ્યક્તિમાં ભેદ છે.

**'તે પ્રકારે સિદ્ધના જીવને વિષે જે ચેતનસત્તા છે તે જ....'** તેવી જ. તે જ એટલે તેવી જ એમ લેવું. તે જ એટલે તેની તે નહિ. પણ તેવી જ. **'સૌ સંસારી જીવને વિષે છે. ભેદ માત્ર પ્રગટ અપ્રગટપણાનો છે. જેને તે ચેતનસત્તા પ્રગટી નથી...'** એટલે જેવી ચેતનસત્તા છે તેવી પ્રગટ અવસ્થા થઈ નથી. **'એવા સંસારી જીવને તે સત્તા પ્રગટવાનો હેતુ,...'** એવો સ્વભાવ. સત્તા એટલે એવો સ્વભાવ. સત્તાનો અર્થ અહીંયાં સ્વભાવ લેવો. એવો સ્વભાવ પ્રગટ થવાનો હેતુ **'પ્રગટસત્તા જેને વિષે છે...'** એટલે એવી પર્યાય, એવો સ્વભાવ જેને પ્રગટ થઈ ગયો છે. **'એવા સિદ્ધ ભગવંતનું સ્વરૂપ, તે વિચારવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે;...'** સ્તુતિ કરવામાં કાંઈ બાધ છે કે કેમ ? એનો ઉત્તર ત્યાં આપ્યો છે. સરખા છે તેનો ઉત્તર આપ્યો કે સ્વભાવે સરખા છે પણ શક્તિ અને વ્યક્તિનો જે તફાવત છે એ તફાવત અવશ્ય સમજવો જોઈએ.

હવે સ્તુતિ કરતાં કાંઈ અવગુણ થાય, બાધ થાય કે ન થાય ? કે નહિ. ઊલટાનું એમના સ્વરૂપનો વિચાર કરવામાં આવે, ધ્યાન કરવામાં આવે, સ્તુતિ કરવામાં આવે તો એ કર્તવ્ય છે. **'કેમ કે તેથી આત્માને પણ પોતાના નિજસ્વરૂપનો વિચાર, ધ્યાન, સ્તુતિ કરવાનો પ્રકાર થાય છે...'** આત્માનો વિચાર કર્તવ્ય છે. કારણ કે કર્તવ્ય છે એમ લીધું ને ? ધ્યાન કર્તવ્ય છે. આત્માની સ્તુતિ પણ કર્તવ્ય છે. સ્તુતિનો અર્થ અહીંયાં મહિમા લેવો. આત્માના મહિમા અને વિચારપૂર્વક ધ્યાન થઈ શકે છે એ પ્રકારે આત્મધ્યાન કે જે મોક્ષનું કારણ છે. એ મોક્ષના કારણ અર્થે નિમિત્તપણે અન્ય સિદ્ધ પરમાત્માની દશાનો વિચાર, મહિમા અને ધ્યાન કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :– આમાં છે શબ્દ બેયમાં આવે છે. સત્તાપણે છે અને વ્યક્તિપણે છે. બેયમાં છે શબ્દ આવ્યો. એટલે છે.. છે.. શબ્દ છે એ પ્રગટપણાને જાહેર કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. છેમાં પ્રકાર છે. શક્તિપણે છે, વ્યક્તિપણે પણ છે. એમ બંનેમાં છેપણું લાગુ પડે. એટલે હયાતી. છે, છે એ અસ્તિત્વને અથવા હયાતીને સૂચવે છે.

મુમુક્ષુ :– આમાં આશંકા એ થાય કે બેમાં છે શબ્દ આવ્યો એટલે હોવાપણું તો બેમાં આવ્યું. તો અમે કહીએ છીએ કે આ પ્રગટપણે સંસારી જીવોને છે. અને કર્મથી આચ્છાદિત થઈ ગયું છે એમાં કાંઈ ફેર તો ન પડ્યો, કારણ કે બેયમાં ‘છે’ શબ્દ તો આવ્યો. એમ આશંકા થાય.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. પણ વ્યક્તિપણે આચ્છાદન છે. આચ્છાદન તો વ્યક્તિને આવે. શક્તિને આચ્છાદન નથી આવતું. આવરણ-નિરાવરણપણું શક્તિને લાગુ નથી પડતું. આવરણ-નિરાવરપણું વ્યક્તિના ધર્મમાં સમાય છે, શક્તિના ધર્મમાં સમાતું નથી. એમ છે. બેના ધર્મ જુદાં પડે છે. એ પ્રકારનો ધર્મ જ નથી.

એટલે તો ‘સમયસાર’માં ‘અમૃતચંદ્રાચાર્યદેવે’ શુદ્ધ-અશુદ્ધ ધર્મમાં લીધા છે. એક-અનેક, નિત્ય-અનિત્ય, શુદ્ધ અને અશુદ્ધ, નાસ્તિ અને અસ્તિ એ બધા ધર્મમાં લીધા છે, સ્વભાવમાં નથી લીધા. શક્તિમાં નથી લીધા એ. અને એ રીતે ચૌદ ભેદે અનેકાંતનું પ્રકરણ ચર્ચ્યું છે. પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉતારીને બીજા છ ભેદ વધાર્યા. આઠ અને છ, ચૌદ ભેદે એ વાત કરી છે એ ધર્મની વાત કરી છે. અને એ રીતે અનેકાંતનું આખું પ્રકરણ પરિશિષ્ટની અંદર આલેખ્યું છે.

એટલે દ્રવ્ય-ગુણ અને પર્યાય એ ઉપરાંત દ્રવ્યના ધર્મો, ગુણના ધર્મો અને પર્યાયના ધર્મો, જે જાણવા પ્રયોજનભૂત છે. આટલું વિજ્ઞાન જાણવું જોઈએ. જો એ પ્રકારે એટલું પદાર્થનું વિજ્ઞાન ન જાણવામાં આવે તો પણ વિપર્યાસ, અનાદિ વિપર્યાસ છે તે મટે નહિ. જેમ કે વર્તમાન અવગુણ છે, અશુદ્ધતા છે, દોષ છે, દુઃખ છે. આ પર્યાયમાં છે પણ એ પર્યાયધર્મ છે. પર્યાયમાં હોવા છતાં એ માત્ર પર્યાયધર્મ છે. અને એ પર્યાયનો ધર્મ પર્યાયની સીમામાં પરિસમાપ્ત થઈ જાય છે. પર્યાયનો ધર્મ પર્યાયમાં સમાપ્ત થઈ જાય છે. એની સીમા, એની મર્યાદા પર્યાય સુધી જ છે. નહિ કે દ્રવ્ય અને ગુણ સુધી.

જો એ રીતે ન સમજવામાં આવે તો એ ત્રિકાળી માની લેવામાં આવશે. કારણ કે એક સમયમાં ત્રિકાળીની ક્ષણિકમાં નિત્યતાની શ્રદ્ધા છે. જીવને મિથ્યાશ્રદ્ધામાં અનિત્યતામાં નિત્યતાની શ્રદ્ધા છે. અને આ અનિત્યધર્મ નિત્યપણે એ માની લેશે. તો એનો અભાવ કરવાનો કોઈ એને પછી વિચાર કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. કે આનો ઉપાય કાંઈ કરીએ. એ વાત જ નહિ રહે. એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય ઉપરાંત દ્રવ્ય, ગુણ અને પર્યાયના ધર્મો ભિન્ન-ભિન્ન પ્રકારના છે. અને કેટલાક ધર્મો તો એકના છે અને બીજા બેના નથી. એવા પ્રકારના છે. તો પ્રયોજનભૂત જે ધર્મો છે એ સમજવા રહે છે. ન સમજે તો વિપર્યાસ ન મટે, કલ્પના ન મટે. અને જ્યાં સુધી સૂક્ષ્મ પણ વિપર્યાસ રહે છે ત્યાં સુધી સ્વાનુભવ અને સમ્યગ્દર્શન સુધી કોઈ જીવ પહોંચી શકતો નથી.

મુમુક્ષુ :– દ્રવ્ય, ગુણ અને પર્યાયના ધર્મો સ્વતંત્ર પોતપોતાની અપેક્ષાએ સમજવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. સમજવા જ જોઈએ.

મુમુક્ષુ :– એકને બીજામાં ભેળવે તો..

પૂજ્ય ભાઈશ્રી :– તો તકલીફ થાય. તો વિપર્યાસ થાય. વિપર્યાસ ઊભો છે ત્યાં સુધી સ્વાનુભવ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. આ સીધી વાત છે. એટલે પ્રથમ તો એ પદાર્થના જે સિદ્ધાંતો છે એ સિદ્ધાંતો સમજવા પહેલા તો કેટલા પત્રોમાં એ વાત આવી કે તમે વૈરાગ્ય અને ઉપશમમાં આવો, વૈરાગ્ય અને ઉપશમમાં આવો. અને આ પત્રમાં છેલ્લી લીટી એ જ છે કે જેમ વૈરાગ્ય-ઉપશમનું વર્ધમાનપણું થાય તેમ હાલ તો તમારે કર્તવ્ય છે. એટલે અત્યારે તમે આ સિદ્ધાંતની વાત પૂછી, ભલે અમે એનો ઉત્તર પણ આપ્યો પણ હાલ તો તમારે વૈરાગ્ય અને ઉપશમનું વર્ધમાનપણું થાય તે કર્તવ્ય છે. એવી વાત છે.

મુમુક્ષુ :– Total માર્યો.

પૂજ્ય ભાઈશ્રી :– ના. એટલે શું એ એનો ક્રમ છે. એનો ક્રમ ન સમજવામાં આવે અને અક્રમે વસ્તુ સાધ્ય કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો પણ એ એક મોટો વિપર્યાસ છે. એ રીતે પણ વસ્તુની સિદ્ધિ થતી નથી.

એટલે અહીંયાં એ વાત લીધી કે, સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ, **'સિદ્ધ ભગવંતનું**

**સ્વરૂપ, તે વિચારવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે;...'** શા માટે ? **'કેમ કે તેથી આત્માને નિજસ્વરૂપનો વિચાર, ધ્યાન, સ્તુતિ કરવાનો પ્રકાર થાય છે કે જે કર્તવ્ય છે.'** કરવા યોગ્ય છે. **'સિદ્ધ સ્વરૂપ જેવું આત્મસ્વરૂપ છે....'** જેવું સિદ્ધ ભગવંતનું સ્વરૂપ છે તેવું જ આત્મસ્વરૂપ છે **'એવું વિચારીને અને આ આત્માને વિષે તેનું વર્તમાનમાં અપ્રગટપણું છે તેનો...'** એવું વિચારીને આ આત્માને વિષે આત્મસ્વરૂપ એવું હોવા છતાં પ્રગટપણે આત્મસ્વરૂપ એવું નથી. એનો અભાવ વર્તે છે. અને એ અપ્રગટપણાનો **'અભાવ કરવા તે સિદ્ધસ્વરૂપનો વિચાર, ધ્યાન તથા સ્તુતિ ઘટે છે.'** દોહરાવ્યું. અને **'એ પ્રકાર જાણી...'** એ પ્રકારે **'સિદ્ધની સ્તુતિ કરતાં કંઈ બાધ જણાતો નથી.'** બાધ તો જણાતો નથી, ઊલટાનો ગુણ થવાનો સંભવ છે. પણ આ પ્રકારે. ણમો સિદ્ધાણં કે ણમો અરિહંતાણં કહે તો પણ આ પ્રકારે સમજીને. સમજ્યા વગર કહે તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કાંઈ ફળ નથી. એ વાત આગળ આવી ગઈ.

મુમુક્ષુ :– આપણે સિદ્ધ ભગવાનની સ્તુતિ કરીએ છીએ 'અવિનાશી અવિકાર..'.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ આત્માની જ સ્તુતિ છે. સિદ્ધ ભગવાનની સ્તુતિ કહો કે એવો જ આત્મા છે. એ બધા વિશેષણો લાગુ પડે છે. રંચમાત્ર ફેર નથી. સ્વરૂપે જોવામાં આવે તો રંચમાત્ર ફેર નથી. જરા પણ ફેર નથી.

**'આત્મસ્વરૂપમાં જગત નથી, એવી વેદાંતે વાત કહી છે...'** વેદાંતમાં એવી વાત પ્રસિદ્ધ છે કે આત્મસ્વરૂપમાં જગત નથી. **'અથવા એમ ઘટે છે,...'** એમ હોવા યોગ્ય છે કે આત્મસ્વરૂપમાં જગત નથી. **'પણ બાહ્ય જગત નથી...'** એટલે બાહ્ય જગતનું અસ્તિત્વ નથી. જગત મિથ્યા છે. એટલે બાહ્ય જગતનું અસ્તિત્વ નથી અથવા બાહ્ય જગત એ કલ્પના કરેલી છે. એવો અર્થ તો વસ્તુના સ્વરૂપે નથી. **'માત્ર જીવને ઉપશમ થવા અર્થે...'** એટલે એનું વિસ્મરણ કરવા અર્થે. જગતની ઉપાધિ આ જીવ કરે છે વગર જોઈતી. આ છાપા-બાપા રોજ વંચાય છે ને ? છાપા, ટીવી. એનું વિસ્મરણ કરાવવા અર્થે. એ દિશાના પરિણામ છોડાવવા અર્થે એમ કહેવાય તો તે કહેવું એવા હેતુથી કહેવું યોગ્ય છે. **'પણ બાહ્ય જગત નથી...'** એમ માની લેવામાં આવશે તો એ માન્યતા વસ્તુના સ્વરૂપ અસ્તિત્વથી તો વિપરીત છે. વસ્તુનું સ્વરૂપજ્ઞાન ખોટું ઠરશે. પણ એમ નથી. પણ **'એવો અર્થ માત્ર જીવને ઉપશમ થવા અર્થે તે માનવો**

યોગ્ય ગણાય.'

**'એમ એ ત્રણ પ્રશ્નોનું સંક્ષેપ સમાધાન લખ્યું છે,...'** એ રીતે એ ત્રણે પ્રશ્નોનું સંક્ષેપમાં સમાધાન લખ્યું છે. **'તે વિશેષ કરી વિચારશો. વિશેષ કંઈ સમાધાન જાણવા ઇચ્છા થાય તે લખશો. જેમ વૈરાગ્ય ઉપશમનું વર્ધમાનપણું થાય તેમ હાલ તો કર્તવ્ય છે.'** એ વાત પાછી આગળ કરે છે. કે આ સ્થિતિએ સિદ્ધાંત વિચારવા યોગ્ય છે. એ પહેલા સિદ્ધાંતનો વિચાર યથાર્થ પ્રકારે થઈ શકવા યોગ્ય નથી. યથાર્થ પ્રકારે થઈ શકવા યોગ્ય નથી એવી પરિસ્થિતિમાં તે કરવામાં આવે તો તે ક્રમભંગ વિચાર છે, ક્રમભંગ આગળ વધવાનો અભિપ્રાય છે અને તેથી લાભ થવાને બદલે નુકસાન થાય છે. ૫૦૯ પત્ર અહીંયાં પૂરો થયો.

**પત્રાંક-૫૧૦**

**મુંબઈ, અસાડ સુદ ૬, રવિ, ૧૯૫૦**

**શ્રી સ્તંભતીર્થસ્થિત, શુભેચ્છાસંપન્ન શ્રી ત્રિભુવનદાસ પ્રત્યે યથાયોગ્યપૂર્વક વિનંતી કે :–**

**બંધવૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવર્તાવવાનો જીવને અભ્યાસ, સતત અભ્યાસ કર્તવ્ય છે, કારણ કે વિના વિચારે, વિના પ્રયાસે તે વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું કેવા પ્રકારથી થાય ? કારણ વિના કોઈ કાર્ય સંભવતું નથી; તો આ જીવે તે વૃત્તિઓનાં ઉપશમન કે નિવર્તનનો કોઈ ઉપાય કર્યો ન હોય એટલે તેનો અભાવ ન થાય એ સ્પષ્ટ સંભવરૂપ છે. ઘણી વાર પૂર્વકાળે વૃત્તિઓના ઉપશમનનું તથા નિવર્તનનું જીવે અભિમાન કર્યું છે, પણ તેવું કંઈ સાધન કર્યું નથી, અને હજુ સુધી તે પ્રકારમાં જીવ કંઈ ઠેકાણું કરતો નથી, અર્થાત્ હજુ તેને તે અભ્યાસમાં કંઈ રસ દેખાતો નથી; તેમ કડવાશ લાગતાં છતાં તે કડવાશ ઉપર પગ દઈ આ જીવ ઉપશમન, નિવર્તનમાં પ્રવેશ**

કરતો નથી. આ વાત વારંવાર આ દુષ્ટપરિણામી જીવે વિચારવા યોગ્ય છે; વિસર્જન કરવા યોગ્ય કોઈ રીતે નથી.

પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે, કોઈને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે, અને કોઈ જીવ હજુ સુધી તો પિતાપુત્ર થઈ શક્યા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા, પણ વિચારતાં આ વાત કોઈ પણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે, અને તે મૂઢતા કોઈ પણ પ્રકારે સત્સંગની ઇચ્છાવાળા જીવને ઘટતી નથી.

જે મોહાદિ પ્રકાર વિષે તમે લખ્યું તે બન્નેને ભ્રમણનો હેતુ છે, અત્યંત વિટંબણાનો હેતુ છે. જ્ઞાનીપુરુષ પણ એમ વર્તે તો જ્ઞાન ઉપર પગ મૂકવા જેવું છે, અને સર્વ પ્રકારે અજ્ઞાનનિદ્રાનો તે હેતુ છે. એ પ્રકારને વિચારે બન્નેને સીધો ભાવ કર્તવ્ય છે. આ વાત અલ્પકાળમાં ચેતવાયોગ્ય છે. જેટલો બને તેટલો તમે કે બીજા તમ સંબંધી સત્સંગી નિવૃત્તિનો અવકાશ લેશો તે જ જીવને હિતકારી છે.

(પત્રાંક) ૫૧૦. **'શ્રી સ્તંભતીર્થસ્થિત,...'** એટલે 'ખંભાત'. **'શુભેચ્છાસંપન્ન'** એટલે કે આત્મ કલ્યાણની ઇચ્છાવાન. **'શ્રી ત્રિભુવનદાસ પ્રત્યે યથાયોગ્યપૂર્વક વિનંતી કે :– બંધવૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવર્તાવવાનો જીવને અભ્યાસ, સતત અભ્યાસ કર્તવ્ય છે,...'** જેને કર્મબંધમાં નિમિત્ત થાય એવા ભાવબંધરૂપ પરિણામ વર્તે છે, તેને

જીવની બંધવૃત્તિ કહેવામાં આવે છે. એવા જે ભાવબંધના પરિણામ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે એ અવલોકન કરે તો સ્પષ્ટપણે પોતાને માલુમ પડે અને સમજાય જાય એવો વિષય છે. તેને ઉપશમાવવા એટલે શાંત કરવા અને એને ક્ષય કરવા. ફરીને ઉત્પન્ન ન થાય એવી સ્થિતિ કરવી. એ પ્રકારનો અભ્યાસ એટલે એ પ્રકારનો પ્રયોગ સતતપણે કરવા યોગ્ય છે. ખરેખર અભ્યાસનો અર્થ એ છે (કે) વારંવાર કરવા યોગ્ય એવો જે પ્રયોગ તેને અભ્યાસ કહેવામાં આવે છે. એવો અભ્યાસ અથવા સતત અભ્યાસ. પાછો અભ્યાસ ક્યારેક કરે ચોવીસ કલાકે સ્વાધ્યાયમાં આવે. પછી બીજા ચોવીસ કલાકે આવે. વચમાં ઘણી ગડબડ થઈ જાય. એમ નહિ. બીજા ઉદયિક ભાવોમાં ભાવબંધના પ્રકાર એ બધી બંધવૃત્તિઓ છે. ઉત્પન્ન થાય ત્યારે પણ જાગૃતિમાં રહીને એને ઉપશમાવવી–એને શાંત કરવી, એનો ક્ષય કરવો. એ જાતનો જે પુરુષાર્થ અથવા વારંવારનો પુરુષાર્થ એને અભ્યાસ કહેવામાં આવે છે. તે કર્તવ્ય છે.

**'કારણ કે વિના વિચારે, વિના પ્રયાસે તે વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું કેવા પ્રકારથી થાય ?'** કોઈ પ્રકારથી થઈ શકે નહિ. એ બંધ વૃત્તિઓનો વિચાર પણ જીવે ન કર્યો હોય, એ બંધ વૃત્તિઓનો કોઈ પ્રકારે મટાડવાનો અભ્યાસ પણ ન કર્યો હોય, ઉપશમવાનો કે નિવર્તવાનો અભ્યાસ એટલે પુરુષાર્થ પણ ન કર્યો હોય, વિચાર અને પુરુષાર્થ બે વાત લીધી છે. પ્રયાસ એટલે પુરુષાર્થ. પ્રથમ વિચારનો તબક્કો છે અને એ વિચારપૂર્વક એનો પુરુષાર્થ કરવામાં આવે છે. ચારે પડખેથી એનો વિચાર કરવામાં આવે છે. અને એનો તલસ્પર્શી વિચાર કરવામાં આવે છે ત્યારે એ બંધ વૃત્તિનો સ્વભાવ શું છે ? એ બંધવૃત્તિમાં શક્તિ શું છે ? એ બંધવૃત્તિની જાતિ શું છે ? એ બધો એનો વિચાર કરવાનો પ્રકાર ઉત્પન્ન થાય છે. અને એ પ્રકારે એને વિચારીને, સારી રીતે વિચારીને એને નાશ કરવાનો, ઉપશમ કરવાનો પુરુષાર્થ કરવામાં આવે છે.

એવું એક બંધ વૃત્તિઓને નાશ કરવાનું ચોક્કસ પ્રકારનું જે કાર્ય છે એ કાર્ય જ ન કરવામાં આવે, વિચાર અને પુરુષાર્થ જ ન કરવામાં આવે તો કેવી રીતે એનો નાશ થવા યોગ્ય છે ? પ્રશ્ન પૂછે છે. જોરથી એ વાત લેવી છે. કોઈ રીતે નાશ ન થાય. જો એ બંધભાવોનો વિચાર જીવ ન કરે અને વિચાર કરીને એને સમજે અને સમજ્યા પછી પુરુષાર્થ કરે તો જ તેનો નાશ થાય. નહિતર બીજી કોઈ રીતે નાશ

ન થાય એમ કહેવાનો અહીંયાં અભિપ્રાય છે. એ કેવી રીતે થાય ? આમ ન કરે તો કેવી રીતે એનો નાશ થાય ?

કેમ કે **'કારણ વિના કોઈ કાર્ય સંભવતું નથી;...'** જ્યારે જ્યારે કોઈપણ કાર્ય અથવા કાર્યસિદ્ધિ, એનો વિચાર કરવામાં આવે છે ત્યારે સાથે સાથે એના કારણનો વિચાર કરવો એ આવશ્યક છે. એના કારણનો વિચાર કર્યા વિના કાર્યની નિષ્પત્તિ કોઈ કરવા ધારે, કોઈ કરવાની અભિલાષા રાખે તો તે વ્યર્થ છે. કોઈ રીતે એ ન બની શકવા યોગ્ય કાર્ય છે. એ કારણ-કાર્યનું Logic છે.

મુમુક્ષુ :- બંધવૃત્તિની સત્તા છે,

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ સમજવું જોઈએ. એના કેટલા કેટલા પ્રકારો છે ? પ્રકારો અનેક હોવા છતાં જાતિ અપેક્ષાએ એની એક જાતિ કેવી રીતે છે ? એ એનો સ્વભાવ થઈ ગયો. જેને વિભાવસ્વભાવ કહેવામાં આવે છે. પછી પ્રકાર અનેક (હોય), રાગ, દ્વેષ, મોહ અને પેટા ભેદો. પણ જાતિ એની એક. પછી એની શક્તિનો વિચાર કરે તો જે તે પરિણામમાં તે વિભાવનો રસ તીવ્ર થાય છે એ એની શક્તિ છે. એમ એક પરિણામના પ્રયોજનભૂત જેટલા જેટલા પડખાં છે એને વિચારવા. એ એનો વિચાર છે. એ વિચારીને અવલોકતા, એ સંબંધીનો નાશ કરવાના પ્રયત્નની શરૂઆત થાય છે કે એનો રસભંગ છે, એની જે શક્તિ છે એ તૂટે છે. કેમ કે એ જાતના પરિણામમાં શક્તિ એના રસમાં રહેલી છે.

રસ કેમ તોડવો ? એ પણ વિચાર કરીને રસ તોડવાનો પુરુષાર્થ કરે એટલે એની શક્તિ તૂટે તો એ ઉપશમે, દબાય. કોણ દબાય ? નબળો પડે તે દબાય. સબળો કોઈ દિ' દબાય નહિ. જ્યાં સુધી વિભાવરસે કરીને વિભાવ સબળો છે ત્યાં સુધી ઉપશમ નહિ થાય. નાશ થવાની વાત તો પછીની છે. એટલે એ રીતે એનો વિચાર કર્તવ્ય છે અને પુરુષાર્થ કર્તવ્ય છે. એ કારણ-કાર્યનો અહીંયાં નિયમ છે. એ કારણ-કાર્યના નિયમ બહાર કોઈ કાર્ય થઈ જાય એવું બનતું નથી.

એક સ્થૂળમાં સ્થૂળ કાર્ય લઈએ કે, અહીંથી કોઈને સ્ટેશન પહોંચવું છે. કેમ કે બહારગામ જવું છે. તો સ્ટેશન પહોંચવાનો રસ્તો વિચાર્યો ન હોય, ખબર ન હોય, (એ) કેવી રીતે સ્ટેશન પહોંચશે ? સ્ટેશન આમ હશે અને ચાલશે આમ. સ્ટેશન જવાને બદલે સ્ટેશનથી દૂર જશે. એટલે એ તો કારણ-કાર્યનો નિયમ જ છે કે જે

કાર્ય સુધી પહોંચવું છે એના કારણરૂપ જે વિષય છે, એ માર્ગ છે, ઉપાય છે, ઇલાજ છે એને વિચાર્યા વિના અને એ માર્ગે ચાલ્યા વિના એ કાર્ય સુધી પહોંચાતું નથી.

**'કારણ વિના કોઈ કાર્ય સંભવતું નથી;...'** કોઈપણ કાર્ય. **'તો આ જીવે તે વૃત્તિઓના ઉપશમન કે નિવર્તનનો કોઈ ઉપાય કર્યો ન હોય એટલે તેનો અભાવ ન થાય એ સ્પષ્ટ સંભવરૂપ છે.'** એ વૃત્તિઓને વિચારી ન હોય, યથાર્થ પ્રકારે એને નિવર્તવાનો કે ઉપશમવાનો ઉપાય જાણ્યો ન હોય અને એ ઉપાય આદર્યો ન હોય તો એનો અભાવ ન થાય એ વાત તો સ્પષ્ટ સમજાય એવી છે. ધર્મના ક્ષેત્રમાં એવું કરે છે કે જે-તે પદાર્થના આશ્રયે તે તે બંધ વૃત્તિઓની ઉત્પત્તિ થાય છે સંબંધ પામીને, તેથી તે તે પદાર્થનો ત્યાગ કરે છે. અને જે-તે પદાર્થનો ત્યાગ કર્યા પછી પણ તે તે પ્રકારની બંધવૃત્તિઓ નાશ ન થઈ હોય એવું જોવામાં આવે છે. એટલે જે ઉપરછલ્લો વિચાર દેખાય છે કે આ પદાર્થને કારણે એમાં રાગ થયો, માટે તે પદાર્થ છોડી દઉં તો મારો રાગ છૂટી જાય એ ઉપાય બરાબર લાગતો નથી. માટે એનો ઉપાય કોઈ બીજો હોવો જોઈએ એમ સમજીને તેને તેનો વિચાર કરવો અને વિચાર કરીને તે જે પ્રકારે નાશ થાય તે પ્રકારનો પુરુષાર્થ કરવો. એમ વાત છે.

**'ઘણી વાર પૂર્વકાળે...'** એટલે ભૂતકાળમાં **'વૃત્તિઓના ઉપશમનનું તથા નિવર્તનનું જીવે અભિમાન કર્યું છે,...'** એક ભાઈ મળ્યા હતા. પહેલા બીડી પીવાનું વ્યસન હતું. પછી કહે, બીડી છોડી દીધી. બીડી છોડી દીધી એટલે હવે બીડી પીવાનો વિચાર જ નથી આવતો લ્યો. તમે એમ કહો કે ત્યાગથી કાંઈ લાભ નથી. આપણી ચાલતી વિચારધારાથી જરા સામેની વાત હતી કે તમે ત્યાગથી લાભ નથી, ત્યાગથી કાંઈ ફાયદો નથી એવું વિચારો છો પણ મારો અનુભવ બીજી વાત કરે છે. કે મને આ ચીજનું વ્યસન હતું. એ વ્યસન ઘણા વખતથી મેં છોડી દીધું. શરૂઆતમાં જરાક એમ લાગ્યું કે ફાવતું નથી. પણ હવે આજે ૨૫ વર્ષે તો એનો વિચાર સુદ્ધા આવતો નથી. તો ત્યાગથી લાભ થયો કે ન થયો ? જ્યારે માણસ પોતાના અનુભવથી કોઈ વાત કરે તો કોઈ રીતે એને ત્યાગથી લાભ નથી એ વાત ગળે ન ઉતરે. એવા માણસને એ ગળે ઉતારવી કઠણ પડે છે. પણ આ વિચાર બધો બહુ ઉપરછલ્લો છે. અથવા ટૂંકી દૃષ્ટિનો, Short sght જેને કહે છે, ટૂંકી દૃષ્ટિનો વિચાર છે. બહુ બહુ તો આ જીવન પર્યંત તમને એ વિચાર નહિ થાય. જો કે નહિ જ થાય એમ કહેવું મુશ્કેલ

છે. પણ કદાચ બહુ બહુ તો, વધુમાં વધુમાં ગણો તો આ આયુષ્યપર્યંત પણ પછી શું ? આત્મા વર્તમાન આયુષ્ય ભોગવે છે એટલો જ છે, એવડો જ છે, એટલી જ હયાતી એની છે એમ વિચારવાયોગ્ય નથી.

એટલે જે તે વિભાવ પરિણામનો અથવા બંધ પરિણામનો મૂળમાંથી ક્ષય થાય, મૂળમાંથી એનો નાશ થાય અને એ રોગ કયારે પણ ઉત્પન્ન ન થાય એ પ્રકારે એનો વિચાર કર્તવ્ય છે. પણ આવું બને છે માણસને. આ તો ચોખ્ખું દેખાય છે અને તમે એનો નિષેધ કરો છો. વાત જ ગળે ઉતરે એવી નથી. અમારો અનુભવ બોલે છે એનું શું કરવું ? ભાઈ ! એ અનુભવ છે. એ વાત બધી Temporary છે. એ કોઈ એ પ્રકારના પરિણામ બંધ કરવાનું કાયમી સમાધાન–Permenent solution નથી, કાયમી સમાધાન એ નથી.

એના ઉપર કહે છે કે **'ઘણી વાર પૂર્વકાળે વૃત્તિઓના ઉપશમનનું તથા નિવર્તનનું જીવે અભિમાન કર્યું છે,...'** શું થયું છે ત્યાં ? વૃત્તિ નિવર્તી નથી. એ બંધવૃત્તિ નિવર્તી નથી. પણ મેં એને નિવર્તાવી છે એવું અભિમાન (કર્યું છે). સ્વરૂપ જાણીને કર્તવ્ય અને અકર્તવ્યનો નિર્ણય કરવો એમ શા માટે કહેવામાં આવે છે ? કે એ પહેલા જીવ જે કાંઈ અવસ્થામાં ફેરફાર કરે છે એ અવસ્થામાં પોતે એનો તીવ્રપણે કર્તા થઈ જાય છે. પહેલા હું આમ નહોતો કરતો, હવે આમ કરું છું. પહેલા આમ કરતો હતો અને હવે નથી કરતો એમ કરું છું. એનું જે કર્તૃત્વનું અભિમાન છે એ કર્તૃત્વને દૃઢ કરતા અકર્તા સ્વભાવને સમજવા દેશે નહિ. આ મોટી તકલીફ થશે. એટલે તે તે વૃત્તિઓના ઉપશમનનું તથા નિવર્તનનું આ જીવે અભિમાન કર્યું છે **'પણ ખરેખર તેવું કંઈ સાધન કર્યું નથી.'** માન્યું છે કે મેં સાધન કર્યું છે અને સાધ્યપણ કર્યું છે, પણ એ અભિમાન કર્યું છે.

**'અને હજુ સુધી તે પ્રકારમાં જીવ કંઈ ઠેકાણું કરતો નથી.'** એ વૃત્તિઓને નિવર્તવા માટેનો જે માર્ગ છે, ઉપાય છે એ પ્રકારમાં એનું કાંઈ હજી ઠેકાણું નથી. ઠેકાણા વગરનો જીવ છે એમ કહે છે. **'અર્થાત્ હજુ તેને તે અભ્યાસમાં કંઈ રસ દેખાતો નથી;...'** એને ક્યાંય રસ પડતો નથી. અરુચિ થઈ ગઈ છે. માર્ગની અરુચિ છે. માર્ગની અરુચિ છે એને ગુણની અરુચિ છે, એને દોષની રુચિ છે અને એને પુદ્ગલિક પદાર્થની રુચિ છે. એ પ્રકાર છે. એટલે કાંઈ ઠેકાણું નથી. તે તે પરિણામો નિવર્તવાના પુરુષાર્થમાં

હજી એને રસ પણ પડતો નથી.

**'તેમ કડવાશ લાગતાં છતાં...'** એટલે સંસારના કેટલાક પ્રસંગો એને કડવા લાગે છે. એટલે કે એને અણગમતા થઈ પડે એવા ઘણા પ્રસંગો ઉત્પન્ન થાય છે. **'તે કડવાશ ઉપર પગ દઈ...'** એને પણ અવગણીને, Overtake કરીને **'આ જીવ ઉપશમન...'** કરતો નથી. ઘણી વાર એને એવું લાગે છે કે અરે..રે..! આ સંસારમાં કાંઈ નથી. આ સંસાર તો આવો જ છે, આવો જ છે, સંસારમાં ક્યાંય સુખ નથી. પણ વળી પાછો માર્ગને યથાર્થપણે આદરવાને બદલે વળી પાછો એ વાત ભૂલીને, એ કડવાશ ઉપર પગ દઈને વળી પાછો એમાંથી ને એમાંથી મીઠાશ લેવાનો પ્રયત્ન કરે છે. લીમડો કડવો છે એમાંથી મીઠાશ લેવાનો પ્રયત્ન કરે છે.

**'આ વાત વારંવાર આ દુષ્ટપરિણામી જીવે વિચારવા યોગ્ય છે;...'** જોયું ! જીવે વિચારવા યોગ્ય છે એમ ન કહ્યું. આ દુષ્ટપરિણામી જીવે વિચારવા યોગ્ય છે. એટલા માટે દુષ્ટ પરિણામ કહ્યા કે આત્માને જે અહિતકર છે, આત્માના જ્ઞાન-દર્શન પ્રાણના જે ઘાતક પરિણામ છે એ ઘાતવાવાળાને આત્મઘાતી પરિણામને દુષ્ટ પરિણામ કહેવામાં આવે છે. **'આ વાત વારંવાર આ દુષ્ટપરિણામી જીવે વિચારવા યોગ્ય છે; વિસર્જન કરવા યોગ્ય કોઈ રીતે નથી.'** આ વાતને છોડી દેવા જેવી નથી કે ભૂલી જવા જેવી નથી.

હવે કોઈ કુટુંબનો પ્રશ્ન બન્યો છે એટલે એ ઉપરનું માર્ગદર્શન આપ્યું છે. કુટુંબના આવા પ્રકારના કોઈ ને કોઈ પ્રકારના ખેદ થાય એવા પ્રસંગો બધા જ સંસારી જીવોને આવતા હોય છે એટલે લગભગ બધાને એ લાગુ પડે છે. એ રીતે પોતાને લાગુ પડે એ રીતે વિચારવા યોગ્ય છે. **'પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે.'** પુત્ર આદિમાં બધા કુટુંબી લઈ લેવા. પુત્ર લેવો, સ્ત્રી લેવી, પુત્રી લેવી, પિતા લેવા, માતા લેવી, ભાઈ લેવા, બહેન લેવી, બધા લઈ લેવા અને એ સિવાય એના જેટલા સગા-વહાલા, કુટુંબ-કબીલા કહેવાતા હોય, વેવાઈ-વેવલા એ બધા એમાં લઈ લેવા. અમારે ઘણું બહોળું કુટુંબ છે. અમારુ કુટુંબ બહુ બહોળું. અમારે સગું ઘણું અને સારા સારા ઘણા સગાઓ અમારે છે. આમ જે અમારે છે, અમારે છે, મારે છે અને અમારે છે એવો જે મોહ છે તે કેવળ નીરસ છે. જે રસ લે છે ત્યાં નીરસપણું એને આવવું જોઈએ. અમારે છે એમ કરીને જે રસ આવે છે તે કેવળ નીરસ છે. અને તે પ્રકારનો રસ છે તે

નિંદવાયોગ્ય છે. કેમ કે તે મલિન પરિણામ છે. એ બધા પરિણામ છે એ મલિન પરિણામ છે, અપવિત્ર પરિણામ છે, દુઃખદાયક છે અને આત્માના સ્વભાવથી તદ્દન વિપરીત જાતના છે. સોએ સો ટકા સ્વભાવના વિરોધી છે. વિરૂદ્ધ જાતિના હોવાથી એ વિરોધી છે. તેથી તે નિંદવાયોગ્ય છે. પોતાના પરિણામ, હોં ! પોતાના પરિણામ પોતે જ નિંદવાયોગ્ય છે.

**'જીવ જો જરાય વિચાર કરે...'** એટલે થોડો પણ વિચાર કરે **'તો સ્પષ્ટ દેખાય એવું છે કે, કોઈને વિષે પુત્રપણું ભાવી...'** ભાવીને એટલે ? ભાવ કરીને. ભાવના, ભાવનાથી ભાવ કરીને, ભાવુકતાથી ભાવ કરીને, **'આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી,...'** શું કરે છે ? કે માણસને પોતાની આજીવિકા જેટલું સાધન હોય છે. પછી એ વધારે જે કરે છે એ પોતાના પુત્ર માટે કરે છે. કેમ કે પોતાનું આયુષ્ય સ્વાભાવિક રીતે વહેલું પૂરું થવાનું છે એટલે પોતાનો જીવનનો અવશેષ જે કાળ છે એ તો બહુ થોડો છે. ત્યાર પછી જે વાત રહી. પુત્ર નાની ઉંમર હોય છે પિતા કરતા, એનો આયુષ્યકાળ વિશેષ છે તો એને આયુષ્ય દરમ્યાન ક્યાંય તકલીફ ન પડે એવી વ્યવસ્થા હું કરતો જાઉં કે મારો દીકરો જીવે ત્યાં સુધી દુઃખી થાય નહિ. શું ! અને પછી જે એ પરિણામ કરે છે એ પરિણામ અધોગતિમાં જવા માટેના કરે છે, એમ કહે છે. માઠું એટલે અધોગતિ, એમ લેવું. એવા અધોગતિના પરિણામ કરવામાં પોતાનું પિતાપણું રાખીને, સ્થાપીને આ જીવે એવા પરિણામ બગાડ્યા છે, એવા પરિણામ બગાડ્યા છે કે એ અધોગતિમાં ચાલ્યો જાય. એવું આ જીવે. જુઓ ! મ મ લીધું. **'માઠું કર્યામાં મણા રાખી નથી.'** મણા એટલે ખામી. એટલે પૂરેપૂરા પરિણામ કર્યા છે. પોતાનું અહિત કરવાના અને પોતાને તિર્યંચાદિ અધોગતિમાં જવાના પૂરા પરિણામ કર્યા છે.

મુમુક્ષુ :– પોતાની પત્ની માટે, પોતાના પુત્ર માટે કર્તવ્યની સીમા કેટલી ?

પૂજ્ય ભાઈશ્રી :– કર્તવ્યમાં ? કર્તવ્યમાં કાંઈ ન આવે.

મુમુક્ષુ :– પોતાના છે જ ક્યાં તે કર્તવ્ય આવે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો કહેશે અહીંયાં હજી. કે કોઈ આત્મા, કોઈ આત્માનો પુત્ર થઈ શકે કે કોઈ આત્મા, કોઈ આત્માનો પિતા થઈ શકે એ વસ્તુની સ્થિતિ બહારની વાત છે, વસ્તુના સ્વરૂપ બહારની વાત છે.

હવે જુઓ વિચારવા યોગ્ય એ છે કે, આ જીવ એમ વિચારે છે કે મને મારા પુત્રાદિ કુટુંબ જે છે એ પ્રત્યેનું મારું કર્તવ્ય મારે વિચારવું જોઈએ. પણ મારે મારા આત્માનું હિત કર્તવ્ય છે એ વાત વિચારતો નથી. અથવા બેમાંથી હિતની–આત્મહિતની મુખ્યતા નથી કરતો. કુટુંબના કર્તવ્યની મુખ્યતા કરે છે. એટલું પેલું વિસ્મરણ થાય છે. બાકી કર્તવ્યની દૃષ્ટિએ વિચારો તો કાંઈ કર્તવ્ય નથી. એનું નસીબ લઈને જન્મ્યો છે. જન્મ્યો તે એના આયુષ્ય પર્યંતનું એ કર્મબંધન, નસીબ પ્રારબ્ધ લઈને આવ્યો છે. પુત્ર હોય કે પુત્રી હોય. અને પોતે કર્તવ્ય સમજીને માનો કે કાંઈક કરે છે તો કેવળ દુષ્ટ અભિમાન કરે છે. મેં મારા દીકરા માટે આટલી વ્યવસ્થા કરી રાખી. વાત તદ્દન ખોટી છે. એના પ્રારબ્ધ પ્રમાણે થયું છે. તારા વિકલ્પ પ્રમાણે કાંઈ થયું નથી. આ નક્કી વાત છે, નિશ્ચય વાત છે.

મુમુક્ષુ :– આમાં પોતે એવું વિચારે છે પોતાના પિતાનું, પોતાના માતાનું મારી માટે શું કર્તવ્ય છે. એ અપેક્ષા હોય...

પૂજ્ય ભાઈશ્રી :– અપેક્ષા બુદ્ધિ જ ખોટી છે. બીજા પ્રત્યેની અપેક્ષા બુદ્ધિ છે એ (ખોટી છે). મારા પ્રત્યે આમ થવું જોઈએ, આમ વર્તવું જોઈએ એ અપેક્ષાબુદ્ધિ છે એ ખોટી છે. એક જગતનો વ્યવહાર છે તો જગતનો વ્યવહાર એક વ્યવહાર ખાતર નિભાવી લેવો બીજી વાત છે. પણ અંદરમાં નિશ્ચય રાખીને, નિર્ણય રાખીને કે ખરેખર કોઈ આત્માને, કોઈ આત્માનો કોઈપણ પ્રકારનો સંબંધ છે જ નહિ. એ નિશ્ચય, એ જ્ઞાન રાખીને. જેમ આપણે વ્યવહાર કરીએ છીએ. ભાઈ ! એક પાણીનો પ્યાલો આપજો. જ્ઞાનમાં બરાબર છે કે, પ્યાલો પાણીનો નથી જ. બોલીએ છીએ શું ? પાણીનો પ્યાલો આપો. જ્ઞાનમાં ચોક્કસ વાત છે કે પાણીનો પ્યાલો નથી. પ્યાલો તો કાં ધાતુનો છે કાં કાચનો છે, પણ પાણીનો પ્યાલો છે જ નહિ. એમ નિશ્ચયનું જ્ઞાન રાખીને વ્યવહારની ભાષા કે વ્યવહારના પરિણામ થાય છે એ બીજી વાત છે. અને એમ માની લેવામાં આવે તો ઘણો અનર્થ છે એની અંદર. એમાં ઘણો અનર્થ થાય છે એમ છે ખરેખર.

**'કોઈને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી; અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે,...'** પુત્રપણું માનીને પણ તેમ કર્યું છે અને પિતાપણું માનીને પણ પરિણામ બગાડ્યા જ છે. કોઈ તો બહુ જે ડાહ્યા સંસારમાં

ગણાય છે એ તો વળી પુત્રના પુત્રનું સાજું કરવા રોકાય છે. ભાઈ ! દીકરાને ત્યાં દીકરો છે એનું પણ જીવન બરાબર વ્યવસ્થિત ચાલે એટલે સુધી મારે વ્યવસ્થા કરવી જોઈએ. તો ત્યાં સુધીનો વિચાર કરે છે. અને લોકો સંસારમાં એને ડાહ્યો માણસ ગણે છે. જ્ઞાનીઓ એને વધારે મૂરખ ગણે છે કે આની મુર્ખાઈ થોડી વધી છે. એટલે પોતાનું તો ઠામુકું વિચારતો નથી. દીકરાનું વિચારતો હતો. હવે દીકરાના દીકરાનો વિચાર કરવા માંડ્યો પાછો. એટલે જ્યારે એને પોતાની કાંઈ પડી નથી ત્યારે એ વિચાર એ રીતે પાછો લંબાય છે.

મુમુક્ષુ :– અમારી બાજુ સાત પેઢીનું વિચારે.

પૂજ્ય ભાઈશ્રી :– સાત પેઢીની વ્યવસ્થા વિચારે એમ ને ? સાત પેઢી સુધી વાંધો ન આવવો જોઈએ. એને સમજદાર કહે, ડાહ્યો કહે, સમજદાર કહે, વિચક્ષણ કહે, બુદ્ધિશાળી કહે. એ દુનિયાના ડાહ્યા, જ્ઞાનીઓની નજરમાં મોટા મૂર્ખા છે. દુનિયાના જે ડાહ્યા ગણાતા હોય એ જ્ઞાનીઓની નજરમાં મૂર્ખા માણસો છે. એને મૂર્ખ ગણે છે. કેમ કે પોતાનું અહિત સાધે છે અને બીજાનું હિત સાધવાનું માત્ર અભિમાન કરે છે, સિવાય કાંઈ કરી શકતો નથી.

મુમુક્ષુ :– કરોડો રૂપિયા આપ્યા જે માણસે એનો છોકરો ભીખ માગતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :– એ બેઠો હોય અને ભીખ માગતો થઈ જાય. જાય પછી નહિ. બેઠો હોય અને થઈ જાય. એવા દાખલા જોયા છે. એવા નજર સામે દાખલા જોયા છે. પોતે બહુ સાધારણ સ્થિતિમાં (હતા). આ દેશમાં તો લગભગ બધા બીજી, ત્રીજી પેઢીએ જુઓ તો બધા સામાન્ય સ્થિતિના જ માણસો હોય. બે, ચાર, પાંચ પેઢીથી શ્રીમંત હોય એવા તો કોઈક જ. સોમાં એક-બે માંડ નીકળે, નીકળે તો. એ બહુ સાધારણ સ્થિતિમાં ખૂબ પરિશ્રમ કરીને, મજૂરી કરીને શ્રીમંતાઈ આવી ગઈ હોય. અને છોકરાઓ બધા શ્રીમંતાઈમાં ઉછર્યા હોય. એ છોકરાઓ પાછા સટ્ટા-પટ્ટા કરીને કે એવા વેપારના મોટા ધંધા Capacity બહારના કરીને આ ભાઈ બેઠા હોય ત્યાં સુધીમાં તો વહાણ પાછું ડૂબાડે. હવે એની શું સ્થિતિ થાય કહો ? એય...! હું મહેનત કરી કરીને મરી ગયો. આ લોકોને આટલું સાજું કરી દીધું હતું પણ સાચવી શક્યા નહિ. એ ટાળી દીધું બધું. દુઃખી... દુઃખી... દુઃખી... એવા પરિણામ બગાડે... એવા પરિણામ બગડે.. જાય અધોગતિમાં.

મુમુક્ષુ :– સાજુ કરી દેવામાં પણ આકુળતા કરીને પાપ જ કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધું એકાંત. બધું એકાંતે પાપના પોટલા છે. ત્યાં તો પુણ્ય થવાની જગ્યા જ નથી. કુટુંબ સામુ જોવે અને પુણ્યના પરિણામ થાય એ ત્યાં અવકાશ જ નથી. એટલે એક જગ્યાએ તો એમણે કાજળની કોટડી કહી છે. કાજળની કોટડીમાં ડાઘ લાગ્યા વિના રહે નહિ. એવો એ પ્રકાર છે.

મુમુક્ષુ :– કરી દીધું ત્યારે આકુળતા અને વ્યાકુળતા કરી. પછી એને થયું હવે તો સુખ છે. એમાં આકુળતા-વ્યાકુળતા જ આવી, પેલાએ ઉડાડી દીધું ત્યારે..

પૂજ્ય ભાઈશ્રી :– એ તો ન ઉડાડ્યું હોય તો પણ આકુળતા કરે અને ઉડાડે કરે તો પણ આકુળતા. એને આકુળતા સિવાય ત્યાં થાય શું ? એનો જે પોતાની માનેલી સંપત્તિનો ઉપરનો જે રસ છે, મોહવશ જે રસ છે, એ રસમાંથી આકુળતા સિવાય બીજું કાંઈ જન્મે જ નહિ. મોટી ઉંમરના લગભગ માણસો બેચેન શા માટે હોય છે ? બાહ્ય દૃષ્ટિએ લોકો સુખી કહેતા હોય એવા માણસોને પણ ચેન કેમ પડતું નથી ? કે એને પ્રકારનો જે રસ તીવ્ર થઈ ગયો છે કે મારે આટલું છે અને મેં આટલું મેળવ્યું. મેં આટલું મેળવ્યું અને મારે હજી આટલું છે. એ ઉપરનો જે રસ છે, જડ પદાર્થની માલિકીનો અને મોહભાવનો જે રસ છે મમત્વનો, એ ચૈતન્યની શાંતિને હણે છે, એનું ખૂન કરે છે. પછી એમાંથી બેચેની અને એ બધું ઉત્પન્ન થાય છે.

'અમેરિકા'માં લોકો શા માટે બેચેન છે ? ધનાઢ્ય દેશ છે. અને એટલા બધા અનુકૂળતાના સાધનો છે. કેટલાક સાધનોમાં સો-બસો વર્ષ હજી આપણે અહીંયાં પાછળ છીએ. એવી અનુકૂળતાના સાધનો ત્યાં વસાવેલા છે. છતાં એને બેચેની કેમ છે ત્યાં ? રાત્રે ઊંઘ આવતી નથી. ટીકડીઓ લેવી પડે. ઇંજેક્શનો લેવા પડે. દિવસે કામ કરવાનો મૂડ રહે નહિ. ઘરના વિમાનો અને હેલિકોપ્ટરો હોય, મોટરો હોય એમ નહિ. પણ ક્યાંય સખ ન પડે એનું શું કારણ છે ? કે ચૈતન્યને જડ પ્રત્યેનો જે તીવ્ર રસ છે એ ચૈતન્યની શાંતિનો એના પ્રાણનો ઘાત કરે છે. એમાં એ શાંતિમાંથી વિપરીત એવી અશાંતિને ઊભી કરે, કરે ને કરે જ.

મુમુક્ષુ :– પુત્ર માટેની વાત સમજાય છે, પોતાના મા-બાપ, પત્ની પ્રત્યે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ કોઈ કર્તવ્યનો પ્રશ્ન જ નથી. વ્યવહારે જે છે એ વ્યવહાર ચલાવી લ્યો, નિભાવી લ્યો, જે વ્યવહાર ગણાતો હોય તે વ્યવહાર નિભાવી લ્યો.

પણ સાચું એમ જાણવાનું છે કે ખરેખરે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :– આ એક Side થઈ. પત્નીને પતિ પ્રત્યેની ફરજ હોય ને.

પૂજ્ય ભાઈશ્રી :– એ ચર્ચાનો પ્રસંગ નથી અત્યારે. વિષયાંતર થાય એવું છે. પણ ખરી વાત એ છે કે, આ જીવે પોતાની અહિત કે હિત સાધવું એનો વિવેક અવશ્ય કરવા જેવો છે. પૂર્વ પ્રારબ્ધના યોગે જે કુટુંબની વચ્ચે આવ્યો છે, જે કુટુંબની વચ્ચે રહ્યો છે એ કુટુંબનું તીવ્ર મમત્વ કરીને, કોઈ એક સભ્યનું કે બધાનું, એકનું કે અનેકનું તીવ્ર મમત્વ કરીને આ જીવે પોતાને અધોગતિમાં ધકેલવા જેવું નથી. એ ભૂલ કરવા જેવી નથી. આ એનો સંક્ષેપ છે.

મુમુક્ષુ :– ૨૧૦ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :– ૧૦૩ પત્રાંક. ૨૩ મું વર્ષ છે.

**'કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે.'** કુટુંબમાં બહુ ગમે. કુટુંબ કહળ્યુ કુટુંબ 'ગુરુદેવ' કહેતા ને ? આમ એવો રસ પડે ને અમારું કહળ્યુ કુટુંબ છે. અમને અમારા કુટુંબીઓ વચ્ચે બહુ મજા આવે. બધા એય..ને ભેગા થયા હોય, ખાતા હોય, પિતા હોય, મજા કરતા હોય અને આનંદથી રહેતા હોય. એ સંસાર વધારવાના પરિણામ છે. બીજું કાંઈ એમાં નથી.

**'કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો...'** એમ અમારું કુટુંબ બહુ સારુ. બહુ સુધારો-વધારો ઘણો બધા નીતિ-નિયમ એવા બધા કરેલા છે. એમ. **'તોપણ એકાંતથી...'** એટલે કે એ ઘેરાની વચ્ચે નહિ. પણ **'એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો...'** કેટલો ? એકસોમો ભાગ **'પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી.'** અત્યારે તો એવું કુટુંબ નથી કે બધી સરખાય હોય. પણ ચક્રવર્તી એટલા પુણ્ય લઈને આવ્યા છે કે બધા એને અનુકૂળ જ રહે, કોઈ એને પ્રતિકૂળ ન થાય. અહીંયાં તો એક સીધો ચાલે તો એક આડો ચાલે. ત્યાં તો એને હજારોની સંખ્યામાં, લાખોની સંખ્યામાં ગમે તેટલા સગા હોય એ બધા એને અનુકૂળ... અનુકૂળ... અનુકૂળ... એકદમ અનુકૂળ રહે તો પણ એ જ્યારે પોતાનું હિત સાધવા નીકળે છે ત્યારે એ અનુકૂળતાઓની વચ્ચે રહેવું એ પણ એને બહુ મોટી ઉપાધિ લાગે છે.

**'તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે**

**નિમિત્ત છે; મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે.'** મોહનો તો પર્વત છે, કહે છે. **'પ્રત્યેક અંતરગુફામાં તે જાજવલ્યમાન છે.'** એની બધી ગુફામાં મોહ તો સળગેલો છે. **'સુધારણા કરતાં વખતે શ્રાદ્ધોત્પત્તિ થવી સંભવે છે, માટે ત્યાં અલ્પભાષી થવું, અલ્પહાસી થવું,...'** કુટુંબ વચ્ચે ઓછું બોલવું, એમ કહે છે. ઝાઝું બોલવું નહિ, ઝાઝું હસવું નહિ. **'અલ્પપરિચયી થવું,...'** ઝાઝાનો પરિચય કરવો નહિ. આ તો નવરા થાય એટલે ચાલો ફલાણાને ત્યાં. આપણા આ સગાને ત્યાં જઈ આવીએ, આ સગાને ત્યાં જઈ આવીએ, આને મળી આવીએ અને આને મળી આવી એ. અહીંયાં કહે છે.. ૨૩ માં વર્ષે આ વાત કરે છે હોં, ! **'અલ્પપરિચયી થવું, અલ્પઆવકારી થવું,...'** જાવું પણ ઓછું, આવવાનું પણ ઓછું થાય એમ કરવું. મારા ઘરે બધા આવો... મારા ઘરે વારેઘડીએ બધા આવો... જલ્દી જલ્દી બધા આવો. એ વાત નથી. પરિચય ઘટાડવો છે ને ? જવું-આવવું બેય લઈ લીધું.

**'અલ્પ ભાવના દર્શાવવી,...'** બહુ ભાવુકતામાં આવીને પરિણામ બગાડવા જેવા નથી. **'અલ્પભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું,...'** સહચાર પણ અલ્પ રાખવો. **'અલ્પગુરુ થવું,...'** બધાને બહુ શિખામણ આપવી નહિ. કેટલી વાતો ૨૩ મા વર્ષે લખી છે ! બધાને નહિતર શિખામણ આપ્યા કરે જુઓ ! તમારે આમ રહેવું, તમારે આમ રહેવું જોઈએ, તમારે આમ કરવું જોઈએ, તમારે આમ ન કરવું જોઈએ. એટલે કુટુંબમાં કાંઈ બહુ ગુરુ થવાની પણ જરૂર નથી. **'પરિણામ વિચારવું, એ જ શ્રેયસ્કર છે.'** ૨૩ મા વર્ષે કેટલો વિવેક છે એમને !

મુમુક્ષુ :– પરિણામ એટલે Result.

પૂજ્ય ભાઈશ્રી :– હા પરિણામ એટલે Result. પરિણામ વિચારવું. પરિણામ એટલે એનું ફળ વિચારવું. આ બધા પરિણામોનું ફળ વિચારવું. **'એ જ શ્રેયસ્કર છે.'**

**'અને કોઈ જીવ હજુ સુધી તો તો પિતાપુત્ર થઈ શક્યા પણ નથી.'** માને ભલે પણ ખરેખર થઈ શકતા નથી. **'સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા,...'** એમ કહેવાય છે. **'પણ વિચારતાં આ વાત કોઈ પણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે.'** અશક્ય અને અસંભવિત છે. કોઈ આત્મા જગતનો છે, એ જગતનો સ્વતંત્ર આત્મા છે એમાં બીજી કલ્પના કરવી એ જીવને પોતાને નુકસાન કરવા જેવું છે.

**'અનુત્પન્ન એવો આ જીવ...'** જે ઉત્પન્ન થઈ શકતો નથી એવો જીવ **'તેને પુત્રપણે ગણવો,...'** કે આ મારાથી ઉત્પન્ન થયો છે. **'તેને પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું...'** અભિપ્રાય રહેવો કે એવા પરિણામ રહેવા **'એ સૌ જીવની મૂઢતા છે,...'** એ વિપર્યાસ છે, તે અવિવેક છે. એ માઠા પરિણામ અને મૂઢતાના પરિણામ છે. **'અને તે મૂંઢતા કોઈ પણ પ્રકારે સત્સંગની ઇચ્છાવાળા જીવને ઘટતી નથી.'** મુમુક્ષુની વાત છે ને ? જે મુમુક્ષુ સત્સંગના ઇચ્છાવાન છે એને આ બધા પરિણામ એકદમ વિચારે કરીને શિથિલ થઈ જવા જોઈએ.

વસ્તુના સ્વરૂપની વિચારણા કરતા, આ વસ્તુ સ્વરૂપમાં જાય છે. કે **'અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો,,,'** કે બીજી કોઈ રીતે ગણવો, **'કે ગણવવાનું ચિત્ત રહેવું...'** એટલે એનું મન એમ રહ્યા કરે કે આ મારો દીકરો છે.. મારો દીકરો છે... ગમે તેમ તો મારો દીકરો છે ને, ગમે એમ તો મારો દીકરો છે ને. એવું જે ચિત્તમાં રહ્યા કરે છે **'એ સૌ જીવની મૂઢતા છે.'** કેવળ અવિવેક છે અને કેવળ એની મતિ મૂંઢાઈ ગઈ છે. બીજું એમાં કાંઈ થયું નથી. એમ માનવામાં મતિ મૂંઢાયેલી છે એમ કેહવું છે. એવું છે.

સંસારના માર્ગને અને મોક્ષના માર્ગને એક પાણ મળતી આવે એવું નથી. એક પાણ પણ મળતી આવે એવું નથી. આણપાણમાં આખું તો મળે એમ ન આવે, પણ એનો એક અંશ પણ મળતો આવે એવું નથી. એટલે સત્સંગની ઇચ્છાવાળામાં મુમુક્ષુજીવ લીધા. પાછા એમ કહે કે જ્ઞાનીઓને આ ઉપદેશ છે, આ તો મહાન યોગીઓની વાત છે, આ તો જંગલમાં જઈને બેઠા હોય એની વાત છે એમ નથી. કુટુંબમાં, કુટુંબ મધ્યે રહેતો હોય અને જેને સત્સંગની ભાવના હોય, આત્મહિતની ભાવના હોય એને આ વાત પહેલે નક્કી કરવી પડશે. જ્યાં ઊભો છે ત્યાંથી આગળ ચાલવું છે ને ? તો અહીંયાં કુટુંબ વચ્ચે તો ઊભો છે. કેવા પરિણામથી ઊભો છે ? આ એને પહેલો વિચાર કરવો પડશે.

**'જે મોહાદિ પ્રકાર વિષે તમે લખ્યું તે બન્નેને ભ્રમણનો હેતુ છે, અત્યંત વિટંબણાનો હેતુ છે.'** કોઈ પ્રસંગ બન્યો લાગે છે. આ 'ત્રિભુવનદાસ'ને પત્ર લખ્યો છે એને. લખ્યું છે એ તમારા બેયની ભ્રમણાનું કારણ છે. અને તમને એ દુઃખનું કારણ. વિટંબણા કહો કે દુઃખનું કારણ છે.

મુમુક્ષુ :– ભ્રમણ ?

પૂજ્ય ભાઈશ્રી :– તમને બંનેને ભ્રમણનું કારણ, ભ્રમણનો હેતુ છે. બરાબર છે. પરિભ્રમણનો હેતુ છે. **'જે મોહાદિ પ્રકાર વિષે તમે લખ્યું તે બન્નેને ભ્રમણનો હેતુ છે,...'** એટલે સંસારમાં રખડવાનો હેતુ છે. અને દુઃખનો હેતુ છે. **'જ્ઞાનીપુરુષ પણ એમ વર્તે તો જ્ઞાન ઉપર પગ મૂકવા જેવું છે,...'** જ્ઞાનીપુરુષ તો એમ વર્તે નહિ અને વર્તે તો એને એ જ્ઞાન ઉપર પગ મૂક્યો છે અથવા જ્ઞાન છોડી દીધું છે, જ્ઞાનનો એણે ત્યાગ કર્યો છે. **'જ્ઞાનીપુરુષ પણ એમ વર્તે તો જ્ઞાન ઉપર પગ મૂકવા જેવું છે, અને સર્વ પ્રકારે અજ્ઞાનનિદ્રાનો તે હેતુ છે.'** અજ્ઞાનરૂપી નિદ્રા. જેમાં કાંઈ ભાન રહેતું નથી અજ્ઞાનમાં, એનું કારણ છે.

**'એ પ્રકારને વિચારે બન્નેને સીધો ભાવ કર્તવ્ય છે.'** તમારા બંનેએ સીધો-સરળ જે ભાવ છે એ કર્તવ્ય છે. મોહભાવ કર્તવ્ય નથી. **'આ વાત અલ્પકાળમાં ચેતવાયોગ્ય છે.'** શીઘ્રપણે આ ચેતવા જેવી વાત છે. ભવિષ્યમાં એનો વિચાર કરશું એમ નહિ. અત્યારે વર્તમાનમાં ચેતવા યોગ્ય છે. **'જેટલો બને તેટલો તમે કે બીજા તમ સંબંધી સત્સંગી નિવૃત્તિનો અવકાશ લેશો...'** ચાલતી પ્રવૃત્તિમાંથી **'નિવૃત્તિનો અવકાશ લેશો...'** સત્સંગ અર્થે અને **'તે જ જીવને હિતકારી છે.'** આ આજ્ઞા આપી. સત્સંગ માટે નિવૃત્તિ લેવાની એમની આજ્ઞા છે. પ્રવૃત્તિમાં બેઠા છો પણ બને એટલો એમાંથી સમય કાઢી અને સત્સંગમાં આત્મહિતના કલ્યાણનો વિચાર કરવાયોગ્ય છે અને એ દિશામાં પ્રયત્ન કરવા યોગ્ય છે. અહીં સુધી રાખીએ...

જ્ઞાન (સામાન્ય) તે જીવનું સ્વરૂપ છે. જ્ઞાન વિશેષમાં વિપર્યાસ થાય તે જ્ઞાનનું અજ્ઞાનત્વ છે, અને અવિપરીત એવું જે જ્ઞાનનું પરિણમન છે, તે જ જ્ઞાનનું જ્ઞાનત્વ છે. આવી નિર્ગ્રંથ પ્રવચનમાં પરિભાષા છે.

(અનુભવ સંજીવની–૧૧૮૫)

પત્રાંક-૫૧૧

મોહમયી, અસાડ સુદ ૬, રવિ, ૧૯૫૦

શ્રી અંજારસ્થિત, પરમ સ્નેહી શ્રી સુભાગ્ય,

આપનો સવિગત કાગળ ૧, તથા પત્તું ૧ પ્રાપ્ત થયું છે. તેમાં લખેલાં પ્રશ્નો મુમુક્ષુ જીવે વિચારવા યોગ્ય છે.

જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યાં છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત અંદેશારહિત લાગે છે. જો એમ થયું હોત તો જીવને સંસારપરિભ્રમણ હોય નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે, કારણ જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી, અને આત્માર્થ પણ સાધી પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે, એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે; અને આ જીવે તો પૂર્વ કાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી; ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય, અને ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય, કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે. જે વાત સ્વપ્ને પણ આવતી નથી, તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે. તેમ આ જીવ પૂર્વ કાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે. એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી, અન તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી; અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા ક્યા

પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે; અને એ વાત જ્યારે જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.

શ્રી જિને આ જીવના અજ્ઞાનની જે જે વ્યાખ્યા કહી છે, તેમાં સમયે સમયે તેને અનંતકર્મનો વ્યવસાયી કહ્યો છે; અને અનાદિકાળથી અનંતકર્મનો બંધ કરતો આવ્યો છે, એમ કહ્યું છે; તે વાત તો યથાર્થ છે, પણ ત્યાં આપને એક પ્રશ્ન થયું કે, 'તો તેવાં અનંતકર્મ નિવૃત્ત કરવાનું સાધન ગમે તેવું બળવાન હોય તો પણ અનંતકાળને પ્રયોજને પણ તે પાર પડે નહીં.' જો કે કેવળ એમ હોય તો તમને લાગ્યું તેમ સંભવે છે; તથાપિ જિને પ્રવાહથી જીવને અનંતકર્મનો કર્તા કહ્યો છે, અનંતકાળથી કર્મનો કર્તા તે ચાલ્યો આવે છે એમ કહ્યું છે; પણ સમયે સમયે અનંતકાળ ભોગવવાં પડે એવા કર્મ તે આગામિક કાળ માટે ઉપાર્જન કરે છે એમ કહ્યું નથી. કોઈ જીવઆશ્રયી એ વાત દૂર રાખી, વિચારવા જતાં એમ કહ્યું છે, કે સર્વ કર્મનું મૂળ એવું જે અજ્ઞાન, મોહ પરિણામ તે હજુ જીવમાં એવું ને એવું ચાલ્યું આવે છે, કે જે પરિણામથી અનંતકાળ તેને ભ્રમણ થયું છે; અને જે પરિણામ વર્ત્યા કરે તો હજુ પણ એમ ને એમ અનંતકાળ પરિભ્રમણ થાય. અગ્નિના એક તણખાને વિષે આખો લોક સળગાવી શકાય એટલો ઐશ્વર્ય ગુણ છે; તથાપિ તેને જેવો જેવો યોગ થાય છે તેવો તેવો તેનો ગુણ ફળવાન થાય છે. તેમ અજ્ઞાનપરિણામને વિષે અનાદિકાળથી જીવનું રખડવું થયું છે. તેમ હજુ અનંતકાળ પણ ચૌદે રાજલોકમાં પ્રદેશે પ્રદેશે અનંત જન્મમરણ તે પરિણામથી હજુ સંભવે; તથાપિ જેમ તણખાનો અગ્નિ યોગવશ છે, તેમ અજ્ઞાનનાં કર્મપરિણામની પણ અમુક પ્રકૃતિ છે.

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એક જીવને મોહનીયકર્મનું બંધન થાય તો સિત્તેર કોડાકોડી સાગરોપમનું થાય, એમ જિને કહ્યું છે, તેનો હેતુ સ્પષ્ટ છે કે, જો અનંતકાળનું બંધન થતું હોય તો પછી જીવનો મોક્ષ ન થાય. એ બંધ હજુ નિવૃત્ત ન થયો હોય પણ લગભગ નિવર્તવા આવ્યો હોય ત્યાં વખતે બીજી તેવી સ્થિતિનો સંભવ હોય, પણ એવાં મોહનીયકર્મ કે જેની કાળ સ્થિતિ ઉપર કહી છે, તેવાં એક વખતે ઘણાં બાંધે એમ ન બને. અનુક્રમે હજુ તે કર્મથી નિવૃત્ત થવા પ્રથમ બીજું તે જ સ્થિતિનું બાંધે, તેમ બીજું નિવૃત્ત થતાં પ્રથમ ત્રીજું બાંધે; પણ બીજું, ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું એમ સૌ એક મોહનીયકર્મના સંબંધમાં તે જ સ્થિતિનું બાંધ્યા કરે એમ બને નહીં; કારણ કે જીવને એટલો અવકાશ નથી. મોહનીયકર્મની એ પ્રકારે સ્થિતિ છે. તેમ આયુષ કર્મની સ્થિતિ શ્રી જિને એમ કહી છે કે, એક જીવ એક દેહમાં વર્તતાં તે દેહનું જેટલું આયુષ છે તેટલાના ત્રણ ભાગમાંના બે ભાગ વ્યતીત થયે આવતા ભવનું આયુષ જીવ બાંધે, તે પ્રથમ બાંધે નહીં, અને એક ભવમાં આગામિક કાળના બે ભવનું આયુષ બાંધે નહીં, એવી સ્થિતિ છે. અર્થાત્ જીવને અજ્ઞાનભાવથી કર્મસંબંધ ચાલ્યો આવે છે, તથાપિ તે તે કર્મોની સ્થિતિ ગમે તેટલી વિટંબણારૂપ છતાં, અનંતદુઃખ અને ભવનો હેતુ છતાં પણ જેમાં જીવ તેથી નિવૃત્ત થાય એટલો અમુક પ્રકાર બાધ કરતાં સાવ અવકાશ છે. આ પ્રકાર જિને ઘણો સૂક્ષ્મપણે કહ્યો છે, તે વિચારવા યોગ્ય છે. જેમાં જીવને મોક્ષનો અવકાશ કહી કર્મબંધ કહ્યો છે.

આ વાર્તા સંક્ષેપમાં આપને લખી છે. તે ફરી ફરી વિચારવાથી કેટલુંક સમાધાન થશે, અને ક્રમે કરી કે સમાગમે કરી તેનું સાવ

સમાધાન થશે.

સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે. સર્વ જ્ઞાનીપુરુષે કામનું જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું છે, તે સાવ સિદ્ધ છે; અને જેમ જેમ જ્ઞાનીના વચનનું અવગાહન થાય છે, તેમ તેમ કંઈક કંઈક કરી પાછો હઠતાં અનુક્રમે જીવનું વીર્ય બળવાન થઈ કામનું સામર્થ્ય જીવથી નાશ કરાય છે; કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષનાં વચન સાંભળી જીવે જાણ્યું નથી; અને જો જાણ્યું હોત તો તેને વિષે સાવ નીરસતા થઈ હોત. એ જ વિનંતી. આ. સ્વ. પ્રણામ

તા. ૧૯-૯-૧૯૯૦, પત્રાંક – ૫૧૧
પ્રવચન નં. ૨૧૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્ર ૫૧૧. પાનું ૪૧૧.

**'શ્રી અંજારસ્થિત, પરમ સ્નેહી શ્રી સુભાગ્ય, આપનો સવિગત કાગળ ૧, તથા પત્તું ૧ પ્રાપ્ત થયું છે. તેમાં લખેલાં પ્રશ્નો મુમુક્ષુ જીવે વિચારવા યોગ્ય છે.'** 'અંજાર' વ્યવસાયને અર્થે 'સોભાગ્યભાઈ'ને જવાનું થતું હતું. ત્યાંથી પણ એમણે પત્રવ્યવહાર ચાલુ રાખેલો છે.

**'જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યાં છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત અંદેશારહિત લાગે છે.'** જે સાધન જીવે કર્યાં છે તે બધા બાહ્ય સાધન કર્યાં છે. બાહ્ય સાધન કર્યાં છે એટલે શાસ્ત્ર વાંચ્યું છે, પૂજા-ભક્તિ કરી છે, દયા-દાન-યાત્રા કર્યાં છે. એ બધું કર્યું છે. અને જપ-તપ જે કાંઈ કર્યાં છે એ બધા જ્ઞાનીપુરુષની આજ્ઞા અનુસાર નથી કર્યાં. પોતાની મતિ કલ્પનાએ

કર્યા છે એમ કહો કે સ્વચ્છંદે કર્યા છે એમ કહો. આ એક બહુ મહત્ત્વનો વિષય આ સ્થળે 'શ્રીમદ્જી'એ પ્રતિપાદન કર્યો છે.

બહુભાગ તો જીવે તે તે સાધનો જ્ઞાનીપુરુષની વિદ્યમાનતામાં કર્યા નથી. કેમ કે વિદ્યમાનતા ન હોય, શું કરે ? અને કદાચ કદાપિ વિદ્યમાનતા હોય તો એણે આજ્ઞામાં રહેવાની દરકાર કરી નથી, આજ્ઞાએ ચાલવાનું વિચાર્યું નથી અને આજ્ઞામાં રહીને આ કરવાથી મને લાભ છે, નહિતર મને કાંઈને કાંઈ વિપર્યાસ ઊભો રહેશે તો મને નહિ સમજાય, એ વિષય કદી વિચારમાં પણ આવ્યો નથી. જે વાત વિચારી ન હોય એની સાવધાની તો કરે પણ ક્યાંથી ? એ તો વિચારનો અમલ છે. એટલે એ પરિસ્થિતિમાં આ જીવે પૂર્વ કાળે અનેક પ્રકારના ધર્મસાધનને આદર્યા છે. ધર્મસાધન કર્યા છે અને એનું સંસાર પરિભ્રમણ એ સાધન કરવા છતાં મટ્યું નથી અને ચાલુ રહ્યું છે.

મુમુક્ષુ :– આ પૂજા, ભક્તિ કરીએ છીએ ... આ બધી પ્રવૃત્તિમાં જ્ઞાનીની આજ્ઞા લેવી, આજ્ઞાનું ....

પૂજ્ય ભાઈશ્રી :– હા. એમ જ છે. કાલે એક વાત કરી હતી કે, બહાર જઈને શાસ્ત્ર અધ્યયન કરે તો પણ 'ગુરુદેવે' એ વાત સંમત કરી નહોતી. એનો અર્થ એ કે જ્ઞાનીની આજ્ઞાએ એ બધું થયું નથી. શ્રીગુરુની આજ્ઞાએ નથી થયું.

હવે બીજો વિચાર અહીંયાં કર્તવ્ય છે. વાસ્તવિકતા શું છે આ વાતની ? કે, જ્યારે કોઈપણ જીવ, કોઈ મુમુક્ષુજીવ પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞાએ વર્તવા ચાહે અને તે પણ નાનામાં નાનું ધર્મસાધન કરે ત્યારે પણ એ આજ્ઞાએ કરવા ચાહે. ત્યારે એને જ્ઞાનીપુરુષનો અંગત સંબંધ કેટલો બધો હોય ? આ વિચારવા જેવો વિષય છે. વાસ્તવિકતા ક્યાં આવીને ઊભી રહે છે ? બધા મુમુક્ષુઓ એટલા નજીક હોતા નથી. એટલે એટલો તો એને અંગત સંબંધ પણ વાતચીતનો પૂછવાનો હોતો નથી. દૂરથી નમસ્કાર થઈ જાય છે. બોલવાનો વ્યવહાર કાં હોય નહિ, કાં બહુ અલ્પ હોય. એટલે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ધર્મસાધન કરનાર જ્ઞાનીપુરુષનો એક અંતેવાસીજન હોય છે એવી વાસ્તવિકતા આમાંથી નીકળે છે પાછી. અને ત્યારે એ પ્રકાર ઊભો થાય છે. નહિતર એ પ્રકાર ઊભો થતો નથી. એક વાત તો એમાંથી એ સિદ્ધ થઈ કે એની નજીકતા અને સમીપતા કેટલી છે ? દ્રવ્ય અને ભાવે, બેય પ્રકારે. એટલે સર્વાંગ

થઈ ગઈ. દ્રવ્ય-ભાવે એટલે.

મુમુક્ષુ :– દ્રવ્યે હોય અને ભાવે ન હોય તો ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો યોગ અયોગ બરાબર જ છે. ભાવે જ સમીપતા હોવી જોઈએ.

મુમુક્ષુ :– ભાવે સમીપ હોય પણ દ્રવ્યે સમીપ ન હોય તો પણ લાભનું કારણ તો થાય.

પૂજ્ય ભાઈશ્રી :– થાય જ. 'સોગાનીજી' લઈ લ્યો. દ્રવ્યે સમીપ નહોતા. ભાવે એટલા બધા સમીપ હતા કે બીજા બધા એનાથી પાછળ હતા. દ્રવ્ય સમીપતાનો એટલો કોઈ મહત્ત્વવાળો પ્રકાર નથી જેટલો ભાવ સમીપતાનો છે. અલબત્ત એમની ભાવના દ્રવ્ય સમીપતાની રહે છે, ભાવસમીપતા હોવાને લીધે. પણ દ્રવ્યસમીપતા હોય અને ભાવસમીપતા ન હોય તો એ દ્રવ્યસમીપતા શું કામની ? ઘરમાં ધન દાટેલું હોય અઢળક અને ખબર ન હોય તો ભીખ માગે. ભાઈસાહેબ ! મને કોઈક રોટલો આપજો, કોઈ કપડાં આપજો. ભીખ માગે. શું કરે ? દ્રવ્યે તો સમીપતા છે. શું કામની ? ખબર જ નથી એને. એ જ્ઞાનીપુરુષની સમીપ છે એની જ એને ખબર નથી.

મુમુક્ષુ :– સેવા ઘણી કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આજે સેવા કરે છે, કાલે શું કરશે ? કહેવું મુશ્કેલ છે. એટલે તો 'ટોડરમલજી'એ એને મદીરા પીધો હોય એવું લીધું છે. મદીરા પીધેલ માણસ માતાને માતા કહે છે. પણ એનું કાંઈ ઠેકાણું છે ? એનો કાંઈ ભરોસો છે કે શું બોલશે એ ? કેમ કે એણે તો મદીરા પીધી છે. એવી સ્થિતિમાં સેવા શું કે અસેવા શું ? બધું સરખું છે.

**'જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યાં છે,...'** બહુ સરસ પત્ર છે આ. **'તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત (અમને) અંદેશારહિત લાગે છે.'** એમાં શંકા નથી અમને. એ નિઃશંક વાત છે કે જ્ઞાનીપુરુષની આજ્ઞા લઈને જીવ ચાલ્યો નથી. **'જો એમ થયું હોત તો જીવને સંસારપરિભ્રમણ હોય નહીં.'** જ્ઞાનીપુરુષના વચન, જ્ઞાનીપુરુષની આજ્ઞા, જ્ઞાનીપુરુષના વિકલ્પનું અનુસરણ એ પણ આજ્ઞાનું જ અનુસરણ છે. એનું મહત્વ લગભગ સમજવામાં નથી કે આનું મહત્ત્વ

શું છે ? જેમ કોઈ મૂળા-ભાજીની કિંમત નથી. બે રૂપિયે કીલો એના જેવી ચીજ થઈ ગઈ છે. એ તો બોલ્યા હશે, એ તો કીધું હશે, એ તો ભૂલથી કીધું હશે, એ તો કોઈકે સમજાવી દીધું અને કીધું હશે. કોઈએ આમ કરી હશે માટે એમ કીધું હશે. એમ કરીને પોતાને સ્વચ્છંદે જીવ ચાલવાની પ્રવૃત્તિ કરે છે. નહિતર પ્રાણ જાય તો પણ આજ્ઞા તોડે નહિ. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :– એક પ્રકાર એવો પણ થાય કે મને ક્યાં સીધું કીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા પણ તને સીધું નથી કીધું. પણ તને લાગુ પડતું હોય તો તું સીધો જા ને ! જો તને એ વાત સંબંધિત હોય તો તારે નક્કી કરવાની ફરજ નથી ? તારા ઘરે કહેવા આવે ? એ મહાપુરુષ પોતે ઊઠીને એના ઘરે કહેવા જાય કે જો તારા માટે આમ કીધું હતું. હવે તું જોજે ભૂલ કરતો નહિ. અને જો ઊઠીને કહેવા જાય તો આ માને નહિ. આ વાત નક્કી છે. એવો જીવનો સ્વચ્છંદ હોય છે.

એક જગ્યાએ લખે છે, કોઈ વ્યક્તિગત નામ નથી લીધું પણ એક પત્રમાં એવું લખ્યું છે કે, 'અત્યારે અમે કહીએ તો તેઓ માને એવું નથી. એમની સ્થિતિ જોતાં એમ લાગે છે કે તીર્થંકર કહે તો પણ એ માને એવું લાગતું નથી.' એવું લખ્યું છે. આ સ્વચ્છંદ જે દોષ છે એના જેવો મહાદોષ મુમુક્ષુની ભૂમિકામાં અહિત કરનારો બીજો નથી. અને એમાંથી અનેક પ્રકારના દોષો ફૂટી નીકળે છે. (હવે) શું કહે છે ?

પૂર્વ કાળે એટલે ભૂતકાળે આ જીવે જે જે સાધન કર્યાં છે, **'તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત અંદેશારહિત લાગે છે.'** એટલો સમીપ જ ગયો નથી. જ્ઞાનીપુરુષની આજ્ઞાએ એ સાધન કરે એટલો જ્ઞાનીની સમીપ જ ગયો નથી. **'જો એમ થયું હોત તો જીવને સંસારપરિભ્રમણ હોય નહીં.'** આ નક્કી વાત છે. **'કેમ કે જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે,...'** આગળીયો છે. જીવ ભવભ્રમણ ન કરે એના માટે જ્ઞાનીપુરુષની આજ્ઞા એ આડો પ્રતિબંધ થઈને ઊભી રહે છે. એવી ભૂલ ન કરવા દે એના અંતેવાસીને કે આ આમ નથી કરવાનું. એની ગંભીરતા એને ખ્યાલમાં ન હોય, એમ જ્ઞાનીપુરુષને ખ્યાલમાં હોય. ઉપરથી અલ્પ દેખાતો એવો દોષ, અંદરથી કેટલો ભયંકર છે એનું જ્ઞાન જે જ્ઞાનીપુરુષને છે એ જ્ઞાન સામાન્ય મુમુક્ષુને હોતું નથી.

**'જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે, કારણ**

**જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી,...'** જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી. અર્થ એટલે પ્રયોજન. એક આત્માર્થનું જ પ્રયોજન છે. જ્ઞાનીપુરુષની આજ્ઞામાં લૌકિક પ્રયોજન નથી, સામાજિક પ્રયોજન નથી. એકલું આત્માર્થનું જ પ્રયોજન હોય છે. **'અને આત્માર્થ પણ સાધી...'** પોતે તો આત્માર્થ સાધ્યો છે. અને **'પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે,...'** પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે, પ્રારબ્ધવશાત્ જેની વાણી છે. મન-વચન-કાયાના ત્રણે યોગ લઈ લેવા. એક નહિ. એ પ્રારબ્ધવશાત્ જેને છે. **'એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે;...'** આત્માર્થમાં જ એને રાખે. આત્મ અહિત એનું ન થાય એનું લક્ષ, એનું જ્ઞાન એ બધો ચોકસાઈનો પ્રકાર એમના જ્ઞાનમાં વર્તે છે. એ મુમુક્ષુના જ્ઞાનમાં વર્તતો નથી.

**'એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે; અને આ જીવે તો પૂર્વ કાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી;...'** એને આત્માનું હિતનું હિતરૂપ જે પ્રયોજન, એ પ્રયોજન એણે જાણ્યું નથી, સમજાયું નથી. **'ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે.'** તે તે સાધન કરતાં. જેટલા જેટલા સાધન કર્યા, પૂજા-ભક્તિ, સ્વાધ્યાય, યાત્રા, દયા-દાન, જપ-તપના જેટલા સાધન કર્યા, ત્યાગ-ફ્યાગ કર્યા એ બધાં આત્માર્થનું વિસર્જન કરીને કર્યા છે. આત્માર્થને સ્મરણમાં પણ રાખ્યો નથી. વિસ્મરણ થઈ ગયો છે એને, કર્યા કર્યું છે એણે.

**'તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય,...'** પોતાની કલ્પના કરીને સાધન કરે તેથી આત્માર્થ ન થાય, **'અને ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય,...'** આમ છે. કેમ કે સાધન તો કાંઈને કાંઈ કરે છે. આવ્યો છે ધર્મના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરવા માટે, કાંઈક કાંઈક ધર્મસાધનની પ્રવૃત્તિ કરે છે. આત્માર્થ સાધતો નથી. ત્યારે શું સાધે છે ? કે હું મારા કલ્યાણ માટે કાંઈકને કાંઈ પ્રવૃત્તિ કરી રહ્યો છું એવું દુષ્ટ અભિમાનને સાધે છે. પર્યાયબુદ્ધિથી આ ઊભું થયા વિના રહે નહિ. પર્યાયબુદ્ધિ હોવાને લીધે આ ઊભું થયા વિના રહે નહિ. ત્યારે દરેક કાર્ય કરતાં જ્ઞાનીપુરુષની સમીપમાં એ પ્રકાર તો Automatic થાય છે.

એવું નથી કે વાતે વાતે પૂછે કે આજે હું પૂજા કરું કે નહિ ? આજે હું ભક્તિ કરું કે નહિ ? આજે હું મારું ફલાણું કામ કરું કે નહિ ? એમ નથી. પણ એને સમીપતામાં એટલી બધી વિનમ્રતા અને આજ્ઞાંકિતપણું રહે છે કે એ જે કાંઈ સાધન કરે છે એનું

અહંપણું આવવાનો પ્રસંગ નથી ત્યાં. માન, નિર્માનપણાના અભાવમાં ઉત્પન્ન થાય છે. સત્પુરુષની સમીપ જતાં નિર્માનપણું આપોઆપ એટલું ઊભું થાય છે કે પોતે સાધન કરે છે એમાં એ પહેલેથી જ એમ લઈ લે છે કે આ બિરાજે છે સત્પુરુષ એની પાસે મારા સાધનની શું કિંમત છે ? મેં કાંઈ સાધન કર્યું એની કિંમત શું છે ? આ દશાએ મારે પહોંચવાનું છે. મારું કોઈ સાધન ગમે તે કરતો હોય તો શું થઈ ગયું ? આપોઆપ જ એને જે પર્યાયબુદ્ધિથી થતું જે અહંપણું એ સમીપતામાં જ ટળી જાય છે. તો એ આપોઆપ જ્ઞાનીપુરુષની આજ્ઞામાં ત્યાં રહ્યો છે.

એમની સામે જુએ છે એ જ એની આજ્ઞા થઈ ગઈ છે. એની સામે જોવાનું બંધ કરે છે એટલે એ ગૌણ કરે છે, એટલે આજ્ઞા બહાર જાય છે, એટલે વિમુખતા થઈ જાય છે, અવગણના થઈ જાય છે, વિમુખતા થઈ જાય છે. આ પ્રકાર બહુ મહત્ત્વનો વિષય છે. કેમ ? કે જીવની મિથ્યાત્વ અવસ્થામાં તો પર્યાયબુદ્ધિ છે અને પર્યાયબુદ્ધિને કારણે પર્યાયમાં અહંપણું થવું બહુ સહજ સ્વાભાવિક છે. અસ્વાભાવિક નથી. સહેજે થઈ જાય. ત્યારે હવે અજ્ઞાનદશામાં ઉપાય શું આનો ? એટલા માટે એમણે સત્પુરુષનું જે સાનિધ્ય છે એના ઉપર વધારે વજન આપ્યું છે કે સહેજે સહેજે એને જે-તે સાધન કરતા અહંપણું  ન થાય એ પરિસ્થિતિ એની સહેજે સહેજે રહે. એટલે એ જ્ઞાનીપુરુષની આજ્ઞા એને ભવમાં જવા માટે આડા પ્રતિબંધ જેવી થઈને ઊભી રહે છે.

વળી, જ્ઞાનીપુરુષના શ્રીમુખેથી જે વચનો નીકળે છે એમાં પણ એ વિષય સારી રીતે આવે છે. જે સ્વલક્ષે શ્રવણ કરે છે એને તરત જ ખ્યાલ આવે છે કે આમાં મને કેટલું લાગુ પડે છે ? મને કેટલું અંગીકાર કરવા જેવું લાગે છે ? મારે કેટલું ગ્રહણ કરવા જેવું લાગે છે ? મારા પ્રયોજનની અને મારા કામની વાત આ આવી ગઈ. એ તરત જ એનું લક્ષ ખેંચાય છે, સ્વલક્ષ હોવાથી. એટલે પણ એને એ આજ્ઞા અનુસરણ કરવા જેવું થાય છે. ન પૂછે તો પણ આ બે તો વગર પૂછ્યે એને આજ્ઞામાં રહેવાનો પ્રકાર થાય છે. અને એથી આગળ ચાલીને એને ક્યાંય પણ વિકલ્પ આવે તો પૂછી લે છે. એટલી સમીપતા છે. કે આપની આજ્ઞા હોય તો આટલું કરવું છે. આપની આજ્ઞા હોય તો આટલું કરવાની ઇચ્છા છે. અથવા આમ કરવાનો ભાવ થયો છે એમાં એમનો નકાર આવે છે કે હકાર આવે છે ? સીધી આજ્ઞા ન લે તો પણ એમના વિકલ્પને સમજી લે છે. વિકલ્પ અનુકૂળ ન લાગે તો આજ્ઞા સમજીને

છોડી દે છે. એ રીતે બહુ વિચક્ષણતાથી સમીપતામાં રહેવાનું થાય તો જીવને ભવભ્રમણનો નાશ થાય એવી એક આ સુગમ પદ્ધતિ, કાર્યપદ્ધતિ છે. આ રીતે જો એ કાર્યપદ્ધતિમાં હોય તો બહુ સહેલાઈથી સંસારને તરી જઈ શકે છે. નહિતર પરિભ્રમણનો અંત નથી, એ વાત પણ ભૂલવા જેવી નથી.

મુમુક્ષુ :- આત્માર્થી બનવા માટે ચાર કષાય અનાદિકાળથી....

પૂજ્ય ભાઈશ્રી :- એનો રસ મંદ થવો જોઈએ. ચારે કષાયનો રસ મંદ થવો જોઈએ. પણ આત્મહિતની તીવ્ર ભાવના થતાં એ કરવા માટે બીજું કાંઈ કરવું પડતું નથી. આત્મહિતની તીવ્ર ભાવના જ એના માટે પૂરતી છે.

શું કહે છે ? **'પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય, અને ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય, કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે.'** એ જીવને સંસારનો હેતુ છે. એવી જ વાત એમણે શાસ્ત્રસ્વાધ્યાય ઉપર લીધી છે આગળ. લગભગ પ્રારંભમાં છે. (પત્ર) ૪૨૨, પાનું ૩૬૧. પહેલા પેરેગ્રાફથી.

**'શમ, સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે, અથવા વૈરાગ્યવિશેષ,...'** થયે, અથવા પોતાના દોષ જોવામાં **'નિષ્પક્ષપાતતા થયે,...'** પોતાના દોષ કે પોતાને જેના ઉપર મમત્વ હોય, પક્ષપાત હોય, સંબંધ હોય એના દોષ જોવામાં પણ નિષ્પક્ષપાત **'થયે, કષાયાદિ પાતળાં પડ્યે...'** આ રસ ઘટે. ચારે કષાયનો રસ ઘટે એટલે પાતળાં પડ્યો. મંદ થયે એમ ન કહ્યું. રસમાં ઘટ્ટપણું છે અને પાતળાપણું છે.

તે **'પાતળાં પડ્યે તથા કંઈ પણ પ્રજ્ઞાવિશેષથી સમજ્યાની યોગ્યતા થયે...'** સમજવા માટેની વિશેષ યોગ્યતા નિર્મળ ક્ષયોપશમની પ્રાપ્ત થયે. પ્રજ્ઞાવિશેષ એટલે નિર્મળ ક્ષયોપશમ. **'જે સદ્‌ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો,...'** એવી સ્થિતિમાં પણ સદ્‌ગુરુના ગમે પાછો. પોતાની મતિ કલ્પનાએ નહિ. **'સદ્‌ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો, ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવા છે,...'** અનઅધિકારી જીવને એ શસ્ત્ર થઈ પડે છે. કોઈ એક વચન પોતાને રુચિમાં ફાવતું પકડે છે, મુખ્ય કરે છે અને એનો ઝંડો લઈને સ્વચ્છંદને સેવે છે.

**'ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવા છે, તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઈ,...'** કેવી રીતે વાંચે છે ? પોતાની કલ્પનાએ ઠીક પડે તેમ. ઠીક પડે તેમ એટલે

એને પોતાને ફાવે તેમ, પોતાની રુચિને અનુકૂળ પડે–વિપરીત રુચિને અનુકૂળ પડે **'જેમ તેમ વાંચી લઈ, નિર્ધારી લઈ,...'** એનો નિર્ણય કરી, ધારણા કરી **'તેવો અંતર્ભેદ થયા વિના...'** અંદરથી મોહ–દર્શનમોહને ભેદાયા વિના. દર્શનમોહ ઉપર ઘા પડ્યા વિના. એને અંતર્ભેદ કહે છે. **'અથવા દશા ફર્યા વિના...'** દિશા ફર્યા વિના, દશા ફર્યા વિના, સન્મુખતાનો પ્રયત્ન જે છે એ થયા વિના અને **'વિભાવ ગયા વિના...'** વિભાવ મોળો પડ્યા વિના.

**'પોતાને વિષે જ્ઞાન કલ્પે છે,...'** એને એમ થાય છે કે મેં આ અધ્યાત્મ શાસ્ત્રો વાંચ્યા, એનો નિર્ણય કર્યો, મને સમજણ પડી. એ **'પોતાને વિષે જ્ઞાન કલ્પે છે, અને ક્રિયા તથા શુદ્ધ વ્યવહારરહિત થઈ વર્તે છે, એવો ત્રીજો પ્રકાર શુષ્કઅધ્યાત્મીનો છે.'** આ શુષ્કઅધ્યાત્મ કોને કહે છે ? **'ઠામ ઠામ જીવને આવા યોગ બાઝે તેવું રહ્યું છે, અથવા તો જ્ઞાનરહિત ગુરુ કે પરિગ્રહાદિઇચ્છક ગુરુઓ,...'** બેંકમાં ખાતા હોય, આત્મજ્ઞાન હોય નહિ. **'પરિગ્રહાદિઇચ્છક ગુરુઓ, માત્ર પોતાનાં માન-પૂજાદિની કામનાએ ફરતા એવા,...'** પરિભ્રમણ કરતા એવા, ગામેગામ ફરતા ફરે. પોતાના Groupને બરાબર જાળવવા. **'પોતાના માન-પૂજાદિની કામનાએ ફરતા એવા, જીવોને અનેક પ્રકારે અવળે રસ્તે ચડાવી દે છે;...'** જુઓ ! **'અને ઘણું કરીને ક્વચિત્ જ એવું નહીં હોય. જેથી એમ જણાય છે...'** લગભગ આ જ પરિસ્થિતિ છે બધે.

**'જેથી એમ જણાય છે કે કાળનું દુષમપણું છે.'** એ કાળની દુષમતાનું એક મુખ્ય લક્ષણ છે એમ કહ્યું છે. પછી બે-ચાર-પાંચ લીટી છોડીને. **'માટે વિચારવાન જીવે તે લક્ષ રાખી, ઉપર કહ્યા તેવા પ્રવાહોમાં ન પડતાં...'** એક પ્રવાહમાં તણાય છે કે અહીંયાં ઘણો સમુહ છે. ઘણા આમ માને છે. ઘણાં અહીંયાં છે, અહીંયાં સંખ્યા સારી થઈ ગઈ છે. **'તેવા પ્રવાહોમાં ન પડતાં યથાશક્તિ વૈરાગ્યાદિ અવશ્ય આરાધી સદ્‌ગુરુનો યોગ...'** એટલે જ્ઞાનીનો યોગ **'પ્રાપ્ત કરી કષાયાદિ દોષ છેદ કરવાવાળો એવો અને અજ્ઞાનથી રહિત થવાનો સત્ય માર્ગ પ્રાપ્ત કરવો.'** આ સમાધાન આપ્યું છે. આ સમસ્યા છે, આ એનું સમાધાન છે. કેવી કેવી માર્ગદર્શનની લાઈનદોરી આપી છે.

મુમુક્ષુ :– જીવ જરા પણ ક્યાંય પણ ભૂલ ન ખાય...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એવી એવી બહુ ઘણી ઘણી વાતો લખી છે. મુમુક્ષુના જીવનમાં ભૂલ-થાપ ખાવાની જે પગલે પગલે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિની અનેકવિધ

ચોખવટ આવી છે.

મુમુક્ષુ :– સો વર્ષ પહેલા અમારે માટે લખી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એમ જ છે ખરેખર તો.

પછી કોઈ માણસ ધ્યાન કરીને સાક્ષાત્કારની કોઈ કલ્પનાએ ચડ્યા હશે એને અનુલક્ષીને હવેની વાત આવે છે. **'જે વાત સ્વપ્ને પણ આવતી નથી,...'** ક્યાં ? મોક્ષમાર્ગે ચડતાં. મોક્ષમાર્ગને વિષે, મોક્ષમાર્ગમાં તો સ્વપ્નામાં પણ એ વાત આવતી નથી. **'તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે.'** એથી કાંઈ આત્માનું કલ્યાણ થાય નહિ. **'તેમ આ જીવ પૂર્વ કાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે.'** પૂર્વ કાળથી અંધ છે. અનાદિકાળથી અંધ છે. જેમ કોઈ જન્માંધ હોય તો એણે સૂર્યના દર્શન જ કર્યા નથી. સૂર્ય કેવો હોય એ જ એને ખબર નથી. નામ જ સાંભળ્યું છે સૂર્યનું. એમ અનાદિકાળથી આત્મા એવું નામ સાંભળ્યું છે, જીવ એવું નામ સાંભળ્યું છે, જીવને જોયો નથી. એ અનાદિથી અંધ છે.

એમ **'પૂર્વ કાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને...'** જ્ઞાનીની આજ્ઞાએ નહિ પણ પોતાની કલ્પનાએ આત્માર્થ માને **'તો તેમાં સફળપણું ન હોય...'** તો એમાં નિષ્ફળ જ જવાનો છે. **'એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે.'** કેમ કે એણે રસ્તો જ જોયો નથી અને ઘર પણ જોયું નથી. **'એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન,...'** કેવા સાધન કીધાં હવે ? સારા સાધન ન કહ્યાં. પણ પૂજા-ભક્તિ કરી હતી ને ? વ્રત-ઉપવાસ કર્યા હતા ને ? દાન આપ્યા હતા ને ? શાસ્ત્રો વાંચ્યા હતા ને ? એ બધા માઠાં સાધન કર્યા છે એણે. એક્કે કર્યા નથી.

**'એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન, કલ્પિત સાધન...'** માઠાં સાધન અને કલ્પિત સાધન, પોતાની કલ્પનાએ કરેલા સાધન **'મટવા અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી,...'** આમ છે, લ્યો. અહીંયા અપૂર્વજ્ઞાન લેવું છે. જેની દિશા અપૂર્વ છે, જેની કોઈ જાત પણ અપૂર્વ છે. Quality કોઈ અપૂર્વ છે એની. પૂર્વે કદી એ જ્ઞાન ઉત્પન્ન થયું નથી, એવું જ્ઞાન ઉત્પન્ન થયું નથી કે જે જ્ઞાન સત્પુરુષ પાસે છે.

(આત્મહિતના, આત્માના) વિચાર તો ઘણા આવે છે. બધા પૂર્વાનુપૂર્વ છે, તો અપૂર્વ ક્યો ? વિચાર તો ઘણા આવે છે. આત્મકલ્યાણની કદી ન ઉત્પન્ન થઈ હોય એવી ભાવનાનો જે વિચાર તેને અપૂર્વ વિચાર કહેવામાં આવે છે. જે વચનામૃતમાં 'પૂજ્ય બહેનશ્રી'એ ૨૧ મા બોલમાં કહ્યું કે ભાવના ચૌદ બ્રહ્માંડ ફરે તો પણ ભાવના નિષ્ફળ જતી નથી. એવી રાગ-દ્વેષથી નહિ ઉત્પન્ન થયેલી, કોઈ રાગના કારણે ઉત્પન્ન થયેલી નહિ, દ્વેષના કાળે ઉત્પન્ન થયેલી નહિ. એટલે પ્રતિકૂળતાના કારણે. પણ ચૈતન્યમાંથી એટલે અંતરમાંથી ઉત્પન્ન થયેલી જે ભાવના છે એ ભાવના અપૂર્વ ભાવના છે.

હવે અહીંયાં પણ એક બીજો પ્રશ્ન થાય એવું છે કે, આત્મકલ્યાણની ભાવના તો અમને ઘણી વાર થઈ છે. અત્યારે પણ છે અને વર્ષોથી ઘણી વાર પણ અમને થયા કરે છે કે અમારે અમારું આત્મકલ્યાણ કરવું છે. તો એ ભાવના પૂર્વાનુપૂર્વ છે કે એ ભાવના અપૂર્વ છે ? એ કેમ નક્કી કરવું ? આ પ્રશ્ન આ સ્થળે સંભવ છે. બીજી કોઈ વાતને અહીંયાં અપૂર્વ વિચાર કહેવો નથી. વિચાર તો અનેક જાતના ધર્મના ક્ષેત્રમાં હોય છે પણ એ બધા વિચારને એક બાજુ મૂકીને આત્મકલ્યાણના વિચારને જ અપૂર્વ વિચાર કહી શકાય. પણ આત્મકલ્યાણનો વિચાર તો જીવે અનેક વાર કર્યો હોય. ભૂતકાળમાં અનેક ભવોમાં પણ કર્યો હોય અને આ ભવમાં પણ કર્યો હોય. દસ વર્ષ પહેલા પણ કર્યો હોય અને આજે પણ આવતો હોય (તો) અપૂર્વ કેમ કહેવાય એને ? આ પ્રશ્ન થાય એવો વિષય છે.

તો કહે (છે), એ એક એવી ચીજ છે, આ એક એવી ચીજ છે કે જીવને પોતાને એમ લાગે છે કે મને આવી અપૂર્વ ભાવના કદી થઈ નથી એવી અત્યારે વર્તે છે. એને કોઈને પૂછવા જાવું પડે નહિ. ન તો એને એની અપૂર્વતામાં શંકા પણ પડે. આ એનું લક્ષણ છે. એક લક્ષણ તો એ છે એની નિઃશંકતાનું.

બીજું લક્ષણ એનું એ છે કે, જો અપૂર્વ ભાવના ઉત્પન્ન થઈ હોય તો જાગૃતિ પણ અપૂર્વ જ હોય. ભાવના જાગૃતિને લાવે છે કે મારું હિત શેમાં છે ? મારું અહિત શેમાં છે ? પોતાના પરિણમનમાં હિત-અહિતના પ્રકાર પડે છે એ કોઈ બહાર પડતા નથી. કોઈના ઘરમાં એ કામ નથી થતું. પોતાનું અહિત થઈ જાય એવું કોઈ બીજાથી કામ નથી થતું. પોતાનું અહિત આ જીવ પોતે જ કરે છે અને હિત કરે છે તો પણ

પોતે જ કરે છે. પોતાના ઘરમાં જ આ ખેલ ખેલાય છે. ક્યાંય બહાર ખેલ થતો નથી. ત્યારે એની જે અપૂર્વ જાગૃતિ છે એ જાગૃતિ એમ એને બતાવે છે કે, આવી જાગૃતિ ભૂતકાળમાં મને કદી આવી નથી.

ક્ષણે-ક્ષણે, કાર્યે-કાર્યે, પ્રસંગે-પ્રસંગે જીવ એટલો જાગૃત રહી જાય છે, થઈ જાય છે કે ક્યાંય પણ આત્માનું અહિત થાય એ બાજુ ડગલું ભરવા તૈયાર થાય નહિ. મારી નાખો તો પણ ભલે અને કાપી નાખો તો પણ ભલે. આખું જગત ગૌણ થઈ જાય. સંબંધ તો એક બાજુ પડ્યા રહ્યા સંસારના. સંસારના સંબંધો તો એક બાજુ રહી ગયા. આખું જગત ગૌણ કરીને આત્માના હિતને એ વળગી રહે છે. કોઈ ભોગે છોડવા ચાહતો નથી. એવી એક અપૂર્વ જાગૃતિ આ ભાવનાને લઈને ચાલુ થઈ જાય છે, ઉત્પન્ન થઈ જાય છે. એથી પણ એને વધારે નિઃશંકતા છે.

જેમ જ્ઞાનદશાની અંદર એક નિઃશંકતા એ છે કે પોતાની પરિણતિ પ્રત્યક્ષપણે આત્માને વળગેલી રહે છે. ભલે ઉપયોગ બહાર જાય છે. લડવામાં જાય, ક્રોધ થાય, દ્વેષ થાય, આર્તધ્યાન તીવ્ર થાય, અરે...! રૌદ્રધ્યાન થાય. ત્યાં સુધી જાય છે. પાંચમા મધ્યમ સુધી રૌદ્રધ્યાનની પરિસ્થિતિ છે. આર્તધ્યાન નહિ, રૌદ્રધ્યાન સુધી કષાય જાય તો પણ એને શંકા નથી પડતી કે હું અજ્ઞાની છું કે જ્ઞાની છું ? કેમ કે પરિણતિ સાક્ષાત છે. જાગૃતિની પરિણતિ થઈ જાય છે.

'પૂજ્ય બહેનશ્રી' ચર્ચામાં બહુ ધીમેકથી બોલે પણ આ વાત ક્યારેક કરતા હતા. એ બહુ મહત્ત્વની હતી કે, 'મુમુક્ષુજીવને એક પરિણતિ થઈ જવી જોઈએ.' પરિણતિ થઈ જવી જોઈએ. પરિણતિ તો જ્ઞાનદશામાં થાય. મુમુક્ષુને ક્યાંથી થાય ? તો કહે છે, અપૂર્વ ભાવનાએ કરીને, અપૂર્વ વિચારે કરીને, અપૂર્વ જાગૃતિએ કરીને એ પરિણતિ થાય છે. મુમુક્ષુની ભૂમિકામાં પણ આ પરિણતિ થાય છે. નિર્ણય પછી તો થાય જ થાય. ભાવભાસન પછી તો થાય જ થાય. પણ એ પહેલા પણ થાય છે. અને ત્યારે જીવ એ અપૂર્વ વિચાર કે જેનું ફળ અપૂર્વ જ્ઞાન છે, અપૂર્વ વિચાર કે જેનું ફળ અપૂર્વ જ્ઞાન છે એ ભૂમિકામાં આવે છે. કેવી વાત લીધી છે અહીંયાં ! અપૂર્વ વિચાર.

મુમુક્ષુ :– નવી જ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– નવી જ થાય છે. અપૂર્વ. એટલે તો અપૂર્વ કીધી એને. એને અપૂર્વ વિચાર કહ્યો. વિચારની ભૂમિકામાં એને અપૂર્વ વિચાર કહ્યો કે જેનું ફળ

અપૂર્વજ્ઞાન છે. એ આત્મજ્ઞાન છે, અનુભવજ્ઞાન છે. એ વાત છે લ્યો. કેવી કેવી વાતો કરી છે !

શું કહ્યું ? કે, એવા **'માઠાં સાધન, કલ્પિત સાધન મટવા...'** માઠાં સાધન એટલે પાપના કાર્યો નથી, હોં ! આ બધાં કહેવાતા ધર્મના કાર્યો છે. પણ એ બધા કલ્પિત છે એટલે માત્ર એને ધર્મનો અંચળો કહેવાય છે. ખરેખર ત્યાં ધર્મનો પડછાયો નથી, ધર્મનું નામનિશાન નથી, ધર્મની સાથે એને કારણ-કાર્યથી લાગતું વળગતું નથી. લેવા કે દેવા.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' આને અશુભ સાધન કહેતા. શુભ હોવા છતાં અશુભ સાધન કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :– શુભ હોવા છતાં અશુભ લીધા. એ ખરેખર અશુભ કૌંસમાં લેવું હતું. માઠાં સાધન છે. એ કાઠિયાવાડી ભાષા છે. એમની પોતાની (ભાષામાં લખ્યું છે). તમારી હિન્દીમાં કે મારવાડીમાં નહિ હોય 'માઠાં'. 'માઠાં' એટલે જીવને નુકસાન થાય એનું નામ માઠું કહે છે. જીવને પોતાને નુકસાન થાય. આગળ ન કહ્યું ? પિતા-પુત્રાદિ ભાવ કરીને એણે માઠું કર્યામાં મણા રાખી નથી. ત્યાં માઠાંનો અર્થ શું કર્યો છે ? આગલો જ પત્ર છે.

મુમુક્ષુ :– ...અપના અહિત કરને મેં કોઈ કસર નહીં રખી.

પૂજ્ય ભાઈશ્રી :– અહિત કહો, નુકસાન કહો. અહિત. એટલે અહીંયાં માઠાં સાધન એટલે અહિત કરનારા સાધનો. કલ્પિત સાધનો. તે મટવા માટે **'અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી.'**

**'અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી; અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય...'** જુઓ ! ક્યાં લઈ ગયા વાતને ? સત્પુરુષના ચરણમાં લઈ ગયા પાછા એને. ફેરવી ફેરવીને સત્પુરુષના ચરણમાં લઈ જાય છે પાછા. અપૂર્વ પુરુષના આરાધન વિના, એના ચરણસેવન વિના **'બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એ જ સિદ્ધાંત થાય છે...'** એટલે કે આ વાત નિચોડરૂપે, નિર્વિવાદપણે સિદ્ધ થાય છે **'કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે;...'** ક્યાં લઈ ગયા ? જ્ઞાનીપુરુષનું આરાધન, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન–એની આજ્ઞામાં રહેવું, એની આજ્ઞાથી

વિમુખ ન જવું એ સિદ્ધપદ પામવાનો, સિદ્ધપદની પ્રાપ્તિનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે. સર્વસુગમ ઉપાય છે એટલા માટે એ સર્વશ્રેષ્ટ ઉપાય છે.

કેમ કે અજ્ઞાનની ભૂમિકામાં કાંઈ એ શુક્લધ્યાનની શ્રેણી તો માંડવાનો નથી. જો કે સિદ્ધપદ પામવાનો છેલ્લું ધ્યાન, છેલ્લા પરિણામ તો શુક્લધ્યાનના છે. અને એ કાંઈ અહીંયાં મુમુક્ષુની ભૂમિકામાં ધર્મધ્યાન નથી તો હજી શુક્લધ્યાનનો તો પત્તો ખાવાનો તો પ્રશ્ન જ નથી. તો પછી સિદ્ધપદ પામવાનો આને શું ઉપાય છે ? તો કહે છે, છે. સત્પુરુષની આજ્ઞામાં રહે, સત્પુરુષની આજ્ઞાએ વર્ત, સત્પુરુષના વિકલ્પથી વિમુખ ન જા. આટલું જો તને કરતા આવડે તો પણ (તને) પરિભ્રમણથી બચવાની શક્યતા છે અને સિદ્ધપદ પામવાની એમાં શક્યતા રહેલી છે. સિદ્ધપદનું મૂળિયું અહીંયાં છે. એમ કહેવું છે. ક્યાંની ક્યાં વાત લીધી ? સમ્યગ્દર્શનની વાત ન લીધી કે તું સત્પુરુષની આજ્ઞાનું આરાધન કરીશ તો તને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જશે એમ ન લીધું. લાભ થાય તો તને સિદ્ધપદનો લાભ થવાનો છે. એવી સીધી વાત લે છે. એ શૈલી છે.

**'અને એ વાત જ્યારે જીવથી મનાય છે,...'** એટલે એ વાત જ્યારે જીવ સ્વીકારે છે, એ વાતને જ્યારે જીવ સંમત કરે છે, **'ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.'** જ્યાં સુધી આ વાત એને માનવામાં આવતી નથી, સ્વીકારવામાં આવતી નથી ત્યાં સુધી એના એક પણ દોષ નિવર્તે કે ઉપશમે એવું બની શકે નહિ. એમ કહેવું છે.

મુમુક્ષુ :– માઠાં શબ્દથી આમ ચોંટ લાગે એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચોંટ લાગે એવા છે. માઠાં સાધન કર્યા છે એમ કહે છે. સાધન તો ઘણા કર્યા છે પણ માઠા–અહિત થાય એવા સાધન કર્યા છે. એ એમને પોતાને જે કરુણા આવી છે. એ એ જ કારણે કરુણા આવે છે. અનેક જીવો ધર્મના સાધન કરતા હોવાનું માનીને ધર્મ વિરુદ્ધતા સાધે છે આ જોઈને અમને કરુણા આવે છે કે અરે..રે...! આવા જીવોને સન્માર્ગ દર્શાવ્યો હોય, સન્માર્ગ પ્રત્યે આંગળી ચીંધી હોય તો બિચારા અનંત પરિભ્રમણના દુ:ખી થવાના કારણોમાંથી છૂટી જાય. કેમ કે કરે છે એ ધર્મભાવનાથી. એવું નથી કે કોઈને છેતરવા કરે છે. કેટલાક તો ધર્મભાવનાથી કરે છે. પણ એને ખબર નથી કે ધર્મ આ રીતે થાય કે ન થાય. એ

એને ખબર નથી. પણ ભાવના તો એને પણ છે કે ધર્મભાવનાથી કરે છે કેટલાક.

મુમુક્ષુ :– ધર્મભાવના કે પુણ્યભાવના ?

પૂજ્ય ભાઈશ્રી :– એને ધર્મ અને પુણ્ય બધું એક જ છે ને. એણે ક્યાં ભેદ પાડ્યો છે ? એ પુણ્યને ધર્મ માને છે. પુણ્યને તો એ ધર્મ માને છે. અથવા મારું કલ્યાણ થશે એવું એને ઊંડે ઊંડે એમ છે કે મારું કલ્યાણ થશે.

મુમુક્ષુ :– મોક્ષ મળશે મને.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મોક્ષ માટે. એમ ગણો. અન્યમતમાં પણ મોક્ષને તો સ્વીકારીને બધું કરે છે. આસ્તિક્ય દર્શન. કરુણા બહુ આવી છે. એક પત્ર છે એની આગળનો જ છે લગભગ.

મુમુક્ષુ :– ૪૨૦ પાના ઉપર છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ૪૨૦ પાના ઉપર ? ના, આ તો જરા બીજો પત્ર છે. આગળ છે જરા. એમને 'સોભાગભાઈ' વારંવાર એમ કહે છે, આપ કાંઈક ધર્મની પ્રભાવના કરો. તો કહે છે, વિચાર તો આવે છે. વિચાર એટલા માટે આવે છે કે અનેક જીવો આ રીતે અકલ્યાણ સાધે છે અને કલ્યાણ થતું હોવાનું માને છે. માટે અમને એમ થાય છે કે કાંઈક...

મુમુક્ષુ :– ૫૨૩ પત્રમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા, બસ એ જ છે. બરાબર છે. એ છે હમણાં આપણે પાછળ વંચાય છે ને ? તત્ત્વચર્ચામાં ચાલે છે.

**'અનેક જીવોની અજ્ઞાનદશા જોઈ, વળી તે જીવો કલ્યાણ કરીએ છીએ અથવા આપણું કલ્યાણ થશે, એવી ભાવનાએ કે ઇચ્છાએ અજ્ઞાનમાર્ગ પામતા જોઈ તે માટે અત્યંત કરુણા છૂટે છે,...'** કરુણા થાય છે ન લખ્યું. કરુણા છૂટે છે. **'અનેક જીવોની અજ્ઞાનદશા જોઈ, વળી તે જીવો કલ્યાણ કરીએ છીએ અથવા આપણું કલ્યાણ થશે એવી ભાવનાએ કે ઇચ્છાએ અજ્ઞાનમાર્ગ પામતા જોઈ તે માટે અત્યંત કરુણા છૂટે છે, અને કોઈ પણ પ્રકારે આ મટાડવા યોગ્ય છે એમ થઈ આવે છે;...'** સાચો માર્ગ પ્રકાશવા જેવું છે એવું થઈ આવે છે. **'અથવા તેવો ભાવ ચિત્તમાં એમ ને એમ રહ્યા કરે છે, તથાપિ તે થવા યોગ્ય હશે તે પ્રકારે થશે,...'** વળી પાછા (કહે છે), સહજપણે જે થાય તે થવા દો. પરાણે કરવા જતાં વળી પાછી ગડબડ થાશે.

**'અને જે સમય પર તે પ્રકાર હોવાયોગ્ય હશે તે સમયે થશે, એવો પણ પ્રકાર ચિત્તમાં રહે છે, કેમકે તે કરુણાભાવ ચિંતવતાં ચિંતવતાં આત્મા બાહ્ય માહાત્મ્યને ભજે એમ થવા દેવા યોગ્ય નથી;...'** કાલે એ ચાલી ગયું. બહારમાં પોતાનો મહિમા વધી જાય. કેમ કે ઉપદેશકનું સ્થાન બીજા કરતાં ઊંચું હોય છે. દ્રવ્યે અને ભાવે બધા એના પ્રત્યે પૂજ્યબુદ્ધિ રાખે. નમન કરે, વંદન કરે, નમસ્કાર કરે, વિનય કરે, ભક્તિ કરે, ઊંચા આસને બેસાડે. ગાદી આપે, તકિયા આપે. પોતે ઇચ્છતા નથી. જુઓ ! એમની આત્માર્થીતા કેટલી છે ! નહિ. મારે એ કાંઈ નથી જોઈતું એમ કહે છે. એ બધા માન-પાન મારે જોતા નથી. બાહ્ય મહત્ત્વ ભજે, બહારમાં મહત્ત્વ વધે, કાંઈપણ એવું થાય, મારે એ રીતે પ્રભાવના કરવી નથી. જુઓ ! કેવો વિકલ્પ સાથો સાથ આવે છે ! એક બાજુ કરુણા છૂટે છે, બીજી બાજુ પોતાનું મહત્ત્વ વધે તો પોસાતું નથી.

એ વાત 'વચનામૃત'માં 'બહેનશ્રી'એ એ રીતે લીધી કે, 'આત્માર્થી જીવ જ્યાં જ્યાં પોતાને આગળ પડવાનો પ્રસંગ આવે ત્યાંથી દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે.' મેળ ખાય છે ? કે દૂર ભાગવાનો એને પ્રયત્ન થઈ જાય છે. કરે છે એટલે ? એને સહેજે એમ થઈ જાય છે કે નહિ. અહીંયાં તો આગળ પડવાની વાત આવી જશે પાછી. આપણે પાછળ રહી જાવ. આ જગ્યાએ આપણે પાછળ રહી જાવ. એ સહેજે એ પ્રયત્ન કરે છે.

ચાલતો પત્ર, બીજો પેરેગ્રાફ ૪૧૨ પાને.

**'શ્રી જિને આ જીવના અજ્ઞાનની જે જે વ્યાખ્યા કહી છે, તેમાં સમયે સમયે તેને અનંતકર્મનો વ્યવસાયી કહ્યો છે;...'** આ જે કર્મની સ્થિતિ ઉપરની કેટલીક ચર્ચા છે. આ પેરેગ્રાફમાં કર્મબંધમાં સ્થિતિ, અનુભાગ, પ્રદેશ અને પ્રકૃતિ. એક કર્મ બંધાય, એક સમયે જે કર્મ બંધાય, તે કર્મમાં આ ચાર એના ભેદ છે. તે ચાર ભેદમાં સ્થિતિ ભેદની વાત એમણે અહીંયાં ચર્ચી છે. **'શ્રી જિને આ જીવના અજ્ઞાનની જે જે વ્યાખ્યા કહી છે, તેમાં સમયે સમયે તેને અનંતકર્મનો વ્યવસાયી કહ્યો છે;...'** પ્રતિ સમયે એને અનંત કર્મ ઉપાર્જન કરતો ભગવાને જોયો છે. અજ્ઞાનદશામાં જીવને સમયે સમયે અનંત કર્મ ઉપાર્જન થયા કરે છે. એટલે એને એક તો નુકસાનીનો ધંધો એ શું કરે છે ? અને કેટલા મોટા પ્રમાણમાં નુકસાનીનો ધંધો કરે છે ? એ વાત ઉપર અહીંયાં

ચેતવણી આપી છે. ચેત તું, તારી નુકસાનીનો ધંધો ચાલુ છે અને પ્રતિ સમય તને ઘણું મોટું નુકસાન થયા કરે છે.

**'અને અનાદિકાળથી અનંતકર્મનો બંધ કરતો આવ્યો છે, એમ કહ્યું છે;...'** અને આ જીવ અનાદિકાળથી આ રીતે અનંતા કર્મને બાંધતો આવ્યો છે. **'તે વાત તો યથાર્થ છે,...'** તે વાત તો યથાર્થ છે. **'પણ ત્યાં આપને એક પ્રશ્ન થયું...'** 'સોભાગભાઈ'ને એક પ્રશ્ન ઉઠ્યો છે કે, આપે એમ પ્રશ્ન કર્યો.. જુઓ ! બધા પત્રોમાં એમના માટે ક્યાંક ક્યાંક 'આપ' શબ્દ વાપરે છે. આ એક બધા પાત્રોમાં થોડી વિશેષતા અહીંયાં જુદી પડે છે. એમના માટે 'આપ' એવો શબ્દ ક્યાંક ક્યાંક વાપરે છે.

**'આપને એક પ્રશ્ન થયું કે, 'તો તેવા અનંતકર્મ નિવૃત્ત કરવાનું સાધન ગમે તેવું બળવાન હોય તોપણ અનંતકાળને પ્રયોજને પણ તે પાર પડે નહીં.''** આવા અનંત કાળથી અનંત કર્મો બાંધ્યા હોય. કેટલા અનંત કર્મો અંદર બાંધેલા રહ્યા હોય તો પછી અનંત કાળે કેવી રીતે છૂટવાના હતા ? એટલે કર્મ છૂટવાનું પ્રયોજન છે એ તો પાર ન પડે એવું દેખાય. **'જો કે કેવળ એમ હોય તો તમને લાગ્યું તેમ સંભવે છે;...'** એકાંતે એમ હોય તો તમને લાગે છે એવું જ બને. પણ તથાપિ કહીને (કહે છે), **'તથાપિ જિને પ્રવાહથી જીવને અનંતકર્મનો કર્તા કહ્યો છે,...'** એ પ્રવાહ અપેક્ષાએ વાત છે. અનંત કાળનો જે પ્રવાહ છે એ પ્રવાહ અપેક્ષાએ એની સળંગતા દેખાડવામાં આવે છે. વસ્તુતાએ એમાં ત્રુટકતા છે, સળંગતા નથી એમ કહે છે. અનંત કાળમાં પહેલા બાંધેલું કર્મ અત્યારે ન હોય કાંઈ. સળંગપણે ન ચાલ્યું આવે.

જેમ પાણી નળમાંથી પડે છે તો સળંગ ધાર દેખાય છે. વચમાં ત્રુટક નથી દેખાતું. તુટતી ધાર નથી દેખાતી. તો સળંગ છે પાણી ? નહિ. પ્રત્યેક પરમાણુ જુદાં જુદાં છે. પાણીની ધારના એક સમયે જે ધાર દેખાય છે તે બીજા સમયે ત્યાં નથી. એ પરમાણુની ધાર નથી ત્યાં. ત્યાં બીજા જ પરમાણુ છે. ત્રીજા સમયે ત્યાં ત્રીજા જ પરમાણુ છે. ચોથા સમયે ત્યાં ચોથા પરમાણુ છે. દેખાય છે સળંગ. પણ એ પ્રવાહ અપેક્ષાએ વાત છે. તેના તે નથી. એમ કર્મ તેના તે નથી એમ કહેવું છે.

**'તથાપિ જિને પ્રવાહથી જીવને અનંતકર્મનો કર્તા કહ્યો છે, અનંતકાળથી કર્મનો કર્તા તે ચાલ્યો આવે છે એમ કહ્યું છે; પણ સમયે સમયે અનંતકાળ ભોગવવાં પડે એવા કર્મ તે આગામિક કાળ માટે ઉપાર્જન કરે છે એમ કહ્યું નથી.'** અથવા અનંત

કાળની સ્થિતિ લઈને કોઈ કર્મ બંધાતું નથી એમ કહેવું છે. જેટલા કર્મો બંધાય છે તે બધા મર્યાદિત સ્થિતિવાળા બંધાય છે. કોઈ અનંત કાળ સુધી ચાલે એવું એકપણ કર્મ બંધાતું નથી એમ કહેવું છે.

**'કોઈ જીવઆશ્રયી એ વાત દૂર રાખી, વિચારવા જતાં એમ કહ્યું છે, કે સર્વ કર્મનું મૂળ એવું જે અજ્ઞાન, મોહ પરિણામ તે હજુ જીવમાં એવું ને એવું ચાલ્યું આવે છે,...'** આ હવે ભાવકર્મની વાત લીધી કે, જે પરિણામથી, જેના જે પરિણામથી એટલે જેના ફળ સ્વરૂપે અનંત કાળ તેને ભ્રમણ થયું છે. અથવા એમ પણ કહે કે જીવના એક સમયના અજ્ઞાન પરિણામમાં અનંત જન્મ-મરણનો ગર્ભ રહેલો છે. એમાંથી જન્મશે એ. તો એક સમયના પરિણામમાં આવી રીતે છે ? નહિ. એ પ્રકારનું સત્ત્વ અને શક્તિ છે એમ કહેવું છે. પણ એક સમયના પરિણામનું ફળ એ અનંત જન્મ-મરણ નથી. એક સમયના પરિણામે તો એક જ આયુષ્ય બાંધે. બીજું આયુષ્ય પણ ન બાંધે એ તો કહેશે અહીંયાં. પણ એ કહેવાની જે પદ્ધતિ છે એમાં એનું જે વિપર્યાસનું બળ કેટલું છે, સત્ત્વ કેટલું છે, શક્તિ કેટલી છે, એનો અંદાજ આપે છે.

એટલે **'કોઈ જીવઆશ્રયી એ વાત દૂર રાખી,..'** એટલે મર્યાદિત રીતે. અપવાદ ગણીને. **'વિચારવા જતાં એમ કહ્યું છે, કે સર્વ કર્મનું મૂળ એવું જે અજ્ઞાન, મોહ પરિણામ તે હજુ જીવમાં એવું ને એવું ચાલ્યું આવે છે,...'** એટલે એમાં અમુક આત્માર્થી જીવોને બાદ કરી દેવા. **'કોઈ જીવઆશ્રયી...'** એટલે ? કોઈ ઉન્નતિના ક્રમમાં હજી ભલે જ્ઞાનદશા ન પામ્યા હોય, પણ એવી સારી પરિસ્થિતિમાં આવ્યા હોય કે જે જ્ઞાન પામવાની તૈયારી છે તો એને બાદ રાખવા છે અમારે. અજ્ઞાનીજીવોમાં એને ગણવા નથી. એટલે એ મર્યાદિત વાત ને અપેક્ષિત વાત થઈ ગઈ. એટલો અપવાદ રાખીને કહીએ છીએ કે, જીવને **'સર્વ કર્મનું મૂળ એવું જે અજ્ઞાન, મોહ પરિણામ તે હજુ જીવમાં એવું ને એવું ચાલ્યું આવે છે,...'** ઓલાને પાતળું પડી ગયું છે એટલે એવું ને એવું નથી. **'કે જે પરિણામથી અનંતકાળ તેને ભ્રમણ થયું છે;...'** આવા ને આવા પરિણામ કરતો રહ્યો છે અને આમ ને આમ અનંત કાળ એ પરિભ્રમણ કરતો આવ્યો છે. **'અને જે પરિણામ વર્ત્યા કરે તો હજુ પણ એમ ને એમ અનંતકાળ પરિભ્રમણ થાય.'** આ પરિસ્થિતિ છે એ પરિણામની. જેમ **'અગ્નિના એક તણખાને વિષે આખો લોક સળગાવી શકાય એટલો ઐશ્વર્ય ગુણ છે...'** એટલે સામર્થ્ય, શક્તિ પડી છે.

એ શક્તિની વાત કરવી છે. **'તથાપિ તેને જેવો જેવો યોગ થાય છે...'** એટલે એ તણખાને ઘાસ મળે તો ઘાસને બાળે. પણ લોઢું મળે તો લોઢાને ન બાળે એમ કહે છે.

**'તેવો તેવો તેનો ગુણ ફળવાન થાય છે. તેમ અજ્ઞાન પરિણામને વિષે અનાદિકાળથી જીવનું રખડવું થયું છે. તેમ હજુ અનંતકાળ પણ ચૌદે રાજલોકમાં પ્રદેશે પ્રદેશે અનંત જન્મમરણ તે પરિણામથી હજુ સંભવે;...'** તેવી તે પરિણામની અંદર શક્તિ રહેલી છે. પછી તો જેવા પરિણામ કરશે એવા ભવ પામશે. એમ કહેવું છે. શક્તિ આવી છે. **'તથાપિ જેમ તણખાનો અગ્નિ યોગવશ છે, તેમ અજ્ઞાનનાં કર્મપરિણામની પણ અમુક પ્રકૃતિ છે.'** અજ્ઞાનના કર્મપરિણામની પણ કેટલીક પ્રકૃતિ છે. એમાં દર્શનમોહની પ્રકૃતિ છે એ સૌથી મુખ્ય છે. બાકીની બધી ગૌણ છે. બાકીની જેટલી છે એટલી ગૌણ છે. મોહનીય મુખ્ય છે. પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય જે ત્રણ ઘાતિની છે એ ગૌણ છે. અને અઘાતિ તો તેથી સાવ ગૌણ છે. આઠ કર્મની પ્રકૃતિમાં સૌથી મોટું જે પ્રભાવક છે એ મોહનીય કર્મ છે.

તેની **'પણ અમુક પ્રકૃતિ છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એક જીવને મોહનીયકર્મનું બંધન થાય તો સિત્તેર કોડાકોડી સાગરોપમનું થાય, એમ જિને કહ્યું છે,...'** અને સૌથી વધારે સ્થિતિ પણ મોહનીયની જ પડે છે. બીજા કોઈની સૌથી મોટી સ્થિતિ પડતી નથી, એમ કહેવું છે. અને આમ પણ શક્તિમાં પણ એ બળવાન છે, સ્થિતિમાં પણ એ જ બળવાન છે એમ કહેવું છે. વિશેષ લઈશું....

જીવને પરમાર્થ માર્ગનું વાસ્તવિક મૂલ્યાંકન થયે જ, તેની પ્રાપ્તિ અર્થે જોઈતા પ્રમાણમાં, ગંભીરતા અને પ્રયત્નનો ઉપાડ આવે છે, ત્યારે જ જીવ તે માટે પૂરી કાળજીપૂર્વક પ્રવર્તે છે, ત્યારે જ જીવ ઓઘસંજ્ઞાથી નિવૃત્ત થઈ શકે છે, ત્યારે જ જીવ લોકસંજ્ઞા છોડી, અસત્સંગથી દૂર થઈ, યથાર્થપણે આત્માર્થ સાધવાની યોગ્યતામાં આવે છે. ત્યારે જ સમસ્ત જગતની ઉપેક્ષા થાય છે, તેને પ્રતિબંધ શો ? (અનુભવ સંજીવની–૧૧૮૨)

પત્રાંક-૪૩૭

ૐ

આ જગતને વિષે જેને વિષે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવાં મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે; તથાપિ પ્રાયે જીવને અનંતવાર મનુષ્યપણું મળ્યાં છતાં તે કલ્યાણ સિદ્ધ થયું નથી, જેથી વર્તમાન સુધી જન્મમરણનો માર્ગ આરાધવો પડ્યો છે. અનાદિ એવા આ લોકને વિષે જીવની અનંતકોટી સંખ્યા છે; સમયે સમયે અનંત પ્રકારની જન્મમરણાદિ સ્થિતિ તે જીવોને વિષે વર્ત્યા કરે છે; એવો અનંતકાળ પૂર્વે વ્યતીત થયો છે. અનંતકોટી જીવના પ્રમાણમાં આત્મકલ્યાણ જેણે આરાધ્યું છે, કે જેને પ્રાપ્ત થયું છે, એવા જીવ અત્યંત થોડા થયા છે, વર્તમાને તેમ છે, અને હવે પછીના કાળમાં પણ તેવી જ સ્થિતિ સંભવે છે, તેમ જ છે. અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ જીવને ત્રણે કાળને વિષે અત્યંત દુર્લભ છે; એવો જે શ્રી તીર્થંકરદેવાદિ જ્ઞાનીનો ઉપદેશ તે સત્ય છે. એવી, જીવસમુદાયની જે ભ્રાંતિ તે અનાદિ સંયોગે છે, એમ ઘટે છે, એમ જ છે; તે ભ્રાંતિ જે કારણથી વર્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે; એક પારમાર્થિક અને એક વ્યાવહારિક; અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે કે, આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી; એક અક્ષર સત્ય પણ તે જીવમાં પરિણામ પામ્યું નથી; સત્પુરુષના દર્શન પ્રત્યે જીવને રુચિ થઈ નથી; તેવા તેવા જોગે સમર્થ અંતરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે; અને તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું, અને અસત્દર્શનને વિષે સત્દર્શનરૂપ ભ્રાંતિ તે છે. 'આત્મા નામનો કોઈ પદાર્થ નથી', એવો એક અભિપ્રાય ધરાવે છે; 'આત્મા નામનો પદાર્થ સંયોગિક છે', એવો અભિપ્રાય કોઈ બીજા

દર્શનનો સમુદાય સ્વીકારે છે; 'આત્મા દેહસ્થિતિરૂપ છે, દેહની સ્થિતિ પછી નથી', એવો અભિપ્રાય બીજા દર્શનનો છે. 'આત્મા અણુ છે', 'આત્મા સર્વવ્યાપક છે', 'આત્મા શૂન્ય છે', 'આત્મા સાકાર છે', 'આત્મા પ્રકાશરૂપ છે', 'આત્મા સ્વતંત્ર નથી', 'આત્મા કર્તા નથી', 'આત્મા કર્તા છે ભોક્તા નથી', 'આત્મા કર્તા નથી ભોક્તા છે', 'આત્મા કર્તા નથી ભોક્તા નથી', 'આત્મા જડ છે', 'આત્મા કૃત્રિમ છે', એ આદિ અનંત નય જેના થઈ શકે છે એવા અભિપ્રાયની ભ્રાંતિનું કારણ એવું અસત્‌દર્શન તે આરાધવાથી પૂર્વે આ જીવે પોતાનું સ્વરૂપ તે જેમ છે તેમ જાણ્યું નથી. તે તે ઉપર જણાવ્યાં એકાંત-અયથાર્થપદે જાણી આત્માને વિષે અથવા આત્માને નામે ઈશ્વરાદિ વિષે પૂર્વે જીવે આગ્રહ કર્યો છે; એવું જે અસત્સંગ, નિજેચ્છાપણું અને મિથ્યાદર્શનનું પરિણામ તે જ્યાંસુધી મટે નહીં ત્યાં સુધી આ જીવ ક્લેશ રહિત એવો શુદ્ધ અસંખ્ય પ્રદેશાત્મક મુક્ત થવો ઘટતો નથી, અને તે અસત્સંગાદિ ટાળવાને અર્થે સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું, અને પરમાર્થસ્વરૂપ એવું જે આત્માપણું તે જાણવા યોગ્ય છે.

પૂર્વે થયા એવા જે તીર્થંકરાદિ જ્ઞાનીપુરુષો તેમણે ઉપર કહી એવી જે ભ્રાંતિ તેનો અત્યંત વિચાર કરી, અત્યંત એકાગ્રપણે, તન્મયપણે જીવસ્વરૂપને વિચારી, જીવસ્વરૂપે શુદ્ધ સ્થિતિ કરી છે, તે આત્મા અને બીજા સર્વ પદાર્થો તે શ્રી તીર્થંકરાદિએ સર્વ પ્રકારની ભ્રાંતિરહિતપણે જાણવાને અર્થે અત્યંત દુષ્કર એવો પુરુષાર્થ આરાધ્યો છે. આત્માને એક પણ અણુના આહારપરિણામથી અનન્ય ભિન્ન કરી આ દેહને વિષે સ્પષ્ટ એવો અનાહારી આત્મા, સ્વરૂપથી જીવનાર એવો જોયો છે. તે જોનાર એવા જે તીર્થંકરાદિ જ્ઞાની પોતે પોતે જ શુદ્ધાત્મા છે, તો ત્યાં ભિન્નપણે જોવાનું કહેવું જોકે ઘટતું નથી, તથાપિ વાણીધર્મે

એમ કહ્યું છે. એવો જે અનંત પ્રકારે વિચારીને પણ જાણવા યોગ્ય 'ચૈતન્યઘન જીવ' તે બે પ્રકારે તીર્થંકરે કહ્યો છે; કે જે સત્પુરુષથી જાણી, વિચારી, સત્કારીને જીવ પોતે તે સ્વરૂપને વિષે સ્થિતિ કરે. પદાર્થમાત્ર તીર્થંકરાદિ જ્ઞાનીએ 'વક્તવ્ય' અને 'અવક્તવ્ય' એવા બે વ્યવહારધર્મવાળા માન્યા છે. અવક્તવ્યપણે જે છે તે અહીં 'અવક્તવ્ય' જ છે. વક્તવ્યપણે જે જીવધર્મ છે, તે સર્વ પ્રકારે તીર્થંકરાદિ કહેવા સમર્થ છે, અને તે માત્ર જીવના વિશુદ્ધ પરિણામે અથવા સત્પુરુષે કરી જણાય એવો જીવધર્મ છે, અને તે જ ધર્મ તે લક્ષણે કરી અમુક મુખ્ય પ્રકારે કરી તે દોહાને વિષે કહ્યો છે. અત્યંત પરમાર્થના અભ્યાસે તે વ્યાખ્યા અત્યંત સ્ફુટ સમજાય છે, અને તે સમજાયે આત્માપણું પણ અત્યંત પ્રગટે છે, તથાપિ યથાવકાશ અત્ર તેનો અર્થ લખ્યો છે.

## તા. ૨૧-૯-૧૯૯૦, પત્રાંક – ૪૩૭
## પ્રવચન નં. ૨૧૫

'શ્રીમદ્ રાજચંદ્ર'વચનામૃત પત્ર ૪૩૭. પાનું ૩૬૬.

૨૬ વર્ષની ઉંમરે 'શ્રી સૌભાગ્યભાઈ' ઉપર લખેલો આ પત્ર છે.

**'આ જગતને વિષે જેને વિષે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવા મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે.'** શું કહે છે કે, આ જગતમાં નજરે જે પ્રાણીઓ દેખાય છે, નજરે ચડે છે એવા પ્રાણીઓમાં મનુષ્ય સિવાયના જે પ્રાણીઓ છે એને શાસ્ત્રમાં તિર્યંચ પ્રાણી કહ્યા છે. તિર્યંચ એટલે જેના શરીર આડા

છે. તિર્યંક એટલે આડું. પછી જળચર પ્રાણી હોય તો પણ એનું શરીર આડું જ છે. આકાશમાં ઉડનારું ખેચર પ્રાણી હોય તો પણ તેનું શરીર આડું છે અને ભૂચર એટલે જમીન ઉપર ચાલનારા હોય તો પણ એ ગાય, ભેંસ, સિંહ, વાઘ, સર્પ, કીડી, મકોડા બધાં આડા શરીરવાળા પ્રાણી છે. એવા અનેક પ્રકારના પ્રાણીઓ આ જગતમાં નજરે ચડે છે. એ બીજા પ્રાણીઓને વિચારશક્તિ છે પણ વાચા નથી. શું ફરક છે ?

જેટલા મનવાળા છે એમાં, મન વગરના છે એને તો વિચારશક્તિ પણ નથી, એક ઇન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જે તિર્યંચો છે એને વિચારશક્તિ નથી. એ પોતાના આત્મકલ્યાણનો કાંઈ વિચાર કરી શકે, પણ જે મનવાળા છે એ વિચાર કરી શકે છે. અને મનુષ્ય છે એ ઊભા શરીરવાળા છે. એને પણ મન છે. એ મનસહિતનું પ્રાણી છે અને એ પણ વિચાર કરી શકે છે. વિચાર કરી શકવા ઉપરાંત એ પોતાના વિચારોને (વ્યક્ત કરી) શકે, કહી શકે એવી પણ એની સ્થિતિ પુણ્યયોગે રહેલી છે કે વાણીનો એને યોગ છે. એટલે એ પોતાના સુખને કહી શકે, પોતાના દુઃખને કહી શકે, પોતાની મૂંઝવણને કહી શકે, પોતાની સમસ્યા, Problem હોય એને કહી શકે છે. જ્યારે તિર્યંચ કહી શકતા નથી કે, મને શું સમસ્યા છે ? મને દુઃખ કેવી રીતે થાય છે ? મને ક્યાં દુઃખ પડે છે ? કેવી રીતે દુઃખ પડ્યું ? કેટલું દુઃખ પડ્યું ? અને મારી શું સમસ્યા છે એ તિર્યંચ નથી કહી શકતા. આટલી વ્યવસ્થા અથવા સગવડ મનુષ્યગતિવાળા પ્રાણીને છે.

મુમુક્ષુ :– મન નહિ હોવા છતાં શુભ અને અશુભભાવો પકડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– શુભ અને અશુભભાવો થાય એ તો કષાયની મંદતા અને તીવ્રતામાં ચારિત્રમોહનું પરિણમન છે.

મુમુક્ષુ :– મન નહિ હોવા છતાં પણ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. કષાયની મંદતા થઈ શકે છે. એ કષાય ચારિત્રગુણનો, ચારિત્રમોહનો પરિણમવાનો એવો સ્વભાવ છે. તાવ જેવો સ્વભાવ છે. શાસ્ત્રમાં એને તાવની ઊપમા આપી છે. તાવ જ્યારે માપો ત્યારે જુદો જુદો આંક બતાવે. ઘડીક વધ્યો હોય, ઘડીક ઘટ્યો હોય. સતત તાવ રહેતો હોય તો સવારે ઓછો હોય તો બપોરે વધતો હોય, બપોરે ઘટતો હોય તો સાંજે વધતો હોય એમ કાંઈ વધઘટ...

વધઘટ.. વધઘટ... થોડી-થોડી વધ-ઘટ આવ્યા કરે. કેમ કે એ સહજ છે. રોગ એમને એમ હોય, છતાં તાવમાં વધ-ઘટ થયા કરે. એમ સંસારરોગ અને ભવરોગ ચાલુ રહેતો હોવા છતાં એકેન્દ્રિય જીવ હોય કે પંચેન્દ્રિય જીવ હોય એને કષાયની મંદતા અને તીવ્રતા અબુદ્ધિપૂર્વક પણ થયા કરે છે, બુદ્ધિપૂર્વક પણ થયા કરે છે. બે રીતે થાય છે.

અહીંયાં તો એવી વાત લેવી છે કે **'જેને વિષે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવા મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવા...'** નિજ કલ્યાણનો વિચાર કરવા **'સર્વથી અધિકયોગ્ય છે;...'** એની યોગ્યતા, એની Position પોતાનો આત્મકલ્યાણનો વિચાર કરવા માટે સૌથી સારી છે. જેમ કોઈ એક માણસ બહુ મુશ્કેલીમાં હોય, બહુ ઉપાધિમાં હોય તો સ્થિર ચિત્તથી આત્મકલ્યાણનો વિચાર નથી કરી શકતો. તત્ત્વચર્ચા, તત્ત્વવિચાર નથી કરી શકતો. સત્સંગ નથી કરી શકતો. કેમ ? કે એનું ચિત્ત ડહોળાયેલું હોય છે. મનુષ્યમાં પણ આ પરિસ્થિતિ છે. તો જે તિર્યંચ થયા એ તો બહુ ચિત્ત ડહોળાય ગયા પછી એનું ફળ આવ્યું એમાં તિર્યંચ થયા. ક્યારે તિર્યંચ થયા ? એની વાચા ક્યારે ચાલી ગઈ ? વિચારશક્તિ પણ ઘટી છે ત્યાં. મનુષ્ય જેટલો તો એ પણ વિચાર નથી કરી શકતા. આ રસ્તામાં ઢોર ઊભા હોય છે. આટલો Traffic હોય તો ખસે નહિ. માણસ હોય તો ખસી જાય. તરીને ચાલે. ભાઈ ! આટલો મોટો Traffic છે કાંઈક આપણને વાગી જશે. ઓલો ત્યાંને ત્યાં ઊભો રહેશે. કેમ કે એટલી વિચારશક્તિ નથી કે આ મને નુકસાન થઈ જશે. વિચારશક્તિ પણ ત્યાં ઘટે છે અને વાણીનો યોગ ત્યાં ચાલ્યો જાય છે. એટલે એવા પ્રાણીએ પોતાના જ્ઞાનને આવરણ કરવાનો અપરાધ કર્યો છે. એમ થવાનું કારણ, જ્ઞાન એટલું ઘટવાનું કારણ જ્ઞાન સંબંધિત અપરાધ છે. નહિતર જ્ઞાન કેમ ઘટે ? જેમાં નુકસાન થાય એવો વેપાર કર્યો છે. જેમ દુકાને વેપાર કરીએ તો રૂપિયા આના, પાઈમાં નુકસાન થાય છે. અને પરિણામ બગાડવાનો વેપાર થાય તો ચિત્ત ડહોળાય છે, જ્ઞાન ડહોળાય છે એટલે જ્ઞાન ઘટે છે.

કહે છે, **'આ જગતને વિષે જેને વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવા મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે; તથાપિ...'** તો પણ **'પ્રાયે જીવને અનંતવાર મનુષ્યપણું મળ્યાં છતાં તે કલ્યાણ સિદ્ધ થયું નથી,...'** તે કલ્યાણ પ્રાપ્ત થયું નથી એ એક હકીકત છે. વર્તમાન સ્થિતિ એ વાત પુરવાર કરે

છે. સિદ્ધ કરે છે એટલે ? પુરવાર કરે છે કે હજુ સુધી આ જીવે પોતાનું કલ્યાણ સાધ્યું નથી.

આ સ્પષ્ટ વાત છે. આ એક 'શ્રીમદ્જી'નું વચન પાત્રતાવાળા જીવને પશ્ચાતાપમાં મૂકે એવું છે. અરે..! જીવ અનંત વાર તને તારો આત્મકલ્યાણનો વિવેક, વિચાર થાય એવી પરિસ્થિતિ કુદરતે થઈ. કેમ કે લાવ્યું લવાતું નથી. મનુષ્યપણું કાંઈ લાવ્યું લવાતું નથી. કોઈને કાંઈ ઢોરમાં જવાની ઇચ્છા નથી. જીવ જીવાંતના ભવમાં જવાની કોઈને ઇચ્છા નથી. એ તો એના અપરાધમાં ફરજિયાત જવું પડે છે. સજા તો ફરજિયાત જ હોય છે, સજા કાંઈ મરજિયાત હોતી નથી. એટલે આ જીવને તક મળી, અનંત વાર તક મળી તો પણ આ જીવે પોતાનું કલ્યાણ (કેમ) ન સાધ્યું ? એવો આ જીવ પોતાના પ્રત્યે જ નિર્દય થઈને (કેમ) વર્ત્યો ? જ્યારે કોઈ કોઈને દુઃખ દે છે ત્યારે શું (થાય) છે ? નિર્દય થાય છે. તો આ જીવ પોતે જ પોતાના પ્રત્યે નિર્દય થયો ? અને કેટલો નિર્દય થયો ? કે જે દુઃખો જોઈ ન શકાય. જે દુઃખો જોઈ ન શકાય, સાંભળી ન શકાય, વિચારવા પણ ગમે નહિ, વિચારતા વિચારવા ગમે નહિ એવા દુઃખમાં પોતે પોતાને ધકેલી દીધો. આ જગ્યા એની પશ્ચાતાપની છે.

બે પ્રકારે પશ્ચાતાપ થાય છે. એક તો આ પ્રકાર કે, પોતે પોતાને ઘણો દુઃખી કર્યો. પોતાને પોતાની દયા આવી નહિ, પોતાને પોતાની કરુણા આવી નહિ. એક તો એ રીતે પશ્ચાતાપ થવા યોગ્ય છે. બીજો પશ્ચાતાપ એ રીતે થવા યોગ્ય છે કે પોતાનો પરમેશ્વર પોતામાં બિરાજમાન હોવા છતાં,.. 'ગીતા'માં એવું આવે છે ભાઈ ! હૃદયકમળમાં પરમાત્મા બિરાજે છે. એ લોકો તો અસંખ્યપ્રદેશી આત્મા અને એ જાતનું વિજ્ઞાન નથી ત્યાં સાંખ્યનું. સાંખ્યયોગની અંદર બીજા અધ્યાયમાં વિષય આવે છે. તો કહે હૃદયકમળમાં પરમાત્મા (બિરાજે છે). 'શ્રીકૃષ્ણ'ના મુખેથી જ એ વાત લખી છે કે સર્વ પ્રાણીઓના હૃદયમાં હું જ બિરાજમાન છું. એટલે હે અર્જુન ! તારા હૃદયમાં પણ હું જ બેઠો છું. તું શું કરવા મુંઝા છો ? એને મુંઝવણ થઈ છે ને ? (તો કહે છે), તું શું કરવા મુંઝા છો ? તારા હૃદયમાં તો હું જ બેઠો છું.

(અહીંયા) કહે છે, પોતાનો નિજ પરમેશ્વર પોતાની અંદર બિરાજમાન હોવા છતાં એનો વિયોગ એને કદી સાલ્યો નથી. એક સ્વજનનો વિયોગ થાય, દીકરીને સાસરે વળાવે ને તો દડ... દડ... દડ... દડ... દડ.... બોર જેવા આંસુ પડી જાય છે. આ

તો નિજપરમાત્મા છે. પાછા ઓલા તો ભિન્ન દ્રવ્ય છે. વર્તમાન ભવ પૂરતો સંયોગ સંબંધ છે, વ્યવહાર સંબંધ છે, નિશ્ચય સંબંધ તો બિલકુલ નથી. તો પણ નિજપરમાત્માનો એને વિયોગ છે, વિયોગ રહ્યો છે અને તે અનંત કાળ રહ્યો છે. ઓલું તો છ મહિને પીયર બોલાવે, સાસરે ગઈ હોય તો. વેવાઈને લખે કે ભાઈ ! એને ત્યાં ફાવતું હોય, ન ફાવતું હોય તમે જાળવતા તો હશો પણ છતાં હવે અમારે ત્યાં મોટી થઈ છે તો જરાક ૧૫ દિવસ, મહિનો મોકલો. કાંઈ કાયમનો વિયોગ નથી. આ તો કાયમનો વિયોગ છે. અનાદિથી વર્તમાન સુધી નિજ પરમાત્માનો કાયમનો વિયોગ છે એનું એને દુ:ખ લાગ્યું નથી. એ વાત જો એને સમજાય તો એનો બીજો પશ્ચાતાપ થયા વિના રહે નહિ. આ વચનથી બે પ્રકારે પશ્ચાતાપ થવાનો અહીંયાં પ્રસંગ છે.

**'એવા મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે; તથાપિ પ્રાયે જીવને અનંતવાર મનુષ્યપણું મળ્યાં છતાં તે કલ્યાણ સિદ્ધ થયું નથી,...'** કલ્યાણ એણે પ્રાપ્ત કર્યું નથી. **'જેથી વર્તમાન સુધી જન્મમરણનો માર્ગ આરાધવો પડ્યો છે.'** અત્યાર સુધી જન્મમરણ... જન્મમરણ... જન્મમરણ... ચાલુ રહ્યા છે. અને એ જન્મતાના દુ:ખ અને એ મરતાનાં દુ:ખ આ જીવ કોઈ રીતે સંમત કરવા તૈયાર નથી. કોઈ રીતે એને મૃત્યુ સંમત છે ? કે નહિ. મર્યો એ જન્મવાનો, જન્મ્યો એ નિયમથી મરવાનો, મરવાનો ને મરવાનો જ. આ જે ચક્કર છે એ પોતાના અપરાધથી આરાધેલું ફળ છે એ એને ચાલું રાખવું પડ્યું છે.

અને **'અનાદિ એવા આ લોકને વિષે...'** આ તો 'શ્રીમદ્જી'એ એક વર્તમાન પરિસ્થિતિ મૂકી દીધી કે જુઓ ! આ પરિસ્થિતિ છે. હવે કલ્યાણ અશક્ય નથી. આત્મકલ્યાણ છે એ અનંત કાળે નહિ સાધેલું હોવા છતાં તદ્દન અશક્ય નથી. તેમ શક્ય હોવા છતાં પણ બહુ સંખ્યામાં, જે જગતના જીવોની સંખ્યા છે એ સંખ્યાને જોતા બહુ જ અલ્પ સંખ્યામાં કો'ક કો'ક જીવ, આ જીવ આત્મકલ્યાણ સાધનારો છે. આ પરિસ્થિતિ એની દુર્લભતાને બતાવે છે.

**'અનાદિ એવા આ લોકને વિષે જીવની અનંતકોટી સંખ્યા છે;...'** અનાદિ એવા આ લોક એટલે સંસાર. વિશ્વમાં **'જીવની અનંતકોટી સંખ્યા છે; સમયે સમયે અનંત પ્રકારની જન્મમરણાદિ સ્થિતિ તે જીવોને વિષે વર્ત્યા કરે છે;...'** અને એક સમયમાં

કેટલા જીવો જન્મે છે, કેટલા જીવો મરે છે. એક જન્મમરણનો વંટોળ ચાલે છે. વિશ્વની અંદર એક જન્મમરણનો વંટોળ સાયક્લોન જેને કહેવામાં આવે છે–વાવાઝોડું. એમાં કોઈ ક્યાંય ફેંકાય. વાવાઝોડામાં શું થાય ? શા માટે એને વાવાઝોડાની ઉપમા આપે છે ? કે કોઈ ક્યાંય ફેંકાય.. કોઈ ક્યાંય ફેંકાય... કોઈ ક્યાંય ફેંકાય... કોઈ ક્યાંય... અફડાતફડી થઈને ક્યાંયને ક્યાંય જાય.

એમ આ જન્મમરણના ચક્કરમાં કોઈ ક્યાંય ઊડીને પડે છે. કોઈ ક્યાંય ઊડીને પડે છે. હજારો-લાખો યોજન એક સમયમાં કાપીને જીવ ત્યાં પહોંચી જાય છે. વાર નથી લાગતી. એક સમયમાં લાખો યોજન (દૂર ચાલ્યો જાય), કોઈપણ જાતના સાધન અને વાહન વગર. શરીરનું બે પગથી ચાલવાની જરૂર નથી. શરીરનું સાધન નહિ. બીજું સાધન તો નહિ. મોટર ગાડી અને એરોપ્લેન તો નહિ, પણ શરીરનું પણ સાધન નહિ. એક સમયમાં પહોંચી જાય. એક સેકન્ડમાં નહિ, હોં ! એક સમય એટલે એક સેકન્ડનો અસંખ્યમો ભાગ. લાખમો ભાગ નહિ, કરોડમો ભાગ નહિ, અબજમો ભાગ નહિ પણ અસંખ્યમો ભાગ. એટલા સૂક્ષ્મ કાળમાં પોતાના અપરાધનું ફળ ભોગવવા જીવ ચાલ્યો જાય છે.

અહીંયાં દોમદોમ સાહ્યબી હોય. ચક્રવર્તી હોય. મિથ્યાત્વ અવસ્થામાં ભોગ-ઉપભોગમાં જે તીવ્ર પાપરસના પરિણામ થાય છે એનાથી અધોગતિમાં જાય છે. એક સમયમાં ઊપજે ક્યાંય એવી દુઃખી અવસ્થામાં ઊપજે. એમ થાય કે આ તે શું થઈ ગયું ? ક્યાં ઘડીકમાં ખમા... ખમા... ખમા... બધા કરતા હતા અને ઘડીકમાં ક્યાં રાડો પાડે છે. કોઈ સાંભળનાર નથી, એની રાડ સાંભળનાર નથી. આ તે શું છે ? એ કુદરતની કુદરતી એક વ્યવસ્થા છે. એ કુદરતની વ્યવસ્થિત વ્યવસ્થા છે. અને એમાં કોઈનું ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈનું ચાલતું નથી. એવી એક અનિવાર્ય પરિસ્થિતિ છે.

કહે છે કે, '**સમયે સમયે અનંત પ્રકારની જન્મમરણાદિ સ્થિતિ તે જીવોને વિષે વર્ત્યા કરે છે;....**' એટલે અનંતા મરે છે, અનંતા જન્મે છે. જન્મમરણ... જન્મમરણ... ચાલુને ચાલુ રહ્યા કરે છે. '**એવો અનંતકાળ પૂર્વે વ્યતીત થયો છે.**' આવો જે અનંતકાળ છે એ પૂર્વે ઘણો ગયો. અનંતકાળ ગયો આ રીતે, આમને આમ. '**અનંતકોટી જીવના પ્રમાણમાં...**' એવા સંખ્યામાં અનંતકોટી. એક કરોડ, બે કરોડ નહિ પણ અનંત કરોડ

એવા. હજાર કરોડ નહિ. કરોડ x કરોડ નહિ. અનંત કરોડ એવા જીવો છે સંખ્યામાં એના **'પ્રમાણમાં આત્મકલ્યાણ જેણે આરાધ્યું છે, કે જેને પ્રાપ્ત થયું છે, એવા જીવ અત્યંત થોડા થયા છે,...'** એ જીવોની સંખ્યા બહુ અલ્પ છે. છ મહિના અને આઠ સમયે ૬૦૮ (જીવો મુક્તિને પામે). અનંતની સામે, હોં ! એટલે એક ટકાનો અનંતમો ભાગ પણ Percentage માં ન આવે. આપણે કહીએ એક ટકો કલ્યાણ સાધે છે ? કે એક ટકાનો અનંતમો ભાગ. એનો Ratio કે Proportion એનો અનુભાગ આવે નહિ. આ પરિસ્થિતિ છે. એને અનંતતા કહે છે. એક ટકાનો અમુક ભાગ આવે તો સંખ્યામાં આવી જાય છે. આ સંખ્યાની બહાર જાવું છે. એટલે એક ટકાનો પણ અનંતમો ભાગ કલ્યાણ સાધતા નથી.

**'એવા જીવ અત્યંત થોડા થયા છે, વર્તમાને તેમ છે,...'** અત્યારે પણ એવા જીવો બહુ થોડા છે. આત્મકલ્યાણને સાધનારા જીવો બહુ થોડા છે. **'અને હવે પછીના કાળમાં પણ તેવી જ સ્થિતિ સંભવે છે,...'** ભવિષ્યમાં પણ થોડા રહેવાના છે. અને **'તેમ જ છે.'** ભૂતકાળે તો બહુ થોડાએ સાધ્યું છે, અત્યારે પણ બહુ અલ્પ સંખ્યામાં સાધનારા છે. ભવિષ્યમાં પણ એ સંખ્યા અલ્પ જ રહેવાની છે. એ કેવળજ્ઞાન ગોચર જે વિષય જ્ઞાનગોચર થયો છે કેવળજ્ઞાનમાં એ પ્રસિદ્ધ થયો છે.

મુમુક્ષુ :- ત્રણ લોકમાંથી...

પૂજ્ય ભાઈશ્રી :- આ ત્રણ લોકમાં થઈને. આમ તો મનુષ્ય સિવાય સિદ્ધાલયમાં જનાર તો ન દેવગતિમાંથી જાય, તિર્યંચગતિમાંથી પ્રશ્ન જ નથી. અને ન કોઈ નારકીમાંથી જાય. જે જાય છે એ તો મનુષ્યગતિમાંથી (જાય છે). એટલે આ જે ૪૫ લાખ યોજનની પહોળાઈવાળી જે અઢી દ્વિપની અંદરની મનુષ્યક્ષેત્રની જે પરિસ્થિતિ છે ઉપર એટલી સિદ્ધશિલા છે. અઢી દ્વિપની બહાર મનુષ્ય નથી.

મુમુક્ષુ :- મહાવિદેહ ક્ષેત્ર, ઘાતકી ખંડ આવી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મહાવિદેહક્ષેત્ર, ઘાતકી ખંડ...

મુમુક્ષુ :- એ બધા થઈને ૬૦૮ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પુષ્કરનો અર્ધ. અર્ધ પુષ્કરાધ. એ અઢી દ્વિપમાં મનુષ્ય હોય છે અને ત્યાંથી ગમે ત્યાંથી મોક્ષમાં જાય.

મુમુક્ષુ :- એમાં ૬૦૮ ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં છ મહિના અને આઠ સમયે ૬૦૮નો વારો આવે છે. પણ આપણો વારો એમાં આવી શકે એવું છે. સંખ્યા અલ્પ હોવા છતાં આપણો વારો એમાં આવી શકે એવું છે. ભલે ગામમાં કરોડપતિ ઓછા હોય પણ આપણે ન થઈ શકીએ એવું કોઈ માને છે ? હેં ! કે ભાઈ ! દસ-વીસ વર્ષ પહેલા ભલે આપણી પાસે કાંઈ નહોતું. પણ અત્યારે ન જ થાય એવું કાંઈ આપણે માની બેસીએ છીએ ? અને પ્રયત્ન-તક મળતી હોય તો કાંઈ જવા દઈએ એમ છીએ ? કે કોઈ તક જવા દે નહિ.

એમ આ મનુષ્યગતિ છે એ સિદ્ધપદનું આરક્ષણ, Reservation કરવાનો આ ભવ છે. મનુષ્યભવ છે એ સિદ્ધપદનું Reservation કરવાનો આ ભવ છે. અત્યારે તમારી Seat ઉપર secure થઈ જાય. જગ્યા અત્યારથી ખાલી રહે ત્યાં. કોઈ બેસે નહિ એ જગ્યાએ આવીને. ભલે તમારી પહેલા ઘણા સિદ્ધો થાય, તમારી જગ્યા તો અકબંધ રહી જાય. આમ છે. પછી કરવું, ન કરવું એ પસંદગી પોતાને કરવાની છે. બાકી અત્યારે શક્યતા આ છે. Booking થાય છે. વગર પૈસે. એક રાતી પાય લેવામાં આવશે નહિ. દેવી હોય તો પણ લેવામાં આવશે નહિ. કેમ કે આ બધા મહાત્માઓ તો નિઃસ્પૃહ થયા. જે ધર્માત્માઓ થયા તે નિઃસ્પૃહ થયા. એ તો કોઈનું કાંઈ સ્વીકારવા તૈયાર નથી.

મુમુક્ષુ :- સંભળાવનાર ઓછા, સાંભળનાર ઓછા અને પામનાર ઓછા..

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ હોય ને. એ તો એમ જ થાય. એમ જ થાય.

મુમુક્ષુ :- બાકી બધા વાડાબંધીમાં...

પૂજ્ય ભાઈશ્રી :- વાડાબંધીમાંથી નીકળવું એ જરા મુશ્કેલ વસ્તુ છે.

મુમુક્ષુ :- સાચું સંભળાવનારની બહુ કિંમત છે ત્યાં....

પૂજ્ય ભાઈશ્રી :- હા. કિંમત છે. પણ હવે એ કિંમત તો સાંભળનારને કરવાની છે. સંભળાવનારને કરવાની નથી. કાટલા જુદાં છે.

મુમુક્ષુ :- સાચું સાંભળવાનું જવલ્લે જ મળે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બરાબર છે. પણ એ સંભળાવનારની કિંમત કરવાની છે. સાંભળનારને કરવાની છે, સંભળાવનારને નહિ. સંભળાવનાર એમ કહે કે મારી કિંમત વધારે છે. એ વાત કાંઈ વ્યાજબી છે ?

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ નડતા હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- કર્મની પર્યાય કર્મની બહાર નથી. વસ્તુનું વિજ્ઞાન એમ કહે છે કે કર્મની પર્યાય કર્મની બહાર નથી અને જીવની પર્યાય જીવની બહાર નથી. એટલે કર્મની પર્યાય બહાર નીકળીને જીવ સુધી આવી જાય એવું નથી બનતું. પોતે પોતાને આવરણ કરે એવા ભાવ જ્ઞાનાવરણીય અને ભાવ દર્શનાવરણીય ભાવકર્મ છે. એની સાથે એના ઉદયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જોઈને અથવા એના આસ્રવ, બંધનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જોઈને એનું નામ પાડ્યું છે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય.

જગતમાં કોઈ ચીજ ઉપર એનું નામ લખ્યું છે ? વ્યવહાર કરવા માટે નામ છે. કે આ ભાઈનું નામ 'શાંતિલાલ' કહેવું અને આ ભાઈનું નામ 'વાસુદેવભાઈ' કહેવું. નામ લખ્યું છે ક્યાંય ? એ તો વ્યવહાર કરવા માટે નામ પાડવામાં આવે છે. એમ કર્મના પરમાણુમાં ક્યાંય કોઈ નામ લખેલું નથી. પણ જે પરમાણુ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થાય છે એ પરમાણુ ઉપર એ પરમાણુનું એવા વ્યવહારથી નામ પાડવામાં આવે છે. પણ એ છદ્મસ્થને એનું કાઈ જ્ઞાન નથી થતું. કેવળી ગોચર છે. જે કર્મનો વિષય છે એ બધો કેવળજ્ઞાનગોચર છે. એવા સૂક્ષ્મ પર્યાયે પરિણત એ પરમાણુઓ છે કે જે કોઈ છદ્મસ્થને જ્ઞાનમાં જણાતા નથી. સીધા જ્ઞાનમાં જણાતા નથી.

જૈન શાસ્ત્રોમાં એનો કેટલોક વિચાર વિદ્યમાન શાસ્ત્રની અંદર રહી ગયો છે. નહિતર તો બાર અંગની અંદર એ વિષય આવે છે. પણ અત્યારે તો બાર અંગ છે એમાંથી મોટો ભાગ વિચ્છેદ ગયો છે. એટલે કેટલોક ભાગ અત્યારે એનો આવે છે તો એમાંથી જે પોતાને પ્રયોજનભૂત એવો સમજવો. પ્રયોજનભૂત એટલે કેમ ? જીવ માઠા ભાવ કરતો હોય, માઠા એટલે નુકસાન કરનારા-અહિત કરનારા, એ ભાવ એને ન સમજાતા હોય તો એને એમ કહેવાય કે ભાઈ ! તું આવા કર્મ શું કરવા બાંધે છો ? કર્મ દેખાતા નથી. પણ અનંત જન્મમરણ થાય, અનંત દુઃખની અંદર તારે ધકેલાવું પડે એવા કર્મ તું શું કરવા બાંધે છો ? શા માટે બાંધે છો ? કાંઈક જરાક વિચાર કર તું. કેમ કે એ એના ભાવને પોતે નથી સમજતો. જે ભાવે એ કર્મ બાંધે છે એ ભાવનો એને ખ્યાલ નથી આવતો. એટલે એને જરાક સ્થૂળ એનું નિમિત્ત બતાવવું પડે છે કે ભાઈ ! જો તને કર્મ બંધાય છે એ ઘણા ભયંકર ખરાબ

છે. અને એ કર્મ એવા છે કે તારો પત્તો નહિ ખાય. તું ક્યાં ગયો એ તારો પત્તો ખાશે નહિ. ગોત્યો નહિ હાથ આવ તું. અને દુઃખી એટલો થઈશ કે એની કોઈ સીમા નથી. માટે આવા કર્મ બાંધવા તું રહેવા દે. એમ એને ભાવ ન સમજાતો હોય ત્યારે કહેવું પડે. એટલું પ્રયોજન છે. જેને ભાવ ઉપર અવલોકન છે, પોતાના ભાવને જે જોવે છે એને એ કર્મનો વિષય કોઈ પ્રયોજનભૂત નથી. પરમાણુનો વિષય એને પ્રયોજનભૂત નથી.

મુમુક્ષુ :– એમ આવતું હોય છે કે એક સાથે મોક્ષે ગયા...

પૂજ્ય ભાઈશ્રી :– એક સાથે નથી જતા. ક્રમે જાય છે. એક સાથે નથી જતા. ક્રમે ક્રમે કરીને. એમ આવે છે ને કે ભાઈ ! આ 'પાલીતાણા'ના શેત્રુજંય ઉપરથી આઠ કરોડ મુનિરાજ ગયા. 'તારંગા'થી આટલા ગયા. ફલાણાથી આટલા ગયા. એ કાળે, કાળક્રમે ગયેલા છે.

મુમુક્ષુ :– એમાં છ મહિનાનું જળવાય રહે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ જળવાય રહે છે. એ કેવળજ્ઞાનગોચર વિષય છે. કેવળજ્ઞાનમાં કાંઈ બીજી રીતે આવે ? જેવું બનવાનું હોય એવી રીતે જ આવે ને ? એને કારણે નથી, એકબીજાને પરાધીન નથી. ન તો કેવળજ્ઞાનને પરાધીન બીજા જીવો છે. ન તો બીજા જીવોને પરાધીન કેવળજ્ઞાન છે. પણ એ કુદરતી સામેસામું જ્ઞાન જેવું જ્ઞેય, જ્ઞેય જેવું જ્ઞાન. અરીસા અને પ્રતિબિંબ જેવું છે એ.

'**અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ...**' પણ એનો સારાંશ આ છે. કે '**કલ્યાણની પ્રાપ્તિ જીવને ત્રણે કાળને વિષે અત્યંત દુર્લભ છે;...**' અશક્ય નથી. પણ ભૂતકાળ, વર્તમાન કાળ અને ભવિષ્યકાળની સંખ્યાનો વિચાર કરવામાં આવે તો જીવને પોતાનું આત્મકલ્યાણ થવું એ દુર્લભયોગ છે એમ સમજવા યોગ્ય છે. '**કલ્યાણની પ્રાપ્તિ જીવને ત્રણે કાળને વિષે અત્યંત દુર્લભ છે; એવો જે શ્રી તીર્થંકરદેવાદિ જ્ઞાનીનો ઉપદેશ તે સત્ય છે.**' એ કેવળજ્ઞાન અનુસાર આ વાત પ્રસિદ્ધ થયેલી છે. જેને વીતરાગ સર્વજ્ઞ કેવળજ્ઞાની પરમાત્મામાં જૈન પરમેશ્વરમાં જેને વિશ્વાસ છે એને એની વાણીમાં પણ વિશ્વાસ છે. કેમ કે એવો વિષય છદ્મસ્થ જીવને કોઈ પ્રત્યક્ષ પુરાવાથી બતાવી શકાતો નથી. પણ કેવળજ્ઞાનની અંદર એ આવે છે. અને જગતમાં પણ બધી વાત પ્રત્યક્ષ માનવામાં આવતી નથી. પરોક્ષ વાતો પણ જે પ્રામાણિક હોય તેને સ્વીકારવી રહે

છે. પરોક્ષ વાતો પણ જે પ્રામાણિક હોય તે સ્વીકારવી રહે છે. અથવા કોઈ પણ પ્રામાણિક માણસની પરોક્ષની વાતને સ્વીકારવામાં આવે છે કે ભાઈ ! માણસ પ્રામાણિક છે. એ પોતાને નુકસાન થાય કે લાભ થાય એ વિષયમાં પણ આઘુંપાછું ન બોલે તો બીજાના લાભ-નુકસાનના વિષયમાં એ વાત એને ખોટું કહેવાનું, આઘુપાછું કહેવાનું પ્રયોજન નથી.

એમ જે વીતરાગોએ આ વાત કરી છે. એમાં એમને કાંઈ લેવા-દેવા નથી. એ તો સાધી લીધું એમણે. પછી જીવોની બાબતમાં એ કથન કરે તો શા માટે ઓછું-વત્તું કરે ? ન તો એમનું જ્ઞાન ઓછું-વત્તું છે કે અજાણપણે ઓછું-વત્તું કહે. ન તો એમની પ્રામાણિકતા ઓછી-વત્તી છે. કોઈ રાગે કરીને, કોઈ દ્વેષે કરીને, કોઈ મોહે કરીને જીવથી આઘુપાછું બોલાઈ જાય છે. એવો કોઈ અંશ એમનામાં રહ્યો નથી વીતરાગ થવાથી. સંપૂર્ણ વીતરાગી અને સંપૂર્ણ જ્ઞાની હોવાથી એમનું પ્રત્યેક વચન સંપૂર્ણપણે વિશ્વસનીય છે. સંપૂર્ણપણે એ વિશ્વાસને યોગ્ય છે, વિશ્વાસને પાત્ર છે. એ ઉપદેશ એમનો સત્ય છે.

**'એવી, જીવસમુદાયની જે ભ્રાંતિ તે અનાદિ સંયોગે છે,...' 'એવી, જીવસમુદાયની જે ભ્રાંતિ...'** શું છે ? જે ભ્રાંતિએ કરીને આ જીવે પરિભ્રમણ કર્યું છે (એ અનાદિથી છે). અનાદિથી છે એટલે સ્વભાવિક નથી. અને અનાદિથી છે (માટે) અનંત કાળ રહે એમ પણ નથી. સંયોગે છે એટલે વિયોગને યોગ્ય છે તે સંયોગે છે. સંયોગનો અર્થ સીધો આ લેવો. કે જે વિયોગને યોગ્ય હોય તે સંયોગરૂપે છે. આવી ભ્રાંતિ અનાદિથી જીવને સંયોગે છે, ચાલી આવે છે. **'એમ ઘટે છે, એમ જ છે;...'**

શૈલી બહુ (સારી છે). એવી શૈલી છે. વાત તો એમને અસત્સંગની કરવી છે, હોં ! આ જગ્યાએ. ભ્રાંતિનું કારણ પણ અસત્સંગ છે ઇ કહેશે હવે. વાત અસત્સંગની કહેવી છે પણ ક્યાંથી ઉપાડી છે ? કે એક તો વિચાર સહિત, વાચાસહિત, વિચારશક્તિ મનુષ્યપ્રાણી સિવાય કોઈને નથી. એટલે એક તો તારા મનુષ્યભવનું તને કાંઈ મૂલ્યાંકન કરવું હોય તો કરી લે. કે આ બીજા જીવડા કેટલા દેખાય છે ? એક ઘરની અંદર કીડી જુઓ, માખીઓ જુઓ, બત્તીના જીવો જુઓ, હવાના-પાણીના ભલે દેખાતા નથી પણ કેટલા છે ? એક ઘરની અંદર જેટલા જીવ છે ? બે માણસ રહેતા હોય, ચાર માણસ રહેતા હોય, એવા એક ઘરની અંદર કેટલા બીજા જીવ છે ? કે, મનુષ્ય સિવાય

જીવોની સંખ્યા જુઓ તો એટલી બધી મોટી છે. અનંત કોટી જીવ યોનિ છે. તું મનુષ્ય શું કરવા અને એ એમ શું કરવા ? આટલો તો વિચાર કર.

તું અત્યારે માણસ શું કરવા ? કે તને ભૂખ લાગી હોય તો એમ કહી શકે કે ભૂખ લાગી છે. જમવાની વ્યવસ્થા જમવાના સમયે ભૂખ લાગે એ પહેલા બધી Prior arrangement થઈ જાય છે. ભૂખ ૧૨ વાગે લાગવાની છે અને ૯ વાગ્યાથી ઘરમાં રસોડું ચાલુ થઈ જાય છે, ૧૦ વાગ્યાથી ચાલુ થઈ જાય છે. કેમ ? કે, તારી પાસે જે વિચારશક્તિ છે એ વાચાસહિત છે. ભાઈ ! ૧૨ વાગે થાળી પડવી જોઈશે. માટે ૧૨ વાગે રાંધવા બેસો તો કાંઈ થાળી પીરસાસે નહિ. તિર્યંચને કોઈ જગ્યા નથી, એ કહેવાની જગ્યા તિર્યંચને નથી કે મને ક્યારે ભૂખ લાગવાની છે એ નહિ કહી શકે અને ક્યારે એની તૈયારી કરવાની છે એ નહિ કહી શકે.

જો તને તારા દેહાર્થે આટલો વિચાર આવે છે કે આજે ૧૨ વાગે ખાવું છે એમ નહિ. હું સો વર્ષ જીવીશ તો સોએ વર્ષ સુધીની એ વ્યવસ્થા વિચારે છે પછી જીવ. એક દિવસની નથી વિચારતો. કોઈ મૂડી એક દિવસે વાપરી નાખતો નથી. તો એટલો તું વિચાર કરે છે તો અનંત કાળથી તારા આત્માનો વિચાર કરને. તારે કેવી રીતે સુખમાં કે દુઃખમાં પસાર થવાનું છે ? તારું પ્રયોજન કેવી રીતે પસાર થવાનું છે ? સુખ-દુઃખનું પ્રયોજન શું છે ? શું કહે છે ?

**'તે ભ્રાંતિ જે કારણથી વર્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે;...'** હવે આવી જે જીવને ભ્રાંતિ વર્તે છે એ ભ્રાંતિના એમણે બે કારણ લીધા છે. ભ્રાંતિ એટલે શું ? કે, જન્મમરણ થવાનું, જેના ફળમાં જન્મમરણ થવાનું ચાલું રહે છે એવું જે કારણ ભાવની અંદર છે એ કારણ છે એ ભ્રાંતિરૂપ છે. ભ્રાંતિ એટલે ભ્રમ. ભ્રમથી, એ બધું જે કાંઈ કરે છે તે બધું ભ્રમથી કરે છે. એનું સુખ છે એમાં પણ એનો ભ્રમ છે, એના દુઃખના કારણોમાં પણ એનો ભ્રમ છે. દુઃખ બરાબર છે. દુઃખના કારણોમાં પણ એનો ભ્રમ છે. એ એમ માને છે કે હું જન્મ્યો. એ એનો ભ્રમ છે. એમ માનશે કે હું હવે મરીશ. એ પણ એનો ભ્રમ છે. ત્યારથી માંડીને એના જેટલા જેટલા જગતના વ્યવહારના જે સ્વીકૃત નિર્ણય છે એ બધા ભ્રમ છે એના. એને Misconception કહે છે આપણે. અંગ્રેજીમાં એને શું કહે છે ? Misconception કહે છે. એણે જે સ્વીકારી લીધું છે એ ખોટું છે.

મુમુક્ષુ :- જન્મે છે અને મરે છે જન્મ મરણ છે તે દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- દેહનો સંયોગ થાય છે, દેહનો વિયોગ થાય છે. નથી આત્મા જન્મતો, નથી આત્મા મરતો. એમ છે. પછી આ બધું સ્વીકાર્યું છે કે, આ મારો પુત્ર છે, આ મારો પિતા છે. આ બધો ખોટો સ્વીકાર છે એનો. Misconception છે.

મુમુક્ષુ :- હું મનુષ્ય છું.

પૂજ્ય ભાઈશ્રી :- હું મનુષ્ય છું એ ખોટું છે. હું આત્મા છું. મનુષ્ય છું નહિ પણ હું આત્મા છું. હું જૈન છું, હું અજૈન છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું ગરીબ છું, હું તવંગર છું, હું આબરૂવાળો છું, ફલાણો છું, એ બધા એના Misconception છે, બીજું કાંઈ નથી. એ બધા નિર્ણયો ખોટેખોટા સ્વીકારેલા છે. જગતનો વ્યવહાર આ નિર્ણયો ઉપર ચાલે છે. જગતનો વ્યવહાર આ સ્વીકૃત નિર્ણયો ઉપર ચાલે છે. ત્યારે જ્ઞાની એમ કહે છે કે, અમારી દુનિયા જ કોઈ જુદી છે. અમારી દુનિયા કોઈ જુદી છે. આ દુનિયામાં અમે રહેતા નથી, અમે જીવતા નથી. એમ છે. દુનિયા જુદી છે.

કહે છે કે એવી જે ગડબડ થઈ છે, એ જે ભ્રાંતિથી બધું સ્વીકારવામાં આવ્યું છે. **'તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે;...'** તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે. **'એક પારમાર્થિક અને એક વ્યાવહારિક;...'** પારમાર્થિક એટલે ધર્મના ક્ષેત્રમાં આ જીવના Misconception એટલે ખોટા નિર્ણયો છે. અને એક સંસારની અંદરના જે સંબંધો છે એ પણ ભ્રાંતિગતપણે સ્વીકારેલા નિર્ણયો છે. એટલે બે મુખ્ય કારણો લીધા. પારમાર્થિક અને વ્યવહારિક. તો વ્યવહારિક કારણો તો સમજી શકાય છે કે ખરેખર જો કોઈ કોઈના સંબંધવાળો હોય તો કાયમ સંબંધ રહે, મટે નહિ. જેમ કે આ મારું ઘર. તો મારું ઘર કાયમ રહેવું જોઈએ. પણ મરી ગયા પછી માણસ બોલે છે કે ભાઈ ! એનું ક્યાં કાંઈ હતું ? આ ભર્યા ઘરમાં એનું ક્યાં કાંઈ હતું ? લઈ ગયા કાંઈ સાથે ? એમ કહે છે. એટલે એ એની વાસ્તવિકતા આવીને ઊભી રહે છે. જે કલ્પના કરી હતી કે આ મારું ઘર અથવા બધા એમ કહેતા હતા કે આ તમારું ઘર. હું કહેતો હતો એમ નહિ, બીજા પણ લોકો એમ કહે, સરકારના દસ્તાવેજ પણ એમ બોલે કે આ મારું ઘર. સરકારી દસ્તાવેજો બોલે. એ બાપ-દાદાના વખતથી ચાલ્યું આવે છે આ તો અમારું. વાસ્તવિકતા એમ બોલે છે કે એનું ઘર હતું નહિ. હતું પણ નહિ અને છે પણ નહિ. એ વાસ્તવિકતા છે. વસ્તુના સ્વરૂપની એ વાસ્તવિકતા

છે. ભલે તે જીવને સ્વીકારવાયોગ્ય નથી લાગતી, એ સંમત કરતા નથી. બધા સગાસંબંધી ના પાડે ના-ના આમ તો થવું જ ન જોઈએ. ભાઈ તો રહેવા જ જોઈએ અને ભાઈ તો જવા ન જ જોઈએ. પણ એ વાસ્તવિકતા સ્વીકારવી પડે છે. સંમત ન થતી હોય તો પણ સ્વીકારવી પડે છે. એટલે એ પણ એક ભ્રાંતિનું કારણ છે. અને ધર્મના ક્ષેત્રમાં આ જીવ અયથાર્થ નિર્ણય કરે છે. આપણે યથાર્થ નિર્ણયનું પ્રકરણ ચાલે છે.

આ જીવ અયથાર્થ નિર્ણય કરે છે જીવના સ્વરૂપનો અને પોતાના પરિણામના સ્વરૂપનો અને એ સિવાયના જેટલા ભંગભેદ શાસ્ત્રની અંદર, આગમની અંદર છે, જેટલી જેટલી વાતો છે એ બધી વાતોમાં અયથાર્થપણે જે નિર્ણય કરે છે તેને પારમાર્થિક ભ્રાંતિનું કારણ કહેવામાં આવે છે. ભ્રાંતિનું કારણ છે. એ ભ્રાંતિએ કરીને જીવને પોતાના નિશ્ચયને વિષે કલ્પના થાય છે. સ્વરૂપનો નિશ્ચય કરવા જતાં જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં ભાસ્યમાન થવાને બદલે કલ્પનાએ કરીને અન્યથા ભાસ્યમાન થવાનું કારણ ભ્રાંતિ છે. એ ભ્રાંતિનું કારણ અસત્સંગ છે એમ અહીંયાં કહેશે. વાત ખેંચીને ત્યાં લઈ જવી છે એમને. એટલે એ પારમાર્થિક કારણ છે.

**'અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે કે,...'** બહુ સરસ વાત કરી હોય તો આ જગ્યાએ આ પત્રની કરી છે. બે પ્રકારે ભ્રાંતિ રહી એને મુખ્ય એક જગ્યાએ, એને પણ એક જગ્યાએ લાવી દઈએ તો, એ વાત એમ છે કે, **'આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી;...'** આ એક એમનું અમૃતવચન છે. સુવર્ણ અક્ષરે લખવા જેવું વચન છે. અનંત કાળમાં જીવે દીક્ષા નથી લીધી એમ નથી કીધું, હોં ! અનંતવાર દીક્ષા લીધી છે. આ જીવે તપશ્ચર્યા નથી કરી એમ નથી કીધું. આ જીવે શાસ્ત્રો નથી વાંચ્યા એમ પણ નથી કીધું. અગિયાર અંગ અને નવ પૂર્વ અનંત વાર વાંચ્યા છે. બાકી દયા, દાન, જપ, તપ આદિ ઘણું ઘણું કર્યું છે. પણ એ બધા સાધન નિષ્ફળ શું કરવા ગયા ? કે જીવને ખરી મુમુક્ષુતા આવી નથી. આ એક ગજબની વાત કરી છે.

મુમુક્ષુ :- જ્યાં સુધી આવા પરિણામ રહેતા હોય ત્યાં સુધી મુમુક્ષુપણું ક્યાંથી આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે. ખરેખર તો જીવને ખરી મુમુક્ષુતા જ આવી નથી.

મુમુક્ષુ :- બહુ મોટો આક્ષેપ કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- આક્ષેપ નથી આ વાસ્તવિકતા છે. આક્ષેપ તો ત્યારે કહેવાય કે એવો અપરાધ ન હોય, એવો દોષ ન હોય અને કરવામાં આવે તો. તો એને આક્ષેપ કહેવાય. પણ આ તો વાસ્તવિક સ્થિતિ બતાવી છે. એટલે જરાપણ આ જીવે દુઃખ લગાડવા જેવું નથી.

મુમુક્ષુ :- મારો કહેવાનો અર્થ જાગવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાગવું જોઈએ. જાગૃત થવા માટે વાત કરી છે. કે હે જીવ ! તેં આટલું આટલું કર્યું ! તેં એટલું બધું કર્યું કે લોકોએ તને ધાર્મિક માણસ તરીકે બિરદાવ્યો. લોકોએ ધાર્મિક માણસ તરીકે તારી પ્રશંસા કરી. માનપત્રો આપ્યા. અને બધાએ આખા સમાજે તને ઊંચો ઉઠાવ્યો. અને છતાં તારા જન્મમરણ ન મટ્યા એટલે ખરેખર ધર્મના કારણરૂપ મુમુક્ષુતામાં તો તું આવ્યો જ નહોતો. આ તે શું કહેવાય ?

મુમુક્ષુ :- કલંક કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- કલંક છે. ખરેખર કલંક છે. આ એક એને પશ્ચાતાપ માટેનું બીજું વચન છે. ધાર્મિક ક્ષેત્રમાં ધર્મના નામે, ધર્મના બહાને ઘણું ઘણું કરવા છતાં સાચી મુમુક્ષુતા જ આવી નથી ! એમ કહેવું છે. મૂળમાં જો સાચી મુમુક્ષુતા આવી હોય તો ક્રમશઃ એ આત્મકલ્યાણના માર્ગમાં એ વિકાસ સાધે, સાધે અને સાધે જ. ન સાધે એવું બને નહિ.

એટલે ખરી વાત તો એ છે કે, **'આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી;...'** અને ગમે તેટલું એણે વાંચ્યું હોય, વિચાર્યું હોય, સાંભળ્યું હોય છતાં **'એક અક્ષર સત્ય પણ તે જીવમાં પરિણામ પામ્યું નથી;...'** છાંટો પણ પડ્યો નથી એમ કહે છે. ધર્મનો તો છાંટો પડ્યો નથી પણ ધર્મના કારણનો છાંટો પડ્યો નથી. આ પરિસ્થિતિ ઊભી રહી છે એના માટે જન્મમરણ છે. શું થયું છે ? ખરી મુમુક્ષુતા આવી નથી એટલે એના પરિણામે સત્યનો એક અક્ષર પણ એને મળ્યો નથી. એટલું જ નહિ **'સત્પુરુષના દર્શન પ્રત્યે જીવને રુચિ થઈ નથી;...'** આ એક બીજા ઉપલક્ષણથી તપાસવા જેવો મહત્ત્વનો મુદ્દો છે. કે સત્પુરુષ બિરાજમાન હોય, ત્યાં દર્શન કરવાની જીવને રુચિ ન થાય. ત્યારે એણે એમ સમજવું કે ભાવથી એ ઘણો દૂર ચાલ્યો ગયો છે. મુમુક્ષુતામાં

જરાય રહ્યો નથી. આજ્ઞાની અવગણના કરે અને આજ્ઞા વિરુદ્ધ ચાલે એનો તો કોઈ Class જ નથી, એને તો કોઈ Classમાં જ મૂકાય એવું નથી. સત્પુરુષની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું એ મુમુક્ષુનું લક્ષણ છે. સત્પુરુષની આજ્ઞાનું અત્યંત અત્યંત અંગીકૃતપણું એ મુમુક્ષુનું લક્ષણ છે. આજ્ઞા બહાર જાય એ તો વ્યવહારે પણ મુમુક્ષુ નથી. અહીં તો એમ કહે છે કે, એના દર્શનની એને રુચિ ન થઈ, મુમુક્ષુતામાં આવ્યો નથી એમ કહેવું છે.

આમ તો એક જગ્યાએ એવું લીધું છે કે, જો સત્પુરુષ બિરાજમાન હોય તો એનું ખોળિયું ગમે ત્યાં રહે પણ એનો જીવ ત્યાં જ રહે. ખોળિયું ગમે ત્યાં રહે પણ જીવ ત્યાં ચોંટ્યો રહે કે એક મારા પરમાત્મા ત્યાં બિરાજે છે. સત્પુરુષ નથી એ એના માટે પરમાત્મા છે. સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ એ પરિસ્થિતિ આવે છે. એ લક્ષણ બહુ સારું લીધું છે.

**'સત્પુરુષના દર્શન પ્રત્યે જીવને રુચિ થઈ નથી;...'** કોઈ કહે, ચાલોને ભાઈ ! દર્શન કરવા. કે તમે જાવને. મને બહુ અત્યારે મન નથી. મને મન નથી થતું એટલે હું આવતો નથી. બહુ સારી વાત છે. ક્યાં ઊભા છે એનો ખ્યાલ એને આવી જાય છે. કે એને ખરેખર તો મુમુક્ષુતા જ આવી નથી. **'તેવા તેવા જોગે...'** અને જ્યારે એવો સત્પુરુષના દર્શનનો યોગ થાય, પ્રસંગ આવે ત્યારે **'સમર્થ અંતરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે,...'** ત્યારે એનો ભાવ ઉપડે નહિ પછી. સત્પુરુષને સત્પુરુષની દૃષ્ટિએ જોવામાં એનો અંતરાય, એને સમર્થ અંતરાય હોય છે અંદરમાં એના પરિણામનો. એને કોઈ રીતે જે પરમેશ્વરબુદ્ધિએ એને (જોવા જોઈએ એ રીતે જોઈ શકે નહિ). 'ગુરુદેવે' 'ધન્ય અવતાર'ની પુસ્તિકામાં (કહ્યું કે) કોઈ ભાવથી દર્શન કરશે તો કર્મથી હળવો થઈ જશે. એવી વાત લખી છે. બહુ તાત્ત્વિક વાતો છે, હોં ! આ બધું જે 'શ્રીમદ્જી' કહે છે એ બધી વાતો છે. એક જ અભિપ્રાય ચાલ્યો આવે છે, એક જ અભિપ્રાય ચાલ્યો આવે છે.

**'તેવા તેવા જોગે સમર્થ અંતરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે;...'** શું (કરીએ), ભાઈ ! હવે અમને ગિર્દીમાં ફાવતું નથી, એમ કહે. કાં તો એમ કહે કે, અમને ગડદીમાં ફાવતું નથી. જઈ આવોને તમે. ત્યાં બધી ગડદી વધારે હોય છે, કાં તો કહે છે કે, ત્યાં અમને આમ કહે છે, અમને આમ બોલે છે, અમારી સાથે ઓલો ફલાણા

આમ કરે છે. પણ ફલાણાને અને આને શું લેવા દેવા ?

**'અને તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું, અને અસત્દર્શનને વિષે સત્દર્શનરૂપ ભ્રાંતિ તે છે.'** અને એ સૌથી મોટું કારણ, એમ થવાનું કારણ શું ? એવી રુચિ નહિ થવાનું કારણ શું ? કે અસત્સંગ. નજીકના એવા જીવોમાં એને રહેવું ગમે છે, એને રહેવું રુચે છે એ એની વાસના છે. અસત્સંગની વાસના છે. એ વાસનાને લઈને એને સત્પુરુષનો સંગ રુચતો નથી.

એટલે સૌથી એ મોટું કારણ છે કે **'અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું,...'** પછી પોતાની ઇચ્છા પ્રમાણે ચાલે છે, સ્વચ્છંદે. **'અને અસત્દર્શનને વિષે...'** એટલે જેમાં સત્ય દર્શન નથી, સત્ય સંપ્રદાય નથી એવા અસત્દર્શનને વિષે એણે સાચો મોક્ષમાર્ગ પામવાવાળો આ સંપ્રદાય અને દર્શન છે એવું જે ભ્રાંતિએ કરીને માન્યું છે, એ પારમાર્થિક ભ્રાંતિ છે અને પેલી વ્યવહારિક ભ્રાંતિ છે. બેય રીતે એને એ (ભ્રાંતિરૂપ છે). એ બંનેનું કારણ એ અસત્સંગની વાસના છે. બંનેનું કારણ શું લીધું મૂળમાં ? અસત્સંગથી આ બધા દોષ ઊભા થઈ ગયા છે.

મુમુક્ષુ :- અસત્સંગની સાથે વાસના વધારે....

પૂજ્ય ભાઈશ્રી :- વાસનાનો અર્થ એ છે કે, જે પરિણામ જલ્દી મટાડ્યા મટે નહિ. જે પરિણામ મટાડવા માગે તો પણ જલ્દી મટે નહિ એવા ઘર કરી ગયેલા દોષિત પરિણામ એને વાસના કહેવામાં આવે છે. અહીંયાં અસત્સંગની વાસના જીવને થઈ ગઈ છે. એને જ્ઞાનીના સંગમાં, મુમુક્ષુના સંગમાં, સત્સંગમાં રહેવું ગમતું નથી, રુચતું નથી. એ સિવાયનો સંગ એને રુચે છે, ગમે છે અને સત્પુરુષ હોય તો પણ એના દર્શન પ્રત્યે કે એના સત્સંગ પ્રત્યે એને રુચિ થતી નથી. તો એ એક ભયંકર પરિસ્થિતિ સર્જાણી છે કે જેને લઈને એ અનંતા દોષની પરંપરામાં આવ્યા વગર રહેશે નહિ. આ પરિસ્થિતિ છે. એટલે એને ત્યાં એવો હલકો શબ્દ વાપર્યો છે. 'વાસના' એવો હલકો શબ્દનો જે પ્રયોગ કર્યો છે એનું કારણ એ છે કે એ ભયંકર રોગ છે. બીજા તમામ પ્રકારની વાસનાઓ કરતાં આ અસત્સંગની વાસના છે એ વધારેમાં વધારે જીવનું ખરાબ પરિણામ છે. એમ કહેવું છે. ચૌદ બ્રહ્માંડમાં રખડવાનું આ કારણ છે, જન્મમરણ કરવાનું આ કારણ છે.

આ પત્રનો જે આટલો વિભાગ છે એ વિભાગ પછી એમણે આ પેરેગ્રાફમાં

તો એમ કહ્યું છે કે જે અસત્‌દર્શનની ભ્રાંતિ છે એમાં કોઈ આત્માને પદાર્થ માને છે. કોઈ એમ માને છે કે નિત્ય છે. કોઈ સંયોગિક માને છે, કોઈ અનિત્ય (માને) છે, કોઈ શૂન્ય માને છે, કોઈ સાકાર માને છે, કોઈ પ્રકાશ સ્વરૂપ માને છે, કોઈ સ્વતંત્ર માને, કોઈ પરતંત્ર માને, કોઈ નિરાકાર માને. એવું બધું જે કાંઈ માને છે **'તે તે ઉપર જણાવ્યાં એવાં...'** પેરેગ્રાફની છેલ્લેથી ચોથી લીટી, એ જ પેરેગ્રાફની.

એવા **'તે તે ઉપર જણાવ્યા તે એકાંત-અયથાર્થપદે જાણી...'** એ બધા અયથાર્થ અભિપ્રાય જાણી. **'આત્માને વિષે અથવા અથવા આત્માને નામે ઈશ્વરાદિ વિષે...'** આ ઈશ્વરકર્તા (માન્યતાવાળાઓની) મોટી સંખ્યા છે. ખુદા, ઈશ્વર. **'પૂર્વે જીવે આગ્રહ કર્યો છે; એવું જે અસત્સંગ, નિજેચ્છાપણું...'** એમાં અસત્સંગ પહેલું પદ લીધું. એનાથી પ્રાપ્ત એવું નિજેચ્છાપણું એટલે સ્વચ્છંદપણું. **'અને મિથ્યાદર્શનનું પરિણામ તે જ્યાં સુધી મટે નહીં ત્યાં સુધી આ જીવ ક્લેશ રહિત એવો શુદ્ધ અસંખ્ય પ્રદેશાત્મક મુક્ત થવો ઘટતો નથી,...'** આ જીવ મુક્ત નહિ થાય. જ્યાં સુધી આ નહિ મટે ત્યાં સુધી એની મુક્તિ નથી.

**'અને તે અસત્સંગાદિ ટાળવાને અર્થે...'** અસત્સંગ ટાળવા માટે શું કરવું ? કેમ કે ઘરમાં, દુકાનમાં, બજારમાં, ગામમાં તો જાવું જ પડશે. એ ટાળવાને અર્થે સત્સંગ, આ પ્રતિપક્ષ છે. સત્સંગ અને અસત્સંગ પ્રતિપક્ષ છે. સામેસામા છે એમ કહે છે. એટલે એને ટાળવા માટે પ્રથમ **'સત્સંગ જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું,...'** આ તો મૂળા-ભાજીની જેમ કાઢી નાખે. જ્ઞાનીની આજ્ઞા કે હવે એ તો કીધું હશે. એ તો અમથું કીધું હશે, એ તો ભૂલથી કીધું હશે, એ તો સમજ્યા વગર કીધું હશે, કોઈના કહેવાથી કીધું હશે. એ રીતે જ્ઞાનીની, ગુરુની આજ્ઞાને ઉથાપાય નહિ. કોઈ રીતે ઉથાપાય નહિ.

**'જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું, અને પરમાર્થસ્વરૂપ એવું જે આત્માપણું તે જાણવા યોગ્ય છે.'** પરમાર્થસ્વરૂપ એટલે મૂળ આત્મસ્વરૂપ. જેનો નિર્ણય કરવાનો છે એ જાણવા યોગ્ય છે. જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું જાણવા યોગ્ય છે. અને સત્સંગ જાણવા યોગ્ય છે, નહિતર અસત્સંગ ટળશે નહિ. અસત્સંગની વાસનાથી ઉત્પન્ન થયેલા માઠા પરિણામ પણ ટળશે નહિ.

મુમુક્ષુ :– ત્રણ વાત ત્રણ મુદ્દા...

પૂજ્ય ભાઈશ્રી :– ત્રણ મુદ્દા લીધા છે. સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાને અત્યંત અંગીકાર કરવાપણું અને પરમાર્થ સ્વરૂપ એવું જે પોતાના આત્માનું સ્વરૂપ આત્માપણું. જે જાણવા યોગ્ય છે. એ બધા દોષ મટાડવા માટે અને મુક્તિ થવા માટે આ ત્રણ મુદ્દા એમણે વ્યવસ્થિત રીતે અહીંયાં પ્રતિપાદન કર્યા છે અને એને બરાબર ખરી મુમુક્ષાતામાં આવીને જાણવા જેવું છે. મુમુક્ષુતામાં ન આવે ત્યાં સુધી વાતની અસર થાય એવું નથી. અહીં સુધી રાખીએ...

તત્ત્વ અભ્યાસ તત્ત્વરુચિ પૂર્વક થવો ઘટે, કારણકે માત્ર વિચારથી વસ્તુનું ગ્રહણ થતું નથી. રુચિ જરૂરતમાંથી ઉત્પન્ન થઈ હોવાથી, તે વસ્તુનું ગ્રહણ કરવા સમર્થ છે. વળી રુચિ અનુસાર જાગૃતિ અને રુચિનો વિષય જ્ઞાનમાં – પરિણમનમાં મુખ્ય રહેતો હોવાથી રુચિ વડે પ્રયોજન સધાય છે. પાત્રતા જ્ઞાનના ક્ષયોપશમ આધારીત નથી પરંતુ રુચિ – તત્ત્વરુચિ આધારીત છે. રુચિવંતને પ્રતિકૂળતા – અનુકૂળતા રોકી શકતી નથી. વિઘ્ન કરી શકે નહિ.

(અનુભવ સંજીવની–૧૧૯૦)

❊

પર્યાયમાત્રમાં અહંબુદ્ધિનો અભાવ થઈ - દ્રવ્યદૃષ્ટિ થતાં આખી સૃષ્ટિ બદલાય જાય છે. વિજ્ઞાનઘન પરમ તત્ત્વના રસીલા જીવ, ભવ – મોક્ષના ભેદને ગૌણ કરીને પરમ સમભાવને પ્રાપ્ત થાય છે. – તેઓ એવો અનુભવ કરે છે કે પર્યાયના કોઈ ફેરફારોથી મારામાં કાંઈ જ ફેરફાર થતો નથી, પર્યાય મને સ્પર્શતી જ નથી. જ્યાં આવો સમ્યક્ અનુભવ વર્તતો હોય, ત્યાં દેહાદિ સંયોગની શું ગણના ? શું ચિંતા ? ત્યાં એવી દશા છે કે :–

‘એક દેખીએ, એક જાનીએ, રમી રહીએ એક ઠૌર,
સમલ વિમલ ન વિચારીયે, યહી સિદ્ધિ નહિં ઔર’
(–કવિવર પૂ. બનારસીદાસ). (અનુભવ સંજીવની–૧૧૯૧)

તા. ૨૨-૯-૧૯૯૦, પત્રાંક–૫૧૧, ૫૧૨
પ્રવચન નં. ૨૧૬

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્ર ૫૧૧. પાનું ૪૧૨. પેરેગ્રાફથી છે.

**'શ્રી જિને આ જીવના અજ્ઞાનની જે જે વ્યાખ્યા કહી છે, તેમાં સમયે સમયે તેને અનંતકર્મનો વ્યવસાયી કહ્યો છે;...'** સંસારી જીવના પરિણામની, સંસારી જીવની સ્થિતિ, એને વર્ણવતા જિનેન્દ્રદેવે સંસારીજીવને સમયે સમયે અનંત કર્મ બાંધવાના વ્યવસાયી કરનારો ગણ્યો છે કે સંસારમાં રહેલો આ જીવ સમયે સમયે અનંત કર્મને બાંધે છે. અનંત કર્મના પરમાણુને. **'અને અનાદિકાળથી...'** એ જ પ્રકારે **'અનાદિકાળથી અનંતકર્મનો બંધ કરતો આવ્યો છે,...'** એવા અનંત કર્મના પરમાણુઓમાં અવગાહન શક્તિ એમાં હોવાને લીધે, જીવમાં પણ અવગાહન શક્તિ હોવાને લીધે અનંત કર્મોનું એને બંધન થયા જ કરે છે તો પણ ત્યાં પરમાણુમાં જગ્યા નથી રહેતી એવું કાંઈ નથી.

**'એમ કહ્યું છે; તે વાત તો યથાર્થ છે,...'** તે વાત તો ખરી છે. જીવને સ્વીકારવા જેવી છે. ખરી છે એટલે સ્વીકારવા જેવી છે. **'પણ ત્યાં આપને એક પ્રશ્ન થયું કે,...'** પત્ર 'સોભાગ્યભાઈ' ઉપરનો છે. એમને ખાસ કરીને 'આપ' એમના માટે લખે છે. **'ત્યાં આપને એક પ્રશ્ન થયું કે, 'તો તેવાં અનંતકર્મ નિવૃત્ત કરવાનું સાધન ગમે તેવું બળવાન હોય તોપણ અનંતકાળને પ્રયોજને પણ તે પાર પડે નહીં.'...'** હવે આવી રીતે અનંત કાળ સુધી અનંત કર્મ બાંધેલા હોય, તો એ અનંત કર્મથી નિવૃત્તવું એટલે છૂટવું, મુક્ત થવું એ તો અનંત કાળે પણ ન બને. ગમે તેવું સાધન હોય તો પણ તે અનંત કાળે એનાથી છૂટવાનું પ્રયોજન તો પાર પડે નહિ. આવું લાગે છે. આ પ્રશ્ન છે. અવતરણચિહ્નમાં છે એ પ્રશ્ન છે.

ઉત્તર આપે છે કે, **'જો કે કેવળ એમ હોય...'** એટલે તમે કહો છો એવા શબ્દોથી

એ જ વાત એકાંતે હોય **'તો તમને લાગ્યું તેમ સંભવે છે.'** તો તમને લાગ્યું એમાં કાંઈ ખોટી વાત નથી. એવું જ લાગે છે. શબ્દથી જોતા તો એવું જ લાગે. **'તથાપિ જિને પ્રવાહથી જીવને અનંતકર્મનો કર્તા કહ્યો છે,...'** પ્રવાહ અપેક્ષાથી. પ્રવાહથી એટલે ? પ્રવાહ અપેક્ષાથી. પ્રવાહ અપેક્ષાથી એટલે એમાં કાળનો પ્રવાહ લેવો છે. અનંત કાળથી વર્તમાન સુધીનો જે કાળ પ્રવાહ છે એમાં ક્યારેય વચ્ચે કર્મ ન બાંધ્યા હોય એવો એક સમય ખાલી ગયો નથી. ધારાવાહીપણે જીવ કર્મનો બંધ કરતો આવ્યો છે એમ કહેવું છે. પણ એ બધા કર્મ એક સમયે બાંધી લીધા છે એમ કહેવું નથી. અનંત કાળથી વર્તમાન સુધીના એક સમયમાં બાંધી લીધા છે એમ નથી કહેવું.

એટલે **'પ્રવાહથી જીવને અનંતકર્મનો કર્તા કહ્યો છે, અનંતકાળથી કર્મનો કર્તા તે ચાલ્યો આવે છે એમ કહ્યું છે;...'** એમ કહેવામાં આમ કહે છે. અનંતકાળથી તે પ્રવાહપણે કર્મનો બંધ કરતો આવ્યો છે એમ કહેવાનો અભિપ્રાય ત્યાં સમજવા યોગ્ય છે. **'પણ સમયે સમયે અનંતકાળ ભોગવવાં પડે એવા કર્મ તે આગામિક કાળ માટે ઉપાર્જન કરે છે એમ કહ્યું નથી.'** એમ કહેવા માગતા પણ નથી કે દર સમયે અનંત કાળ ભોગવવા પડે એવા કર્મ બાંધે છે. પ્રતિ સમયે અનંત કાળ ભોગવવા પડે છે એવા કર્મ બાંધે છે એવું નથી. કર્મની સ્થિતિ, સ્થિતિ બંધની અપેક્ષાએ એ સ્થિતિ હંમેશાં મર્યાદિત રહી છે. એની અનંત કાળની સ્થિતિ કોઈ કર્મની છે જ નહિ. સાદિ શાંત, બધા કર્મની સ્થિતિ સાદિ સાંત છે.

મુમુક્ષુ :– સીત્તેર ક્રોડા ક્રોડીથી વધારે સ્થિતિ હોય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પણ મોહનીયકર્મની. બીજા કર્મની તો એટલી પણ નહિ. એક દર્શનમોહનીયની, મિથ્યાત્વ મોહનીયની ૭૦ ક્રોડાક્રોડીની હોય છે. એથી વધારે બીજી કોઈ કર્મની પ્રકૃતિની સ્થિતિ નથી હોતી.

મુમુક્ષુ :– અત્યારે વર્તમાન જીવને વધારેમાં વધારે સ્થિતિ હોય તો એટલી હોય.

પૂજ્ય ભાઈશ્રી :– એટલી હોય. કોઈપણ જીવને. તીવ્રમાં તીવ્ર દર્શનમોહનીયની સ્થિતિ પડે ત્યારે, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ પડે ત્યારે ૭૦ ક્રોડાક્રોડીથી વધારે નથી પડતી. એમ કહેવું છે કે, કોઈપણ સમયે અનંત કાળે...

મુમુક્ષુ :– મારું કહેવાનું એમ હતું કે, વર્તમાન જીવ ઊભો છે, એને એથી વધારે સ્થિતિ તો હોય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ જીવને ન હોય. એનાથી ઓછી હોય.

મુમુક્ષુ :– એમ નહિ. અનંતકાળ કરતા અનંત કાળનો બંધ તો હોય જ નહિ. ૭૦ ક્રોડાક્રોડી વધારે બંધ હોય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈને ન હોય. અને કોઈને હોય તો પણ એ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ દર્શનમોહનીય પૂરતો હોય. કોઈ જીવને કોઈ કર્મની સ્થિતિ અનંત કાળની છે જ નહિ. કોઈ જીવને કોઈ કર્મની સ્થિતિ અનંત કાળની છે જ નહિ. કેમ કે સ્થિતિ, બંધ પડે છે ત્યારે કોઈ સ્થિતિ મર્યાદિત પડે છે. અનંતનો અર્થ કે અમર્યાદિત થઈ ગઈ. તો એવી સ્થિતિ તો અભવીને નથી. ભવીનો તો પ્રશ્ન પણ નથી, અભવીને પણ નથી. એટલે ભવીને તો અમસ્તી પણ એ મૂંઝવણ નથી. જેને પોતાનું ભવિતવ્ય ભાસે છે એને તો એ અમસ્તો પણ પ્રશ્ન નથી.

હવે એ ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડીની છે તે પણ એક જ પ્રકૃતિની છે–તે મિથ્યાત્વની, જે સૌથી વધારે ભયંકર છે. એની સ્થિતિ પણ સૌથી વધારે હોય છે. પણ તે બધાને ૭૦ ની પડે જ એવું કાંઈ નથી. એ તો કોઈને તીવ્ર મિથ્યાત્વ હોય ત્યારે પડે છે. બાકી એથી ઓછી પણ પડે છે. એ તો ઉત્કૃષ્ટ છે. જઘન્ય દરેક કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મૂહુર્તની છે. એમ જઘન્ય ઉત્કૃષ્ટ અને મધ્યમ ઉત્કૃષ્ટ એવી રીતે સ્થિતિ ભિન્ન ભિન્ન પ્રકૃતિની છે.

**'પણ સમયે સમયે અનંતકાળ ભોગવવાં પડે એવા કર્મ તે આગામિક કાળ માટે ઉપાર્જન કરે છે એમ કહ્યું નથી.'** એમ ભગવાને નથી કહ્યું. અથવા કેવળજ્ઞાનમાં એવું જણાયું નથી. **'કોઈ જીવઆશ્રયી એ વાત દૂર રાખી, વિચારવા જતાં એમ કહ્યું છે, કે, સર્વ કર્મનું મૂળ એવું જે અજ્ઞાન, મોહ પરિણામ તે હજુ જીવમાં એવું ને એવું ચાલ્યુ આવે છે, કે જે પરિણામથી અનંતકાળ તેને ભ્રમણ થયું છે; અને જે પરિણામ વર્ત્યા કરે તો હજુ પણ એમ ને એમ અનંતકાળ પરિભ્રમણ થાય.'** અથવા થશે. કોઈ એક જીવને એટલે અપવાદ બાદ રાખીને. ચડતા ક્રમમાં કોઈ જીવ આવે છે ત્યારે હજી અજ્ઞાન નથી ગયું તો પણ સન્મુખતામાં આવ્યો છે તો એને બાદ રાખીને, એમ કહેવું છે.

**'કોઈ જીવઆશ્રયી એ વાત દૂર રાખી,...'** એટલે અપવાદમાં રાખીને. જે પ્રકારના અજ્ઞાનથી જીવ વર્તી રહ્યો છે એ પ્રકારના અજ્ઞાનથી આ જીવને અનંતકાળનું પરિભ્રમણ

રહ્યું છે. હજી જો એવું અજ્ઞાન નહિ છોડે તો હજી અનંતકાળ પરિભ્રમણ એનું ચાલુ રહેશે, એમ કહેવું છે. તો એમાં પણ શું અપેક્ષા છે ? સ્થિતિની અપેક્ષા નથી. અજ્ઞાનમાં રહેલી શક્તિની અપેક્ષા છે અને એ શક્તિ બતાવવા માટે અહીંયાં અગ્નિનો દૃષ્ટાંત આપ્યો છે.

'**અગ્નિના એક તણખાને વિષે આખો લોક સળગાવી શકાય એટલો ઐશ્વર્ય ગુણ છે;...**' ઐશ્વર્ય એટલે સામર્થ્ય. એને ઐશ્વર્ય કહે છે. એક તણખામાં શક્તિ કેટલી ? કે આખા લોકને બાળે એટલી. '**તથાપિ તેને જેવો જેવો યોગ થાય છે...**' એટલે સામે બળવાયોગ્ય પદાર્થ જેવો મળે છે '**તેવો તેવો તેનો ગુણ ફળવાન થાય છે.**' એટલે અગ્નિમાં બાળવાનો (સ્વભાવ), નાની અગ્નિ હોય, તણખાની અગ્નિ હોય, ઓછી અગ્નિ હોય (છતાં) બાળવાની શક્તિ તો પૂરી છે. પણ અત્યારે એની વર્તમાન પ્રગટ સ્થિતિથી વધારે પ્રમાણમાં જો એના ઉપર કાંઈ લાદવામાં આવે તો એ બાળવાને બદલે ઉલટાનું એને ઠારી દે છે. અગ્નિ ઠરી જાય. અને અગ્નિ પ્રજ્વલિત થાય તો દરિયામાં પણ દાવાનળ લાગે. નહિતર પાણી કાંઈ બળવાયોગ્ય પદાર્થ નથી, પાણી તો અગ્નિને ઠારે. પણ દરિયામાં પણ દાવાનળ લાગે. જંગલમાં લાગે એમાં તો નવાઈ નથી પણ દરિયામાં દાવાનળ લાગે. એટલે એ વાત શક્તિ અપેક્ષાએ છે. જેવો જેવો એને યોગ (થાય), યોગ એટલે જેવાં જેવાં દાહ્ય પદાર્થો, બળવાયોગ્ય પદાર્થો સાથે એનું જોડાણ થાય, સંયોગ થાય તેવો તેવો તેનો બાળવાનો ગુણ એટલે સ્વભાવ છે એ ફળવાન થાય છે. '**ફળવાન થાય છે.**' એટલે સફળ થાય છે.

મુમુક્ષુ :- દરિયામાં દાવાનળ લાગે તો ન બનવાનું બને ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ કહેવાય છે. જોયો નથી આપણે. એવું કહેવાય છે કે, દવ લાગે ત્યારે દરિયામાં પણ દાવાનળ લાગે. એવડી મોટી જબરદસ્ત અગ્નિ(ની શક્તિ છે), એમ કહેવું છે.

મુમુક્ષુ :- આજે અનંતકાળથી જે વાત થઈ એમાં અનંતકાળની અપેક્ષા પૂરી થાય. કેમકે ૭૦ ક્રોડાક્રોડીકાળ પૂરો કરે ત્યાં બીજો બંધ પડે. એમ અનંતકાળ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ થાય છે. એમ જ થયું છે. પ્રવાહથી અનંત થયું છે.

મુમુક્ષુ :- .. ૭૦ ક્રોડાક્રોડીનું જે બંધન થાય છે ને, બીજે સમયે જે બંધ પડે...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. કોઈ દિવસ ન હોય. કોઈ પરિણામના નિમિત્તે ૭૦

ક્રોડાક્રોડીથી...

મુમુક્ષુ :– ના આ તો અનંતકાળ તો...

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એમાં શું છે કે એના ઉદય કાળે પાછો નવો બાંધે. એ સીત્તેર ક્રોડાક્રોડીવાળો જે છે એના ઉદય કાળે પાછો નવો બાંધે. એમાં સીત્તેરનો બાંધે એવો નિયમ નહિ પાછો. ઓછુ પણ બાંધે. પણ એમને એમ ઉદયમાં નવું બાંધતો જાય છે, ઉદયમાં નવું બાંધતો જાય છે. પણ અત્યારે જુઓને, Practically તમે જુઓ કે આઠે પ્રકારના કર્મનો ઉદય વર્તે છે આપણને. આયુષ્ય છે એટલે આયુષ્યનો આઠમો થઈ ગયો. સાત તો બધાને હોય જ છે. આઠ કર્મનો ઉદય એક અમુક કાળે એટલે કે વિગ્રહ ગતિમાં નથી હોતો. કેમ કે ત્યાં આયુષ્યકર્મ ઉદયમાન નથી. આગલું પૂરું થઈ ગયું, નવું હજી શરૂ નથી થયું. એ તો જ્યાં ઉત્પન્ન થવાનો છે ત્યાંથી શરૂ થવાનું છે. એટલે વિગ્રહ ગતિમાં સાત કર્મનો ઉદય લીધો છે. નહિતર સંસારી જીવને આઠે કર્મનો ઉદય છે. પણ આટલો અપવાદ છે–વિગ્રહગતિ પૂરતો. એટલે સામાન્યપણે એમ કહેવાય કે સંસારી જીવને આઠે કર્મનો ઉદય હોય જ છે. તો એ અત્યારે આઠ કર્મનો ઉદય વર્તે છે આપણને એ વખતે જે રાગ-દ્વેષ-મોહના વિભાવ પરિણામો થયા કરે છે ત્યારે જૂનો જે ઉદય આવ્યો છે એ કર્મની સ્થિતિ પૂરી થઈ ત્યારે ઉદય આવ્યો છે. એ વખતે જે રાગ-દ્વેષ-મોહના પરિણામ થયા ત્યારે નવા કર્મ બાંધ્યા. જૂના ભોગવવાના કાળે નવા કર્મનો બંધ થયા કરે છે અને આ રીતે એનો પ્રવાહ ચાલ્યો જ આવે છે એમ કહેવું છે. કર્મબંધનો જે પ્રવાહ છે એ રીતે ચાલુ ને ચાલુ રહે છે. આમ કહેવું છે. જૂનાની સ્થિતિ પૂરી થાય એ વખતે નવા બંધાતા જાય. જૂનાની સ્થિતિ પૂરી થાય, નવા બંધાતા જાય. એમ અમુક ખલાસ થતા જાય છે. નવા આવતા જાય છે, ખલાસ થતા જાય છે, નવા આવતા જાય છે. આમને આમ સંસારનું ચક્કર ચાલુ જ રહે છે.

**'તેમ અજ્ઞાનપરિણામને વિષે અનાદિકાળથી જીવનું રખડવું થયું છે.'** આ પ્રકારે અજ્ઞાનપરિણામથી અજ્ઞાનદશામાં જીવ પોતાના સ્વરૂપને ચેતતો નહિ હોવાને લીધે અને માત્ર કર્મના ઉદયને ચેતતો હોવાને લીધે સમયે સમયે (બંધ) કરતો જ રહે છે. **'તેમ હજુ અનંતકાળ પણ ચૌદે રાજલોકમાં પ્રદેશે પ્રદેશે અનંત જન્મમરણ તે પરિણામથી હજુ સંભવે;...'** ચૌદે રાજ લોકમાં દરેક પ્રદેશે એ જન્મમરણ કરે એ

અજ્ઞાનમાં એવી શક્તિ રહેલી છે. એટલા જન્મ મરણ કરે, અનંત વાર.

**'તથાપિ જેમ તણખાનો અગ્નિ યોગવશ છે,...'** એને જેવો બળવાયોગ્ય પદાર્થનો સંયોગ થાય એ પ્રમાણે એ બાળે. **'તેમ અજ્ઞાનના કર્મપરિણામની પણ અમુક પ્રકૃતિ છે.'** સમુચ્ચયપણે અજ્ઞાનના પરિણામમાં બધા કર્મ બંધાય છે એમ કહેવાય છે. સાતે કર્મ બંધાય પણ આઠમું આયુષ્ય બધી વખતે નથી બંધાતું સમુચ્ચયપણે. પણ એની પણ અમુક પ્રકૃતિ છે. હવે એ કર્મની પ્રકૃતિની પેટાભેદની વાત કરે છે. **'ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એક જીવને મોહનીયકર્મનું બંધન..'** મોહનીય એટલે અહીંયાં દર્શનમોહનીય લેવી. ચારિત્રમોહનીયની એટલી સ્થિતિ નથી પડતી. દર્શનમોહનીય **'કર્મનું બંધન થાય તો તે સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમનું થાય,...'** સિત્તેર ક્રોડાક્રોડી સાગર, વધારેમાં વધારે સ્થિતિ પડે. તીવ્રમાં તીવ્ર મિથ્યાત્વ છેલ્લી હદનું (હોય ત્યાર) પછી એથી આગળ કોઈ ખરાબ પરિણામ નથી.

**'એમ જિને કહ્યું છે, તેનો હેતુ સ્પષ્ટ છે કે, જો અનંતકાળનું બંધન થતું હોય તો પછી જીવનો મોક્ષ અનંતકાળે પણ ન થાય.'** એટલે આવું જે જિનેન્દ્રની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયું છે, પ્રસિદ્ધ થયું છે એમાંથી શું કાઢવું છે ? કર્મ છે, કર્મના અનેક પ્રકારના પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ આદિના પરિણામોનું જ્ઞાન કરવું છે ? શું તારવવું છે એમાંથી ? કે એમાંથી એ તારવવાનું છે કે કોઈ જીવને અનંતકાળનુ બંધન થતું નથી. અનંતકાળનું બંધન થાય તો કોઈનો મોક્ષ થાય નહિ. આમ તારવવું છે.

**'એ બંધ હજુ નિવૃત્ત ન થયો હોય પણ લગભગ નિવર્તવા આવ્યો હોય ત્યાં વખતે...'** એના પરમાણુ અનેક હોય છે. એના નિષેકો. સમૂહ હોય એને નિષેકો કહે છે. એ ઉદયમાં આવે છે ક્રમશઃ. એમાં એ પૂરો ખલાસ થાય એ પહેલા ખલાસ થવા આવ્યો એ પહેલા પાછો એ નવું બંધન એવું કરે છે કે **'ત્યાં વખતે બીજી તેવી સ્થિતિનો સંભવ હોય,...'** એવી બીજી સ્થિતિ પડે, એવી બીજી સ્થિતિ ન પણ પડે. એટલે સંભવ લીધો છે. થાય જ એમ નહિ. ન પણ થાય અને બીજી કોઈ સિત્તેર ક્રોડાક્રોડીની બાંધે પણ ખરો એમ કહે છે.

**'પણ એવા મોહનીયકર્મ કે જેની કાળ સ્થિતિ ઉપર કહી છે, તેવાં એક વખતે ઘણાં બાંધે એમ ન બને.'** એક વખતે એક વખત બાંધે. એક વખતે સિત્તેર ક્રોડાક્રોડીના બાંધી જાય કે આ સિત્તેરના પણ બાંધ્યા, બીજા સિત્તેરના પણ બાંધ્યા, ત્રીજા સિત્તેરના

પણ બાંધ્યા એવા અનેક સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમના એક સમયે બાંધી લીધા એવું બનતું નથી. **'અનુક્રમે હજુ તે કર્મથી નિવૃત્તિ થવા પ્રથમ...'** એટલે તે પહેલા. **'બીજું તે જ સ્થિતિનું બાંધે, તેમ બીજું નિવૃત્તિ થતાં પ્રથમ ત્રીજું બાંધે; પણ બીજું, ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું એમ સૌ એક મોહનીયકર્મના સંબંધમાં તે જ સ્થિતિનું બાંધ્યા કરે એમ બને નહિ.'** એક સાથે દસ, વીસ, પચાસ સિત્તેર ક્રોડાક્રોડીના બાંધી લે એમ નથી. **'કારણ કે જીવને એટલો અવકાશ નથી.'** એવા પરિણામનો ત્યાં, મલિન પરિણામમાં પણ અવકાશ નથી. **'મોહનીયકર્મની એ પ્રકારે સ્થિતિ છે.'** આ એક મોહનીય કર્મની પ્રકૃતિની વાત કરે છે.

**'તેમ આયુષ્ય કર્મની સ્થિતિ શ્રી જિને એમ કહી છે કે, એક જીવ એક દેહમાં વર્તતાં તે દેહનું જેટલું આયુષ છે તેટલાના ત્રણ ભાગમાંના બે ભાગ વ્યતીત થયે આવતા ભવનું આયુષ જીવ બાંધે,...'** એ પૂરું ભોગવે એ પહેલા. ૨/૩ ભોગવે ત્યારે એ આવતા નવા ભવનું આયુષ્ય બાંધી લે છે. **'તે પ્રથમ બાંધે નહિ.'** એ બે ભાગ વ્યતીત થયા પહેલા, ભોગવ્યા પહેલા કદિ બાંધે નહિ. કોઈ જીવ ન બાંધે એમ કહે છે.

**'અને એક ભવમાં આગામિક કાળના બે ભવનું આયુષ બાંધે નહીં,...'** હવે પછીનો ભવ મનુષ્યનો હોય, ત્યાર પછીનો તિર્યંચનો હોય તો એક સાથે બે આયુષ્યના બંધ ન પડે કે મનુષ્યનો પણ પડે અને તિર્યંચનો પણ પડી જાય. એ બીજો મનુષ્યનો ભોગવતી વખતે તિર્યંચનો પડશે એમ કહેવું છે. એક સાથે બે આયુષ્યના બંધ ન પડે, બે ભવના બંધ ન પડે, આયુષ્યની અપેક્ષાએ, તો વધારે પડવાનો તો પ્રશ્ન જ નથી કે ત્રીજાનો, ચોથાનો, પાંચમાનો આયુષ્યનો બંધ પડી જાય એ તો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– નિગોદમાં પણ એમ જ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા એમ જ. નિગોદમાં પણ એવું છે. પણ ત્યાં સમયોની, સેકન્ડોની ગણતરી છે. જેમ આપણે ૮૧ વર્ષ ગણ્યા એમ ૮૧ સેકન્ડનું આયુષ્ય હોય તો એમાં પણ ૫૪ સેકન્ડ પછી પડે આયુનો બંધ, એ પહેલા ન પડે. એ તો જે નિયમ છે એ તો નિયમ જ છે.

**'અર્થાત્ જીવને અજ્ઞાનભાવથી કર્મસંબંધ ચાલ્યો આવે છે, તથાપિ તે તે કર્મોની સ્થિતિ ગમે તેટલી વિટંબણારૂપ છતાં, અનંતદુઃખ અને ભવનો હેતુ છતાં પણ...'**

અને એમાં અનંત દુઃખ અને અનંત ભવનું સામર્થ્ય હોવા છતાં પણ **'જેમાં જીવ તેથી નિવૃત્ત થાય એટલો અમુક પ્રકાર બાધ કરતાં સાવ અવકાશ છે.'** એટલે મુક્ત થવાનો પણ અવકાશ ઘણો છે એમ કહેવું છે. ન મુક્ત થાય અમુક પ્રકારે જુદી વાત છે, પણ મુક્ત થવાનો અવકાશ એમાં ઘણો છે. આ પ્રકાર...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાવ અવકાશ છે. એટલે એને ઉત્સાહિત કરે છે, પ્રેરણા આપે છે કે તારે મુક્ત થવું હોય તો મૂંઝાવા જેવું નથી. મને કર્મે બાંધ્યો છે, હું બહુ કર્મથી બંધાયેલો છું, અનંત કાળથી કર્મ બાંધતો આવ્યો છું, ઘણા કર્મ મેં બાંધ્યા છે, હવે કોને ખબર મારી કેવી રીતે મુક્તિ થાશે ? આવું કાંઈ મૂંઝાવાની જરૂર નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ....અમુક પ્રકાર

પૂજ્ય ભાઈશ્રી :- હા, અમુક પ્રકાર બાદ કરતાં.

મુમુક્ષુ :- અમુક પ્રકાર એટલે એ..?

પૂજ્ય ભાઈશ્રી :- અમુક અપવાદ છે કે આ દર્શનમોહનીયના જે ચીકણા પરિણામ છે અથવા માનો કે આ નિગોદની અંદર પણ એ પરિણામ દર્શનમોહનીયના બહુ ચીકણા થાય છે તો અમુક પ્રકાર એવા છે કે ત્યાં જલ્દી અવકાશ નથી. જીવ જલ્દી છૂટે એવું દેખાતું નથી. બાકી મનુષ્યપણે આવ્યો છે. પોતાના હિત-અહિતનો વિચાર કરતો જે જીવ થયો છે એને તો મુક્ત થવાનો ઘણો અવકાશ છે, એમ કહે છે. અમુક જીવોને છોડી દો તો ઘણો અવકાશ છે. અથવા અભવી આદિને છોડી દો, એ પ્રકારને છોડી દો તો ઘણો અવકાશ છે.

**'આ પ્રકાર જિને ઘણો સૂક્ષ્મપણે કહ્યો છે,...'** આ જે કર્મના બંધ, ઉદય, સત્તા એ બધા જે કર્મની સ્થિતિના પ્રકાર છે એ બહુ સૂક્ષ્મ વાતો અનેક ભેદે જિનેન્દ્રની વાણીમાં આવી છે. **'આ પ્રકાર જિને ઘણો સૂક્ષ્મપણે કહ્યો છે, તે વિચારવા યોગ્ય છે.'** તે પ્રયોજનભૂત રીતે વિચારવા યોગ્ય છે. **'જેમાં જીવને મોક્ષનો અવકાશ કહી કર્મબંધ કહ્યો છે.'** અને એમાં પણ જીવને મોક્ષનો અવકાશ રાખીને કર્મબંધ કહેવામાં આવ્યો છે. તારવ્યું શું ? આખો પેરેગ્રાફ એક કરણાનુયોગના વિષય ઉપર ચાલ્યો છે. એનો સારાંશ એ કાઢ્યો કે જીવને મોક્ષનો અવકાશ રાખીને કર્મબંધ શ્રી જિને

કહેલો છે. આમ તાત્પર્ય કાઢ્યું.

**‘આ વાર્તા સંક્ષેપમાં આપને લખી છે.’** અહીંયાં જે વાત ચાલી છે એ ટૂંકાણમાં છે. **‘તે ફરી ફરી વિચારવાથી કેટલુંક સમાધાન થશે, અને ક્રમે કરી કે સમાગમે કરી તેનું સાવ સમાધાન થશે.’** પત્રમાં સંક્ષેપ છે. કેટલુંક સમાધાન થશે. કેટલુંક સમાધાન સ્પષ્ટ ન થાય તો આગળ ઉપર ક્રમે કરીને થશે અથવા રૂબરૂ પૂછજો ત્યારે સમાધાન થઈ જાય એવું છે.

મુમુક્ષુ :– બીજા જન્મમાં આયુષ્યનો સળંગ ઉદય છે. એ કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– કેવી રીતે એટલે ?

મુમુક્ષુ :– એમાં એક કર્મ તો બંધાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં નિષેકો ઘણા છે ને. કર્મ એટલે એક પરમાણુ નથી બંધાણો. એના પ્રદેશ એટલે જથ્થો કહેવામાં આવે છે. ટૂંકું આયુષ્ય હોય તો એનો જથ્થો ટૂંકો હોય. લાંબુ આયુષ્ય હોય તો એ પરમાણુનો જથ્થો (વધારે હોય), એને પ્રદેશબંધ કહે છે. તો એમાંથી ક્રમે... ક્રમે... ક્રમે... ક્રમે... ઉદયમાન થાય છે. જ્યારે આયુષ્યના કર્મ પરમાણુ બંધાણા, આયુષ્ય કર્મના, ત્યારે અમુક જથ્થામાં બંધાણા. પછી એના વિભાગને નિષેકો કહે છે. એ નિષેકોનો ઉદય ચાલુ થાય છે. એમાં ૨/૩ સમય પસાર થાય, એ વખતે જેટલા ખરી ગયા તે ખરી ગયા. બાકીના હજી રહી ગયા ખરવાના. એ વખતે નવું બાંધે. થોડું બાકી રહ્યું હોય ત્યારે ૧/૩ બાકી રહ્યું હોય ત્યારે નવા આયુષ્યનું કર્મબંધ પડે. એટલે એક પરમાણુ નથી એ.

મુમુક્ષુ :– એક જથ્થો બંધાઈ જાય પછી ધીમે ધીમે એનો ઉદય...

પૂજ્ય ભાઈશ્રી :– આ નથી ઘડીની શીશીમાં રેતીવાળી ઘડી આવતી ? ધીમે ધીમે નીકળ્યા કરે. બસ, એવું જ છે. એવી રીતે ધીમે ધીમે ઉદય આવ્યા કરે છે. પરમાણુનો ઉદય આવ્યા કરે છે. બાંધ્યા હોય એકસાથે ગમે તેટલા, પણ એક સાથે બધી પ્રકૃતિના બધા ઉદયમાં આવી જાય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :– જે પરમાણુ છે આ અમુક પરમાણુ ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એનો ક્રમ કુદરતી જ છે એ બધો. એકદમ કુદરતી છે. દરેક પરમાણુ ઉદયમાં આવવાનો ક્રમ જે છે એ કુદરતી છે. જીવને ખબર પણ નથી. આપણે જમીએ છીએ. ક્યા પરમાણુનું લોહી થશે ? લોહી વધારવું છે, ચાલો. છે

એની ઇચ્છા પ્રમાણે વધે ? ક્યા પરમાણુનો મળ થાશે ? ક્યા પરમાણુ ચામડીના થાશે ? ક્યા વાળના થાશે ? ક્યા હાડકાના થાશે ? એ કુદરતી વહેંચણી થાય છે. એક રોટલીના બટકામાંથી એ વહેંચણી થઈ. એક માણસ ચાર-પાંચ રોટલી ખાય છે. બીજું કાંઈ ખાતો નથી. રોટલી અને શાક કે રોટલીને દાળ ખાય છે. તો એ રોટલીમાંથી બધું થયું. બધા ઘઉંના પરમાણુ હતા, ઘઉંના લોટના પરમાણુ હતા. એમાંથી કોઈ લોહીના થયા, તો કોઈ ચામડીના થયા, કોઈ હાડકાના થયા. એ કુદરતી વહેંચણી થાય છે. બધા ઘઉંના જ પરમાણુ છે. એવી રીતે એ વહેંચાય જાય છે. એની સ્થિતિમાં આવવા માટે પણ વહેંચાય જાય છે એમ કહેવું છે.

મુમુક્ષુ :– એક જથ્થો બંધાઈ પણ સ્થિતિ ઓછી વધતી એમ હોય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સ્થિતિ ઓછી-વત્તી થાય છે ને. કારણ કે સમયે.. સમયે... સમયે... સમયે... બાંધે છે ને ? એટલે કોઈ એવી જગ્યા જ નથી રહેતી કે જેમાં ક્યારે પણ કર્મનો ઉદય ન આવે. સંસારી જીવને આઠે કર્મનો ઉદય ન હોય એવો એક સમય ખાલી નથી જતો. એવી બધી ગોઠવણી થઈ જાય છે. કે કોઈ જીવને એક સમય અનઉદય પરિણામ હોય એવું સંસારીને નથી બનતું. પહેલાવહેલા સમ્યગ્દર્શનમાં અનઉદય પરિણામ થાય છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વખતે જ્યારે પ્રથમ ધર્મની દશા પ્રગટે ત્યારે અનંતા ગુણોનું શુદ્ધ પરિણમન ચાલુ થાય. સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ. ત્યારે. એ અનઉદય પરિણામ છે. તે પણ આંશિકપણે. પરિપૂર્ણપણે નહિ. ત્યારે શરૂઆત અનઉદયની થાય છે. ત્યાં સુધી આ બાજુ ઉદયભાવ ચાલુ, આ બાજુ કર્મનો ઉદય ચાલુ. ત્યારે પણ કર્મનો ઉદય તો ચાલુ જ છે સાતે કર્મનો. એક દર્શનમોહનીય અનઉદયમાં જાય છે એ વખતે. અનઉદય પરિણામ સમ્યગ્દર્શનના કાળમાં કર્મના પરમાણુની અપેક્ષાના ઉદય વિચારવામાં આવે તો એક દર્શનમોહનીયના પરમાણુ અનઉદય અને ઉપશમને ભજે છે, પહેલાવહેલા. ઉપશમ એટલે અનઉદય છે ત્યાં. બાકી સાતનો તો ઉદય છે એ વખતે. આવું પહેલુંવહેલું બને એ ઉપશમ સમ્યગ્દર્શનના કાળમાં બને. નહિતર આઠ કર્મનો ઉદય સદા સર્વદા ચાલુને ચાલુ જ રહે છે.

હવે સત્સંગ ઉપર થોડી વાત કરે છે કે, **'સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે.'** (કામના) પરિણામ એવા છે કે જલ્દી મટતા નથી. **'સર્વ જ્ઞાનીપુરુષે કામનું**

**જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું છે, તે સાવ સિદ્ધ છે;...'** તે અનુભવથી સમજી શકાય એવું છે. સિદ્ધ છે એટલે સમજી શકાય એવું છે. **'અને જેમ જેમ જ્ઞાનીના વચનનું અવગાહન થાય છે,...'** જ્ઞાનીપુરુષોના વચનોનું અવગાહન થાય છે એટલે જ્ઞાનીપુરુષોએ જે પરિણામની નિર્મળતા માટેનો ઉપાય કહ્યો છે, પરિણામની મલિનતા ગાળવાનો જે ઉપાય કહ્યો છે, એનું અવગાહન થાય છે, એ પરિણામ જેમ જેમ જીવમાં સ્થિતિ પામે છે, એ વાત જેમ જેમ આત્માને વિષે સ્થિર થાય છે **'તેમ તેમ કંઈક કંઈક કરી...'** (અમુક) સ્થિતિ રહી જાય છે, નવમા ગુણસ્થાને એ તદ્દન ખલાસ થઈ જાય છે.

**'કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષનાં વચન સાંભળી જીવે જાણ્યું નથી; અને જો જાણ્યું હોત તો તેને વિષે સાવ નીરસતા થઈ હોત.'** જ્ઞાનીપુરુષના વચનથી એ વિષય જો યથાર્થપણે સાંભળ્યો હોત તો એને એમાં નીરસપણું આવી જાત. આવ્યા વગર રહેત નહિ. એવું જ્ઞાનીપુરુષોના વચનોની અંદર એ પ્રકારનું સામર્થ્ય રહેલું છે. **'એ જ વિનંતી.'** એટલે 'સોભાગભાઈ'એ પોતાના પરિણામની કોઈ વાત કરી હશે એમ લાગે છે. કેમ કે વિષય ત્રણે પેરેગ્રાફમાં તદ્દન જુદો જુદો ચાલ્યો છે. પહેલા પેરેગ્રાફમાં સત્પુરુષની મહિમા વિષેનો ઘણો વિષય લીધો. તો બીજામાં એકદમ કરણાનુયોગનો લીધો. તો ત્રીજામાં કામેચ્છાનો વિષય લીધો છે. એટલે કોઈ આગળ પાછળના પત્રોના અનુસંધાનમાં ઉત્તર આપ્યો હશે એવું લાગે છે. ૫૧૧ પૂરો થયો.

**પત્રાંક-૫૧૨**

**મોહમયી, અષાડ સુદ ૧૫, ભોમ, ૧૯૫૦**

**ૐ**

**શ્રી સૂર્યપુરસ્થિત, શુભેચ્છાપ્રાપ્ત, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે, યથાયોગ્યપૂર્વક વિનંતી કે, —કાગળ એક પ્રાપ્ત થયો છે.**

**'ભગવાને, ચૌદ રાજલોકમાં કાજળના કૂંપાની પેરે સૂક્ષ્મએકેંદ્રિય જીવ ભર્યા છે એમ કહ્યું છે, કે જે જીવ બાળ્યા બળે નહીં, છેદ્યા છેદાય નહીં, માર્યા મરે નહીં એવાં કહ્યા છે. તે જીવને ઔદારિક શરીર નહીં હોય તેથી તેને અગ્નિઆદિ-વ્યાઘાત થતો નહીં હોય, કે ઔદારિક શરીર**

છતાં તેને અગ્નિઆદિ-વ્યાઘાત નહીં થતો હોય ? જો ઔદારિક શરીર હોય તો તે શરીર અગ્નિઆદિ-વ્યાઘાત કેમ ન પામે ?' એ પ્રકારનું પ્રશ્ન એ કાગળમાં લખ્યું તે વાંચ્યું છે.

વિચારને અર્થે સંક્ષેપમાં તેનું અત્રે સમાધાન લખ્યું છે કે, એક દેહ ત્યાગી બીજો દેહ ધારણ કરતી વખતે કોઈ જીવ જ્યારે વાટે વહેતો હોય છે ત્યારે અથવા અપર્યાપ્તપણે માત્ર તેને તૈજસ્ અને કાર્મણ એ બે શરીર હોય છે; બાકી સર્વ સ્થિતિમાં એટલે સકર્મ સ્થિતિમાં સર્વ જીવને ત્રણ શરીરનો સંભવ શ્રી જિને કહ્યો છે : કાર્મણ, તૈજસ્ અને ઔદારિક કે વૈક્રિય એ બેમાંનું કોઈ એક. ફક્ત વાટે વહેતા જીવને કાર્મણ તૈજસ્ એ બે શરીર હોય છે; અથવા અપર્યાપ્ત સ્થિતિ જીવની જ્યાં સુધી છે, ત્યાં સુધીમાં તેને કાર્મણ, તૈજસ્ શરીરથી નિર્વાહ થઈ શકે, પણ પર્યાપ્ત સ્થિતિમાં તેને ત્રીજા શરીરનો નિયમિત સંભવ છે. પર્યાપ્ત સ્થિતિનું લક્ષણ એ છે કે, આહારાદિનું ગ્રહણ કરવારૂપ બરાબર સામર્થ્ય અને એ આહારાદિનું કંઈ પણ ગ્રહણ છે તે ત્રીજા શરીરનો પ્રારંભ છે, અર્થાત્ તે જ ત્રીજું શરીર શરૂ થયું, એમ સમજવા યોગ્ય છે. ભગવાને જે સૂક્ષ્મએકેન્દ્રિય કહ્યા છે તે અગ્નિઆદિકથી વ્યાઘાત નથી પામતા. તે પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય હોવાથી તેને ત્રણ શરીર છે; પણ તેને જે ત્રીજું ઔદારિક શરીર છે તે એટલા સૂક્ષ્મ અવગાહનનું છે કે તેને શસ્ત્રાદિક સ્પર્શ ન થઈ શકે. અગ્નિઆદિકનું જે મહત્ત્વ છે અને એકેન્દ્રિય શરીરનું જે સૂક્ષ્મત્વ છે તે એવા પ્રકારનાં છે કે જેને એકબીજાનો સંબંધ ન થઈ શકે; અર્થાત્ સાધારણ સંબંધ થાય એમ કહીએ તોપણ અગ્નિ, શસ્ત્રાદિને વિષે જે અવકાશ છે, તે અવકાશમાંથી તે એકેન્દ્રિય જીવોનું સુગમપણે ગમનાગમન થઈ શકે તેમ હોવાથી તે જીવોનો નાશ થઈ શકે કે તેને વ્યાઘાત થાય તેવો

અગ્નિ, શસ્ત્રાદિકનો સંબંધ તેને થતો નથી. જો તે જીવોની અવગાહના મહત્ત્વવાળી હોય અથવા અગ્નિઆદિનું અત્યંત સૂક્ષ્મપણું હોય કે જે તે એકેન્દ્રિય જીવ જેવું સૂક્ષ્મપણું ગણાય, તો તે એકેંદ્રિય જીવને વ્યાઘાત કરવાને વિષે સંભવિત ગણાય, પણ તેમ નથી. અહીં તો જીવોનું અત્યંત સૂક્ષ્મત્વ છે, અને અગ્નિ શસ્ત્રાદિનું મહત્ત્વ છે, તેથી વ્યાઘાતયોગ્ય સંબંધ થતો નથી, એમ ભગવાને કહ્યું છે. તેથી ઔદારિક શરીર અવિનાશી કહ્યું છે એમ નથી, સ્વભાવે કરી તે વિપરિણામ પામી અથવા ઉપાર્જિત કરેલાં એવાં તે જીવોનાં પૂર્વકર્મ પરિણામ પામી ઔદારિક શરીરનો નાશ કરે છે. કંઈ તે શરીર બીજાથી જ નાશ પમાડ્યું હોય તો જ પામે એવો પણ નિયમ નથી.

અત્રે હાલમાં વ્યાપાર સંબંધી પ્રયોજન રહે છે. તેથી તરતમાં થોડા વખત માટે પણ નીકળી શકાવું દુર્લભ છે. કારણ કે પ્રસંગ એવો છે કે જેમાં મારા વિદ્યમાનપણાની અવશ્ય પ્રસંગના લોકો ગણે છે. તેમનું મન ન દુભાઈ શકે, અથવા તેમના કામને અત્રેથી મારા દૂર થવાથી કોઈ બળવાન હાનિ ન થઈ શકે એવો વ્યવસાય થાય તો તેમ કરી થોડો વખત આ પ્રવૃત્તિથી અવકાશ લેવાનું ચિત્ત છે, તથાપિ તમારી તરફ આવવાથી લોકોના પરિચયમાં જરૂર કરી આવવાનું થાય એ સંભવિત હોવાથી તે તરફ આવવાનું ચિત્ત થવું મુશ્કેલ છે. લોકોના પરિચયમાં આવા પ્રસંગ રહ્યા છતાં, ધર્મ પ્રસંગે આવવું થાય તે વિશેષ અંદેશા યોગ્ય જાણી જેમ બને તેમ તે પરિચયથી ધર્મપ્રસંગને નામે દૂર રહેવાનું ચિત્ત વિશેષપણે રહ્યા કરે છે.

વૈરાગ્ય ઉપશમનું બળ વધે તે પ્રકારનો સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય કરવો એ જીવને પરમ હિતકારી છે. બીજો પરિચય જેમ બને તેમ નિવર્તન યોગ્ય છે.

આ. સ્વ. પ્રણામ.

૫૧૨. 'લલ્લુજી' ઉપરનો આ પત્ર છે.

**'શ્રી સૂર્યપુરસ્થિત,...'** એટલે 'સૂર્યપુર' એટલે 'સુરત' **'શુભેચ્છાપ્રાપ્ત, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે,...'** શુભેચ્છા એટલે અહીંયાં પુણ્યની ઇચ્છા નહિ પણ મુક્ત થવાની જેની સારી ઇચ્છા છે. શુભ એટલે સારા પ્રમાણમાં ઇચ્છા છે. અને જેમની યોગ્યતા સત્સંગ કરવા યોગ્ય છે.

**'યથાયોગ્યપૂર્વક વિનંતી કે, — કાગળ એક પ્રાપ્ત થયો છે. 'ભગવાને, ચૌદ રાજલોકમાં કાજળના કૂંપાની પેરે સૂક્ષ્મએકેંન્દ્રિય જીવ ભર્યા છે એમ કહ્યું છે, કે જે જીવ બાળ્યા બળે નહીં, છેદ્યા છેદાય નહીં, માર્યા મરે નહીં એવા કહ્યાં છે. તે જીવને ઔદારિક શરીર નહીં હોય તેથી તેને અગ્નિઆદિ-વ્યાઘાત થતો નહીં હોય,'...'** કેમ કે ઔદારિક શરીર સામાન્ય રીતે અગ્નિથી અને શસ્ત્રથી હણાય જાય છે. **'કે પછી ઔદારિક શરીર છતાં તેને અગ્નિઆદિ-વ્યાઘાત નહીં થતો હોય ?'** આવો એક પ્રશ્ન પૂછ્યો છે. **'જો ઔદારિક શરીર હોય તો તે શરીર અગ્નિઆદિ-વ્યાઘાત કેમ ન પામે ?'** ઔદારિક શરીરને તો બાળે જ છે અગ્નિ. **'એ પ્રકારનું પ્રશ્ન એ કાગળમાં લખ્યું તે વાંચ્યું છે.'** આવો એક પ્રશ્ન એમને ઉગ્યો છે. એ પ્રશ્નનું એમણે અહીંયાં નિરાકરણ કર્યું છે.

**'વિચારને અર્થે...'** માત્ર આ એક જાણવાનો વિષય છે. **'વિચારને અર્થે સંક્ષેપમાં તેનું અત્રે સમાધાન લખ્યું છે કે, એક દેહ ત્યાગી બીજો દેહ ધારણ કરતી વખતે કોઈ જીવ જ્યારે વાટે વહેતો હોય છે...'** એક દેહ ત્યાગી એટલે એક દેહનું આયુષ્ય પૂરું કરીને **'બીજો દેહ ધારણ કરતી વખતે..'** નવું આયુષ્ય શરૂ કરે ત્યારે. રસ્તામાં. વાટે એટલે ? રસ્તામાં. કેમ કે મરે છે એક જગ્યાએ, જન્મે છે કોઈ બીજી જગ્યાએ. બે વચ્ચે ક્ષેત્રનું અંતર છે. એ ક્ષેત્રનું અંતર કાપે અને વચ્ચેનો રસ્તો અથવા વાટ કહેવામાં આવે છે. આપણે કાઠિયાવાડીમાં ભાષામાં એને વાટે, ઘાટે નથી કહેતા ?

**'વાટે વહેતો હોય છે ત્યારે અથવા અપર્યાપ્તપણે માત્ર...'** એટલે જ્યાં ઉપજ્યો હોય ત્યાં પણ પર્યાપ્તિ હજી ન થઈ હોય. એ જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ છે. છ પર્યાપ્તથી માંડીને એ પર્યાપ્તિમાં ઇન્દ્રિયોના પરમાણુઓ, શરીરના પરમાણુઓ અમુક અવસ્થાએ પ્રાપ્ત થાય ત્યારે એને પર્યાપ્તિ કહેવામાં આવે છે. નવા શરીર માટે. **'માત્ર તેને તૈજસ્ અને કાર્મણ એ બે શરીર હોય છે;...'** તૈજસ અને કાર્મણ બે શરીર ક્યાં

સુધી ? કે કાં તો વાટે હોય ત્યારે અને એક અપર્યાપ્ત દશામાં હોય ત્યાં સુધી. પછી ત્રીજું શરીર ચાલુ થઈ જાય છે. કાં તો ઔદારિક અને કાં તો વૈક્રિયક. તિર્યંચ અને મનુષ્યને ઔદારિક શરીર છે અને નારકી અને દેવને વૈક્રિયક શરીર છે. એના પરમાણુ ચાલુ થઈ જાય છે. એટલે આટલા સૂક્ષ્મ કાળ માટે જ બે શરીર હોય, તૈજસ્ અને કાર્મણ. પછી ત્રીજા શરીરના પરમાણુનો યોગ બંધાવો ચાલુ થઈ જાય છે. **'બાકી સર્વ સ્થિતિમાં એટલે સકર્મ સ્થિતિમાં સર્વ જીવને ત્રણ શરીરનો સંભવ શ્રી જિને કહ્યો છે :...'** આ તો ભગવાનના જ્ઞાન અનુસાર ચાલે છે ને વાત. આ કાંઈ છદ્મસ્થનો સીધા જ્ઞાનનો, ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. જુઓ ! આ બે પત્રમાં કરણાનુયોગનો વિષય ચર્ચાણો.

**'કાર્મણ, તૈજસ્ અને ઔદારિક કે વૈક્રિય એ બેમાંનું કોઈ એક.'** બે ન હોય. કાં ઔદારિક હોય અને વૈક્રિયક ન હોય, વૈક્રિયક હોય એને ઔદારિક ન હોય. બેમાંથી એક (હોય). **'ફક્ત વાટે વહેતા જીવને કાર્મણ તૈજસ્ એ બે શરીર હોય છે; અથવા અપર્યાપ્ત સ્થિતિ જીવની જ્યાં સુધી છે, ત્યાં સુધીમાં તેને કાર્મણ, તૈજસ્ શરીરથી નિર્વાહ થઈ શકે, પણ પર્યાપ્ત સ્થિતિમાં તેને ત્રીજા શરીરનો નિયમિત સંભવ છે.'** નિયમિત એટલે નિયમથી. ચોક્કસપણે એને ત્રીજા શરીરના પરમાણુઓ આવવા લાગે છે.

**'પર્યાપ્ત સ્થિતિનું લક્ષણ એ છે કે,...'** હવે પર્યાપ્ત સ્થિતિ કોને કહેવી ? **'કે આહારાદિનું ગ્રહણ કરવારૂપ બરાબર સામર્થ્ય...'** એ જીવ નવા પરમાણુઓનો આહાર કરી શકે એવું જે સામર્થ્ય આવી જાય ત્યારે એને પર્યાપ્ત સ્થિતિ કહેવામાં આવે છે. **'અને એ આહારાદિનું કંઈ પણ ગ્રહણ છે તે ત્રીજા શરીરનો પ્રારંભ છે,...'** આહારના પરમાણુથી શરીર બંધાવું શરૂ થઈ જાય છે. **'અર્થાત્ તે જ ત્રીજું શરીર શરૂ થયું, એમ સમજવા યોગ્ય છે.'** આ રીતે પર્યાપ્ત અવસ્થા કહો કે આહાર લેવાનો શરૂ કર્યો એમ કહો કે એના શરીરનું બંધારણ ચાલુ થઈ ગયું એમ કહો.

**'ભગવાને જે સૂક્ષ્મએકેન્દ્રિય કહ્યા છે તે અગ્નિઆદિકથી વ્યાઘાત નથી પામતા.'** એકેન્દ્રિય કહ્યાં છે તે અગ્નિથી મરતા નથી. **'તે પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય હોવાથી તેને ત્રણ શરીર છે;...'** એટલે પહેલા પ્રશ્નનું નિરાકરણ કર્યું. એને શરીર નથી માટે નથી મરતા ? તો કહે છે, ના. શરીર છે છતાં મરતા નથી. તે ત્રીજું શરીર છે. **'પણ તેને**

**જે ત્રીજું ઔદારિક શરીર છે...'** ત્રીજું છે એ એને ઔદારિક છે. **'ત્રીજું ઔદારિક શરીર છે તે એટલા સૂક્ષ્મ અવગાહનનું છે કે તેને શસ્ત્રાદિક સ્પર્શ ન થઈ શકે.'** શસ્ત્રની ધાર જાડી પડે છે અને શરીર ઝીણું પડે છે. જેમ સાણસાથી કીડી પકડાય નહિ. સાણસાથી ન પકડાય અને ચીપીયાથી પણ ન પકડાય. કેમ કે એનું શરીર ઝીણું છે. અને આનું પોઈન્ટ જાડું છે. એમાં એ પક્કડમાં આવે નહિ. એવી રીતે.

**'તે પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય હોવાથી તેને ત્રણ શરીર છે; પણ તેને જે ત્રીજું ઔદારિક શરીર છે તે એટલા સૂક્ષ્મ અવગાહનનું છે કે તેને શસ્ત્રાદિક સ્પર્શ ન થઈ શકે. અગ્નિઆદિકનું જે મહત્ત્વ છે અને એકેન્દ્રિય શરીરનું જે સૂક્ષ્મત્વ છે....'** મહત્ત્વ એટલે મોટાપણું, જાડાપણું, સ્થૂળપણું છે. અગ્નિ, શસ્ત્રનું જે સ્થૂળપણું છે. **'અને એકેન્દ્રિય શરીરનું જે સૂક્ષ્મત્વ છે તે એવા પ્રકારનાં છે કે જેને એકબીજાનો સંબંધ ન થઈ શકે;...'** એ એને અડી ન શકે. સંબંધ ન થઈ શકે એટલે સ્પર્શી ન શકે. તો મારે કેવી રીતે એને ?

**'અર્થાત્ સાધારણ સંબંધ થાય એમ કહીએ તો પણ અગ્નિ, શસ્ત્રાદિને વિષે જે અવકાશ છે,...'** એટલે ખાલી જગ્યા છે. સાધન કોઈ અડતું હોય પણ વચમાં પોલ રહેતી હોય. **'તે અવકાશમાંથી તે એકેન્દ્રિય જીવોનું સુગમપણે ગમનાગમન થઈ શકે તેમ હોવાથી તે જીવોનો નાશ થઈ શકે કે તેનો વ્યાઘાત થાય...'** એટલે એને ઇજા પહોંચે. **'તેવો અગ્નિ, શસ્ત્રાદિકનો સંબંધ તેને થતો નથી'** શરીરનું સૂક્ષ્મપણું લે છે. **'જો તે જીવોની અવગાહના મહત્ત્વવાળી હોય...'** એટલે સ્થૂળ હોય, સ્થૂળ અવગાહના હોય. **'અથવા અગ્નિઆદિનું અત્યંત સૂક્ષ્મપણું હોય...'** અથવા તો અગ્નિ બહુ સૂક્ષ્મ હોય કે શસ્ત્ર બહુ સૂક્ષ્મ હોય.

**'કે જે તે એકેન્દ્રિય જીવ જેવું સૂક્ષ્મપણું ગણાય,...'** ઓલાના શરીર જેટલું સૂક્ષ્મપણું હોય, એકેન્દ્રિય જીવના. **'તો તે એકેન્દ્રિય જીવને વ્યાઘાત કરવાને વિષે સંભવિત ગણાય, પણ તેમ નથી.'** કાં તો શસ્ત્ર સૂક્ષ્મ જોઈએ કાં તો શરીર સ્થૂળ જોઈએ. બેમાંથી એક હોય તો એકબીજાનો સંઘર્ષ થઈને અને વ્યાઘાત થઈને એનો છેદ થાય. અથવા એનો પ્રાણઘાત થાય. પણ એ પ્રકારે ત્યાં નથી બનતું.

**'અહીં તો જીવોનું અત્યંત સૂક્ષ્મત્વ છે,...'** એકેન્દ્રિય જીવોનું તો અત્યંત સૂક્ષ્મત્વ છે. **'અને અગ્નિ શસ્ત્રાદિનું મહત્ત્વ છે,...'** એટલે સ્થૂળપણું છે. મહત્વ એટલે અહીંયાં

ઓલું મહત્ત્વ નહિ. સ્થૂળપણું છે. **'તેથી વ્યાઘાતયોગ્ય સંબંધ થતો નથી, એમ ભગવાને કહ્યું છે.'** જિને કહ્યું છે, ભગવાને કહ્યું છે. કેમ કે સીધો ઇન્દ્રિયજ્ઞાનનો આ વિષય નથી. પોતે પણ શાસ્ત્ર વાંચીને, કરણાનુયોગના શાસ્ત્ર વાંચીને આ વાત વિચારેલી હોય છે અને તે શ્રુતજ્ઞાનમાં સંમત થાય છે. શ્રુતજ્ઞાનમાં સીધો વિષય પ્રત્યક્ષ નથી થતો પણ પરોક્ષપણે તે શ્રુતજ્ઞાનની અંદર સંમત થવા યોગ્ય હોય છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય'ની શૈલી અને આ શૈલી, ભગવાને કહ્યું છે, ભગવાને કહ્યું છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણા આચાર્યો કહે છે, ઘણા આચાર્યો કહે છે. ભગવાને કહ્યું છે કે આ તો ભગવાને કહ્યું છે એવો અમને ભગવાનના શાસ્ત્રો ઉપરથી વિશ્વાસ છે. આ વાત અમારા ઇન્દ્રિયજ્ઞાનમાં પ્રત્યક્ષ નહિ થઈ શકતી હોવા છતાં જે સર્વજ્ઞના આગમ છે, એમના જે વચનો છે, એમાં જે નિર્દોષ થવાનો ઉપાય કે એમની જે પ્રામાણિકતા અને નિર્દોષતા જે સ્વીકાર્ય થઈ છે એના ઉપરથી આ પરોક્ષ વિષયને પણ અમે સ્વીકારીએ છીએ. એમ લેવું છે.

**'તેથી ઔદારિક શરીર અવિનાશી કહ્યું છે એમ નથી, સ્વભાવે કરી તે વિપરિણામ પામી અથવા ઉપાર્જિત કરેલાં એવાં તે જીવોનાં પૂર્વકર્મ પરિણામ પામી ઔદારિક શરીરનો નાશ કરે છે.'** એટલે એ કાંઈ શસ્ત્રથી ન મટે, અગ્નિથી ન બળે માટે અવિનાશી છે એમ નથી કહેવું. એ તો સ્વભાવે કરીને છૂટે છે ત્યારે તો સ્વભાવે એની સ્થિતિ પૂરી થાય ત્યારે છૂટી જાય છે. પછી અંતર્મૂહુર્તમાં પણ છૂટે અને લાંબી આયુષ્યની સ્થિતિ હોય તો લાંબા કાળે પણ છૂટે.

**'કંઈ તે શરીર બીજાથી જ નાશ પમાડ્યું હોય તો જ પામે એવો પણ નિયમ નથી.'** કોઈ બીજા એને નાશ કરે ત્યારે નાશ પામે એવું કાંઈ નથી. એની સ્થિતિ પૂરી થાય ત્યારે એ વિપરિણામ પામીને છૂટી જાય છે. સામાન્ય રીતે માણસ માંદા થઈને, Accident થઈને કે મરવાના કારણ દેખાઈને મરે છે. એ તો વગર મરવાનું કારણ જોઈને મરતા જોવામાં આવે છે. બહુ શરીર સારું હતું, ઉંમર પણ નાની હતી, એને કાંઈ હતું નહિ, શું થયું આ ? આયુષ્ય પૂરું થયું ત્યાં લંબાવાનો એક સમય માટે કાંઈ ઉપાય છે નહિ. ન તો ઘટાડવાનો એનો ઉપાય છે, ન તો વધારવાનો એનો ઉપાય છે. કોઈ એમ કહે કે હું કોઈને મારી શકું ને મારી નાખું તો એ વાત પણ

બનવા સંભવ નથી. કોઈ એમ કહે કે હું મારી મેળે મરી જાઉં, તો એ પણ બનવા સંભવ નથી. એક સમય માટે ન તો આયુષ્ય ઓછું થાય, ન તો એક સમય માટે આયુષ્ય વૃદ્ધિગત થાય. એવું કોઈથી બની શકે નહિ. પોતાથી પણ ન બને અને બીજાથી પણ નથી બનતું.

**'અત્રે હાલમાં વ્યાપાર સંબંધી પ્રયોજન રહે છે.'** 'મુંબઈ'થી પત્ર લખે છે ને ? એટલે એમ કહે છે અહીંયાં અત્યારે **'હાલમાં વ્યાપાર સંબંધી પ્રયોજન રહે છે. તેથી તરતમાં થોડા વખત માટે પણ નીકળી શકાવું દુર્લભ છે.'** લખતા હશે, પ્રત્યક્ષ સત્સસમાગમ માટે. એ પણ બહુ પ્રત્યક્ષ સમાગમના ઇચ્છુક હતા. 'લલ્લુજી' પણ 'શ્રીમદ્જી'ના પ્રત્યક્ષ સમાગમ માટે બહુ આતુર રહેતા હતા. તો કહે છે, અહીંની વેપારની પરિસ્થિત જોતાં થોડાં વખત માટે પણ નીકળી શકાવું સંભવ દેખાતું નથી.

**'કારણ કે પ્રસંગ એવો છે કે જેમાં મારા વિદ્યમાનપણાની અવશ્ય પ્રસંગના લોકો ગણે છે.'** હું નથી ગણતો એમ કહે છે. હું થડે બેઠો હોઈશ, હું દુકાન ઉપર બેઠો હોઈશ તો વેપાર સારો ચાલશે એટલે મારે દુકાને બેસવું જરૂરી છે. નહિતર નુકસાન થાય. નહિતર એટલો નફો ન થાય. આ મોટા ભાગે આ પરિસ્થિતિ હોય છે દુકાને બેસનારની. હું છું એટલે આ બધું ચાલે છે. ઘરમાં પણ એવું હોય છે હું છું એટલે ઘર ચાલે છે. નહિતર નહિ ચાલવાનું પાછળ ? પણ આવું એક જીવને અહંપણું થઈ જાય છે કે મારામાં આ બધો સંસાર ચલાવવાની બહુ કુશળ બુદ્ધિ છે. સંસાર ચલાવવાનું જ કહેવાયને ? ઘર ચલાવવું કે દુકાન ચલાવવી. એ કહે છે કે હું તો એવું ગણતો નથી. પણ કોણ ગણે છે ? **'પ્રસંગના લોકો...'** પ્રસંગ શબ્દ વાપર્યો છે. સાથે રહેનારા નથી લખ્યું. જેની સાથે વ્યાપારના કર્મઉદયનો પ્રસંગ છે એવા લોકો. પ્રસંગ કીધો. કર્મપ્રસંગ લીધો છે અહીંયાં. કર્મના ઉદયનો પ્રસંગ પડ્યો છે એની સાથે. એવા જે લોકો સાથે છે એ લોકોને એમ લાગે છે કે તમારે રોકાવાની જરૂર છે. આ બધા કામની અંદર તમારી જરૂર પડશે. આમાં અમને કોઈને નહિ ફાવે. તમારે રહેવું જોઈએ, રોકાવું જોઇએ અને તમારે આ કામ પતાવવા જોઈએ.

મુમુક્ષુ :- આટલો તફાવત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બેયની માન્યતામાં મોટો તફાવત છે. પોતે અવશ્ય નથી ગણતા. એ તો સમજે છે કે ગમે તે નિમિત્ત હોય. પરિણામ તો કર્મ પૂર્વ અનુસાર

જ આવવાનું છે.

મુમુક્ષુ :- અહીંયા જીવ એમ માને છે કે મારાથી ચાલે છે. ઇ એમ માને છે કે મારે એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં બુદ્ધિવાળાને જે ફાંકો હોય છે એ ઉતારવો મુશ્કેલ પડે છે. બુદ્ધિવાળાને જે અભિમાન થઈ જાય છે કે મારા કરતાં બીજા ઓછા બુદ્ધિવાળા કામ કરનારા છે માટે મારી જરૂર વધારે રહે છે અને તો જ બધા કામ સીધા ઉતરે. ભાઈ ! હવે દસમાંથી નવ કામ તારા સીધા નથી ઉતરતા. અથવા સોમાંથી નેવું નથી ઉતરતા, દસ જ ઉતરે છે.

વળી ઓછી બુદ્ધિવાળા ઘણું કમાતા અને સફળ થતા જોવામાં આવે છે અને વધારે બુદ્ધિવાળા નુકસાન કરતા પણ જોવામાં આવે છે. બુદ્ધિથી ચાલતું હોય તો એવું કાંઈ બનતું નથી. માટે એ વાતો 'શ્રીમદ્જી' કહ્યું એવી જ છે. કે લોકો ગણે છે. હું ગણતો નથી. એમની બુદ્ધિ વિશેષ હતી. એમના ઉપર બધાને એમની બુદ્ધિ ઉપર વિશ્વાસ ઘણો હતો. અને ધંધાની લગામ એમના હાથમાં હતી. એ તો ૨૨-૨૩ વર્ષથી ધંધામાં પડ્યા છે. ૨૦ વર્ષથી પડ્યા છે. ૨૦ વર્ષની ઉંમરથી પડ્યા છે.

'મુંબઈ'ની પેઢી અને ફોરેનના બધા કામ સંભાળતા હતા. બહુ જ પ્રામાણિકપણે સંભાળતા. આડતનું, કમિશનનું બધું કામ કરતા. એ લોકોને એમ કે બહુ ઘણી બુદ્ધિ છે. ઉંમરના પ્રમાણમાં બુદ્ધિ (ઘણી હતી). અને હતી પણ ઘણી એ વાત બરાબર છે. પણ એ વાત પોતે નહોતા ગણતા. કે મારી આવશ્યક્તા, મારી જરૂરિયાત વધારે છે આ લોકોને એમ પોતે નહોતા ગણતા. ઓલા લોકો એમ ગણતા હતા કે આપણે એની જરૂર છે. એ પોતે ગણતા નહોતા. આટલો અભિપ્રાયની અંદર ફેર છે. પછી અભિમાન ન થાય ને. પોતે નથી ગણતા. નહિતર એને અહંપણું થઈ જાય. મારાથી થયું છે, મારાથી થયું છે. હું ન હોત તો ન થાત, હું હતો એટલે થયું. એમ.

**'કારણ કે પ્રસંગ એવો છે કે જેમાં મારા વિદ્યમાનપણાની અવશ્ય પ્રસંગના લોકો ગણે છે. તેમનું મન ન દુભાઈ શકે...'** હું જો હઠી જાઉં તો એ લોકોને આકુળતા થાય. કે અરે..રે..! આ બધું કામ બગડ્યું આપણું. અને એવું કોઈ પાછું ભળતું જ બને કે આમની ગેરહાજરી અને અને કામનું બગડવું. જુઓ ! આપણે ના પાડી હતી કે તમે હમણાં હાજર રહો. હમણાં તમારે રોકાવાની જરૂર છે. અને કહ્યું છતાં

રોકાણા નહિ અને આપણને આટલું નુકસાન થઈ ગયું.

**'તેમનું મન ન દુભાઈ શકે, અથવા તેમના કામને અત્રેથી મારા દૂર થવાથી...'** તેમના કામને. મારા કામને નહિ, અમારા કામને નહિ. શું કીધું ? એમના કામને. **'અત્રેથી મારા દૂર થવાથી...'** હું અહીંથી દૂર જાઉં આ દુકાન છોડીને **'કોઈ બળવાન હાનિ ન થઈ શકે એવો વ્યવસાય થાય તો તેમ કરી થોડો વખત આ પ્રવૃત્તિથી અવકાશ લેવાનું ચિત્ત છે,...'** મારે પણ થોડો ટાઈમ નિવૃત્તિ લેવી છે. મહિનો-બે મહિના ધંધાથી નિવૃત્ત થઈને સત્સંગ અને જ્ઞાન-ધ્યાનમાં રહેવું છે પણ આ લોકોને કોઈ મોટું, મારા દૂર થવાથી કોઈ મોટું નુકસાન ન થાય, સાધારણ આછું-પાતળું ચાલે એનો કાંઈ વાંધો નહિ, પણ કોઈ મોટું નુકસાન ન થાય, એ પ્રકાર જોઈને **'થોડો વખત આ પ્રવૃત્તિથી અવકાશ...'** લેવો છે એટલે છૂટા થવું છે. એવું મારા ચિત્તમાં છે.

**'તથાપિ તમારી તરફ આવવાથી લોકોના પરિચયમાં જરૂર કરી આવવાનું થાય.'** 'સુરત' બાજુ આવું તો બીજા લોકોનો પરિચય વધે. **'એ સંભવિત હોવાથી તે તરફ આવવાનું ચિત્ત થવું મુશ્કેલ છે.'** મારે પરિચય વધારવો નથી. ટોળું વધી જાય, ઘણા લોકો પરિચયમાં આવે અને એ રીતે કોઈ વધારવાની મારી ઇચ્છા નથી. જુઓ ! કેટલો વિચાર છે, એક પગલું ભરવું છે તો કેટલો વિચાર છે !

**'લોકોનો પરિચયમાં આવા પ્રસંગ રહ્યા છતાં, ધર્મ પ્રસંગે આવવું થાય તે વિશેષ અંદેશા યોગ્ય જાણી જેમ બને તેમ તે પરિચયથી ધર્મપ્રસંગને નામે દૂર રહેવાનું ચિત્ત વિશેષપણે રહ્યા કરે છે.'** આ એક વિશેષ એમનો સૂક્ષ્મ વિવેક છે, કે જ્યાં સુધી વ્યાપાર અને ગૃહસ્થીની અંદર અમારે રહેવું છે, રહેવાનું થાય છે ત્યાં સુધી બીજા વધારે **'લોકોનો પરિચયમાં આવા પ્રસંગ રહ્યા છતાં,...'** આવો પ્રસંગ એટલે ગૃહસ્થીનો, વ્યાપારનો. એમ. લોકોના પરિચયમાં આવી પરિસ્થિતિમાં ધર્મપ્રસંગે આવવું થાય તો લોકોને અંદેશાનું એટલે શંકાનું કારણ થાય. કે વાત તો ધર્મની કરે છે પણ પાછો દુકાન-ધંધો, બીજું, ત્રીજું બહુ મોટું, ભાઈ ! એમને દુકાન-વ્યાપારમાં પણ પરિગ્રહ ઘણો કરવો હશે. શું હશે ? કાંઈક શંકાનું કારણ કરવા માંડે. મોટો વેપાર હોય તો આવક-જાવક પણ મોટી જ હોય ને ? પ્રવૃત્તિ પણ વધારે રહે. એમ કે પોતાના આજીવિકા પૂરતું કામ હોય તો નોકરી કરી લે. કોઈ સારા પગારથી નોકરી કરી લે. બુદ્ધિ ઘણી છે. આ બધો વેપાર ને ધંધો, આરંભ-સમારંભ આ બધું લોકોને શંકાનું કારણ થાય.

ધર્માત્મા કોઈ નિવૃત્તિના ઉદયવાળા હોય જેમ કે 'ગુરુદેવ' પોતે. તો પણ લોકો કાંઈક જાતની તર્ક-વિતર્ક શક્તિ લગાવે છે. તો પ્રવૃત્તિવાળા પ્રત્યે કેટલું તર્ક-વિતર્કપણું લાગુ પડી જાય ? કે એને તો ઘણી શંકાઓ કરે. પાર વગરની શંકાઓ એમાં ઊભી કરે. એમ વિચારીને ધર્મપ્રસંગે આવવું થાય એ ધર્મપ્રસંગને નામે એમાંથી દૂર રહેવું એવું પોતે વિચાર્યું છે. ધાર્મિક મુખ્યતાથી લોકોની વચમાં અત્યારે મારે આવવાનો પ્રસંગ નથી. મારો ઉદય જોતાં ધર્મના વિષયમાં મારે ગુપ્ત રહેવું તે વધારે ઉચિત છે. એવું વિશેષપણે ચિત્તમાં રહ્યા કરે છે.

બહુ વિચારણીય પ્રશ્ન છે. અત્યારે આ તો જ્ઞાનીપુરુષ છે, બહુ સમર્થ પુરુષ છે. એમની વાણી, એમનું વ્યક્તિત્વ, એમના મન-વચન-કાયાના યોગની ઉપશમવૃત્તિવાળી ચેષ્ટા એ બધું અસાધારણ છે. પણ એ અસાધારણ તો કોને ? નજર હોય એને. સામાન્ય માણસ-મનુષ્યને તો ખ્યાલ આવે નહિ. છતાં પણ એ પોતે આટલો વિવેક કરે છે. મુમુક્ષુદશામાં હજી કાંઈ એવું ઠેકાણું ન હોય. કેટલાક પાંચ-પચ્ચીસ-પચાસ ગ્રંથો વાંચ્યા હોય, કેટલીક ધારણા હોય અને ધર્મના ક્ષેત્રમાં આગળ પડતી નામના, કીર્તિ, આબરૂ અથવા એ પ્રકારની મહત્તાની આશા, અભિલાષા એ તો કેટલું અયોગ્ય છે ? એ અહીંથી નીકળે છે.

'શ્રીમદ્જી'ની એક વાત ઉપરથી મુમુક્ષુને શીખવા જેવું જે છે એ આ વાત છે. ક્યાંય મોઢા આગળ પડીને ધર્મના ક્ષેત્રમાં પોતાની મહત્તા વધે એ પ્રકારથી તો દૂર ભાગવા જેવું છે. પ્રયત્ન તો કરવા નહિ પણ બીજા પ્રયત્ન કરે તો એને ઠંડા પાડીને દૂર રહેવા જેવું છે. કેમ કે એ પોતે આવું વિચારે છે. જ્ઞાની થઈને આવું વિચારે છે. મુમુક્ષુને તો હજી ઘણી નબળાઈઓ હોય છે, ઘણી અશક્તિ હોય છે, ઘણી ખામી હોય છે. એને તો પોતાને પડવાનું જોખમ ઘણું છે. એ વિચારીને એને લોકપ્રસંગમાં ધાર્મિક મહત્તા પોતાની ન વધે એની સાવધાની રાખવા જેવી છે. એ અહીંથી નીકળે છે. આટલી છેલ્લી વાતમાંથી એ વાત મુમુક્ષુ માટે નીકળે છે.

**'વૈરાગ્ય ઉપશમનું બળ વધે તે પ્રકારનો સત્સંગ,...'** જુઓ ! એ તો દરેક પત્રમાં લખે છે. 'લલ્લુજી' દીક્ષાધારી છે, સ્થાનકવાસીના સાધુ ગણાય છે તો પણ વૈરાગ્ય માટે એમને લખે છે. **'વૈરાગ્ય ઉપશમનું બળ વધે તે પ્રકારનો સત્સંગ,...'** કેવો સત્સંગ ? ખાલી ભેગા બેસીને શાસ્ત્ર વાંચી લે, ભેગા બેસીને ચર્ચા કરી લે દ્રવ્યાનુ-

કરુણાનુયોગની. **'વૈરાગ્ય ઉપશમનું બળ વધે તે પ્રકારનો સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય કરવો એ જીવને પરમ હિતકારી છે.'** એના માટે છે.

**'બીજો પરિચય જેમ બને તેમ નિવર્તન યોગ્ય છે.'** તમારે ... સમાજના લોકોમાં એવા લોકોના પરિચયમાં આવવું નહિ કે જેને સત્સંગ પ્રત્યે વૃત્તિ ન હોય, જેને વૈરાગ્ય ઉપશમવાળી વૃત્તિ ન હોય એવાના પરિચયમાં તમારે પણ આવવું નહિ. અથવા હોય તો છોડી દેવો. નિવર્તન કરવું એટલે એવો પરિચય થતો હોય તો છોડી દેવો. એટલે કે રંગ-રાગમાં પડ્યા હોય એવા જીવોના વિશેષ પરિચયમાં મુમુક્ષુએ આવવા જેવું નથી. અને પરિચય હોય તો એણે છોડી દેવો, ઓછો કરી દેવો, અથવા બહુ મનપો આપવું નહિ. એટલે આપોઆપ જ ઓછો થઈ જાય. બરાબર છે ને ? પ્રશ્ન હતો. છોકરાઓને તો એની ઉંમરના પ્રમાણમાં મિત્રો હોય, એની ઉંમરના મિત્રો હોય, વિષય વાતચીત-ચર્ચાનો પણ એને ઉંમરના પ્રમાણમાં હોય. શું કરવું ? અસત્સંગ છે. કરવું શું ? કે બહુ હળવું, મળવું, ભળવું ન જોઈએ. અલ્પ પરિચયી થઈ જવું જોઈએ, અલ્પભાષી, અલ્પપરિચયી, અલ્પહાસી એ બધા પ્રકાર લીધો છે કે નહિ ? ૨૨-૨૩માં વર્ષે લીધો છે. ૧૦૩ (પત્રમાં). એ રીતે વિવેક કરવા જેવો છે. નહિતર નુકસાન થતા વાર લાગે નહિ. (સમય થયો છે.)

જ્ઞેયાકાર જ્ઞાન (દુર્લક્ષ્ય) ગૌણ કરવા યોગ્ય છે, કારણકે જ્ઞેયાકારો વિનશ્વર છે અને હું અવિનશ્વર છું. તથા પ્રકારે શાશ્વત સ્વરૂપની મુખ્યતામાં સર્વ ક્ષણિક ભાવો ગૌણ કરવા યોગ્ય છે. મારું તાદાત્મ્ય સ્વભાવ સાથે છે, જેમાં પરિણામ માત્રનો અભાવ છે. યદ્યપિ વેદન પરિણામમાં હોય છે, તથાપિ તે અવલંબનને યોગ્ય નથી. પર્યાયની સાવધાની રહેવાથી સ્વભાવનું ગ્રહણ થઈ શકતું નથી. સ્વભાવ સદાય સ્વયં પ્રસિદ્ધ છે, પરંતુ પ્રગટ પર્યાયત્વ ઉપર દૃષ્ટિ (અહંબુદ્ધિ) હોવાથી સ્વભાવ ઉપર લક્ષ જતું નથી. પ્રગટ અપ્રગટ અવસ્થા ભેદથી ભિન્ન, અનઉભય સ્વરૂપ જેવું છે તેવું ગ્રહણ - જ્ઞાનમાત્રપણે કરવું.

(અનુભવ સંજીવની-૧૧૯૯)

પત્રાંક-૫૧૩

મોહમયી, શ્રાવણ સુદ ૧૧, રવિ, ૧૯૫૦

ૐ

શ્રી સૂર્યપુરસ્થિત, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે વિનંતી કે :–

બે પત્ર પ્રાપ્ત થયાં છે. અત્ર ભાવ સમાધિ છે.

'યોગવાસિષ્ઠાદિ' ગ્રંથો વાંચવાવિચારવામાં બીજી અડચણ નથી. અમે આગળ લખ્યું હતું કે ઉપદેશગ્રંથ સમજી એવા ગ્રંથ વિચારવાથી જીવને ગુણ પ્રગટે છે. ઘણું કરી તેવા ગ્રંથો વૈરાગ્ય અને ઉપશમને અર્થે છે. સિદ્ધાંતજ્ઞાન સત્પુરુષથી જાણવા યોગ્ય જાણીને જીવમાં સરળતા નિરહંતાદિ ગુણો ઉદ્ભવ થવાને અર્થે 'યોગવાસિષ્ઠ', 'ઉત્તરાધ્યયન', 'સૂત્રકૃતાંગાદિ' વિચારવામાં અડચણ નથી, એટલી સ્મૃતિ રાખજો.

વેદાંત અને જિન સિદ્ધાંત એ બેમાં કેટલાક પ્રકારે ભેદ છે. વેદાંત એક બ્રહ્મસ્વરૂપે સર્વ સ્થિતિ કહે છે. જિનાગમમાં તેથી બીજો પ્રકાર કહ્યો છે. 'સમયસાર' વાંચતાં પણ કેટલાક જીવોને એક બ્રહ્મની માન્યતારૂપ સિદ્ધાંત થઈ જાય છે. સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે. જો એમ નથી કરવામાં આવતું તો જીવ બીજા પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે. 'એક બ્રહ્મસ્વરૂપ' વિચારવામાં અડચણ નથી, અથવા 'અનેક આત્મા' વિચારવામાં અડચણ નથી, માત્ર તમને અથવા કોઈ મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જાણવું એ મુખ્ય કર્તવ્ય છે; અને તે જાણવાનાં સાધન શમ, સંતોષ, વિચાર અને સત્સંગ છે. તે સાધન સિદ્ધ થયે, વૈરાગ્ય, ઉપશમ વર્ધમાન પરિણામી થયે, 'એક આત્મા છે કે અનેક આત્મા છે', એ આદિ પ્રકાર વિચારવા યોગ્ય છે. એ જ વિનંતી.

આ. સ્વ. પ્રણામ.

## તા. ૨૩-૯-૧૯૯૦, પત્રાંક–૫૧૩ થી ૫૧૬
## પ્રવચન નં. ૨૧૭

**'શ્રી સૂર્યપુરસ્થિત, સત્સંગયોગ્ય શ્રી લલ્લુજી પ્રત્યે વિનંતી કે :–**

**'બે પત્ર પ્રાપ્ત થયાં છે. અત્ર ભાવ સમાધિ છે.'** ભાવસમાધિ છે એટલે મુનિરાજને જે દ્રવ્યે અને ભાવે બંને પ્રકારે સમાધિ હોય છે, એમાં ભાવસમાધિ છે. એ જાતનું સમાધાન અથવા સમાધિદશા આત્માને અનુસરતી સર્વાંગ સમાધાનસ્વરૂપ આત્માને અનન્યપણે અભેદભાવે રહેતી સમાધિદશા એને ભાવસમાધિ દશા કહે છે. ૫૧૩ મો પત્ર છે. પાનું ૪૧૪.

**'યોગવાસિષ્ઠાદિ ગ્રંથો વાંચવાવિચારવામાં બીજી અડચણ નથી.'** અન્ય મતના ગ્રંથ છે એટલે વાંચવા કે ન વાંચવા ? એ વિષય ઉપર મુમુક્ષુને થોડો અચકાટ થાય, તો એમના માટે એમણે યોગ્ય સમજ્યું છે કે તે 'યોગવાસિષ્ઠાદિ ગ્રંથ' વાંચો, વિચારો એમાં કોઈ આપત્તિ નથી. **'અમે આગળ લખ્યું હતું કે ઉપદેશગ્રંથ સમજી એવા ગ્રંથ વિચારવાથી જીવને ગુણ પ્રગટે છે.'** ઉપદેશબોધનો ગ્રંથ છે. આત્માને વૈરાગ્ય અને ઉપશમનું નિમિત્ત થાય એવો ઉપદેશ છે. એટલે એ દૃષ્ટિકોણથી, ખાસ કરીને વૈરાગ્ય અને ઉપશમના દૃષ્ટિકોણથી એ ગ્રંથ વિચારવાથી જીવને ગુણ પ્રગટે છે, અવગુણ નહિ થાય, નુકસાન નહિ થાય.

**'ઘણું કરી તેવા ગ્રંથો વૈરાગ્ય અને ઉપશમને અર્થે છે. સિદ્ધાંતજ્ઞાન સત્પુરુષથી જાણવા યોગ્ય જાણીને...'** મુમુક્ષુને તો પ્રથમ વૈરાગ્ય અને ઉપશમને અર્થે જે ઉપદેશ છે એ ગ્રહણ કરીને જે સિદ્ધાંતજ્ઞાનનો વિષય છે એ સત્પુરુષથી જાણવા યોગ્ય જાણીને એટલે કે સીધો પોતાની મેળે જાણવા યોગ્ય નહિ જાણીને. એમાંથી અનર્પિત નીકળે છે એટલું. **'સિદ્ધાંતજ્ઞાન સત્પુરુષથી જાણવા યોગ્ય જાણીને જીવમાં સરળતા નિરહંતાદિ**

**ગુણો ઉદ્ભવ થવાને અર્થે 'યોગવાસિષ્ઠ', 'ઉત્તરાધ્યયન', 'સૂત્રકૃતાંગાદિ' વિચારવામાં અડચણ નથી, એટલી સ્મૃતિ રાખજો.**' આ ત્રણ ગ્રંથની ભલામણ એમણે અગાઉ પણ આગળના પત્રોમાં કરેલી છે. શું કહેવું છે અહીંયાં ?

સિદ્ધાંતજ્ઞાન સત્પુરુષથી, સત્પુરુષના યોગે, સત્પુરુષના સાનિધ્યમાં, એની આજ્ઞાએ થવા યોગ્ય છે. તો પણ એટલી શરત છે કે એ સત્પુરુષના સમાગમમાં જતાં જીવમાં સરળતા અને નિરહંતાદિ ગુણો ઉદ્ભવ થયા હોવા જોઈએ. પોતાની મેળે તો વાંચવા નહિ એમ કહે છે. સત્પુરુષથી સમજવા, પણ તે પણ આટલી તૈયારી કરીને સમજવા જાવું. એ પહેલા સિદ્ધાંતજ્ઞાન સમજવાનો કોઈ અધિકાર નથી. ગુણ નહિ પ્રગટે, અવગુણ પ્રગટશે.

બે વાત કરી છે–સરળતા અને નિરહંતા. માયા અને માન એ બે પ્રકૃતિમાં આ ફેર પડવો જોઈએ છે. સરળતા છે એ માયાની વિરૂદ્ધ પ્રકૃતિ છે, ભાવ છે. નિરહંતા છે એ માનથી વિરૂદ્ધ છે. અને એ ગુણો ઉદ્ભવ થવાને અર્થે **'યોગવાસિષ્ઠ', 'ઉત્તરાધ્યયન', 'સૂત્રકૃતાંગાદિ'** એના અમુક અમુક પ્રકરણો આપ્યા છે. મોટા ગ્રંથ છે. એ '**વિચારવામાં અડચણ નથી. એટલી સ્મૃતિ રાખજો.**' એટલે એ તમે ખ્યાલમાં રાખજો.

'**વેદાંત અને જિન સિદ્ધાંત એ બેમાં કેટલાક પ્રકારે ભેદ છે.**' તફાવત છે. વેદાંત અને જૈન સિદ્ધાંતમાં બંનેમાં સૈદ્ધાંતિક રીતે કેટલાક ભેદ છે, તફાવત છે. ઉપદેશબોધમાં એટલો તફાવત નથી પણ સિદ્ધાંતબોધમાં તફાવત છે. '**વેદાંત એક બ્રહ્મસ્વરૂપે સર્વ સ્થિતિ કહે છે.**' વેદાંત જે કહે છે તે એક બ્રહ્મસ્વરૂપે (કહે છે). આખા વિશ્વની અંદર બ્રહ્મ એક જ છે. એકસ્વરૂપે (છે), બીજો કોઈ પદાર્થ નથી. બ્રહ્મમાં, આત્મામાં, પરબ્રહ્મમાં કે પરમચૈતન્યમાં વિશ્વમાં બીજો કોઈ પદાર્થ નથી એમ કહે છે. આખું વિશ્વ એ જ સ્થિતિએ છે. બ્રહ્મ જ વિશ્વરૂપે થયું છે એમ કહે છે.

'**જિનાગમમાં તેથી બીજો પ્રકાર કહ્યો છે.**' અને જિનાગમમાં તેથી બીજો પ્રકાર કહ્યો છે. હવે આ પ્રકાર ક્યાંથી વેદાંતમાં આવ્યો ? કે આવ્યો છે તો દિવ્યધ્વનિના સમજણના આભાસે. કેમ કે ભગવાને પણ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે, આખા જગતની અંદર સર્વત્ર, બધે બ્રહ્મ નામ આત્મા ભરેલા છે. ક્યાંય ખાલી જગ્યા નથી. આત્મા વિનાની કોઈ ખાલી જગ્યા નથી. ચૌદ બ્રહ્માંડમાં જુઓ તો સર્વત્ર બધે આત્મા ભરેલા

છે. હવે તમે એ બધા આત્માઓની પર્યાયોને ગૌણ કરીને બધાને આત્મા સ્વરૂપે જોજો, એના મૂળ સ્વરૂપે જોજો આ અમારી આજ્ઞા છે. શું આજ્ઞા છે ? બ્રહ્મસ્વરૂપે જોવાની આજ્ઞા છે. માટે બધે બ્રહ્મ છે એમ જુઓ તો એ બધે બ્રહ્મમાંથી એક જ બધે બ્રહ્મ છે. કારણ કે એ જાતિના છે. એ જાતિ છૂટી ગઈ.

એક પ્રકારના છે એમાં પ્રકારની અંદર સંખ્યા ભિન્ન ભિન્ન છે એ વાત છૂટી છે. મહત્ત્વ સંખ્યાનું નથી. મહત્ત્વ બ્રહ્મની દૃષ્ટિનું છે. જે દ્રવ્ય છે એની દૃષ્ટિનું મહત્ત્વ છે. સંખ્યાનું કોઈ મહત્ત્વ નથી. સંખ્યા જાણવાનો વિષય છે. જ્યારે જે એનું સ્વરૂપ છે એ સ્વરૂપ તો ઓળખવાનો અને સમજવાનો વિષય છે. દૃષ્ટિ કરવાનો એ વિષય છે.

એટલે **'વેદાંત એક બ્રહ્મસ્વરૂપે સર્વ સ્થિતિ કહે છે.'** એક બ્રહ્મ. એકાકાર. બધે એકસરખા આત્માઓ છે. એમ કેમ કહ્યું ? તો કહે બધે એક જ છે. બેપણું માનો માને, નકામો વિકલ્પ થાય. પાછું એ આવે છે કે બ્રહ્મની અંદર દ્વૈત નથી. જે ત્રિકાળી શુદ્ધ બ્રહ્મસ્વરૂપ આત્મા છે એમાં ભંગભેદ અને દ્વૈત નથી. તો કહે, બરાબર છે. એક બ્રહ્મમાં કાંઈ બેપણું આપણે લાવવું નથી. સંખ્યા કરતા બેપણું થાય છે. એમ પકડ્યું છે એ.

**'જિનાગમમાં તેથી બીજો પ્રકાર કહ્યો છે. 'સમયસાર' વાંચતાં પણ કેટલાક જીવોને...'** તે જ 'સમયસાર' કહે છે. પક્ષમાં તો ત્યાં સુધી વાત લાવે છે કે આખરમાં તો અમે જે અદ્વૈત બ્રહ્મને ઉપાસવા માગીએ છીએ એ જ ઠેકાણે તમારે આવવું પડે એમ છે. એ છોડીને તમારી કોઈ સાધના થઈ શકે એવું નથી. સરવાળે તો તમારે ત્યાં જ આવવું પડશે, જો સાધના કરવી હશે તો, એમ કહે છે. એટલે 'સમયસાર' વાંચતાં અને આ ગ્રંથમાંથી પણ વેદાંતીઓએ એવું ઘણું તારવ્યું છે. 'શ્રીમદ્જી'ના શબ્દોમાંથી. જ્યાં જ્યાં એમને લાગુ પડતા વચનો આવે છે થોડાઘણા પણ, એ બધાનો સંગ્રહ કરે છે. હમણા આપણી પાસે એક પ્રકાશન એક વેદાંતીભાઈનું આવી ગયું.

**'સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે.'** આ એમને જે માર્ગદર્શન આપ્યું છે, આ માર્ગદર્શન મુમુક્ષુજીવ માટે અતિમહત્ત્વનું છે, ઘણું મહત્ત્વનું છે. **'સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી...'** જેણે સત્પુરુષનો ઘણો સંગ કર્યો હોય, ઘણો પરિચય કર્યો હોય, એના અંતેવાસી થયા હોય એ જીવે સિદ્ધાંતનો વિચાર કરવા યોગ્ય છે. **'તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે.'** અને એ પણ સત્સંગપૂર્વક. એમને એમ નહિ.

જે અન્યમતમાં વૈરાગ્ય-ઉપશમ આવે છે એમ પણ નહિ. સત્સંગપૂર્વક, સત્પુરુષના સંગપૂર્વક વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી એણે જૈન સિદ્ધાંતનો વિચાર કરવા જેવો છે. એ પહેલા જૈન સિદ્ધાંતનો વિચાર કરવામાં નુકસાન થવાની સંભાવના ઘણું કરીને હોવાથી આ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

મુમુક્ષુ :– ઉપશમ - વૈરાગ્ય ભાવ્યો છે ને ? એના ઉપર ચણતર થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. એના ઉપર ચણતર થાય એમને એમ ન થાય. એમ કહેવું છે. એ શું છે કે સિદ્ધાંતના વિષય કેટલાક એવા છે કે જીવની અનાદિની જે વિપરીત રુચિ છે અને વિપરીત સમજણ છે એ બાજુ એને ઢળતા વાર ન લાગે. ઊલટી બાજુ ઢળી જાય. સવળી બાજુ ઢળવા ન દે. એવી પરિસ્થિતિ થાય. અવૈરાગ્ય ભણી ચાલ્યા જાય, સ્વચ્છંદ ભણી ચાલ્યા જાય, એવા એવા અનેક પ્રકારે એ પોતાને નુકસાન કરી બેસે. એ કારણથી.

**'જો એમ નથી કરવામાં આવતું તો...'** એટલે કે સત્સંગપૂર્વક વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી જે સિદ્ધાંત વિચારવો જોઈએ એના બદલે એમને એમ વિચારવામાં આવે. એટલે એમ કર્યા વિના વિચારવામાં આવે તો **'જીવ બીજા પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે.'** એ બીજા પ્રકારે ચડી જશે, સ્વચ્છંદે ચડી જશે અથવા પોતાની જે વૃત્તિઓ છે એ સાંસારિક વૃત્તિઓને વધારે એને ટેકો મળી જશે એવી રીતે એ સિદ્ધાંતને પોતાનામાં ઘટાવી લેશે. એટલે એને એ નુકસાન થશે. પાયાની વાત તો ગ્રહણ નહિ થાય પણ પાયાની વાત ગ્રહણ થવામાં નુકસાન થશે અને પાયો જ નહિ બંધાય, એમ કહેવું છે. એ નુકસાન થશે. પાયાની વાત તો ગ્રહણ નહિ થાય પણ પાયાની વાત ગ્રહણ થવામાં નુકસાન થાશે અને પાયો જ નહિ બંધાય, એમ કહેવું છે.

મુમુક્ષુ :– શરતો બહુ આકરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– શરતો આકરી છે પણ જે વિધિએ થાય એ વિધિએ કામ થાય. લૌકિકની અંદર ઘણો લાભ થાય એવો વ્યવસાય હોય તો આકરી શરત પણ પૂરી પાડે છે કે નહિ ? કે ભલે ભાઈ ! એ શરત મંજુર છે, ચાલો. એક માણસ લૌકિકની અંદર આર્થિક રીતે, સારી રીતે પોતાનું જીવન સ્થિર કરવા માટે ઘણું ભણતર ભણે છે. એને ભણતા-ભણતા ૨૫-૨૭ વર્ષ સુધીની ઉંમર પહોંચી જાય છે. કેમ કે

બાલમંદિરમાં ૩-૪ વર્ષની ઉંમરે બેઠો ત્યારથી લૌકિક શિક્ષણ શરૂ કર્યું. કે આને એકડો કહેવાય, આને અ, બ, ક કહેવાય. હવે એ જીવનના ૨૦ વર્ષથી માંડીને કે ૨૨, ૨૩ વર્ષથી માંડીને એ ૨૨-૨૪ વર્ષની શર્ત આકરી ન લાગી જીવને. હેં ! ૨૨-૨૪ વર્ષ સુધી તૈયારી કરવી પડે ? એટલું તો આયુષ્ય પણ કોઈનું ન હોય ઘણીવાર તો. એ પહેલા જ આયુષ્ય ઘણા છોડે છે. એ આકરું નથી લાગતું. અહીંયાં છ મહિનાની મુદ્દત આચાર્ય મહારાજે મારી છે. કેટલી ? કે એક છ મહિના જો તને ધ્યેયની ધૂન ઊપડે, ધ્રુવના ધ્યાનની ધ્યેયની ધૂન ઊપડે તો છ મહિનામાં તારું સિદ્ધપદ છે એનું Reservation booking અહીંયાં થાય છે. મહાપુરુષે આ Gurantee આપી છે. ઓલા તો કદાચ તારી પાસે લાખો-કરોડો થઈ જશે તો પણ તને અશાંતિ વધશે અને શાંતિ ક્યાય નહિ મળે. નીંદર પણ હખે નહિ આવે.

અહીંયાં તો તને પરમ શાંતિ. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, અનંત જ્ઞાનસહિત.' એવું નિરાકુળ અને સર્વોત્કૃષ્ટ જગતનું પદ. અહીં તો રાજા-મહારાજા થાય તો અમુક સમાજ એને માન આપે. આખું જગત તો ન આપે. આ તો સો ઇન્દ્રો જેને સમવસરણમાં નમે છે. એટલે જગતના બધા પુણ્યશાળી આવી ગયા. ત્રણે લોકના. ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોકના સર્વોત્કૃષ્ટ પુણ્યશાળી, ચક્રવર્તી અને ઇન્દ્રોથી માંડીને બધા આવે છે. કેમકે એના પુણ્ય એથી નીચેના છે. આવું સર્વોત્કૃષ્ટ પદનું Booking Reservation છ મહિનામાં થાય છે. તો પછી ગમે તેવી આકરી શરત હોય તો શું વાંધો છે ?

અહીંયાં એમ કહે કે એ ટેબ્લેટ એવી બની છે અત્યારે, શોધ નીકળી છે કે, માણસનું મૃત્યુ ન થાય. એને મરવું ન પડે. શરત એ કે જેની પાસે જેટલી સંપત્તિ હોય એટલી એને આપી દેવાની અને ઉપરાંત એ ટીકડીવાળો એમ કહે કે આ દેવું તારે કરવું પડશે. તારી પૂરી સંપત્તિ ઉપરાંત તારે દેવું થોડું કરવું પડે. ગમે તેટલી સંપત્તિ હોય પણ છતાં અમારી શરત આ છે કે પૂરી સંપત્તિ લઈ લેવી સામાવાળા પાસેથી અને ઉપરાંત તેને થોડો દેવામાં મૂકવો. લઈ લે કે ન લઈ લે ? છોકરાઓને દેવાદાર બનાવીને એ ટીકડી ખાય. જો મરવામાંથી બચાતું હોય તો. કરે કે ન કરે ? રાજા-મહારાજા બધા એમ કરે, હોં ! મારે મરવું નથી.

મુમુક્ષુ :– આ ધ્યાન અને ધ્યેયમાં શું ...

પૂજ્ય ભાઈશ્રી :- ધ્રુવનું ધ્યાન અને ધ્યેય કરવાનું. એ તો કહ્યું. ધ્રુવસ્વરૂપ જે આત્મા છે એને ધ્યેયમાં લઈને એનું ધ્યાન કરવાનું છે.

'ગુરુદેવશ્રી' અહીંયાં છેલ્લે છેલ્લે પધાર્યા હતા ત્યારે (આપણા એક મુમુક્ષુને) ત્યાં ઉતર્યા. તો આ તેર ધધ્ધા આપ્યા હતા. એ ઐતહાસિક વાત થઈ ગઈ. ૧૩ ધધ્ધા અહીંયાં 'ગુરુદેવ'ના શ્રીમુખેથી જે વાણી નીકળી, પ્રવચન તો બંધ હતા તબીયતને હિસાબે, પણ રોજ સવાર, બપોર, સાંજ અડધી કલાક, કલાક સ્વાસ્થ્યની અનુકૂળતાએ બધા બેસે. વાતચીત-ચર્ચા થાય. તો કહ્યું, ધ્રુવના ધ્યાનની ધૂણી ધખાવીને બધો ધ...ધ..ધ... ધર્મીજીવની ધૂન એમ કરીને ૧૩ ધધા. ધ વાળા શબ્દો હતા. એ એક જ વચન બસ છે, લ્યો. એ એક વચન બસ છે. સિદ્ધપદનું અહીંયાં નક્કી થઈ જાય પાકે પાક્કું. આ Reservation cancel થતું નથી. આ Flight cancel થતી નથી. આ Train cancel થતી નથી. આમાં એક સમય વહેલું-મોડું પણ થતું નથી. એટલું પાકું થાય. ચોક્કસ એટલે એટલું ચોક્કસ.

કહે છે કે, **''એક બ્રહ્મસ્વરૂપ' વિચારવામાં અડચણ નથી,..'** આત્મા એક બ્રહ્મસ્વરૂપ છે એમ વિચારવામાં અડચણ નથી. **'અથવા 'અનેક આત્મા' વિચારવામાં અડચણ નથી,...'** એટલે સંખ્યાનો વિષય અપ્રયોજનભૂત છે એમ કહે છે. સ્વરૂપ પ્રયોજનભૂત છે, સંખ્યા નહિ એમ કહે છે. **'માત્ર તમને અથવા કોઈ મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જાણવું એ મુખ્ય કર્તવ્ય છે;...'** સ્વરૂપ જાણો, એમ કહે છે. સંખ્યાની વાતમાં પછી જાવ. એ પછીનો વિષય છે, જાણવાનો વિષય છે. એટલે તો બીજાને માર્ગાનુસારીમાં લીધા છે. બીજા જીવોને પણ માર્ગાનુસારી લેવાનું કારણ એ છે કે એની ભૂલ સંખ્યામાં છે. સ્વરૂપને અનુકૂળ એના પરિણામ છે. એ પરિણામ છે એ સ્વરૂપ સમજવા માટે અનુકૂળ છે. માટે એને માર્ગના ઇચ્છાવાન એવા માર્ગાનુસારી કહેવામાં આવ્યા છે.

એટલે **''એક બ્રહ્મસ્વરૂપ' વિચારવામાં અડચણ નથી, અથવા 'અનેક આત્મા' વિચારવામાં અડચણ નથી,...'** સિદ્ધાંતના વિષયમાં પણ કેટલો વિષય પ્રયોજનભૂત છે ? કેટલો વિષય અપ્રયોજનભૂત છે ? એ જો સમજવામાં ન આવે તો અપ્રયોજનભૂત ઉપર પક્કડ થાય, પ્રયોજનભૂત છૂટી જાય. આ નુકસાન થાય પાછું. એટલે સિદ્ધાંતની અંદર પણ આ વિષય વિચારણીય છે. ઉપદેશની અંદર-ઉપદેશબોધમાં તો પ્રયોજનનો વિષય મુખ્યપણે સાંકળવામાં આવ્યો છે. પણ સિદ્ધાંતબોધની અંદર કેટલોક વિભાગ

અપ્રયોજનભૂત છે અને કેટલોક વિભાગ પ્રયોજનભૂત છે એની વહેંચણી જો ન થઈ શકે તો પણ અપ્રયોજનભૂતને વળગી રહે અને પ્રયોજનભૂત છૂટી જાય. કેમ કે એને એ વિષયનું જ્ઞાન નથી કે મારું પ્રયોજન કેટલામાં છે ?

અહીંયાં એ વહેંચણી કરી છે. વાત સાદી-સીધી છે પણ મહત્વની વાત આ છે કે, “**એક બ્રહ્મસ્વરૂપ' વિચારવામાં અડચણ નથી, અથવા 'અનેક આત્મા' વિચારવામાં અડચણ નથી, માત્ર તમે અથવા કોઈ મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જાણવું એ મુખ્ય કર્તવ્ય છે;...**' હવે કહી દીધું એમાં આત્મા અનેક છે એ. તમારે દરેક મુમુક્ષુઓએ, કોઈપણ મુમુક્ષુએ પોતાના સ્વરૂપનું જાણવું કર્તવ્ય છે તો મારે મારું સ્વરૂપ જાણવાનું કર્તવ્ય છે, તમારે તમારું સ્વરૂપ જાણવાનું કર્તવ્ય છે. તો આત્મા અનેક છે એ વાત એની અંદર ઓટોમેટિક આવે છે. જુઓ ! શૈલી કેવી લીધી છે. ફક્ત તમે તમારું સ્વરૂપ જાણો. કે તમે બધારૂપે છો, બધારૂપે થઈને તમે એક છો ? કે તમારું સ્વરૂપ કોઈ Individual જુદું છે ? બસ, તમારું સ્વરૂપ તમે સમજો. કહેવાની જરૂર નહિ પડે કે આત્મા એક છે કે આત્મા અનેક છે. એ સમજાવવાની જરૂર નહિ રહે.

હવે સ્વરૂપ સમજ્યા પહેલા, બીજી રીતે લઈએ કે પ્રયોજનભૂત એવું સ્વરૂપ સમજ્યા પહેલા, આત્મા એક છે કે અનેક છે એ પહેલા નક્કી કરો. જો તમે આત્મા એક છે એમ કહો અને અનેક નથી એમ કહો તો તમે ગૃહીત મિથ્યાત્વમાં આવી ગયા. આ ત્યાંથી શરૂઆત થઈ જાય ખેંચાખેંચીની. એ વાત પછીની છે. પહેલી વાત સ્વરૂપને સમજવાની છે. એ સ્વરૂપ ભાવથી સમજવા જતાં આત્મા એક સ્વરૂપ નથી, અનેક સ્વરૂપ છે એ વાત આપોઆપ જ સમજાય જાય છે.

આમાં શું છે કે ક્રમનો વિપર્યાસ છે, ક્રમનો વિપર્યાસ છે. પહેલા શું સમજવું ? પછી શું સમજવું ? એ કાંઈ નક્કી હોતું નથી. અને જે કહેવાવાળા આવ્યા અને જે પુસ્તકો આવ્યા, સામે શું છે ઉદય અનુસાર જે સંભળાવાવાળા આવ્યા, બે રીતે જ્ઞાનની પ્રાપ્તિ છે. એક શ્રવણથી અને એક વાંચનથી, તો જે પુસ્તકો હાથમાં આવ્યા એ વાંચવા માંડે, જે કહેવાવાળા આવ્યા એને સાંભળવા માંડે. ક્રમ શું છે એ કાંઈ ખબર હોય નહિ કે, આમાં કેવી રીતે ક્રમસર આગળ વધવાનું છે ? અને જો ક્રમસર આગળ વધવામાં ન આવે તો ક્રમનો વિપર્યાસ છે. એ કોઈ રીતે કાર્ય સિદ્ધિ દેવાનું છે જ નહિ. એની પણ ખબર નથી પાછી. નહિતર તો ક્રમનો વિચાર કરે. તત્ત્વજ્ઞાનનો વિષય

'ગુરુદેવ'ની કૃપાથી આપણા સમાજમાં ઘણો ચર્ચાય છે. સારી રીતે, બીજા બધા સંપ્રદાય કરતા આપણે ત્યાં તત્ત્વજ્ઞાનનો વિષય પ્રવૃત્તિમાં મુખ્યપણે છે, છતાં ક્રમના વિષયમાં હજી એટલું જ અંધારું જોવામાં આવે છે, જેટલું સંપ્રદાયમાં છે. આ પરિસ્થિતિ આજે આપણી છે. શું કહે છે ?

**'માત્ર તમને અથવા કોઈ મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જાણવું એ મુખ્ય કર્તવ્ય છે; અને તે જાણવાના સાધન...'** સ્વરૂપ-પોતાનું સ્વરૂપ જાણવાનું સાધન **'શમ, સંતોષ, વિચાર અને સત્સંગ છે.'** આટલા પ્રકારના પરિણામમાં જીવ આવે પછી એને પોતાનું સ્વરૂપ સમજવાયોગ્ય એ થાય છે. ત્યાં સુધી એ પોતાનું સ્વરૂપ ભાષાથી, શબ્દથી ભલે કલ્પના કરી લે કે આત્મા એક છે, આત્મા શુદ્ધ છે, આત્મા ધ્રુવ છે, આત્મા એક બ્રહ્મસ્વરૂપ છે, ત્રિકાળી છે ગમે તે મૂળ સ્વરૂપની શબ્દોના અર્થથી કલ્પના કરી લે પણ તેનું સ્વરૂપ સમજાતું નથી. એ વાત નક્કી છે. કેમ કે એ સમજવાને માટે જે જ્ઞાનની નિર્મળતા જોઈએ, બુદ્ધિની નિર્મળતા જોઈએ, મતિની નિર્મળતા જોઈએ એ નિર્મળતામાં તો આ પરિણામ થઈ આવશે કે શમ, સંતોષ, વિચાર અને સત્સંગ. એ વગર એ નિર્મળતા આવતી નથી. એ એનું પહેલું સાધન છે, એ એનો પહેલો ક્રમ છે.

**'તે સાધન સિદ્ધ થયે,...'** એવા સાધન પ્રાપ્ત થયે, અને **'વૈરાગ્ય, ઉપશમ વર્ધમાન પરિણામી થયે,...'** સારી રીતે વૈરાગ્ય, ઉપશમ છે એ કેળવાયને **''એક આત્મા છે કે અનેક આત્મા છે', એ આદિ પ્રકાર વિચારવા યોગ્ય છે.'** પછી એ વિષય ઉપર પક્કડ કરવાની વાત છે. એ પહેલા એ વિષય ઉપર પક્કડ કરવાની વાત નથી. **'એ જ વિનંતિ.'** નહિતર સીધા એ મતના મંડનખંડનમાં ચાલ્યા જશે કે જૈન મત એક આત્મા કહે છે, વેદાંત મત અનેક આત્મા કહે છે. તો મત અનુસાર શું વસ્તુનું સ્વરૂપ છે એમ જાણવું છે ? મત અનુસાર વસ્તુનું સ્વરૂપ જાણવું છે ? કે પોતાની યોગ્યતાને પ્રગટ કરીને પછી વસ્તુનું સ્વરૂપ જાણવું છે ? એટલે મુખ્યપણે ધર્માત્માઓએ મતનો નિષેધ કર્યો.

'ધર્મદાસજી ક્ષુલ્લક' થયાં. એ તો મૂળ દિગંબર હતા. તો કહે હું જૈનમતિ નથી, હું વિષ્ણુમતિ નથી, હું કોઈ બૌદ્ધમતિ નથી. કોઈ મતની વાત મારી પાસે લાવશો નહિ. આત્મજ્ઞાન થયા પછી એ વાત લખી છે એમણે. 'શ્રીમદ્જી'એ કહ્યું કે હું કોઈ મતમાં નથી, ગચ્છમાં નથી, વાડામાં નથી, સંપ્રદાયમાં નથી. હું એક આત્મામાં છું.

મેળ ખાય છે કે નહિ ?

મુમુક્ષુ :– અમારો જૈનધર્મ ઊંચો.

પૂજ્ય ભાઈશ્રી :– હા. અમારો જૈનધર્મ ઊંચો એવું અનંત વાર કર્યું. ઝંડો લઈને ફર્યો. અમારો જૈનધર્મ ઊંચો. પણ જૈનધર્મમાં જ આવ્યો નહિ. જૈનધર્મને પોતાનો ન કર્યો. અમારો જૈનધર્મ ઊંચો એમ કહ્યું પણ જૈનધર્મને પોતાનો ન કર્યો. પછી કોનો જૈનધર્મ ? ધર્મ તો જે પાળે અથવા ધર્મ તો જે આચરે એનો છે, ધર્મ કોઈનો નથી. પાળે એનો ધર્મ. પુણ્ય-પાપમાં શું છે ? પુણ્ય પણ વ્યક્તિગત છે, પાપભાવ પણ વ્યક્તિગત છે, ધર્મ પણ વ્યક્તિગત છે. હવે પોતે વ્યક્તિગત ધર્મ અંગીકાર કરવાને બદલે સમષ્ટીગત ધર્મ લઈ લેવો છે. અમારો જૈનધર્મ. આ અમારા સમાજનો ધર્મ. અમે 'કાનજીસ્વામી'વાળા, અમે 'શ્રીમદ્ રાજચંદ્ર'વાળા, અમે દિગંબર, અમે ફલાણા... અમે ફલાણા. એનું અહીંયાં કામ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– પંચાગમાં દર વર્ષે છપાય છે. જૈન ધર્મ સંપ્રદાય નથી.

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુદેવ' તો પોકારી પોકારીને કહે છે કે આ કોઈ સંપ્રદાય નથી, આ કોઈ વાડો નથી. આ વાત કોઈ વાડાબંધીમાં પૂરવા જેવી નથી. અને એ રીતે ચોખ્ખેચોખ્ખી 'ગુરુદેવ'ની આજ્ઞા છે. સ્પષ્ટ ચોખ્ખી આજ્ઞા છે. આજ્ઞા છે આ તો. એ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ આત્માને હિતકારી નથી. સીધી વાત છે એ આત્માના હિત માટે એ વાતો કરી છે.

**'એ આદિ પ્રકાર વિચારવા યોગ્ય છે. એ જ વિનંતી.'** એ રીતે ૫૧૩મો પત્ર અહીંયાં પૂરો થાય છે.

## પત્રાંક-૫૧૪

**મુંબઈ, શ્રાવણ સુદ ૧૪, બુધ, ૧૯૫૦**

**નિઃસારપણું અત્યંતપણે જાણ્યા છતાં, વ્યવસાયનો પ્રસંગ આત્મવીર્યને કંઈ પણ મંદતાનો હેતુ થાય છે, તે છતાં તે વ્યવસાય કરીએ છીએ. આત્માથી ખમવા યોગ્ય નહીં તે ખમીએ છીએ. એ જ વિનંતિ છે.**

**આ. પ્ર.**

૫૧૪. **'નિઃસારપણું અત્યંતપણે જાણ્યા છતાં, વ્યવસાયનો પ્રસંગ આત્મવીર્યને કંઈ પણ મંદતાનો હેતુ થાય છે, તે છતાં તે વ્યવસાય કરીએ છીએ. આત્માથી ખમવા યોગ્ય નહીં તે ખમીએ છીએ. એ જ વિનંતિ.'** ઘણું કરીને 'સોભાગ્યભાઈ'ને આ પત્ર લખ્યો લાગે છે. **'નિઃસારપણું અત્યંતપણે જાણ્યા છતાં,...'** જે વેપાર-ધંધો પોતે કરે છે એમાં કમાણી તો એમને બહુ સારી છે. બહુ સાધારણ સ્થિતિમાં વેપાર શરૂ કરેલો 'મુંબઈ'માં. અને એ દિવસમાં એ પરદેશ સુધીના વેપાર કરતા હતા. કમાણી તો સ્વભાવિક છે થાય જ. છતાં પણ એમનો એ વિષયમાં અભિપ્રાય છે તે એ છે કે એ નિઃસાર છે. કેવો છે વ્યવસાય ? નિઃસાર છે. એ વ્યવસાય કરતાં આત્માને કાંઈ હિત નથી. ભલે સંયોગો (વધતા છતાં). નિઃસાર. અત્યંત નિઃસાર, કેવું કહ્યું ? પોતાની અંગત વાત કરે છે આ. કોઈની સામે જોઈને વાત નથી કરતા. વાત પોતાના અંગત પરિણામની કરે છે. 'શ્રીમદ્ રાજચંદ્રજી' જ્ઞાની હોવા ઉપરાંત એમની સરળતા એમના દરેક પત્રની અંદર પ્રસિદ્ધ થાય છે. કે પોતાના પરિણામની વાત એ મુમુક્ષુઓને લખે છે. પોતાના ગુરુને તો કોઈ કહે કે મને આવા પરિણામ છે. મારા પરિણામ છે એમાં પુરુષાર્થને રોકનારા આવા પરિણામ છે. વાત તો એમ કહેવી છે કે એમને કે આ વ્યવસાયનો પ્રસંગ, આ ધંધાનો પ્રસંગ આત્મવીર્ય એટલે આત્માનું જે પુરુષાર્થનું પરિણમન છે તેને કાંઈક અંશે પણ મંદતાનો હેતુ થાય છે. કાંઈક અંશે પણ એ મંદતાનો હેતુ થાય છે. એટલે અમારે જેટલા જોરથી આત્માનો પુરુષાર્થ કરીને અંદર સ્થિર થઈ જવું છે એમાં મંદતા આવવામાં અમારો જે આ વ્યવસાય છે એ તરફના જે અમારા પરિણામ છે. દુકાન નહિ પણ દુકાન તરફના પરિણામ, ધંધા તરફના પરિણામ છે. એ પરિણામ અમને પુરુષાર્થની અંદર મંદતા લાવે છે. વિપરીતતા નથી લાવતા.

સંસારીજીવોને તો વિપરીતતાનું પણ કારણ છે. કારણ કે એને તો સુખનું કારણ, હિતનું કારણ માનીને એ વ્યવસાય કરે છે. એને સારભૂત માનીને એ વ્યવસાય કરે છે. જ્યારે પોતે તો નિઃસારપણું અત્યંતપણે જાણ્યું છે. કે હું જે પ્રવૃત્તિ વ્યાપારની કરું છું એ પ્રવૃત્તિનું મેં અત્યંત નિઃસારપણું જાણ્યું છે. અને તેમ છતાં એ પ્રસંગ વર્તે છે. પ્રસંગ વર્તે છે ત્યારે મારું ભિન્નપણું પણ વર્તે છે અને મારું અસ્થિરતાથી જોડાવું પણ વર્તે છે. બેય પ્રકાર ત્યાં ઊભા થાય છે.

મુખ્યપણે ભિન્ન થઈને પોતાની સાધકદશામાં વર્તે છે. ગૌણપણે વ્યવસાય

આદિમાં જોડાયને બાધક દશામાં વર્તે છે. સાધકને સાધક-બાધકપણું બેય એક દશામાં હોય છે. એ બાધકપણું ખૂંચે છે પોતાને. ભલે તે અલ્પ છે. સાધકપણા કરતા બાધકપણું તેમને અલ્પ છે તો પણ એ બાધકપણું તેમને ખૂંચે છે. એ ખટકે છે. એટલે એની સ્પષ્ટતા કરે છે કે આત્માનો જે પુરુષાર્થ કરીને સ્થિર થઈ જવું છે એમાં મંદતા આવવાનો તે હેતુ એટલે કારણ થાય છે. એટલો અમારો પુરુષાર્થ વહેંચાયને એ બાજુ જાય છે. એ વાત અમને ખટકે છે.

**'છતાં તે વ્યવસાય કરીએ છીએ.'** આવું જાણવા છતાં વ્યવસાય બંધ નથી કર્યો. ચાલુ છે અમારો ધંધો. તો અમારી શું સ્થિતિ થાય છે એ હવે ખોલીને કહે છે. કે એમ થતાં અમારી પરિસ્થિતિ શું છે ? કે **'આત્માથી ખમવા યોગ્ય નહીં તે ખમીએ છીએ.'** જેમ કોઈને બહુ માર મારે. અસહ્ય, ખમી ન શકે એટલો માર મારે કોઈ અને છતાં એને ખમવો પડે. આ અમારી સ્થિતિ છે એમ કહે છે.

મુમુક્ષુ :– ખમવું એટલે સહન કરવાનું ?

પૂજ્ય ભાઈશ્રી :– ખમવું એટલે સહન કરવું.

મુમુક્ષુ :– બરદાસ્ત કરવું.

પૂજ્ય ભાઈશ્રી :– બરદાસ્ત કરવું. સીધો અર્થ એ છે. બરદાસ્ત ન કરી શકાય એવી પરિસ્થિતિમાં અમે બરદાસ્ત કરીએ છીએ. આ એક વિધિની ક્રૂરતા છે. કઈ અપેક્ષાએ ક્રૂરતા છે ? કે આવા મહાન ધર્માત્મા હોય એને તો નિવૃત્તિ જ હોય. નિવૃત્તિયોગ હોય તો અનેક લાયક પાત્ર જીવોનું કલ્યાણ કરવામાં એ બહુ સારી રીતે નિમિત્ત પડી શકે એવી એમની અંતર-બાહ્ય પરિસ્થિતિ ભાષાયોગની વગેરે ઉઘાડની ક્ષયોપશમની એવી પરિસ્થિતિ હોય છે કે અનેક જીવોને હિતનું કારણ થાય. એટલે આવા ધર્માત્માઓને તો નિવૃત્તિ જ હોય. હવે જે પ્રવૃત્તિ કરે છે એમાં તો આજીવિકા સિવાય અને લૌકિક વ્યવહાર સિવાય બીજું કોઈ કારણ તો નથી.

પિતાશ્રીની આર્થિક સ્થિતિ નબળી હતી, પરિવાર મોટો હતો. અને 'વવાણિયા'ની બહાર નીકળ્યા વિના છૂટકો નહોતો. 'મુંબઈ'માં શતાવધાન ૧૮ વર્ષની ઉંમરે કર્યા. ત્યારે ઘણા મોટા મોટા માણસોની નજરે ચડી ગયા એ. આ તો કોઈ અસાધારણ માણસ લાગે છે. ૧૮ વર્ષની ઉંમરનો છોકરો દુનિયા આખીને ખળભળાવે એવો લાગે છે આ તો. (આવો બીજો) કોઈ માણસ દેખાતો નથી. એટલે ઘણી જગ્યાએથી જુદી

જુદી રીતે એમનો Offer આવી હતી. કોઈ કહે તમને ફોરેન મોકલીએ, કોઈ કહે તમને બનારસ મોકલીએ. અમે તમને બધી સગવડ આપીએ પણ તમે અમારા હિન્દુસ્તાન દેશનું ગૌરવ છો.

આમને પોતાની યોગ્યતા કોઈ જુદી જાતની હતી. સમાજમાં મોટાઈ લેવા જતાં આત્માને ખોવો પડશે. પૈસા નહોતા પણ પોતાનું બુદ્ધિબળ એટલું હતું કે સમાજની મોટાઈ તો બહુ જબરદસ્ત રીતે પ્રાપ્ત થાય એવું હતું. એકદમ બાજી સંકેલી લીધી. ગુપ્ત થઈ ગયા. એમાં પણ એ વખતે આ 'રેવાશંકરભાઈ' અને એ 'માણેકલાલભાઈ' ને એ લોકો પરિચયમાં એ દિવસોમાં આવ્યા હશે. અને 'રેવાશંકરભાઈ'એ એમને ધંધાની Offer કરી કે આપણે 'મુંબઈ'ની અંદર પેઢી નાખીએ. ઝવેરાતનો ધંધો કરીએ. 'માણેકલાલભાઈ' ઝવેરી હતા. ઝવેરાતના ધંધામાં. એને શીખતા શું વાર લાગે ? એ તો તરત રત્નોની પરીક્ષા કરતા શીખી ગયા.

કેટલાક જ્યોતિષ લોકો આવ્યા હતા. 'મુંબઈ'ના મેયરની બહુ સભામાં શતાવધાન કર્યા. તો દસ જ્યોતિષીઓએ એના ગ્રહ જોયા. દસ જણાએ ભેગા મળીને. અરે...! આ તો કોઈ પરમેશ્વર ગ્રહવાળો માણસ છે ! પરમેશ્વરને ગ્રહ હોય એવા ગ્રહ છે. એક કાગળમાં લખે છે કે, દસ જ્યોતિષીઓએ ભેગા થઈને મારા ગ્રહને પરમેશ્વરના ગ્રહ તરીકે ઠરાવ્યા છે. એટલે એ તો જોયું કે પરિસ્થિતિ તો અસાધારણ ઊભી થઈ છે પણ હવે શું કરવું ? સમાજમાં મોટું સ્થાન સ્વીકારી લેવું ? સમાજની અંદર આગળપડતું સ્થાન સ્વીકારી લેવું ? કે આત્માનું હિત કરવું ? તો આત્માના હિત બાજુ વળ્યા. ધંધામાં પડ્યા એ જ વખતે આ 'રેવાશંકરભાઈ'એ એમના ભાઈની દીકરીનું સગપણ કર્યું. કાકાજી સસરા થાય છે એમના. એ ધંધામાં પડ્યા પછી એ સંબંધથી ધંધામાં આગળ વધ્યા, પૈસા કમાણા. એ જમાનામાં લાખોપતિ થાય લોકો કહે એ રીતે. એ જમાનામાં તો બહુ પૈસાની કિંમત હતી. છતાં એમ કહે છે કે નહી ખમવા યોગ્ય તે ખમીએ છીએ. આ બધો માર અમે સહન કરીએ છીએ. અમે સહન કરી શકીએ એવા અમારા પરિણામ નથી અને સહન કરવો પડે છે. તો આ વિધિની ક્રૂરતા નહિ ? એ વિધિની ક્રૂરતા નહિ ?

જો કોઈ ખરેખર ઈશ્વરકર્તા હોત તો એને ઠપકો આપવો પડત કે તારે મુસીબતમાં કોઈને મૂકવા હતા તો બીજાને મૂકવા હતા, પણ આવા ધર્માત્માને તે કેમ મુસીબતમાં

મૂક્યા ? કોઈ ઈશ્વરકર્તા છે નહિ એટલે કહેવું નકામું છે. નહિતર ઠપકો આપવો પડે કે આવી વ્યક્તિને–અનેક જીવોને જે ધર્મના રસ્તે દોરી જઈ શકે એવી વ્યક્તિને–ધંધામાં ફસાવી ? એના કરતા એને ધર્મના ક્ષેત્રમાં મૂકી દીધી હોત તો કેટલાયનું કલ્યાણ થઈ ગયું હોત. પણ હવે એ તો કોઈ વિધિની વિચિત્રતા છે અને એનો ઉપાય કોઈ ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પાસે નથી હોતો.

એ ૫૧૪ નંબરના પત્રમાં એમણે પોતાના અંતરંગ પરિણામને બે લીટીની અંદર સ્પષ્ટ કરી દીધા છે.

**પત્રાંક-૫૧૫**

**મુંબઈ, શ્રાવણ સુદ ૧૪, બુધ, ૧૯૫૦**

**અત્રે થોડા દિવસ છૂટી શકાય એવો વિચાર વર્તે છે; તથાપિ આ પ્રસંગમાં તેમ થવું કઠણ છે.**

**જેમ આત્મબળ અપ્રમાદી થાય તેમ સત્સંગ, સદ્વાંચનાનો પ્રસંગ નિત્યપ્રત્યે કરવા યોગ્ય છે. તેને વિષે પ્રમાદ કર્તવ્ય નથી, અવશ્ય એમ કર્તવ્ય નથી, એ જ વિનંતી. આ. સ્વ. પ્ર.**

૫૧૫ મો પત્ર છે 'અંબાલાલભાઈ' ઉપરનો.

**'અત્રેથી થોડા દિવસ છૂટી શકાય એવો વિચાર વર્તે છે;...'** શ્રાવણ મહિનો ચાલે છે ને. લગભગ એ ચોમાસાના દિવસોમાં એક-બે મહિના ધંધો છોડીને પણ નિવૃત્તિ ક્ષેત્રની અંદર જ્ઞાન-ધ્યાન અર્થે નીકળી જતા હતા. એટલે એ વિચાર આવ્યો છે કે **'અત્રેથી થોડા દિવસ છૂટી શકાય એવો વિચાર વર્તે છે;...'** જુઓ ! ધંધો કરે છે, મોટો ધંધો કરે છે તો પણ એ નિવૃત્તિ તો લે જ છે. રોજ તો નિવૃત્તિ લે છે થોડી-થોડી. એ તો પોતાના અંગત સ્વાધ્યાયની, વાંચનની, ચિંતનની એ પ્રવૃત્તિ તો જ્ઞાનીને હોય જ છે, પણ એ સિવાય બાહ્ય પ્રવૃત્તિથી છૂટીને પંદર દિવસ, મહિનો, દોઢ મહિનો

એ દર વર્ષે, એક વર્ષ ખાલી ગયું છે વચ્ચે, દર વર્ષે બહાર નીકળી જતા હતા. અને ૨૮ વર્ષે તો નિવૃત્તિની Offer મૂકી દીધી છે. ૨૯ વર્ષથી તો સાવ નિવૃત્ત થઈ ગયા છે.

જે નિવૃત્તિ આજે જીવનના ઊત્તરાર્ધમાં માણસો લેતા નથી એ જીવનના પ્રારંભમાં તો એમણે લઈ લીધી છે. અને એ લેતા પહેલા પાંચ વર્ષથી નિવૃત્તિ માટે આત્મા આમ જપ જપે છે. નિવૃત્તિનો જાપ જપે છે. કેમ કે છૂટવું તો મુશ્કેલ છે. એક ઝાટકે છૂટી શકાય એવા સંયોગો હોતા નથી. એવા પોતાના બળવાન પરિણામ પણ હોતા નથી. કેમ કે એવા ધર્માત્માઓ નિવૃત્તિ લે એટલે સીધા મુનિદશામાં આવે એ તો. એટલો પુરુષાર્થ હોય છે. એટલી પુરુષાર્થની આ બાજુ ખામી હોય છે તો આ બાજુ એમને પૂર્વકર્મનો ઉદય એટલો વર્તતો હોય છે. એ બધી સ્થિતિમાં અમુક વર્ષો નીકળી જાય છે. એ રીતે કેટલાક વર્ષો નીકળી જાય છે. તો પણ દર વર્ષે થોડી થોડી નિવૃત્તિ તો એ લેતા જ હતા.

**'અત્રેથી થોડા દિવસ છૂટી શકાય એવો વિચાર વર્તે છે; તથાપિ આ પ્રસંગમાં તેમ થવું કઠણ છે.'** એટલે આ વર્ષની અંદર કદાચ અત્યારે થોડા દિવસ માટે પણ નિવૃત્તિમાં નહિ નીકળી શકાય. આ તો નાની વાતમાં પણ મુમુક્ષુને કેટલું સમજવા જેવું છે કે ભલે આજીવિકા (અર્થે) વ્યવસાય અને પ્રવૃત્તિ કરવા પડતા હોય તો પણ રોજિંદા જીવનમાં પણ કાંઈક પોતાનો નિત્યક્રમ હોવો જોઈએ, આત્મહિત થાય એવા પ્રકારની પરિણામની પ્રવૃત્તિનો. અને વાર્ષિક પણ, દર મહિને ન થઈ શકે તો પણ એક વર્ષે તો થોડા દિવસો માટે એને પ્રવૃત્તિથી દૂર જઈને, પ્રવૃત્તિથી છૂટીને આત્મહિત માટે એની પ્રધાનતાથી, આત્મહિતની મુખ્યતાથી વિચારણા કરવા માટે, વિશેષ વિચારવા માટે એણે અવકાશ લેવો જોઈએ, એટલો અવકાશ કાઢવો જોઈએ. એ આમાંથી નીકળે છે. એમના જીવનચારિત્રમાંથી એ ઉપદેશ નીકળે છે. એ એમનું જીવનચરિત્ર પણ એક ઉપદેશાત્મક સાક્ષાત્ પરિસ્થિતિ છે કે જે કુદરતી રીતે બની છે. કોઈને ઉપદેશ આપવા માટે એ વાત નથી. કુદરતી જ એ બને છે. એ બીજાને ઉપદેશનું કારણ બને છે.

**'જેમ આત્મબળ અપ્રમાદી થાય તેમ સત્સંગ, સદ્વાંચનાનો પ્રસંગ નિત્યપ્રત્યે કરવા યોગ્ય છે.'** આ 'અંબાલાલભાઈ' છે એ 'ખંભાત'ના એક Advocate હતા– વકીલ હતા. અને એમના મુખ્ય સેવકોમાંના એક સેવક હતા.

મુમુક્ષુ :- ન્યાયાધીશ હતા.

પૂજ્ય ભાઈશ્રી :- ન્યાયધીશ તો 'ધારશીભાઈ' હતા. 'ધારશીભાઈ' ન્યાયધીશ હતા 'મોરબી'ની અંદર. આ વકીલ હતા. સેવા તો એમણે એવી રીતે કરી છે એમની કે, એ પોતે રસોઈ કરીને, પોતાન હાથે રસોઈ કરીને જમાડતા હતા. જ્યારે 'શ્રીમદ્જી' થોડા દિવસ માટે નિવૃત્તિ લઈને આવતા ત્યારે એમની નજીકના ક્ષેત્રોમાં આવતા. 'ખંભાત', 'વડવા', 'અગાસ' આ બાજુ 'ખેડા' જિલ્લાના ગામ 'કાવિઠા', 'ખેડા', 'વસો', 'ઉત્તરસંડા', 'વાસદ' એ બધી જગ્યાએ 'ચરોતર'માં આવતા હતા. એ પોતે પણ ધંધામાંથી નિવૃત્તિ લઈને. નિવૃત્તિ એને પણ લેવી પડેને સાથોસાથ. ૨૪ કલાક એની સેવામાં રહે. રાત્રે જરૂર પડે તો રાત્રે, દિવસે જરૂર પડે તો દિવસે. રસોઈ પોતે શીખી લીધી છે. રસોઈ શીખી લીધી. આવડતી નહોતી. એ તો વકીલ હતા. પણ એમણે એમ લખ્યું કે મારે એકાંતમાં રહેવું છે. મુમુક્ષુઓના ઘેરાની વચ્ચે નથી રહેવું. આ દિવસોમાં હું એકાંતમાં રહેવા માગુ છું. તો કોઈ એવી એકાંતવાળી જગ્યા પસંદ કરજો અને ત્યાં કોઈ રસોઈયાની વ્યવસ્થા કરજો કે જેથી મારે એક ટાઈમ જમવું હોય, બે ટાઈમ ભાગ્યે જ જમતા, એકાદ ટાઈમ જમવું હોય તો હું જમી લઉં થોડું. એટલે તમે એ વ્યવસ્થા કરજો. એમણે પોતે જ રસોઈ શીખી લીધી. કે રસોઈયો હોય તો મારે આઘે રહેવું પડે ને. હું રસોઈયો થઈ જાઉં તો એમની પાસે (રહેવાનું થાય). પીરસવાનું મારે, રાંધવાનું મારે. પોતે રસોઈયા થઈ જાય છે. એટલી બધી એની સેવા કરવાની ભાવનાથી, સાનિધ્યની ભાવનાથી એ સાથે રહ્યા છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' નિવૃત્તિ લઈને જાય તો શું કરતા હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- બસ, જ્ઞાન-ધ્યાન સિવાય ક્યાંય પ્રવૃત્તિ નહોતી. શાસ્ત્રો તો ઘણા મુખપાઠ પણ હતા. સ્મૃતિ તો બહુ તેજ હતી. શતાવધાન જે કરતા હતા ત્યારે એમણે કહ્યું કે સહસ્ત્રાવધાન કરવા હોય તો મારે ડાબા હાથનો ખેલ છે. શતાવધાન કાંઈ સહેલી વાત નથી. પણ સહસ્ત્રાવધાન કરવા હોય તો મારે તો ડાબા હાથનો ખેલ છે. એટલો ફાટ ફાટ ઊઘાડ હતો જ્ઞાનનો. એટલે શાસ્ત્રો તો બધા પાના ફેરવીને વાંચી લેતા હતા. રોકાવું ન પડે વિચારવા માટે. એટલું કંઠસ્થ થઈ જતું હતું. એટલે બહુ શાસ્ત્ર (નહિ રાખતા), એકાદું રાખે પદ્મનંદી જેવું, વનશાસ્ત્ર જેવું, એને વનશાસ્ત્ર કહ્યું છે. બાકી લગભગ ગાથાઓ બધી મોઢે હોય. તો એ એનો જે વિષય છે એની

ધૂનમાં એ ગાથાઓ બોલે. વાચ્યની ધૂનમાં એ ગાથાઓ બોલતા જંગલમાં નીકળી પડતા. કાઉસગ્ગમાં એ રીતે રહેતા.

મુમુક્ષુ :– ઈડરના પહાડ પર ચડતા ચડતા બોલતા...

પૂજ્ય ભાઈશ્રી :– હા 'ઈડર' ની અંદર ત્રણ વખત આવેલા છે. 'ઈડર'ના ઘંટિયા પહાડમાં. અને ત્યાં તો એમને પૂર્વભવની સ્મૃતિ યાદ આવી છે. પૂર્વભવમાં પણ ઘણો વૈરાગ્ય એમને થયેલો એ આ સ્થળે થયેલો. ઘણો સંત્સંગ થયેલો પણ આ સ્થળે થયેલો. એ બંને વાત એમણે યાદ કરી છે. એટલે એ સ્થળ એકાંત સ્થળ પણ એવું જ છે પાછું. એટલે ધ્યાન માટે એ ચાલ્યા જતા હતા.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન એટલે પુસ્તકો વાંચવા એમ નહિ. વિચારમાં આવે કેટલીક વાતો. અને ધ્યાન તો સ્વરૂપધ્યાન તો અલ્પ ક્ષણ માટે સેકન્ડના પણ ઓછા ભાગ માટે છે. એટલે બાકીનો ભાગ જે વિચારનો છે એને જ્ઞાન કહીએ, એકાગ્રતા એને ધ્યાન કહીએ.

એમને એમ લખે છે કે **'જેમ આત્મબળ અપ્રમાદી થાય તેમ સત્સંગ, સદ્વાંચનાનો પ્રસંગ નિત્યપ્રત્યે કરવા યોગ્ય છે.'** આત્માના હિત માટે પ્રમાદ ન સેવાય, બીજા કામમાં રોકાઈ જઈને. પ્રમાદ એટલે ઊંઘી જઈને, સૂઈ જઈને એમ નહિ. નિષ્ક્રિય થઈને એમ નહિ. બીજા કામની પ્રવૃત્તિ આડે પુરુષાર્થમાં ન આવી શકાય તો તે પ્રમાદ છે. એવું ન થાય તેટલા માટે, એટલે આત્મિક પુરુષાર્થ જાગૃત કરવા માટે તે પ્રકારનો **'સત્સંગ, સદ્વાંચનાનો પ્રસંગ નિત્યપ્રત્યે કરવા યોગ્ય છે.'** આ બધાને લાગુ પડે છે. ભલે પત્ર લખ્યો હોય 'અંબાલાલભાઈ'ને પણ બધાને લાગુ પડે છે કે તમારા આત્માનું હિત કરવા માટે એ સંબંધી જે અંતર પુરુષાર્થ છે એ પુરુષાર્થ કેળવવા માટે તમારે સત્સંગ અને સદ્વાંચનનો પ્રસંગ નિત્ય પ્રત્યે રાખવા યોગ્ય છે.

ખાધા વગર એક દિવસ ચાલતું નથી, ઊંઘ્યા વિના એક દિવસ ચાલતું નથી તો વાંચન-વિચાર વિના કેમ એક દિવસ ચાલે છે ? આ વિચારવા જેવું છે. મુમુક્ષુનો એ ખોરાક છે. વચનામૃતમાં 'પૂજ્ય બહેનશ્રી'એ લીધું છે કે મુમુક્ષુનો એ ખોરાક છે એ તો. માણસ ખાય નહિ તો અશક્તિ આવે. શું થાય ? આહાર ન લે તો અશક્તિ આવે. એમ એને વાંચન-વિચાર ન હોય તો એને આત્મિક અશક્તિ આવ્યા વિના

રહે નહિ. નબળાઈ વધી જાય. એટલે એ **'નિત્યપ્રત્યે કરવા યોગ્ય છે. તેને વિષે પ્રમાદ કર્તવ્ય નથી,...'** જાગૃત રહીને એ કરવાયોગ્ય છે. અવશ્ય તેને વિષે પ્રમાદ કર્તવ્ય નથી. **'અવશ્ય એમ કર્તવ્ય નથી,...'** એટલે બીજી પ્રવૃત્તિમાં રોકાઈ જવું તે. એ અવશ્ય કરવા જેવું નથી. એટલે મુમુક્ષુને એક દિવસ પણ એવો ન જવો જોઈએ કે આજે મેં મારા આત્માના હિતનો વિચાર કર્યો નથી. એ સંબંધી કાંઈ વિચાર નથી કર્યો એવો એક દિવસ પણ જવો ન જોઈએ. એના માટે એને સત્સંગ અને સદ્વાંચન હોવું ઘટે છે.

**'એ જ વિનંતિ.'** છે આવા એક પોસ્ટકાર્ડ લખીને જવા દેતા હતા. બે-ચાર લીટી વિચારમાં આવી હોય, લખીને મોકલી દે.

**પત્રાંક-૫૧૬**

**મુંબઈ, શ્રાવણ વદ ૧, ૧૯૫૦**

**પાણી સ્વભાવે શીતળ છતાં કોઈ વાસણમાં નાખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તેની નિરિચ્છા હોય છતાં તે પાણી ઉષ્ણપણું ભજે છે, તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે, એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે.**

**વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી. તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.**

**જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિઃસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં**

**અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય, બીજા જીવે કરી ક્યા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે. તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે. જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી, અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે. પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી; કારણ કે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય, એમ ત્રિકાળમાં બનવાયોગ્ય નથી.**

૫૧૬મો પત્ર છે. 'કેશવલાલ નથુભાઈ, લીમડી'

**'પાણી સ્વભાવે શીતળ છતાં કોઈ વાસણમાં નાખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય...'** સીધું તો અગ્નિ અને પાણીને સંપર્ક કરી શકાતો નથી. કાં તો અગ્નિનો નાશ થાય, કાં પાણીનો. એટલે કોઈ વાસણમાં રાખીને. જુઓ ! લખવાની શૈલી. **'નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તેની નિરિચ્છા હોય...'** એટલે પાણીને ગરમ ન થાવું હોય **'છતાં તે પાણી ઉષ્ણપણું ભજે છે,....'** જો વાસણમાં રાખેલા પાણીની નીચે અગ્નિ સળગાવવામાં આવે તો એ પાણીને ગરમ ન થાવું હોય તો પણ ચાલે નહિ. ગરમ થાવું જ પડે. પણ સ્વભાવે ઠંડું છે ને કેમ ગરમ થાય છે ? એનો સ્વભાવ તો ઠંડો છે. તો કહે છે, આ પરિસ્થિતિમાં તો એને ઉષ્ણપણું થાય, થાય ને થાય જ.

**'તેવો આ વ્યવસાય,...'** કેટલો ખૂંચે છે, જુઓ ! એક એક પત્રમાં એ પોતાના વ્યવસાયને નિષેધે છે. વ્યવસાય પ્રત્યેના પોતાના જે પરિણામ અને પ્રવૃત્તિ અને સમય જાય છે એને નિષેધે છે. **'તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે, એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે.'** અમારી પરિસ્થિતિ

જોતાં અને અમારા પરિણામ જોતાં જે પરિણામ અમે કરીએ છીએ, જે પરિણામ થઈ રહ્યા છે એ સમાધિ એ શીતળ એવા અમે એ પરિણામને એ ગરમી સહન ન કરી શકે એવી પરિસ્થિતિમાં અમે આવી જઈએ છીએ. ન ખમાય એવી વાતને અમે ખમીએ છીએ. એ ઉષ્ણપણાનો હેતુ થાય છે એ વાત અમને સ્પષ્ટ લાગે છે.

**'વર્ધમાનસ્વામીએ...'** હવે મહાવીર ભગવાનનું દૃષ્ટાંત લે છે. **'વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું.'** મહાવીર ભગવાન બહુ સમર્થ હતા. એટલે તો મહાવીર કહેવાણા. એમનો પુરુષાર્થ બહુ જબરદસ્ત હતો, એટલે એ મહાવીર કહેવાણા. અને તે ગૃહવાસમાં હતા. રાજા હતા. એમને કોઈ નોકરી-ધંધો કરવો પડે એવું નહોતું. પણ રાજ ચલાવવાની પરિસ્થિતિ તો હતી. એ એમનો વ્યવસાય હતો. તે અસાર છે એમ જાણ્યું. આમાં આત્માને જરાય હિત નથી. **'કર્તવ્યરૂપ નથી,...'** એટલે મારે કરવા યોગ્ય નથી **'એમ જાણ્યું હતું તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી.'** અને એ જાણીને એમણે એ ગૃહવાસ ચાલુ રાખ્યો એમ નહિ કે ગૃહસ્થદશામાં કેવળજ્ઞાન લઈ લેશું. એ વિચાર કર્યો નહોતો.

**'ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી. તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં...'** એ મુનિપણામાં પણ આત્મબળ એટલે પુરુષાર્થ, ઘણો પ્રચંડ પુરુષાર્થ હતો. એટલા બધા સમર્થ હતા. **'તે બળ કરતા પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી...'** જે પુરુષાર્થથી એમણે મુનિદશામાં પ્રવેશ કર્યો, કે અંતર્મૂહુર્તમાં એક દિવસમાં હજારો વાર નિર્વિકલ્પ દશામાં આવે. પ્રત્યેક અંતર્મૂહુર્તમાં. તો પણ એ પુરુષાર્થ કરતા પણ અત્યંત વધતા બળની જરૂર છે એમ જાણી મૌનપણું અંગીકાર કર્યું. તીર્થંકરો તો મુનિપણામાં મૌનપણું જ રાખે છે. ક્યારેય ઉપદેશ આપતા નથી.

મૌનપણું અંગીકાર કરી **'અનિદ્રાપણું...'** અને નિંદ્રા પણ છોડી દઈને **'સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે,....'** ૩૦ વર્ષે એમણે દીક્ષા લીધી છે. ૪૨ વર્ષે એમને કેવળજ્ઞાન થયું છે. એટલે બાર - સાડા બાર વર્ષના ગાળામાં એમણે મૌન પાળ્યું છે અને નિદ્રાનો ત્યાગ કર્યો છે. રાત્રિ-દિવસ પુરુષાર્થ, પુરુષાર્થ ને પુરુષાર્થ. ધ્યાનમાં જામેલા રહ્યા છે. **'કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.'** વ્યવસાયને અગ્નિ કીધો છે. એમાં મજા આવે છે, હોંશ આવે છે, લાભ થાય છે, લાભનું કારણ છે. એ બધું

તો એક બાજુ રહ્યું. વ્યવસાયરૂપ અગ્નિને તો એમને થઈ ન શકે એટલે એમ કહે છે કે જો મહાવીર ભગવાનને આટલા પુરુષાર્થની જરૂર પડી તો મારે તો વધારે જરૂર છે. એ પોતે શું વિચારે છે ? અંગત રીતે વિચાર કરે છે ને. પોતાનો વિચાર કરે છે. જે કેવળજ્ઞાનને આત્મસિદ્ધિ માટે ભગવાન મહાવીર સ્વામીએ સાડા બાર વર્ષ સુધી મૌનપણું અને અનિદ્રા ભજ્યું તો મારે તો ઘણું કરવાનું બાકી છે. હું શું જોઈને 'મુંબઈ'માં પેઢી ઉપર બેઠા બેઠા આ વ્યાપાર કરું છું ? એમ પોતાનો વિચાર કરે છે. મારે તો આત્મહિત શીઘ્ર સાધી લેવું જોઈએ.

વળી કહે છે કે એમને જ્ઞાન તો ઘણું હતું. ભગવાનને તો જ્ઞાન ઘણું હતું. છતાં પણ એમણે આ છોડ્યું. છતાં પણ બાહ્ય નિવૃત્તિ લીધી. પ્રવૃત્તિમાં પણ એ આત્મસાધન નહોતા કરતા, પ્રવૃત્તિમાં એમને આત્મજ્ઞાન અને આત્મધ્યાન નહોતું એમ નથી. છતાં પણ નિવૃત્તિ લઈને વિશેષ આત્મજ્ઞાન અને ધ્યાનની પ્રવૃત્તિ કરવી એમને જરૂર લાગી હતી. તો મારે પણ એ વિચાર કરવો જોઈએ એમ લે છે.

**'જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા,...'** એટલે ભોગોપભોગમાં એ કાંઈ ડૂબેલા નહોતા. ભલે એ રાજના ધણી હતા, રાજકુંવર હતા છતાં પણ એ અભોગી જેવા હતા. **'અવ્યવસાયી જેવા હતા,...'** રાજકાજ ચલાવતા પણ એ અવ્યવસાયી જેવા હતા. એટલા બધા નીરસ પરિણામથી એ ગૃહસ્થદશામાં અને રાજ-કાજની અંદર ઊભા હતા. **'નિઃસ્પૃહ હતા,...'** એમને કાંઈ જોઈતું નહોતું. કાંઈ મેળવવું નહોતું ત્યાંથી. એ સંયોગોમાંથી એમને સુખ લેવું નહોતું.

**'નિઃસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા,...'** એનું અંતરંગ તપાસીએ તો એ મુનિ જેવા હતા. એમને એમ મફતમાં કાંઈ મુનિદશામાં નથી આવ્યા. મુનિદશામાં જે આવ્યા છે એ તો કોઈ જબરદસ્ત અંતરંગની તૈયારીમાં હતા ત્યારે આવ્યા હતા. એ તો જે જાણે છે એ જાણે છે કે મુનિ થનારને મુનિદશા પહેલા કેટલી બધી પુરુષાર્થની જબરદસ્ત તૈયારી થાય છે. તો કહે છે, ગૃહસ્થમાં હતા પણ મુનિ જેવા હતા સ્વભાવે તો. અને **'આત્માકાર પરિણામી હતા,...'** એમના પરિણામ આત્મસ્વરૂપને અનુસરતા એવા **'આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ...'** એવા એ વર્ધમાન સ્વામી, જે શાસનનાયક છે આપણા અંતીમ તીર્થંકર છે અને શાસનનાયક છે.

**'તે વર્ધનામસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને,...'** બધા વ્યવસાયનું

અસારપણું જાણીને. રાજકાજનું **'અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા.'** એ પણ નિવૃત્તિ લઈને મુનિપણુ અંગીકાર કર્યું. તો પછી **'તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે.'** પોતા ઉપર લે છે. જો તીર્થંકરદેવે આ નિર્ણય લીધો, રાજકાજમાં અભોગી, અવ્યવસાયી જેવા હતા, નીરસ હતા, આત્માકાર પરિણામી હતા, મુનિ જેવી દશા હતી એણે આ નિર્ણય લીધો તો હું શું જોઈને બેઠો છું ? બીજા જીવે કયા વિચારથી એ વાતને ઠીક ગણીને રાખી છે ? એ વાતમાં કાંઈ માલ નથી. એ પોતે કેવી રીતે નિવૃત્તિના પરિણામ કેળવે છે. આ તો કથાનુયોગનો વિષય થાય છે. પણ એ કથાનુયોગને પણ એ કેવી રીતે પોતા ઉપર ઉતારે છે. એ રીતે પોતાની અંતરંગ દશામાં વિશેષ વિશેષ નીરસપણું વ્યવસાયમાં ઊભા હોવા છતાં છોડવાની તૈયારીમાં પહેલા ભાવથી આવે છે પછી દ્રવ્યથી આવે છે. (અહીં સુધી રાખીએ.)

સત્‌શાસ્ત્રોમાં આત્મકલ્યાણ અર્થે અનેક વિધ ભેદે જીવના ભવરોગનું નિદાન કર્યું છે, અને તેની નિવૃત્તિ અર્થે અનેક વિધ ભેદે ઉપદેશ અને માર્ગદર્શન પણ બોધ્યું છે. તેમાંથી જે જીવ પોતાનું પ્રયોજન સધાય તે પ્રકારે નિદાન અને ઉપાયનું અનુસંધાન કરી શકે તે મુક્ત થાય છે. ઘણું કરીને રોગી સ્વયં તેમ કરવા અસમર્થ હોવાથી, સદ્‌ગુરુની કૃપા – અનુગ્રહથી (જે જીવ) તથા પ્રકારે અનુસંધાન (Co-Ordination) સમજી શકે છે, તે સદ્‌ગુરુને ઓળખી શકે છે અને સર્વાર્પણબુદ્ધિએ સત્સંગની ઉપાસના કરી તરી જાય છે. સર્વાર્પણબુદ્ધિને લીધે સરળતા સહજ ઉત્પન્ન હોય છે. આત્મકલ્યાણના લક્ષે સરળતાએ ઉપાસેલો સત્સંગ પ્રાયઃ નિષ્ફળ જતો નથી. ભક્તિ અને વૈરાગ્યનો સાથ સહજ હોવા યોગ્ય છે.

(અનુભવ સંજીવની–૧૨૦૫)

## તા. ૨૪-૪-૧૯૯૦, પત્રાંક-૫૧૬ થી ૫૧૮
## પ્રવચન નં. ૨૧૮

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ. પત્રાંક ૫૧૬. પાનું ૪૧૫. છેલ્લો પેરેગ્રાફ.

ભગવાન મહાવીર સ્વામીના ચરિત્રથી પોતાના પરિણામ ઉપર મુખ્યપણે અહીંયાં વિચાર છે. મુમુક્ષુજીવ ને જ્ઞાની સત્પુરુષ પણ ગૃહસ્થ અવસ્થામાં અને ગૃહસ્થને યોગ્ય પ્રવૃત્તિ અને વ્યવસાયમાં હોય છે ત્યારે કેવી રીતે વિચારે છે ? ફક્ત જ્ઞાની જ વિચારે છે એમ નહિ, મુમુક્ષુ પણ એ જ પ્રકારે વિચારે છે. એ જ પ્રકારે અનુસરણ કરવાનો જેનો અભિપ્રાય છે અને શક્તિ અનુસાર પ્રયત્ન પણ છે તે આમ વિચારે છે. એનો આ બહુ સુંદર નમુનો છે.

**'જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા,...'** હતા ગૃહવાસમાં. રાજપાટ ઘરે હોવાથી અનેક જાતના ભોગ-ઉપભોગની વચ્ચે હતા છતાં પણ તે તે સંયોગોના પ્રવૃત્તિકાળે પણ તેમના પરિણામ બિલકુલ નીરસ હતા. અભોગી જેવા હતા એટલે ભોગવવાના કોઈ પરિણામ નહોતા. જેવા અભોગીના પરિણામ હોય એના જેવા એ પરિણામ નીરસ પરિણામ હતા. અર્થાત્ યોગી જેવા પરિણામ હતા. ભોગ અવસ્થામાં પણ જેને યોગ સાંભરે છે, યોગ એટલે આત્માનું જોડાણ, તે જીવ આસન્નભવ્ય છે. મુમુક્ષુ હોય તો પણ તે આસન્નભવ્ય છે, હળુકર્મી છે. અને આ તો જ્ઞાનીપુરુષ હતા, તીર્થંકર હતા. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને અવધિજ્ઞાન લઈને આવેલા. ત્રણ જ્ઞાન લઈને તો જેમનો જન્મ થયો છે. એટલે **'અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા,...'** વ્યવસાય કરતા હતા પણ નહિ કરવા બરાબર. ભોગ-ઉપભોગમાં પણ યોગી જેવા હતા.

**'નિઃસ્પૃહ હતા,...'** સંસાર પ્રત્યે સુખની સ્પૃહા નહોતી. કોઈપણ સંયોગમાં જેમને સુખની સ્પૃહા નહોતી. સુખ થશે, લાભ થશે, શાંતિ થશે, અનુકૂળતા થશે એ બધા

એક જાતિના પરિણામ છે. નામ જુદા જુદા છે, એક જાતિના એ પરિણામ છે. એને સ્પૃહા કહેવામાં આવે છે. પોતે નિઃસ્પૃહ હતા. કેમ કે જે સંયોગો જડ અને સુખ રહિત પ્રત્યક્ષ જ્ઞાનગોચર થાય છે તેમાં સુખની ભ્રાંતિ થતી નથી. જે પ્રત્યક્ષ જ સુખરહિત જડપણે ભાસે છે તેમાં સુખની ભ્રાંતિ કેવી રીતે થાય ? એમ કહેવું છે.

**'નિઃસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા,...'** કૃત્રિમપણે નહિ. વૈરાગ્ય કરવો જોઈએ માટે કરું છું એમ નહિ. વૈરાગ્ય હોવો જોઈએ માટે વૈરાગ્યના પરિણામ આવે એમ નહિ. સહજપણે. વસ્તુના સ્વરૂપજ્ઞાનને અનુસરીને. મૂળ વાત એ છે કે જડ અને ચૈતન્ય પદાર્થના સ્વરૂપજ્ઞાનને અનુસરીને જે રાગરહિત પરિણામ અથવા રસરહિત પરિણામ, રાગમાં પણ રસ નથી, જે રાગ ઉત્પન્ન થાય છે એમાં રસ નથી. એવા સહજપણે થતાં. **'સહજ સ્વભાવે...'** એટલે સહજપણે થતાં **'મુનિ જેવા હતા,...'** મુનિ તો ત્યારે જ થાય છે. કોઈપણ ધર્માત્મા મુનિદશામાં ત્યારે જ પ્રવેશ કરે છે કે એના પૂર્વ પરિણામ મુનિ જેવા થવા માંડે. એમની દશા છેલ્લે છેલ્લે થઈ છે. આયુષ્ય બળ નહોતું, નહિતર મુનિપણામાં આવી જાત. એ પરિસ્થિતિ બહુ સ્પષ્ટ હતી. એમનો પુરુષાર્થ જોતાં એ પરિસ્થિતિ બહુ સ્પષ્ટ હતી.

એ **'સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા,...'** જુઓ ! કેવા પરિણામ હતા એમના ? જેવું આત્મસ્વરૂપ છે, તદાકાર. એને આત્માકાર કહેવામાં આવે. તદાકાર **'આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ...'** એવા એ વર્ધમાન સ્વામી. આવા તો ગૃહસ્થદશામાં જેના સુયોગ્ય પરિણામ હતા એવા વર્ધમાન સ્વામી પણ **'સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને,...'** કે એટલો પણ શું કરવા હવે ? જ્યારે પોતાને રસ નથી, પોતાને સુખ લાગતું નથી, પોતાને લાભનું કારણ જણાતું નથી તો પછી એટલી પ્રવૃત્તિ શા માટે ? એમ વિચારે છે. હવે વાંધો નહિ. આપણને ક્યાં રસ આવે છે, માટે પ્રવૃત્તિ કરતા વાંધો નહિ. એ વાતને મેળ ખાય એવું નથી. એ પરસ્પર વિરૂદ્ધ વાત છે.

**'સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા;...'** એમાં ક્યાંય રસ નથી આવતો એમને. જેમ સડેલા તરણામાં માણસને કેટલો રસ આવે ? એવી સ્થિતિ સૌધર્મ ઇન્દ્રની છે. એવી સ્થિતિ ગૃહસ્થ અવસ્થામાં સર્વ તીર્થંકરોની છે. રાજ-પાટ અને જે કાંઈ પથારો છે એ બધા સડેલા તરણા જેવા છે. **'તે વર્ધમાન સ્વામી**

**પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા;...'** એનાથી દૂર થઈ ગયા. પ્રવૃત્તિમાં છેવટે એનાથી દૂર થયા. અંતર-બાહ્ય નિર્ગ્રંથદશાને ધારણ કરી.

જો શ્રી તીર્થંકર મહાવીર જેમનો પુરુષાર્થ આવો હતો, ગૃહસ્થદશામાં જેનો આવો પુરુષાર્થ હતો, તે પણ જો એને **'નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય, બીજા જીવે કરી ક્યા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે,...'** એવો વ્યવસાય બીજા જીવે વ્યવસાય કરીને, સમાધાન મેળવવું છે (કે) મને હવે રસ નથી ? મને સમ્યગ્દર્શન થઈ ગયું છે, હવે હું ભિન્ન પડું છું, મને હવે વાંધો નથી. મને કર્મબંધન નથી. ક્યા પ્રકારથી સમાધાન કર્યું છે ? એમ કહે છે. જો ભગવાન આમ અનુસર્યા છે તો તું ભગવાનના માર્ગે ચાલવા માગે છે કે કોઈ બીજા માર્ગે ચાલવા માગે છે ? એમ કહે છે. આ તો લે છે પોતા ઉપર.

પોતાને આ ૨૭ મું વર્ષ ચાલે છે ઉંમરમાં. ૨૮ મે વર્ષે તો એ પ્રવૃત્તિમાંથી છૂટા થાય છે. પણ ભાગીદારો ભાગીદારી છોડતા નથી. ૨૯ મે વર્ષે બધું છોડે છે. કોઈ કોઈ વાર 'મુંબઈ' જઈને સલાહ સૂચન, વિચાર-વિમર્શ અને આગળ-પાછળના કોઈ કામ ઊભા હોય (તો કરી લે). આ પરિસ્થિતિ છે. તો બીજા જીવે એટલે મારા જીવે આ કઈ રીતે વિચાર્યું છે ? એમ કહે છે. જો તીર્થંકર મહાવીર પરમાત્મા પણ એ વ્યવસાયથી દૂર પ્રવર્ત્યા તો મારા જીવે શું સમાધાન કર્યું છે ? પોતે પોતાને તપાસે છે.

**'ક્યા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે,...'** કયો પ્રકાર છે એવો કે એમાં વાંધો નથી. કર્તવ્ય છે, કરવા યોગ્ય છે, કરવું જોઈએ એમ વિચાર્યું છે. **'તે વિચારવા યોગ્ય છે.'** એનો વિચાર કરવા જેવું છે. એ પોતે વારંવાર વિચારવા યોગ્ય છે. એ જ કહે છે, વારંવાર વિચારવા યોગ્ય છે. એ જ કહે છે.

**'તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી...'** ભગવાનની એ ચર્યાને. પોતાના કાર્યોમાં જ્યારે જ્યારે કાર્યમાં પ્રવર્તવું પડે ત્યારે. **'કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને...'** અને ફરી ફરીને વારંવાર એને સ્મરણમાં લાવીને. એના સત્યારિત્રને સ્મરણમાં લાવીને. આ જુઓ ! જ્ઞાની કેવી રીતે ગૃહસ્થદશામાં વિચારે છે ! **'વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે.'** એ વ્યવસાયના પરિણામ થાય છે. એ પરિણામની અંદર ખાસ કરીને જેને રુચિ છે, મુમુક્ષુની ભૂમિકામાં તો રુચિ હોય છે. ઓછી-વત્તી પણ રુચિ હોય છે. જ્ઞાનીને રુચિ નથી પણ મુમુક્ષુને

તો રુચિ હોય છે. કેમ કે 'કેશવલાલભાઈ'ને પત્ર લખે છે ને પાછો. **'એ રુચિ વિલય કરવા યોગ્ય છે.'**

**'જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે...'** જો એમ ન કરવામાં આવે તો ઘણું કરીને અમને એમ લાગે છે. એવી રીતે ન પરિણમન આવે તો. વ્યવસાય કરતાં, પ્રવૃત્તિ કરતાં એ પ્રકારે જો પરિણમન સહેજે સહેજે ન આવે. **'તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી,...'** મુમુક્ષુપદમાં આવ્યો નથી એમ કહેવું છે. અથવા ખરી મુમુક્ષુતા એને હજી આવી નથી. નામમાત્ર ભલે હોય.

એ તો 'ગુરુદેવ' કહેતા કે સાકરના કોથળા ઉપર તો છાપ મારી હોય કે ઊંચી જાતની સાકરનો આ કોથળો છે. અંદર કરિયાતું ભર્યું હોય. બારદાન સાકરનું અને અંદર ભરેલું હોય કરિયાતું. કહેવાય મુમુક્ષુ. તો એ પ્રકારે તો કાંઈ કરિયાતું કાંઈ મીઠું થાતું નથી. એમાં કાંઈ ગળપણ નહિ આવે. શું કહે છે ?

જો એમ ન કરવામાં આવે તો. પોતાના ઉદયના કાર્યે કાર્યે, પ્રવૃત્તિએ પ્રવૃત્તિએ આવા મહાપુરુષના ચરિત્રને લક્ષમાં લઈને પરિણામ સહેજે નીરસ થવાપણે ન જાય, ન થતા હોય તો હજી એને મુમુક્ષુપદને વિષે યોગ્યતા જ થઈ નથી. **'અથવા તો...'** હવે બીજું પડખું લે છે. કે, તમે એમ કહો છો કે મુમુક્ષુપદને વિષે એની યોગ્યતા નથી પણ બિચારો રોજ મંદિરે આવે છે, રોજ સ્વાધ્યાય કરે છે, રોજ પૂજા-ભક્તિ કરે છે. વળી કાંઈક દાન કરવાનો પ્રસંગ હોય તો દાન પણ દે છે. તન-મન-ધનથી સમર્પણ કરે છે. અને મુમુક્ષુ તમે નહિ ગણો એને ? ભગવાનની ભક્તિ પણ સરખો રાગ કાઢીને કરે. મુમુક્ષુ ન કહેવા ? એ જીવને લોકસંજ્ઞાએ કલ્યાણ કરવું છે.

મુમુક્ષુપદ નથી તો પછી કયું પદ છે એને ? કે એ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે. એવી ભાવનામાં ઊભો છે. આત્મકલ્યાણની ભાવનામાં એ આવ્યો જ નથી માટે મુમુક્ષુ નથી. એ લોકોની સામે જોવે છે કે આ વર્તુળમાં જ્યાં હું ધર્મક્રિયા કરું છું, જે કાંઈ ધર્મ સંબંધીની મારી પ્રવૃત્તિ છે એ પ્રવૃત્તિમાં હું કાંઈક ગણાઉ છું. અથવા મારા પ્રત્યે લોકોને કાંઈક માન-સન્માન છે. અભાવો નથી. મારા પ્રત્યે કાંઇક સદ્ભાવ છે. લ્યોને. વધારે નહિ. માન-સન્માન કાંઈ નહિ. મારા પ્રત્યે ક્યાં અભાવ છે ? બધાને સદ્ભાવ છે. તમે હો તો મજા આવે. તમે

હો તો જરા ઠીક રહે. તમારે તો આવવું જ જોઈએ. એમ લાગે કે ભાઈ ! બીજા આપણને ઇચ્છે છે, હોં ! આ લોકો પણ આપણને ઇચ્છે છે. આ બધા લોકસંજ્ઞાના પરિણામ છે. આગળ કહેશે એ કે આ લોકસંજ્ઞા છે એ બીજું કાંઈ નથી પણ જીવને કાળકૂટ ઝેર છે. કાળકૂટ ઝેર છે એને.

તેની જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી. તેથી **'આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે. પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી;...'** આત્મકલ્યાણની ભાવના એને છે જ નહિ. જેને લોકસંજ્ઞા છે એને આત્મકલ્યાણની ભાવના નથી. આનો અર્થ એમ થયો. જેને ખરેખર અંતરથી આત્મકલ્યાણની ભાવના છે એને લોકસંજ્ઞા હોય નહિ. બે વાત પ્રતિપક્ષમાં ઊભેલી છે. અને થોડુંક પણ પાછું વાળીને જુએ એટલે પોતાના પરિણામનું અવલોકન થોડુંક પણ કરે તો આ વાત ન સમજાય એવી નથી. તરત જ સમજાય એવી વાત છે. બહુ સ્થૂળ પરિણામ છે.

મુમુક્ષુ :– બે-બે કલાક સત્ સમાગમ કરતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :– અરે..! એ બે-બે કલાક શું ચાર-ચાર કલાક સત્સમાગમ કરે તો પણ શું ? એના ઉપર એનું ધોરણ નથી. એ ચાર કલાકમાં એણે એમ નક્કી કર્યું છે કે હું બે-ચાર કલાક કરું છું એ બધાને ખબર છે. હું બીજાની જેમ નથી. હું તો બે-ચાર કલાકવાળો છું. બીજા તો ઉપરચોટીયા માણસો તો અડધી કલાક, કલાક કર્યું ન કર્યું પાછા લાગી જાય છે કામે. હું તો નિવૃત્તિ લઈને બે-બે, ચાર-ચાર, છ-છ કલાક સ્વાધ્યાય કરવાવાળો છું. અને બધાને એની ખબર છે પાછી. મારી બધાને ખબર છે. ન ખબર હોય તો ખબર કરે પાછો. ન ખબર હોય તો ખબર કરે. એ બધી લોકસંજ્ઞાએ કલ્યાણ કરવાની ભાવના છે. એમાં આત્મકલ્યાણનો છાંટો નથી.

મુમુક્ષુ :– રસ મોળો પડ્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– રસ નહિ, એની નજર જ લોકો ઉપર છે. આત્મા ઉપર નથી. બહાર છે નજર. આ તો અંદર નજરનો વિષય છે. દિશા વિપરીત છે.

મુમુક્ષુ :– અંદર ભાવના તો આત્મકલ્યાણની છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. એ ઉપર-ઉપરથી એમ બોલે છે કે વિચારે છે. પણ

ખરેખર એની નજર છે એ લોકો ઉપર છે. જો આત્મકલ્યાણની ખરેખર ભાવના હોય તો આવી લોકો ઉપરની દૃષ્ટિ રહે નહિ. આ નિયમબદ્ધ વાત છે, નિયમબદ્ધ વાત છે. એમાં આઘુંપાછું ચાલે એવું નથી.

મુમુક્ષુ :– પરિણામને ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. આ તો મુમુક્ષુઓની નાડ પકડી છે કે તને ધબકારા વધ્યા છે કે ઘટ્યા છે એના ઉપરથી નક્કી થાય છે કે તું ક્યાં ઊભો છો ? તને રોગ ગયો છે કે નથી ગયો ? એ તરત જ ખબર પડે એવો વિષય છે.

**'કારણ કે બે જીવના સરખા પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય, એમ ત્રિકાળમાં બનવાયોગ્ય નથી.'** શું કહે છે ? કે, બે જીવના પરિણામ સરખા હોય. બંને નિવૃત્તિમાં હોય, બંને સ્વાધ્યાય કરતા હોય, બંને આત્માનો વિચાર કરતા હોય અને એક બંધાય અને એક ન બંધાય એમ કેમ બને ? એવું તો બને નહિ. પરિણામ જુદા જુદા છે. ઉપર ટપકે સરખા દેખાય છે પણ ખરેખર પરિણામ અંદરથી જુદા છે એ વાત નક્કી છે, એમ કહે છે. કારણ કે એવું કદી ન બને કે બે જીવના સરખા પરિણામ હોય અને એક છૂટે અને એક બંધાય એમ ત્રણ કાળમાં બનવાયોગ્ય નથી. એવું કોઈ રીતે બને જ નહિ. ૫૧૬ પત્રની અંદર આ એક મહત્ત્વની વાત 'કેશવલાલ નથુભાઈ' 'લીંબડી' ઉપરના પત્રમાં આવી ગઈ છે.

અનંત કાળથી આ જીવે ધાર્મિક પ્રવૃત્તિ કરી છે એ લોકસંજ્ઞાનો ત્યાગ કર્યા વિના કરી છે. બહુ ચોખ્ખી વાત છે. લોકસંજ્ઞાનો ત્યાગ કર્યા વિના. જે કાંઈ કર્યું છે એ બધું એને પોતાને નુકસાન કરવાનું કામ કર્યું છે. લાભ કરવાનું એણે જરાય કામ કર્યું નથી. આત્માને નુકસાન કર્યું છે. પછી ભલે તન-મન-ધનનું ગમે તેટલું સમર્પણ કર્યું હોય તો પણ એણે નુકસાન કર્યું છે, જરા પણ આત્મલાભ થવાનો એને પ્રસંગ નથી.

મુમુક્ષુ :– વ્યવસાયના પ્રસંગમાં જે વાત કરી એમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ વ્યવસાયના પ્રસંગમાં રુચિ ક્યારે છે ? એ પણ લોકસંજ્ઞાને વશ જ રુચિ છે. ઓઘસંજ્ઞા તો શું છે કે ઓળખાણ નથી કરી શકતો. જ્ઞાનની મલિનતાને કારણે, જ્ઞાનમાં જે સાથે સાથે મળ છે, જેમ અરીસા ઉપર કોઈ મેલ લાગી ગયો હોય તો પોતાને પોતાનો સ્વભાવ છે એ ભાસતો નથી. જ્ઞાનસ્વભાવ

નથી ભાસતો. એ ઓઘસંજ્ઞાને લીધે છે. એ ઓઘસંજ્ઞા છે એમાં મળનું આવરણ છે. લોકસંજ્ઞામાં પણ મલિનતા છે પણ એમાં ઘણી તીવ્ર બાહ્યદૃષ્ટિ છે. ઓઘસંજ્ઞામાં એટલી તીવ્ર બાહ્યદૃષ્ટિ નથી પણ પોતે પૂર્વે એવા વિરાધક પરિણામ કર્યા છે અને વર્તમાનમાં હજી એટલી કાળજી નથી લેતો. પોતાના સ્વરૂપના કલ્યાણ માટેની, આત્મકલ્યાણ માટેની એની જે વૃત્તિ છે એમાં એને જે દરકાર આવવી જોઈએ. એટલે કાર્યે કાર્યે, ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે, પ્રવૃત્તિ-પ્રવૃત્તિએ, ફરી-ફરીને એવા શબ્દો શું કરવા વાપરે છે ? એ શબ્દો શું સૂચિત કરે છે ? કે બહુ કાળજી છે આને. આત્મકલ્યાણની એટલી બધી કાળજી છે કે કાર્યે-કાર્યે અને પ્રવૃત્તિ-પ્રવૃત્તિએ એના ઉપરનું અવલોકન હોય છે. કે હું મારું હિત સાધું છું કે મારું અહિત સાધુ છું ? એને ઓઘસંજ્ઞાની નિવૃત્તિ થાય છે. નહિતર ભલે ગમે તેટલી બુદ્ધિ લગાવે, ક્ષયોપશમ હોય અને ગમે તેટલી શાસ્ત્રમાં જીવ બુદ્ધિ લગાવે છે અને શાસ્ત્રમાં પારંગત થઈ જાય તો પણ એને ઓઘસંજ્ઞા મટતી નથી. શબ્દાર્થ, ભાવાર્થ, નયાર્થ, મતાર્થ બધા અર્થ આગમ અનુસાર બુદ્ધિગોચર થાય. છતાં જીવ ઓઘસંજ્ઞામાં ઊભો છે. આવી વાત છે જરા.

મુમુક્ષુ :– પોતાની જાગૃતિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– જાગૃતિ નથી, દરકાર નથી. અથવા આપણે ત્યાં પણ હજી બહુભાગ મુમુક્ષુઓને એ ભ્રમ છે, બહુ ચોખ્ખી વાત કરીએ તો, કે સંપ્રદાયમાં જે બધી ક્રિયા કરે છે એ બધા ઓઘસંજ્ઞાએ કરે છે. જે તપ કરે છે એ ઓઘસંજ્ઞાએ કરે છે, દાન આપે છે એ ઓઘસંજ્ઞાએ આપે છે, પૂજા-ભક્તિ કરે છે, યાત્રા કરે છે એ બધું ઓઘસંજ્ઞાએ કરે છે. પ્રવચન સાંભળે છે એ ઓઘસંજ્ઞાએ સાંભળે છે. એ અને એના મહારાજ જે પ્રવચન કરનારા (હોય), આપણે તો 'ગુરુદેવ'ની કૃપાથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ-ગણી ભેદ ઘણું બધું આપણે તો પીંખી પીંખીને બધા ભેદથી બરાબર બુદ્ધિને લાગુ કરીને સમજીએ છીએ માટે આપણે વિચારીને કરીએ છીએ. અને એ બધા વગર વિચાર્યે ઓઘસંજ્ઞાએ કરે છે. ઓઘસંજ્ઞાનો અર્થ ત્યાં વગર વિચારે કરે છે. એ સંબંધી એને કાંઈ ખબર નથી. કે પરમાર્થ શું અને અપરમાર્થ શું ? આપણને તો નિશ્ચયધર્મ શું ? વ્યવહારધર્મ શું ? નિશ્ચયપૂર્વક વ્યવહાર શું ? વ્યવહારનો નિષેધ શું ? નિશ્ચયનો આદર શું ? અધ્યાત્મની ઘણી વાતો પાછી સ્પષ્ટ 'ગુરુદેવે' કરી. માટે આપણે ઓઘસંજ્ઞામાં નથી એવી ભ્રમણામાં

લગભગ આપણો સમાજ છે. કડક અને કઠોર લાગે એવી, કડવી લાગે એવી વાત છે પણ હજી ઓઘસંજ્ઞા જ છે.

જ્યાં સુધી ભાવભાસન નથી અને સ્વરૂપના અપૂર્વ મહિમાથી અપૂર્વ ચૈતન્યની વીર્ય સ્ફૂરણા ઉત્પન્ન થઈ નથી ત્યાં સુધી ઓઘસંજ્ઞા સમજવી. આ બે એના લક્ષણ છે. સ્વરૂપ મહિમા અને સ્વરૂપ પ્રત્યયી પુરુષાર્થ. આ બે લક્ષણ પર્યાયમાં સ્વરૂપ નિશ્ચયપૂર્વક આવે ત્યારે સમજવું કે ઓઘસંજ્ઞા ગઈ. નહિતર હજી ઓઘસંજ્ઞામાં જ ઊભો છે. ઓઘસંજ્ઞાની આમ વાત છે.

મુમુક્ષુ :- કડવી દવાની જરૂર છે, તો જ ભવભ્રમણનો રોગ મટે એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાટાપીંડી તો ક્યાં સુધી કરવા છે ? થાબડભાણા જેને કહે. સારું લગાડવું. બધાને સારું લાગે એવું કહેવું. મીઠાશથી વાંચન કર્યું હોય, પ્રવચન કર્યું હોય તો બધાને રુચે, બધાને ગમે, બધાને મજા આવે. પણ આ કાંઈ મનોરંજનનો ખેલ નથી. આ One man show હોય છે ને ? ફારશ્યા લોકો મનોરંજન કરે. મનોરંજન કરવાનો આ વિષય નથી.

મુમુક્ષુ :- લોકસંજ્ઞામાંથી ઓઘસંજ્ઞામાં આવ્યો તો થોડાક તો માર્ક આપવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉલમાંથી ચૂલમાં પડ્યો, ઉલમાંથી ચૂલમાં પડ્યો.

મુમુક્ષુ :- નાસીપાસ થઈ જાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- નાસીપાસ થાય એ તો પાત્રતા ઉપર આધાર છે. સુપાત્ર જીવ તો વધારે તૈયારી કરવામાં લાગી જાય. પોતાની ભૂલ ભાંગે. ભૂલ જોઈને ભૂલને ભાંગે એનું નામ પાત્રતા છે. એટલે એ કાયરને પ્રતિકૂળ છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ.' પણ એ કાયરને પ્રતિકૂળ પડે છે. કાયર એટલે પુરુષાર્થ ન કરી શકે એવા. જે પુરુષાર્થ કરવા માટે હીણા થઈ ગયા છે, હિનસત્ત્વ થઈ ગયા છે એવા જીવને એ પ્રતિકૂળ પડે છે, કડવું લાગે છે. સુપાત્રજીવને તો એ મધુર લાગે છે, મીઠું લાગે છે. જરા પણ કડવું લાગતું નથી.

આ તો એના જેવી વાત છે કે, રોગ થયો છે પણ મને કડવી દવા ન દેતા. મારે રોગ મટાડવો છે પણ મને કડવી દવા પીવડાવતા નહિ. અથવા ગુમડું થયું છે. અંદર પસ, પરુ સેપ્ટીક થઈ ગયું છે પણ મને દુઃખાય નહિ એવી રીતે સાફ કરજો. એ કેવી રીતે બને ? એને અડે ત્યાં દુઃખવાનું જ છે એ તો. મને દુઃખવું ન જોઈએ.

સાફ કરો, પાટા-પીંડી કરો પણ મને દુઃખાવો થવો ન જોઈએ. એ અશક્ય છે. દુઃખાવો થોડો-ઝાઝો થશે પણ તારી કલ્પના બદલી નાખ કે એ દુઃખશે. એ મારા મટવા માટે છે, મારા લાભ માટે છે એવો તીવ્ર વિચાર આવશે એટલે દુઃખ નહિ લાગે.

બાળકને ઇંજેક્શન મારે તો ઠેકડે ઠેકડા મારે. ઇંજેક્શન માર્યા પહેલા ઠેકડા મારવા માંડે. નાના છોકરાઓ હોય છે ને બે-ચાર વર્ષના ? કેવા ઠેકડાં મારે ? એવું છે આ જીવને. સાચી વાત આવે બરાબર એટલે આવું થઈ જાય અંદર. સમજદાર માણસ હોય તો કહે, કે ભાઈ ! બરાબર છે. આના વગર મારો રોગ જાય એવું નથી. હવે રોગે દુઃખી થવું છે ? કે દવાએ દુઃખી થવું છે ? તું દુઃખની પસંદગી કરી લે. થોડુંક તો દુઃખ થાશે આમાં. ઓલું કાયમી દુઃખ છે અને ઘણું દુઃખ છે.

મુમુક્ષુ :– અનાદિ કાળનું એવું સડી ગયું છે ને ઓપરેશન કરીને કાઢે...

પૂજ્ય ભાઈશ્રી :– આ તો એવો સડો છે કે ઓપરેશન કરવા જેવું છે. ઇંજેક્શન મારે પતે એવું નથી.

‘ગુરુદેવ’ એક દૃષ્ટાંત આપતા હતા. આ ઓઘસંજ્ઞામાંથી લોકસંજ્ઞામાં જાય તો શું થાય ? એક સર્પનું દૃષ્ટાંત આપતા હતા. કોઈ સર્પ ઉપર ચાલ્યો જતો હશે ખોરડામાં. તે દિ’ તો ખોરડા હતા ને ? અત્યારે સીલીંગમાં ન આવી શકે પણ ખોરડામાં તો ક્યાંકથી ઝાડ-બાડ ઉપરથી આવી ગયો હોય. એ ચાલતા-ચાલતા ત્યાં એને જમીન ઉપર ચાલવું અનુકૂળ પડે પણ અંદરના ભાગમાં કેવી રીતે ઊંધો ચાલે ? એટલે પડ્યો નીચે ચૂલા ઉપર તેલની કડાઈ હતી. રસોઈ થતી હશે. એમાં પડ્યો. ઊના તેલમાં પડે એટલે સહન તો કરી શકે નહિ એટલે ઉછળી ને બહાર પડ્યો ચૂલામાં. સાક્ષાત્ અગ્નિમાં. હવે તેલમાં પડ્યો એ સારો કે ચૂલામાં પડ્યો એ સારો ? એ કહો. આ દૃષ્ટાંત આપતા હતા. ધર્મ કરવા જનારાઓ ઉલમાંથી ચૂલમાં પડે છે. ગૃહિત મિથ્યાત્વને સાધે. ધર્મ નથી એને ધર્મ સાધતા માની લે છે. ઓઘસંજ્ઞાએ કરીને કે લોકસંજ્ઞાએ કરીને. એ ઉલમાંથી ચૂલમાં પડવા જેવું છે. એ ૫૧૬ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૫૧૭

મુંબઈ, શ્રાવણ વદ ૭, ગુરુ, ૧૯૫૦

**તમે અને બીજા મુમુક્ષુજનનાં ચિત્તસંબંધી દશા જાણી છે. જ્ઞાનીપુરુષોએ અપ્રતિબદ્ધપણાને પ્રધાનમાર્ગ કહ્યો છે, અને સર્વથી અપ્રતિબદ્ધ દશાને વિષે લક્ષ રાખી પ્રવૃત્તિ છે, તોપણ સત્સંગાદિને વિષે હજી અમને પણ પ્રતિબદ્ધબુદ્ધિ રાખવાનું ચિત્ત રહે છે. હાલ અમારા સમાગમનો અપ્રસંગ છે એમ જાણ્યાં છતાં પણ તમ સર્વ ભાઈઓએ જે પ્રકારે જીવને શાંત, દાંતપણું ઉદ્ભવ થાય તે પ્રકારે વાંચનાદિ સમાગમ કરવો ઘટે છે. તે વાત બળવાન કરવા યોગ્ય છે.**

(પત્રાંક) ૫૧૭. 'અંબાલાલ લાલચંદ' ઉપરનો પત્ર છે.

**'તમે અને બીજા મુમુક્ષુજનનાં ચિત્તસંબંધી દશા જાણી છે. જ્ઞાનીપુરુષોએ અપ્રતિબદ્ધપણાને પ્રધાનમાર્ગ કહ્યો છે, અને સર્વથી અપ્રતિબદ્ધ દશાને વિષે લક્ષ રાખી પ્રવૃત્તિ છે, તો પણ સત્સંગાદિને વિષે હજી અમને પણ પ્રતિબદ્ધબુદ્ધિ રાખવાનું ચિત્ત રહે છે.'** પત્ર વ્યવહારથી એમના વિચારો જાણ્યા છે. (ક્યાંય અટકવું) નહિ એને અપ્રતિબદ્ધપણું કહે છે. ભાવથી બંધાવું નહિ, ભાવથી રોકાવું નહિ. કોઈ પ્રસંગમાં. એને મુખ્ય માર્ગ કહ્યો છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જેને પ્રતિબંધ નથી હોતો એવી જે મુનિદશા છે એ પ્રધાનમાર્ગ છે. જુઓ ! વારંવાર એ વાત એમને સાંભરી આવે છે– મુનિદશાની. એ પ્રધાન રાજમાર્ગ છે કે, મુનિઓને ક્યાંય પ્રતિબદ્ધપણું થતું નથી.

**'અને સર્વથી અપ્રતિબદ્ધ દશાને વિષે લક્ષ રાખીને...'** અમારી પ્રવૃત્તિ છે. સર્વસંગપરિત્યાગનું લક્ષ છે અમને. એવો લક્ષ હોવા છતાં પણ **'સત્સંગાદિને વિષે હજી અમને પણ પ્રતિબદ્ધબુદ્ધિ રાખવાનું ચિત્ત રહે છે.'** ઉપયોગ બહાર જાય છે ને ? આમાં વિવેક શું છે ? ઉપયોગ તો કાંઈ નિરંતર અંતર્મુખ રહેતો નથી. જ્ઞાનદશામાં પણ ક્યારેક અને તે પણ પા સેકન્ડ પણ પૂરી નહિ. ક્યારેક પણ અને પા સેકન્ડ પણ પૂરી નહિ. એવી રીતે તો ઉપયોગની સ્થિતિ છે ત્યારે બહારમાં તો એ કોઈને કોઈ પદાર્થનું ઉપયોગ અવલંબન લેવાનો છે, તો બહારમાં સત્સંગ હો, એ સિવાય

બીજું ન હો. એવી એક એમણે વિષયની વહેંચણી કરી છે. તો પછી બહારમાં ક્યાં ઉપયોગ દેવા જેવો વિષય છે ? કે સત્સંગમાં ઉપયોગ દેવા જેવો છે. સત્શાસ્ત્રની વાત ઓછી કરે છે. પછી એ ન હોય તો સત્શાસ્ત્રનો ત્યાં Alternative છે. નહિતર સત્સંગને એમણે વધારે પ્રાધાન્ય આપ્યું છે.

સત્સંગ એટલે એક જણ વાંચી જાય અને બધા સાંભળી લે એટલું જ એનું મર્યાદિત સ્વરૂપ નથી. નહિતર હમણા આપણે ત્યાં એક ફરિયાદ ઊઠી છે, બૂમ આવી છે, કે ભાઈ ! અમારે ત્યાં મંડળ છે, અમારે ત્યાં 'ગુરુદેવ'ની કૃપાથી મંદિર થયું છે પણ અમારે ત્યાં ગામમાં કોઈ વાંચનકાર નથી. માટે અમને સત્સંગ મળતો નથી. એવું નથી. વાંચનકાર હોય તો સત્સંગ થાય અને વાંચનકાર ન હોય તો સત્સંગ ન થાય એવું સત્સંગનું કોઈ મર્યાદિત સ્વરૂપ નથી.

પહેલી વાત એ છે કે મુમુક્ષુઓમાં ખરેખર માત્ર આત્મકલ્યાણ કરવું છે એવી ભાવના અને એવી જિજ્ઞાસાવાળા કોઈ છે કે કેમ ? જો કોઈ એવા હોય તો. એવા ન હોય તો નહિ, હોં ! તો એના સમાગમમાં અરસપરસ રહેવું. એવા ન હોય તો બીજાના સમાગમમાં ભલે મુમુક્ષુ કહેવાય તો પણ રહેવું નહિ. આ બહુ સ્પષ્ટ વિષય છે. તો એનું નામ સત્સમાગમ છે. જ્ઞાનીપુરુષનો સમાગમ મળે, એનું પ્રવચન, એની ચર્ચા (મળે), બીજી વાત છે. એ તો પરમસત્સંગ છે. સત્સંગ નથી પણ એ પરમ સત્સંગ છે. પણ આત્મકલ્યાણની ભાવનાવાળા જીવો સાથે મળે તો તે સત્સંગ છે અને તે સત્સંગ નિરંતર મુમુક્ષુજીવે કરવા જેવો છે. એ તો બહુ ચોખ્ખું કહે છે કે આત્મકલ્યાણનું આ ઉત્કૃષ્ટ સાધન છે. આના જેવું ઉત્કૃષ્ટ સાધન અમે જોયું નથી, જાણ્યું નથી, અનુભવ્યું નથી એમ કહે છે.

આ પત્ર આઠ પોસ્ટ કાર્ડવાળો આપણે તો સ્વાધ્યાય થયો છે. પોસ્ટકાર્ડમાં શું લખે છે, જુઓ ! **'સર્વ પરમાર્થના સાધનમાં...'** પરમાર્થ એટલે આત્મકલ્યાણ. **'પરમાર્થના સર્વ સાધનમાં પરમસાધન તે સત્સંગ છે.'** છે પહેલી લીટી ? પાનું. ૩૭૨ પત્ર છે ૪૪૯મો. સિદ્ધાંત મૂકી દીધો છે કે તું ગમે તે ધર્મની પ્રવૃત્તિ કરતો હોય એને પહેલા ગૌણ કરજે. ઉપવાસને ગૌણ કરજે. એને તપશ્ચર્યા કીધી છે. દયા-દાનને ગૌણ કરજે, યાત્રાને ગૌણ કરજે, ભક્તિને ગૌણ કરજે, પૂજાને ગૌણ કરજે, બધું ગૌણ કરજે. મુખ્ય આ રાખજે એમ કહેવું છે. **'સર્વ પરમાર્થના સાધનમાં પરમસાધન તે**

**સત્સંગ છે, સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ છે. બધા કાળમાં તેનું દુર્લભપણું છે; અને આવા વિષમ કાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાનીપુરુષોએ જાણ્યું છે.'** કેવી વાતો નાખી છે !

આ પત્રમાં નીચે લીધું છે. કે **'આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામાં લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે;...'** આ તો જે મુમુક્ષુ નથી એના સંગમાં જાય છે. મુમુક્ષુ નથી પણ માની લે કે આ મુમુક્ષુ છે. એના સંગમાં જાય છે, કાં લોકસંજ્ઞાએ ધર્મની પ્રવૃત્તિ કરે છે. અને કાં દરકાર કર્યા વિના ઓઘસંજ્ઞાએ વાંચી લે છે અને સાંભળી લે છે. પણ જ્ઞાનને કેળવીને ભાવભાસન સુધી પહોંચતો નથી.

ભાવભાસન તો જ્ઞાનનો વિચાર નથી પણ જ્ઞાનની કેળવણી છે ખરેખર તો. 'પરમાગમસાર'માં એ વિષય ખેંચ્યો છે કે, ભાવભાસન એ જ્ઞાનવિચાર નથી. માત્ર બુદ્ધિનો વિચાર નથી એ. એ તો જ્ઞાનની કેળવણી છે, એમ કહ્યું છે. બે વાત જુદી પાડી છે. એટલે કે પ્રયોગે કરીને કેળવાયેલું જે જ્ઞાન છે એના ફળ સ્વરૂપે ભાવભાસન અને સ્વરૂપનિશ્ચય હોય છે.

મુમુક્ષુ :– બન્ને વચ્ચે ઘણો આંતરો છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ મોટું. એક ઓઘસંજ્ઞા છે અને એક ઓઘસંજ્ઞાની નિવૃત્તિ છે. અંધારા-અજવાળા જેટલો એમાં ફેર છે.

આ તો કહે છે કે અમને પણ અપ્રતિબદ્ધદશાના વિચારો આવ્યા કરે છે કે બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ થઈને મુનિદશામાં આવી જઈએ તો પણ અમને સત્સંગ વિષે પ્રતિબદ્ધપણું રાખવાનું ચિત્ત રહે છે. તમારે વિચાર કરી લેવો એમ કહે છે. તો પણ અમને સત્સંગ છે એ યોગ્ય લાગે છે. કેમ કે ઉપયોગ બહાર જવાનો છે. બહાર જશે તો કોઈને કોઈ વિષય સામે આવવાનો છે. જે વિષય સામે આવે છે તેની આત્મામાં હયાતી નથી, સત્તા નથી એટલે અસત્ છે. સત્તા નથી એટલે અસત્ છે. અસત્નો સંગ થવો એ આત્માને લાભકારક નથી, બલ્કે નુકસાનકારક છે. એટલે એ એમ કહે છે કે તો પછી કોઈ આ સત્ની ચાહનાવાળા, સત્ની રુચિવાળા, સત્ના વિચારવાળા, સત્ની ભાવનાવાળા એની સાથે બાહ્ય ઉપયોગમાં પણ એ જ વિષય લઈએ, બીજો વિષય નહિ.

એ 'સોગાનીજી'એ એકવાર ચર્ચામાં કહ્યું હતું કે, 'સોનગઢ'માં આ ફેર છે.

'કલકત્તા' અને 'સોનગઢ'માં આ ફેર છે. તો ફેર તો છે જ. પણ એ બીજી રીતે વાત કરતા હતા. કે, 'અહીંયાં તો અંદર પણ પરમાત્મા અને બહાર પણ પરમાત્મા.' એટલે અંદરમાં ધ્યાનમાં બેસીએ તો પરમાત્મા છે, અમારા ઉપયોગનો વિષય. બહાર આવીએ તો 'ગુરુદેવ'ના પ્રવચનમાં પણ એકલો પરમાત્મા જ સાંભળવા મળે છે. એટલે એક જ વિષય રહે છે. વિષય બદલાતો નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' પણ પરમાત્મા જ હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમના માટે તો 'ગુરુદેવ' પણ પરમાત્મા હતા.

મુમુક્ષુ :– પ્રતિબદ્ધબુદ્ધિ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– પ્રતિબદ્ધબુદ્ધિ એટલે ઉપયોગને બદ્ધ એટલે રોકાવું. બંધાવું. એવો અભિપ્રાય. બુદ્ધિ એટલે અભિપ્રાય. અમારો ઉપયોગ બહાર નીકળે તો ક્યા ઠેકાણે એને બાંધવો ? કે સત્સંગમાં બાંધવો. સત્સંગ છોડીને બીજે ક્યાંય પ્રતિબદ્ધપણું પામે એ અમારો અભિપ્રાય નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :– આવા જ્ઞાનીપુરુષને મુમુક્ષુ જેવા સાથે સત્સંગ કરવાની કેટલી ભાવના છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા. બીજા તો કોઈ જ્ઞાની હતા નહિ. બીજા કોઈ જ્ઞાની હોય, મુનિ મળે તો 'ગુરુદેવ'ની જેમ પગના તળીયા ચાટવાની વાત છે એ તો. 'ગુરુદેવ' કહેતા ને, 'કોઈ નિર્ગ્રંથ ભાવલિંગી મુનિરાજના દર્શન થાય તો એના પગના તળીયા ચાટીએ.' એમ કહેતા. એટલી ભક્તિ હતી. એ તો સત્સંગ મળે તો તો એ તો પાછળ ચાલી નીકળે એમ સમજોને. એની પાછળ ચાલી જ નીકળે. બીજું કાંઈ ન કરે. પછી એ ક્યાંય બંધાય નહિ. એ પરિસ્થિત નહોતી. તો પછી શું કરે ? કે જે ભાવનાવાળા, પાત્રતાવાળા કોઈ જીવો હોય (એમની સાથે સત્સંગ કરે). એમને તો જો કે એમની સભામાં તો જ્ઞાની પણ થઈ ગયા હતા. એટલે મોટી વાત તો એ હતી. અને જે કાંઈ નીકળ્યું છે એ એમના કારણે નીકળ્યું છે. બીજાને તો એટલી પાત્રતા અને યોગ્યતા ક્યાં હતી ? કે આવી ઊંચી અને અધ્યાત્મની રહસ્ય ભરપૂર વાતો ખુલ્લી થઈ જાય, એવી વાત ક્યાંથી મળે ?

મુમુક્ષુ :– મુમુક્ષુને કેટલું બધું હોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. જ્ઞાની પણ સત્સંગને ઇચ્છે છે તો મુમુક્ષુએ તો પોતાનો

વિચાર અવશ્ય અવશ્ય કરવા જેવો છે.

**'હાલ અમારા સમાગમનો અપ્રસંગ છે...'** એમ કહે છે કે તમને લોકોનો 'ખંભાત'ના મુમુક્ષુભાઈઓને. ત્યાં એક ગ્રુપ થઈ ગયું હતું. બીજી જગ્યાએ છૂટા છૂટા હતા પણ 'ખંભાત'ની અંદર એક ગ્રુપ હતુ. 'અંબાલાલભાઈ', 'કૃષ્ણદાસભાઈ' હતા. પછી આ 'ત્રિભોવનભાઈ' હતા. એવા ત્રણ-ચાર-પાંચ જણા ત્યાં થઈ ગયા હતા. અને ત્યાં આવે ત્યારે 'અંબાલાલભાઈ'ને ત્યાં ઉતરતા. પછી ચર્ચામાં, વાંચનમાં, સાંભળવા પણ બીજો સમાજ પણ સંપ્રદાયના લોકો પણ ત્યાં આવતા હતા.

**'હાલ અમારા સમાગમનો અપ્રસંગ છે એમ જાણ્યા છતાં પણ તમ સર્વ ભાઈઓએ જે પ્રકારે જીવને શાંત, દાંતપણું ઉદ્‌ભવ થાય તે પ્રકારે વાંચનાદિ સમાગમ કરવો ઘટે છે.'** આ સત્સંગની વાત કરી. અમારો પ્રત્યક્ષ પ્રસંગ નથી. અપ્રસંગ છે એટલે પ્રસંગ નથી. અમે 'મુંબઈ'માં વેપારમાં રોકાયેલા છીએ. અમારો સત્સંગનો પ્રસંગ નથી તો પણ તમારે બધાએ, સર્વ ભાઈઓએ, જે ભાઈઓ છે એ ભાઈઓએ જે પ્રકારે જીવને શાંતપણું ઉત્પન્ન થાય, દાંતપણું ઉત્પન્ન થાય. દાંતપણું એટલે વૃત્તિ નિયમિત થાય, સંયમિત થાય એને દાંતપણું કહ્યું. શમ-દમ. દમ ઉપરથી દાંતપણું આવ્યું છે.

**'જીવને શાંત, દાંતપણું ઉદ્‌ભવ થાય તે પ્રકારે વાંચનાદિ સમાગમ કરવો ઘટે છે.'** તે પ્રકારે શાસ્ત્ર-સ્વાધ્યાય અને ચર્ચા વગેરેનો સમાગમ કરવો ઘટે છે. અને **'તે વાત બળવાન કરવા યોગ્ય છે.'** તે વાત જોરથી કરવા જેવી છે. વધારે મજબુતપણે, દઢપણે કરવા જેવી છે. એ પોતાની પણ વાત લખે છે, મુમુક્ષુઓને પણ સાથે સાથે શું કરવું છે એ કહે છે. એ પોસ્ટકાર્ડ બધા ક્યારેક ક્યારેક એવી રીતે લખાયેલા છે.

**પત્રાંક-૫૧૮**

**મુંબઈ, શ્રાવણ વદિ ૯, ૧૯૫૦**

**'યોગવાસિષ્ઠ' – જીવમાં જેમ ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ ગુણ પ્રગટે, ઉદય પામે તે પ્રકાર લક્ષમાં રાખવાના ખબર લખ્યા તે પત્ર**

**પ્રાપ્ત થયું છે.**

**એ ગુણો જ્યાં સુધી જીવને વિષે સ્થિરતા પામશે નહીં ત્યાં સુધી આત્મસ્વરૂપનો વિશેષ વિચાર જીવથી યથાર્થપણે થવો કઠણ છે. આત્મા રૂપી છે, અરૂપી છે એ આદિ વિકલ્પ તે પ્રથમમાં જે વિચારાય છે તે કલ્પના જેવા છે. જીવ કંઈક પણ ગુણ પામીને જો શીતળ થાય તો પછી તેને વિશેષ વિચાર કર્તવ્ય છે. આત્મદર્શનાદિ પ્રસંગ તીવ્ર મુમુક્ષુપણું ઉત્પન્ન થયા પહેલા ઘણું કરીને કલ્પિતપણે સમજાય છે, જેથી હાલ તે સંબંધી પ્રશ્ન શમાવવા યોગ્ય છે. એ જ વિનંતિ.**

૫૧૮ મો પત્ર છે 'લલ્લુજી' મુનિ ઉપરનો.

**''યોગવાસિષ્ઠ' – જીવમાં જેમ ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ ગુણ પ્રગટે, ઉદય પામે તે પ્રકાર લક્ષમાં રાખવાના ખબર લખ્યા તે પત્ર પ્રાપ્ત થયું છે.'** એટલે એમ કે જે ગ્રંથ છે એ ક્યા લક્ષે આપે વાંચવાની અમને આજ્ઞા કરી છે અને એ લક્ષ અમે રાખ્યું છે એ વાત એમણે જણાવી છે. બહુભાગ જીવો શાસ્ત્ર જ્ઞાનવૃદ્ધિ માટે વાંચે છે. શું કરવા વાંચે છે ? કે પોતાનું જ્ઞાન વધે. ક્યું જ્ઞાન વધવાનું એ ? પરલક્ષી જ્ઞાન વધશે. એ રીતે જ્ઞાનવૃદ્ધિ કરવા જેવી નથી. મુમુક્ષુએ તો પ્રથમ **'ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ ગુણ પ્રગટે,...'** એ લક્ષે પ્રથમ શાસ્ત્ર-સ્વાધ્યાય કરવા યોગ્ય છે અને તે એવા પ્રકારનો શાસ્ત્ર-સ્વાધ્યાય કરવા જેવો છે.

મુમુક્ષુ :– સ્વાધ્યાય કરવામાં મૂળમાં જ ભૂલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર. સ્વાધ્યાય કરવામાં એ મૂળમાં ભૂલ છે. જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાય કરે છે. અથવા કોઈ શાસ્ત્ર સાંભળે તો પણ જ્ઞાનવૃદ્ધિ માટે સાંભળે. કે આપણને નવું શું જાણવાનું મળે છે ? આપણે ત્યાં ચર્ચા થતી. 'ગુરુદેવ'નું પ્રવચન પૂરું થાય પછી કોઈ મુમુક્ષુ આપસમાં મળે. પૂછે. આજે નવો ન્યાય શું આવ્યો ? તમને કાંઈ ખ્યાલમાં આવ્યું ? આજે નવો ન્યાય 'ગુરુદેવે' ક્યો કહ્યો ? કઈ વાત કરી એ કાંઈ ખ્યાલમાં આવ્યું ? જો કાંઈ નવો ન્યાય આવે તો રસ પડે અને જૂની

અને જૂની વાત આવે તો 'ગુરુદેવ'ની વાતમાં પણ રસ ન પડે. આ તો હવે એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું કરતું નથી, રોજ 'ગુરુદેવ' કહે છે. રસ ન આવે, રસ ઊડી જાય. એ પ્રકાર શાસ્ત્ર-સ્વાધ્યાયનો કે વાંચનનો કે શ્રવણનો એ પ્રકાર યોગ્ય નથી.

આ બધી ચર્ચા કરવા જેવો વિષય છે. જ્યારે આપણે એ પ્રવૃત્તિમાં પડ્યા છીએ, બીજી ક્રિયામાં મુખ્યપણે નથી ભલે પૂજા-ભક્તિ ચાલે છે પણ એ મુખ્ય નથી આપણે ત્યાં. મુખ્ય તો શાસ્ત્ર-સ્વાધ્યાય છે, તો એ યોગ્ય પ્રકારે ચાલે છે કે અયોગ્ય પ્રકારે ચાલે છે ? એના બધા પડખાની છણાવટ કરવી જોઈએ. નહિતર ભૂલ રહી જશે. અને એમને એમ જિંદગી નીકળી જશે. અને નીકળી ગઈ છે. નીકળી જાશે નહિ, નીકળી ગઈ છે. એ વાત પણ નક્કી છે.

મુમુક્ષુ :– જોખમને ઓળખ્યા વગર ત્યાગ, વૈરાગ્ય ઉપશમ આવે કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– ખરી વાત તો આત્મકલ્યાણની ભાવનાની છે, ખરી મુમુક્ષુતાની છે. અનંત કાળમાં મુખ્ય જો કોઈ વાત રહી ગઈ હોય તો જીવને ખરી મુમુક્ષુતા આવી નથી. બે-ત્રણ પહેલા 'શ્રીમદ્જી'ના પત્રમાંથી Reference બતાવ્યો હતો, કે જીવને ખરી મુમુક્ષુતા જ આવી નથી. પછી આગળની વાત સુગમ છે. આ ખરી મુમુક્ષુતામાં આત્મકલ્યાણની ખરી ભાવનામાં નથી આવ્યો એ જ મોટી આપત્તિ છે એના માટે. તકલીફ છે, વિટંબણા છે, જે ગણો તે એ છે. અને ખરેખર તો જીવને પોતે પોતાને એ પ્રશ્ન પૂછવા જેવો છે કે જો તારે તારું આત્મકલ્યાણ કરવું નથી ખરેખર. તો પછી અહીંયાં શું કરવા આવ્યો ? ઘણા ક્ષેત્ર છે બીજી ધમાલ કરવાના તો. લોકસંજ્ઞામાં નામ તારું મોટું કરવું હોય, તારે બીજું કાંઈ પણ કરવું હોય, આબરૂ કીર્તિ વધારવી હોય, જે કાંઈ તારે કરવું હોય એ. પુણ્યની ભાવના હોય, પુણ્ય સંચય કરવાની. જે તારી ઇચ્છા હોય એ. તો ઘણા ક્ષેત્ર છે. આ ક્ષેત્ર એના માટે નથી.

જ્યાં આત્મકલ્યાણની વાર્તા ચાલે છે ત્યાં આત્મકલ્યાણ કરવાનું ક્ષેત્ર છે આ. આ ક્ષેત્રે તું આવ્યો તો તું શું કરવા આવ્યો છો એ તું નક્કી કર. પોતે પોતાને પૂછી લે. તપાસી લે. બીજી ભાવનાથી આવ્યો હોય તો આ ક્ષેત્ર મહેરબાની કરીને તું છોડી દે. ઘણા ક્ષેત્ર છે એવા તો ધમાલ કરવાના. પછી બધી બહારની ધમાલ છે.

મુમુક્ષુ :– પોતાને પણ Disturb કરશે અને બીજાને પણ Disturb કરશે.

પૂજ્ય ભાઈશ્રી :– બીજાનું તો જે થવું હોય તે થાય પણ એનું તો અકલ્યાણ

થાવાનું, થાવાનું ને થાવાનું જ છે. પછી ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ બધા ગુણ પ્રગટે છે. મૂળ તો ભાવનામાં આવે તો ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ બધા ગુણ પ્રગટે.

અહીંયાં તો એમ કહે છે કે, એ લક્ષે આપે વાંચવાની આજ્ઞા કરેલી. તો એ પ્રકારે એ ગુણો પ્રગટ થાય તે પ્રકાર લક્ષમાં અમે રાખ્યો છે. અને આપની આજ્ઞા અનુસાર અમે એનું અધ્યયન પણ કરીએ છીએ. **'એ ખબર લખ્યા તે પત્ર પ્રાપ્ત થયું છે.'** એવા ખબર લખેલાનું પત્ર પ્રાપ્ત મળ્યું છે. એટલે એમનો પત્ર આવ્યો તો એની વાતનો, Reference to context જેને કહે છે, Reference આપી દીધો. To the point.

**'એ ગુણો જ્યાં સુધી જીવને વિષે સ્થિરતા પામશે નહીં...'** શું છે ? ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ ગુણો જ્યાં સુધી પ્રગટીને સ્થિર નહિ થાય. પ્રગટશે એમ નહિ, પ્રગટીને સ્થિર નહિ થાય **'ત્યાં સુધી આત્મસ્વરૂપનો વિશેષ વિચાર જીવથી યથાર્થપણે થવો કઠણ છે.'** આત્માના મૂળ સ્વરૂપનો જે વિચાર કરવો છે, એ, એ સિવાય થઈ શકવો મુશ્કેલ છે. અથવા નહિ થઈ શકે એમ કહે છે. ભ્રાંતિ થશે. બુદ્ધિ હશે તો આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રુવ, દ્રવ્ય, ગુણ, પર્યાય બધું સમજાશે. પણ એનો નિર્ણય થશે નહિ.

**'આત્મા રૂપી છે, અરૂપી છે એ આદિ વિકલ્પ તે પ્રથમમાં જે વિચારાય છે...'** એટલે એ પહેલા જે વિચારાય છે. ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમમાં સ્થિર થયા પહેલા જે વિચારાય છે **'તે કલ્પના જેવા છે.'** કેમ કે વાત તો આવવાની છે. કે, આત્મા ધ્રુવ છે. પણ કેવો ધ્રુવ છે ? તારી નજર તો પર્યાય ઉપર છે. ચલિત પદાર્થ ઉપર છે. આત્મા નિર્વિકલ્પ છે. ક્યાંથી નિર્વિકલ્પતા દેખાવાની હતી ? કલ્પના કરીશ કે આમ નિર્વિકલ્પ હોય. તો આમ એટલે કેમ ? તું તો વિકલ્પમાં ઊભો છો. આત્મા આનંદમય છે. તું દુ:ખમાં ઊભો છો. દશામાં આનંદનો છાંટો નથી. એટલે બધી કલ્પના કરશે. આવો છે આત્મા... આવો છે આત્મા.... આવો છે.. એ બધી કલ્પના જીવ કરે છે.

**'આત્મા રૂપી છે, અરૂપી છે એ આદિ વિકલ્પ...'** એટલે આ બધા લઈ લેવા જે ચર્ચા કરી એ. તે પહેલાં એટલે **'પ્રથમમાં'** એટલે ? ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ યથાર્થ પ્રકારે ભાવનાપૂર્વક પ્રગટ્યા પહેલાં. **'જે વિચારાય છે તે કલ્પના જેવા છે.'** તે માત્ર જીવની કલ્પના છે. **'જીવ કંઈક પણ ગુણ પામીને જો શીતળ થાય...'** ગુણ પામીને

શીતળ થાય, હોં ! ઉપર-ઉપરથી નહિ મંદ કષાયે. **'તો પછી તેને વિશેષ વિચાર કર્તવ્ય છે.'** આત્માર્થી થાય. આત્માર્થીતાનો ગુણ પ્રગટે અને શાંત થાય તો ગુણ પામીને શીતળ થયો છે. નહિતર શીતળ થયો નથી.

**'જીવ કંઈક પણ ગુણ પામીને જો શીતળ થાય તો પછી તેને વિશેષ વિચાર કર્તવ્ય છે.'** તો પછી એને આત્માનો વિશેષ વિચાર કરવાયોગ્ય છે. એ પહેલા નહિ. એ ક્રમ ભંગ થાશે. જેમ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યા વિના કોઈ, 'ટોડરમલજી'એ કહ્યું ને પ્રતિજ્ઞા આદિ લે છે સંપ્રદાયમાં. પછી પ્રતિજ્ઞા પાલન કરે એવા પરિણામ રહેતા નથી. તો પછી શું કરવું ? આવી એક ચર્ચા ચાલી છે. એ તો પ્રશ્નોત્તરમાં બધું ચાલ્યું છે. તો કહે, જૈનધર્મની તો આમ્નાય છે કે પ્રથમ તો તત્ત્વજ્ઞાનપૂર્વક વસ્તુના સ્વરૂપની યથાર્થ સમજણ કરે. પછી પોતાના પરિણામની પરીક્ષા કરે કે દઢતા કેટલી છે ? બળવાનપણું કેટલું છે ? પછી પ્રતિજ્ઞા અંગીકાર કરે. નહિતર ક્રમભંગ ઉપદેશથી એણે મહારાજે કીધું લઈ લો પ્રતિજ્ઞા, લઈ લીધી. અથવા બીજાની દેખાદેખીથી લઈ લીધી. ઓઘસંજ્ઞાએ એમ થશે.

એ જેમ ક્રમભંગ છે એમ આ ક્રમભંગ છે. આપણે તો એ દૃષ્ટાંતમાં લેવું છે. સિદ્ધાંતમાં નથી લેવું. કે વૈરાગ્ય, ઉપશમ, આત્માર્થીતા યથાર્થ પ્રકારે પ્રગટ્યા વિના જે આત્માના સિદ્ધાંતનો અને સ્વરૂપનો વિચાર કરવા લાગે છે અને આત્માની કલ્પના કરી બેસે છે. માને છે કે મને આત્મા સમજાણો છે. એણે આ દિશામાં ક્રમ છોડીને, ક્રમનો ભંગ કરીને આગળ વધવાનો પ્રયત્ન કર્યો છે. એમાં સફળતા મળતી નથી. ભૂલો પડી જશે. મને આત્મા કેવો છે એ જાણવામાં છે. હું જાણું છું. હું જાણું છું એમાં એ ભૂલો પડશે. અને એ ભૂલો ક્યાં સુધી પડશે ? કે સત્પુરુષના વચનની પણ પોતાની બરાબર, પોતાના વિચારની સાથે તુલના કરશે. અને પોતાના વિચારની સાથે તુલના કરશે ત્યારે એમ કહેશે, અહીંયાં આમ કેમ કીધું ? ઓલાપણે તો બરાબર વાત કરી હતી. વળી પાછી આમ કેમ વાત કરી ? એ આવ્યા વગર રહેશે નહિ. એ ગડબડ થવાની જ. એટલે કેટલીક વાત માન્ય કરશે, કેટલીક વાત અમાન્ય કરશે. એ એમ સૂચવે છે કે હું જાણું છું એ અહંપણું વધી ગયું છે. કેટલું વધ્યું છે ? કે, સદ્ગુરુની અભક્તિ થાય એટલું વધ્યું છે. મર્યાદા બહાર, Limit બહાર જાય છે પછી.

મુમુક્ષુ :– 'લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા' વાંચવાનો અધિકાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ખરી વાત તો એ છે કે પહેલા જે કરવું હોય તે કરવું જોઈએ. પહેલા કરવું એ પછી રાખો અને પછીવાળું પહેલા કરો તો નુકસાન થાય. બીજું કાંઈ ન થાય.

મુમુક્ષુ :– ... કલ્પનામાં ચડી જાય છે. એ 'ગુરુદેવે' ઉપકાર કર્યો છે એમ કરીને વાત કરે એ પણ કલ્પના છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ પણ કલ્પના જ છે. કાંઈ ઉપકાર નથી થયો. ઘણા એમ કહેતા સંભળાય છે, 'ગુરુદેવે' અમને બહુ આપ્યું છે. 'ગુરુદેવ' પાસેથી અમને ઘણું મળ્યું છે. વાતમાં કાંઈ માલ નથી. 'ગુરુદેવે' આપ્યું ઘણું છૂટા હાથે. દીક્ષામાં કરેને છૂટા હાથે ? એમ જ્ઞાનલક્ષ્મી છૂટા હાથે વરસાવી છે. વરસાદ વરસાવે છે ને ? પણ તેં કેટલું લીધું એ સવાલ છે. કાંઈ હાથમાં આવ્યું છે ? કે ધારણા થઈ ગઈ છે ? કલ્પના થઈ ગઈ છે ? બસ, આટલું વિચારી લેવાનું છે.

નાના નાના પત્રમાં, એક એક પોસ્ટકાર્ડમાં પણ ગંભીર વાતો મૂકી છે. જીવ કંઈ પણ ગુણ પામીને જો શીતળ થાય તો પછી તેને આત્માનો વિશેષ વિચાર કર્તવ્ય છે. **'આત્મદર્શનાદિ પ્રસંગ તીવ્ર મુમુક્ષુપણું ઉત્પન્ન થયા પહેલાં ઘણું કરીને કલ્પિતપણે સમજાય છે,...'** આત્મદર્શન કહો, સમ્યગ્દર્શન કહો, સમ્યગ્જ્ઞાન કહો. એ તો જીવની નિર્વિકલ્પ દશા છે. એ જીવની વચનાતીત દશા છે. મનાતીત દશા છે, વિકલ્પાતીત દશા છે. હવે એ ક્યાંથી સમજાય એને ? જે વાત મનમાં, વિકલ્પમાં સમાવેશ પામે આવી નથી, વિચાર-વિકલ્પમાં, એને તું વિચાર-વિકલ્પની મર્યાદામાં ગોઠવી દે કે આમ છે. સમ્યગ્દર્શન આવું છે, સમ્યગ્જ્ઞાન આવું છે. કલ્પના છે. એમાં એ સમાય એવું નથી.

મુમુક્ષુ :– આગળ વધતા અટકાવતા હોય એવું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઊંધી દિશામાં. કેવી ? ખોટી રીતે, વિપરીત દિશામાં ચાલતા અટકાવવા તો જેવું છે જ. આ સાચી દિશા પકડાવવાની વાત છે. એમ છે. ક્રમ છોડીને, આ ઉપવાસ કરે છે એ ક્રમ છોડીને કરે છે કે નહિ ? તપશ્ચર્યાને યોગ્ય છે જીવ ? તપ તો ક્યારે થાય છે જીવને ? સ્વરૂપની વિશેષ સ્થિરતા, સ્થિરતા નહિ, વિશેષ સ્થિરતા થાય ત્યારે તપ થાય છે. આત્માનું તેજ પ્રગટે છે. તપ એટલે તેજ ખરેખર

છે. કાંઈ ઠેકાણું ન હોય, હજી મુમુક્ષુતાનું ઠેકાણું ન હોય. આગળ-પાછળ તો ખાવામાં ભાન પણ રહે નહિ. શું કરે છે ? પારણા અને અત્તરવાણા બધું. એમાં તો ખાવાની ખબર પણ પડે નહિ. એટલી વૃત્તિ નિરર્ગળ જતી હોય અને ઉપવાસ તપશ્ચર્યા ક્યાંની ? એ જેમ ક્રમભંગ છે એમ આ ક્રમભંગ છે એમ લેવું છે. આત્માર્થીતા આવ્યા વિના જીવ સ્વરૂપનો વિચાર કરે છે એ તીવ્ર મુમુક્ષુપણું ઉત્પન્ન થયા પહેલા કલ્પિતપણે સમજાય છે. સમજવા બેસે છે (પણ) કલ્પિતપણે સમજે છે.

**'જેથી હાલ તે સંબંધી પ્રશ્ન શમાવવા યોગ્ય છે.'** માટે તમે હમણાં અમને એ સંબંધી પ્રશ્ન કરશો નહિ કે આત્મા રૂપી છે ? કે અરૂપી છે ? એક છે કે અનેક છે ? એના પ્રદેશો કેટલા છે ? એ પ્રશ્ન હમણાં કરશો નહિ. ના કીધી છે. આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પ્રશ્નો હમણાં નહિ. હમણા આત્માર્થીતા કેળવો. આ તો હજી દીક્ષા લઈને સાધુ થયા છે, હોં ! 'લલ્લુજી' મુનિને આ પત્ર છે. વેપાર નથી, ધંધો નથી. એમને બે પત્ની હતી. તે છોડીને દીક્ષા લીધી છે.

મુમુક્ષુ :– ઘણા વર્ષોનું સાધુપણું.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણા વર્ષોનું સાધુપણું છે. અને 'શ્રીમદ્જી'નો પરિચય પણ શરૂઆતથી જ એમને છે. વધુમાં વધુ પરિચય એમને રહ્યો છે. અને ત્યાર પછી ૩૫ વર્ષ સુધી 'અગાસ'માં રહ્યા છે. આયુષ્ય સારું લઈને આવેલા. છતાં પ્રશ્ન પૂછવાની ના પાડી છે કે આત્માની વાત પૂછશો નહિ. આ સમજવા જેવો વિષય છે.

(સમય થયો છે.)

જ્ઞાનવેદનથી ભેદજ્ઞાન થતાં, ચૈતન્યદળમાં સહજ અભિન્નતાનો અનુભવ આવે છે. પરાવલંબન છૂટવાના કારણથી સ્વાવલંબનમાં આવવું સહજ છે. જ્ઞાનવેદન સ્વપણે વેદાતાં જ સહજ ચૈતન્યદળનું અવલંબન આવી જાય છે — આ એક અનુભવ-માર્ગનો ચમત્કાર છે.

(અનુભવ સંજીવની–૧૨૦૯)

## વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્દ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ–૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ–૧) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ–૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ–૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ–૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ–૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ–૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ–૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ–૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |

| | | |
|---|---|---|
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |

| | | |
|---|---|---|
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमागमसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |

| | | |
|---|---|---|
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |

| | | |
|---|---|---|
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मसुधा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |

| | |
|---|---|
| १११ मुक्तिनो मार्ग (गुजराती( | १००० |
| ११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीनि सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |

## વાચકોની નોંધ માટે

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# રાજહૃદય

(ભાગ-૯)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

(પત્રાંક-૪૯૩ થી ૫૧૮)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**અન્ય પ્રાપ્તિ સ્થાન :**
-- **શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ**
-- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
-- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭ મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૦૩-૧૧-૨૦૧૩ (વીર નિર્વાણકલ્યાણક દિન)
પ્રત : ૧૫૦
પૃષ્ઠ સંખ્યા : ૫૨૦ + ૮ = ૫૨૮
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/B, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

**'રાજહૃદય'** ભાગ–૯નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૮૯માં **'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'**માં **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો હતો. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે **'રાજહૃદય'** નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર' વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતા પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિ મટાડવાનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઇચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી

શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે. તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્‌સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્‌સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યક્તિગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુક્ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર, નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઇત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ઊંડાણ તેમના હૃદયને – અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્યક્ત થઈ છે. પરંતુ આ ઝલકને પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે – પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજહૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ

પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' ! આ છે 'રાજહ્દય'! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્યક્ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે 'પૂજ્ય ભાઈશ્રી'ના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્યક્તિઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, **આ તો બાર અંગનો સાર છે !** એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના થોડા ગુણોનું બહુમાન, ભક્તિ કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય 'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહ્દય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ખાલી જગ્યા રાખવામાં આવી છે. 'પૂજ્ય ભાઈશ્રી'ના ભાવોનો પ્રવાહ યથાવત જાળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હ્દયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે, આશરે ૫૦૦ પ્રવચનોમાં પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના લગભગ ૧૮ ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે

તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનોનું સ્થળ-નિર્દેશન જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. 'ભગવતી ઑફસેટ'નો આભાર માનવામાં આવે છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ભાદરવા વદ ૧, તા. ૨૦-૦૯-૨૦૧૩
(ઉત્તમ ક્ષમાવણી દિન)

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

## 'રાજહૃદય' ભાગ–૯ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી તારાબેન ગુલાબચંદ શાહ, ચેન્નાઈ | ૫૦,૦૦૦/- |
| શ્રી શાંતિલાલ છગનલાલ શાહ, ચેન્નાઈ | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી શારદાબહેન શાંતિલાલ શાહ, ચેન્નાઈ, હ. શ્રીમતી વીણાબહેન વીરેન્દ્રભાઈ શાહ | ૨૫,૦૦૦/- |
| સ્વ. શ્રી ગુણવંતરાય જે. હેમાણીના સ્મરણાર્થે, મુંબઈ | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રી જયાબહેન, ચેન્નાઈ | ૧૧,૦૦૦/- |
| સ્વ. ઇન્દુબહેન જસુભાઈ કામદારના સ્મરણાર્થે | ૧૦,૦૦૦/- |
| શ્રીમતી મધુબહેન હસમુખભાઈ છેડા, મુંબઈ | ૯,૦૦૦/- |
| શ્રીમતી સાકરબહેન કરમશી ડેઢીયા, મુંબઈ | ૮,૦૦૦/- |
| શ્રી વીસનજી શામજી સાવલા, મુંબઈ | ૮,૦૦૦/- |
| શ્રીમતી ઇન્દિરાબહેન રમેશભાઈ મહેતા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી વેલબાઈ વીસનજી સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી મીનાબહેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી પ્રતિકભાઈ ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી ચેલણાબહેન શ્રેણિકભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |

| | |
|---|---|
| મીનાબહેન ભીખુભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન મહેન્દ્રકુમાર જૈન, ભાવનગર | ૫,૦૦૦/- |
| નૈનીલ, હીના, કેતન, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન તલકશી છેડા, મુંબઈ | ૫,૦૦૦/- |
| પાર્થ, ચાર્મી, રક્ષા, પરેશ | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રીમતી ઈલાબહેન દીનેશભાઈ છેડા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી કૃપાલીબહેન પિયૂષભાઈ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી સૌરભ પિયૂષભાઈ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રીમતી દમયંતિબહેન લક્ષ્મીચંદ જૈન, મુંબઈ | ૩,૦૦૦/- |
| જિજ્ઞાબહેન દીપકભાઈ છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| હેત્વી દીપકભાઈ છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| મૈત્રી દિનેશભાઈ છેડા, મુંબઈ | ૨,૫૦૦/- |
| માનસી મોનાક શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી ચારુબહેન જૈન, ભાવનગર | ૨,૨૦૦/- |
| શ્રીમતી સાકરબહેન મેઘજી રાંભીયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી લીનાબહેન ભરતભાઈ રાંભીયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી પ્રભાબહેન નવીનચંદ્ર ફુરિયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| સ્મિત ભરતભાઈ રાંભીયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| હર્ષ ભરતભાઈ રાંભીયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| કિંજલ યોગેશભાઈ ફુરિયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| ભવ્ય જૈની યોગેશભાઈ ફુરિયા, મુંબઈ | ૧,૫૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જ્યોત્સનાબેન કાન્તીલાલ શાહ, સુરેન્દ્રનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન ઘોષાલ, કોલકાટા | ૫૦૦/- |
| શ્રીમતી અવનીબહેન મીતેષભાઈ શાહ | ૫૦૦/- |
| શ્રી અજીતભાઈ શાહ, ભાવનગર | ૫૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

## પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૧૯૧. | પત્રાંક–૪૯૩ | ૦૦૧ |
| ૧૯૨. | પત્રાંક–૪૯૩ | ૦૨૬ |
| ૧૯૩. | પત્રાંક–૪૯૩ | ૦૪૩ |
| ૧૯૪. | પત્રાંક–૪૯૪ | ૦૫૮ |
| ૧૯૫. | પત્રાંક–૪૯૫, ૪૯૬ | ૦૭૯ |
| ૧૯૬. | પત્રાંક–૪૯૬ | ૧૦૦ |
| ૧૯૭. | પત્રાંક–૪૯૭ અને ૪૯૮ | ૧૧૭ |
| ૧૯૮. | પત્રાંક–૪૯૯ અને ૫૦૦ | ૧૩૪ |
| ૧૯૯. | પત્રાંક–૫૦૦ | ૧૫૭ |
| ૨૦૦. | પત્રાંક–૫૦૦ અને ૫૦૧ | ૧૭૫ |
| ૨૦૧. | પત્રાંક–૫૦૧ અને ૫૦૨ | ૧૯૯ |
| ૨૦૨. | પત્રાંક–૫૦૩ અને ૫૦૪ | ૨૨૨ |
| ૨૦૩. | પત્રાંક–૫૦૪ | ૨૪૦ |
| ૨૦૪. | પત્રાંક–૫૦૪ | ૨૪૮ |
| ૨૦૬. | પત્રાંક–૫૦૫ અને ૫૦૬ | ૨૬૬ |
| ૨૦૭. | પત્રાંક–૫૦૬ | ૨૯૦ |
| ૨૦૯. | પત્રાંક–૫૦૬ થી ૫૦૮ | ૩૦૮ |
| ૨૧૦. | પત્રાંક–૫૦૮ અને ૫૦૯ | ૩૨૯ |
| ૨૧૧. | પત્રાંક–૫૦૯ | ૩૫૦ |
| ૨૧૨. | પત્રાંક–૫૦૯ | ૩૬૮ |
| ૨૧૩. | પત્રાંક–૫૦૯ અને ૫૧૦ | ૩૮૬ |
| ૨૧૪. | પત્રાંક–૫૧૧ | ૪૦૬ |
| ૨૧૫. | પત્રાંક–૪૩૭ | ૪૨૮ |
| ૨૧૬. | પત્રાંક–૫૧૧ અને ૫૧૨ | ૪૪૮ |
| ૨૧૭. | પત્રાંક–૫૧૩ થી ૫૧૬ | ૪૭૦ |
| ૨૧૮ | પત્રાંક–૫૧૬ થી ૫૧૮ | ૪૯૨ |


(નોંધ :– પ્રવચન નં.૨૦૫ પ્રવચન ઉપલબ્ધ ન હોવાથી પ્રકાશિત કરવામાં આવેલ નથી. તેમજ પ્રવચન નં.૨૦૮ અવાજ ખરાબ હોવાથી પ્રકાશિત કરવામાં આવેલન નથી.